Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# લંડનના પ્રવચનો
## (ભાગ-૧)



લંડન મંદિરમાં બિરાજમાન
મહાવીર તથા પાર્શ્વનાથ ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

શ્રી પંચપરમેષ્ઠીને નમઃ
શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# લંડનના પ્રવચનો

## (ભાગ-૧)

અધ્યાત્મ યુગપુરુષ પૂ.કહાન ગુરુદેવના,
અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,
પૂ.'ભાઈશ્રી' લાલચંદભાઈના લંડનમાં થયેલા
'મોક્ષમાર્ગ પ્રકાશક', 'સમયસાર' તથા
'છ ઢાળા' ઉપરના પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
''સ્વીટ હોમ'' જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |

: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૧૦૩ માં જન્મદિન પ્રસંગે

તા. ૩૦-૫-૨૦૧૨, બુધવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા. ૧૦૦/- (અંદાજીત) મૂલ્ય - સ્વાધ્યાય

## 'લંડનના પ્રવચનો' નું પ્રાપ્તિ સ્થાન

**રાજકોટ** : શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,
'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

**રાજકોટ** : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩

**મુંબઈ** : શ્રી શાંતિભાઈ સી. ઝવેરી
૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬ / ૨૩૫૨૪૨૮૨

**થાણા** : શ્રી ચીનુભાઈ બાલચંદભાઈ શાહ
વર્ષા સોસાયટી, સંગીતા બિલ્ડીંગ, બીજે માળે, વંદના સોસાયટી સામે,
હાઈ-વે; ૯ પાડા, થાણા વેસ્ટ. ટેલી નં. ૨૫૪૦૭૦૭૮, મોબાઈલ : ૯૩૨૩૦૪૧૯૪૪

**કલકત્તા** : શ્રી પ્રકાશભાઈ શાહ
૨૩/૧ બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર,
કલકત્તા - ૨૦. ટેલી નં. ૦૩૩-૨૪૮૬૮૫૧૮

**બોરીવલી** : શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ - ૯૨.
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૮૨૧૬૬

**સોનગઢ** : ડૉ. મધુરીબેન એસ. નંદુ ''ધ્રુવધામ'', રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

: લેસર ટાઈપ સેટીંગ અને જેકેટ :

**DESIGNSCOPE**
**Rajkot.**
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** designscope1@gmail.com

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. ફોન
: ૨૪૬૮૪૬૧, મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
**Email: sharpoffset@hotmail.com**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & our Request

Shree LalchandbhaiNa LondonNa Pravachano (Part 1) has been kindly donated by Samirbhai Shah, USA and Vitraag Jain Literature Preservation Trust, London who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of **Shree LalchandbhaiNa LondonNa Pravachano (Part 1)** is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય કલમે....

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

શાસન અધિપતિ દેવાધિદેવ શ્રી સર્વજ્ઞ વીતરાગ મહાવીર પરમાત્માથી ચાલી આવતી જિનમાર્ગની પરંપરામાં દ્વિતીય શ્રુત સ્કંધના પ્રણેતા એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ સદેહે મહાવિદેહક્ષેત્રમાં જઈ સીમંધર પરમાત્માની સાક્ષાત્ દિવ્યદેશનાનું આઠ દિવસ રસપાન કરી, ત્યાંથી પરત ભરતક્ષેત્રમાં આવી ને પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષે અધ્યાત્મની મસ્તીમાં ઝુલતા ગણધરતુલ્ય, હાલતાચાલતા સિદ્ધ તેવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા, કે જેમણે સમયસાર આદિ ગ્રંથની ટીકા-વિસ્તાર કરીને કુંદકુંદાચાર્યની ગાથાઓમાં રહેલા ગૂઢ રહસ્યોને ટીકા દ્વારા ખોલ્યા.

આવા પરમાગમોના રહસ્યમય, ગહન તથા ગૂઢ સિદ્ધાંતોને ઉકેલવાની શક્તિ સામાન્ય જીવોમાં ન હતી. તેવામાં જ એક પૂર્વના સંસ્કારી ને વર્તમાનના પુરુષાર્થી પુરુષ કે જેમણે પૂર્વે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળેલી, તેવા અધ્યાત્મયુગપુરુષ શ્રી કાનજી સ્વામીનો જન્મ આજથી ૧૨૩ વર્ષ પહેલાં થયો. ભરતક્ષેત્રમાં શાસ્ત્રોના મર્મને ખોલનાર કોઈ દેખાતું જ ન હતું તેવામાં જ આગમ ને અધ્યાત્મના સુમેળપૂર્વક આચાર્યના હાર્દને સમજાવનાર, પંચમકાળના ઈતિહાસમાં જેમનું નામ શિરમોર છે તેવા પુરુષનો જન્મ આપણા સૌના ભવ્ય જીવોના ઉત્કૃષ્ટ ભાગ્યોદયે તથા સાતિશય પુણ્યયોગે મોક્ષમાર્ગ રહસ્ય ઉદ્ઘાટક, સ્વાનુભવથી વિભૂષિત તથા સ્વસંવેદનથી તરબોળ એવા પરમકૃપાળુ શ્રી કાનજી સ્વામીનો જન્મ થયો.

પૂ.ગુરુદેવશ્રી દ્વારા આચાર્ય ભગવાનને કહેવાનું તાત્પર્ય કેવી રીતે પ્રતિપાદિત કરવામાં આવી રહ્યું છે તેનો મર્મ ખોલનાર, ૪૫ વર્ષ સુધીની પૂ.ગુરુદેવશ્રીની દિવ્ય ધ્વનિવત્ દેશનાને માત્ર બે જ વાતમાં સંક્ષિપ્ત કરી તેમના તાત્પર્યને સમજાવનાર, કે શુદ્ધાત્મા કેવો છે અને તેનો અનુભવ કેમ થાય ? તેવા પ્રચંડ પુરુષાર્થી પુરુષ પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈનો જન્મ થયો. તેમણે ઘણો સમય સોનગઢમાં પૂ.ગુરુદેવશ્રીના સાનિધ્યમાં રહી આત્મજ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રાપ્તિ કરી તથા મોક્ષમાર્ગને આગળ ધપાવ્યો.

પૂ.'ભાઈશ્રી' લાલચંદભાઈ ભારતમાં ઘણી જગ્યાએ વર્ષો સુધી દસ લક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન તથા શિબિરોમાં અવારનવાર પ્રવચનો આપવા જતા. જ્યાં જ્યાં તેમના પ્રવચનો થવાના હોય ત્યાં દેશવિદેશમાંથી મુમુક્ષુઓના ટોળેટોળા તેમની મીઠી મધુરી તત્ત્વસભર વાણી માટે આતુર થઈને સાંભળવા પહોંચી જતા. પૂ.ગુરુદેવશ્રીના આદેશથી પૂ.ભાઈશ્રી ભારતની બહાર 'નાઈરોબી'માં મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે પણ જઈને વિદેશમાં અધ્યાત્મની શરૂઆત કરવાનું બહુમાન પ્રાપ્ત કરી આવ્યા હતા.

પૂ.'ભાઈશ્રી'એ લંડનના મુમુક્ષુઓના અતિ આગ્રહને માન આપીને લંડન પ્રવચન અર્થે દોઢ મહિનો જવાનો નિર્ણય કરેલો. ૧૯૮૨ ની સાલમાં જુલાઈ મહિનામાં આ પ્રોગ્રામ નક્કી થયેલો ને ત્યાં જઈને પૂ.ભાઈશ્રીએ આગમ તથા અધ્યાત્મથી તદ્દન અજાણ તેવા જીવો માટે, ધર્મ એટલે શું ? તથા ''મોક્ષમાર્ગ પ્રકાશક''ના પહેલા અધ્યાયથી પ્રવચનની શરૂઆત કરી કે, પંચપરમેષ્ઠી કોને કહેવાય ને તેનું સ્વરૂપ શું છે ? ત્યારબાદ ક્રમશઃ સમયસાર શાસ્ત્રની ૭૨-૭૩-૧૩ તથા ૧૪૪ ગાથા ઉપર ખૂબ જ માર્મિક, તથા પ્રયોજનભૂત સર્વાંગી તત્ત્વનો ખુલાસો કર્યો, પૂ.'ભાઈશ્રી'એ પોતાની આગવી સરળ શૈલીથી ત્યાં મૂળ અધ્યાત્મ પીરસ્યું. ને સાથે સાથે ''છ ઢાળા'' માંથી વૈરાગ્યની, ચાર ગતિના દુઃખોની વાતો પણ ત્યાં કરી. આમ જ્ઞાન ને વૈરાગ્યનો સુમેળ જે જ્ઞાનીને નિરંતર વર્તતો હોય છે તેવી અમૃતમય વાણી ત્યાં પ્રસારિત કરી મુમુક્ષુઓને ભાવવિભોર બનાવી દીધા.

લંડનના જીવોને જૈન દર્શનના પાયાના સિદ્ધાંતોથી માંડીને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતો ત્યાં પૂ.ભાઈશ્રીએ કરી. જે જીવોને ખરેખર આત્મા એટલે શું ? આત્મા કોને કહેવાય ? તે પણ જ્યાં ખ્યાલ ન હતો તેવા જીવોને ત્યાં જઈને પૂ.ભાઈશ્રીએ આત્મામય બનાવી દીધા.

જે દેશમાં પુણ્યને જ ધર્મ માનવામાં આવતો હોય ને પાપના પરિણામની ઉપેક્ષા પણ ન થતી હોય, તેવા દેશમાં જઈને પ્રત્યેક જીવ પાસે પુણ્ય-પાપના ભાવથી જુદો એક શાશ્વત શુદ્ધ ત્રિકાળભાવ અંદરમાં વિદ્યમાન છે. તેવી ૭૨ ગાથાના આધારે આસ્રવો અશુચિ મળ, મેલ ને મલિનતા ઉપજાવનારા છે. તેનાથી જુદું કંઈક નિત્ય અવિનાશી અકર્તા સ્વરૂપ અંદરમાં અનાદિઅનંત શુભાશુભભાવના પરિણામના સમયે રહી ગયું છે. તે ૭૨ ગાથા દ્વારા સ્પષ્ટીકરણ કરીને ૭૩ ગાથાના આધારે આવા શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ ષટ્કારકની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રક્રિયાથી પાર એવી જે નિર્મળ અનુભૂતિ એટલે કે શુદ્ધાત્મા, એવા અનુભૂતિમાત્રપણાને લીધે હું શુદ્ધ છું. શુદ્ધાત્માના આશ્રયે આવા શુભાશુભભાવની મમતા છૂટીને નિર્મમત્વભાવ પ્રગટ થાય છે. મમત્વનું નામ મિથ્યાત્વ છે ને તે શુદ્ધાત્માના આશ્રયે છૂટે છે, રાગ રહી જાય છે. રાગ ક્રમે જાય છે, મમત્વ એક સમયમાં જાય છે. ચિન્માત્ર આત્માનું વસ્તુના સ્વભાવથી જ જ્ઞાનદર્શનમયપણું હોવાથી હું પરિપૂર્ણ છું. તેવી ૭૨-૭૩ ગાથાનું રહસ્ય સમજાવ્યું.

ત્યારબાદ ગાથા ૧૩ ના આધારે નવતત્ત્વનું સ્વરૂપ સમજાવી ને નવેય તત્ત્વના પરિણામ નિરપેક્ષ છે તેમાં છૂપાયેલી આત્મજ્યોતિને સંશોધન કરીને તેમાં અહમ્ કરવાનું છે. પ્રત્યેક જીવને ''પરિણામ થવા યોગ્ય થાય છે ને નિરંતર જાણનારો જ જણાય છે'' તે મંત્રની સાર્થકતા ૧૩ મી ગાથાથી કરીને ત્યારબાદ ૧૪૪ ગાથા કે જેમાં પૂરો વિષય જૈનદર્શનનો રહેલો છે કે પ્રથમ શ્રુતજ્ઞાન દ્વારા તારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરીને ઈન્દ્રિય ને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિને મર્યાદામાં લાવી ને સમસ્ત પ્રકારના નયપક્ષોથી અતિક્રાંત થઈ નિજ શુદ્ધાત્મતત્ત્વ તે જ હું છું તેવાં વિકલ્પો નહીં પણ તે જ હું છું તેવું આત્મિક જ્ઞાન પ્રગટ કરીને એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ કરવો તેનું નામ જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. તેવી ચાર અપૂર્વ ગાથાઓના રહસ્યો ખોલીને લંડનના મુમુક્ષુઓને પૂ.ભાઈશ્રીએ અધ્યાત્મથી તરબોળ કરી દીધા.

પૂ. 'ભાઈશ્રી' તેમના પ્રવચનોમાં લંડનમાં હંમેશા ફરમાવતા કે હું તો પૂ.ગુરુદેવશ્રીના માલની ડીલેવરી કરવા આવ્યો છું. આવી તો તેમની નિર્માનતા અને વિનય હતો.

લંડનમાં ઘણા સમયથી એક ગ્રુપ બનાવીને સ્વાધ્યાય તો ચાલતો હતો. પૂ.ગુરુદેવશ્રી તેમના પ્રવચનમાં પણ ''ભાઈશ્રી પ્રેમચંદભાઈ''નો ઉલ્લેખ કરે છે કે ત્યાં તેઓ વાંચે છે.

આ પ્રસંગે ભાઈશ્રી ''રાજેશભાઈ પ્રેમચંદભાઈ શાહે'' લંડન પૂ. 'ભાઈશ્રી' પધારેલા ત્યારના પ્રસંગો જણાવેલા તે રજૂ કરવામાં આવે છે.

મારા માતા-પિતા લંડનમાં સોનગઢથી પૂ.ગુરુદેવશ્રીનું સાહિત્ય મંગાવી ઘણા લોકોને આપતા. થોડા વર્ષો સુધી નાનું ગ્રુપ હતું પછી ખ્યાલ આવ્યો કે આપણને સાચી રીતે આ માર્ગમાં માર્ગદર્શન ને દેશના મળે તેવી વ્યક્તિની આપણે જરૂર છે. જેમ શ્રીમદ્જીએ કહ્યું છે કે ''શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ તેનો મર્મ જ્ઞાનીના હૃદયમાં છે.'' તેથી પૂ. 'ભાઈશ્રી' ને લંડન બોલાવવાનો નિર્ણય થયેલો. પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ નાઈરોબી ખાતમુર્હૂત પ્રસંગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગયેલા ત્યાંથી લંડનના ઘણાં મુમુક્ષુઓ તેમની કેસેટો લંડન સાંભળવા લાવેલા. તેમની વાણીમાં હંમેશા પ્રયોજનભૂત વાત તથા તત્ત્વની જ આગેવાની રહેતી. તેમનું વજન મૂળ વાત પર જ રહેતું.

શ્રી અરૂણભાઈ, ઝવેરચંદભાઈ તથા પ્રેમચંદભાઈ આ ત્રણ Family એ જગ્યા નક્કી કરી અને ઘણાં મુમુક્ષુઓને જાણ કરી કે 'ભાઈશ્રી' લાલચંદભાઈ લંડન પધારવાના છે. પૂ.'ભાઈશ્રી'ના પ્રવચનમાં લગભગ ૧૫૦ વ્યક્તિની ઉપસ્થિતિ નિરંતર રહેતી. પૂ.'ભાઈશ્રી'ને અધ્યાત્મનું ઘણું ઊંડું ને વિશાળ જ્ઞાન છે તથા તેમની સમજાવવાની શૈલી પણ ગમે તેવા સૂક્ષ્મ સિદ્ધાંતોને સરળતાથી રજૂ કરવાની છે. તેમની વાણી સાંભળતા કદી જીવોને બોજો લાગતો નથી ને જીવ નિર્બોજ થઈ જાય છે. જે વિષય ચાલતો હોય તેને અનુરૂપ જ વાત લોજીક, ન્યાય-યુક્તિને અનુભવથી તેઓ સમજાવે છે.

જ્યારે પૂ.ભાઈ લંડન ગયા ત્યારે મને તેમના પ્રવચનોની માત્ર કેસેટો કરવાનું જ સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. અધ્યાત્મની મને કંઈ જ ખબર નહતી. પણ ૬/૭/૮૨ ના પ્રવચન વખતે હું ત્યાં બેઠો હતો ને ત્યારે પૂ.'ભાઈ'એ પ્રવચન બાદ ડ્રાઈવરને પૂછ્યું કે તમે ગાડી ચલાવતી વખતે અરીસામાં શા માટે જુઓ છો ? તો તેમણે જવાબ આપ્યો કે પાછળથી Accident ન થાય તેના માટે. ફરી પૂછ્યું કે તમે અરીસામાં શું જુઓ છો ? ડ્રાઈવરે કહે કાર જોઉં છું. પૂ.ભાઈએ ફરી પૂછ્યું કે ખરેખર તમે અરીસામાં કાર જોવો છો કે...મેં પૂ.ગુરુદેવશ્રીના બેનશ્રીના વચનામૃત ઉપરના પ્રવચનમાં દ્રવ્યસત્-ગુણસત્ ને પર્યાયસત્ વાંચેલા. તેથી મને ખબર હતી કે અરીસો પોતાની મેળે જ કાર્ય કરે છે તેને બીજા પદાર્થની અપેક્ષા નથી. તેથી ગાડી પોતાનું પ્રતિબિંબ અરીસામાં બનાવતી નથી. જ્યારે પૂ.ભાઈએ કહ્યું કે તમને ''અરીસાની સ્વચ્છતા જણાય છે ગાડી જણાતી નથી'' પછી હું ખૂબ જ ઉત્સાહિત થયેલો. આ દૃષ્ટાંત મને બેસી ગયું પછી પૂ.ભાઈ પાસે એકાંતમાં જઈને મેં કીધું કે મને એવું લાગે છે કે ''તમો મને હાથ પકડીને મોક્ષમાં લઈ જાવ છો''. પૂ.'ભાઈશ્રી' હંમેશા કહેતા કે વિચાર હંમેશા Positive કરવો.

આવા ઘણાં જીવોને પૂ.'ભાઈશ્રી' ત્યાં નિમિત્ત થયા. ત્યારબાદ અંતમાં લંડનમાં મંડળની સ્થાપના માટે પૂ.ભાઈશ્રીએ નિવેદન કર્યું તે સૌએ સ્વીકાર્યુ અને તેના ફળરૂપે આજે ત્યાં જિનાલય થયું, મંડળની સ્થાપના થઈ, સ્વાધ્યાય હોલ થયો અને નિરંતર

પૂ.ગુરુદેવશ્રીની કેસેટો તથા સ્વાધ્યાય, ચર્ચાનો કાર્યક્રમ દરરોજ ચાલે છે.

લંડનમાં થયેલા પૂ.ભાઈશ્રીના પ્રવચનો સાંભળીને અમેરિકામાં રહેતા ભાઈ શ્રી સમીરભાઈ શાહને તથા લંડનમાં રહેતા જ્યોતિબેન રાજેશભાઈ શાહને વિચાર આવ્યો કે મને આ પ્રવચન સાંભળવામાં જે લાભ થયો છે તે બધાને થાય તેથી આ પ્રવચનો પુસ્તકરૂપે પ્રકાશિત થાય તો સારું. તેવી ભાવનાના નિમિત્તે આ પુસ્તક બનાવવાની યોજના કરવામાં આવેલી અને પૂ.ભાઈશ્રીના સરળ ભાષામાં છતાં માર્મિક રહસ્યને સમજાવનાર અદ્ભુત ૧૯ પ્રવચનો આ પુસ્તકમાં અક્ષરશઃ છાપવામાં આવેલા છે. તેની સંપૂર્ણ દાનરાશિ **ભાઈશ્રી સમીરભાઈ શાહ - અમેરિકા** તરફથી તેમના પિતાશ્રીની સ્મરણાંજલિ નિમિત્તે તથા **"Vitraag Jain Literature Preservation Trust - London"** તરફથી સંસ્થાને પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા તેમનો ખૂબ જ આભાર વ્યક્ત કરે છે.

પૂ.ભાઈશ્રી લાલચંદભાઈની ૧૦૩ મી જન્મજયંતિના માંગલિક પ્રસંગે ''લંડનના પ્રવચનો ભાગ-૧'' પુસ્તક પ્રકાશિત કરતા સંસ્થા હર્ષિત છે. આ પ્રવચનોને કોમ્પ્યુટરાઈઝડ અક્ષરશઃ લખવાનું કાર્ય **શ્રી બીનાબેન ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયેલ છે તથા બધા જ પ્રવચનો કેસેટ ઉપરથી ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયેલ છે. લખેલા પ્રવચનોને કોમ્પ્યુટરમાં સેટીંગ કરવાનું તથા ડીઝાઈન વર્કનું કાર્ય **શ્રી અમરભાઈ પોપટ** દ્વારા થયેલ છે. તથા પ્રિન્ટીંગ, બાઈડીંગ ભાઈશ્રી ધર્મેશભાઈ શાહ 'શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ' - અમદાવાદ દ્વારા થયેલ હોય આ તકે સંસ્થા સર્વેનો આભાર વ્યક્ત કરે છે.

**'શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ'**નું આ બારમું પુસ્તક છે. આ પુસ્તક **http://www.AtmaDharma.com** તથા **http://www.AtmaDharma.org** પર મુકવામાં આવેલ છે.

આ પ્રવચનોને સાંભળી, વાંચી ને સર્વ જીવોને આ પ્રવચનો વીતરાગતામાં નિમિત્ત થાય તેવી મંગલભાવના.

**લી. ટ્રસ્ટી શ્રી,**
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ
ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

- જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
- દ્રવ્યસ્વભાવ - પર્યાયસ્વભાવની ચર્ચા
- જાણનારો જણાય છે
- ચૈતન્ય વિલાસ
- આત્મજ્યોતિ
- શુદ્ધ અંતઃતત્ત્વ
- મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
- જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
- અનેકાંત અમૃત
- જ્ઞાનનું જ્ઞાનત્વ
- બુંદ બુંદમાં અમૃત
- લંડનના પ્રવચનો ભાગ-૧

**સંપૂર્ણ પુસ્તકની દાનરાશિ-બે વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થયેલ છે**
**સમીરભાઈ શાહ - અમેરિકા તથા**
**વીતરાગ જૈન લીટરેચર પ્રીઝર્વેશન ટ્રસ્ટ - લંડન**

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. દેવેન્દ્રભાઈ દોશી | સુરેન્દ્રનગર | રૂ.૨૧,૦૦૦ |
| ૨. | ભારતીબેન ભાયાણી | અમેરિકા | રૂ.૧૫,૦૦૦ |
| ૩. | પ્રવિણભાઈ દોશી | બેંગ્લોર | રૂ. ૫,૦૦૦ |
| ૪. | સરોજબેન ચંદુલાલ મહેતા | રાજકોટ | રૂ. ૨,૫૦૦ |
| ૫. | જ્યોત્સનાબેન કાંતિલાલ | સુરેન્દ્રનગર | રૂ. ૧,૦૦૦ |
| ૬. | એક મુમુક્ષુ ભાઈ તરફથી | | રૂ. ૧,૦૦૦ |
| ૭. | મીનાબેન | ઈન્દૌર | રૂ. ૧,૦૦૦ |
| ૮. | ડૉ. રેખાબેન ઉદાણી | રાજકોટ | રૂ. ૫૦૦ |
| ૯. | શૈલાબેન બોઘાણી | રાજકોટ | રૂ. ૫૦૦ |
| ૧૦. | ચંદનબેન પૂનાતર | રાજકોટ | રૂ. ૫૦૦ |
| ૧૧. | ભાનુબેન લવજીભાઈ | સુરત | રૂ. ૫૦૦ |
| ૧૨. | મંજુલાબેન વારીયા | જામનગર | રૂ. ૫૦૦ |
| ૧૩. | એક મુમુક્ષુ ભાઈ | | રૂ. ૫૦૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# પ્રથમ તું આત્માને જાણ



ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

## ક્રમબદ્ધપર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે. જૈનદર્શન અકર્તાવાદી છે અને તેમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.



આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ
દર્શાવનાર, તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી
કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર

(અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂ. શ્રી કાનજીસ્વામી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

**સ્વને જાણવાનું છોડીને,**
**પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે.**

ૐ **હું જાણનાર છું** ૐ

**જાણનારો જણાય છે**



**ખરેખર પર જણાતું નથી**


ૐ **હું કરનાર નથી** ૐ

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.**

**(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સ્મરણાંજલિ



જન્મ તારીખ : ૬-૬-૧૯૨૮ **સ્વ. શ્રી સુરેન્દ્રભાઈ ગાંડાલાલ શાહ** સ્વર્ગવાસ : ૨૯-૩-૨૦૦૬

આપના સંસ્કાર એ શાશ્વત યાદ છે, આપનો સ્વભાવ અમારી પ્રેરણા છે, આપના આશીર્વાદ અમારી મૂડી છે, આપનું વાત્સલ્ય અમારો પ્રાણ છે.

જૈન ધર્મના તમે જાણકાર છો, તમારી સાથે કરેલી તત્ત્વોની ચર્ચા હજી યાદ છે.

હજી ઘણી ધર્મની ચર્ચાઓ કરવાની બાકી રહી ગઈ છે, પરસમયમાં મારો સમય જતો રહ્યો છે.

તમારા પ્રભુ આત્માને શાંતિ મળે, સ્વસમય હંમેશા રહ્યા કરે.

**આપનો પરિવાર**

# અનુક્રમણિકા

## લંડન હોલમાં પ્રવચનો


| પ્રવચન નં. | વિષય | પેઈજ નં. |
|---|---|---|
| ૧ | મોક્ષમાર્ગ પ્રકાશક | ૩ |
| ૨ | મોક્ષમાર્ગ પ્રકાશક | ૧૪ |
| ૩ | શ્રી સમયસાર ગાથા-૭૨ | ૨૯ |
| ૪ | શ્રી સમયસાર ગાથા-૭૨ | ૪૫ |
| ૫ | શ્રી સમયસાર ગાથા-૭૨ | ૬૦ |
| ૬ | શ્રી સમયસાર ગાથા-૭૩ | ૭૭ |
| ૭ | છ ઢાળા | ૯૩ |
| ૮ | છ ઢાળા | ૧૦૬ |
| ૯ | છ ઢાળા | ૧૧૮ |
| ૧૦ | શ્રી સમયસાર ગાથા-૭૩ | ૧૩૩ |
| ૧૧ | શ્રી સમયસાર ગાથા-૭૩ | ૧૪૮ |
| ૧૨ | શ્રી સમયસાર ગાથા-૭૩ | ૧૬૨ |
| ૧૩ | શ્રી સમયસાર ગાથા-૭૩ | ૧૭૬ |
| ૧૫ | શ્રી સમયસાર ગાથા-૧૩ | ૧૯૩ |
| ૧૬ | શ્રી સમયસાર ગાથા-૧૩ | ૨૦૯ |
| ૧૭ | શ્રી સમયસાર ગાથા-૧૩ | ૨૨૫ |
| ૧૮ | શ્રી સમયસાર ગાથા-૧૩ | ૨૪૧ |
| ૧૯ | શ્રી સમયસાર ગાથા-૧૪૪ | ૨૫૮ |
| ૨૦ | શ્રી સમયસાર ગાથા-૧૪૪ | ૨૭૪ |
|  | મંડળની સ્થાપના વિશે તથા પ્રશ્નોત્તરી | ૨૮૭ |

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પૂ.ભાઈશ્રી લાલચંદભાઈ પ્રત્યે લંડનના મુમુક્ષુઓ વતી પ્રમુખશ્રીનું સ્વાગત નિવેદન

સાંભળો હવે, વડીલો, ભાઈઓ, બહેનો તથા વહાલા બાળકો. આપ સર્વેને જણાવતા મને અતિ હર્ષ થાય છે કે આપણી સમક્ષ આપણા માનીતા, માનનીય મુરબ્બી શ્રી લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી ભારતથી અત્રે પધાર્યા છે. લંડનને આંગણે આ એક મહા અમૂલ્ય પ્રસંગ છે એમ હું માનું છું. તો શ્રી લાલચંદભાઈના પ્રવચન શરૂ થતાં પહેલાં આપ સર્વેને તેઓશ્રીનો ટૂંકમાં પરિચય કરાવવો તે મારી ફરજ સમજી વધારે વખત ન લેતાં આપની સમક્ષ ટૂંકમાં કહીશ. તો આપ સૌ શાંતિથી સાંભળશો એવી મારી નમ્ર વિનંતી છે.

આ વર્તમાન ચોવીસીમાં પહેલાં વીતરાગી તીર્થંકરદેવ ભગવાન શ્રી ૠષભદેવથી માંડીને ચોવીસમાં તીર્થંકરદેવ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ પ્રકાશેલો જે મૂળ જૈનધર્મ તે અનાદિથી ચાલ્યો આવે છે. તે જૈનધર્મની પ્રભાવના એટલે પ્રવચન અર્થે તેઓશ્રી દૂર સ્વદેશમાં વસતાં હોવા છતાં આપણા મહાન ભાગ્યોદયે, આપણી નમ્ર વિનંતીને સ્વીકારીને તેઓ અહીં પધાર્યા છે. તેઓશ્રીનું લંડનમાં ફકત ચાર અઠવાડીયાનું રોકાણ છે. જેથી કરીને આપ સર્વેને મારી નમ્ર વિનંતી છે, કે આપણા ભાગ્યોદયે અચાનક આ મળેલી સોનેરી તકનો અનેરો લાભ લેવાં દરેકને બનતો પ્રયાસ કરવો.

આ જગત ઉપર જીવી રહેલાં ખાસ મનુષ્ય જીવો સાચા સુખની શોધમાં ફાંફા મારે છે અને ધર્મ ધર્મ કર્યા કરે છે પણ ધર્મ એટલે શું? અને ધર્મની જરૂર શા માટે? ધર્મનું અસ્તિત્વ જગતમાં કેમ છે, સાચું સુખ કયાંથી મળે તે કદી આપણે ખરા સત્ય સ્વરૂપમાં સમજયા નથી અને દરેક પોતાની મતિ કલ્પનાથી તેનું રટણ કર્યા કરીએ છીએ. તો આ બાબતમાં મારે ખાસ કહેવાનું એ છે, કે શ્રી લાલચંદભાઈને સદ્‌ગુરુદેવની કૃપાથી નાની વયથી જૈનધર્મ પ્રત્યે અતિ પ્રેમ હોવાથી તેઓશ્રીએ ખૂબ જ ઊંડાણથી જૈનધર્મનો સૂક્ષ્મ અભ્યાસ કરી, તત્ત્વનો સાર સમજીને જીવનમાં પચાવેલ છે અને ધર્મની મહાનતા તેઓશ્રીએ સમજેલ છે. જેથી કરીને તેનું મહત્વ ઝીણવટથી આપણને તેઓશ્રી તેમના પ્રવચનમાં કહેશે. અને સાંભળ્યા બાદ આપ સર્વે વિચારપૂર્વક નક્કી કરી શકશો કે સાચું શું છે? આથી વિશેષ હવે તેમના બારામાં મારે હવે કાંઈ કહેવાનું નથી. ખાસ તો હવે વડીલશ્રી લાલચંદભાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તથા તેમના ધર્મપત્ની શ્રીમતી નવલબેન આપે ધર્મપ્રેમીભાઈઓ તથા બહેનોની માગણીને માન આપી અહીં સુધી દૂર દેશ આપના અમૂલ્ય સમયનો ભોગ આપી પધાર્યા તે બદલ આપનો અંતઃકરણપૂર્વક બધાઓ વતી સહર્ષ આભાર માનું છું.

વિશેષમાં મારા માનીતા ધર્મપ્રેમી દરેક ભાઈઓ તથા બહેનોએ આ કાર્યમાં તન, મન, ધનથી યથાયોગ્ય જે જે પ્રકારે સહકાર આપ્યો છે તે બદલ આ તકે તેમનો સર્વેનો હાર્દીક આભાર માનું છું. આપ સૌની હાજરીથી મને ઘણી જ ખુશી ઊપજે છે. આપ સૌએ મને શાંતિથી સાંભળ્યો એ બદલ આપ સૌનો આભાર માનું છું. જય જિનેન્દ્ર.

**લી. મુમુક્ષુઓ વતી, પ્રમુખશ્રી–**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૧
## તા. ૨-૭-૧૯૮૨
## લંડન હોલમાં ''મોક્ષમાર્ગ પ્રકાશક'' ઉપર પ્રવચન

આ એક મોક્ષમાર્ગ પ્રકાશક નામનું શાસ્ત્ર છે. આજથી લગભગ બસ્સો ત્રીસ વર્ષ પહેલાં જયપૂરમાં એક ગૃહસ્થી જ્ઞાની થયા. જેનું નામ આખા સમાજમાં પ્રસિધ્ધ છે. આચાર્યકલ્પ ટોડરમલજી સાહેબ. તેઓશ્રીએ મોક્ષમાર્ગ પ્રકાશક નામના શાસ્ત્રની રચના કરી છે. તેમાં શરૂઆતમાં પંચપરમેષ્ઠીનું સ્વરૂપ શું છે એ પ્રથમ આપણે અત્યારે લેવું છે.

પૂજ્ય ગુરુદેવ આ યુગના એક યોગી પુરુષ થયા. જ્યારે ધર્મનું સ્વરૂપ લગભગ લોપ થઈ ગયું હતું. સાચું ધર્મનું સ્વરૂપ શું છે એ જીવો જાણતા નહોતા. કેવળ માત્ર ક્રિયાકાંડમાં રચ્યા-પચ્યા હતા. અને એનાથી થોડા આગળ વધે તો શુભભાવ કરવાથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય એમ માનતા હતા. એ માન્યતા અનાદિકાળથી જીવ- એ જ સંસ્કાર અનાદિકાળના હોવાથી જયાં પણ સાંભળવાનું મળે કે કષાયની મંદતા થોડું પુણ્ય કરીએ તો આપણને લાભ થાય, મોક્ષ મળે. એમ ઈત્યાદિ અનેક પ્રકારની બંધની ક્રિયા, એને મોક્ષની ક્રિયા માનીને જગતના જીવો એમાં રચ્યા-પચ્યા હતા. તેઓશ્રીનો જન્મ થયો. જન્મ પછી એક જબરજસ્ત ક્રાંતિ સારા ભારતની અંદર દેશ-વિદેશમાં જાગી.

જન્મથી જૈનમાં જન્મેલા હોય એને ણમોકાર મંત્ર તો શરૂઆતથી જ હોય જ. પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ તો શરૂઆતથી જ હતો અને હોય. પણ ણમોકાર મંત્ર ઉપરાંત તેઓશ્રીએ ભેદવિજ્ઞાનનો એક મહામંત્ર આપ્યો કે જે ભેદવિજ્ઞાન દ્વારા દેહાદિથી અને પુણ્ય ને પાપના પરિણામથી પણ આત્મા ભિન્ન છે. એવા શુધ્ધાત્માનો અનુભવ ગૃહસ્થ અવસ્થામાં પણ થઈ શકે છે. ગૃહસ્થ અવસ્થામાં મોહનો અભાવ થઈ જાય છે પણ રાગ અને દ્વેષ રહી જાય છે. આ એક માર્મિક વાત છે. ગૃહસ્થ અવસ્થામાં મોહનો નાશ થાય છે. સમ્યગ્દર્શન-આત્મદર્શન પ્રગટ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. મમત્વભાવનો અભાવ થાય છે પણ સાથે સાથે તરત જ રાગ અને દ્વેષનો નાશ થતો નથી. એ રાગ અને દ્વેષના નાશનો ઉપાય ચારિત્ર છે. મોહના નાશનો ઉપાય સમ્યગ્દર્શન છે. એમ ધર્મની શરૂઆત ગૃહસ્થ અવસ્થામાં કેમ થાય એનું સ્પષ્ટીકરણ ભેદવિજ્ઞાનના મંત્ર દ્વારા કર્યું.

સામાન્ય રીતે ધર્મ શબ્દ એ એક એવો આકર્ષક શબ્દ છે કે જયાં ધર્મનું નામ પડયું ત્યાં જગતના જીવોને એ ધર્મ સાંભળવાની જિજ્ઞાસા થાય, ધર્મ શબ્દ સાંભળતા ધર્મ કરવાની જિજ્ઞાસા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય. એ ધર્મ શબ્દ એવો આકર્ષક છે કે પછી એનું યથાર્થ સ્વરૂપ શું છે એ સમજ્યો કે ન સમજ્યો પણ ધર્મ શબ્દ ઉપર એની લાગણી કૂણી થઈ જાય છે. ધર્મ શબ્દ એવો છે કે એની લાગણી કૂણી થાય છે. એના કષાયો મંદ થાય છે. એ પ્રકારે ધર્મ શબ્દ આકર્ષક છે. પણ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું છે, ધર્મનો શબ્દાર્થ શું છે, અને ધર્મનો ભાવાર્થ શું છે એ જગતના જીવો જાણતા નહોતા તો તેઓશ્રીએ ધર્મનું સાચું સ્વરૂપ શું છે એ તેઓશ્રીએ સમજાવ્યું, સંભળાવ્યું. અને હજારો લાખો મુમુક્ષુઓએ પણ એ વાતને અપનાવી. તો આ તકે હું પૂજય ગુરુદેવનો, અનંતો અનંતો ઉપકાર આપણા ઉપર છે એ ઉપકારનો બદલો કોઈ સંજોગોમાં કોઈ રીતે આપણે વાળી શકીએ એમ નથી.

યતકિંચિત એટલો ભાવ આવે ખરો, કે તેઓશ્રીએ જે ભેદવિજ્ઞાનનો મંત્ર આપ્યો એ ભેદવિજ્ઞાનના મંત્રની સાધના પ્રત્યેક જીવ કરે અને એ મંત્રની સાધનાથી આત્માના દર્શન થાય એ પ્રકારનો કહેવાનો પ્રચારનો ભાવ, પ્રભાવનાનો ભાવ લાયક જીવોને સહજ આવે છે. પોતાને જે માર્ગથી લાભ થયો હોય એ માર્ગ બીજા જીવો પામે એવી કરુણાનો ભાવ પણ હોય છે. તો પૂજય ગુરુદેવે આપણા ઉપર એવો અનંતો ઉપકાર કર્યો છે, કે ધર્મનું સાચું સ્વરૂપ શું એ સમજાવ્યું. ધર્મ શબ્દનો શબ્દાર્થ એવો છે કે 'વથ્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ છે તેને ધર્મ કહીએ.

ધર્મનું સ્વરૂપ સમજવા માટે આપણે એક દૃષ્ટાંત લઈએ. કે સાકર શબ્દ છે એનો જે સ્વભાવ છે એ ગળ્યો સ્વભાવ છે, મીઠો સ્વભાવ છે. એ સાકરનો જે ગળ્યો સ્વભાવ છે તેથી તે તેનો ધર્મ છે. તો સાકરનો ધર્મ શું? ધર્મ એટલે સ્વભાવ કે ગળપણ છે એ સાકરનો સ્વભાવ છે તેથી તે સાકરનો ધર્મ છે. સોનું છે એ પીળું છે. તો પીળાપણું છે એ સોનાનો સ્વભાવ હોવાથી તેને ધર્મ કહેવાય. સ્વભાવને ધર્મ કહેવાય, વિભાવને ધર્મ ન કહેવાય. તો દૂધ છે તે જયાં સુધી સારું રહે ત્યાં સુધી તે તેના સ્વભાવમાં છે. બગડી જાય તો એ દૂધ કામ નથી આવતું. એમ પ્રત્યેક પદાર્થનો પોતાનો જે સ્વભાવ છે એ સ્વભાવભાવને ધર્મ કહેવામાં આવે છે.

આ તો એક દૃષ્ટાંત થયા. એમ આ આત્મા એક વસ્તુ છે પદાર્થ. એ આત્માનો સ્વભાવ શું છે? એ જે સ્વભાવ હોય એને ધર્મ કહેવામાં આવે. આત્માના સ્વભાવથી વિરૂધ્ધ જેટલા પરિણામ છે તે પરિણામનું નામ ધર્મ નથી. કેમ કે સ્વભાવ નથી માટે ધર્મ નથી. જ્ઞાતા-દૃષ્ટા એ આત્માનો સ્વભાવ છે. જાણવું અને દેખવું એ આત્માનો સ્વભાવ છે. હવે એ જાણવું અને દેખવું એ આત્માનો સ્વભાવ છે, તો એવો તર્ક ઊઠે કે ઈન્દ્રિયજ્ઞાન વડે અનાદિકાળથી આત્મા પરને જાણતો આવે છે. તો જાણવું માત્ર એ સ્વભાવ હોય તો એ તો અનાદિકાળથી પરને જાણતો આવે છે. માટે એને પણ સ્વભાવ કેમ ન કહેવાય એમ પ્રશ્ન ઊઠે.

એનો ઉત્તર આચાર્યભગવંતો એમ ફરમાવે છે કે જાણવું એ સ્વભાવ છે એ તો બરાબર જ છે પણ જેને જાણતાં આનંદ આવે ત્યારે તેને સ્વભાવ કહેવામાં આવે. તો ઈન્દ્રિયજ્ઞાન દ્વારા પરને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણતા આત્માને આત્મિક આનંદનો સ્વાદ આવતો નથી. માટે એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું તે છે. કેમ કે પોતાના શુધ્ધાત્માને પોતાનું જ્ઞાન જયારે જાણે છે ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. અને દુઃખનો નાશ થઈ જાય છે. એટલે આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વીતરાગી પરિણામ પ્રગટ થાય તે આત્માનો સ્વભાવ હોવાને કારણે તેને ધર્મ કહેવામાં આવે. પણ પુણ્ય ને પાપની જે લાગણી ઊભી થાય છે શુભ અને અશુભભાવ. ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ. કષાયની તીવ્રતા અને મંદતાના પરિણામ જે વિકૃતભાવ જીવની દશામાં-હાલતમાં થાય છે એ વસ્તુનો સ્વભાવ નથી માટે તે ધર્મ નથી. કેમ કે તેમાં આત્માને આકુળતા એટલે દુઃખનું વેદન થાય છે. કેમ કે એ બધા પરાશ્રિત વિભાવભાવ છે. એ વિભાવભાવથી ભિન્ન આત્મા છે એને જયારે દૃષ્ટિમાં લઈને જ્ઞાન પ્રગટ થાય ત્યારે તેને આત્માના દર્શન વખતે આનંદનો અનુભવ થાય એવા આત્માના વીતરાગી પરિણામ જીવ પ્રગટ કરે ત્યારે તેને સ્વભાવ કહેવામાં આવે છે. અને એ સ્વભાવનું નામ ધર્મ છે. આ ધર્મની વ્યાખ્યા છે.

ધર્મની વ્યાખ્યા સીધી છે. 'વથ્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ હોય તેને ધર્મ કહેવાય. એનાથી જે વિરૂધ્ધ હોય તો તેને ધર્મ ન કહેવાય. જેમ કે પાણીનો સ્વભાવ શીતળ છે તો એની અવસ્થામાં પણ શીતળતા હોય તો એ પાણીનો સ્વભાવ છે અને સ્વભાવ હોવાથી ધર્મ કહેવાય. પણ એ પાણી છે એ પોતાની યોગ્યતા અને અગ્નિનું નિમિત્ત પામીને જે પાણીની અવસ્થા ઉષ્ણ થાય છે તે પાણીનો સ્વભાવ નથી. સ્વભાવ ન હોવાને કારણે એ એની વિકૃત વિભાવ દશા છે. તેથી પાણીનો ધર્મ નથી પણ પાણીનો અધર્મ ભાવ છે. પાણીની ઉષ્ણતા થઈ એ પાણીનો સ્વભાવ નથી. પાણીના શીતળ સ્વભાવથી વિરૂધ્ધ ભાવ છે. માટે તેને સ્વભાવ ન કહેવાય. એ સ્વભાવથી વિરૂધ્ધ માટે તેને ધર્મ ન કહેવાય. ધર્મ ન કહેવાય એટલે એ પાણીનો ધર્મ નથી પણ પાણીનો અધર્મ થઈ ગયો. આ દૃષ્ટાંત. દૃષ્ટાંત તો સમજાય એમ છે.

એમ આ આત્મા છે એ અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને દેહાદિ પર પદાર્થ મારા છે એમ મમતા કરે છે. અને પુણ્ય ને પાપના જે પરિણામ થાય છે એને પણ મારા માને છે, એ એની એક વિપરીત માન્યતા છે. એ મમત્વભાવ છે એ આત્માના સ્વભાવથી વિરૂધ્ધભાવ, વિકૃતભાવ, દુઃખદાયકભાવ છે. તેથી તેને સ્વભાવ ન હોવાને કારણે, વિભાવ હોવાને કારણે તેને અધર્મ કહેવામાં આવે છે. ધર્મથી વિરૂધ્ધ પરિણામ તેનું નામ અધર્મ. પાણીની શીતળતા એ એનો સ્વભાવ છે. માટે પાણીનો ધર્મ કહેવાય. પણ એ શીતળ પાણી અવસ્થાએ ઊનું થયું, ઉષ્ણ થયું તો પાણીએ પોતાના ધર્મને છોડી દીધો છે. પાણીએ પોતાના શીતળ સ્વભાવને છોડયો અને ઉષ્ણ અવસ્થા થઈ તો એ પાણીએ પોતાનો સ્વભાવ છોડયો. તો એ સ્વભાવથી વિરૂધ્ધ ઉષ્ણતા તો એ અધર્મ દશા છે. એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાણીનો સ્વભાવ ન હોવાને કારણે વિકૃત અવસ્થા તેને અધર્મ કહેવામાં આવે. ધર્મ નહીં. ધર્મથી વિરૂધ્ધ, સ્વભાવથી વિરૂધ્ધ.

એમ આ આત્મા છે એનો મૂળ સ્વભાવ પોતાના જ્ઞાન વડે પોતાના શુધ્ધાત્માને પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન દેહાદિથી ભિન્ન અંતર્મુખ થઈને પોતાના આત્માને જાણવો, અનુભવવો એનું લક્ષ કરવું અને એમાં જે આત્માનો અનુભવ થાય એ અનુભવદશામાં અતીન્દ્રિય આનંદ આવે તે આત્માનો સ્વભાવ છે. સ્વભાવ હોવાને કારણે તેને ધર્મ કહેવામાં આવે. અથવા તેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આ મોક્ષમાર્ગ પ્રકાશકની આપણે શરૂઆત કરવી છે એની ટૂંકી થોડી વ્યાખ્યા ધર્મનું શું સ્વરૂપ છે. ધર્મ-ધર્મ તો બધા કહે છે અને કરે છે. પણ વાસ્તવિક ધર્મનું શું સ્વરૂપ છે એ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા તીર્થંકર પરમાત્મા થયા તેણે ઉપદેશેલો માર્ગ અને સંતોએ અનુભવ કરીને જે શાસ્ત્રો લખ્યા છે એમાંનું આ એક ટોડરમલજી સાહેબનું શાસ્ત્ર છે. એનું આપણે અધ્યયન કરવાનું છે. પાનું બીજું.

હવે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક નામના ગ્રંથનો ઉદય થાય છે. એટલે એ ગ્રંથની શરૂઆત થાય છે. ત્યાં પ્રથમ ગ્રંથ કર્તા મંગલાચરણ કરે છે. જો શબ્દ પડયો છે મોક્ષમાર્ગ પ્રકાશક. મોક્ષનો માર્ગ એટલે સુખનો માર્ગ. જગતના જીવો શબ્દથી ભડકી જાય છે પણ શબ્દથી ભડકવા જેવું નથી. મોક્ષમાર્ગ. મોક્ષ એટલે મુકાવાનો માર્ગ. મોક્ષ એટલે મુકાવું. દુઃખથી મુકાવું એવા જે આત્માના પરિણામ તેને પરમાત્મા મોક્ષમાર્ગ નાસ્તિથી કહે છે. અસ્તિથી પૂર્ણ આનંદની પ્રાપ્તિ. સુખની પ્રાપ્તિ પૂર્ણ આનંદની પ્રાપ્તિ એને પરમાત્મા મોક્ષ કહે છે. હવે પૂર્ણ આનંદની પ્રાપ્તિ જે થાય એનું નામ મોક્ષ. અને એનું જે કારણ મોક્ષનો માર્ગ એટલે 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' એ કેમ પ્રાપ્ત થાય એના માટે આ શાસ્ત્રની હું રચના કરું છું. તેમાં શીષ્ટાચાર એવો છે કે શાસ્ત્રની રચના કરવામાં મંગલાચરણ કરવામાં આવે છે. પ્રથમ પંચપરમેષ્ઠીને નમસ્કાર મંગલાચરણ કરે છે. ત્યાં

**णमो अरहंताणं, णमो सिद्धाणं, णमो आयरियाणं;**
**णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं**

આ પ્રાકૃત ભાષામય નમસ્કાર મંત્ર છે. આ નમસ્કાર મંત્ર જે કહ્યો એ પ્રાકૃત ભાષામય છે. તે મહામંગલ સ્વરૂપ છે. બહારનો અવાજ આવે છે. (મુમુક્ષુ :- હા, બહારનો અવાજ આવે છે. આપ ચાલુ રાખો.) હા, ચાલુ રાખું.

તેનું સંસ્કૃત નીચે પ્રમાણે થાય છે.

શ્રી અરિહંતને નમસ્કાર હો. સિદ્ધને નમસ્કાર હો, આચાર્યને નમસ્કાર હો, ઉપાધ્યાયને નમસ્કાર હો, અને લોકમાં રહેલાં સર્વે સાધુઓને નમસ્કાર હો. એ પ્રમાણે તેમાં નમસ્કાર કર્યા છે તેથી તેનું નામ નમસ્કાર મંત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે અહીં જેને નમસ્કાર કર્યા છે, પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે. જેને આપણે સવાર, બપોર, સાંજ વંદન કરીએ છીએ તો એનું સ્વરૂપ શું છે એ પહેલાં ખ્યાલમાં લેવા જેવું છે. નહીંતર તો માત્ર જેમ પોપટ રામ રામ બોલે એમ થઈ જાય. તો પંચપરમેષ્ઠીનું સાચું સ્વરૂપ શું છે એ પહેલાં પાયાની વાત છે. જૈનદર્શનમાં એ પહેલાં આપણે સમજવા જેવું છે.

હવે અહીં જેને નમસ્કાર કર્યા છે તેનું સ્વરૂપ ચિંતવન કરીએ છીએ. કારણ કે સ્વરૂપ જાણ્યા વિના, એ પંચપરમેષ્ઠી કોણ છે, એના ગુણો પ્રગટ થયા એ શું છે, એને કેમ ગુણ પ્રગટ થયા આપણે શા માટે નમસ્કાર કરીએ છીએ? કે ગુણ ગ્રહણ કરવા માટે નમસ્કાર કરીએ છીએ. તો એના ગુણો શું પ્રગટ થયા તે પહેલાં સમજવું જોઈએ.

હવે અહીં જેને નમસ્કાર કર્યા તેનું સ્વરૂપ ચિંતવન કરીએ છીએ. કારણ કે સ્વરૂપ જાણ્યા વિના એ નથી સમજાતું કે હું કોને નમસ્કાર કરું છું? અને તે સિવાય ઉત્તમ ફળની પ્રાપ્તિ પણ કયાંથી થાય? આપણે જેને નમસ્કાર કરીએ તેનું સ્વરૂપ સમજવા જેવું છે. એમ પંડિતજી ફરમાવે છે. ત્યાં પ્રથમ અરિહંતનું સ્વરૂપ વિચારીએ છીએ. પંચપરમેષ્ઠીમાં ખરેખર તો ઊંચામાં ઊંચી પદવી તો સિધ્ધ પરમાત્માની છે. પણ એ સિધ્ધ પરમાત્માને પ્રથમ નમસ્કાર ન કરતાં પ્રથમ અરિહંત પરમાત્માને નમસ્કાર કરવામાં આવે છે. એનું કારણ એવું છે કે સિધ્ધ પરમાત્માને વાણી નથી હોતી. અને અરિહંત પરમાત્મા તીર્થંકર ભગવાનને વાણી હોય છે. એની વાણી દ્વારા આ સિધ્ધ પરમાત્માનું શું સ્વરૂપ અને અરિહંતનું શું સ્વરૂપ, આચાર્ય ઉપાધ્યાય સાધુનું શું સ્વરૂપ છે તે એની વાણી દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

તેથી આપણા ઉપકારી, પ્રથમ ઉત્કૃષ્ટ ઉપકારી જો હોય તો એ અરિહંત પરમાત્મા છે. કેમ કે એની દિવ્યધ્વનિ દ્વારા આખું વસ્તુનું સ્વરૂપ શું છે એ વાણીમાં આવે છે. ઓમકાર ધ્વનિ છૂટે છે. જેમ આપણે ક્રમે ક્રમે બોલીએ છીએ એમ એની ભાષા નથી હોતી. આખા દેહમાંથી કંપન ઊઠે છે અને એમાં ઓમકાર ધ્વનિ છૂટે છે. ઓ...મ..... એમાં બધા જીવો પોતપોતાની યોગ્યતા અનુસાર એ વાણીનો અર્થ સમજી શકે છે. એવો પરમાત્માનો કોઈ અતિશય રહેલો છે. તો આપણા પ્રથમમાં પ્રથમ મૂળ ઉપકારી સર્વજ્ઞ પરમાત્મા છે. પછી આચાર્ય ભગવંતો ઉપકારી અને પછી આપણા ગુરુદેવે આપણને આખું સ્વરૂપ સમજાવીને ઉપકાર કર્યો.

હું તો અહીંયા માત્ર જે ગુરુદેવ પાસેથી હું જેટલું સમજી શકયો છું એ મારી યથાશકિત પ્રમાણે એમણે જ કહેલું હું અહીયા કહેવા આવ્યો છું. હું મારા ઘરની વાત કાંઈ નહીં કહું. મને જેટલું એમની પાસેથી મળ્યું છે, ગ્રહણ કર્યું છે, એનો સંદેશો આપવા માટે હું અહીંયા આવ્યો છું. નાઈરોબી તો ગુરુદેવ પધાર્યા હતા.

પણ લંડન પણ કદાચ પ્રસંગ પડે તો એમનો અહીંયા લંડન આવવાનો ભાવ પણ હતો. પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઇ યોગ નહીં. આ તો યોગાનુયોગ બધું થાય છે. કાંઇ ઈચ્છા પ્રમાણે કોઇ જગતના પદાર્થનું પરિણમન બનતું નથી. પણ તેઓશ્રી વ્યાખ્યાનમાં અવાર-નવાર બહુ ખુશી બતાવતા હતા. મેં પ્રત્યક્ષ સાંભળેલું કે લંડનમાં પણ અત્યારે પ્રેમચંદભાઇ કરીને બહુ ગંભીર અને તત્ત્વના રસીક રૂડા જીવ છે. અને એ વાંચન કરે છે એનું વાંચન ચાલતું હતું. એમાં પણ એને ખુબ પ્રમોદ હતો. કેમ કે જ્ઞાનીઓને બીજું કાંઇ જોઇતું નથી. માત્ર તત્ત્વ પ્રચાર થાય, તત્ત્વ સમજે અને જગતના જીવો આ દુઃખથી છૂટે અને શાશ્વત સ્વાધીન સુખ કેમ પ્રાપ્ત થાય એવી નિષ્કારણ કરુણા એને હોય છે. એ પ્રશંસા કરતા હોય છે એની પાછળ પણ ઘણું રહસ્ય હોય છે. એ રહસ્ય એટલું જ કે આ તત્ત્વનો કોઇ જીવ પ્રચાર કરે તો બીજા જીવો સમજે. કેમ કે આ ભારતની અંદર તો એ પરંપરા અનાદિથી ચાલુ છે. ત્યાં તીર્થંકરોના જન્મ થાય છે, વાણી છૂટે છે અને ભારતમાં તો ધર્મની પરંપરા ચાલુ જ છે.

પણ આ તો ઘણો છેટો દેશ અનાર્ય જેવો લગભગ. અહીંયા તો કોઇ મંદિરો પણ નહીં, કોઇ ધર્મનો પ્રચાર નહીં, કોઇ જૈનની વસ્તી નહીં. આ તો વળી આફ્રિકાથી થોડા ભાઇઓ અહીં આવ્યા કરે ને આ વાંચન ચાલે છે. વળી અહીંયા બોલાવવાનો પણ પ્રસંગ આવ્યો. હું પણ કુદરતી અહીંયા આવ્યો અને આ બધો જોગ થયો છે. ખરેખર તો આપણા જીવનમાં કરવા જેવું હોય તો એ પોતાનું સાચું સ્વરૂપ શું છે એ સમજવા જેવું છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' જગતનો જીવ અનંત દુઃખ પામ્યો (અને) ચાર ગતિ ને ચોર્યાસી લાખ યોનિમાં રખડે છે. એનું મૂળ કારણ હોય તો પોતાનું સાચું સ્વરૂપ શું, ઓરીજીનલ સ્વરૂપ શું એ જીવ સમજ્યો નથી. કાં તો દેહને જીવ માને છે, કાં તો જીવને રાગી માને છે. કાં જીવને ઈન્દ્રિયજ્ઞાનવાળો માને છે. કાં જીવ પૈસાવાળો, કાં મનુષ્ય તે જીવ, નારકી તે જીવ, એકેન્દ્રિય તે જીવ, બે ઈન્દ્રિય તે જીવ એમ જીવના સ્વાંગને જીવ માની બેઠો છે. પણ સ્વાંગથી ભિન્ન આત્મા અંદરમાં કોણ છે ચૈતન્ય ઝળહળ જ્યોતિ, જ્ઞાન ને આનંદની મૂર્તિ એને એક સમય માત્ર અંતરસન્મુખ થઇને એણે આત્માનો અનુભવ કર્યો નથી.

એ આત્માનો અનુભવ પ્રથમમાં પ્રથમ કરવા જેવો છે. ધર્મની શરૂઆત જ શુદ્ધાત્માના અનુભવથી થાય છે, વૃદ્ધિ પણ અનુભવથી થાય છે અને પૂર્ણતા પણ અનુભવથી થાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' પરમાર્થ મોક્ષનો માર્ગ સુખનો માર્ગ તો ત્રણેકાળ એક જ હોય છે. કે પુણ્ય-પાપથી ભિન્ન પોતાનો શુદ્ધાત્મા જે જ્ઞાનમય છે એ જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરીને એમાં જે લક્ષ કરીને ઠરવું એનું નામ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ તે સુખનો સ્વાધીન માર્ગ, બિલકુલ કિંચિત માત્ર પરાધીનતા નહીં. કે કોઇ આશીર્વાદ આપે ત્યારે આપણે સુખી થઇએ એ વાત ૧૦૦% ખોટી છે. કોઇના આશીર્વાદથી કોઇ સુખી થતો નથી. અને કોઇના શ્રાપથી કોઇ દુઃખી થતો નથી. માત્ર કેવળ પોતાના પરિણામથી જીવ સુખી દુઃખી થઇ રહ્યો છે. અજ્ઞાનથી દુઃખ અને આત્મજ્ઞાનથી સુખ. બીજું બાહ્યમાં બધા નિમિત્ત માત્રના કથનો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખરેખર વાસ્તવિકતા તો પોતાના જે પ્રકારના જીવ પરિણામ કરે એનું ફળ વર્તમાનમાં ભોગવે અને નિમિત્તપણે પછી ભોગવે. બાકી ખરેખર તો જે સમયે જે પ્રકારનું પરિણામ જીવ કરે છે તે જ પ્રકારનું એને આકુળતાનું દુઃખનું વેદન તે જ સમયે આવે છે. પણ એક નિમિત્તપણે કર્મ બંધાય છે અને ફરી ઉદયમાં આવીને એમાં જોડાઈ તો દુઃખના નિમિત્ત કહેવાય. જો કર્મના ઉદયમાં ન જોડાય તો દુઃખને નિમિત્ત પણ કહેવામાં આવતું નથી. એ તો નિર્જરી જાય છે.

નિમિત્ત કયારે કહેવાય? કે એમાં જોડાય તો. પણ આત્મામાં જોડાય જાય તો કર્મને નિમિત્ત ન કહેવાય પણ કર્મને જ્ઞાનનું જ્ઞેય કહેવાય. અહીંયા આપણે બહુ સૂક્ષ્મ વાત તો હજી લેતાં નથી. તો પણ થોડી થોડી તો કહેવી પડશે જ. કેમ કે આજે નહીં સાભળે તો કયારે સાંભળશે? કે ભઈ આજે ઝીણી વાત સૂક્ષ્મ પડે છે તો પછી કે દિ' સાંભળવાનો મોકો (મળશે?) આ મનુષ્યભવ મળ્યો તો થોડી થોડી વાત સૂક્ષ્મ તો (સાંભળવી જ પડશે.) આત્મા જ સૂક્ષ્મ છે. આત્મા અરૂપી છે માટે થોડી વાત એ ઉપયોગ જો લગાવે તો સમજાય એમ છે. ન સમજાય એમ નથી. દષ્ટાંત તો આપું છું કે મુંબઈમાં મોટા મોટર સ્પેરપાર્ટસના વેપારી હોય છે એને ત્યાં પાંચ હજાર નાની મોટી વસ્તુ સ્ટોકમાં હોય. પણ દસ વર્ષ પહેલાંની ખરીદી શું? એના ઉપર કેટલો ખર્ચો, અત્યારે શું ભાવે પડતર, શું ભાવે વહેંચી તો આટલો નફો થાય એ આ મગજના કોમ્પ્યુટરની અંદર બધો હિસાબ કરી લ્યે છે. એનો નંબર એની મેઈડ ઈન (ક્યાંની બનાવટ છે તે) એ બધું એને ખબર હોય. એટલી વસ્તુઓ એને યાદ રહે છે.

તો હવે આત્માના શાશ્વત સુખને માટે છ દ્રવ્યનું શું સ્વરૂપ અને નવ તત્ત્વનું શું સ્વરૂપ અને આત્માનું વાસ્તવિક શું સ્વરૂપ એટલું થોડું (એને) યાદ કેમ ન રહે? દીકરાઓના નામ યાદ રહે, દીકરીઓના નામ યાદ રહે, જમાઈના યાદ રહે, અરૂણભાઈ! બધું યાદ રહે કે નહીં? હેં? બહારનું કેટલું યાદ રહે? યાદ રહેને? કેમ કે જેમાં જેની રુચિ છે ને એનું એને યાદ રહે. આ નવ તત્ત્વના નામ યાદ નથી રહેતા કેમ કે રુચિ નથી. રુચિ હોય તો બધું યાદ રહે. માટે કરવા જેવું હોય તો આ ભવમાં, ભવનો અંત કરવા જેવો હોય તો એક શુદ્ધાત્માનું સ્વરૂપ શું જે ગુરુદેવે આપણને બતાવ્યું છે એ માર્ગ ત્વરિત રીતે અપનાવી લેવા જેવો છે. કાંઈપણ પ્રમાદ કર્યા સિવાય. આજે થાય તો કાલ કરવા જેવું નથી. અને એ પોતાની પાસે વસ્તુ છે. ધર્મ કયાંય બહારથી લેવો નથી. કોઈ ધર્મ આપતા નથી. ગુરુદેવ પણ ધર્મ આપી શકતા નથી. ધર્મ માત્ર બતાવ્યો છે. કે તમારા આત્માનો સ્વભાવ આવો છે એનું અવલંબન લ્યો તો તમને સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થાય. ધર્મ બતાવે છે, કહે છે. પણ કોઈ ધર્મ આપી શકતું નથી. આ દેવા-લેવાની ચીજ નથી. કહેવાની ચીજ છે પણ આમાં કાંઈ દેવા-લેવાની ચીજ નથી.

કોઈ ધર્મ આપે, તીર્થંકર પરમાત્મા પણ ધર્મ આપી શકયા નહીં. એ ઋષભદેવ ભગવાન પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભરત ચક્રવર્તીના પુત્ર જે મહાવીરનો જીવ મરીચી એને પણ ધર્મ આપી શકયા નહીં. તો બીજાને કોણ ધર્મ આપી શકે? એટલે વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું સમજીને અંતરમાં ચિંતવન મનન કરીને શુધ્ધાત્માનું ધ્યાન કરવા જેવું છે. અત્યારે ધ્યાનનું બહુ ચાલે છે પણ ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના ધ્યાન થઈ શકે જ નહીં. ધ્યાન કોનું કરવું? સમ્યગ્દર્શન શું એ તો ખબર નથી, આત્માનું સ્વરૂપ શું એ તો ખબર નથી અને ધ્યાન કરવા બેસી જાય એ તો આર્તધ્યાન, માઠું ધ્યાન છે. એમાં કાંઈ હાથમાં આવતું નથી. માટે પ્રથમમાં પ્રથમ જે રાગાદિથી ભિન્ન આઠ કર્મથી જુદો અને દેહથી પણ ભિન્ન એવો પોતાનો શુધ્ધાત્મા અંતરમાં બિરાજમાન છે. એ શુધ્ધાત્માને ભેદજ્ઞાનના મંત્ર દ્વારા અંતરસન્મુખ થઈને પોતાના સ્વરૂપને અંતર નિહાળી લેવું અને એનું લક્ષ કરીને એમાં લીન થવાનો પ્રયત્ન કરવો એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. તો અહીંયા અરિહંતનું સ્વરૂપ આપણે વિચારીએ.

જે ગૃહસ્થપણું છોડી અરિહંત જે થયા એ ગૃહસ્થ અવસ્થા છોડી, જંગલમાં જઈ અને દીક્ષા અંગીકાર કરે છે. પહેલાં સમ્યગ્દર્શન ગૃહસ્થ અવસ્થામાં પ્રગટ થાય છે અને ચારિત્ર પ્રગટ થાય છે ત્યારે ગૃહસ્થ અવસ્થા છૂટી જાય છે. એ પ્રકારના રાગનો એને અભાવ થઈ જાય છે અને સ્વરૂપમાં લીનતા પ્રગટ થાય છે. તો જે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગીકાર કરી, નિજસ્વભાવ સાધનવડે મહાસિધ્ધાંત. કે જે ગૃહસ્થ અવસ્થા છોડી જંગલમાં ગયા, અરિહંત પરમાત્મા થવા પહેલાં સાધુ અવસ્થા થઈ તો એનું સાધન શું? અરિહંત કેમ થયા? એનું નિજસ્વભાવ સાધન વડે, મહાસિધ્ધાંત. કે પાંચમહાવ્રતના પરિણામ કર્યા એ સાધન છે? એ સાધન નથી.

બાર પ્રકારના અનશન આદિ જે તપના વિકલ્પો શુભભાવ છે એ સાધન નથી. નિજસ્વભાવ સાધન વડે, નિજ પોતાના શુધ્ધાત્માનું જ્ઞાન ને આનંદ જે સ્વભાવ છે એની અંતરસન્મુખ થઈ એમાં એકાગ્ર થતાં જે ધર્મધ્યાન પ્રગટ થયું એ સાધનવડે, ધર્મધ્યાન છે એ વીતરાગી પરિણામ છે અને એ સાધનવડે. ચાર ઘાતિકર્મનો ક્ષય કરી સંયોગરૂપે આઠ પ્રકારના કર્મ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર ને અંતરાય. એમ ભગવાને આઠ કર્મ કહ્યા છે. અને એમાં ચાર ઘાતિ અને ચાર અઘાતિ. આત્માના ગુણોને ઘાત થવામાં જે નિમિત્ત થાય તેને પરમાત્મા ઘાતિ કર્મ કહે છે. અને જેમાં માત્ર સંયોગની પ્રાપ્તિ થાય એને અઘાતિ કર્મ કહેવામાં આવે છે. તો અહીંયા ચાર ઘાતિ કર્મોનો જડકર્મોનો ક્ષય કરી, આત્માના આશ્રયે ભાવકર્મ અને જડકર્મનો ક્ષય થાય છે. જયાં આત્મા આત્મામાં લીન થાય છે ત્યારે ભાવકર્મનો પણ અભાવ થાય છે અને સંયોગરૂપે જે દ્રવ્યકર્મ ચાર ઘાતિ છે એનો પણ અભાવ થઈ જાય છે. અને એના નિમિત્તે અહીંયા જીવના પરિણામની યોગ્યતા ને કર્મનું છૂટવું તે સમકાળ છે. કર્મો છૂટે છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. કેવળજ્ઞાન થાય છે ત્યારે પ્રતિબંધ કારણનો સહેજે અભાવ હોય છે.

કેવળજ્ઞાનાવરણ કર્મનો ઉદય તે વખતે હોતો નથી. એ તો એટલું જ્ઞાન કરાવ્યું ચાર ઘાતિ કર્મનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્ષય કરી અભાવ કરી અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય. જેમ કોઈ પદાર્થનું એન્લાર્જ થાય છે ને એન્લાર્જ એમ આ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ એના પરિણામનું એન્લાર્જ થવા માંડે છે. એનો વિકાસ થવા માંડે છે. અંતરધ્યાનથી વિકાસ થતાં થતાં જે અલ્પજ્ઞાન હતું એ પૂર્ણ થાય છે. અલ્પસુખ પ્રગટ હતું એ પૂર્ણ સુખ પ્રગટ થાય છે. તો અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે. ત્યાં અનંતજ્ઞાન વડે તો પોતપોતાના અનંત ગુણપર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે. હવે એકેએકની વ્યાખ્યા ટૂંકાણમાં કરે છે. આપણે વખત થઈ ગયો નવનો ટાઈમ છે ને? (મુમુક્ષુ :- પંદર મિનિટ બાકી છે.) ભલે સવા નવ, ભલે.

જ્ઞાનીઓ શું ફરમાવે છે કે પહેલાં આત્મા બહિરાત્મા હોય છે. પછી અંતરાત્મ દશા થાય છે અને પછી પરમાત્મ દશા થાય છે. એમ એક આત્માની ક્રમે ત્રણ પ્રકારની દશાઓ થાય છે. જેટલા અરિહંત પરમાત્મા થયા એ પૂર્વે બહિરાત્મા હતા, મિથ્યાદષ્ટિ હતા, અજ્ઞાની હતા. એ પણ તેની પોતાની યોગ્યતા અને સાચા દેવ, ગુરુ, શાસ્ત્રના સમાગમમાં આવતાં એને આત્માનું ભાન થાય છે. આત્મદર્શન થાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય છે ત્યારે ત્યાંથી અંતરઆત્મ દશા શરૂ થાય છે. પછી દેહને મારો છે એમ જ્ઞાની માનતા નથી. કુટુંબ પરિવારમાં રહેવા છતાં પણ એને મમતા છૂટી જાય છે. રાગ રહી જાય છે.

રાગ અને મમતામાં મોટો ફરક છે. રાગ છે એ અલ્પ સંસારનું કારણ છે. અલ્પ દુઃખનું કારણ છે અને મોહ અર્થાત મમતા છે એ અનંત દુઃખનું કારણ છે. ગૃહસ્થ અવસ્થામાં કોઈ પછી એમ સમજયા વિના એમ મશ્કરી પણ કરે કે આ ધર્મ સારો, વેપાર પણ ચાલુ રહે, દુકાને પણ જઈ શકાય અને ધર્મની પ્રાપ્તિ પણ થાય. ખોરાકેય ચાલુ રહે અને ધર્મ પણ ચાલુ રહે. આ શું નવીન? ભાઈ આ નવીન નથી આ તો અનાદિનો માર્ગ છે કે ગૃહસ્થ અવસ્થામાં મોહ અર્થાત મમતાના પરિણામ છૂટી જાય છે.

જેમ કે તમને એક દષ્ટાંત આપું કે એક જીવ સોમવારે અજ્ઞાની હતો, મિથ્યાદષ્ટિ હતો, આત્માની દષ્ટિ નહોતી પણ નિરંતર સ્વાધ્યાય, ચિંતન, મનન, સત્સમાગમથી એમને, સોમવારે અજ્ઞાની હતો અને મંગળવારે સવારે એ આત્માના ધ્યાનમાં બેસતાં આત્માના દર્શન થયા. મંગળવારે સમ્યગ્દષ્ટિ થયો. જો જો આ અંતરનો તફાવત કેટલો છે એની વાત ચાલે છે. કે સોમવારે પણ એ ઓફીસે જતો હતો. પોતાના ઘરની દુકાન હોય તો એ પ્રકારે, સર્વીસમાં હોય તો એ પ્રકારે. સોમવારે બધી ક્રિયા ચાલતી હતી. મંગળવારે એને આત્મદર્શન થયું. તો મંગળવારે પણ ક્રિયાઓ તો એની એ રહી.

હવે સમ્યગ્દર્શન થયું માટે દુકાને જવું નથી ને વેપાર કરવો નથી ને બધું બંધ કરી દેવું છે. એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્દર્શનની ભૂમિકામાં ન હોય. ચારિત્રનું જયારે સ્ટેજ આવે ત્યારે એ સ્થિતિ હોય છે. હવે જે સોમવારે દેહ, મન, વાણીની ક્રિયા ચાલુ હતી અને અંદરમાં આહાર ને પાણીની ઈચ્છાઓ પણ સોમવારે થતી હતી. આહાર લેવાની, પાણી લેવાની, પહેરવાની, ઓઢવાની, સ્નાન કરવાની ઈત્યાદિ બધી સોમવારે ક્રિયાઓ હતી. એ દેહ, મન, વાણીની ક્રિયા તો એનાથી થતી હતી. અને એ સોમવારે એમ માનતો હતો કે આ ક્રિયાઓ મારાથી થઈ. ભાષાઓ બોલી શકું છું, હાથ ઊંચો કરી શકું છું એમ સોમવારે માનતો હતો. એ બહારની ક્રિયા સોમવારે હતી. હવે અંદરની રાગાદિની ક્રિયા જે સોમવારે આહારની, પાણીની થતી હતી. એ પણ સોમવારે હતી. પણ એ સોમવારે એમ માનતો હતો કે આ રાગ મેં કર્યો ને એ રાગ મારો છે. રાગનો રાગ કરતો હતો. રાગમાં મમતા કરતો હતો. પુણ્ય-પાપના પરિણામ તો સોમવારે થતા હતા પણ એનો એ માલિક બની ગયો હતો. કે આ પુણ્ય-પાપના પરિણામ મારા અને એનાથી મને લાભ થાય ને આ મારું કર્તવ્ય છે. સોમવારે કર્તાબુદ્ધિ હતી.

મંગળવારે આત્મભાન થયું તો આહાર ને પાણીની ઈચ્છા પણ બરાબર ટાઈમે થઈ. દુકાને જવાની પણ ઈચ્છા થઈ, એ પાપના પરિણામ. દુકાને જાવું, વેપાર-રોજગારમાં જોડાવું એ પાપના પરિણામ છે. સ્વાધ્યાય, ચિંતન, મનન, દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે. એ સોમવારે જે ક્રિયા થતી હતી એ જ મંગળવારે રહી ગઈ.તો તફાવત શું પડયો? જગતના જીવોને આ એક મોટો પ્રશ્ન છે. કામ તો એનું એ જ થયા કરે છે. પહેલાં કરતો હતો અને હવે થાય છે એટલો ફેર પડયો. પહેલાં કર્તાબુદ્ધિ હતી તો હું કરતો હતો એમ માનતો હતો. ઝવેરચંદભાઈ ! શબ્દમાં ફેર છે.

પહેલાં સોમવારે હું કરું છું તો થાય છે એમ હતું. મારાથી થતું હતું. દુકાન મારાથી ચાલતી હતી, હું કમાણો તો મારી બુદ્ધિથી, બીજાને બુદ્ધિ નહોતી માટે નહોતો કમાતો એ બુધ્ધુ હતો અને હું હોંશીયાર. મારી હોંશીયારીથી કમાતો હતો એમ સોમવારે હતું. (એ) કર્તાબુદ્ધિ હતી, પર પદાર્થનો સ્વામી બનતો હતો. મંગળવારે અંતરથી ઉદાસ થઈ ગયો. કે આ જગતના કોઈ પદાર્થ રજકણ મારા નથી અને આ ક્રિયા મારાથી થતી જ નથી. દેહ, મન, વાણીની ક્રિયા થતી નથી એટલું તો નહીં પણ જે કમાવાની ઈચ્છા થાય છે ખાવા, પીવા, ન્હાવાની એ પાપની ઈચ્છા એ થાય છે એનો હું કરનાર નથી એનો હું જાણનાર છું. સોમવારે કરનાર બનતો હતો મંગળવારે જાણનાર થયો. આહાહા !

(મુમુક્ષુ :-સાક્ષી થયો.) સાક્ષી થયો. કર્તાબુદ્ધિ છૂટી ગઈ આ માર્મિક વાત (છે.) ગૃહસ્થ અવસ્થામાં ભવનો અંત આવી જાય એવી વાત છે. બધી ક્રિયાઓ રહી જાય છે. જયાં સુધી એની ઉગ્ર પુરુષાર્થની ભાવના આત્મામાં ઠરવાની જાગતી નથી ત્યાં સુધી ગૃહસ્થ અવસ્થામાં હજારો લાખો વર્ષ ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દષ્ટિ રહી શકે છે. ત્રાંસી લાખ પૂર્વ, કરોડો અબજો વર્ષ ઋષભદેવ ભગવાન ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. હવે એને ખબર હતી કે હું તીર્થંકર થવાનો છું. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છતાં પણ કોઈને એમ પ્રશ્ન થાય કેમ ચારિત્ર અંગીકાર ન કર્યું? કેમ જંગલમાં ન ગયા? એમ કોઈને પ્રશ્ન થાય. એ કર્તાબુધ્ધિનો પ્રશ્ન છે.

સંયોગ થયા (ફર્યા) કરે છે. સંયોગ આવે છે ને જાય છે. એનો કરનાર આત્મા નથી. એને એમ લાગે છે કે હું કરનાર છું એ અજ્ઞાની છે અને થાય છે એનો હું જાણનાર છું એ જ્ઞાની છે. બહારની વાત. એમ અંદરમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે એનો હું માત્ર જાણનાર છું તો જ્ઞાની, અને પુણ્ય ને પાપના પરિણામ મેં કર્યા, મારાથી થયા, હું કરું છું (એમ માને ) એ અજ્ઞાની છે, એનો સ્વામી બની જાય છે. રાગનો આસ્રવનો સ્વામી બની જાય છે. કર્તાબુધ્ધિ, માલિકીબુધ્ધિ, ધણી બની ગયો. આત્મા કષાયનો ધણી બને છે. એ અજ્ઞાની છે. પુણ્ય-પાપના પરિણામ એ કષાય છે. એની જાત અકષાય નથી. એક તીવ કષાય ને બીજો મંદ કષાય બેય કષાયની જાતના છે. એ કષાયનો સ્વામી બનતો હતો, (તે) મંગળવારે કષાયનો સાક્ષી થઈ ગયો, ખલાસ!

આ ભાવો આવે છે પણ એ મારો સ્વભાવ નથી. કેમ કે સ્વભાવ દષ્ટિગોચર થઈ ગયો કે હું તો જ્ઞાતા-દ્રષ્ટા આત્મા છું. મારામાં પુણ્ય પણ નથી અને પાપ પણ નથી, મારામાં દેહ નથી, જડ કર્મ મારામાં નથી. મારાથી ભિન્ન જુદી ચીજ છે. જગતનો પદાર્થ છે એને ને મારે કાંઈ લેવા-દેવા નથી. એમ એકત્વબુધ્ધિ તૂટી અને આત્મામાં એકત્વબુધ્ધિ થઈ, પરિણામ આત્મામાં એકત્વ થયા તો પરથી એકત્વબુધ્ધિ છૂટી ગઈ, એ જ્ઞાની છે અને ક્રમે ક્રમે અલ્પકાળમાં એને પૂર્ણાનંદની પ્રાપ્તિ મોક્ષ દશા પ્રગટ થાય છે. એટલે ગૃહસ્થ અવસ્થામાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓ આપે છે. અને જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું એને પછી અલ્પકાળમાં ચારિત્ર આ ભવમાં અને કાં તો પછીના ભવમાં (થાય છે.) પણ ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા, લીનતા એનું નામ ચારિત્ર છે. આ કષાયની મંદતા અને લીનતા એનું નામ ચારિત્ર નથી. પણ ચારિત્રનો મળ અને મેલ છે. પરિણામ હોય ખરા. સાધકને શુભભાવ આવે ખરા. ભગવાનની પૂજાના, યાત્રાના વિકલ્પ આવે. કોઈને ઉપવાસનો પણ વિકલ્પ આવે. કોઈને બહાર એ પ્રકારની કષાયની મંદતાનો ભાવ આવે. આવે ખરા. પણ એનો એ ધણી થતો નથી. માલીક નથી. ખલાસ!

મકાન ઘરનું હોય અને ભાડે હોય એમાં ફેર. મોહનભાઈ! ફેર હોય કે નહીં? કે આ ઘર મારું છે. એમ એને થાય અને ભાડે રહેતો હોય તો આ મારું (ઘર) નથી હું તો ભાડુત છું. એમ આ દેહમાં રહેલો આત્મા અભિમાન કરે છે. કે આ ઘર મારું. દેહ કહો કે ઘર કહો એક જ (છે.) મારું છે. મારું છે એમ માને છે એ મરે છે. દેહમાં મમતા કરે છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે' મરે છે. આહા! સમયે સમયે પોતાના ચૈતન્ય પ્રાણ હણાય છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો, સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો' એને એમ થાય છે કે આ લંડન જેવામાં કમાણી બહુ સારી. મોટી સરસ મોટરો ને આ બધું. આહાહા! બગીચા ને બાગ ને કુટુંબ ને પરિવાર. આહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમાં ભાઈ કાંઈ સુખ નથી. પર પદાર્થમાં સુખ કયાંથી હોય? સુખ તો આત્મામાં છે. જડના સંયોગમાં કાંઈ સુખ નથી. કલ્પના કરે છેકે હું સુખી છું પણ જ્ઞાનીઓ કહે છે કે બહુ દુઃખી છે. ઘણો દુઃખી છે. જેમાં આત્મિક સુખનો છાંટો નથી. આહા!

પરના આશ્રયે કિંચિતમાત્ર સુખ પ્રગટ થતું નથી. જયાં સુખ ભર્યું છે એનું જયારે અવલંબન કરે ત્યારે આત્માના સુખની પ્રાપ્તિ થાય છે. માટે આચાર્ય ભગવાન પહેલાં અરિહંતના સ્વરૂપનું વર્ણન કરતાં (કહે છે કે) અરિહંત પરમાત્મા થયા એને અનંતજ્ઞાન પ્રગટ થઈ ગયું. હવે અનંતજ્ઞાનની શું વ્યાખ્યા છે એ કરે છે. કે ત્યાં અનંતજ્ઞાન વડે તો પોતપોતાના અનંત ગુણપર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે. અરિહંતભગવાનને જયારે કેવળજ્ઞાનનો ભડકો થાય છે ત્યારે એ જ્ઞાનની અવસ્થામાં પોતાના દ્રવ્ય,ગુણ,પર્યાય અને જગતના દ્રવ્ય, ગુણ, પર્યાય. ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રણકાળ ત્રણલોકના પદાર્થને સમય માત્રમાં ઈચ્છા વિના અને એની સન્મુખ થયા વિના આત્મસન્મુખમાં રહેતા એ લોકાલોક જણાઈ જાય છે. એવી એક કેવળજ્ઞાનની અચિંત્ય શકિત કેવળીભગવાનને પ્રગટ થાય છે. પછી અનંતદર્શન પ્રગટ થાય છે. અનંતવીર્ય અને અનંતસુખ ત્રણ બોલ બાકી છે. વખત થઈ ગયો. હવે કાલ કે પરમ દિ' જે ટાઈમ હોય તે.

## પ્રવચન નં :- ૨
## તા. ૫-૭-૧૯૮૨
## લંડન હોલમાં ''મોક્ષમાર્ગ પ્રકાશક'' ઉપર પ્રવચન

આ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક નામનું એક શાસ્ત્ર છે. તે લગભગ બસો ત્રીસ વર્ષ પહેલાં પંડિતપ્રવર ટોડરમલજી સાહેબે લખેલું છે. એનું પાનું બીજું છે. એમાં શરૂઆતમાં અરિહંતનું શું સ્વરૂપ, સિધ્ધનું, આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું શું સ્વરૂપ છે એ પહેલાં પ્રતિપાદન કરે છે.

કેમ કે જયાં સુધી જીવને સાચા દેવ, ગુરુ અને શાસ્ત્ર તેનું સાચું શ્રદ્ધાન, જ્ઞાન ન થાય ત્યાં સુધી એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું શ્રદ્ધાન હોય છે. એ છોડીને સાચા દેવાદિનું શ્રદ્ધાન કરીને જે અનુભવી પુરુષોએ તે શાસ્ત્રની રચના કરી છે, જે સર્વજ્ઞ પરમાત્માની પરંપરામાં આવેલાં જે ભાવો છે, એ ભાવો જે શાસ્ત્રમાં લખેલાં હોય અને જેમાં વીતરાગ પોષક વાણી હોય, રાગ પોષક નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ વીતરાગ પોષક વાણી હોય તે વાણી ખરેખર જિનેન્દ્રભગવાનની છે એ એની પરીક્ષાનું મૂળ છે.

કેમ કે સર્વજ્ઞ પરમાત્મા થયા, એ વીતરાગ થયા પછી એની દિવ્યધ્વનિ છૂટે છે. એમાં વીતરાગ થવાનો ઉપદેશ હોય છે. રાગ કરો, પુણ્ય-પાપ કરો એ ઉપદેશ એની વાણીમાં હોતો જ નથી. પણ વીતરાગભાવ પ્રગટ કરો એ જ એમની વાણીમાં આવેલું છે. તો પહેલાં સાચા દેવ, ગુરુ, શાસ્ત્રનું જીવે શ્રદ્ધાન કરવું જોઈએ. ખોટા દેવાદિનું શ્રદ્ધાન છોડવું જોઈએ. તેથી પ્રથમ અરિહંત પરમાત્માના સ્વરૂપનું વિવેચન છે.

હવે અહીં જેને નમસ્કાર કર્યા છે તેનું સ્વરૂપ ચિંતવન કરીએ છીએ, કારણ કે સ્વરૂપ જાણ્યા વિના એ નથી સમજાતું કે હું કોને નમસ્કાર કરું છું? ણમો અરિહંતાણં તો બધા બોલે. પણ એનું ખરું સ્વરૂપ શું છે એ જો લક્ષમાં હોય તો એને ખરેખર વંદનનો લાભ મળે, માટે. અને તે સિવાય ઉત્તમ ફળની પ્રાપ્તિ પણ ક્યાંથી થાય? ત્યાં પ્રથમ અરિહંતનું સ્વરૂપ વિચારીએ છીએ. અરિહંતના સ્વરૂપનું વર્ણન.

## અરિહંતનું સ્વરૂપ

જે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગીકાર કરી, નિજસ્વભાવ સાધનવડે ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે, પ્રથમ આત્મા સમ્યગ્દર્શનને પામે છે. એ ગૃહસ્થ અવસ્થામાં પામે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી ચારિત્રનું સ્ટેજ આવે છે. ત્યારે તે જ આત્મા ગૃહસ્થ અવસ્થા છોડીને, જંગલમાં જઈને સાધુ પદ અંગીકાર કરીને, મુનિધર્મ અંગીકાર કરીને, સાધુ એટલે જે આત્માને સાધે, જે નિરંતર શુદ્ધાત્માની સાધના કરે તેને સાધુ કહેવામાં આવે છે. સાધુ રાગને સાધતા નથી. પાંચ મહાવ્રતના પરિણામને સાધતા નથી. પાંચ મહાવ્રતના પરિણામ હોય ખરા પણ એને સાધતા નથી પણ જે પોતાના શુદ્ધાત્માને નિરંતર સાધે છે, એકાગ્ર થઈને જે ધ્યાનમાં લીન થાય છે.

એવા સાધુ અથવા મુનિરાજ, મુનિધર્મ અંગીકાર કરીને, નિજસ્વભાવ સાધનવડે કેવળજ્ઞાનનું સાધન પોતાનો શુદ્ધાત્મા અને એના આશ્રયે એમાં લીન થઈને જે શુદ્ધિની વૃદ્ધિ થાય અને અશુદ્ધિની હાનિ થાય અર્થાત વીતરાગભાવની વૃદ્ધિ અને રાગની હાનિ એવી એક દશા પ્રગટ થાય, જેટલી માત્રામાં આત્માના આશ્રયે વીતરાગભાવનું ગ્રહણ થાય છે તેટલી જ માત્રામાં પરાશ્રયે રાગ છૂટતો જાય છે. એમ ગહણપૂર્વકત્યાગ પરમાત્મા ફરમાવે છે. એકલો કોરો ત્યાગ નહીં. પણ ગ્રહણપૂર્વકત્યાગ. જેટલી એકાગ્રતા વધતી જાય છે, જેટલો વીતરાગભાવ વધતો જાય છે તેટલું વીતરાગભાવનું ગ્રહણ અને તેટલી માત્રામાં રાગાદિ કષાયનો અભાવ થતો જાય છે.

એવા નિજસ્વભાવ સાધનવડે ચાર ઘાતિકર્મો ક્ષય કરી, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય ને અંતરાય એમ ચાર પ્રકારના સર્વજ્ઞભગવાને કર્મ કહ્યા છે. એ કર્મના બે પ્રકાર છે. એક ભાવકર્મ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક દ્રવ્યકર્મ. ભાવઘાતિકર્મ એને કહેવાય કે જે આત્માના જ્ઞાનાદિ ગુણોને નાશ કરે તેને ભાવઘાતિ કર્મ કહેવામાં આવે છે અથવા તેને ભાવકર્મ કહેવામાં આવે છે. એ જીવના પરિણામ છે. રાગ, દ્વેષ અને મોહ એ જીવના પરિણામ એને ભાવઘાતિકર્મ એટલે કાર્ય ક્હેવામાં આવે છે. અને નિમિત્તપણે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહનીય એ ચાર પ્રકારના નિમિત્તપણે ઘાતિકર્મો છે.

જયારે ભાવઘાતિકર્મનો અભાવ થાય છે ત્યારે નિમિત્તપણે ચાર પ્રકારના ઘાતિકર્મોનો પણ અભાવ થઈ જાય છે, ક્ષય થાય છે. તે ક્ષય કરી અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એવી આત્માની ઉત્કૃષ્ટ દશા પ્રગટ થાય છે. ત્યાં અનંતજ્ઞાનવડે તો પોતપોતાના અનંત ગુણપર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે. જ્ઞાનનો સ્વભાવ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને પ્રત્યક્ષ જાણવું કેવળજ્ઞાનનો સ્વભાવ અને લોકાલોક દ્રવ્ય, ગુણ અને પર્યાય જડ અને ચેતન એ પણ જ્ઞાનમાં પ્રત્યક્ષપણે જણાય જાય છે.

એવું અચિંત્ય કોઈ દિવ્યજ્ઞાનનું સામર્થ્ય છે કે પ્રત્યક્ષપણે પોતાનો આત્મા અને પ્રત્યક્ષપણે લોકાલોક એક સમયમાત્રમાં ઈચ્છા વિના જણાય જાય છે, એનું નામ અનંતજ્ઞાન છે. અનંતદર્શન વડે તેને સામાન્યપણે અવલોકે છે. સામાન્ય અવલોકનનું નામ દર્શન છે. પોતાના આત્માને પણ દેખે અને જગતના પદાર્થોને પણ દેખે. પણ ભેદ પાડયા વિના જે દેખે તેને સામાન્ય અવલોકન દર્શન ઉપયોગ, કેવળદર્શન ઉપયોગ કહેવામાં આવે છે. જેમ કેવળજ્ઞાન ઉપયોગ છે એમ કેવળદર્શન ઉપયોગ પ્રગટ થાય છે.

અનંતવીર્ય વડે એવા ઉપર્યુકત સામર્થ્યને ધારે છે. અનંતવીર્ય એટલે આત્માનું બળ. એ આત્માનું બળ એવું પ્રગટ થાય છે કે અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતસુખને એક સમયમાત્રમાં ભોગવે છતાં જયાં થકાવટ હોય નહીં એને અનંતવીર્ય પ્રગટ થયું કહેવામાં આવે છે. વીર્યની હીણતા હોય ત્યારે કષાયભાવ હોય છે. અને કષાયભાવ છે તેના વેદનમાં આત્માને થકાવટ આવે છે, થાક લાગે છે. પછી ગમે તેવી પુણ્યની ક્રિયામાં જીવ રોકાણો હોય તો પણ વધારે વખત એમાં ટકી શકતો નથી. કેમ કે કષાયની મંદતાનું વેદન એમાં આત્માને થાક લાગે છે. અને જયારે અનંતસુખ પ્રગટ થાય છે, અનંતજ્ઞાન, અનંતદર્શન પ્રગટ થાય છે ત્યારે સાથે અનંતવીર્ય પણ પ્રગટ થાય છે. વીર્ય એટલે આત્મબળ. એવું આત્મબળ પ્રગટ થાય છે કે અનંતસુખને સમયે સમયે ભોગવે છે એ સ્વભાવ હોવાથી અને અનંતવીર્ય પ્રગટ થયું હોવાથી અને કષાયનો અભાવ થવાથી એને કોઈ કાળે પણ થાક લાગતો નથી. બલ્કે, ઉલટો એને અતીન્દ્રિય આનંદ આવે છે.

અનંતવીર્ય વડે એવા ઉપર્યુકત સામર્થ્યને ધારે છે. તથા અનંતસુખ વડે નિરાકુળ પરમાનંદને અનુભવે છે. અનાકુળ આનંદને અરિહંત પરમાત્મા સમયે સમયે અનુભવે છે. વળી જે સર્વથા સર્વ રાગ-દ્વેષાદિ વિકારભાવોથી રહિત થઈ શાંતરસરૂપ પરિણમ્યા છે. ક્ષુધા, તૃષાદિ સમસ્ત દોષોથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુકત થઈ, જેને ક્ષુધા નથી, તૃષા નથી, જેને ભૂખ લાગતી નથી, જેને તૃષા લાગતી નથી, જેને રોગ નથી, શોક નથી, ભય નથી એવા પરમાત્મા જેને ઔદારિક શરીર હોય છે. એ અરિહંતના શરીરને જોતાં જીવને સાત ભવ દેખાય છે.ભૂતકાળના ત્રણ, ભાવિના ત્રણ અને વર્તમાનનો એક ભવ. એવું નિર્મળ સ્ફટીકમણી જેવું એનું પરમઔદારિકશરીર હોય છે. દેખનારને પોતાના સાત ભવ દેખાય છે.

ક્ષુધા, તૃષાદિ સમસ્ત દોષોથી મુકત થઈ દેવાધિદેવપણાને, જો દેવને ભૂખ લાગતી નથી. તો અરિહંત દેવોનાદેવ તેને ભૂખ અને તૃષા, રોગ અને શોક બિલકુલ હોઈ શકે નહીં. દેવાધિદેવપણાને પ્રાપ્ત થયા છે. દેવનો પણ દેવ છે. તે સમોસરણમાં ઉપરથી સ્વર્ગના દેવો આવે છે, દેવીઓ આવે છે, ઇન્દ્રો આવે છે, ચક્રવર્તી પણ અહીંની સભામાં આવે છે અને એને નમસ્કાર કરે છે. આયુધ અંબરાદિ વા અંગ વિકારાદિક જે કામ ક્રોધાદિક નિંદ્ય ભાવોના ચિહ્ન છે, તેથી રહિત જેનું પરમ ઔદારિક શરીર થયું છે. જેમ બીજા લોકો કલ્પનાથી પરમાત્માને કલ્પે છે અને કોઈને તો બાણ ને તીર ને તલવાર ને ગદા એવા ચિહ્નો જે હોય છે એ અરિહંત ભગવાનને કોઈપણ પ્રકારના એવા આયુધ એના શરીર ઉપર હોતા જ નથી. અને અંબર આદિ કપડું પણ એના શરીર ઉપર હોતું નથી. અથવા અંગ વિકાર એના શરીરની એટલી બધી પુણ્ય પ્રકૃતિ છે કે શરીર પણ કોઈ બેડોળ બિલકુલ હોતું નથી. અંદર એવી પુણ્યની પ્રકૃતિને કારણે શરીર પણ સામ્ય સામ્ય એના શરીરને જોતાં પણ આત્માને વૈરાગ્ય ઉત્પન્ન થાય, વીતરાગભાવ પ્રગટ થાય એવી સામ્યમૂર્તિ એની પરમઔદારિક શરીર થાય છે. કામ- ક્રોધાદિ નિંદ્ય ભાવોના ચિહ્ન છે તેથી રહિત જેનું પરમઔદારિક શરીર થયું છે. આ શરીરને ઔદારિક કહેવાય અને અરિહંત ભગવાનના શરીરને પરમઔદારિક (શરીર કહેવાય.) પહેલાં આવું શરીર હોય પણ જયાં અરિહંત થાય એટલે સ્ફટીક જેવી કાયા થઈ જાય. કોઈ એને ઝાડો, પેશાબ હોય નહીં, ભૂખ-દુઃખ હોય નહીં, પસીનો હોય નહીં, એની આંખમાં બિલકુલ પલકારો ન થાય એવું એનું સ્થિર શરીર હોય છે.

જેના વચન વડે લોકમાં ધર્મતીર્થ પ્રવર્તે છે. તેની દિવ્યધ્વનિ દ્વારા ગણધર ભગવંતો વાણીને ઝીલે છે અને તીર્થની પ્રવૃતિ થઈ જાય છે. જેનાથી તરાય એને તીર્થ કહેવામાં આવે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે વીતરાગી પરિણામ પ્રગટ થાય એને પરમાત્મા તીર્થ કહે છે. આ વ્યવહાર તીર્થ નહીં, વ્યવહાર તીર્થ તો બાહ્યના છે. અંદરના અંતરંગમાં આત્માના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રગટ થાય જેનાથી આત્મા તરે છે. સંસારરૂપી સમુદ્રને પાર કરીને અલ્પ કાળમાં મુકિતને પામે છે. તો જેનાથી તરાય તેને તીર્થ કહેવામાં આવે છે.

એવા ધર્મ તીર્થ પ્રવર્તે છે જે વડે અન્ય જીવોનું કલ્યાણ થાય છે. એની વાણી દ્વારા અન્ય જીવોનું કલ્યાણ થાય છે, અન્ય લૌકિક જીવોને પ્રભુત્વ માનવાના કારણરૂપ અનેક અતિશય તથા નાના પ્રકારના વૈભવનું જેને સંયુકતપણું હોય છે. એની બાહ્યમાં પુણ્ય પ્રકૃતિ એવી હોય છે કે બીજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવો (એને)જોતાં જ એનું માન ગળી જાય. ભામંડળ હોય ઈત્યાદિ અનેક પ્રકારનું બહારથી જોતાં એનો વૈભવ હોય. પાંચ હજાર ધનુષ તો એ ઊંચા હોય છે. અને ત્યાં એની સભા ભરાય છે. અને જીવો એની સભામાં જતાં જેમ આ લીફટમાં ઉપર જાય છે એવી રીતે દેવો એની રચના કરે છે. એ દેવની રચનાથી જીવોની સભા ભરાઈ જાય છે.

નાના પ્રકારના વૈભવનું જેને સંયુકતપણું હોય છે, તથા જેને પોતાના હિતને અર્થે શ્રી ગણધર ઈન્દ્રાદિક ઉત્તમ જીવો સેવન કરે છે. ઈન્દ્રો અને ગણધર જેવા ધર્માત્માઓ પણ જેનું સેવન કરે છે, જેનું બહુમાન કરે છે, વંદન કરે છે, નમસ્કાર કરે છે એને પૂજે છે. એવા સર્વ પ્રકારે પૂજવા યોગ્ય શ્રી અરિહંતદેવને અમારા નમસ્કાર હો. હવે શ્રી સિધ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ ધ્યાવીએ છીએ. આ દેવ, ગુરુ, શાસ્ત્ર એનું સ્વરૂપ આપણે પહેલાં લઈ લઈએ. અને પછી તત્ત્વની વાત આપણે કરશું. એટલે બરાબર એને ખ્યાલમાં આવી શકશે.

## 'શ્રી સિધ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ'

જે ગૃહસ્થ અવસ્થા તજી મુનિધર્મ સાધનવડે ચાર ધાતિ કર્મોનો નાશ થતાં અનંત ચતુષ્ટય સ્વભાવ પ્રગટ કરી કેટલોક કાળ વીત્યે ચાર અધાતિકર્મો પણ ભસ્મ થતાં પરમૌદારિક શરીરને પણ છોડી ઊર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગમાં જઈ બિરાજમાન થયા છે. લોકના અગ્ર ભાગ ઉપર એ અશરીરી પરમાત્મા થાય છે. રજકણ ખરી જાય છે. જેમ કપૂર હોય અને એકદમ એના રજકણ ખરી જાય છે એમ આ શરીર બધું છૂટું પડી જાય છે. અને એકલો અરૂપી આનંદનો કંદ એ આત્મા છેલ્લા દેહ પ્રમાણ થોડુંક ન્યુન એ સિધ્ધ ગતિમાં પરમાત્મા બિરાજમાન થાય છે.

ઊર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગમાં જઈ બિરાજમાન થયા છે, ત્યાં જેને સંપૂર્ણ પરદ્રવ્યોનો સંબંધ છૂટવાથી મુકત અવસ્થાની સિધ્ધિ થઈ છે, ચરમ (અંતિમ ) શરીરથી કિંચિત ન્યૂન થોડુંક ઓછું પુરુષઆકારવત્ જેના આત્મ પ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે. અરિહંત ભગવાનનું છેલ્લું શરીર હંમેશા પુરુષનું જ હોય, સ્ત્રી ન હોય. સાધનામાં પુરુષનું શરીર હોય અને અરિહંત થાય એ પુરુષ જ થાય. સ્ત્રી ન થઈ શકે અને એ અરિહંત થઈને સિધ્ધ પરમાત્મા થાય છે.

માટે પુરુષઆકારવત્ જેના આત્મપ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે, પ્રતિપક્ષી કર્મોનો નાશ થવાથી સમસ્ત સમ્યકત્વ-જ્ઞાનદર્શનાદિક આત્મિક ગુણો જેને સંપૂર્ણપણે પોતાના સ્વભાવને પ્રાપ્ત થયા છે, નોકર્મનો સંબંધ દૂર થવાથી નોકર્મ એટલે શરીર એનો સંબંધ છૂટી જવાથી જેને સમસ્ત અમૂર્તત્વાદિક આત્મિક ધર્મો પ્રગટ થયા છે. જેને ભાવકર્મોનો અભાવ થવાથી એટલે રાગ-દ્વેષ મોહ, ક્રોધ, માન, માયા, લોભ તમામ પ્રકારના કષાયભાવો ભાવકર્મ એનો નાશ થવાથી નિરાકુળ આનંદમય અનાકુળ આનંદમય શુધ્ધ સ્વભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે. જેના ધ્યાનવડે ભવ્ય જીવોને, સિધ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમાત્માનું જે જીવ ધ્યાન કરે છે એને સ્વદ્રવ્ય- પરદ્રવ્ય ઉપાધિક ભાવ તથા સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે.

આત્મા સ્વદ્રવ્ય છે. દેહાદિ પરદ્રવ્ય છે. રાગ-દ્વેષ, મોહ ઉપાધિક ભાવ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના પરિણામ સ્વભાવિક ભાવ છે. એવું એનું વિજ્ઞાન એટલે ભેદવિજ્ઞાન થાય છે, વિશેષ જ્ઞાન થાય છે. સ્વ અને પર એનો વિભાગ પાડીને સ્વનું અવલંબન (થઈ) અને પરનું અવલંબન છૂટી જવું તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે. તથા જે કૃતકૃત્ય થયા છે. સિદ્ધ પરમાત્માને હવે કંઈપણ કરવાનું બાકી નથી. પૂર્ણ વીતરાગ દશાને સિદ્ધ દશાને પ્રગટ થઈ ગયા છે. એને કોઈ સાધના બાકી નથી. સાધના પૂરી થઈ અને કૃત્ય કૃત્ય થઈ ગયા છે. કરવાનું હતું એ બધું થઈ ગયું તેથી એ જ પ્રમાણે અનંતકાળ પર્યંત રહે છે એવી નિષ્પન્નતાને પામેલા શ્રી સિદ્ધ ભગવાનને અમારા નમસ્કાર હો. હવે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ અવલોકીએ છીએ.

## 'આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ'

જે વીરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. જુઓ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના સ્વરૂપ સંબંધે જીવની ભૂલ રહી જાય છે. એ ભૂલ આમાં ભાંગે એવું વર્ણન છે. કે જે વીરાગી બની એટલે રાગ પ્રત્યે પણ જેને વૈરાગ્ય છે અને આત્માના આશ્રયે જેને જગત પ્રત્યે પણ વૈરાગ્ય પ્રગટ થઈ ગયો છે. તો વીરાગી બની સમસ્ત પરિગ્રહ છોડીને અભ્યંતર અને બાહ્ય બધા પ્રકારના પરિગ્રહને છોડીને, અભ્યંતર ચૌદ પ્રકારના પરિગ્રહ અને બહારના દસ પ્રકારના (પરિગ્રહ) છે. ધન, ધાન્ય, દાસ, દાસી સ્ત્રી, કુટુંબ આદિ બહારના પરિગ્રહ છે અને ચૌદ પ્રકારના પરિગ્રહ મિથ્યાત્વ અને કષાય આદિના જે ભાવો એ અંદરમાં રહેલાં છે.

એ પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી આ સાધુનું લક્ષણ. આચાર્ય, ઉપાધ્યાય ને સાધુનું લક્ષણ શું છે જે લક્ષણ આત્મભૂત લક્ષણ છે. દેહની બાહ્ય નગ્નતા એ અનાત્મભૂત લક્ષણ છે. એ વ્યવહાર લક્ષણ છે. પાંચ મહાવ્રત, અઠયાવીસ મૂળગુણના વિકલ્પો એ પણ અનાત્મભૂત લક્ષણ છે. એ પણ સંયોગ છે. એ પણ છૂટી જાય છે. અને અંતરંગમાં શુદ્ધોપયોગ. એક અશુભ ઉપયોગ, એક શુભ ઉપયોગ અને એક શુદ્ધ ઉપયોગ. ત્રણ પ્રકારના ઉપયોગ હોય છે. પ્રથમ અશુભ ઉપયોગ વિશેષ હોય છે. પછી છઠ્ઠા, સાતમા ગુણસ્થાને આવતાં અશુભ ઉપયોગ છૂટી જાય છે. છઠ્ઠામાં શુભ ઉપયોગ હોય છે. સાતમામાં શુદ્ધઉપયોગ હોય છે.

અને મુનિરાજ ચોવીસ કલાકમાં એક વખત આહાર લ્યે છે. અને પાણી પણ એક વખત લ્યે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ગમે તેવો તાપ હોય તો પણ બીજી વખત મુનિરાજ પાણીનું એક બિંદુ પણ લેતા નથી. અને દિવસના તો એને ઊંઘ હોતી નથી. રાત્રિના પાછલા પહોરે એક કરવટે પોણી સેકન્ડની ઊંઘ હોય છે. પોણી સેકન્ડની ઊંઘ પછી ફટ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ધ્યાન આવે છે. પાછી પોણી સેકન્ડની ઊંઘ હોય છે. એમ ક્ષણમાં પ્રમત અને ક્ષણમાં અપ્રમત એવી અપૂર્વ મુનિરાજની દશા છે. 'ઐસે મુનિવર દેખે વનમેં, જાકે રાગ-દ્વેષ નહીં તનમેં' એવી મુનિરાજની સ્થિતિ હોય છે.

શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ ધ્યાનમાં ક્ષણમાં વિકલ્પ ક્ષણમાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગની ભૂમિકા. નિત્ય આનંદનું ભોજન કરનારા, મુનિરાજ અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે. કેમ કે ત્રણ કષાયનો અભાવ છે. ત્રણ કષાયના અભાવપૂર્વક જેટલી વીતરાગ દશા પ્રગટ થઈ છે એટલો અતીન્દ્રિય આનંદ, નિત્ય આનંદનું ભોજન કરે છે. એ આનંદના ભોજનમાં ને ભોજનમાં એટલા લીન થાય છે કે કોઈ કોઈ વખતે તો એટલી આત્માની મસ્તી ચડી જાય છે કે બે દિ' થાય, ચાર દિ' થાય, આઠ દિવસ થાય, છતાં ભૂખની ઈચ્છા થતી નથી.

ઈચ્છાનો નિરોધ એનું નામ તપ એનું નામ ઉપવાસ છે. સહજપણે એટલી બધી આનંદની મગ્નતા આવી જાય છે. આપણે એક દૃષ્ટાંત આપીએ. અમારા દેશમાં તો એમ બને છે અહીંની તો કાંઈ ખબર નથી. પણ લગ્નની સીઝન હોય, કાપડની દુકાન હોય અને ઘર નજીક હોય તો એ કાપડના વેપારીને એક વાગે, બે વાગે, ત્રણ વાગે, ચાર વાગે ગ્રાહક એટલા બધા હોય તો જમવાની એને ભૂખ જ લાગતી નથી. તો બાળક જમવા માટે બોલાવે કે પપ્પા ચાલો જમવા ટાઈમ થઈ ગયો. (તો પપ્પા કહે છે કે) મને ભૂખ નથી લાગી, મને ભૂખ નથી લાગી કેમ કે એની રુચિ, કમાવામાં પડયો છે ને એટલે ભૂખ હોવા છતાં ભૂખ ભૂલાઈ જાય છે. આ તો દૃષ્ટાંત છે.

એમ મુનિરાજને શુદ્ધઆત્મામાં લીનતા, એકાગ્રતા એટલી વધે છે અને એટલો આનંદ આવે છે કે તૃપ્ત તૃપ્ત થાય છે. તૃપ્ત તૃપ્ત આનંદના ભોજનમાં ભૂખની ઈચ્છા મરી જાય છે. કેમ કે આહાર લઈને ક્ષુધાની તથાપ્રકારની તૃપ્તિ કરવી'તીને તથાપ્રકારની તો અહીંયા એટલી બધી આનંદની મસ્તીમાં લીન થઈ ગયા છે કે જયાં આહારની પાણીની ઈચ્છા થતી નથી. એક દિ' થાય, બે દિ' થાય, ચાર દિ' થાય, આઠ આઠ દિવસ ચાલ્યા જાય કાંઈ ખબર પડતી નથી. એમાં જરાક, સહેજ, થોડીક ઓટ આવે એટલે વળી ઈચ્છા થાય કે ચાલો આહાર લેવા જઈએ. એ પણ એની સહજ દશા છે. કોઈ સાધુ થયો તો સિદ્ધ થયો. સાધુ હુઆ તો સિદ્ધ હુઆ. સાધુની દશા કોઈ અલૌકિક છે. જૈનના સાધુની દશા કોઈ અપૂર્વ છે.

શાસ્ત્રકાર તો એમ કહે છે કે સાધુ એ તો હાલતા ચાલતા સિદ્ધ છે. હાલતા ચાલતા સિદ્ધ છે. કેમ કે એને અલ્પકાળમાં સિદ્ધ દશા પ્રગટ થવાની છે. શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. શુદ્ધઉપયોગ દ્વારા પોતાના શુદ્ધાત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનુભવે છે. અનુભવે છે એટલે શુધ્ધાત્માને અનુસરીને અનુભવવું. અનુ એટલે આત્માને અનુસરીને ભવવું એટલે પરિણમવું. આત્માનું અવલંબન લઈને જે નિરંતર આત્માને અનુભવે છે, અનુસરીને પરિણમે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગભાવરૂપે પરિણમે છે, અનુભવે છે.

પરદ્રવ્યમાં અહંબુધ્ધિ ધારતા નથી. દેહાદિમાં આ દેહ મારો છે એમ અહંબુધ્ધિ ધારતા નથી. પાંચ મહાવ્રતનો વિકલ્પ શુભભાવ ઊઠે છે પણ આ શુભભાવ મારો છે એમ એમાં અહંબુધ્ધિ ધારતા નથી. આસ્રવમાં અહંબુધ્ધિ નથી. જેને જીવતત્ત્વમાં અહંબુધ્ધિ થઈ, શુધ્ધાત્મામાં અહંબુધ્ધિ થઈ એને દેહાદિ કે પાંચ મહાવ્રતના વિકલ્પમાં અહંબુધ્ધિ થતી નથી. કુટુંબ પરિવાર તો ત્યાં છે જ નહીં. એટલે એમાં અહંબુધ્ધિ થવાનો તો પ્રશ્ન જ નથી. એ તો ગૃહસ્થ અવસ્થાનો ત્યાગ કરીને જંગલમાં ગિરિગુફામાં જયાં વાઘ અને સિંહ ફરતા હોય એવા સ્થળમાં એ ધ્યાનમાં મગ્ન થાય છે. ૧૨૦ ડીગ્રીનો તાપ હોય તો પથ્થર ઉપર જઈને તપ તપે છે. અને એવો શિયાળો કડકડતી ઠંડી હોય તો નદી કિનારે જઈને ધ્યાનમાં મગ્ન થાય છે. જયાં વિશેષ ઠંડી હોય ત્યાં જઈને ધ્યાન કરે છે.

પરદ્રવ્યમાં અહંબુધ્ધિ ધારતા નથી. એક રજકણ પણ મારું છે (એમ) સ્વપ્નમાં પણ એને આવતું નથી. પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે. પોતાના જ્ઞાન અને દર્શન એવો જે ત્રિકાળી સ્વભાવ એને જ પોતાના માને છે. પરભાવોમાં મમત્વ કરતા નથી. જે કાંઈ વિકલ્પ ઊઠે છે પ્રમત અવસ્થા થાય છે એમાં બિલકુલ મમત્વ કરતા નથી. પોતાના પરિણામમાં મમતા થતી નથી.તો દેહમાં તો મમતા કયાંથી થાય? દેહમાં મમતા ન હોય. સિંહ ફાડી ખાય, વાઘ ફાડી ખાય. ધ્યાનમાં અડોલ, મેરૂ ડગે તો એ ડગે. મેરૂ ડગે તો મુનિરાજ ડગે.

પરભાવોમાં મમત્વ કરતા નથી, પરદ્રવ્ય તથા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે છે તો ખરા, પરદ્રવ્ય દેહાદિ અને જંગલ આ બધું એના જ્ઞાનમાં પ્રતિભાસે-જણાય ખરા અને તેના સ્વભાવો એટલે પુદ્ગલના સ્વભાવો જ્ઞાનમાં જણાય ખરા, જ્ઞાનમાં પ્રતિભાસે છે. પાંચ મહાવ્રતના પરિણામ પણ જ્ઞાનમાં જણાય છે. પણ જ્ઞાનમાં આવતા નથી. જેમ દેહ ભિન્નપણે જણાય છે એમ રાગ પણ ભિન્નપણે જણાય છે. એકત્વબુધ્ધિ થતી નથી. જાણે છે તો ખરા પરંતુ ઈષ્ટ અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. આહા! કોઈ પદાર્થ એના જ્ઞાનમાં જણાઈ જાય તો આ પદાર્થ ઠીક અને આ અઠીક. ઠીક પ્રત્યે રાગ, અઠીક પ્રત્યે દ્વેષ એવો દ્વંદ્વ જેને નાશ થઈ ગયો છે.

'રજકણ કે રિધ્ધિ વૈમાનિક દેવની સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો' શ્રીમદ્દે કહ્યું કે રજકણ હોય કે વૈમાનિકની રિધ્ધિ હોય અમને તો બધું પુદ્ગલ લાગે છે. અમને કાંઈ તફાવત લાગતો નથી. એવી જ્ઞાનીઓની ધર્માત્માઓની અંતરંગ સ્થિતિ હોય છે. પરંતુ ઈષ્ટ અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. શરીરની અનેક અવસ્થા થાય છે. શરીરમાં કાંઈ ફેરફાર થાય, રોગ થાય, થાય છે. બાહ્ય અનેક પ્રકારના નિમિત્ત બને છે. બાહ્ય ઘણા પ્રકારના નિમિત્ત વાઘ, વરૂ પણ આવી જાય નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બની જાય પણ ત્યાં કાંઈપણ સુખ-દુઃખ તે માનતા નથી. વળી પોતાને યોગ્ય બાહ્ય ક્રિયા જેમ બને છે તેમ બને છે. પરંતુ તેને ખેંચાતાણી જે કરતા નથી. બાહ્યમાં દેહાદિની ગમે તેવી ક્રિયા થતી હોય પણ એને ખેંચાતાણી કરીને કર્તાબુધ્ધિ કરતાં નથી. સહજ થવા યોગ્ય હોય છે જે સ્થિતિ ભજે છે એને જાણે (છે).

પોતાના ઉપયોગને જેઓ બહુ ભમાવતા નથી. શું કહ્યું? કે જે વર્તમાન ચાલતો ઉપયોગ એટલે જ્ઞાનનો વ્યાપાર છે. એને જ્ઞેયથી જ્ઞેયાંતર, જ્ઞેયથી જ્ઞેયાંતર, જ્ઞેયથી જ્ઞેયાંતર એમ ઉપયોગને ચારે બાજુ ભમાવતા નથી. એક જ્ઞેયને જાણે, એને છોડે અને બીજા જ્ઞેયનું ગ્રહણ કરે, પછી ત્રીજા જ્ઞેયનું ગ્રહણ કરે એમ નિરંતર પોતાના ઉપયોગને બહાર જ્ઞેયને જાણવામાં ભમાવતા નથી. કેમ કે વિષય અને કષાય બેય ઉપર જેણે વિજય મેળવ્યો છે. વિષય એટલે પર પદાર્થને જાણવાની અભિલાષા. પર પદાર્થને જાણવાની ઈચ્છા એને મૃતપ્રાય થઈ ગઈ છે. કેમ કે પર પદાર્થને જાણતાં આત્માને જ્ઞાનેય થતું નથી અને સુખેય થતું નથી. માત્ર પોતાના શુધ્ધાત્માને જાણતાં પોતાને જ્ઞાન પણ થાય છે અને સુખ પણ થાય છે. એમ જેણે અનુભવમાં લઈ લીધું છે એટલે પર પદાર્થને જાણવાની ઈચ્છા મરી ગઈ છે. પર પદાર્થને જાણતાં સુખ થતું જ નથી અને આત્માને જાણતાં સુખ થાય છે. માટે પર પદાર્થને જાણવાની અભિલાષા જેને થતી નથી. માટે તે ઉપયોગને ભમાવતા નથી.

પણ ઉદાસીન થઈ નિશ્ચલ વૃત્તિને ધારણ કરે છે. જ્ઞાતા-દ્દષ્ટા ભાવે જાણી લ્યે છે. પણ આ રાગ અને દ્વેષ એને ઉત્પન્ન થતાં નથી. કદાચિત મંદ રાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે. એને પાંચ મહાવ્રતના વિકલ્પો શુભભાવ, શુભઉપયોગ પણ થાય છે. જે વડે તે શુધ્ધોપયોગનાં બાહ્ય સાધનો છે તેમાં અનુરાગ કરે છે. પરંતુ એ રાગભાવને હેય જાણી દૂર કરવા ઈચ્છે છે. આહાહા! આ પુણ્યના પરિણામ એને પણ દૂર કરવા ચાહે છે. એ શુભભાવ આવ્યો તો ઠીક, રહે તો ઠીક, પરંપરાએ મોક્ષનું કારણ છે એમ સ્વપ્નામાં પણ માનતા નથી. રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઈચ્છે છે.

શાસ્ત્રના વાંચન વખતે જે શુભભાવ વિકલ્પ ઊઠે છે, કે ભગવાનના દર્શનનો વિકલ્પ ઊઠે છે, એ શુભભાવને પણ સ્વભાવનું અવલંબન લઈને ટાળવા માગે છે. શુભભાવ આવે ખરો પણ શુભભાવની ભાવના નથી. મુનિરાજને શુધ્ધાત્માની ભાવના હોય છે. મોટો ફેર. દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપમાં પણ મોટો ફેર છે. પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઈચ્છે છે. તીવ્રકષાયના ઉદયના અભાવથી હિંસારૂપ અશુભઉપયોગ, પરિણતિનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ કે કુશીલ એવા ભાવો તો એને સ્વપ્નામાં પણ આવતા નથી એનો તો ત્યાગ જ વર્તે છે. પાપના પરિણામ તો એને પડખે ચડતા નથી.

એવી અંતરંગ અવસ્થા થતાં બાહ્યદિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, શરીર સંસ્કારાદિ વિક્રિયાથી જેઓ રહિત થયા છે, વનખંડાદિ વિષે જેઓ વસે છે, વન જંગલમાં રહે છે. ગિરિગુફામાં રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અઠ્ઠાવીસ મૂળગુણોને જેઓ અખંડિત, અઠ્ઠાવીસ મૂળગુણના નામ છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિય નિરોધ, છ આવશ્યક, કેશલોચ, સ્નાનનો અભાવ, નગ્નતા, અદંતધોવન, દાતણ ન કરે, ભૂમિશયન એકલી ભૂમિ ઉપર સૂએ. કોઈ ગાદલું કે ગોદડું કે કાંઈ પાથરવાનું ન હોય. નગ્ન હોય અને ભૂમિ ઉપર સૂવે. ભૂમિશયન. સ્થિતિ ભોજન એકવખત ઊભા ઊભા આહાર કરે. અને એક વાર આહાર ગ્રહણ એ અઠ્ઠાવીસ મૂળગુણ સાધુના હોય છે.

એવું તેઓ અખંડિત પાલન કરે છે, બાવીસ પરિષહને જેઓ સહન કરે છે, બાર પ્રકારના તપને જેઓ આદરે છે. બાવીસ પરિષહને જેઓ સહન કરે છે. ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ડાંસમસક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કારપુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન એ બાવીસ પ્રકારના પરિષહને જેઓ જીતે છે.

બાર પ્રકારના તપને જેઓ આદરે છે. તપની વ્યાખ્યા :- અનશન, અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃતિપરિસંખ્યાન, વિવિક્તશય્યાસન અને કાયકલેશ એ છ પ્રકારના બાહ્યતપ તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન- એ છ પ્રકારના અંતરંગ તપ મળી બાર પ્રકારના તપ છે.

કદાચિત ધ્યાનમુદ્રાધારી પ્રતિમાવત્ નિશ્ચલ થાય છે. કદાચિત અધ્યયનનાદિક બાહ્ય ધર્મ ક્રિયાઓમાં પ્રવર્તે છે. કદાચિત ધ્યાનમાં એકદમ મગ્ન થઈ જાય છે. કોઈ વખતે શાસ્ત્રનું અધ્યયન કરે છે. કોઈ વેળા મુનિધર્મ સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર-વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે. એ પ્રમાણે જેઓ જૈનમુનિ છે તે સર્વેની એવી જ અવસ્થા હોય છે. હવે આચાર્યનું સ્વરૂપ, ઉપાધ્યાય ને સાધુનું વિશેષ સ્વરૂપ. આ જનરલનું સ્વરૂપ કહ્યું.

## 'આચાર્યનું સ્વરૂપ'

તેઓમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અધિકતા વડે પ્રધાનપદને પામી જેઓ સંઘમાં નાયક થયા છે, મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિશે જ જેઓ નિમગ્ન છે પરંતુ કદાચિત્ ધર્મલોભી અન્ય જીવ યાચક તેમને દેખી રાગઅંશના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આચાર્યભગવંત આપે છે, દીક્ષાગ્રાહકને દીક્ષા આપે છે તથા પોતાના દોષ પ્રગટ કરે છે તેને પ્રાયશ્ચિત વિધિ વડે શુદ્ધ કરે છે એવા આચરણ કરવા-કરાવવાવાળા શ્રી આચાર્ય પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

## 'ઉપાધ્યાયનું સ્વરૂપ'

વળી જે પુરુષ ઘણા જૈનશાસ્ત્રનો જ્ઞાતા થઈને સંઘમાં પઠન-પાઠનનો અધિકારી બન્યો હોય, સમસ્ત શાસ્ત્રના પ્રયોજનભૂત અર્થને જાણી એકાગ્ર થઈને જે પોતાના સ્વરૂપને ધ્યાવે છે, પરંતુ કદાચિત કષાય અંશના ઉદયથી ત્યાં ઉપયોગ ન થંભે તો આગમને પોતે ભણે છે તથા અન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મબુદ્ધિવાનને ભણાવે છે, એ પ્રમાણે સમીપવર્તી ભવ્ય જીવોને અધ્યયન કરાવવાવાળા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

## 'સાધુનું સ્વરૂપ'

એ બે પદવીધારક વિના અન્ય સમસ્ત જે મુનિપદના ધારક છે, આત્મસ્વભાવને સાધે છે, જુઓ ! સાધુની વ્યાખ્યા. જે પોતાના સ્વભાવને નિરંતર સાધે છે, સાધના કરે છે તેને સાધુ કહેવામાં આવે છે. પોતાનો ઉપયોગ પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટપણું માની ફસાય નહિ વા ભાગે નહિ તેમ ઉપયોગને સાધે છે, બાહ્યમાં તેના સાધનભૂત તપશ્ચરણાદિ ક્રિયામાં પ્રવર્તે છે વા કદાચિત ભકિત-વંદનાદિ કાર્યમાં પણ પ્રવર્તે છે, એવા આત્મસ્વભાવના સાધક સાધુ પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

આ પ્રકારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એનું શ્રદ્ધાન કરી અને એનું જ્ઞાન કરી અને આપણે આ એક મંગલાચરણ કર્યું. હવે જે સાધુ થઈ અરિહંત થઈને સિદ્ધ પરમાત્મ દશા પ્રાપ્ત કરે છે એવા પ્રથમ અનાદિકાળના અજ્ઞાની જીવો, મિથ્યાદૃષ્ટિ જીવો પ્રથમ ગૃહસ્થ અવસ્થામાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. મિથ્યાત્વનો નાશ કરે છે અને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. એ સમ્યગ્દર્શન ધર્મનું મુખ્ય પહેલું પગથિયું છે. મૂળ છે.

જેમ વૃક્ષ છે એ મૂળ હોય તો એ વૃક્ષ હોય, ડાળીઓ હોય, પાંદડા હોય, ફળ-ફુલ થાય. એમ સમ્યગ્દર્શન છે એ ધર્મનું મૂળ છે. 'દંસણ મૂલ્લો ધમ્મો' ધર્મનું મૂળ તો સમ્યગ્દર્શન છે. અને ધર્મ છે તે ચારિત્ર છે. તે મોહ, ક્ષોભ રહિત આત્માના પરિણામ તેને ચારિત્ર દશા કહેવામાં આવે છે. બે સ્ટેજ છે. પ્રથમ સમ્યગ્દર્શન અને પછી ચારિત્ર હોય છે. સમ્યગ્દર્શનપૂર્વક જ ચારિત્ર હોય છે. જેને સમ્યગ્દર્શન નથી એને ચારિત્ર ત્રણકાળમાં હોતું નથી. તો પ્રથમમાં પ્રથમ ગૃહસ્થ અવસ્થામાં કરવા યોગ્ય, ગૃહસ્થ અવસ્થામાં થઈ શકવા યોગ્ય, પોતે પોતાનું જીવન-કાર્ય વર્તમાનમાં જે રીતે ચલાવતો હોય વેપાર રોજગાર, ખાવું, પીવું ઈત્યાદિ એ પ્રકારે જેનું નીતિમય જીવન હોય, તેવા જીવોને પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રત્યેક આચાર્યોએ ઉપદેશ આપ્યો છે. ત્યાં સુધી કહ્યું છે, કે-આ પંચમકાળ છે, કળીકાળ છે, બળહીન હો, ચારિત્ર અંગીકાર કરવાની તારી શકિત ન હોય તો તું સમ્યગ્દર્શન તો પ્રાપ્ત કરજે, કરજે ને કરજે જ.

સમ્યગ્દર્શન ગૃહસ્થ અવસ્થામાં પ્રાપ્ત થઈ શકે છે. એટલે મોહ, રાગ અને દ્વેષ એમાં મોહ છે કે મિથ્યાત્વ છે એનો અભાવ થઈ શકે છે અને રાગ-દ્વેષ રહી જાય છે. તદ્દ્ન ગૃહસ્થ અવસ્થામાં જીવ રાગ-દ્વેષથી રહિત થઈ શકતો નથી. પણ મોહથી રહિત મિથ્યાત્વથી રહિત જરૂર થઈ શકે છે. એને આત્માનું ભાન થઈ શકે છે. એના માટેનો ઉપાય જ્ઞાનીઓએ એવો સુંદર બતાવ્યો છે કે જૈનદર્શનમાં જન્મતાની સાથે જ એને ણમોકારમંત્ર તો મળ્યો. એના માતા-પિતાએ વારસામાં ણમોકારમંત્ર તો બધાને આપ્યો પણ જયાં સુધી એ જ્ઞાનીનો જન્મ થતો નથી અથવા જ્ઞાનીનો યોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થતો નથી ત્યાં સુધી ભેદવિજ્ઞાનનો મંત્ર મળતો નથી.

એવામાં પૂજ્ય ગુરુદેવનો જન્મ ઉમરાળામાં થયો. પૂર્વના સંસ્કારી જીવ હતા. મહાવિદેહક્ષેત્રમાં હતા. મહાવિદેહક્ષેત્રથી સીધા અહીંયા પધાર્યા. ખરેખર તો આપણા માટે જ એમનો જન્મ થયો હોય એમ આપણને ભાસે છે. તેઓશ્રીએ ભેદવિજ્ઞાનનો મંત્ર આપ્યો. આ ભેદવિજ્ઞાનનો મંત્ર શાસ્ત્રમાં તો હતો. બે હજાર વર્ષ પહેલાં લખાયેલું સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રો એ બધામાં ભેદવિજ્ઞાનનો મંત્ર તો હતો. આ ભેદવિજ્ઞાનનો મંત્ર છે એ વીતરાગ વિજ્ઞાન છે. ભૌતિક વિજ્ઞાન જુદું છે અને વીતરાગી વિજ્ઞાન જુદા પ્રકારનું છે. આપણે ભૌતિક વિજ્ઞાનનું કાંઈ કામ નથી, પ્રયોજન નથી. આપણે વીતરાગ વિજ્ઞાનનું પ્રયોજન છે. જેના દ્વારા અંશે વીતરાગ દશા પ્રગટ થતાં એને વર્તમાનમાં એકદેશ દુઃખનો અભાવ થઈ અને એકદેશ આનંદનો સ્વાદ અને આત્મિક સુખનો સ્વાદ આવે એવી એક અપૂર્વ દશા સમ્યગ્દર્શનમાં થાય છે. એ ભેદવિજ્ઞાનથી થાય છે. હવે ભેદવિજ્ઞાન એટલે શું? ભેદજ્ઞાન બે વચ્ચે હોય. ભેદજ્ઞાન એકમાં ન હોય. ભેદજ્ઞાન બે પદાર્થ વચ્ચે હોય. જેમ દેહ અને આત્મા ભિન્ન ભિન્ન હોવા છતાં પણ દેહ ને આત્માને એક માનવા એ દેહ અને આત્માને જુદા જુદા જાણવા અને જુદા જુદા માનવા અને જુદા માનતા દેહ હોવા છતાં દેહ પ્રત્યે મમતા છૂટી જાય, મોહ છૂટી જાય એનું નામ ભેદવિજ્ઞાન છે.

કે જ્ઞાનમય આત્મા છે એને દેહનો ભલે સંયોગ હોય પણ દેહ છે તે આત્મા નથી અને આત્મા છે તે દેહ નથી. જેમ તલવાર મ્યાનમાં હોય છતાં તલવાર ભિન્ન અને મ્યાન ભિન્ન છે એમ દેહ ભિન્ન છે અને આત્મા અંદર ચૈતન્યમય આત્મા, અખંડાનંદ આત્મા જાણનાર દેખનાર સ્વભાવથી ભરેલો આત્મા અંદરમાં ભિન્ન છે, દેહ ભિન્ન છે. એ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરી અને એ બે વચ્ચેની એકતાબુધ્ધિ હતી (તે) તોડવી અને આત્માનો અનુભવ કરવો તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. પર પદાર્થની સાથે તો આત્માને કાંઈ સંબંધ કે લેવાદેવા નથી એને એમ ભાસતું હોય કે આ કુટુંબ પરિવાર મારા છે, બંગલા મારા છે, પૈસા મારા છે. એ તો પર પદાર્થમાં મમતા કરતો હોય એ તો ધર્મથી ઘણો દૂર છે. એ તો પહેલામાં પહેલી એના પ્રત્યે મમતા છોડવી પડશે. મમતા છૂટે છે, રાગ નથી છૂટતો. આ એક માર્મિક વાત છે. કુટુંબ પ્રત્યે રાગ રહી જાય છે. પણ આ કુટુંબ મારું છે એવી મમતાબુધ્ધિ છૂટી જાય છે. કેમ કે જયાં આત્મામાં આત્મબુધ્ધિ થઈ ત્યાં પરમાં આત્મબુધ્ધિ છૂટી જાય છે.

એવા ભેદજ્ઞાનથી આત્માનો અનુભવ થાય છે અને મોહનો નાશ થાય છે. એક પ્રકારના ભેદજ્ઞાનની આ સ્થૂળ વાત કરી. હવે એક ભેદજ્ઞાનનો બીજો પ્રકાર. એ સ્થૂળથી હવે સૂક્ષ્મ વાત છે. કે અનાદિકાળથી આત્માને આઠ પ્રકારના કર્મનો બંધ થયો છે એ વ્યવહારનયનું કથન છે. એને સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા વર્તમાનમાં આઠ પ્રકારના કર્મના બંધના અભાવવાળો છે. એ વાત પહેલાં કરતાં થોડી વધારે સૂક્ષ્મ દેખાય છે. કેમ કે દેહ તો ચાલ્યો જાય છે, બાળી નાખે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, જીવ બીજે ચાલ્યો જાય છે. એટલે દેહને આત્મા જુદા છે એવું એને ખ્યાલમાં આવી શકે છે. પણ આઠ પ્રકારના કર્મનો સંયોગ સંબંધ છે. આત્માની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. જેમ સાકર અને ગળપણને તાદાત્મ્ય સંબંધ છે, એમ આઠ કર્મને અને આત્માને તાદાત્મ્ય સંબંધ નથી. માત્ર સંયોગ સંબંધ છે. એ સંયોગ સંબંધ પણ સ્વભાવ દૃષ્ટિથી જોવામાં આવે તો એ આઠ પ્રકારના કર્મના બંધથી ભિન્ન, અબદ્ધ સ્વભાવ મુકત આત્મા ત્રણેકાળ રહેલો છે. એવા આઠ પ્રકારના કર્મનું લક્ષ છોડીને, એક આઠ કર્મના બંધનનું લક્ષ છોડીને મુકત એવો ચિદાનંદ આત્મા અંતર બિરાજમાન છે એનું લક્ષ કરતાં આત્માને આત્માનો અનુભવ થાય છે. બે પ્રકાર કહ્યા.

ત્રીજો પ્રકાર :- સ્થૂળ પછી સૂક્ષ્મ પછી સૂક્ષ્મત્તર અને સૂક્ષ્મત્તમ એમ ધીમે ધીમે અંદરમાં આત્માના સ્વરૂપ સુધી કેમ પહોંચી જવાય અને આત્માના દર્શન કેમ થાય આ એની વાત છે. આત્મદર્શન કહો કે સમ્યગ્દર્શન કહો.

એક વખત હમણાં રાજકોટમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો, કે પૂજય ગુરુદેવ આ શુધ્ધાત્માની આટલી બધી પ્રશંસા કરે છે, આટલો આટલો શુધ્ધાત્માનો મહિમા ગાય છે તો એ શુધ્ધાત્મા ચોવીસ કલાક કરતો શું હશે? એવો એક પ્રશ્ન થયો. વેલજીભાઈ! આવો એક પ્રશ્ન આપણા રતિભાઈ ઘીયાએ કર્યો. આ આત્માના આટલા બધા પ્રશંસા ને ગાણા ગવાય છે તો તે ચોવીસ કલાક આત્મા કરે શું? એવો એક પ્રશ્ન થયો. એણે ઉત્તર આપ્યો, કે એ દર્શન દેવાનું કામ કરે છે. પણ કોને? કે દર્શન લ્યે એને.

સમજાણું? ઝવેરચંદભાઈ ! કે આ જે ભગવાનઆત્મા અંદરમાં ઝળહળ જયોતિ બિરાજમાન છે. દેહદેવળમાં છતાં દેહથી ભિન્ન આઠ કર્મથી ભિન્ન અને ભાવકર્મ ને રાગાદિથી ભિન્ન પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન અંદરમાં. જે જ્ઞાન ને આનંદથી અભિન્ન એવો જે પરમાત્મા અંદરમાં બિરાજમાન છે. આપણે બાળકને ભગવાન અંદર છે, તું જો તો ધર્મ થાય. વાત સાવ સાચી છે. ભગવાનના દર્શન તમે કરો તો ધર્મ થાય એ વાત સાવ સાચી છે. પણ કયા ભગવાનના દર્શન કરતાં ધર્મ થાય અને કયા ભગવાનના દર્શન કરતાં શુભભાવ થાય.......પણ આ આત્મા છે એ ચોવીસ કલાક શું કરે? કે જે દર્શન લેવા જાય એને દર્શન દયે. એને ના ન પાડે. એમ મંદિર હોય એમાં મહાવીર ભગવાનની પ્રતિમા બિરાજમાન હોય અને રસ્તે ચાલતાં ઘણા માણસો મંદિર પાસેથી ચાલ્યા જતાં હોય તો, ભગવાન-પ્રતિમાજી મંદિરમાંથી કહેવા આવતા નથી કે મારા દર્શન કરવા આવો. એમ કોઈને કહેવા આવે નહિ. અને મંદિરમાં જે જાય અને દર્શન લ્યે એને ના પાડે નહિ. બહાર ચાલ્યા જતાં હોય તો બોલાવે નહિ અને જે અંદરમાં જઈને ભગવાનના દર્શન કરે એને દર્શન આપ્યા કરે. પણ દર્શન કરવા જાય એને દયે ને? મોહનભાઈ !

એમ આ ભગવાનઆત્મા અંદરમાં બિરાજમાન છે. આહાહા ! કેમ એને બેસે? આ ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંદર બિરાજમાન છે. હવે એને એમ થાય, કે હવે અંદર ભગવાનઆત્મા મારી પાસે બિરાજમાન છે તો મને કેમ તે દેખાતો નથી? કે તું દેખતો નથી. પ્રશ્ન તો થાય ને? કે ભગવાનઆત્મા અંદર બિરાજમાન છે તો મને તે કેમ દેખાતો નથી? કે તું દેખતો નથી. અને જે દેખે છે એ ન્યાલ થઈ જાય છે. એને સમ્યગ્દર્શન થઈ ને ચારિત્ર આવી ને મોક્ષ પ્રગટ થઈ જાય છે. (મુમુક્ષુ :- આપ અમને દેખવાની કળા બતાવો.) હું ભેદજ્ઞાનની કળા જે ગુરુદેવ પાસેથી શીખ્યો છું અને ગુરુદેવનો માલ હું અહીંયા ડિલેવરી કરવા આવ્યો છું. એનો જ માલ અહીંયા ડિલેવરી કરવા આવ્યો છું.

આ લંડનમાં કોઈ જિજ્ઞાસુ જીવ હોય અને એના ગ્રાહક હોય. માલ દેતા આવજો એને પસંદ પડે તો લઈ લ્યે. અને કદાચ આજે ન લ્યે તો જાંગળ રાખવામાં આવે, જો સારો લાગે તો રાખી લેજો અને સારો ન લાગે તો માલ પાછો કાલ આપી દેજો. તોય કાંઈ વાંધો નથી. બળાત્કાર નથી. અહીંયા કોઈના ઉપર બળાત્કાર નથી કે અમે કહીએ છીએ તે તમે માનો, માનો ને માનો એવો કાંઈ કોઈના ઉપર બળાત્કાર નથી. ધર્મ એનું નામ કે એમાં બળાત્કાર ન હોય. ધર્મી જીવો ધર્મનું સ્વરૂપ સમજાવે, કહે, શાસ્ત્રમાં લખે તેની યોગ્યતા હોય તો ગ્રહણ કરે. તેની યોગ્યતા ન હોય અને ગ્રહણ ન કરે તો પણ તેના ઉપર કરુણા કરે. અત્યારે એની યોગ્યતા પાકી નથીને, એ પણ ભગવાન છે, કાલે પ્રગટશે. આજે ન સમજયો તો કાલે સમજશે. એમ એનું મોટું મન હોય છે. ન સમજે એના ઉપર દ્વેષ નહિ અને સમજે એના ઉપર રાગ નહિ. સમજે એના પ્રત્યે રાગ નહિ અને ન સમજે એના ઉપર દ્વેષ નહિ તેનું નામ મધ્યસ્થતા અને વીતરાગ દશા કહેવામાં આવે છે.

શુધ્ધાત્માની ઉપલબ્ધિ અનંતકાળ થયા એક સમય માત્ર પણ જીવને થઈ નથી. શુધ્ધાત્માનો સ્વાનુભવ થયો નથી. શુધ્ધાત્માને સ્વસંવેદન જ્ઞાન વડે તેણે પ્રત્યક્ષ અનુભવમાં લીધો નથી. એવા શુધ્ધાત્માના સ્વરૂપને એક વખત જો અંતર્મુખ થઈ અને જીવ સ્વાનુભવપણે જાણી લ્યે તો અલ્પકાળમાં તેની મુકિત થાય, થાય ને થાય જ. એ સંદેશો જે ગુરુદેવનો હતો તે સંદેશો અહીંયા કહેવામાં આવે છે. કે ભેદજ્ઞાનથી શુધ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. (મુમુક્ષુ :- અમે પણ અભ્યાસપૂર્વક એ જ વાત સાંભળવા આવ્યા છીએ.) બહુ સારી વાત છે, સાંભળવા જેવું આ છે, કરવા જેવું આ છે. જે અનંતકાળથી નથી કર્યું તે કરવા જેવું છે. બાકી પાપ તો અનંતવાર કર્યા અને નરક નિગોદમાં ગયો અને પુણ્યના પરિણામ પણ અનંતવાર ક્ર્યા અને દેવગતિમાં ગયો અને દુઃખી થયો. પુણ્ય કરે તો પણ દુઃખી અને પાપ કરે તો પણ દુઃખી. પાપનું ફળ દુઃખ અને પુણ્યનું ફળ પણ દુઃખ એ સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈ કહેતું નથી.

(મુમુક્ષુ :- કોઈને એમ લાગે કે નરકમાં તો દુઃખ પણ દેવમાં પણ દુઃખ?) દુઃખ જ છે ત્યાં આત્માનું ભાન નથી. ત્યાં તો વધારે એમ લાગે છે કે મને રુચિ નથી અને ઓલા દેવને રુચિ વધારે છે. ઓલો દેવ હુકમ કરે કે હાથી થઈ જા. તો હાથી થઈ જાવું પડે. ત્યાં હુકમ માનવો પડે. ત્યાં એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાતની વ્યવસ્થા છે. સ્વર્ગમાં તો સુખ છે ને? અરે ભાઈ સ્વર્ગમાં પણ સુખ નથી. સુખ તો આત્મામાં છે. ત્યાં સુખ કેવું? (મુમુક્ષુ :- ....................) એ મુર્ખાઓ કરે છે. અજ્ઞાની મુર્ખ મૂઢ છે ને જેને આત્માનું ભાન નથી અને આત્માના સુખનો સ્વાદ જેણે લીધો નથી. એ સ્વર્ગના દુઃખને વખાણે. અને જેણે આત્માનો આનંદ નથી લીધો એ બીજા પૈસાવાળાને સુખી માને પણ દુઃખીના દાળીયા છે. કયાંય એમાં પૈસામાં સુખ નથી. તેમ પૈસામાં દુઃખેય નથી. પૈસામાં મમતા થાય એ દુઃખનું કારણ, પૈસા હોવા છતાં નિર્મમત્વભાવે પરિણમી જાય તે આત્મા સુખી છે. ભલે પૈસો હોય. પૈસો કયાં ધર્મ કરવામાં નડે છે. ધર્મ કરવામાં નડે છે શું? કે પૈસો મારો, એવી મમતા નડે છે. પૈસો નડતો નથી, સંયોગ નડતા નથી, કુટુંબ કબીલા નડતા નથી. પણ આ મારું એમ જે મોહ ને મમતા કરે છે એ એને ધર્મ કરવામાં આડખીલી છે. એનો ઘાતકભાવ છે. સંયોગ એમ ને એમ હોય છે. ચક્રવર્તી છે, છ ખંડનું રાજય છે, છન્નું હજાર તો સ્ત્રી છે. એટલું લશ્કર છે, એટલો વૈભવ છે પણ અંદરમાં સોળમાં શાંતિનાથ ભગવાન ચક્રવર્તી પદમાં હતા. તીર્થંકર થવાના હતા તે તેમને ખબર હતી. કામદેવ પણ હતા. ચક્રવર્તી પણ હતા ને કામદેવ પણ હતા અને તીર્થંકર પણ થવાના હતા. રાજયમાં બેઠા હતા છતાં આત્મામાં એટલે એટલા બધા અંદરથી ઉદાસ હતા. બહારથી ન દેખાય. એ ઉદાસીનતામાં અંદરથી શ્રધ્ધાપૂર્વક પરિણતિ ચાલે છે. તો એમાં મારાપણાનો કયાંય ભાવ આવતો નથી. તો એમ પ્રશ્ન થાય કે જો ઉદાસીનતા હતી તો કેમ દીક્ષા અંગીકાર જલ્દી કરતા નથી?

અરે ભાઈ ! તને ખબર નથી પ્રત્યેક પદાર્થ અહેતુક, સ્વયમેવ એના સ્વઅવસરે પરિણમી રહ્યા છે. એ પરિણામને કોઈ ફેરવે કે કોઈ કરે એવી કર્તાબુધ્ધિ જ્ઞાનીને હોતી નથી. જ્ઞાની તો પોતાના પરિણામને અને પરના પરિણામને જાણતો પરિણમે છે. જ્ઞાની સાધક તો પોતાના પરિણામને અને પરના પરિણામને જાણતો પરિણમે છે પણ એ કરતો બિલકુલ નથી. એટલે કરવા ન કરવાનો તો પ્રશ્ન મૂળમાં જૈનદર્શનમાં છે જ નહિ અને જેને કરવું ને છોડવું ને લાવવું ને મુકવું એવી બુધ્ધિ પર્યાયમાં અને પર્યાયના વિષયમાં જાય છે એને જ્ઞાતા-દષ્ટા આત્મા છે, જ્ઞાયક હોવાથી કેવળ જ્ઞાતા છે, એ જ્ઞાતા સ્વભાવને ચૂકી અને પોતે કર્તા બને છે. તો કર્તાપણું એ જ અજ્ઞાનનું મૂળીયું છે અને જ્ઞાતાપણું એ જ મોક્ષનું મૂળ છે. વખત થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૩
## તા. ૭-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૨ ઉપર પ્રવચન

આ એક શ્રી સમયસાર નામનું પરમાગમ શાસ્ત્ર છે. એ આજથી બે હજાર વર્ષ પહેલાં સમર્થ આચાર્ય કુંદકુંદ ભગવાન થયા એમની રચના છે. એમાં એક કર્તા-કર્મ નામનો સ્પેશ્યલ અધિકાર લખવામાં આવ્યો છે. ખરેખર તો આ સમયસાર શાસ્ત્રમાં નવ તત્ત્વનું વર્ણન છે. નવ તત્ત્વનો અધિકાર છે. પણ સ્પેશ્યલ કર્તા-કર્મ અધિકારનો એક વિભાગ આમાં મુકવામાં આવ્યો છે. એનું કારણ કે પ્રત્યેક આત્મા સ્વભાવે જ્ઞાયક હોવાથી જ્ઞાતા-દ્દષ્ટા હોવા છતાં પણ એવા પોતાના નિજ સ્વભાવને ચૂકીને-ભૂલીને આત્મા સ્વભાવે અકર્તા હોવા છતાં પણ અનાદિકાળથી એમ માનતો આવે છે કે હું પર પદાર્થનો કરનાર છું. હું પુણ્ય-પાપના પરિણામનો કરનાર છું. એમ અનાદિકાળથી આત્માને અકર્તા જ્ઞાયક હોવા છતાં પણ શુભાશુભભાવનો હું કર્તા છું એમ કર્તૃત્વબુધ્ધિથી માનીને અનાદિકાળથી જીવ રખડે છે. એ કર્તા-કર્મની નિવૃતિ થાય અને આત્માનું જ્ઞાન કર્મ થાય ત્યારે આત્માને શાંતિનો અનુભવ થાય છે. એ કર્તા-કર્મ અધિકારની ૭૨ ગાથા આપણે અત્યારે લઈએ છીએ. એમાં મથાળામાં શિષ્યનો પ્રશ્ન છે.

હવે શિષ્ય પૂછે છે કે, હે પ્રભુ ! જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે થાય? માત્ર આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધ્ધાન અને આત્માનું આચરણ એટલી જ સ્વઆશ્રિત ક્રિયા કરવાથી બંધનો એટલે દુઃખનો અભાવ શી રીતે થાય? કઈ રીતે થાય? કૃપા કરીને એની વિધિ મને સમજાવો. દુઃખના નાશનો ઉપાય શિષ્ય પૂછે છે.

અજ્ઞાની જીવ માત્ર દુઃખી છે. બધા અજ્ઞાની દુઃખી છે. બહારમાં ગમે તેવા પુણ્યનો એને સંયોગ હોય, રાજા હો, ચક્રવર્તી હો કે દેવ હો તો પણ એ સંયોગમાં કિંચિત માત્ર સુખ નથી. માત્ર સંયોગમાં સુખ છે એવી કલ્પના કરી બેઠો છે. એ એક મોટી ભ્રાંતિ છે. સુખ આત્મામાં છે અને એ સુખ સ્વાધીન છે. અવિનાશી સુખની પ્રાપ્તિ કેમ થાય એનો ઉપાય આમાં બતાવ્યો છે. શિષ્ય પૂછે છે કે મારી દશામાં આ દુઃખનો અભાવ કેમ થાય. અજ્ઞાનજન્યદુઃખ આકુળતા મને વેદાય છે. રાગ-દ્વેષ મોહના પરિણામ થાય છે. અને એના ફળમાં એકલું દુઃખ હું વેદું છું. તો પ્રભુ કૃપા કરીને મને સમજાવો, કે આ દશામાં ઉત્પન્ન થતું દુઃખ એનો અભાવ કેમ થાય અને આત્મિક સુખ, અતીન્દ્રિય સુખ, અનાકુળ આનંદ મને કેમ પ્રગટ થાય- પ્રાપ્ત થાય એની વિધિ શિષ્ય પૂછે છે. એને ઉત્તરમાં આચાર્ય મહારાજ જવાબ આપે છે કે સાંભળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારી જિજ્ઞાસા છે, સુખની પ્રાપ્તિનો તું અર્થી છો. મોક્ષાર્થી થયો છો. 'માત્ર મોક્ષ અભિલાષ' માત્ર જે છૂટવાનો કામી છે. અને દુઃખથી કંટાળ્યો છે એ શિષ્ય હવે પૂછે છે. એને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે.

---

**હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઇ રીતે છે? તેનો ઉત્તર કહે છે :-**

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च ।
दुक्खस्स कारणं ति य तदो णियतिं कुणदि जीवो ।। ७२ ।।

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

**ગાથાર્થ :** (आस्रवाणाम्) **આસ્રવોનું** (अशुचित्वं च) **અશુચિપણું અને** (विपरीतभावं च) **વિપરીતપણું** (च) **તથા** (दुःखस्य कारणानि इति) **તેઓ દુઃખના કારણ છે એમ** (ज्ञात्वा) **જાણીને** (जीवः) **જીવ** (ततः निवृत्ति) **તેમનાથી નિવૃત્તિ** (करोति) **કરે છે.**

**ટીકા : જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (-અપવિત્ર છે) અને ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જવળ જ છે). આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે (-પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે (અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી). આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે (અર્થાત્ દુઃખનું કારણ નથી). આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે, કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઇ નથી. માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય? (સિદ્ધ થયો જ કહેવાય.) આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.

ભાવાર્થ :- આસ્રવો અશુચિ છે, જડ છે, દુઃખના કારણ છે અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે, એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી. આત્મા અને આાસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃત્તિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? તેનું સમાધાન :- સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; માટે, જયાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસારે જે આસ્રવ-બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઇચ્છે છે. તેથી તે જ્ઞાની જ છે.

જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :- મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો છે.) અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છે :- જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च ।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो ।। ७२ ।।

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

ગાથાનો અર્થ :- એના ઉપરની પછી સંસ્કૃત ટીકા છે. ગાથાનો અર્થ :- આસ્રવોનું એટલે પુણ્ય આસ્રવ અને પાપ આસ્રવ (એ) આસ્રવના બે ભેદ છે. પાપને પણ આસ્રવ કહેવાય અને પુણ્યના પરિણામને પણ આસ્રવ કહેવાય. એ આસ્રવોનું અશુચિપણું એટલે મળ અને મેલપણું અને વિપરીતપણું એટલે જડપણું તથા તેઓ દુઃખના કારણ છે. પુણ્યના પરિણામ અને પાપના પરિણામ વર્તમાનમાં જીવને દુઃખનું કારણ છે એમ જાણીને, જ્યારે એમ જાણે કે આ હિંસા, જૂઠ, ચોરીના પરિણામ તો દુઃખનું કારણ છે, છે ને છે. એ તો આખું જગત અન્યમત પણ કહે છે કે પાપથી દુઃખ થાય. પાપના પરિણામથી જીવ દુઃખ ભોગવે. એમ આખું જગત કહે છે પણ જગતના મતથી તીર્થંકર દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્મા એનો મત જગતથી જુદો પડે છે. જગતના જીવો કહે છે કે પાપથી દુઃખ અને પુણ્યથી સુખ થાય.

સર્વજ્ઞ વીતરાગદેવ ફરમાવે છે, કે પાપના પરિણામથી તીવ્ર દુઃખ થાય છે અને પુણ્યના પરિણામથી મંદ દુઃખ થાય છે. કેમ કે બે ભાવ કષાયરૂપ છે. અને કષાયનું ફળ, તીવ્ર કષાયને પાપ કહેવાય અને મંદ કષાયને પુણ્ય કહેવાય. બેમાંથી કોઈ ભાવ ધર્મરૂપ નથી. ધર્મના પરિણામ એને કહેવાય કે જેમાં આત્મિક સુખ પ્રગટ થાય, જેમાં વીતરાગ દશા પ્રગટ થાય અને એ વીતરાગભાવનું ફળ આત્માને વર્તમાનમાં આનંદ આવે.

માટે આચાર્યભગવાન ફરમાવે છે કે પાપને તો જગત દુઃખનું કારણ કહે છે પણ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા પુણ્યના પરિણામને પણ દુઃખનું કારણ કહે છે. પુણ્યના પરિણામથી આત્મા સુખી થતો નથી. એ પણ અનંત અનંતવાર અનંતકાળથી પુણ્ય કરતો આવ્યો છે. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો.' પુણ્ય છે તે સંસાર તત્ત્વ છે અને પાપ (છે તે )પણ સંસાર તત્ત્વ છે. બે પ્રકારના પરિણામનું ફળ વર્તમાનમાં દુઃખ છે અને ભાવિકાળે કર્મનો બંધ થાય જે નિમિત્તપણે એના ઉદયમાં જોડાતા એને એ દુઃખનું નિમિત્ત થશે. પણ આત્મિક સુખનું કે ધર્મનું એ કારણેય થઈ શકતું નથી. એક્દમ સ્પષ્ટ વાત સર્વજ્ઞ વીતરાગદેવ દેવાધિદેવ પરમાત્માની વાત એવી અપૂર્વ છે કે જગતના જીવોના કાન ઉપર સત્ય વાત સાંભળવા જેટલુંય પુણ્ય નથી. અસત્ત વાત સાંભળવા મળી છે.

આચાર્ય ભગવાને શરૂઆતમાં તો એમ કહ્યું છે, કે કામ, ભોગ, બંધનની કથા અનાદિકાળથી જીવે સાંભળી પરિચય કર્યો અને અનુભવમાં પણ આવ્યો. પણ રાગથી ભિન્ન શુદ્ધાત્માની વાત એણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રુચિપૂર્વક સાંભળી નથી. એ વાત હું સંભળાવીશ એમ મેં પ્રતિજ્ઞા કરી છે. જે જગત સંભળાવે છે એ જ જો સર્વજ્ઞ ભગવાન કહે, તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને અનાદિકાળથી અન્ય મતમાં રહેલાં અજ્ઞાની જીવો એ બેના પ્રતિપાદનમાં સમાનપણું આવી જાય. જો સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવે કે પુણ્યથી સુખ થાય અને ધર્મ થાય તો અન્યમતિ પણ પુણ્યથી ધર્મ ફરમાવે છે, કહે છે. પણ ત્યાં મોટો આંતરો અને જુદાપણું છે.

પાપ અને પુણ્યના બેય પ્રકારના પરિણામ કષાયની જાત હોવાથી આત્માને વર્તમાનમાં આકુળતા ઉત્પન્ન કરનાર છે. દુઃખનો દેનાર છે. એમ આગળ ટીકામાં સ્પષ્ટીકરણ કરીને કહેશે. વાત જરાક નવી લાગે એવી તો છે પણ પરમ સત્ય છે. આત્માનું હિત થાય એવી વાત છે. કે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે. પુણ્યના પરિણામ અને પાપના પરિણામની રુચિ છોડે છે. રુચિ છૂટી જાય છે. પાપ દુઃખનું કારણ અને પુણ્ય સુખનું કારણ એવી જે ભ્રાંતિ હતી એ જયારે પુણ્ય ને પાપ બન્ને આસ્રવ તત્ત્વ છે, બેય પ્રકારના પરિણામ બંધનું કારણ છે. એમ જયારે જીવ જાણે છે ત્યારે બે પ્રકારના પરિણામથી ભિન્ન ભગવાનઆત્મા અંતર બિરાજમાન ચૈતન્યમૂર્તિ છે એનું લક્ષ કરે છે, એમાં લીન થાય છે ત્યારે તેને દુઃખની નિવૃત્તિ થાય છે અને સુખની પ્રાપ્તિ થાય છે, શરૂઆત થઈ જાય છે.

એ વાત કરે છે કે એ જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે. આસ્રવથી નિવૃત્તિ કરે છે. આસ્રવનો નિરોધ એને ભગવાન સંવર કહે છે. પાપના નિરોધ અને પુણ્યની પ્રવૃત્તિ તે સંવર તત્ત્વ નથી. પાપ અને પુણ્ય બન્ને પ્રકારના પરિણામમાં એકતાબુધ્ધિ છૂટી જાય, રુચિ છૂટી જાય અને આત્માનો અનુભવ થાય તેને ભગવાન સંવર તત્ત્વ કહે છે. ધર્મ તત્ત્વ કહે છે. એની ટીકા. ટીકા એટલે વિસ્તાર. જે મૂળ પ્રાકૃત ગાથા છે એના ઉપર એક હજાર વર્ષ પહેલાં સંસ્કૃત ટીકા થઈ છે. અમૃતચંદ્રઆચાર્ય થયા છે. જંગલવાસી હતા. અને આત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હતા. નિત્ય અતીન્દ્રિય આનંદનું ભોજન કરનારા હતા એવા અતિઆસન્નભવ્ય ધર્માત્મા એની સંસ્કૃત ટીકાની રચના કરે છે. એનો અનુવાદ આજથી બસ્સો વર્ષ પહેલાં જયપુરમાં એક જયચંદ પંડિત થયેલા એણે અનુવાદ કરેલો છે. અને એનો અક્ષરે અક્ષર ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલો છે.

ટીકા :- પહેલાં દૃષ્ટાંત આપે છે કે આસ્રવને કોની સાથે મેળવે છે. કે જળમાં એટલે પાણીમાં જેમ મળ શેવાળ છે, પાણીની ઉપરની સપાટી ઉપર શેવાળ જામે છે, લીલ, ફૂગ, શેવાળ. પાણીની ઉપર જેમ શેવાળ છે. તે મળ અને મેલ છે. એ પવિત્ર ચીજ નથી. પાણી પવિત્ર છે અને જે શેવાળ છે એ મેલ છે. એ કાઢી નાખવા જેવો છે. એ રાખવા જેવો નથી. મળ ને મેલ છે તે શેવાળની માફક પુણ્યના પરિણામ કે પાપના પરિણામ બન્ને પ્રકારના પરિણામ પરમાર્થનયથી જોવામાં આવે તો બન્ને બંધનું કારણ છે. એક લોઢાની બેડી ને એક સોનાની બેડી. ઉલટુ લોઢાની બેડી કરતાં સોનાની બેડીમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વજન વધારે હોય છે. એટલે પગમાં ઘસારો વધારે લાગે છે.

લોકોને પુણ્યના ફળમાં મીઠાશ વધારે લાગે છે. પુણ્ય અને પુણ્યના ફળની પ્રીતિવાન રાગનો રસીયો એને આચાર્ય ભગવાન ફરમાવે છે કે ભાઈ એમાં સુખ નથી. એની રુચિ છોડ અને શુધ્ધાત્માની રુચિ કર અને આત્માનો અનુભવ કર તો તને સુખની પ્રાપ્તિ થશે. એ શેવાળની માફક દૃષ્ટાંત આપ્યો. પાણીની ઉપર જેમ શેવાળ છે એ મેલ છે. એમ એ શેવાળની માફક આસ્રવો આસ્રવો, એટલે નવા કર્મના આવાગમનમાં હેતુ થાય નિમિત્ત કારણ થાય એવા આત્માના વિભાવ પરિણામને-વિકૃત પરિણામને ભગવાન આસ્રવ કહે છે. એ આસ્રવના બે ભેદ છે. એક પુણ્યઆસ્રવ અને એક પાપઆસ્રવ. જેમ હિંસા, જૂઠ, ચોરી એ દુઃખનું કારણ છે એમ અહિંસાના પરિણામ પણ દુઃખનું કારણ છે. જગત આખું એને ધર્મ માને છે પણ એ ધર્મના પરિણામ નથી. પર જીવ પ્રત્યે કરુણાનો ભાવ, બચાવવાનો ભાવ આવે છે, એ પુણ્ય તત્ત્વ છે, પાપ તત્ત્વ નથી. પણ ધર્મ તત્ત્વ નથી. અહિંસાના પરિણામ પાપ તત્ત્વ નથી તેમ ધર્મ તત્ત્વ નથી, એ પુણ્ય તત્ત્વ છે.

(મુમુક્ષઃ- ઘણાંને એમ થાય કે અમે હવે પુણ્ય ન કરીએ?) પુણ્ય કરવા ન કરવાનો પ્રશ્ન નથી. પણ જે પ્રકારના પરિણામ આવે છે, હોય છે. એનું સ્વરૂપ શું છે? સમજવા જેવી ચીજ એ છે, કે એનું સ્વરૂપ શું છે? કરવું ન કરવું (એ) પ્રશ્ન નથી. કેમ કે આર્ય જીવને કરુણા, કોમળતાના પરિણામ દયા, દાન, ભકિતના શુભભાવ પુણ્યભાવ આવે ખરા. ગૃહસ્થને પુણ્યના પરિણામ આવે પણ પુણ્યના પરિણામનું સ્વરૂપ શું છે કે એ બંધનું કારણ છે, એ વર્તમાન દુઃખનું કારણ છે અને પરંપરા પણ દુઃખનું કારણ છે. એમ જો જાણે તો સાચા સુખની શોધ કરી શકે. પણ પુણ્યથી સુખ માને તો એને આત્મિક સુખની પ્રાપ્તિનો પ્રયત્ન થઈ શકતો નથી. કે ભઈ અમારા જેવો કોઈ સુખી નથી. હવે આનાથી વધારે શું સુખ જોઈએ. ગામડામાં હતા તો બહુ દુઃખી હતા અને નાઈરોબી ને લંડન આવ્યા તો હવે બહુ સુખી થઈ ગયા. અમારા જેવો કોઈ સુખી નથી.

ભાઈ! પરમાત્મા કહે છે કે તારા જેવો કોઈ દુઃખી નથી. એક બહેન આજ વાત કરતા હતા કે અમેરિકામાં સવારથી સાંજ સુધી છ ટીકડી લ્યે. નામ નહીં લઉ પણ એક બહેન બપોરે કહેતા હતા. સવારથી સાંજ સુધી છ ટીકડી લ્યે. હવે આમાં કેને સુખ કહેવું? માટે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ફરમાવે છે પ્રભુ સાંભળ! બધાને પ્રભુ કહીને બોલાવે છે.

ભગવાન સાંભળ! ભગવાન તારા સ્વરૂપની વાત એક વખત તું મધ્યસ્થ થઈને સાંભળ. તારો જે પુણ્યનો પક્ષ છે (તેની) અમને ખબર છે. સંતોને બધી ખબર છે કે જગતના જીવોને પુણ્યનો પક્ષ છે. પુણ્યથી ધર્મ થાય એમ માને છે, પુણ્યથી સુખ થાય એમ માને છે. એ બધી એની ભ્રાંતિ છે. પુણ્યને પુણ્યના ફળમાં સાચું સુખ નથી. ત્યારે સાચુ સુખ કયાં છે એમ શિષ્યનો પ્રશ્ન છે. કે વર્તમાનમાં પણ આ પુણ્યના પરિણામમાં મને આકુળતા ને દુઃખ થાય છે. જો પુણ્યના પરિણામથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

સુખ થતું હોય તો કોઈ પણ પુણ્યના પરિણામ લઈ લ્યો. કે ભગવાનની ભકિત કરવા બેઠો કે પૂજા કરવા બેઠો. જયાં પા કલાક, અડધી કલાક કે કલાક થઈ ત્યાં એને થાક લાગે છે. ધર્મના પરિણામમાં થાક ન હોય અને જે પરિણામથી થાક લાગે તે ધર્મના પરિણામ ન હોય.

શું કહ્યું? ફરીને. જે પરિણામમાં આત્માને થાક લાગે તે પરિણામનું નામ ધર્મ ન હોય અને ધર્મના પરિણામમાં થકાવટ ન હોય આનંદ હોય. આ તો એકદમ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત ન્યાયથી છે. પણ હવે એને બેસાડવી હોય તો એ પોતે બેસાડે તો બેસે એવી છે. શું કહે છે. આ દેવાધિદેવ પરમાત્મા ત્રણ લોકનો નાથ જેને કેવલ્યજ્ઞાન પ્રગટ થઈ ગયું છે. એક સમયમાં લોકાલોકને સ્વ ને પર ચરાચર પદાર્થને સમય માત્રમાં પ્રત્યક્ષ જાણે. એવા સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે આસ્રવો મળ ને મેલ છે. આ દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ એ મેલ છે, અશુચિ છે, એ પવિત્ર નથી, અપવિત્રભાવ છે. આહાહા!

એને કેમ બેસે? જયાં પુણ્ય કર્યું તો એમ માને છે કે મેં ધર્મ કર્યો અને ધર્મી થયો અને જગતના જીવો માનપત્ર આપે. જયાં પાંચ પચીસ લાખ રૂપિયા કોઈક દાનમાં આપે. આહાહા! ધર્મનું બિરૂદ આપે. ધર્મી થઈ ગયો. અરે ભાઈ કર્મી છે, ધર્મી નથી. કેમકે એ શુભભાવ છે એ પણ દુઃખનું કારણ છે એમ એ જાણતો નથી પણ એને સુખનું કારણ માને છે. ખરેખર એનો અર્થ એમ નથી કે પુણ્ય છોડીને પાપ કરવું. એવો ઉપદેશ સર્વજ્ઞ ભગવાનનો નીચે ઉતરવાનો ન હોય. ઉપર ઉપર ચડવાનો ઉપદેશ હોય. પાપને તો છોડયું. રાજકોટમાં એક પ્રશ્ન થયો હતો.

અમારા પાડોશી છોટુભાઈ વીરાણી (તેમણે) ગુરુદેવને પ્રશ્ન કર્યો, કે સાહેબ પાપ તો અમારે કરવું નથી. કેમકે પાપ કરીએ તો નરક ને નિગોદમાં જાવું પડે, કાં તિર્યંચમાં જાવું પડે. એટલે પાપ તો અમારે કરવું નથી. આપ કહો છો કે શુધ્ધાત્માનો અનુભવ કરો તો ધર્મ થાય. હવે શુધ્ધાત્માના અનુભવ સુધી પહોચાતું નથી. પાપ અમારે કરવું નથી તો વચલો રસ્તો લ્યો, પુણ્ય કરવું કે કેમ? પુણ્ય તો કરવું ને? એવો એક રાત્રિ ચર્ચામાં પ્રશ્ન આવ્યો. આખા જગતનો આ પ્રશ્ન છે. આ એક વ્યકિતનો પ્રશ્ન નથી. આખા જગતનો પ્રશ્ન છે.

ગુરુદેવે ઉત્તર આપ્યો કે ભાઈ આર્ય જીવ છે એને પુણ્યના પરિણામ તો આવે. જવાબ કેવો આપ્યો કે પુણ્યના પરિણામ કરો એવો જવાબ ન આપ્યો પણ પુણ્યના પરિણામ તો આવે. જ્ઞાનીની એકેએક વાતમાં મર્મ હોય છે. આર્ય જીવને પુણ્યના પરિણામ તો આવે. પણ એ પુણ્યના પરિણામ જે આસ્રવ છે, મલિન અપવિત્ર ભાવ છે, એનાથી ભિન્ન મારો ભગવાનઆત્મા પવિત્ર છે એમ એનાથી વારંવાર ભેદજ્ઞાન કરીને આત્માને ઓળખવો. આત્માનું લક્ષ કરવું. એવો ઉત્તર આપ્યો.

એમ પુણ્યના આવતા પરિણામ ઉપરથી લક્ષ છોડી અને જે જ્ઞાનમય આત્મા છે, જે પુણ્યના પરિણામ આવે છે એને પણ જાણનાર જે જ્ઞાન છે કે જે જ્ઞાન આત્માને જાણે છે એવા આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણવો. પુણ્યના પરિણામ કરું તો નહીં પણ પુણ્યના પરિણામને જાણવા પણ રોકાવું નહીં. પણ પુણ્યના પરિણામથી ભિન્ન જ્ઞાન ને આનંદમય આત્મા અંદર બિરાજમાન છે એનું અંતર લક્ષ કરવું એનું અંતર ધ્યાન કરવું. જગતને કઠણ પડે છે પણ સત્ય તો ત્રણેકાળ સત્ય છે. કઠણ પડે એટલે સહેલું કરીને વિપરીત વાત કહી શકાતી નથી. સંતો કહે જ નહીં.

શેવાળની માફક આસ્રવો, આસ્રવો એટલે પુણ્ય આસ્રવ અને પાપ આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (અપવિત્ર છે) પવિત્ર પરિણામ નથી. સંવર, નિર્જરા ને મોક્ષના પરિણામ પવિત્ર છે અને ભગવાનઆત્મા ત્રિકાળ પવિત્ર છે. સંવર, નિર્જરા ક્ષણિક પવિત્ર પરિણામ છે. અને ભગવાનઆત્મા ત્રિકાળ પવિત્ર પરમાત્મા બિરાજમાન છે. એની સાથે સરખાવે છે.

જીવતત્ત્વ પવિત્ર છે. આસ્રવતત્ત્વ અપવિત્ર તત્ત્વ છે. તત્ત્વ બે છે. જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ. નવ તત્ત્વના બે પ્રકાર, એક જીવ અને બીજો આસ્રવ. અહીંયા આસ્રવની વાત ચાલે છે. આસ્રવો અશુચિ, અપવિત્ર છે. અરે! એના સ્વરૂપને તો જાણ ! એનું સ્વરૂપ શું છે તો એનાથી ભિન્ન કાંઈક આત્માનું સ્વરૂપ શું છે એને જિજ્ઞાસા થશે. બાકી પુણ્ય કરીને સંતોષ માને તો એને ઊંચી ગતિ મળી જાય અને અહીંયા પુણ્ય કર્યું હોય તો દેવગતિમાં જઈને દુઃખ ભોગવે. પુણ્ય અહીંયા કરે ને પાછું દુઃખ ભોગવે દેવગતિમાં જઈને.

આત્માનું સ્વરૂપ પુણ્ય-પાપથી ભિન્ન જ્ઞાન ને આનંદની મૂર્તિ ચિદાનંદ આત્મા બિરાજમાન છે. ઝળહળ જયોત ભગવાનઆત્મા બિરાજમાન છે. જેમ કપડું મેલું થયું તો એની અવસ્થાથી જોવામાં આવે તો કપડું મલિન થયું છે એ વાત સાચી છે. પણ એ અવસ્થાની દૃષ્ટિ ગૌણ કરીને એ કપડાના સ્વચ્છ, નિર્મળ સ્વભાવની સમીપે જઈને જોવામાં આવે તો કપડું સ્વચ્છ અને નિર્મળ જ છે. એ મલિન થયું નથી. મલિન તો કપડાની અવસ્થા થઈ છે. કપડું તો જેવું છે તેવું છે. એમ કપડું રાતુ થયું એમ કહેવામાં આવે પણ ખરેખર રાતાપણું રંગનો ધર્મ છે અને સફેદપણું એ કપડાનો ધર્મ છે.

એમ આ વર્તમાનમાં પુણ્ય ને પાપની લાગણી બહિર્મુખ થાય છે ખરી. પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં, દશામાં ક્ષણમાં પાપ અને ક્ષણમાં પુણ્ય. શુભ અને અશુભ બે પ્રકારના ભાવો ઊઠે છે. એવી વૃત્તિનું ઉત્થાન થાય છે ખરું પણ એનાથી ભિન્ન આત્મા ચૈતન્યમૂર્તિ પવિત્ર પરમાત્મા બિરાજમાન છે. અહીંયા કહે છે કે ભગવાનઆત્મા, બધા આત્માઓ ભગવાન છે. શકિતએ, સ્વભાવે પરમાર્થદૃષ્ટિથી જોવામાં આવે તો બધા આત્માઓ પરમાત્મા છે-ભગવાન છે. ભગ એટલે જ્ઞાન લક્ષ્મીવાન આત્માઓ છે. આત્મા પુણ્યશાળી નથી. આત્મા તો જ્ઞાનવાન છે એને આત્મા કહેવામાં આવે છે. પુણ્યવાળો આત્મા નથી. પુણ્ય તો સંયોગ છે. પુણ્ય કાંઈ આત્માનો સ્વભાવ નથી. એવા આત્માને એકવાર અંતરમુખ થઈને ઓળખે તો એના ભવના અંત આવી જાય, દુઃખનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંત આવે.

બાકી તો ક્રિયાકાંડમાં પાપને છોડીને પુણ્યની ક્રિયા તો અનંતવાર કરી અને અનંતવાર સ્વર્ગનો દેવ થયો. એકવાર દેવ નથી થયો. આત્મા અનાદિનો છે. અને અનંતવાર પુણ્યના પરિણામ કરીને દેવગતિમાં ગયો. અને ફરીથી દેવગતિમાંથી પાછો નીચે ચાલ્યો જાય છે અને નિગોદમાં પણ ચાલ્યો જાય. પણ ધર્મ એક સમય (પણ) કર્યો નથી. પુણ્ય અનંતવાર કર્યું ને ધર્મ એક સમય કર્યો નથી. ધર્મ એટલે શુદ્ધાત્માનું અવલંબન લઈ એમાં એકાગ્ર થઈ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે વીતરાગી પરિણામ પ્રગટ કરવા જોઈએ એ એણે એક સમય માત્ર પણ પ્રગટ કર્યા નથી. એક સમય પણ જો પ્રગટ કરે તો અલ્પકાળમાં એની મુક્તિ થાય. એવા અનુભવનું ફળ છે. આ આસ્રવો અશુચિ, મળ ને મેલ છે. હિંસાના પરિણામ પણ મળ અને મેલ અને અહિંસાના પરિણામ, બ્રહ્મચર્યના પરિણામ શુભભાવ એ પણ મલિન અને મેલા પરિણામ છે. ભાઈ! એનાથી ભિન્ન અંદર પવિત્ર આત્મા બિરાજમાન છે. પરિણામમાં મલિનતા અને આત્માનો સ્વભાવ પવિત્ર. પવિત્ર અને અપવિત્ર બેય ભાવ એક સાથે રહે છે. પણ બેય એક થઈ શકતા નથી. પવિત્ર એવો જીવતત્ત્વ અને વર્તમાન પુણ્ય-પાપના આસ્રવભાવ અપવિત્ર એ બેય એક સાથે રહે છે.

જેમ પાણી મેલું થયું તો એ મલિનતા છે અને પાણી સ્વભાવે સ્વચ્છ છે. એ સ્વચ્છતા અને મલિનતા એ એક સાથે રહે છે. મલિનતાનો અભાવ થાય છે. અને સ્વચ્છતાની અવસ્થા પ્રગટ થાય છે. સ્વચ્છતા આવે છે ક્યાંથી? ફટકડીમાંથી સ્વચ્છતા નથી આવતી. એ શક્તિની વ્યક્તિ છે. પ્રાપ્તની પ્રાપ્તિ હોય. જે છે એમાંથી પ્રગટ થાય છે. એમ આ ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદનો પુંજ છે. એનું ધ્યાન કરતાં, એકાગ્ર થતાં તેમાંથી જ્ઞાન ને આનંદની એક અપૂર્વ દશા પ્રગટ થાય છે. એને ધર્મના પરિણામ કહે છે. આવા આત્માના સ્વાનુભવરૂપદશા અનુભૂતિરૂપ દશા એક સમય માત્ર જીવે આજ સુધી કરી નથી. ધર્મ કર્યો નથી. પાપ કરીને નિગોદ ને નરકમાં તિર્યંચમાં જાય, પુણ્ય કરે તો સ્વર્ગ અને મનુષ્ય થાય. પણ ધર્મ કર્યો નથી. ધર્મ કરતાં એને આવડતો નથી. ધર્મ કેમ કરવો એ શીખવા જેવું છે.

પાપ અને પુણ્ય કેમ કરવા તે તો અનાદિનો શીખેલો જ છે. એની નિશાળ ન હોય અને એનો ઉપદેશ ન હોય. ઉપદેશ તો ધર્મનો હોય. ધર્મ એટલે આત્માનો સ્વભાવ જે જ્ઞાન, દર્શન, ચારિત્રના પરિણામ એનું અવલંબન લેતાં આત્માને અંદરમાં શાંતિનું વેદન આવે છે. વર્તમાનમાં ગૃહસ્થ અવસ્થામાં આત્માનો અનુભવ થઈ શકે છે. એ અનુભવ કેમ થાય એની વાત અહીંયા સમજાવે છે કે આસ્રવો મલિન છે. અશુચિ-અપવિત્ર છે અને સામે ભગવાનઆત્મા તો બે વચ્ચેનું ભેદજ્ઞાન, આત્મા ને આસ્રવ વચ્ચેનું ભેદજ્ઞાન. ભેદજ્ઞાન એટલે જુદા પાડવાની કળા.

જેવી રીતે ઘઉં અને કાંકરા જુદા પાડવામાં આવે છે. જેવી રીતે કમોદ હોય એમાં ફોતરું અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ચોખા બે જુદા પાડવામાં આવે છે. એમ આ પુણ્ય ને પાપના પરિણામ બેય ફોતરા છે. જગતના જીવ ફોતરા ખાંડે છે. અહીંયા ભગવાનઆત્મા અંદરમાં પવિત્ર છે. આ બધા આત્માની વાત ચાલે છે. બધા આત્માનું સ્વરૂપ આવું છે. કે અંતરમાં આત્મા પવિત્ર પરમાત્મા શકિતરૂપે બિરાજમાન છે. એ દષ્ટિમાં આવી શકે છે કે ભગવાનઆત્મા તો સદાય એટલે હંમેશને માટે, ત્રણેકાળ અતિનિર્મળ, સર્વથાનિર્મળ, સર્વથાપવિત્ર, સર્વથાશુધ્ધ. સંવર અને નિર્જરાના પરિણામ છે એ નિર્મળ છે પણ ભગવાનઆત્મા અતિ નિર્મળ છે. એટલા વિશેષણમાં ફરક પાડયો. ભગવાનઆત્મા તો બધા આત્માને ભગવાન કહીને બોલાવે છે.

આચાર્યમહારાજ ફરમાવે છે કે બધા આત્માઓ ભગવાન છે. વર્તમાનમાં અમે એની અવસ્થાને જોતાં નથી. એ સ્ત્રી હોય, પુરુષ હોય, કર્મથી બંધાયેલો હોય કે પુણ્ય-પાપની લાગણી ઉત્પન્ન થતી હોય એને અમારા લક્ષમાંથી કાઢી નાખીએ છીએ, ગૌણ કરીએ છીએ. એના ઉપર અમારું લક્ષ નથી. પણ દેહ-દેવળમાં રહેલો ભગવાન પવિત્ર પરમાત્મા બિરાજમાન છે. અમે એવા આત્માને જોયો, જાણ્યો, અનુભવ્યો છે. તેથી અમારી દષ્ટિમાં અમને બધા આત્માઓ ભગવાન દેખાય છે. કોના ઉપર રાગ કરીએ અને કોના ઉપર દ્વેષ કરીએ અમને તો બધા આત્માઓ ભગવાન છે એમ દેખાય છે. આમાં એવો પોકાર કરે છે. આહા!

એ વાત, એવો એક બનાવ બન્યો કે શ્રીમદ્ રાજચંદ્રજી સવારમાં જંગલ જતાં હતાં ત્યારે એક ભરવાડ ગાય ભેંસ ચારતા હતા. શ્રીમદ્જી આમ ચાલ્યા જાય છે ત્યારે ભરવાડે એની સામે ટગર, ટગર જોયા કર્યું. અનુકરણ કરે કે આ કોઈ મહાપુરુષ લાગે છે.ગંભીર એની ચાલ, સૌમ્યમૂર્તિ જોઈને ત્યારે પછી શ્રીમદ્ પાછા ફરે છે. ત્યારે એની પાસે ઊભા રહે છે, કે ભાઈ તમે આંખ વીંચી જાવ અને એમ વિચારો કે હું ભગવાન છું. તમે એમ વિચારો કે હું ભગવાન છું. તો ભરવાડ છે ને એણે કાંઈ તર્ક ન કર્યો. વાણીયા બહુ તર્ક કરે. પણ આણે કાંઈ તર્ક ન કર્યો. આંખ વીંચીને ભરવાડ બોલ્યો કે હું ભગવાન છું.

એમ અહીંયા સમયસારમાં આચાર્ય ભગવાન બધાને ભગવાન કહીને બોલાવે છે. કોઈ એમ તર્ક ઊઠે કે અમે તો પામર છીએ, વર્તમાનમાં દુઃખી છીએ. કોઈ બાળક છે, કોઈ યુવાન છે, કોઈ વૃધ્ધ છે,કોઈ ધનવાન ને કોઈ નિર્ધન છે. ના, ના, ના. બધા આત્મા તો ભગવાન સરખા છે. શકિતએ સ્વભાવે આત્મા પરમાત્મા છે. ભાઈ ! એવા આત્માનું તમે ધ્યાન કરો. તો બહિરાત્મ દશા છૂટી ને અંતરાત્મ દશા થઈ અલ્પકાળમાં પરમાત્મ દશા પ્રગટે છે. ભગવાન આત્માનું ધ્યાન કરવાનું છે. આ અંદર ભગવાનઆત્મા બિરાજમાન છે. ભગ એટલે જ્ઞાનવાન લક્ષ્મીવાન આત્મા છે. તો આત્મા તો સદાય ત્રણેકાળ, હમણાં નોકર્મથી બંધાયેલો છે તે વખતે, વર્તમાન પુણ્ય-પાપના પરિણામ છે તે વખતે તે પરિણામ ઉપર નજર ન કરો. તે પરિણામનું લક્ષ છોડીને અંદરમાં, અંતરમાં એ જ્ઞાનવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા બિરાજમાન છે એનું લક્ષ કરતાં આત્મા ભગવાન છે એમ તમને વર્તમાનમાં પ્રત્યક્ષ અનુભવમાં આવશે.

કુંદકુંદઆચાર્ય ભગવાને (સમયસારની) પાંચમી ગાથામાં એમ કહ્યું કે હું એકત્વ-વિભકત આત્માની વાત તમને કહીશ. પુણ્ય-પાપથી વિભકત ભિન્ન અને જ્ઞાન-આનંદથી અવિભકત, અભિન્ન એવા શુધ્ધાત્માની વાત હું કહીશ. પણ હું તમને કહું તો તમે તમારા અનુભવથી પ્રમાણ કરજો. એમ અહીંયા આચાર્ય ભગવાન દાંડી પીટીને કહે છે કે આ ભગવાન આત્મા તમે છો એમ અમે તમને કહીએ છીએ. માત્ર અમારા કહેવાથી તમે ન માનતા. પણ પુણ્ય-પાપની વૃત્તિનું ઉત્થાન થાય છે એના તરફનું વલણ છોડીને, એના તરફનું લક્ષ છોડીને એક અંદરમાં જ્ઞાન ને આનંદનો પુંજ ભગવાનઆત્મા બિરાજમાન છે એનું અંતર ધ્યાન કરીને, લક્ષ કરીને એમાં લીન થાવ અને એનો અનુભવ કરો તો હું ભગવાન છું એમ તમને અનુભવમાં આવશે. અમે તો કહીએ છીએ પણ તમે તમારા અનુભવથી પ્રતીત કરજો. અમારા કહેવાથી નહીં. તમને અનુભવ થશે જ. તમે ભગવાન છો એવો અનુભવ થશે.

હું દુઃખી છું ને કર્મથી બંધાયેલો છું ને મનુષ્ય છું ને સ્ત્રી ને પુરુષ એ સંયોગની વાત છે. આ તો બધો સંયોગ છે. જેમ સાકર કોથળામાં હોય તો કોથળો ભિન્ન ને સાકર ભિન્ન છે. એમ આ જ્ઞાનમૂર્તિ ભગવાનઆત્મા ભિન્ન છે ને આ કોથળો પુદ્ગલની અવસ્થા છે. આ પુદ્ગલનો કોથળો છે એનાથી આત્મા જુદો છે. પુણ્ય-પાપની વૃત્તિનું ઉત્થાન થાય છે, તે મેલ અને મલિન ભાવ છે. ભાઈ! એ તારો સ્વભાવ નથી. પુણ્યના પરિણામ એ વિભાવ છે, વિકૃતભાવ છે, દુઃખદાયકભાવ છે, મલિનભાવ છે. પાપને તો સૌ કોઈ પાપ કહે પણ પુણ્યને પાપ કોઈ વિરલા જ કહે છે. કેમ કે એ બંધનું કારણ છે. એ કાંઈ આત્માના સુખનું કારણ નથી.

ભગવાનઆત્મા સદાય, હંમેશા, ત્રણેકાળ અતિનિર્મળ નિર્મળાનંદ પરમાત્મા અંતર બિરાજમાન છે. શુધ્ધ ચૈતન્યઘન ચિદરૂપ આત્માનું સ્વરૂપ ચિદરૂપ છે. રાગ એ આત્માનું રૂપ નથી. પુણ્ય ને પાપના પરિણામ એ સ્વાંગ છે. એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. જો એ પુણ્ય ને પાપ આત્માનો સ્વભાવ હોય તો પુણ્ય-પાપનો અભાવ થઈને કોઈ આત્માને સિધ્ધગતિ પ્રગટ ન થાય. તો પુણ્ય-પાપના પરિણામ સાથે જવા જોઈએ પણ એ તો જતા નથી. માટે આત્માથી પુણ્ય ને પાપના પરિણામ જુદા છે. સર્વજ્ઞ ભગવાન તો ત્યાં સુધી કહે છે કે પુણ્ય ને પાપના પરિણામનો આત્માને સ્પર્શ થયો નથી, અડયા નથી. એ ઉપર ઉપર તરે છે.

જેમ પાણીમાં તેલનું ટીપું ઉપર ઉપર તરે છે. એ પાણીમાં પ્રવેશ થઈ શકતું નથી, એ તન્મય થઈ શકતું નથી, એ તાદાત્મ્યરૂપે થતું નથી. પણ પાણીની ઉપર તેલનું ટીપું જેમ ઉપર ઉપર તરે છે એમ આ જ્ઞાન ને આનંદમય આત્માની ઉપર ઉપર આ પુણ્ય ને પાપના પરિણામ તેલની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જગ્યાએ ઉપર ઉપર તરે છે પણ આત્માના સ્વભાવમાં પ્રવેશતા નથી. જો આત્માના સ્વભાવમાં અશુદ્ધિ પ્રવેશી જાય તો આત્મા શુધ્ધ રહી શકતો નથી. જો શુધ્ધ ન રહે તો કોના આશ્રયે અશુધ્ધતા ટાળીને શુધ્ધતા પ્રગટ કરશે. માટે આત્મા સ્વભાવે (શુધ્ધ છે.) એક આત્માના બે પડખા છે. એક સામાન્ય પડખું અને એક વિશેષ પડખું. સામાન્યને દ્રવ્ય કહેવાય અને વિશેષને પરિણામ કહેવાય.

હવે જૈનમાં જન્મે એને છ દ્રવ્ય અને નવ તત્ત્વના નામ પણ આવડે નહીં. તો આ આત્મા એક એના પડખા બે. પડખા એટલે સાઈડ. બે સાઈડ. અરૂણભાઈ! આહાહા! પણ હવે આ બધો વિચાર કરીએ કલાક બે કલાક કાઢીએ તો એમાં કાંઈ પૈસા તો મળે નહીં અને ઓમાં (પૈસા) મળે. પ્રત્યક્ષ લાભ. આહાહા! અરે! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ને સંતો ફરમાવે છે, કરુણા કરીને કહે છે. અરે! તને પ્રત્યક્ષ નુકસાન થઈ રહ્યું છે. તારા ચૈતન્ય પ્રાણ હણાય છે. આ પર પદાર્થ મારા છે એવી જે તારી બુધ્ધિ છે (તે) મિથ્યાબુધ્ધિ છે, વિપરીતબુધ્ધિ છે. એનાથી તો તને ચારગતિ મળશે. ભાઈ ! એમાં મોક્ષગતિ પરમ સુખનું કારણ નહીં થાય.

માટે આત્મા તો સદાય ત્રણેકાળ. વર્તમાનમાં પંચમકાળનો આત્મા છે જીવ. ચારેગતિના જીવની વાત છે. સદાય ત્રણેકાળ અતિનિર્મળ શુધ્ધ ચૈતન્યમાત્રસ્વભાવભાવપણે જ્ઞાયક હોવાથી, હોવાથી લખ્યું છે, થવાથી નહીં. સંવર, નિર્જરા ને મોક્ષ તો થાય છે પણ જીવ તો અનાદિકાળનો મુકતસ્વભાવી મોક્ષસ્વરૂપે આત્મા બિરાજમાન છે. માટે ચૈતન્યમાત્ર સ્વભાવપણે ચૈતન્ય એટલે જ્ઞાન અને દર્શનમય આત્મા. જાણવું ને દેખવું એવો જ માત્ર એનો સ્વભાવ છે. પુણ્યને કરવું ને પાપને કરવું એવો મૂળ આત્માનો સ્વભાવ નથી. એ તો અજ્ઞાનથી, ભ્રાંતિથી એને કર્તાબુધ્ધિ રહી છે. એ જો આત્માના સ્વરૂપને અનુભવે તો કર્તાબુધ્ધિ છૂટી જાય. અને કર્તાબુધ્ધિ છૂટયા પછી પુણ્ય ને પાપના પરિણામ આવે ખરા. પણ હું કર્તા અને આ મારું કર્મ એમ કર્તા-કર્મની પ્રવૃત્તિ એની સાથે ન દેખાય. આત્માનું જ્ઞાન કર્મ થાય છે. આત્માનું જ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન નહીં. શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી.

આત્માનું જ્ઞાન એ જયારે આત્માનું કર્મ થાય છે, કર્મ એટલે કાર્ય. ત્યારે પુણ્ય ને પાપના પરિણામ એ જ્ઞાનનું જ્ઞેય થાય છે. પણ એ આત્માનું કર્મ બનતું નથી. ઝીણી વાત છે, સૂક્ષ્મ વાત છે. આ લંડનમાં આવી સૂક્ષ્મ વાત! ભાઈ ! આત્મા સૂક્ષ્મ છે અને સૂક્ષ્મ વાત કરીને કાઢી નાખવા જેવી નથી. સૂક્ષ્મ એટલે ઊંચી. સૂક્ષ્મ એટલે ન સમજાય એમ નહીં. પણ સમજવા જેવી.જરા માનસિક એકાગ્રતા કરી અને શ્રવણ કરવા જેવું છે. (મુમુક્ષુ :- શાસ્ત્રનું જ્ઞાન અને આત્માના જ્ઞાનમાં એ કાંઈ તફાવત નથી...) શાસ્ત્રનું જ્ઞાન તે ઈન્દ્રિયજ્ઞાન છે અને આત્માનું જ્ઞાન તે અતીન્દ્રિયજ્ઞાન છે. શાસ્ત્ર તરફના વલણવાળા ઈન્દ્રિયજ્ઞાનમાં આકુળતા એટલે દુઃખ થાય છે. ત્યારે શું શાસ્ત્ર વાંચવાનું છોડી દેવું? એમ પ્રશ્ન તો થાય. છોડવા ન છોડવાની વાત નથી. એનું સ્વરૂપ શું છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજવું જોઈએ. આ સ્વરૂપ સમજવાની વાત છે.

કરવું, ન કરવું, છોડવું, ગ્રહવું, મુકવું એની વાત નથી. એ શાસ્ત્ર તરફ વલણ જાય છે ને એમાં એને વિકલ્પ ને શુભભાવની પ્રગટતા થાય છે. એ ઈન્દ્રિયજ્ઞાન છે, એ બહિર્મુખજ્ઞાન છે. જે ઈન્દ્રિયજ્ઞાન વડે આત્મા અનુભવમાં આવી શકતો નથી. માટે ઈન્દ્રિયજ્ઞાન પણ હેય છે. જેમ પુણ્ય-પાપના પરિણામ હેય છે એમ ઈન્દ્રિયજ્ઞાન પણ હેય છે. ત્યારે હવે શું કરવું? કે આત્માનું જ્ઞાન કરવું. કરવાની વાત તો છે કે આત્માનું જ્ઞાન કરો અને પરને પ્રસિદ્ધ કરનારું એવું ઈન્દ્રિયજ્ઞાન એને આત્મસન્મુખ થઈને રોકો. ઈન્દ્રિયજ્ઞાન પણ જીતવા જેવું છે. વિષય અને કષાય બેને જીતવાનું સર્વજ્ઞ ભગવાનનું ફરમાન છે. વિષય એટલે પર પદાર્થને જાણવાની અભિલાષા. પર પદાર્થને જાણવાની અભિલાષા, ઈચ્છા. એનું નામ વિષય છે. એનાથી આત્મા દુઃખ ભોગવે છે. અને કષાય એટલે પુણ્ય-પાપના પરિણામને હું કરું એવો જે અભિપ્રાય એનું નામ કષાય છે. વિષય અને કષાય. વિષય એટલે પર પદાર્થને જાણવાની અભિલાષા, ઈચ્છા એનું નામ વિષય. અને પરભાવ અને પરદ્રવ્યનો હું કરનાર છું એવો અભિપ્રાય એનું નામ કષાય. એ બે ભાવને જીતીને ભગવાનઆત્માનું અવલંબન લ્યે ત્યારે અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયઆનંદ પ્રગટ થાય છે.

આવું એક ભેદજ્ઞાન કરીને આત્માની ઓળખાણ કરવા જેવી છે. આત્માના અનુભવ વિના જીવ ચારગતિમાં રખડી રહ્યો છે. એને એક સમય પણ સ્વાનુભવ દશા પ્રગટ થઈ નથી. આ આત્માના અનુભવથી ધર્મની શરૂઆત થાય છે. અને અનુભવથી વૃદ્ધિ અને અનુભવથી પૂર્ણતા થાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' પરમાર્થ એટલે સત્યાર્થ મોક્ષમાર્ગનો પંથ એ તો શુદ્ધાત્માનું અવલંબન લેતાં જ થાય છે. પરનું અવલંબન છૂટી જાય છે, આત્મા આત્માનું અવલંબન લ્યે છે. આત્માને, આત્મા વડે, આત્મામાંથી, આત્મા માટે જાણે છે. ત્યારે એને આત્માનો અનુભવ થાય છે. અને અનુભવ દશાનું નામ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ વીતરાગી પરિણામ છે. રાગથી ત્રણકાળમાં ધર્મ ન થાય. પછી ગમે તે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુભભાવ હોય એ ધર્મનું કારણ નથી. એને કહે છે કે અશુચિ, અપવિત્ર પરિણામ છે.

પછી નીચે દુઃખનું કારણ કહેશે. આત્મા તો સદાય ત્રણેકાળ હંમેશને માટે અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણાને લીધે, ચૈતન્યમાત્ર કેમ કહ્યું? કે સ્વભાવમાં પુણ્ય-પાપનો અભાવ છે. સ્વભાવભાવમાં પુણ્ય-પાપના પરિણામનો અભાવ છે. જેમ કપડામાં ઉપર મેલ છે પણ મેલનો કપડાના સ્વભાવમાં અભાવ છે. એમ આ ખાંડ છે (એ) ખાંડમાં મેલ પણ છે અને ગળપણ પણ છે. પણ મેલ હોવા છતાં પણ કંદોઈ લોકો એને તાવડા ઉપર ચડાવે, પાણી નાખે ઉકાળે તો મેલ નીકળી જાય છે. તો એમ નક્કી થાય છે કે જે નીકળી જાય છે એ ચીજ એની નથી. એ ખાંડનો સ્વભાવ નથી. કોઈ ખાંડમાંથી ગળપણ કાઢી ન શકે પણ મેલ તો કાઢી શકાય છે. એમ આ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મામાંથી કાંઈ જ્ઞાનનો અભાવ કરી ન શકાય. પણ રાગ-દ્વેષનો તો અભાવ થઈ શકે છે કેમ કે એ મેલ છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપના પરિણામ મલિન અને મેલ છે. એ શુધ્ધાત્માનું ધ્યાન કરતાં અંદર આત્માની ભાવના કરતાં 'એકાગ્ર ચિંતા નિરોધ ધ્યાનમ' એમ અંદરમાં પેસતાં, ઉપયોગ અંદરમાં આત્મામાં જોડતાં ઉપયોગને આત્મામાં જોડવો તેનું નામ યોગ કહેવાય અને એ પરિણામને આત્મામાં અભેદ કરવામાં આવે તો તેને યોગી કહેવાય.

એમ યોગ એટલે ઉપયોગ જે પરસન્મુખ જાય છે એ ઉપયોગને બહારથી પાછો વાળીને આત્મામાં જોડી દેવો. ઉપયોગને આત્મામાં જોડવો તેનું નામ યોગ છે. અને આત્મામાં ઉપયોગ જોડવો એનું નામ ધ્યાન છે. અને એ ઉપયોગમાં આત્માને જ્ઞેય બનાવવો એનું નામ જ્ઞાન છે. આહા !

ઉપયોગ બહાર ભટકે છે. ઘડીકમાં અહીંથી સુખ લેવું, ઘડીકમાં અહીંથી, ઘડીકમાં પીકચર જોઈને સુખ, ઘડીકમાં ટી.વી. જોઈને સુખ, ઘડીકમાં ટેપરેકર્ડ સાંભળીને સુખ, ઘડીકમાં છાપુ વાંચીને સુખ, ઘડીકમાં દુકાને જાઉં તો સુખ એમ સુખ માટે એનો ઉપયોગ ચારે બાજુ ભમે છે. જ્ઞેયથી જ્ઞેયાંતર, જ્ઞેયથી જ્ઞેયાંતર, જ્ઞેયથી જ્ઞેયાંતર. કોઈ એમ કહે કે ભઈ મને તો ટી.વી. જોવાથી સુખ મળે છે. તો આપણે કહીએ કે ભલે ખુશીથી તમે જુઓ. જ્યાં અડધો કલાક, કલાક, બે કલાક થાય (ત્યાં કહેશે કે) હવે બંધ કરો. કાં? ટી.વી. જોવાથી સુખ હતું ને? શું થયું? પછી કહે મને જમવામાં આજે ખાસ કરીને મને દુધપાક પૂરી ભાવે છે. અને એ ખાઉં તો સુખ મળે. જ્યાં એક વાટકો ને બે વાટકા ખાય અને જ્યાં ત્રીજો વાટકો (આપે ત્યાં કહે કે) હં..... મને ઉલટી થશે રહેવા દયો. પણ કાં? તું કહેતો'તો કે દુધપાક ખાવાથી હું સુખી થાઉં. તો જેમાં સુખ મળે એનો જીવ નકાર કેમ કરે? એમ નકાર ન કરે. જેમાં એને સુખની પ્રાપ્તિ થાય એનો નકાર ન હોય.

એમ સવારથી સાંજ સુધી એની ચર્યામાં ક્યાંય એની સ્થિરતા નથી. ક્યાંય ઉપયોગ સ્થિર થતો નથી, ટકતો નથી. સવારે નવ વાગ્યે ઓફીસે જાય અને જ્યા સાંજના સાડા પાંચ થાય થાકીને ટેં' થઈ ગયો. હવે દુકાન બંધ કરો, ગ્રાહક આવે તોય નથી જોઈતા. શું થયું? કાં પૈસા કમાવામાં સુખ હતુંને? શું કામ દુકાન બંધ કરો છો? ગ્રાહક તો ચાલુ છે. પણ એને ત્યાં થકાવટ લાગે છે. થાક લાગે છે.

અધર્મના પરિણામ એનું સ્વરૂપ થાક અને દુઃખ છે. અને ધર્મના પરિણામમાં કિંચિત્માત્ર દુઃખ નથી. સિધ્ધપરમાત્મા સાદી અનંતકાળ સુખને ભોગવે છે. પણ એને થાક લાગતો નથી. સ્વભાવમાં થાક ન હોય, વિભાવમાં થાક હોય. પુણ્ય ને પાપના પરિણામ વિભાવ છે. એ આત્માના સ્વભાવભાવ નથી. આ મૂળ વાત સમજવા જેવી છે. આ વાત તો જિનેન્દ્રભગવાન સિવાય ક્યાંય છે પણ નહીં. પછી આનું સાંભળો ને આનું સાંભળો ને આનું સાંભળવું ને આનું સાંભળવું. સાંભળવામાંય વિવેકનું ઠેકાણું નહીં. આહાહા! બધાયનું સાંભળવું.

અરે ભાઈ ! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય શુધ્ધઆત્માનું સ્વરૂપ કોઈ જાણતું નથી અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો અનુભવ કેમ થાય એના સિવાય કોઈ આત્માનું સ્વરૂપ કહી શકે જ નહીં. એ બધી કલ્પનાની વાતો છે. આત્મા આવો છે ને આત્મા આવો છે. અમે ધ્યાનમાં બેસીએ છીએ ત્યારે આજ તો અમે પ્રકાશ જોયો. પ્રકાશ તો પુદ્દ્ગલની પર્યાય છે. આત્મા તો અરૂપી છે એનો પ્રકાશ ન હોય. કાં કહે મને આજ તો બહુ શાંતિ થઈ. ભાઈ ! એ માનસિક શાંતિ છે. એ આત્મિક શાંતિ નથી. એ કષાયની જરાક મંદતા એને થઈ જાય ને તો ધ્યાનમાં એને શાંતિ લાગે છે. એમ જયાં ને ત્યાં ઊંધે આડે રવાડે ચડી અને એ ધર્મના નામે છેતરાણો છે. અનાદિકાળથી છેતરાય છે.

પણ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલું શુધ્ધાત્માનું જેવું સ્વરૂપ (એને) જેણે પ્રત્યક્ષ જાણ્યું, કેવળજ્ઞાનમાં અને વાણીમાં આવ્યું એવું સ્વરૂપ આ જગતમાં બીજે કયાંય છે નહીં. એ અહીંયા આચાર્ય ભગવાન ફરમાવે છે કે ભાઈ ! આ કોઈ વાડાની વાત નથી. આ તો આત્માની વાત છે. અને આત્માને આશ્રયે ધર્મ થાય. એ વાણીયાને ધર્મ થાય અને લોહાણાને ન થાય, મુસલમાનને ન થાય એમ નહીં, બધા આત્મા છે. જે કોઈ આત્માનું અવલંબન લ્યે એને ધર્મ થાય. કોઈ નાત અને જાત કોઈ આમાં ધર્મ કરવામાં બાધ નથી. આત્માના ધર્મની વાત ચાલે છે. પણ જેનું ધ્યાન કરવાનું છે એના સાચા સ્વરૂપની જ ખબર ન હોય તો ધ્યાન કયાં અને કેનું કરવું?

ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના ત્રણ કાળમાં ધર્મ-ધ્યાન પ્રગટ થઈ શકે નહીં. જેનું ધ્યાન કરવું છે આત્માનું અને આત્માનું સાચું સ્વરૂપ શું એ તો કોઈ જાણે નહીં. અને કલ્પનાથી આત્મા આવો અને આત્મા આવો. અહીંયા શરૂઆતમાં આચાર્ય ભગવાન ફરમાવે છે કે, અમે સર્વજ્ઞ ભગવાને કહેલી વાત, ગણધરોએ કહેલી વાત, શ્રુતકેવળીઓએ કહેલી વાત, અમારા ગુરુપર્યંત અમને જે વાત મળી છે એ અમે અમારા અનુભવના આનંદના વેદનની સાથે આ શાસ્ત્ર લખીએ છીએ. તમે પણ પ્રમાણ કરજો, અનુભવ કરીને પ્રમાણ કરજો. કહે છે કે આ આત્મા, બધાનો આત્મા પવિત્ર, સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવપણે, માત્ર શબ્દ કેમ કહ્યો? કે પુણ્ય ને પાપના પરિણામ આત્માના સ્વભાવમાં નથી. બહાર છે ઉપર ઉપર તરે છે. જેમ પાણીમાં તેલનું ટીપું ઉપર ઉપર હોય પ્રવેશ પામે નહીં. એમ પુણ્ય-પાપના પરિણામ પર્યાયમાં હાલતમાં છે (પણ) દ્રવ્ય સ્વભાવમાં પુણ્ય-પાપ નથી. પણ શું દ્રવ્ય સ્વભાવ અને શું પર્યાય? આહાહા! અરૂણભાઈ! એટલોય ટાઈમ મળે નહીં? જૈનમાં જનમ્યા પછી પણ..આ તો જનરલ વાત છે હોં ! (મુમુક્ષુ :- નવરાશ ન મળે.) રુચિ હોય તો નવરાશ મળે.

એક વખત રાજકોટમાં એ પ્રકારનો પ્રશ્ન થયો કે એક ભાઈ ઉદ્યોગનગરમાં ફેકટરીમાં સર્વીસ કરવા જાતા હતા. સવારે આઠ વાગ્યે સાયકલ ઉપર જાય. સાધારણ સ્થિતિના માણસ. મોટર બોટર ન મળે. સવારે આઠ વાગ્યે સાયકલ ઉપર જાય અને બપોરે બે કલાક એને ટાઈમ મળે (ત્યારે) જમવા આવે. જમીને પાછા ચાલ્યા જાય રાત્રે આઠ વાગ્યે છૂટે. રવિવારનો રજાનો દિવસ હતો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાત્રિ ચર્ચામાં એ ભાઈ આવ્યા. એણે પ્રશ્ન કર્યો, કે ગુરુદેવ મારે ધર્મ તો કરવો છે. પણ મને ટાઈમ મળતો નથી. આ તમે પ્રશ્ન કર્યો ને? કે મને વખત મળતો નથી. કહે શું તમારો કાર્યક્રમ છે? કેમ વખત મળતો નથી? પછી એણે એમ કહ્યું કે સવારના આઠથી રાત્રે આઠ વાગ્યા સુધી ગદધા મજુરી કરું છું. સમજી ગયા? બધા ગદધા મજુરી જ કરે. કહે એમાં ટાઈમ મળતો નથી. ઠીક. તો તમે એમ કરો તમે કેટલા વાગ્યે સવારે ઊઠો છો? કહે કે સવારે લગભગ સાડા છ સાત વાગ્યે ઊઠું છું. અને આઠ વાગ્યા સુધીમાં તૈયાર થઈને નીકળી જાવ છું. તો કાલથી તમે પાંચ વાગ્યે ઊઠો. કેમ કે બાળકો બધા સૂતા હોય. ઘરમાં બધી શાંતિ હોય. સાડા છ ને બદલે પાંચ વાગ્યે ઊઠો. પાંચ વાગ્યે ઊઠીને તમારો સ્વાધ્યાય તમે નિરંતર એક કલાક કરી લ્યો. કોઈ તમને નડશે નહીં. એટલે કહેવાનો આશય એ છે, કે જેને રુચિ હોય એને ટાઈમ મળે, મળે ને મળે જ. પણ જ્યાં રુચિ જ નહીં ત્યાં ખોટા બહાના છે. આહાહા !

અરે માંડ આ મનુષ્યભવ મળ્યો છે, એમાંય જૈનદર્શન મળવું દુર્લભ, એમાંય સર્વજ્ઞ ભગવાનની વાણી કાન ઉપર આવવી, અનુભવી સંતોની વાણી કાન ઉપર આવવી એ તો ચક્રવર્તી કરતાંય પુણ્ય વધી ગયું હોય, ત્યારે એ સર્વજ્ઞ ભગવાનની વાણી કાન ઉપર આવે. એટલું પુણ્ય હોય તો. હવે એ પણ પુણ્ય મળ્યું. અને વાત પણ સાંભળવા મળી. પણ વાત સાંભળીને એનો વિચાર કરી અને એનો નિર્ધાર કરવો જોઈએ. નિર્ણય કરવો જોઈએ. અને નિર્ણય કરીને એને વાતને પ્રયોગમાં મુકવી જોઈએ. તો એને આત્માનો અનુભવ પંચમકાળમાં થઈ શકે છે. આત્માનો અનુભવ થઈ શકે છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું છે, કે ધર્મ-ધ્યાન થઈ શકે છે. અત્યારે શુકલ ધ્યાન નથી. શ્રેણી માંડે અને કેવળજ્ઞાન થાય એ પ્રકારની અત્યારે જીવની યોગ્યતા નથી. બળહીન છે.

આત્મા સદાય, સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે. આહાહા! આત્મા પવિત્ર છે. પુણ્ય-પાપના પરિણામ અપવિત્ર અને આત્મા પવિત્ર બેય એક સાથે રહેલાં છે. પણ બેય એક થતાં નથી. ટ્રેઈનના બે પાટા હોયને આમ સાથે સાથે ચાલ્યા જાય પણ પાટા કોઈ દિ' એક થાય? તો તો એકસીડન્ટ થઈ જાય. પણ એમ તો થાય નહીં. એ જુદા જુદા ભલે બાજુ બાજુમાં હોય પણ જુદા જુદા છે. એમ આ ભગવાનઆત્મા જીવતત્ત્વ, નવ તત્ત્વમાં એક જીવતત્ત્વ એ અતિનિર્મળ પવિત્ર પરમાત્મા છે. અને આસ્રવતત્ત્વ એની દશામાં પુણ્ય ને પાપના પરિણામ થાય છે એ આસ્રવતત્ત્વ છે. બે સાથે સાથે છે પણ બે એક થવા અશકય છે. આત્મા પુણ્ય-પાપરૂપે ન થાય અને પુણ્ય-પાપના પરિણામ આત્મારૂપે ન થાય. એ બે તત્ત્વ ભિન્ન ભિન્ન છે.પણ બેની ભિન્નતા ભાસતી નથી. બે એક જેવા લાગે છે. પણ એક છે નહીં. માટે જુદા છે તો જુદાનું ભાન બરાબર થઈ શકે છે. માટે અત્યંત શુચિ જ છે પવિત્ર છે, ઉજ્જવળ છે. હવે એક બોલ થયો. બે બોલ બાકી છે. આસ્રવ અને જડપણું. વખત થઈ ગયો. સવા નવ એક કલાક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૪
## તા. ૯-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૨ ઉપર પ્રવચન

આ એક શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તે આજથી બે હજાર વર્ષ પૂર્વે સમર્થ આચાર્ય કુંદકુંદ ભગવાન થઈ ગયા છે. જેનું સ્તુતિમાં ત્રીજું નામ છે. 'મંગલમ ભગવાન વીરો, મંગલમ ગૌતમો ગણી, મંગલમ કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ' એવા એક સમર્થ આચાર્યનું બનાવેલું આ સમયસાર નામનું શાસ્ત્ર છે. જેમાં નવ તત્ત્વનો વિસ્તાર છે. નવતત્તવનું સ્વરૂપ જ આમાં નિશ્ચયનયની પ્રધાનતાથી વર્ણન કર્યું છે.

સમયસાર એનો એવો અર્થ છે કે સમય એટલે આત્મા અને સાર એટલે જે રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણ આદિ દ્રવ્ય કર્મ, શરીર આદિ નોકર્મ એ ત્રણ પ્રકારના સંયોગથી ભિન્ન એક ચૈતન્યમૂર્તિ આત્મા અંદર બિરાજમાન છે તે સાર એટલે ઉપાદેય છે. સમયસાર એટલે શુધ્ધાત્મા ઉપાદેય છે કે જે ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મથી રહિત છે. એવો એક શુધ્ધાત્મા અંદરમાં બિરાજમાન છે. એને કર્મકૃત શરીરથી ભિન્ન, કર્મકૃત એવા જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મથી જુદો અને કર્મકૃત એવા જે પુણ્ય ને પાપના પરિણામ છે એનાથી જુદો અંદર ચૈતન્યમૂર્તિ આત્મા બિરાજમાન છે. એની અંતરદષ્ટિ કરીને એનું લક્ષ કરીને શુધ્ધાત્માને અનુભવવો એનું નામ ધર્મ છે.

ધર્મની શરૂઆત શુધ્ધાત્માની અનુભૂતિથી થાય છે. પાપના પરિણામ અનંતવાર જીવે કર્યા. નરક નિગોદમાં તિર્યંચમાં ગયો. પુણ્યના પરિણામ અનંતવાર કર્યા અને મનુષ્ય થયો અને દેવગતિમાં પણ ગયો. પણ ધર્મ એણે એક સમયમાત્ર કર્યો નથી. જો ધર્મના પરિણામ કર્યા હોત, શુધ્ધાત્માનો અનુભવ કર્યો હોત તો એની સ્થિતિ અહીંયા ન હોત પણ મોક્ષમાં હોત. માટે કંઈપણ કર્તવ્ય હોય, કરવા જેવું કાર્ય હોય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ જે વીતરાગી પરિણામ છે, જે સુખરૂપ અને હિતરૂપ છે, એ પોતાના શુધ્ધાત્માનું અવલંબન લઈ અને એવા પરિણામ પ્રગટ કરવા એને પરમાત્મા ધર્મ દશા કહે છે. એનું બીજું નામ સામાયિક છે, એનું બીજું નામ પ્રતિકમણ, પ્રત્યાખ્યાન, આલોચના છે. એનું નામ સંવર, નિર્જરા અને તપ છે. એ જે કહો તે શુધ્ધાત્માના અનુભવના બધા જુદા જુદા નામો છે. નામાંતરો છે. શુધ્ધાત્માનો અનુભવ જીવે એક સમય માત્ર કર્યો નથી. એકલો રાગનો અનુભવ કર્યો છે. રાગાનુભૂતિ કરી છે પણ શુધ્ધાત્માની અનુભૂતિ એને એક સમય માત્ર થઈ નથી.

જયારે શુધ્ધાત્માનો આત્માને અનુભવ થાય છે ત્યારે તે જીવને સમ્યગ્દર્શન થાય છે. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભવના અંતનું એક બીજ આવી જાય છે. અલ્પકાળમાં બે, ચાર, પાંચ ભવમાં તો મોક્ષ થઈ જાય છે. એવી અપૂર્વ વાત જગતના જીવોને સાંભળવા પણ મળે નહીં અને સાંભળવા ન મળે તો વિચાર કયારે કરે, નિર્ણય કયારે કરે, એનો અનુભવ કયારે કરે. એવી એક અપૂર્વ ચીજ આપણા ઉપકારી ગુરુદેવ કાનજીસ્વામી સોનગઢમાં થયા. તેણે ૪૫-૪૫ વર્ષ સુધી આ શુધ્ધાત્માનો ઉપદેશ આપ્યો. અને એ અનુસાર ઘણા જીવોએ સાંભળીને એનું યથાશકિત ગ્રહણ કર્યું. એ વાત એ કહી ગયા છે એ વાત, કહેલી વાત ફરી-ફરી આપણે સ્મરણમાં લાવી અને આપણે એનું ઘુંટણ કરીએ છીએ.

એમાં એક કર્તા-કર્મ અધિકારની બૌંતેર નંબરની ગાથા છે. તેમાં શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ અનંતકાળથી આ પુણ્ય ને પાપના પરિણામ કર્તાબુધ્ધિએ કર્યા અને એનું ફળ દુઃખ મેં ભોગવ્યું. સ્વર્ગમાં જઈને પણ એકાંતે દુઃખ ભોગવ્યું છે. સ્વર્ગમાં પણ સુખ ભોગવ્યું નથી. કેમ કે સંયોગ અને સંયોગી ભાવ એમાં કિંચિતમાત્ર આત્મિક સુખ નથી. સુખ આત્મામાં રહેલું છે અને એ શુધ્ધાત્માનું લક્ષ કરતાં, અંતરધ્યાન કરતાં, એકાગ્ર થતાં અંતરમાં આત્માનો અનુભવ આવે છે. એવી દશા એક સમયમાત્ર કરી નથી. પ્રભુ! એ આત્માનો અનુભવ મને કેમ થાય અને રાગનું વેદન દુઃખ મને કેમ છૂટી જાય એવો એક શિષ્યનો પ્રશ્ન છે.

એના ઉત્તરમાં એ ભેદજ્ઞાનની કળા બતાવે છે. ભેદજ્ઞાન એટલે વિવેક. વિવેક કહો કે ભેદજ્ઞાન કહો. એમાં ત્રણ બોલથી સિધ્ધ કરે છે કે, ભગવાનઆત્મા પવિત્ર છે અને આ પુણ્ય ને પાપના પરિણામ બે અશુચિ અર્થાત અપવિત્ર ભાવો છે. પવિત્રભાવનું ગ્રહણ કરતાં અપવિત્રભાવ છૂટી જાય છે. પહેલાં પાપની રુચિ છૂટે છે પછી પુણ્યની રુચિ છૂટી જાય છે. પાપ અને પુણ્ય બે પ્રકારના ભાવોની રુચિ છૂટે છે. અને પુણ્યના પરિણામ રહી જાય છે પણ પુણ્યની રુચિ રહેતી નથી. પુણ્યના ફળો ભલે આવી મળે પણ એના પ્રત્યે જ્ઞાની ઉદાસ છે. અને આત્માની અપેક્ષા રહેલી છે. નિરંતર આત્માનું લક્ષ કરતો આત્મા પુણ્ય-પાપના આવતા જતા પરિણામને માત્ર જાણે છે. પણ એ કરવા લાયક છે એવી કર્તૃત્વબુધ્ધિ છૂટી જાય છે. તો અહીંયા પ્રથમ ત્રણ બોલથી વાત કરે છે કે, ભગવાન આત્મા પવિત્ર છે. એની સામે પુણ્ય ને પાપના પરિણામ અશુચિ છે એટલે અપવિત્ર છે, મેલ છે, મળ છે. જેમ પાણી ઉપર શેવાળ હોય છે. પહેલી લીટીમાં દૃષ્ટાંત આપ્યું છે, કે પાણી ઉપર શેવાળ છે એ મળ અને મેલ છે. મેલપણે અનુભવાય છે.

એમ આ શુધ્ધાત્મા એની ઉપર ઉપર બહિર્મુખ દશામાં- દ્રવ્ય,ગુણ અને પર્યાય એ તો વસ્તુ ખાસ સમજવા જેવી છે. દ્રવ્ય કોને કહેવાય કે જે સોનું છે એને દ્રવ્ય કહેવાય. એમાં જે પીળાશ, ચીકાશ એ સોનાના ગુણો કહેવાય. અને એની જે અવસ્થા થાય એક પછી એક ઘાટ થાય એને પર્યાય કહેવાય. દ્રવ્ય, ગુણ અને પર્યાય. એમ આ આત્મા એક પદાર્થ છે. દ્રવ્ય નિત્ય છે અને દ્રવ્ય હોવાથી એનામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત અનંત શકિત એટલે ગુણો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહેલાં છે. દ્રવ્ય છે અને એમાં ગુણો રહેલાં છે. અને એ દ્રવ્ય અને ગુણોની સમયે સમયે અવસ્થા થાય છે. એનું નામ પર્યાય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. પર્યાય કહો, હાલત કહો, દશા કહો, પરિણામ કહો એ બધા પ્રકારો પર્યાયના છે.

તો અહીંયા આત્મા દ્રવ્ય સ્વભાવે ભગવાન છે અને વર્તમાન પરિણામમાં અનાદિકાળથી પોતાના સ્વભાવને ચૂકીને પરભાવ અને પરદ્રવ્ય મારા છે એમાં મોહ ને મમતા કરતો આત્મા પુણ્ય ને પાપરૂપે પરિણમતો છે. એ મેલ અને અપવિત્ર ભાવ છે. એ દુઃખદાયકભાવ છે, એમ આગળ કહેશે. તો એ પવિત્ર અને અપવિત્ર. પવિત્ર દ્રવ્યસ્વભાવ છે. અપવિત્ર વર્તમાન પુણ્ય-પાપના પરિણામ છે. એ સમકક્ષાએ અપવિત્ર છે. પાપના પરિણામ અશુભભાવ હિંસા, જૂઠ, ચોરીના ભાવ પણ અપવિત્ર છે. અહિંસા આદિના પરિણામ પુણ્યભાવ એ પણ અપવિત્ર છે. પવિત્રભાવ નથી. કેમ કે એ આત્માનો વિકૃતસ્વભાવ છે, વિરૂદ્ધસ્વભાવ છે. આત્માના સ્વભાવની જાતથી વિપરીત સ્વભાવ છે. એ બધા બગડેલા ભાવો છે. એ અપવિત્ર છે. પવિત્ર પોતાનો શુદ્ધાત્મા અંદર બિરાજમાન છે અને બહિર્મુખ લાગણીથી અવ્રતના ભાવ થાય તે પાપભાવ છે અને વ્રતાદિના ભાવ થાય છે તે પુણ્યભાવ છે. એ અવ્રત ને વ્રત બે પ્રકારના પરિણામ એ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એને અપવિત્ર કહે છે. એ વિભાવભાવ છે. આત્માનો સ્વભાવભાવ નથી. કેમ કે એનાથી નવા કર્મ બંધાય છે પણ એનાથી નિર્જરા થતી નથી.

માટે એ બે પ્રકારની વાત પહેલા બોલમાં આવી કે ભગવાનઆત્મા પવિત્ર છે અને પુણ્ય-પાપના આસ્રવો. આસ્રવોના બે પ્રકાર પુણ્યઆસ્રવ અને પાપઆસ્રવ. હવે દ્રવ્ય, ગુણ ને પર્યાય એટલુંય જ્ઞાન નહીં. નવ તત્ત્વના નામ ન આવડે. નવ તત્ત્વના ભાવ શું એ કાંઇ ખબર નહીં. બાકી બસ્સો જાતનું કાપડ હોય એના નામ આવડે. ઝવેરચંદભાઇ! અને એની ખરીદભાવની ખબર હોય. અને એના ઉપર આ છ મહીને વેચાણ થાય છે તો આટલો ખર્ચો ચડી ગયો. એ ખર્ચો ઉમેરીને, નફો ઉમેરીને એકદમ ભાવ કહેવામાં આવે. આ કેલ્કયુલેટર છે. એમાં કાંઇ વેપારીને ચોપડો જોવાની જરૂર ન પડે. એટલી યાદશકિત એમાં રહે છે. અને જે પોતાનું પરમહિત થાય એવા સર્વજ્ઞ ભગવાને કહેલા છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ શું એની કાંઇ ખબર નથી. દ્રવ્ય કોને કહેવાય? ગુણ કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? ઉપાદાન શું? નિમિત્ત શું? નિશ્ચય શું? વ્યવહાર શું? કાંઇ ખબર નહીં. છે તો થોડુંક જ. બહુ થોડા ટાઇમમાં આ અભ્યાસ થઇ શકે એવું છે. બહુ થોડા ટાઇમમાં અભ્યાસ થાય. ઓછામાં ઓછા ત્રણ મહિના અને વધારેમાં વધારે છ મહિને બધો અભ્યાસ પૂરો થઇ જાય.

અહીંયા કેન્યામાં અને લંડનમાં તો દસ દસ વર્ષ ભણે અને પછી પાછા પાસ થાય તો ડીગ્રી માટે જાય અમેરિકા. આ જયેશ જવાનો છે. જયેશ બેઠો છે. હવે એમાં ટાઇમ કાઢે. એમાં ટાઇમ મળે અને એમાં ખર્ચ ગમે તેટલો થાય તોય કાંઇ વાંધો નથી. કેમ કે બાપને પાછો દીકરો કમાયને આપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઈ લોભ છે. મૂળ તો એમાંય બધાને સ્વાર્થ હોય. બીજું કાંઈ વાતમાં માલ નથી. સંતો તો ત્યાં સુધી કહે છે કે આ બધું કુટુંબ પરિવાર એ ધુતારાની ટોળી છે. એવો પાઠ છે. આહા ! બધા સ્વાર્થના સગા છે. બીજું કાંઈ એમાં વાતમાં માલ નથી. તો એને એ ભણવાનો ટાઈમ મળે. પણ ઘરે કલાક, બે કલાકનો ટાઈમ ન મળે. એટલે એમ ને એમ જીંદગી પૂરી થઈ જાય. અને આયુષ્ય પૂરું થઈ જાય. માંડ મનુષ્યભવ મળ્યો છે. જૈનદર્શન મળ્યું કાંઈક સાંભળવાનું મળ્યું, જ્ઞાનીનો યોગ થયો, એનું સાહીત્ય મળ્યું પણ વાંચવાનો ટાઈમ નહીં.

એક વખત હું કલકત્તા ગયો હતો. તો એક ભાઈને ત્યાં સાંજે જમવા ગયો. તો મેં પૂછયું કે સાંજે આઠથી નવ આપણે સમયસાર લેવું છે તો કબાટમાંથી સમયસાર આપો. તો સમયસાર તો આપ્યું પણ પાના બંધ હતા. આમ ખોલ્યું તો પાના ખુલે નહીં. મેં કીધું કેમ ભાઈ આ સમયસાર વાંચ્યું નથી? તો કહે ના, કબાટમાં રાખ્યું છે. આહાહા!

હવે આમાં- એક બનાવ એવો બન્યો કે બે મિત્ર હતા નિર્ધન. એમાં એક બાવો થઈ ગયો. બાવો થઈ ગયા પછી કાંઈક તપ કર્યું અને એમાં કાંઈક સોનું બનાવવાની રિધ્ધિ મળી. લોઢા ઉપર વનસ્પતિનું પાણી નાખે તો સોનું થઈ જાય. પછી ન્યાં આવ્યો તો પછી એ મિત્રને કહે કે આ એક ચોપડી આપી જાવ છું. તમે લોઢા ઉપર નાખીને આનું સોનું બનાવી લેજો. તમે ધનવાન થઈ જશો. બાર મહિના પછી એને વિચાર આવ્યો કે લાવ મારા મિત્રને જોઉં તો હવે તો મોટર ને બંગલામાં રહેતા હશે. એ ચોપડી એણે સાચવીને બરાબર તાળા ચાવીમાં રાખી હતી. ઊઘાડી નહીં, વાંચી નહીં, કાંઈ અભ્યાસ કર્યો નહીં, પ્રયોગ કર્યો નહીં. કહે ભાઈ આ શું થયું? મારી વિદ્યા ખોટી? તો કહે, ના, તમારી વિદ્યા સાચી હશે પણ મેં કાંઈ ચોપડી ખોલીને જોયું નથી.

એમ આ સમયસાર શાસ્ત્ર ભગવાન થવાનું શાસ્ત્ર છે. ભાગવતી શાસ્ત્ર, દૈવીશાસ્ત્ર. જે આ સમયસાર શાસ્ત્ર આપણા ઉપકારી પૂજય ગુરુદેવને પણ નિમિત્ત થયું, શ્રીમદ્ રાજચંદ્રજીને પણ નિમિત્ત થયું. એમ ટોડરમલજી સાહેબ, બનારસીદાસ, દીપચંદજી પૂર્વે રાજમલજી જેટલા જેટલા જ્ઞાનીઓ હમણાં થયા ત્યાં પૂર્વમાં તપાસ કરીએ છીએ તો એમને સમયસાર શાસ્ત્ર મુખ્યપણે નિમિત્ત થાય છે. ચાર અનુયોગ નિમિત્ત થાય છે, જિનવાણી જ છે. પણ દ્રવ્યાનુયોગનું જે શાસ્ત્ર છે એ તો અપૂર્વ છે. એમાં ભેદજ્ઞાનનો મંત્ર રહેલો છે. રાગ ભિન્ન અને જ્ઞાન ભિન્ન. બે તત્ત્વ ભિન્ન ભિન્ન છે. જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ બે થઈને એક જીવતત્ત્વ થતું નથી. જીવતત્ત્વ જ્ઞાનમય છે અને આસ્રવતત્ત્વ અપવિત્ર છે. જડ છે અને દુઃખનું કારણ છે એમ આમાં ત્રણ બોલ આવશે. એમાં એક બોલ આપણે પૂરો થયો. હવે બીજો બોલ.

આસ્રવોને એટલે દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ એ જડસ્વભાવ છે. ચેતન હોવાની એને ભ્રાંતિ થઈ છે. પણ એ પરિણામ ચેતનના નથી, ચેતનની જાતના નથી, ચેતનની સાથે મળતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવતા નથી. આત્મામાં જાણવાની શકિત છે. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ કે વ્રતાદિના પરિણામ કે ઉપવાસના પરિણામ શુભભાવ વિકલ્પ (છે.) એ બધા જડભાવો છે. હવે આ સાંભળવાનું જ મળે નહીં (તો) કે દિ' વિચારે, કે દિ' નિર્ણય કરે અને કે દિ' આત્માનો અનુભવ કરે. ટાઈમ કાઢવો જોઈએ. આમાં એકલું શાશ્વત સુખ મળે, સ્વાધીન સુખ એવી આમાં કળા લખેલી છે. આસ્રવોને જડ સ્વભાવપણું. આસ્રવ એટલે પુણ્યઆસ્રવ અને પાપઆસ્રવ. આસ્રવો એટલે આગંતુકભાવો. નવા નવા કૃત્રિમ ભાવ ઊભા થાય. આગંતુક. જેમ મહેમાન આવે, ઝવેરચંદભાઈને ત્યાં લાલચંદભાઈ આવ્યા. પણ મહેમાન તરીકે આવ્યા છે. મહેમાન તરીકે છે ને?

એમ આ આસ્રવો પુણ્ય-પાપના પરિણામ એ મહેમાન છે, એ ઘરનું માણસ નથી, ઘરનું સભ્ય નથી, કાયમ રોકાવાના નથી. ક્ષણિક. એક સમયમાં ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ ભાવો કૃત્રિમ બહિર્મુખ લાગણી ઊભી થાય અને ફટ એ મરી જાય. કેમ કે આસ્રવોનું આયુષ્ય એક સમયનું છે. શુભભાવ પણ એક સમયનો, અશુભભાવ પણ એક સમયનો. ક્ષણમાં ઊભો થાય અને ક્ષણમાં પાછો નાશ થાય. અને આત્મા અવિનાશી છે. આસ્રવો અનિત્ય છે, અધ્રુવ છે. અને આત્મા અંદરમાં બિરાજમાન ધ્રુવ ને અવિનાશીપદ છે. ધ્રુવ અવિનાશીની સામે જોયું નહીં. અને પુણ્ય ને પુણ્યના ફળ મીઠા લાગ્યા. એ બધા દુઃખદાયક ભાવ છે. એમાં વધારે દાહ ઉત્પન્ન થાય છે. વિશેષ વિશેષ વિષયોની વાંછા ઉત્પન્ન થાય છે. જેમ જેમ પુણ્યનો પ્રકાર વધે છે, ફળ વધે છે તેમ તેમ એમને વિષયોની વાંછા વધતી જાય છે.

અને જેવી રીતે એક જળો નામનું જીવડું, કીડો થાય છે. એકદમ શરીરમાં રોગ થઈ ગયો હોય સોજો, ખરાબ લોહી હોય તો એને ચૂસી લ્યે. ખરાબ લોહી ચૂસે, એને લાગે મીઠું પણ ચૂસતાં, ચૂસતાં, ચૂસતાં એનું મરણ થઈ જાય છે. ત્યાં સુધી ચૂસે. ચૂસનારની ચામડી ફાટી જાય ત્યાં સુધી ચૂસે. એમ આ પુણ્યના ફળમાં વિષયોની વાંછા એટલી બધી વધતી જાય છે અને વાંછાની તૃપ્તિ માટે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં કોઈ વખતે સ્પર્શ (ઈન્દ્રિયનો), કોઈ વખતે રસ ઈન્દ્રિયનો, કોઈ વખતે ઘ્રાણ ઈન્દ્રિયનો, એમ વિષયોની ઉપર જાવાં નાખે છે. વિષયોને મેળવવાની ઈચ્છા અને વિષયોને ભોગવવાની ઈચ્છા એમાં કયાંય એને તૃપ્તિ થતી નથી. કેમ કે એમાં આત્મિક સુખનો છાંટો નથી. ઉલટુ જેમ અગ્નિમાં પેટ્રોલ છાંટે એમ એની જવાળા વધતી જાય છે, દાહ વધતો જાય છે. આ પદાર્થ મેળવું ને આને ભોગવું, આને રાખું ને આને વધારું. એમ ચોવીસે કલાક પુણ્યના ફળમાં જીવ વધારે દુઃખી થાય છે. પાપની પ્રકૃતિના ઉદયમાં પ્રતિકુળ સંયોગ હોય ત્યારે તો ભગવાન યાદ પણ આવે. પણ પુણ્યના ફળમાં અનુકૂળતાના સંયોગમાં આત્મા તદ્દન ભૂલો પડી જાય છે. કેમ કે એમાં સુખ નથી અને સુખની ભ્રાંતિ થાય છે. ભગવાન એને સુખાભાસ કહે છે. સુખનો આભાસ. માટે આચાર્ય ભગવાન ફરમાવે છે કે, હે ભવ્ય આત્મા! આ તને મનુષ્યભવ મળ્યો છે (તો) કાંઈક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તું આત્માનું હિત કરી લે. નહીંતર કયાં જઈને ફેંકાઈ જશે કાંઈ ખબર નથી.

ગુરુદેવ ફરમાવતા હતા કે જેમ સુકેલું તરણું હોય અને વાવાઝોડું, પવનનો વેગ આવે અને પછી એ તરણું ઊડે પછી કયાં ફેંકાઈને જાય કાંઈ એનો પત્તો નથી. એમ આત્મા ધર્મની પ્રાપ્તિ કર્યા વિના જો આયુષ્ય પૂરું થાય તો કયાં જઈને ફેંકાઈ જશે, કાંઈ એનો પત્તો લાગશે નહીં. આત્મા ખોવાઈ જશે. માટે એક તક તો ચાલી ગઈ, ગુરુદેવ ચાલ્યા ગયા. હવે માત્ર એક તક બાકી છે. આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી એને જાગી જવા જેવું છે. ચેતી જવા જેવું છે. અને પોતાનું હિત ત્વરિત કરી લેવા જેવું છે.

બીજા બોલમાં એમ કહે છે કે, અરે આ વ્રત-અવ્રતના ભાવ જેને તું ધર્મ માની બેઠો છો. વ્રતના ભાવને તું ધર્મ માની રહ્યો છો. એ તો જડ સ્વભાવી છે, એમાં તો ચૈતન્યનો અંકુર નથી. એમાં જાણવા દેખવાની શકિતનો જ અભાવ છે. વ્રત અને અવ્રતના જે પરિણામ થાય છે એ જડ સ્વભાવી છે. જડ સ્વભાવી કેમ કહ્યું? કે જેમ જ્ઞાનમાં જાણવાની શકિત છે એમ આ રાગાદિમાં જાણવાની શકિતનો અભાવ છે. તેથી તેને જડ સ્વભાવી કહેવામાં આવે છે. એ આમાં કારણ આપશે. બહુ લોજીક ન્યાયથી એકદમ સિદધ થાય એવી સર્વજ્ઞ ભગવાનની વાત છે.

આસ્રવો વ્રત અને અવ્રતના પરિણામ જે પુણ્ય ને પાપના પરિણામ જગત જેને ધર્મનું સાધન માને છે એ તો જડ છે. જડથી ચેતનની પ્રાપ્તિ શી રીતે થાય? એ એને ચેતન જેવા લાગે છે. કેમ કે ચેતનની સાથે સાથે જોડે ઉપજે છે. એટલે ચેતન હોવાની એને ભ્રાંતિ થઈ ગઈ છે. જેમ ચંદનના વૃક્ષનું જંગલ હોય અને એમાં વચ્ચે વચ્ચે કોઈ સાગના ઝાડ પણ ઊગી જાય તો શું થાય છે કે એની હવા આવતી હોયને, તો ઓલી હવા એમાં પેસી જાય પછી એ સાગના લાકડા કાપીને મુંબઈમાં ફુટપાથ ઉપર વેંચવા બેસે. સરસ સુખડ જેવા ગોળ કટકા બનાવે. અને લેનારા આમ લઈને સુંઘે તો એમાં સુગંધ તો હોય છે. કેમ કે ઝાડની બાજુમાં થઈને એની હવા આવી એટલે એમાં ઉપર થોડીક સુગંધ તો હોય છે. તો એ સાગના, સુખડના લાકડા સુખડના, ચંદનના ભાવે લઈ લ્યે છે. કબાટમાં મૂકી દયે છે. બે, ચાર, છ મહિને વિચાર થાય કે આજે બહુ તાપ પડયો છે તો જરા કપાળે ચોપડીએ વગેરે ઉપયોગ કરવા માટે. જયાં કાઢે છે અને સુંઘે છે ત્યાં સુગંધ ઊડી ગઈ.કેમ કે એ સુખડનું લાકડું જ નહોતું. નકલી હતું. આહાહા !

એમ આ જાણવા દેખવાના સ્વભાવથી ભરેલો ચૈતન્ય મહાપ્રભુ આત્મા એમાં એક પર્યાયમાં જાણવાની ક્રિયા થાય છે. અને પર્યાયમાં અનાદિકાળથી અજ્ઞાન હોવાને કારણે અજ્ઞાનમાંથી જન્મેલા વ્રત અને અવ્રતભાવ પ્રગટ થાય છે. એ અજ્ઞાનની પેદાશ છે, આત્માની પેદાશ નથી. આત્માના સ્વભાવને આશ્રયે વ્રત-અવ્રતભાવ થતા નથી. પણ એ ચૈતન્યની સાથે સાથે ઊપજે છે એટલે ચૈતન્ય હોવાની ભ્રાંતિ થઈ ગઈ. જેમ સુખડનું લાકડું નહોતું પણ સુખડનું લાકડું હોવાની ભ્રાંતિ થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ એ ચૈતન્યની સાથે સાથે એ રાગાદિ ઉપજતા હોવાથી જાણે આ પણ ચૈતન્યના ભાવ છે, આ પણ ચૈતન્યના પરિણામ છે એમ એને અનાદિકાળથી ભ્રાંતિ થઈ છે. પણ ખરેખર ચૈતન્યની જાગૃતિનો એક અંશ વ્રતના ભાવ હો કે અવ્રતના ભાવ, છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝુલનારા મહામુનિ પાંચ મહાવ્રત નિરતિચારપણે પાડે છે, સત્ય વચનના કહેનારા છે. એ પોતે કહે છે કે આ પાંચ મહાવ્રતના પરિણામ અમારી દશામાં ઊઠે છે. સ્વભાવમાં ઠરાતું નથી. પણ અમારી દશામાં જોડે ઊઠે છે પણ એ પરિણામો બધા જડ સ્વભાવી છે. આહાહા!

કોણ આ કહે? એ તો સાચા દિગંબર સંતો અનુભવી એ જ કહી શકે. આસ્રવો ત્રણેકાળ, ચોથો કાળ હોય કે પાંચમો કાળ હોય. ત્રણેકાળ તત્ત્વનું જેવું સ્વરૂપ છે, નવ તત્ત્વમાં એક આસ્રવતત્ત્વ છે અને નવ તત્ત્વમાં એક જીવતત્ત્વ છે. જીવ ભગવાન સ્વભાવે બિરાજમાન છે. અને પુણ્ય-પાપના આસ્રવ તત્ત્વો એ જડ સ્વભાવી છે. કેમ કે પોતાને જાણતા નથી ને જાણનારને પણ જાણતા નથી. હમણાં ન્યાય આપશે. જડ કેમ કહ્યું એનું કારણ આપશે.

આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી જડસ્વભાવપણું અનાદિઅનંત હોવાથી, થવાથી નહીં. પહેલાં ચૈતન્ય હતા અને પછી જડ થઈ ગયા એમ નહીં. થવાથી નથી લખ્યું, હોવાથી. ત્રણેકાળ પુણ્ય ને પાપના આસ્રવો જડસ્વભાવી છે. જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે. બીજા દ્વારા જણાવા યોગ્ય છે. એટલે આત્મા દ્વારા એ જણાવા યોગ્ય છે પણ એ જાણનાર તત્ત્વ નથી. એનામાં જાણક તત્ત્વ નથી. એનામાં જ્ઞેયત્વ છે એટલે જ્ઞાનનો વિષય થાય છે. પોતામાં ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના પરિણામ એ જ્ઞાનમાં જ્ઞેય થાય છે. જણાય છે. પણ એ રાગ રાગને જાણે નહીં ને રાગ જાણનારને પણ જાણતો નથી. માટે તે જડસ્વભાવી અચેતન છે. ઝવેરચંદભાઈ ! થોડોક અભ્યાસ તો કરવો પડશે. થોડો થોડો કર્યો છે પણ વધારે કરવો પડશે. આહા! થોડાથી કાંઈ સંતોષ માનવા જેવું નથી કે ભઈ અમે તો હવે અડધો કલાક, કલાક સ્વાધ્યાય કરીએ છીએ ને આમ કરીએ છીએ ને. આ સંતોષનો વિષય નથી.જયાં સુધી શુદ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી એને નિરંતર પ્રયત્ન કરવાની જરૂર છે.

આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે. બીજા વડે એટલે જાણનાર વડે જણાવા યોગ્ય છે. જેમ આ ફોટો છે, આ શાસ્ત્ર છે, આ ભીંત છે એ જડસ્વભાવી છે. બીજા વડે જણાવા યોગ્ય છે. બીજા વડે જ્ઞાનમાં ભીંત જણાય ખરી. પણ ભીંત ભીંતને ન જાણે અને આત્મા બેઠો છે એને પણ ભીંત ન જાણે, કેમ કે એનામાં જ્ઞાનસ્વભાવ નથી. દૃષ્ટાંત. એમ ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા ફરમાવે છે. આહાહા! આ તો તીર્થંકરની દિવ્યધ્વનિમાં આવેલા ભાવો છે. કહે છે કે આ આસ્રવો બીજા વડે જણાવા યોગ્ય છે. બીજા દ્વારા જણાવવા યોગ્ય છે. બીજાઓ એને જાણે ખરા. કે આ ક્રોધ થયો, આ માન થયું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કષાયની મંદતા, કષાયની તીવ્રતા, ભગવાનની ભક્તિનો રાગ. આ સાંભળવાનો જે અત્યારે રાગ આવે છે ને એ પ્રશસ્ત રાગ છે ને એ જડ છે. એ ચેતન નથી. ચેતન હોવાની ભ્રાંતિ થાય છે.

પણ જડ છે. કેમ કે એ રાગ રાગને જાણે નહીં અને રાગ જોડે જ્ઞાયક આત્મા જીવતત્ત્વ છે એને પણ જાણતો નથી. એનામાં જ્ઞેયત્વસ્વભાવ છે પણ એનામાં જ્ઞાનત્વસ્વભાવ નથી. વ્રત-અવ્રતમાં જ્ઞાનસ્વભાવ નથી. જ્ઞેયસ્વભાવ છે. જ્ઞેયસ્વભાવ એટલે જ્ઞાનનો વિષય થાય. જ્ઞાનમાં વ્રત-અવ્રતભાવ જણાય ખરા. પ્રમેયત્વભાવ જ્ઞેયત્વ છે. એનામાં જ્ઞેયત્વ છે પણ એનામાં જ્ઞાનત્વ નથી. અને ભગવાન આત્મામાં બેવડી શક્તિ છે. જ્ઞાનત્વસ્વભાવ છે અને જ્ઞેયત્વસ્વભાવ છે. આત્મા આત્માને જાણે અને આત્મા આત્માને જણાવે. એમ જ્ઞેય અને જ્ઞાયક બેવડો સ્વભાવ આત્મામાં છે. પણ જે જડ છે એનામાં એકલો જ્ઞેયત્વસ્વભાવ છે. એનામાં જ્ઞાન નથી. એટલે માત્ર એ જ્ઞાનનો વિષય થાય પણ જ્ઞાનને વિષય ન બનાવી શકે.

બીજા વડે એ જણાવા યોગ્ય છે બીજો એને જાણે પણ પોતે પોતાને ન જાણે અને પોતે જાણનારને પણ ન જાણે. એટલે એનામાં જડત્વપણું છે. શા માટે જડ કહ્યા? કેમ કે આ અનાદિકાળથી એક ભ્રાંતિ છે. કે એને ચેતન જેવા લાગે છે અને ચેતન જ છે. અને વ્યવહારનયના શાસ્ત્રોમાં એને ચિદ્‌વિકાર પણ કહેવામાં આવે છે. ચિદ્‌વિકાર પણ કહેવામાં આવે છે. પણ ખરેખર નિશ્ચયનયની દૃષ્ટિથી જોવામાં આવે તો એનામાં જાણવા દેખવાના સ્વભાવનો અભાવ છે. એમાં જાણવાનું લક્ષણ નથી અને એમાં અનાકુળ આનંદનું લક્ષણ પણ નથી. એટલે જીવના મુખ્ય બે લક્ષણ છે. એ બેમાંથી કોઈ લક્ષણ એમાં નથી. એક લક્ષણ જડત્વ કહ્યું, પછી એમાં આકુળતા છે અનાકુળતા નથી એ પછી કહેશે.

જેમ જીવમાં બે પ્રકારના લક્ષણ જ્ઞાન અને આનંદ. એમ વ્રત અને અવ્રતના પરિણામ, પુણ્ય ને પાપના ભાવ આસ્રવતત્ત્વ ભગવાને નવ તત્ત્વની વાત (કરી) છે. નવ તત્ત્વથી બહાર કાંઈ વાત જ્ઞાનીઓ કહેતા નથી. તેઓ બીજા વડે જણાવા યોગ્ય છે. હવે ખુલાસો કરે છે. કારણ કે જે જડ હોય તે, જે જડ અચેતન હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેનામાં સ્વ-પરને જાણવાની શક્તિનો અભાવ છે. આત્મામાં સ્વ અને પરને જાણવાની શક્તિનો સદભાવ છે. અને વ્રત-અવ્રતના ભાવ જડ હોવાથી એનામાં સ્વને કે પરને કોઈને જાણવાની શક્તિ નથી. બેમાંથી એક ધર્મ પણ એમાં નથી. સ્વપરપ્રકાશક શક્તિ જ્ઞાનમાં છે. પણ જે જડ છે એ પોતાને ન જાણે એટલે સ્વપ્રકાશકપણું નથી અને જાણનારને પણ ન જાણે એટલે પરપ્રકાશકપણું પણ નથી. સ્વપરપ્રકાશક શક્તિનો અભાવ હોવાથી તેને પરમાત્મા દેવાધિદેવ ત્રિલોકનાથ એને જડસ્વભાવી કહે છે. એના ઉપરથી પ્રેમ ને પ્રીતિ ને રુચિ છોડી દે. પુણ્ય અને પુણ્યના ફળમાં તને આટલો મહિમા શું આવે છે? તને આટલું બધું શું ભાસી ગયું છે? સર્વજ્ઞ ભગવાન કહે છે કે તે આત્માના આનંદનો સ્વાદ લીધો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથીને એટલે તને એમાં ઠીક લાગે છે. પણ એક વખત આત્માનો સ્વાદ તો તું લે? તો દેવના સ્વર્ગના સુખો પણ સડેલા તરણા જેવા લાગશે. એમાં તને કાંઈ અધિકતા લાગશે નહીં. કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે. બીજો જ જાણે છે એટલે જાણનાર આત્મા છે એ આત્મા આત્માને પણ જાણે અને આત્મા પુણ્ય-પાપના જે પરિણામ એના કાળક્રમે આવે છે એને જાણે છે. આત્મા પુણ્ય-પાપના પરિણામનો કર્તા નથી. આત્મા પુણ્ય-પાપના પરિણામનો જાણનાર છે એમ કહેવું તે વ્યવહાર છે અને આત્મા આત્માને જાણે છે એમ જાણવું તે નિશ્ચયનય છે. આ નિશ્ચયનય અને વ્યવહારનયની ટૂંકી વ્યાખ્યા.

આપણે પેલા ગામમાં ગયા'તા ને, શું નામ? લેસ્ટર. ન્યાં ગયા'તા ત્યારે એક ભાઈએ પ્રશ્ન પૂછયો હતો. કે નિશ્ચયનય અને વ્યવહારનય (એટલે) શું? એને દૃષ્ટાંતથી ઉત્તર આપ્યો હતો. કે જેમ સોનું છે એ કાયમી ચીજ છે એને જે જ્ઞાન જાણે એનું નામ નિશ્ચયનય અને એના ઘાટને જાણે, પર્યાયને જાણે, ભેદને જાણે એનું નામ વ્યવહારનય. એમ એક આત્મા છે એ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ છે. દ્રવ્યમાં અનંતગુણો રહેલાં છે. ગુણોના સમુહને ભગવાન દ્રવ્ય કહે છે અથવા 'ગુણપર્યાયવત્દ્રવ્યમ્' ગુણપર્યાયના સમુદાયને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. તો દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકભાવ જે આત્મા છે તેને જે જ્ઞાન જાણે એનું નામ નિશ્ચયનય છે અને વર્તમાન વર્તતા પરિણામના ભેદને જાણે એનું નામ વ્યવહારનય છે.

પુણ્યને કરે તે વ્યવહાર નહીં તે તો અજ્ઞાન છે. પુણ્યના પરિણામ આવે તેને જાણે એનું નામ વ્યવહારનય છે. પુણ્યના પરિણામને કરે એ તો અજ્ઞાનમાં ગયું. નિશ્ચયે પણ નહીં અને વ્યવહારે પણ નહીં. (મુમુક્ષુ :- પુણ્યના પરિણામનો કર્તા નથી તો પુણ્યના પરિણામ કોણ કરે છે?) પુણ્યના પરિણામને કરનાર એ પરિણામ પરિણામને કરે છે. પરિણામના ષટ્કારક છે. પર્યાયનો કર્તા પર્યાય છે, પર્યાયનું કર્મ પર્યાય છે, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ ષટ્કારક. પર્યાય સત્ અહેતુક હોવાને કારણે પર્યાય સ્વયં એના સ્વઅવસરે ઉપજે છે અને સ્વકાળે વિલય પામે છે. એ પર્યાયનો કર્તા પર્યાય છે.

એક બીજી અપેક્ષા છે કે પુણ્ય-પાપના પરિણામ જેના સંબંધે થાય છે ને કર્મના સંબંધે, પુદ્ગલના સંબંધે થાય છે. તો જેનું અવલંબન લઈને પરિણામ થયા તો એને એમાં અભેદ કરીને એ પુદ્ગલ જ એને કરે છે, રચના પુદ્ગલની છે મારી રચના નથી. એમ જાણીને જે અંતરદૃષ્ટિ કરે છે એને અનુભવ થાય છે. બે પ્રકાર કહ્યા. કે પુણ્ય-પાપના પરિણામને આત્મા નથી કરતો તો કોણ કરે છે? એવો પ્રશ્ન આવ્યો. કે પરિણામને પરિણામ કરે છે. દ્રવ્યસ્વભાવ નિષ્ક્રિય અકર્તા હોવાથી પરિણામને ખરેખર નિશ્ચયનયે કરતો નથી. વ્યવહારનયે પરિણામને કરે છે એમ કહેવામાં આવે છે પણ ખરેખર આત્મા એનો કર્તા નથી. પરિણામ પરિણામને કરે છે, પર્યાય પર્યાયને કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને બીજું એ પુણ્ય-પાપના પરિણામ કર્મના ઉદયના લક્ષે થાય છે. માટે જેના સંબંધે જે થાય છે તેથી તે તેનો કર્તા છે હું એનો કર્તા નથી. એમ એ પુદ્‌ગલ દ્રવ્ય એમાં આદિ, મધ્ય, અંતમાં વ્યાપક છે અને રચના પુદ્‌ગલની છે, એ રચના મારી નથી કેમ કે એ વિભાવભાવ છે. એમ જાણીને દ્રવ્યદષ્ટિ કરવા જેવી છે. એમ જાણીને સ્વચ્છંદમાં જાવા જેવું નથી. ઊંચે ઊંચે ચડવાની વાત છે. નીચે જાવાની વાત નથી. એ પરિણામને કોણ કરે છે? હું એ પરિણામને કરું છું એવી બુદ્ધિ છે ત્યાં સુધી અજ્ઞાની છે. હું એ પરિણામનો કર્તા છું પરિણામ ઉપર દષ્ટિ છે. પરિણામનો સ્વામી થયો એવી કર્તા-કર્મની પ્રવૃત્તિ જે રાગની સાથે છે એ અજ્ઞાની છે. એ પરિણામ પરિણામથી થાય છે, હું એનો કર્તા નથી. હું એનો સ્વામી છું. એમ જાણીને દ્રવ્યદષ્ટિ કરતાં એ પરિણામ થાય ખરા પણ એ પરિણામનો જાણનાર રહે. પણ પરિણામનો હું માલિક છું અને હું એનો કરનાર છું એમ કર્તાબુદ્ધિ સ્વપ્નામાં પણ આવતી નથી. એનું નામ જ્ઞાની છે. એ પરિણામને જાણે પણ કરે નહીં. જાણે પણ કરે નહીં. એનું નામ જ્ઞાની છે.

જુઓ પંચોતેર નંબરની ગાથામાં એ વિષય લીધો છે. અહીં તો થોડા દિવસ રહેવાનું એમાં ઘડીકમાં કયાં પૂરું થાય? આહા! 'પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે, તે નવ કરે ને જે માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે.' પરિણામ થાય ખરા. કોઈને એમ થાય કે પરિણામની કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ અને સમ્યગ્દર્શન થયું, એ જ્ઞાતા થયો પછી પરિણામ ઉપજવા બંધ થઈ જશે. તો આ બધું શું થશે? આખો ઘરનો વ્યવહાર ને દુકાનનો વ્યવહાર બંધ થઈ જશે. એમ નથી. કર્તાબુદ્ધિ છૂટયા પછી પરિણામ તો થયા જ કરે છે. પણ એ પરિણામનો કર્તા છું એવી બુદ્ધિ છૂટી જાય છે. પરિણામ થાય છે એને માત્ર જાણે છે. એ આવ્યુંને? (મુમુક્ષુ :- સોમવાર, મંગળવારનો દાખલો આપ્યો હતો.) સમજાય એટલા માટે સોમવાર મંગળવારનો દાખલો આપ્યો હતો. પરિણામ કર્મ તણું, આ વ્રત અને અવ્રતના પરિણામ છે ને એ કર્મકૃતભાવ છે. આત્મકૃત નથી. જ્ઞાનીને કર્મકૃતભાવ લાગે છે અને અજ્ઞાનીને એ આત્મકૃત લાગે છે. એ બેયમાં મોટો અંધકાર અને પ્રકાશ જેટલો ફેર છે. પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે તે નવ કરે, જે માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે.

આવી સાધકની અવસ્થા થતાં જ્ઞાતા બને છે, કર્તાબુદ્ધિ છૂટી જાય છે, પરિણામ રહી જાય છે. ફેર શું પડયો કે પરિણામ રહી ગયા પણ પરિણામમાં કર્તૃત્વબુદ્ધિ, સ્વામીત્વબુદ્ધિ છૂટી ગઈ. જાણનાર રહે છે. દેહ, મન, વાણીની ક્રિયા પણ થાય અને વ્રત-અવ્રતના ભાવ પણ આવે અથવા નીચલી ભૂમિકામાં અશુભ પાપના પરિણામ પણ આવે પણ આ પાપના પરિણામ મારા છે એમ પરિણામ પ્રત્યે મમત્વભાવ છૂટી ગયો. પરિણામ ન છૂટયા. પુણ્ય-પાપના પરિણામ ન છૂટયા. પણ પુણ્ય-પાપ મારા છે એવો મમત્વભાવ છૂટી ગયો. મારું તો જ્ઞાન છે. જ્ઞાનમાં જ્યાં મારાપણું સ્થાપ્યું ત્યાં પુણ્ય-પાપના પરિણામમાં મારાપણું છૂટી ગયું, દેહમાં મારાપણું છૂટી ગયું, દુકાનમાં મારાપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છૂટી ગયુ, કુટુંબમાં મારાપણું? આહાહા! આ પુત્ર, પુત્રી, ભાઈ, ભગીની ભાર્યા કોના?

મારું તો એક જ્ઞાન છે. હું તો એક જાણનાર ચિદાનંદ આત્મા છું. જાણવારૂપે નિરંતર પરિણમે છે પણ પરના સ્વામીત્વરૂપે એક સમય માત્ર પરિણમતો નથી. સ્વામીત્વબુધ્ધિ, ધણીબુધ્ધિ છૂટી ગઈ. સાક્ષી થઈ ગયો, જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયો. આહાહા! પણ એનો જ્ઞાતા-દ્રષ્ટા કયારે થાય? કે જ્ઞાયકનો જ્ઞાતા થાય તો. એ શરત છે. એ શરત આકરી છે. કે ઠીક છે ભાઈ કાલથી હવે આપણે એમ કરશું. દુકાને જાશું અને જ્ઞાતા પણ રહેશું. અને કાંઈ શુભાશુભભાવ આવે એ પણ કરશું અને એના જ્ઞાતા રહેશું. ના, ના આ કાંઈ એમ સામાન્ય વાત નથી, આ શબ્દનું કામ નથી, વિકલ્પનું કામ નથી, ધારણાનું કામ નથી. એ તો પુણ્ય-પાપથી ભિન્ન ભગવાન આત્માનો જયારે પ્રત્યક્ષ સ્વાદ આવે છે, અતીન્દ્રિય આનંદનો નિર્વિકલ્પ ધ્યાનમાં સ્વાદ આવીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે.

એ નિર્વિકલ્પ ધ્યાનમાંથી સવિકલ્પમાં આવતાં દુકાને જાવાનો ભાવ આવ્યો, ઈચ્છા થઈ પણ એ ઈચ્છાનો એ જાણનાર છે. કયારે? કે જ્ઞાયકને જાણતો ઈચ્છાને જાણે છે. જ્ઞાયકને ચૂકીને ઈચ્છાને જાણતો નથી. જ્ઞાયકને જાણતો પુણ્ય-પાપને જાણે છે. જ્ઞાયકને જાણતો રોટલી કરવાની ઈચ્છા થઈ તો જ્ઞાયકને જાણતાં ઈચ્છાને જાણે છે. અને રોટલી થઈ એમ જાણે છે. પણ જાણવાપણું મુખ્યપણે તો જ્ઞાયકમાં સ્થાપી દીધું. આને જાણતાં જાણતાં જે કાંઈ પરિણામ આવે એને જાણે એનું નામ વ્યવહાર છે. ભેદને જાણે એનું નામ વ્યવહારનય, અભેદને જાણે એનું નામ નિશ્ચયનય. પર્યાયને જાણે, દશાને જાણે, હાલતને જાણે, સંયોગને જાણે પણ કરે નહીં. માત્ર જાણે. આવ્યું ને? માત્ર જાણે. આહાહા!

આવી એક અંતર દશા ગૃહસ્થ અવસ્થામાં બહેન હોય કે ભાઈ હોય મોટી ઉંમરના વડિલો હોય કે મોટી ઉંમરના માતા હોય, બિલકુલ અભણ હોય, કાંઈ ભણતા ન આવડ્યું. કક્કા બારાક્ષડી અક્ષરેય ન આવડતો હોય તો પણ હું જ્ઞાનમય આત્મા છું. આ રાગમય હું નથી. આહા! હું તો જ્ઞાનમય છું, રાગમય હું નથી. પછી રાગમય નથી એ ભૂલી જાવાનું. હું તો જ્ઞાનમય છું. હું જ્ઞાનમય છું એવા વારંવાર, વારંવાર, વારંવાર વિચાર આવતાં એ મનના સંગે જે વિચાર આવે એ પણ છૂટી જાય અને જ્ઞાનમય થઈને આત્માનો અનુભવ કરે, આ ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

કારણ કે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે માટે તેઓ, કારણ આપ્યું. એનામાં રાગમાં સ્વપરપ્રકાશક શકિત નથી. આત્મામાં સ્વપરપ્રકાશક શકિત છે. એટલે જ્ઞાન પોતાના આત્માને પણ જાણે અને જ્ઞાન રાગ આવે એને જાણે. રાગ કરે નહીં. રાગ આવે એને જાણે. રાગ આવે છે. આહા! એના કાળક્રમમાં એ આવી પડેલો રાગ છે. આહા! એના કાળક્રમમાં આવી પડે છે. હું એને લાવું ને આવે એ મારો ધર્મ નથી.

અને એ ભકિતનો રાગ આવ્યો અને હું એને ટકાવું એ પણ મારો ધર્મ નથી. આહા! આવતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જતાં મહેમાનને ઘરધણી માત્ર જાણે. મહેમાન આવ્યા ચાર દિ' પછી ચાલ્યા ગયા. આવ્યા તો પણ મહેમાન તરીકે જાણે અને જાય તો પણ મહેમાન તરીકે જાણે. જાણે, જાણે ને જાણે. આત્માને જાણતાં આસ્રવોને જ્ઞાની માત્ર જાણે છે. પણ જ્ઞાનીની આત્મબુધ્ધિ પુણ્ય ને પુણ્યના ફળમાં છૂટી ગઈ છે. માટે તેઓ ચૈતન્યથી, ચૈતન્ય એટલે જ્ઞાન અને દર્શનમય જે ભગવાનઆત્મા એનાથી અન્ય અનેરા સ્વભાવવાળા છે. અને પુણ્ય ને પાપના પરિણામ અચેતન અને જડ હોવાથી અન્યભાવો છે, અન્ય સ્વભાવવાળા છે. મારી જાતનો ભાવ એમાં નથી. ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે. એટલે મારા સ્વભાવથી એ ભાવો મળતા આવતા નથી. મારા સ્વભાવની સાથે એ ભાવો મળતા આવતા નથી. એક મલમલનો તાકો હોય અને એક શણનો કોથળો હોય બેય પાસે પડયા હોય પણ મળતા આવતા નથી. એમ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા ને પુણ્ય-પાપના ભાવો જડ, અચેતન મારી સાથે અણમળતા છે. મારી સાથે મળતા આવતા નથી. જે મારામાં લક્ષણ છે એ એનામાં નથી અને એનામાં જે લક્ષણ છે તે મારામાં નથી. હું ચેતન અને એ જડ. મારું લક્ષણ ચૈતન્ય અને પુણ્ય-પાપનું લક્ષણ જડ. હાય હાય! આ જડ કહેશો તો કોઈ પુણ્ય નહીં કરે. અરે કરવા ન કરવાનો પ્રશ્ન જ નથી. આવે એને જડભાવે જાણવા. ચેતનને ચેતનભાવે જાણવા અને આવતા આગંતુકભાવને જડભાવે જાણવા, કે એમાં જાગૃતિનો કાંઈ એક અંશ નથી.

ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે અને ભગવાન આત્મા તો, આઠને પાંચ દસે શરૂ કર્યું હતું. નવ ને દસ રાખશું. નવ ને દસ. માટે તેઓ ચૈતન્યથી, આ વિદ્યા. આહાહા ! આ સર્વજ્ઞભગવાને કહેલી વિદ્યા, સંતોએ અનુભવીને શાસ્ત્રો લખ્યા અને અનુભવી સોનગઢના સંતે આ વાત જગતની પાસે ખુલ્લી કરી. હજારો લાખો જીવો અત્યારે ઊંડાણથી અભ્યાસ કરી રહ્યા છે. ગામડાઓમાં નાની નાની દીકરીઓ પણ એવા અભ્યાસ કરે છે. અને બહેનો એવા પ્રશ્નો પૂછે છે. હમણાં ઈન્દોરમાં શિબિર હતી ત્યારે હું છેલ્લા દસ દિવસ ગયો હતો. બપોરે ચર્ચા હતી. પણ બહેનો એવા પ્રશ્નો પૂછે કે આમ બીજાને એમ થાય કે, આહાહા! કેટલો ઊંડો અભ્યાસ! ઈન્દોરમાં તો દસ હજાર માણસ ભેગું થતું. રાત્રે દસ હજાર માણસ. પણ એકદમ બિલકુલ અવાજ નહીં. એકદમ શાંતિથી બધા સાંભળે. કેમ કે ઈન્દોર તો જૈનપૂરી કહેવાય છે. ત્યાં ઘણો રસ, ઘણો રસ. અને હિન્દી ભાઈઓ તો સવારે પાંચ વાગ્યે ઊઠે અને રાત્રે અગિયાર વાગ્યા સુધી અભ્યાસ કરે. એના કલાસમાં તત્ત્વચર્ચામાં એકેએક જગ્યાએ જાય. એટલો ઊંડો રસ. (મુમુક્ષુ :- એ પ્રશ્ન પૂછે એ ગોખેલા ન હોય.) ના, ના અંતરથી, એની મુંઝવણ હોયને એ મુંઝવણ ટાળવા માટે પ્રશ્ન કરે.

તેઓ, તેઓ એટલે વ્રત-અવ્રતના ભાવો જડ છે. આ કોણ સંભળાવે? આવું આ શાસ્ત્રમાં લખાણ એવા શાસ્ત્રો બીજે કયાંય ઠેકાણે (નથી) શાસ્ત્રોના નામ ખરા પણ શાસ્ત્રો નહીં. આહા! ચોપડામાં આ વાત કયાંથી હોય. અરે! અનુભવી પુરુષની વાણી સાંભળવા મળવી મુશ્કેલ અને એના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લખેલાં શાસ્ત્રો એ કાન ઉપર આવવા પણ દુર્લભ છે. તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, આ ભગવાન કહીને બોલાવે છે હો ! કોઈ સ્ત્રી કે પુરુષ નથી. કોઈ મિથ્યાદષ્ટિ નથી. હેં ! આ શું કહ્યું? હા, મિથ્યાત્વ આસ્રવનું લક્ષણ છે. જીવનું લક્ષણ મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ નામનું જે આસ્રવ છે, મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એમ આસ્રવના ચાર ભેદ છે. જીવનો ભેદ નથી. જીવનો ભેદ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ એ બધા જીવના ગુણો છે. આ મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ એ બધા આસ્રવના ધર્મ, આસ્રવના સ્વભાવ, આસ્રવના લક્ષણ છે. એમાં કયાંય જીવનું લક્ષણ નથી.

આત્મા તો પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, આ શું ફરમાવે છે. બધાના આત્માઓ સદાય એટલે ત્રણેકાળ હંમેશા વિજ્ઞાનઘનસ્વભાવી છે. ગુરુદેવ દૃષ્ટાંત આપતાં હતાં. 'ચેલા' (ગામ) બાજુ જાતા'તા ત્યારે શિયાળામાં ઘી હોયને તો ઘીમાં આંગળી નાખે તો ફાંસ વાગે. એવા કપાસીયા ખવડાવીને જે ભેંસનું દૂધ થાયને, હવે તો બધું ચાલ્યું ગયું. એમાં કાંઈ પ્રવેશ ન થાય. એમ આ ભગવાનઆત્મા વિજ્ઞાનઘન વિશેષે જ્ઞાનઘન છે. એમાં રાગનો પ્રવેશ બિલકુલ થઈ શકતો નથી. એ ઉપર ઉપર બહાર બહાર રાગ જાય છે. અંદરમાં એ પ્રવેશ થતો નથી. એમ પોતાનો સ્વભાવ સદાય હંમેશા ત્રણેકાળ વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી આત્મા એક વિશેષે જ્ઞાનઘન નિબળ વસ્તુ છે, અરૂપી છે, અમૂર્તિક છે. છતાં વિજ્ઞાનઘન છે. એમાં જ્ઞાન સિવાય રાગનો પ્રવેશ થઈ શકતો નથી. આત્મા જ્ઞાનમય છે. પુણ્ય-પાપવાળો આત્મા છે જ નહીં.

એ બધા સંયોગના વ્યવહારનયના કથનો છે અને વ્યવહારનયના કથનને અભૂતાર્થ ને અસત્યાર્થ હોવા છતાં એને સાચા માનીને બેઠો છે એટલે નિશ્ચયનયે આત્માનું શું સાચું, ઓરીજીનલ સ્વરૂપ છે એ એના લક્ષમાં આવતું નથી. પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી પોતે જ ચેતક (જ્ઞાતા) છે. આત્મા પોતે જ્ઞાતા ચેતક હોવાથી જ્ઞાતા છે પણ કર્તા નથી. જ્ઞાતા છે પણ કર્તા નથી. પોતાને અને પરને જાણે છે. પોતાના થતાં પરિણામને કરતો નથી અને પરના પરિણામને કરતો નથી. જ્ઞાની તો પોતાના પરિણામને અને પરના પરિણામને જાણતો પરિણમે છે. એવો શ્લોક છે. જ્ઞાની ધર્માત્મા તો પોતામાં થતાં પરિણામને અને પરના પરિણામને માત્ર જાણતો પરિણમે છે પણ કરતો નથી. પોતે જ ચેતક (-જ્ઞાતા) છે (પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. શું કહ્યું?

આત્મા છે એ જ્ઞાન અને દર્શનથી અનન્ય સ્વભાવવાળો છે અને પુણ્ય ને પાપના પરિણામ એ અન્ય સ્વભાવવાળા છે. અનેરા ભાવો છે. અનન્ય નથી. જેમ ખાંડમાં ગળપણ છે એ અનન્ય છે. એનો મેલ છે એ અન્યભાવ છે. ખાંડનું લક્ષણ જે ગળપણ એ મેલમાં ગળપણ નથી. માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે (અર્થાત ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી.) બે બોલ થયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે ત્રીજો. આ પુણ્ય ને પાપના પરિણામ એ દુઃખને દેનારા છે. પાપના પરિણામનું ફળ (એને) તો બધા દુઃખ કહે પણ પુણ્યના પરિણામ પણ દુઃખરૂપ છે એ તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય કોઈ કહી શકે નહીં. પાપથી બંધ થાય અને પુણ્યથી મોક્ષ થાય. જયંતીભાઈ કહેતા'તા આજ હજી આવ્યા નથી. જયંતીભાઈ કહેતા હતા કે આ ત્રીજા ભાવની કોઈને ખબર નહોતી. બે જ ભાવ એક અશુભ અને શુભ અથવા પાપ ને પુણ્ય. પણ આત્માને આશ્રયે શુધ્ધ પરિણામ પ્રગટ થાય છે એ વાતની કોઈને જાણ નહોતી. પોતે કબુલ કર્યું. આ ત્રીજા ભાવની કોઈને ખબર નહોતી. બે જ ભાવની (ખબર હતી) બસ બે જ ભાવ છે. કાં કરો પાપ અને કાં કરો પુણ્ય. પાપ તો કરવા જેવું છે નહીં અને પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય. પાપથી બંધ અને પુણ્યથી મોક્ષ.

શ્રીમદ્ રાજચંદ્રજી ફરમાવે છે. અરે! જે ભાવથી બંધ થાય એ ભાવથી મોક્ષ કેમ થાય? જે ભાવથી બંધ થાય પાપ અને પુણ્યના પરિણામ જે આસ્રવો છે એનાથી જો બંધ થાય તો એનાથી મોક્ષ કેમ થાય? માટે એનાથી મોક્ષ થતો નથી. આત્મા આશ્રિત વીતરાગભાવ એ જ મોક્ષમાર્ગ છે. એ જ મોક્ષનું કારણ છે. મોક્ષની જાતિના જે પરિણામ તે તેનું કારણ થાય. મોક્ષ છે એ પરિપૂર્ણ શુધ્ધતા છે. તો એનું કારણ આંશિક શુધ્ધતા સંવર-નિર્જરા તે મોક્ષનું કારણ થાય. પણ પુણ્ય ને પાપના પરિણામ જે અશુધ્ધભાવ એ કોઈ કાળે પણ મોક્ષનું કારણ થઈ શકતું નથી. કેમ કે જાતિ જુદી છે. (મુમુક્ષુ :- આટલા વર્ષે કોઈ હીરો આ સમજાવવા માટે નીકળ્યો નહીં.) એમ છે કે આ પંચમકાળ છે. જ્ઞાનીનો યોગ મળવો બહુ દુર્લભ છે. કેવળી ભગવાન રહ્યા નહીં, અરિહંત રહ્યા નહીં. પંચમકાળ બેસી ગયો. કોઈ કોઈ વખતે કોઈ કોઈ ઠેકાણે જ્ઞાની થાય છે, પાકે છે. ગુરુદેવ પહેલાં પણ જ્ઞાનીઓ થયા. જેમ કે સૌરાષ્ટ્રમાં શ્રીમદ્ રાજચંદ્રજી થયા. હા, એની પહેલાં પણ છેલ્લા પાંચસો વર્ષમાં આપણે નજર કરીએ છીએ તો રાજમલજી થયા, બનારસીદાસ થયા, દીપચંદજી થયા એવા એવા શ્રાવકો પણ ટોડરમલજી થયા એવા એવા જ્ઞાનીઓ તો થઈ ગયા.

એ દીપચંદજીએ તો ત્યાં સુધી કહ્યું- જેણે આત્મઅવલોકન, અનુભવ પ્રકાશ, ચિદ્વિલાસ એવા એવા નાના નાના શાસ્ત્રો લખ્યા છે. તો એના વખતની અંદર એણે આત્માની વાત તો કરી, શરૂ તો કરી. કોઈ કોઈ મળે એને વાત તો કરી. પણ એટલો વિરોધ થયો કે કોઈ એની વાત સાંભળવા તૈયાર નહીં. પછી એને એમ થયું કે, આહાહા! મારા આત્માના અનુભવની વાત કોઈ સાંભળતું નથી તો ચાલો હું લખતો જાવ. પાછળથી કોઈ લાયક જીવ હશે તો એને આ સાહિત્ય કામ આવશે. એમ જાણીને પોતે લખી ગયા. લખે છે કે મારી વાત કોઈ સાંભળતું નહોતું એટલે હું લખી જાવ છું. પાછળના કોઈ લાયક જીવ હશે તો એ આત્માને ઓળખશે અને અનુભવ કરશે.

એમ પૂર્વે ચારસો-પાંચસો વર્ષ આપણે નજર કરીએ છીએ તો જ્ઞાની શ્રાવકેય થઈ ગયા અને કેટલાક મુનિઓ પણ થયા હોય પણ આપણે એનું નામ બહાર ન આવ્યું હોય. મુનિઓ થઈ ગયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાતસો, આઠસો, હજાર વર્ષ પહેલાં તો ઘણા મુનિઓ થયા એના નામ તો છે. પણ વર્તમાન કાળમાં જયારે ગુરુદેવે વાત કરી ત્યારે સાવ અંધારું હતું. કોઈ જાણતું નહોતું. શાસ્ત્રમાં વાત હતી. શાસ્ત્રમાં જ વાત હતી પણ શાસ્ત્રનો અર્થ- એમ છે કે દ્રવ્યાનુયોગમાં સમ્યગ્દષ્ટિનો જ પ્રવેશ થાય છે. દ્રવ્યાનુયોગ સૂક્ષ્મ અને ગંભીર છે. એનો અર્થ કાઢવો બહુ તકલીફવાળી વાત છે. સમ્યગ્દષ્ટિનો પ્રવેશ થાય છે. મિથ્યાદષ્ટિ દ્રવ્યાનુયોગ લ્યે તો અર્થનો અનર્થ પણ કરી નાખે. સમજી ગયા ! એ અસાધારણ વાત છે. પણ આપણે તો નશીબદાર (છીએ કે)તૈયાર માલ(મળી ગયો છે.) પિતા મહેનત કરે અને પુત્રને પાંચ કરોડની લક્ષ્મી આપી જાય. મહેનત એ કરે, ઢસરડો એ કરે અને પુત્ર ઓલા પુણ્ય લઈને આવ્યા હોય તો તૈયાર ઉપર બેસી જાય. એમ મહેનત એકલા હાથે મંથન કર્યું ગુરુદેવે. એકલા હાથે. અને આપણને આ વારસો આપી ગયા છે. આહા ! પણ એ વારસો સાચવવો, જાળવી રાખવો એનો સદ્ઉપયોગ કરવો એ તો એના ભકતો અને પુત્રોનું કામ છે. એ તો કહીને ચાલ્યા ગયા છે. બસ. પોતાને એકલા હાથે કરવાનું છે. કોઈ મદદ કરે એમ નથી. અને બીજાની ઉપર નજર ન કરવી. આ આટલા આટલા વખતથી સાંભળે છે અને હજી કાંઈ ઠેકાણું નથી. નહીં બીજાની સામે જોવાનું બંધ કરો. આપણે આપણું હિત કરવાનું છે. કોઈની સામે બિલકુલ જોવાનું તદ્દ્ન બંધ કરો. જો બીજાની સામે જોશો તો રહી જશો. (મુમુક્ષુ :- ક્યાંય લક્ષ ન હોવું જોઈએ.) બિલકુલ નહીં. આપણે મૂળ વાત એ છે કે કોઈની સાથે ભાગીદારી દસ્તાવેજ નથી, એગ્રીમેન્ટ નથી. બહુ સુખ છે. કોઈની સાથે કોઈને ભાગીદારી નથી. જો ભાગીદારી હોય તો તો વિચાર કરવો પડે કે આ ખોટા પરિણામ કરે છે તો ડેબીટ નોટ મને આવશે. તો લાવ એને રોકીએ. પણ આપણે કાંઈ લેવા-દેવા નહીં. સૌ સૌના ભાવના ફળ ભોગવશે. એમાં આપણે શું લેવા-દેવા. કાંઈ કોઈની હારે ભાગીદારી નથી.

એમ કોઈ સમ્યગ્દર્શન પામી જાય તો આપણને ક્રેડીટ નોટ ન આવે. કોઈ ભાગ ન આપે. આપે? હેં? આ ગુરુદેવે કાંઈ આપણને ભાગ આપ્યો? કેમ કે ભાગીદારીનો જ અભાવ છે. પાર્ટનરશીપ ડીડ થઈ શકતું જ નથી. પ્રત્યેક જીવ સંસાર અવસ્થામાં મોક્ષમાર્ગમાં કે મોક્ષમાં એકલો જ છે. કોઈનું કાંઈ લેવા-દેવા નથી. પરથી નિરપેક્ષ છે એટલે પરની સામે જોવાનું બંધ કરી અને પોતાના દ્રવ્ય અને પર્યાયનું પ્રમાણજ્ઞાન કરી, પર્યાયને ગૌણ કરી, દ્રવ્યસ્વભાવને મુખ્ય કરી અને એમાં ઉપયોગને જોડવો ત્યારે તેને આત્માનો અનુભવ થાય તેને ધર્મ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૫
## તા. ૧૧-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૨ ઉપર પ્રવચન

આ એક સમયસારજી નામનું શાસ્ત્ર છે. પરમાગમ શાસ્ત્ર છે. જે ભગવાન મહાવીરે ઉપદેશેલું અને ગૌતમ ગણધરે ઝીલેલું અને એ આચાર્યની પરંપરામાં આજથી બે હજાર વર્ષ પહેલાં એક સમર્થ આચાર્ય ભારતમાં થયા. જે જમીનથી ચાર તસુ ઉપર ચાલતા હતા. એવી તેઓશ્રીને ૠદ્ધિ પ્રગટ થઈ હતી. તેઓશ્રીએ શાસ્ત્રની રચના કરતાં એક સમયસાર નામનું પરમાગમ શાસ્ત્ર રચ્યું છે. જેમાં શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે એ મુખ્યપણે જેમાં વર્ણન છે.

નવ તત્ત્વનું વર્ણન કરતાં કરતાં આચાર્ય ભગવાન ફરમાવે છે- નવ તત્ત્વના નામ છે-જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ આત્માના પરિણામના બધા નામો છે. આત્મા છે તે અનાદિઅનંત છે. કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ થતી નથી. અને કોઈ સંયોગનો વિયોગ થાય તો આત્માનો નાશ થતો નથી. એવો અનાદિઅનંત જ્ઞાન અને આનંદમય આત્મા દેહદેવળમાં દેહથી ભિન્ન, જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મ એનાથી પણ અંતર ભિન્ન અને વર્તમાન પુણ્ય-પાપની જે વૃત્તિ, લાગણી ઉત્થાન થાય છે. ક્ષણમાં પાપના પરિણામ ક્ષણમાં પુણ્યના પરિણામ એનાથી પણ અંતરમાં એક ચૈતન્યમૂર્તિ અવિનાશી, શાશ્વત, શુદ્ધ આત્મા બિરાજમાન છે. એવા શુદ્ધાત્માને જાણ્યા વિના, એને શ્રદ્ધામાં લીધા વિના, એનો અનુભવ કર્યા વિના જગતના પ્રાણીઓ ચાર ગતિમાં એકાંત દુઃખને ભોગવે છે. ચારે ગતિ દુઃખરૂપ છે. કોઈ ગતિમાં સુખ નથી.

ગતિ એટલે પરિણતિ. પરિણતિ એટલે શુભ અને અશુભભાવની જે પરિણતિ એને ગતિ કહેવામાં આવે છે. એ ગતિ દુઃખરૂપ છે. અને પંચમગતિ, સિદ્ધગતિ એ સુખરૂપ છે. એવા પૂર્ણઆનંદ મોક્ષની પ્રાપ્તિ જીવને કેવી રીતે થાય એનું આમાં વર્ણન છે. એક સમયમાત્ર પણ પોતાનો શુદ્ધાત્મા એનું સ્વરૂપ અંતરમાં શું છે એનો એણે અનુભવ કર્યો નથી અને એને સમજવાની દરકાર પણ ખરેખર કરી નથી.

બધા બહારના પદાર્થો સમજવામાં રોકાણો પણ હું કોણ છું, કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું, કોના સંબંધે વળગણા (છે) રાખું કે એ પરિહરું. એવા નિજશુદ્ધાત્માના ભાન વિના આત્મા અનાદિકાળથી અજ્ઞાનભાવથી દુઃખી થઈ રહ્યો છે. એ દુઃખના નાશનો ઉપાય જયારે આત્મા આત્માથી આત્માને જાણે અનુભવે, આત્માને આત્માથી જાણે અનુભવે ત્યારે તેને આત્મદર્શન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણીમોક્ષમાર્ગ' છે. મોક્ષનો માર્ગ છે. પુણ્ય-પાપના પરિણામ બંધનો માર્ગ છે. અને સમ્યગ્દર્શન આદિ આત્મા આશ્રિત શુદ્ધ વીતરાગી પરિણામ જે પ્રગટ થાય તે મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ કહો કે આત્મિક સુખનો માર્ગ કહો એ એકાર્થ વાચક શબ્દો છે. એનો અર્થ એક જ છે. મોક્ષમાર્ગ કહો કે સુખનો માર્ગ કહો.

આવું આત્મિક સુખ અનાદિકાળથી આજ સુધી અજ્ઞાની પ્રાણીએ એ સુખનો સ્વાદ લીધો નથી. જોઈએ છે સુખ. સર્વ પ્રાણી સુખને ઈચ્છે છે. કોઈ પણ પ્રાણી દુઃખને ઈચ્છતો નથી. પછી એકેન્દ્રિય જીવ હોય, બે ઈન્દ્રિયનો જીવ હોય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી એવા જે જીવો છે જે જીવત્વ શક્તિથી જીવી રહ્યા છે અને વ્યવહારે જે દસ પ્રકારના પ્રાણથી જીવે છે. એવા આત્માઓ અનંત છે. સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્ય કહ્યા છે. જીવો અનંત છે. પુદ્‌ગલ પરમાણુઓ અનંતાઅનંત છે. એક ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય પદાર્થ છે. એક અધર્માસ્તિકાય છે. એક આકાશ દ્રવ્ય છે. અસંખ્યાત કાળાણુ છે. એવા સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ છ દ્રવ્ય કહ્યા છે.

દ્રવ્ય એને કહીએ કે જેમાં એ દ્રવ્યમાં અનંતગુણો હોય. એકએક દ્રવ્યમાં અનંતગુણો છે. અને એ ગુણોના પરિણામ પ્રગટ થાય તેને પર્યાય કહેવામાં આવે છે. એમ ગુણ અને પર્યાયના સમુદાયને ભગવાન વીતરાગ દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્મા એને દ્રવ્ય કહે છે. એવા જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો છે. જાતિ અપેક્ષાએ છ, સંખ્યા અપેક્ષાએ અનંત પદાર્થો, દ્રવ્યો છે. સર્વજ્ઞ ભગવાનને જયારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે એક સમયમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન. ત્રણ લોક ઉર્ધ્વલોક, અધોલોક અને મધ્યલોક એક સમયમાત્રમાં તેઓશ્રીને જ્ઞાન થાય છે. અને કેવળજ્ઞાનમાં જે પ્રત્યક્ષ પદાર્થોના સ્વરૂપને જાણ્યું, જોયું, એ વાણી-દિવ્યધ્વનિ છૂટે છે ત્યારે એ છ દ્રવ્યો જોયા એ વાણીમાં આવ્યા.

અને એ જીવના નવ પ્રકારના ક્રમે પરિણામ થાય છે. એને ભગવાન નવ તત્ત્વ કહે છે. એ પર્યાય છે. અને એ પરિણામ છે, દશા છે, હાલત છે. અને એની પાછળ એની સાથે સાથે રહેતો એક ધ્રુવતત્ત્વ, પરમાત્મતત્ત્વ, જીવતત્ત્વ, સામાન્યતત્ત્વ જે જીવમાં સહજજ્ઞાન, સહજદર્શન, સહજસુખ, સહજવીર્ય, પ્રભુત્વ, વિભુત્વ એવી એવી અનંત શક્તિનો પુંજ અંદરમાં આત્મા બિરાજમાન છે. પણ દેહદષ્ટિવાળાને, દેહના પ્રેમવાળાને, સંયોગના પ્રેમવાળાને, પુણ્ય ને પુણ્યના ફળની રુચિવાળાને આ અંતરઆત્મા ભગવાન બિરાજમાન છે કે જે ભગવાનના દર્શન કરતાં ધર્મ થાય. પ્રતિમા એ ભગવાન છે એના દર્શન કરતાં શુભભાવ થાય, પુણ્ય બંધાય. અને અંતરમાં ભગવાનઆત્મા શક્તિરૂપે બિરાજમાન છે એના દર્શન કરતાં એને ભવનો અંત થાય અને એ જ વખતે એને આત્મિક સુખ પ્રગટ થાય. એવા એ શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે એ જગતના જીવો જાણતા નથી.

એ જગતના જીવો શુદ્ધાત્માના સ્વરૂપને જાણે અનુભવે અને સુખની પ્રાપ્તિ કરે એ હેતુએ આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાસ્ત્રની રચના થઈ છે. આખા જગતના પ્રાણીઓ સવારથી સાંજ સુધી જે કાંઈ પ્રયત્ન કરે છે એ કેવળ સુખને અર્થે કરે છે. એકેન્દ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય કોઈપણ જીવ પ્રયત્ન કરે એ કોઈ દુઃખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતું નથી. જગતના બધા જીવો પ્રયત્ન તો કરે છે પણ શેના માટે કરે છે? પુરુષાર્થ શેના માટે કરે છે? કેવળ સુખને માટે પ્રયત્ન, પુરુષાર્થ કરે છે. પણ જગતના જીવોને જ્ઞાન નથી કે સુખ કયાં છે અને એ સુખની પ્રાપ્તિ કેમ મને થાય એનો ઉપાય જાણતા નથી. સુખ આત્મામાં છે અને એ સુખની પ્રાપ્તિ, આત્માનું અંતર ધ્યાન કરતાં, આત્મામાં એકાગ્ર થતાં આત્માને સુખનો સ્વાદ આવે છે. સુખ આત્મામાં છે. સુખ સંયોગમાં નથી. સુખ મોટર, બંગલા, ધન, ધાન્ય, પરિવાર, કુટુંબ એમાં સુખ નથી. એ તો દૂર રહો.

હવે એના કરતાં અહીંયા એક વધારે સૂક્ષ્મ વાત આચાર્ય ભગવાન સમજાવે છે કે, તમે ભવ્ય આત્માઓ તમે અમારી નાત ને જાતના છો પણ તમે તમારા સ્વરૂપને ભૂલી ગયા છો. તમારા સ્વરૂપને તમે ઓળખતા નથી, પીછાનતા નથી. શું તમારું સ્વરૂપ છે તમે દેહને આત્મા માની બેઠા છો. દેહ આત્મતત્ત્વ નથી. દેહ છે એ એક પુદ્‌ગલની રચના છે. આ અનંત પરમાણુઓનો પિંડ છે. આ જે ઈન્દ્રિયજ્ઞાન વડે દેખાય છે એ રૂપી પદાર્થ દેખાય છે. અરૂપી આત્મા અંદરમાં છે એ ઈન્દ્રિયજ્ઞાન વડે જણાતો નથી. એને જાણવો હોય તો એક અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા જાણી શકાય છે. વર્તમાનકાળમાં પંચમકાળમાં નાના, મોટા, ભાઈઓ, બહેનો, માતા એ આત્મદર્શન કરી શકે છે. એવા આત્માના દર્શનથી એને સુખની પ્રાપ્તિ થાય છે. માટે જેમ મૃગજળને પાણીની તૃષા લાગે છે અને એ તૃષાતૂર થયેલો મૃગલો ઝાંઝવાના જળ જોઈને એની પાછળ દોડે છે પણ એક પાણીનું બિંદુ પણ મળતું નથી. પાણીનું બિંદુ તો મળતું નથી પણ ઠંડી હવા પણ આવતી નથી. અને એમ ને એમ એ મૃગજળની પાછળ, ઝાંઝવાના જળની પાછળ એ મરી જાય છે, મૃત્યુને શરણ થાય છે.

એમ અજ્ઞાની પ્રાણીઓ પાંચ ઈન્દ્રિયના વિષય, એ પાંચ ઈન્દ્રિયના વિષય તરફ ઝુકી રહ્યા છે, ઢળી રહ્યા છે. પાંચ ઈન્દ્રિયના જે પાંચ વિષયો છે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ ઈન્દ્રિયના પાંચ વિષયો ભગવાન પરમાત્માએ ફરમાવ્યા છે. એના તરફ એ ઝૂકે છે. નિરંતર એના તરફ ઢળી રહ્યા છે, ઝળી રહ્યા છે. એમાંથી કાંઈક સુખ મળશે આમાંથી મળશે, આમાંથી મળશે, આમાંથી મળશે એમ સુખને માટે (ચારે બાજુ ફાંફા મારે છે.) સુખ છે અંદરમાં. અંદરમાં શોધતો નથી. વિશ્વાસ નથી આવતો કે અંતરઆત્મામાં સુખ ભર્યું છે. વિશ્વાસ નથી આવતો કેમ કે એને અનુભવ નથી. અને બીજું અનુભવી પુરુષનો યોગ પણ પંચમકાળમાં, બહુ વિરહ હોય છે. એ અનુભવી પુરુષના યોગ વિના આ અંતર અનુભવની વાત કોઈ બતાવી શકતું નથી. એનો પણ યોગ વિરલ છે. એ પ્રકારના પુણ્ય જીવના ઓછા થઈ ગયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચતુર્થકાળમાં તો જ્ઞાનીનો યોગ પણ હોય અને તીર્થંકરનો યોગ પણ થાય. વર્તમાનકાળમાં જ્ઞાનીનો યોગ થવો બહુ દુર્લભ છે. કદાચિત્ જ્ઞાનીનો યોગ થાય તો એની ઓળખાણ થવી દુર્લભ છે, અને કદાચીત ઓળખાણ થાય તો એની દેશનાલબ્ધિ સાંભળવાનો ભાવ આવે એ પણ દુર્લભ છે, કદાચ દેશનાલબ્ધિ સાંભળવાનો ભાવ આવે તો એણે કહેલી વાત સમજવા જેવી છે એવી રુચિપૂર્વક તેનું એ વલણ તેના તરફ જતું નથી. એટલે એને શુધ્ધાત્માના સ્વભાવની વાત, વિભાવની વાત બધા કરે છે સ્વભાવની વાત કરનારા તો કોઈ વિરલા જ્ઞાની ધર્માત્મા જ હોય છે. વિભાવની વાત બધા કરે છે કે પાપથી દુઃખ થાય અને પુણ્યથી સુખ થાય સો ટકા જૂઠી વાત છે. જેમ પાપના પરિણામ દુઃખરૂપ છે એમ પુણ્યના પરિણામ પણ કષાયની મંદતા (કરે તો પણ) કષાયની જાત હોવાથી એનું ફળ દુઃખ છે. રમણીકભાઈ ! જરાક વાત સમજવા જેવી છે. આગળ બેઠા છે એ રમણીકભાઈને? રમણીકભાઈ. (મુમુક્ષુ :- સમજાણું એ નોંધ કરું છું.) હા, જરૂર કરો અને પછી પ્રશ્ન કરજો, ખુશીથી. વિચાર કરી અને પ્રશ્ન જરૂર કરવા જેવા છે. આ તો એક અપૂર્વ વાત છે. એ અપૂર્વ વાત મને પણ જન્મથી મળી નહોતી. એ કોઈ મારા ભાગ્ય યોગે મને આ એક મહાપુરુષનો સોનગઢના સંતનો યોગ થયો. અને એમના પરિચયથી આ શુધ્ધાત્માનું સ્વરૂપ શું છે? અને એનો અંતર અનુભવ કેમ થાય? અને અનુભવ કરતાં સંસારનો અંત કેમ આવે? એ વાત મેં તેઓશ્રી પાસેથી સાંભળી છે. મારા ઉપર કરુણા કરીને તેઓશ્રીએ મને કહી છે. મને એટલે વ્યકિતગત તો નહોતા કહેતા. પણ બધાને પ્રવચનમાં કહેતા હતા.

એવા આત્માની વાત સાંભળવી પણ દુર્લભ અને સાંભળે તો એના ઉપર વિચાર કરવાનો જીવને ટાઈમ પણ નહીં. ચોવીસે કલાક સંકલ્પ ને વિકલ્પ, સંકલ્પ ને વિકલ્પ આ કરવું છે ને તે કરવું છે. આ પદાર્થ મેળવવા છે અને આ પદાર્થને ભોગવવા છે. પાંચ ઈન્દ્રિયના વિષયોને મેળવવા છે સુખને માટે અને પછી પાંચ ઈન્દ્રિયના વિષયને ભોગવવા છે. એ પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોગ એ દાહજ્વર છે. આત્માને અંદર બળતરા, આકુળતા ઊભી થાય છે. કયાંય એમાં શાંતિ નથી. શાંતિ અંતરમાં છે. અંતર શોધનારને શાંતિ મળે છે.

છસ્સો ને આઠ જીવ, છ મહિનાને આઠ સમયે આખા લોકમાંથી, મનુષ્ય લોકમાંથી છસ્સોને આઠ જીવ નિરંતર છ મહિનાને આઠ સમયે સિધ્ધ ગતિને પ્રાપ્ત કરે છે. છ મહિનાને આઠ સમયે કંટીન્યુ, અનાદિથી એવો કાળ ચાલુ છે અનંતકાળ રહેશે. છતાં જીવની સંખ્યા ખૂટવાની નથી. પ્રશ્ન તો થાય ને કે તો તો પછી આ સંસારનો અભાવ થશે. અરે ભાઈ! સંસારનો અભાવ થવાનો નથી. એણે વાત સાંભળી નથી. એક કંદમૂળમાં બટેટાની કે લસણની એક કણી, એની અંદર એક કણીની અંદર અનંત જીવો છે. એના કરતાં અનંતગણા જીવો સિધ્ધ પરમાત્માની દશાને પામ્યા છે. એટલા સંસાર રાશીમાં જીવો છે, કે જયારે સર્વજ્ઞ ભગવાનને ગૌતમ ગણધરે જેમ પૂછયું એમ ભાવિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તીર્થંકરને જ્યારે પૂછશે કે આ આટલા સિધ્ધ થઈ ગયા તો આ સંસાર ખૂટી જશે કે નહીં? ત્યારે ઉત્તર આવશે કે કંદમૂળની એક કણીની અંદર અનંતા જીવો છે. અને એના કરતાં અનંતગુણા જીવો સિધ્ધ પરમાત્મ દશાને પામ્યા છે. કોઈ કાળે સંખ્યા ઘટતી જ નથી. એટલી જીવ રાશી છે.

એમ આ આત્મામાં સુખ છે અને તે સુખ કેમ પ્રાપ્ત થાય એવો એક પ્રશ્ન શિષ્યએ કર્યો છે. કર્તા-કર્મ અધિકારની બૌંતેર નંબરની ગાથા છે. એમાં શિષ્ય પ્રશ્ન કરે છે. પ્રભુ! આ દુઃખની નિવૃત્તિ કેમ થાય? અર્થાત શું આત્માના જ્ઞાનમાત્રથી જ બંધનો અભાવ થાય? એવો શિષ્યનો પ્રશ્ન છે. શાસ્ત્રજ્ઞાન નહીં. શાસ્ત્રજ્ઞાન તો અનંતવાર જીવે કર્યું. શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી. શાસ્ત્રજ્ઞાન તે ભગવાન ના પાડે છે કે શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી. હવે શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી તો આ દુકાનનું ને જડનું જ્ઞાન તો જ્ઞાન ક્યાં છે? ઝવેરચંદભાઈ! આ કાપડનું જ્ઞાન તે જ્ઞાન નથી. કેમ કે જ્ઞાન કાપડનું નથી. જ્ઞાન જડનું નથી. જ્ઞાન આત્માનું છે. એ જ્ઞાન અંતરમુખ થઈને જ્યારે જેનું જ્ઞાન છે એ જ્ઞાન એને જાણે ત્યારે તેને ધ્યાનના કાળે ઈન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે અને એક અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને આત્મદર્શન થાય છે. ત્યારથી તેને ધર્મની શરૂઆત થાય છે. શુધ્ધાત્માના પ્રત્યક્ષ અનુભવથી ધર્મની શરૂઆત થાય છે, અનુભવથી વૃધ્ધિ થાય છે અને અનુભવથી પૂર્ણતા પ્રગટ થાય છે. આદિ, મધ્ય, અંતમાં શુધ્ધાત્માના અનુભવથી ધર્મની શરૂઆત થાય છે.

શું આત્માનો અનુભવ, શું આત્માનું સ્વરૂપ જગતના જીવોને જાણવા મળતું નથી. હજી ભારતમાં તો ક્યાંક ક્યાંક ખૂણે ખાંચરે જાણવાનું મળે પણ આ લંડનમાં અને એમાંય આ ઈમીટેશન, ચકચકાટ, ખોટું સુખ, સુખાભાસ, સુખનો આભાસ (છે) સુખ નથી. એમ કહે કે આ ફલાણા ભાઈ બહુ સુખી બે પાંચ કરોડની પાર્ટી છે. સર્વજ્ઞ ભગવાન ના પાડે છે. આહાહા ! સુખ તો અંતર આત્મામાં છે. લક્ષ્મીમાં સુખ નથી એ તો જડ છે. લક્ષ્મીથી મને સુખ થાય એવી મિથ્યા માન્યતા એ તો આસ્રવતત્ત્વ છે. એમાં ક્યાંય સુખ નથી. એનાથી આગળ અહીંયા કહે છે કે પુણ્યના પરિણામ તને કદાચિત આવે એ પુણ્યના પરિણામ પણ દુઃખરૂપ છે. એ આજે આપણે ત્રીજો બોલ લેવો છે.

ભેદજ્ઞાનનો પ્રકાર સમજાવે છે. કે ચૈતન્યમૂર્તિ આત્મા આ જડ એવા દેહથી ભિન્ન છે. માટે દેહને તું તારો ન માન. દેહનો વિયોગ થઈ જશે અને આત્મા ચાલ્યો જશે. માટે બે તત્ત્વ ભિન્ન ભિન્ન છે. દેહ તારો નથી, તારું તો અંતરજ્ઞાન છે. તું જ્ઞાનમય છો ને દેહમય નથી. એમ અંદરમાં પુણ્ય ને પાપની લાગણીનું જે ઉત્થાન થાય છે એ સર્વજ્ઞ ભગવાન કહે છે કે એ મેલ છે. પાપના પરિણામ તો મલિન ભાવ અપવિત્ર છે. પણ પુણ્યના પરિણામ દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ એ પણ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ફરમાવે છે કે ભાઈ એ મલિનભાવ છે. જેમ પાણી ઉપર શેવાળ છે એમ આ પુણ્ય ને પાપના પરિણામ મલિન અને અપવિત્રભાવ છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા પવિત્ર અંદરમાં બિરાજમાન છે. એને તું દષ્ટિમાં લે. એને તું લક્ષમાં લે. અને પુણ્ય-પાપનું લક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છોડી દે. પુણ્ય-પાપ છોડી દે એમ નહીં, પુણ્ય-પાપનું લક્ષ છોડી દે. દેહ છોડી દે એમ નહીં પણ દેહનું લક્ષ છોડી દે. દેહ છોડવાનો ઉપદેશ નથી. આઠ કર્મ છોડી દે એમ નહીં. પુણ્ય-પાપ છોડ એમ નહીં પણ દેહમાં આત્મબુધ્ધિ છોડી દે.

કર્મથી લાભ માન્યો છે એ છોડી દે અને પુણ્યના પરિણામ એ ધર્મનું કારણ છે એમ મિથ્યા માન્યતાને છોડી દે. એનું લક્ષ છોડી દે. પદાર્થો ભલે રહ્યા પણ પદાર્થ મારા છે એવા મમત્વના પરિણામને તું છોડી દે. એનો ત્યાગ કર. પણ હવે ત્યાગ કેમ કરવો? કે ગ્રહણપૂર્વકત્યાગ છે. સર્વજ્ઞ વીતરાગ ભગવાનના શાસનમાં ત્યાગની વાત છે પણ ગ્રહણપૂર્વકત્યાગ. કાંઈક ગ્રહણ કરતાં કાંઈક વિભાવભાવ છૂટે છે. જેમકે સમ્યગ્દર્શન ગ્રહણ થતાં મિથ્યા માન્યતાના પરિણામ છૂટી જાય છે. એમ જેમ જેમ વીતરાગભાવનું અંતરમુખ થઈને ગ્રહણ થાય છે તેમ તેમ તેટલા પ્રમાણમાં રાગનો ત્યાગ થાય છે. એમ વીતરાગભાવનું વિશેષ, વિશેષ ગ્રહણ થતાં થતાં થતાં, રાગનો અભાવ થતાં થતાં એક સમય એવો આવે છે કે પરિપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય છે. એ અહીંયા આચાર્ય ભગવાન બૌંતેરમી ગાથામાં ફરમાવે છે કે આસ્રવો,

હવે નવ તત્ત્વના નામ પણ ન આવડે. નહિંતર નવ તત્ત્વની વાત છે. નવ તત્ત્વની પરિધિમાં આ બધું રહેલું છે. નવ તત્ત્વ બહાર કાંઈ કહેવાનું નથી. કે જે નવ તત્ત્વ સર્વ માન્ય છે. નવ તત્ત્વ સર્વ સંમત છે. નવના દસ તત્ત્વ નથી, નવના આઠ નથી. અનાદિઅનંત (છે.) ઋષભદેવ ભગવાનના વખતમાં પણ એની દિવ્યધ્વનિમાં નવ તત્ત્વ આવ્યા. ભગવાન મહાવીરની વાણીમાં પણ નવ તત્ત્વનું સ્વરૂપ આવ્યું છે. પણ એ નવ તત્ત્વમાં શું ઉપાદેય છે, શું હેય છે અને શું જ્ઞેય છે. એનો વિચાર એક સમય માત્ર પણ આત્મા કરતો નથી. પોતાના ઘરની વાત, એ જૈન થયો પણ નવ તત્ત્વનું સ્વરૂપ ભગવાને શું કહ્યું એ સમજવાની દરકારેય કરતો નથી.

એમાં નવ તત્ત્વમાં એક આસ્રવતત્ત્વ છે. જીવતત્ત્વ, અજીવતત્ત્વ. પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ એ બે મળીને ભગવાન આસ્રવતત્ત્વ કહે છે. આસ્રવો એટલે આગંતુક નવા નવા ભાવો. આસ્રવો નવા નવા આગંતુક ભાવો, મહેમાન આવીને ચાલ્યા જાય. આવીને જાય, આવીને જાય. એવા આસ્રવો કે જેના નિમિત્તે જીવને જે આઠ પ્રકારના બંધ થાય છે એવા જે આસ્રવો એ આસ્રવોના બે ભેદ, પુણ્ય આસ્રવ અને પાપ આસ્રવ. પાપ આસ્રવ છે એ લોઢાની બેડી છે અને પુણ્ય આસ્રવ છે એ સોનાની બેડી છે. પણ બેય બંધ સાધક ભાવ છે. બેયનું ફળ જીવ બંધાય છે. પાપથી પણ બંધાય છે અને પુણ્યના પરિણામથી પણ જીવ બંધાય છે. જીવ મુકાતો નથી.

એવા આસ્રવો ભગવાને કહ્યા એના બે ભેદ પુણ્ય આસ્રવ અને પાપ આસ્રવ. હવે એનું લક્ષણ બતાવે છે કે એનું લક્ષણ શું છે? બે લક્ષણ તો કહ્યા. એક અપવિત્ર અશુચિ લક્ષણ કહ્યું, બીજું આસ્રવનું લક્ષણ જડ કહ્યું. ચેતન તો સ્વ-પરને જાણે. પણ આસ્રવો, પુણ્ય-પાપના પરિણામ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામને પણ ન જાણે અને પરિણામી એવા આત્માને પણ જાણે નહીં. એટલે એને જડ અને અચેતન કહ્યા. બે બોલ થયા. હવે આજે ત્રીજું વિશેષણ છે. આસ્રવનું વિશેષણ એટલે આસ્રવોનું લક્ષણ. સ્વ અને પર એના લક્ષણો જાણીને સ્વને સ્વપણે ગ્રહણ કરવું. અને પરને પરપણે દૃષ્ટિમાંથી છોડવું, રુચિ છોડી દેવી. એવું ભેદજ્ઞાન કરવાથી ધર્મ થાય.

તો આસ્રવો આકુળતાના ઉપજાવનારા, આકુળતા એટલે એકલા દુઃખ. એનું ફળ દુઃખ છે. પાપના પરિણામ હિંસા, જૂઠ, ચોરી, આદિ જે પાપના પરિણામ એનું ફળ તો દુઃખ છે. વર્તમાનમાં પણ દુઃખ અને ભાવિકાળે પણ દુઃખના નિમિત્તો મળે એવો કર્મનો બંધ થાય અને વર્તમાનમાં પુણ્યના પરિણામ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ ભગવાનની પૂજાનો ભાવ, યાત્રાનો ભાવ, ભગવાનના દર્શન કરવાનો ભાવ એ બધા પરિણામ છે. એ પરિણામને ભગવાન પુણ્યતત્ત્વ કહે છે. એ પુણ્યના પરિણામ પણ આકુળતાને ઉત્પન્ન કરનારા છે. એમાં બિલકુલ આત્મિક શાંતિ પ્રાપ્ત થતી નથી. આસ્રવો એટલે પુણ્ય ને પાપના આત્માના પરિણામ તે વિભાવ પરિણામ છે. એ સ્વભાવ ભાવ નથી. વીતરાગતા છે એ સ્વભાવભાવ છે. અને આ પુણ્ય ને પાપના બહિર્મુખ પરિણામ, પરાશ્રિત પરિણામ, જડઆશ્રિત પરિણામ, કર્મઆશ્રિત પરિણામ એ બે પ્રકારના પરિણામ પરમાત્માએ કહ્યું કે તને દુઃખરૂપ છે.

એ આકુળતાના એટલે દુઃખના ઉપજાવનારા હોવાથી અનાદિઅનંત, જ્યારે જ્યારે નવ તત્ત્વનું સ્વરૂપ સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવે છે ત્યારે ત્યારે આ વાત આવે છે કે આસ્રવો દુઃખના કારણો છે. આસ્રવ સુખનું કારણ નથી. સંવર, નિર્જરા ને મોક્ષ એ આત્માના પરિણામ એ સુખનું કારણ છે. અને પુણ્ય-પાપ, આસ્રવ ને બંધ એ આત્માના વિકૃત પરિણામ, વિકારી પરિણામ, વિભાવના પરિણામ, કષાયના પરિણામ એ આત્માને વર્તમાન દુઃખનું કારણ અને પરંપરાએ પણ એના નિમિત્તે જે કર્મનો બંધ થાય અને એમાં ઉદય આવે ને ઉદયમાં જોડાય તો એને દુઃખનું નિમિત્ત કારણ કહેવામાં આવે છે. પરિણામને વર્તમાન દુઃખનું કારણ કહેવાય અને પરિણામના નિમિત્તે કર્મો બંધાય એને દુઃખના નિમિત્તો કહેવામાં આવે.

વર્તમાન કોઈ પણ પ્રકારનું પરિણામ હોય એ ફળ વગર ન હોય. પરિણામનું ફળ આવે, આવે ને આવે જ. પાપના પરિણામનું ફળ પણ વર્તમાનમાં આવે, પુણ્યના પરિણામનું આસ્રવોનું ફળ પણ વર્તમાનમાં આવે અને સંવર અને નિર્જરા. સંવર એટલે શુદ્ધાત્માનો અનુભવ, સ્વાનુભવ, અનુભૂતિ એનું ફળ પણ વર્તમાનમાં આવે. નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ. વીતરાગતાની વૃદ્ધિ થાય એનું ફળ અનાકુળ આનંદ વર્તમાનમાં આવે અને મોક્ષ પરિપૂર્ણ આનંદની પ્રાપ્તિ એવા જે પરિણામ એનું ફળ પણ વર્તમાનમાં આવે. પરિણામ ફળ વિના ન હોય. પરિણામનું ફળ હોય, હોય ને હોય જ. જેવા જીવોના પરિણામ તેવા તેવા ફળને તે વર્તમાનમાં ભોગવે છે અને નિમિત્તપણે એ ભાવિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લક્ષ કરે તો ભોગવે છે.

આસ્રવો આકુળતાના ઉપજાવનારા તો એમ થાય કે હવે આ પાપને છોડવું અને પુણ્યને છોડવું તો કરવું શું? છોડવાની, લેવાની, મુકવાની કાંઇ વાત નથી. એનું જેવું સ્વરૂપ છે એના સ્વરૂપને જાણીને એનું લક્ષ છોડીને પાપ અને પુણ્યના પરિણામનું લક્ષ છોડીને, પુણ્યનો પ્રેમ છોડીને, પુણ્યના પરિણામની રુચિ છોડીને, પુણ્ય ફળની રુચિ છોડીને અંતર એક આત્મા ભગવાન બિરાજમાન છે એને રુચિપૂર્વક અવલંબન લેતાં એને ધર્મની શરૂઆત થાય. કરવા યોગ્ય તો આ છે. આત્માને ઓળખવા યોગ્ય છે. આત્માને ઓળખ્યા વિના બધી ક્રિયાઓ સંસારના ફળને ખાતે છે.

એક આત્માનું ભાન નથી. આત્માને ઓળખ્યો નહીં. મારુ ખરું, ઓરિજીનલ શું સ્વરૂપ છે? ભાઇ ! આ તો સ્વાંગ છે. આ મનુષ્યની પર્યાય એ તો સ્વાંગ છે. આત્માનો કાંઇ સ્વભાવ નથી. આઠ કર્મનો બંધ થાય એ તો સ્વાંગ છે. પુણ્ય-પાપના પરિણામનું ઉત્થાન થાય એ પણ સ્વાંગ છે. એ તો નીકળી જાય છે. જયારે મોક્ષ પંચમગતિ પ્રગટ થાય છે ત્યારે પુણ્ય-પાપના પરિણામ સંયોગ છૂટી જાય છે. આઠ કર્મનો પણ અભાવ થાય છે અને દેહનો પણ વિયોગ થાય છે. માટે જ્ઞાનનો કદી વિયોગ ન થાય. જ્ઞાન એ આત્માની સ્વભાવભૂત ક્રિયા છે. આત્માને જાણવો, આત્માને અનુભવવો એવું જે આત્મજ્ઞાન એ આત્માની સ્વભાવભૂત ક્રિયા છે. સ્વભાવભૂત ક્રિયા એ સુખરૂપ છે અને પુણ્ય-પાપની બહિર્મુખ ક્રિયા એ દુઃખના કારણ છે એમ જાણીને એનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કરવા જેવું છે.

આસ્રવો આકુળતાના, દુઃખનાં ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે. જે કાંઇ પરિણામ થાય એ પરિણામનું ફળ દુઃખ છે. દુઃખના કારણો છે. એ આત્માને આત્મિક સુખનું કારણ નથી. કદાચિત્ કર્તાબુધ્ધિએ શુભભાવ કરે (તો) પુણ્ય બંધાય અને બહારનો કાંઇક દેખાવ સારો થાય. પણ એમાં કાંઇ સુખ નથી. એ બધા પદાર્થો અહીંયા પડયા રહે છે અને પોતે પરલોકમાં ચાલ્યો જાય છે. કાં પોતે જીવતો હોય અને પુણ્ય ખૂટી જાય તો સંયોગનો વિયોગ થઇ જાય અને પોતે એમ ને એમ બેઠો બેઠો જોયા કરે પણ સંયોગને કાંઇ રોકી શકતો નથી. જતાં સંયોગને રોકી શકતો નથી, એ આવતા સંયોગને લાવતો નથી. પણ અભિમાન કરે છે કે મારા પુરુષાર્થથી મેં લક્ષ્મી પ્રાપ્ત કરી. એ તો અભિમાન છે.

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે, સૃષ્ટિ મંડાણ એની પેરે, કોઇ યોગી યોગેશ્વરા જાણે. એમ એને અભિમાન થઇ ગયું છે કે હું છું તો આ બધું થાય છે પણ જે થાય છે એનો હું જાણનાર છું, થાય છે એનો જાણનાર તે હું એનો કરનાર હું નહીં. એમ જો મમકાર ને અહંકાર છૂટી જાય તો આત્મભાન થાય. આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે. આ સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાત છે. સંતોએ અનુભવીને આ શાસ્ત્રો લખ્યાં છે. જંગલવાસી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવલિંગી સંત નગ્ન દિગંબર મુનિ હતા. ચોવીસ કલાકમાં એક વખત આહાર લ્યે. એક જ વખત પાણી લ્યે પછી પાણીનું એક બિંદુ પણ જેને ખપે નહીં. એકસો વીસ ડીગ્રીનો તાપ હોય, ગળુ સુકાતું હોય, પ્રાણ જાય પણ એ પાણીનું (બિંદુ પણ ) લેવાનો જેને વિકલ્પ ઊઠે નહીં. દિવસ દરમ્યાન તો એને ઊંઘ હોય નહીં. રાત્રિના છેલ્લા પહોરે એક સાથે ઊંઘ આવે તો પોણી સેકન્ડ ઊંઘ હોય. એક સેકન્ડની ઊંઘ આવે તો મુનિપદ ચાલ્યું જાય. એ પોણી સેકન્ડથી ઊંઘ વધે નહીં. એટલી જાગૃત અવસ્થા છે અને આનંદના ઘુંટડા એવા ભરે છે કે એને પ્રમાદ રહેતો નથી. પ્રમાદ છૂટી જાય છે. આનંદના સ્વાદમાં ને સ્વાદમાં પ્રમાદ છૂટી જાય છે. પ્રમાદ ઉપર જેણે વિજય પ્રાપ્ત કર્યો છે એવા મુનિરાજે શાસ્ત્ર લખ્યું છે.

સાંભળો ભવ્ય પ્રાણીઓ! તમારા સ્વરૂપની જ હું વાત કહું છું. હું વિકથા નહિં કહું, હું આત્મ કથા કહીશ, ધર્મ કથા કહીશ. આત્માનું તમારું શું સ્વરૂપ (છે એ ) તમે જાણતા નથી. તમારા સ્વરૂપને અમે જાણીએ છીએ. તમારા સ્વરૂપને તમે ઓળખતા નથી. તમે કોણ છો એની તમને ખબર નથી. પણ તમે કોણ છો એ અમે જાણીએ છીએ. તો અમારા સ્વરૂપની તમને કેમ ખબર પડી ગઈ? તમે અમારા સ્વરૂપમાં તો પેસતા નથી અને અમારું સ્વરૂપ શું છે એ તમને કેમ ખબર પડી? કે ભાઈ અમને એમ ખબર પડી કે અમારા શુધ્ધાત્માના અમે દર્શન કર્યા ત્યારે અમને એમ ભાસ થયો, ભાન થયું, જ્ઞાન થયું કે જેવો મારો આત્મા છે એવા જગતના બધા પ્રાણીઓ ભગવાન છે. અમે બધાને ભગવાન તરીકે જોઈએ છીએ. અમે કોના પ્રત્યે રાગ અને કોના પ્રત્યે દ્વેષ કરીએ? કોણ મિત્ર અને કોણ શત્રુ? એવી જેની વૈરાગ્યવાન દૃષ્ટિ પ્રગટ થઈ ગઈ છે

'ઐસે મુનિવર દેખે વનમેં જાકે રાગ-દ્વેષ નહીં તનમેં' એવા મુનિરાજોએ અનુભવીને આ શાસ્ત્રો લખ્યા છે. પોતે કહે છે કે પ્રચુર આનંદનું ભોજન કરનારા છીએ. સમ્યગદૃષ્ટિ ને શ્રાવક એને આનંદનું ભોજન હોય છે પણ પ્રચુર નહિં, ઘણું વધારે નહિં, માત્રા ઓછી અને સિધ્ધ પરમાત્માની સો ટકા માત્રા આનંદનું ભોજન કરે છે. અરિહંત પરમાત્મા અત્યારે બિરાજમાન છે. મહાવિદેહમાં સીમંધર ભગવાન અત્યારે સાક્ષાત બિરાજમાન છે. વીસ તીર્થંકર અત્યારે બિરાજમાન છે. પણ આજના જુવાનિયાને ટાઈમ નહીં કે આ શું છે શું સમજવા જેવું છે? શું કરવા જેવું છે? શું ન કરવા જેવું છે? વ્યવહારમાંય હજી કાંઈ વિવેકના ઠેકાણા નહીં. શું ખાદ્ય અને શું અખાદ્ય એના પણ હજી વિવેક નહીં ત્યાં ધર્મની વાત તો કોઈ અપૂર્વ છે. આહા!

દુઃખના કારણને છોડ. દુઃખના કારણને તું સેવમાં. જો દુઃખના કારણને સેવીશ, દુઃખના કારણની રુચિ રાખીશ, પુણ્ય ને પુણ્યના ફળની રુચિ રાખીશ તો વર્તમાનમાં તો તું દુઃખી છો એ અમે જાણીએ છીએ. પણ ભાવિકાળમાં પણ દુઃખ આવી પડશે. આ મનુષ્યભવ તો માંડ કોઈ વખતે પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે કે એકેન્દ્રિય જીવ નિગોદમાંથી નીકળીને બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય એને ત્રસ કહેવાય. એકેન્દ્રિયને સ્થાવર કહેવાય, બે ઈન્દ્રિયના જીવોને બે ઈન્દ્રિયનો ઉઘાડ એને ત્રસ જીવ કહેવાય. એવી ત્રસ રાશિમાં જ્યારે જીવ આવે છે ત્યારે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ બે હજાર સાગર માત્ર એ ત્રસમાં રહે છે. અને એમાં જો આત્મભાન કરીને મોક્ષ થઈ ગયો તો છૂટી ગયો. અને નહિંતર ફરીને એ નિગોદમાં ચાલ્યો જાય છે. નિગોદ એટલે બટેટા અને કંદમૂળમાં રહેલાં જીવો, જેને કોઈ જીવપણે સ્વીકારવા તૈયાર નથી એટલું એનું જ્ઞાન બિડાઈ જાય છે. એનું આત્મબળ બિડાઈ જાય છે. એ બહુ દુઃખી છે. નારકીના દુઃખ કરતાં પણ એકેન્દ્રિય નિગોદના જીવનું દુઃખ અનંતગણું છે. એ, એ ભોગવે જાણે અને બીજા સર્વજ્ઞ કેવળી જાણે.

માટે આ એક મનુષ્યભવ મળ્યો એ તો એક મોકો છે. કામ કરી લેવાની એક તક આવી છે. જો એ તક ગઈ એ તક ચૂકી ગયો (તો) આંખ વીંચાઈ જશે અને ક્યાં ફેંકાઈ જશે કાંઈ પત્તો નહીં લાગે. ખોવાઈ જશે. આ લોકની અંદર ક્યાં જાય ક્યાં એનો પત્તો લાગે? જેમ એક સડેલું તરણું હોય અને વાવાઝોડું આવે ને તરણું ઊડે, હવે એ તરણું ક્યાં જઈને પડે એનો કાંઈ પત્તો નહીં.

એક વખત રાજકોટમાં એવો બનાવ બન્યો કે ગુરુદેવ પધાર્યા'તા ત્યારે જેલની અંદર કેદીઓ હતા. એ કેદીઓને ખબર પડી કે સોનગઢના સંત રાજકોટમાં પધાર્યા છે. તેઓ બધાએ ભેગા મળીને વિચાર કર્યો કે આપણે સંતના દર્શન કરવા છે. એટલે જેલરને વિનંતી કરી કે અમારે દર્શન કરવા છે તમે જાવ વિનંતી કરો. જેલરને પણ કરુણા આવી ગઈ. કે ભઈ સંતના દર્શન કરતાં હોય તો ભલે કરે. એવા એને કુણા પરિણામ થયા. તો જેલર ગુરુદેવ પાસે આવે છે. માંગણી કરે છે કે આપના દર્શન કરવાની અમારા કેદીઓની ભાવના થઈ છે. (ગુરુદેવ) કહે ભલે ખુશીથી, કાલ સવારે આવશું. એ સવારના અમે બધા સાથે હતા. ત્યાં જેલની અંદર ગયા. એમાં ખૂનીઓને બધા ઘણા હતા. ખુલ્લી જેલ હો, ખુલ્લી જેલ (હતી) અને અંદરમાં ગયા બધા એના દર્શન કરે છે. એમ થતાં જેલની બહાર નીકળ્યા (ત્યાં) બીજી એક જેલની કોટડી હતી. એની અંદર એક બાવીસ વર્ષનો છોકરો એણે એક દીકરીનું ખૂન કરેલું, બાઈનું, કન્યાનું બહારના. અને એને ફાંસીની સજા મળી ગયેલી. તો ત્યાં અમે આમ ગયા તો એ ઊઘાડે ડીલે, ખાલી ચડી પહેરી હતી અને એ બેઠો હતો. એની સામે જેલરે કહ્યું કે, જુઓ આ છે ને એને ફાંસીની સજા મળી ગઈ છે. હવે એને કાંઈ ખાવાનું ભાવતું નથી, પીવાનું ભાવતું નથી એને ઊંઘ આવતી નથી. ફાંસીનો હુકમ થઈ ગયો. તારીખ નક્કી થઈ ગઈ. આપણે તો સિધ્ધાંતમાં ઉતારવું છે. ફાંસીની તારીખ નક્કી થઈ ગઈ. એને કાંઈપણ અનાજ આપીએ છીએ તો મોઢેથી પાછું વળે છે. પાણી પીતો નથી, ઊંઘતો નથી, એવી એને દેહ ઉપર મમતા છે ને? મોહજન્ય દુઃખ છે ને?

ત્યારે ગુરુદેવે કહ્યું, આહાહાહા! ખરેખર તો બધાને ફાંસીનો હુકમ તો થઈ ગયો છે. ખાલી તારીખની ખબર નથી. ફાંસી એટલે મૃત્યુ, મરણ અવશ્ય આવવાનું છે. અને આજ કાલ તો નાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉંમરના ભાઈઓનું પણ હાર્ટફેઈલ થઈ જાય છે. મુંબઈમાં તો અત્યારે બહુ બનાવ બને છે. હમણાં અમે ઈન્દોરમાં ગયા હતા ત્યારે મુંબઈની એરની ટીકીટ લીધી. આપણા મુમુક્ષુ ભાઈ હતા તે (કહે) હું કાલ ટીકીટ આપી જાઈશ. ટીકીટ લેવાઈ ગઈ કાલ હું આપી જાઈશ. તે સવારના પહોરમાં એનું હાર્ટફેઈલ થઈ ગયું. બાવન, ત્રેપન વર્ષની ઉંમર (હતી) એટલે કહેવાનો આશય એ છે કે દરેકને હુકમનામું તો લખાઈ ગયું છે બજવણી બાકી છે. બધાને કોઈ ત્રીસ, કોઈ ચાલીસ, કોઈ પચાસ, કોઈ સાઈઠ. સીંતેર વધારેમાં વધારે સો વર્ષ. અત્યારના કાળમાં એવરેજ સો, એકસો પાંચ ઉપર તો કોઈક પહોંચે. બાકી સોની અંદર બધા ચાલ્યા જાય.

માટે એક આ મનુષ્યભવ મળ્યો એ ચિંતામણી રતન મળ્યું છે. દોલતરામજીએ એક ‘છ ઢાળા’ બનાવી છે. તેઓશ્રીએ તો ત્યાં સુધી કહ્યું, અરે નિગોદમાંથી ત્રસ રાશીમાં આવ્યો. બે ઈન્દ્રિય થયો તો પણ ચિંતામણી રતન પ્રગટ થયું એમ માનવું જોઈએ. તો આ મનુષ્યભવ મળ્યો અને એમાં કાંઈ ધર્મની વાત સાંભળવાનો રસેય નહીં, પ્રેમેય નહીં. શું આત્મા? શું ધર્મ? આહા! ભવ હારી જશે. કોઈ શરણ નહીં થાય. બધા ઘરના માણસો ઊભા ઊભા જોશે. ઊભા ઊભા જોશે પણ કોઈ એને બચાવી નહીં શકે. ડોકટરના પિતા હોય (તો) ડોકટર પોતે (પણ) એના પિતાને મા-બાપને બચાવી ન શકે. કોણ બચાવી શકે. કોણ શરણ છે? એક આત્માને આત્માનું શરણ છે. જો એની ઓળખાણ થઈ તો અલ્પકાળમાં મુકિત થાય. અને જો આત્માની ઓળખાણ વગર ગયો, આયુષ્ય પૂરું થયું તો ગમે તે ચાર ગતિમાં એ દુઃખને ભોગવશે.

માટે આચાર્ય ભગવાન ફરમાવે છે, ભાઈ ! અમે તારા સ્વરૂપની વાત કહીએ છીએ. અમે બીજાની વાત તને નથી સંભળાવતા. તને તારા સ્વરૂપની, તારા આત્માના સ્વરૂપની વાત કહીએ છીએ. તું શાંતિથી સાંભળ ! તારા હિતને માટે કહીએ છીએ. અમારે કાંઈ જોઈતું નથી. આહા! નગ્ન દિગંબર મુનિ એને કાંઈપણ સ્પૃહા નથી. શ્રીમદ્જી તો ત્યાં સુધી ફરમાવે છે કે ‘વંદે ચક્રી તથાપિ ન મળે માન જો.’ મુનિરાજને ચક્રવર્તીઓ વંદન કરે છે. પણ એને માનની અપેક્ષા નથી. કે કોઈ અમને વંદન કરે તો ઠીક. આહા! વીતરાગી સંતો એ તો આત્મધ્યાનમાં લીન અને મસ્ત છે. એ તો એને પરની સામે જોવાનો પણ એને વખત નથી. એ તો ક્ષણમાં અને પળમાં અંદરમાં ડૂબકી મારે છે એવા મુનિરાજને જગતના જીવો ઉપર કરુણા આવી છે, એ કરુણા કરીને શાસ્ત્ર લખી ગયા છે. કે તમે તમારા સ્વરૂપને ઓળખો, તમારા સ્વરૂપને તમે અંતર ધ્યાનથી લક્ષમાં લઈને અનુભવો. તો સુખનો રસ્તો અંદરમાં છે.

એ કહે છે કે પુણ્ય અને પાપના પરિણામ બેય દુઃખના કારણો છે. આ પાપના પરિણામ તે દુઃખનું કારણ પણ પુણ્યના પરિણામથી તો સુખ ખરું કે નહીં? કે છાંટો સુખ નથી તને ભ્રાંતિ થઈ છે. અને ભગવાનઆત્મા તો એક બાજુ પુણ્ય ને પાપના પરિણામ અને બીજી બાજુ ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા પણ વિદ્યમાન છે. બે તત્ત્વ વિદ્યમાન છે. જીવતત્ત્વ પણ છે અને પુણ્ય-પાપના પરિણામ એ આસ્રવતત્ત્વ પણ છે. બે તત્ત્વ છે. બેમાં તારે પસંદગી કરવાની છે. કે હું કોણ છું? હું જ્ઞાનમય ભગવાનઆત્મા છું કે આ પુણ્ય-પાપ પરિણામ મારા છે? મારું શું છે? એ તારે પસંદગી કરવાની છે.

ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી શું ફરમાવે છે કે પુણ્ય ને પાપના પરિણામ દુઃખના કારણ કહ્યા ત્યારે પુણ્ય-પાપથી ભિન્ન અંદરમાં જ્ઞાનમય આત્મા બિરાજમાન છે. એ સદાય, ત્રણેકાળ, હંમેશને માટે, નિરાકુળતા એટલે અનાકુળ આનંદના સ્વભાવને લીધે, કારણે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી કોઈ પર પદાર્થ આવે તો આત્માનું કાર્ય થાય અને બીજા કાર્ય થાય એમાં આત્મા કારણ થાય એમ કાર્ય કારણના વ્યવહારનો ત્રણેકાળ અભાવ છે. આત્માને ધર્મ થાય એમાં પુણ્ય થાય, પુણ્ય કારણ થાય અને ધર્મના પરિણામ કાર્ય થાય એમ કોઈનું કાર્ય થાય એવો આત્માનો સ્વભાવ નથી. આત્મા નિરપેક્ષ છે. પુણ્યના પરિણામની પણ જેને અપેક્ષા નથી. એવો અંદર પરમાત્મા બિરાજમાન છે તેથી પુણ્યથી પણ ધર્મ થાય એ પુણ્યનું કારણ, પુણ્ય કારણ થાય અને ધર્મના પરિણામ કાર્ય થાય એવો કારણ કાર્ય સંબંધ પુણ્યની સાથે નથી. અને આત્મા કારણ થાય અને પુણ્યના પરિણામ એનું કાર્ય થાય એવો કારણ થવાનોય સ્વભાવ નહિ અને કાર્ય થવાનોય સ્વભાવ નહીં.

હવે આ નવા શબ્દો કઠણ પડે. કારણ શું અને કાર્ય શું? દુકાનમાં બસ્સો, ત્રણસો ચીજ હોય એ યાદ રહે. પાંચસો-પાંચસો, હજાર-હજાર ચીજ હોય, ઓલા મોટરના સ્પેર પાર્ટસ હોયને? એમાં એક એક હજાર વસ્તુ પડી હોય તે બધી યાદ રહે. પણ આ છ દ્રવ્ય અને નવતત્ત્વ એ યાદ નથી રહેતાં. કેમ યાદ નથી રહેતાં? રુચિ નથી. રુચિ નથી એટલે એ યાદ નથી રહેતું. પણ પરીક્ષા આપીને પાસ થાવું છે. તો આખા ચોપડાના ચોપડા મોઢે ગોખી જાય. કેમ કે એમાં પાસ થવાની એને રુચિ છે. અને આમાં કાંઈ પૈસા મળે નહિ. અરે આમાં મળે તને ખબર શું પડે? આમાં લક્ષ્મી મળે. કઈ લક્ષ્મી? જ્ઞાનરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થાય અને અલ્પકાળમાં એની આ ચાર ગતિના જનમ, જરા અને મરણ એના દુઃખોથી આત્મા મુકાઈ જાય. એવો ધર્મનો લાભ થાય.

કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી આત્મા પુણ્યનું કારણ થાય અને પુણ્યના પરિણામ કાર્ય થાય એવો આત્માનો સ્વભાવ નથી. અને પુણ્યના પરિણામ કારણ થાય અને આત્માની અનુભૂતિ કાર્ય થાય એવો કારણ કાર્યનો સંબંધ સ્વભાવ આત્મામાં નથી. તું માની બેઠો છો. માનો તો માનો. પણ અજ્ઞાની માને છે એવું વસ્તુ સ્વરૂપ નથી. સર્વજ્ઞ ભગવાન કહે છે અને સંતોએ અનુભવ્યું એવું આત્માનું સ્વરૂપ છે. સાડા ત્રણ ને પાંચ થઈ કયાં સુધી ચલાવું? અમારે તો અહીંયા ટાઈમ છે બરાબર ટાઈમસર. અઢીથી સાડા ત્રણ એટલે અઢીથી સાડા ત્રણ. આ તો જરા પાંચ મિનિટ મોડું થયું એટલે, એક કલાક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાનઆત્મા તો સદાય, હંમેશા, (ત્રણેકાળ) નિરાકુળ સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી, તારે પરની સામે નજર કરવાનું કામ શું છે? કેમ કે કોઈ પર પદાર્થ તને પરમાર્થે ધર્મનું કારણ થતું નથી અને કોઈ કાર્ય થાય એનું કારણ હું નથી. માટે તું તારા સ્વભાવને સંભાળ. દુઃખનું અકારણ જ છે. દુઃખનું કારણ જો આત્મા હોય, પુણ્ય-પાપના પરિણામનું કારણ આત્મા હોય તો આત્માના અનાદિઅનંત પુણ્ય-પાપના પરિણામનું કારણ (જો) આત્મા હોય છે. ખ્યાલ રાખજો ન્યાય છે. કે જે પુણ્ય ને પાપના જે પરિણામ થાય છે એનું કારણ આત્મા હોય તો આત્મા તો અનાદિઅનંત છે. તો પુણ્ય ને પાપના પરિણામ પણ અનાદિઅનંત થવા જોઈએ. પણ પુણ્યના પરિણામ અનાદિઅનંત થતા જોવામાં આવતા નથી. પુણ્ય ને પાપના પરિણામનો અભાવ થઈને પરમાત્મ દશા પ્રગટ થાય છે. માટે પુણ્ય ને પાપના પરિણામનું કારણ ભગવાનઆત્મા નથી. જો હોય તો નિત્ય કર્તાપણાનો દોષ આવે.

દુઃખનું અકારણ છે અર્થાત દુઃખનું કારણ નથી. આ ભગવાનઆત્મા સુખ સ્વભાવી આત્મા એ પુણ્ય-પાપના પરિણામ જે દુઃખરૂપ છે એનું કારણ આત્મામાં નથી. એ તો અજ્ઞાનથી પુણ્ય ને પાપ ઊભા થાય છે. સ્વભાવથી ઊભા થતા નથી. સ્વભાવ કારણ નથી. અજ્ઞાન કારણ છે. અજ્ઞાન એટલે આ પુણ્ય ને પાપના પરિણામ મારા છે એમ રાગમાં આત્મબુધ્ધિ કરવી એવો અજ્ઞાનભાવ અજ્ઞાનની ખાણમાંથી આ બધા ભાવ ઊભા થાય છે. આ પ્રમાણે વિશેષ તફાવત દેખીને જયારે આ આત્મા વિશેષે બેનો, આત્મા ને આસ્રવનો તફાવત, જુદાઈ, ભિન્નતા દેખીને જયારે આ આત્મા આત્મા અને આસ્રવોનો, આ જ્ઞાનમય આત્મા અને પુણ્ય-પાપના પરિણામ જે આસ્રવો મલિન ભાવ, જડભાવ એનો ભેદ જાણે છે ભેદ એટલે જુદાઈ જાણે છે. તે જ વખતે, તે જ સમયે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત થાય છે.

કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિધ્ધિ જ નથી. કેવળ માત્ર વાતો જ કરે કે પુણ્ય-પાપના પરિણામ ભિન્ન છે અને આત્મા ભિન્ન છે એમ માત્ર વાતો કરે, એમ માત્ર વિકલ્પો ઊઠાવે એમાં કોઈ આસ્રવની નિવૃત્તિ થતી નથી. પણ બેને જુદા પાડીને પુણ્ય-પાપનું લક્ષ છોડી દયે. ત્યારે આત્મા આત્માનો અનુભવ કરે છે. ત્યારે તે પ્રત્યક્ષ આસ્રવોથી નિવર્તિ જાય છે. એટલે દુઃખના કારણો છૂટી જાય છે. પુણ્ય-પાપના પરિણામ થોડોક ટાઈમ રહી જાય છે પણ એમાં આત્મબુધ્ધિ છૂટી જાય છે. રુચિ છૂટી જાય છે. પછી પુણ્ય-પાપના પરિણામ પણ જેમ જેમ સ્વરૂપમાં લીન થાય છે તેમ પુણ્ય-પાપના પરિણામનો પણ (અભાવ થાય છે.) પહેલાં પાપના પરિણામનો અભાવ થાય છે. પછી છેલ્લે પુણ્યના પરિણામનો પણ અભાવ થાય છે. અને પરિપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થઈ, અરિહંતપદની પ્રાપ્તિ કરી તેરમું ગુણસ્થાન અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન પ્રગટ કરીને, એ જ આત્મા અશરીરી થઈને એ સિધ્ધગતિ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પંચમગતિને પ્રાપ્ત કરે છે. આત્માની ઓળખાણ કરવા જેવી છે. આત્માને ઓળખ્યા સિવાય કાંઈ ધર્મની બિલકુલ શરૂઆત થતી નથી. વખત થઈ ગયો.

## પ્રશ્નોત્તરી :

પ્રશ્ન :- ધર્મ એટલે શું?

ઉત્તર :- ધર્મ શબ્દ એવો છે કે ખાસ શબ્દ સમજવા જેવો છે. પ્રશ્ન સારો આવ્યો છે. ધર્મ એટલે શું?

ધર્મનો પહેલો શબ્દાર્થ અને પછી એનો ભાવાર્થ. ધર્મ શબ્દ છે એનો પહેલો શબ્દાર્થ શું? ધર્મ શબ્દનો શબ્દાર્થ છે. ધર્મ એટલે સ્વભાવ. સ્વભાવને ધર્મ કહેવાય. ધર્મ એટલે સ્વભાવ. વસ્તુનો જે સ્વભાવ હોય તેને ધર્મ કહેવાય. 'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ હોય તેને ધર્મ કહેવાય. હવે એનુ દૃષ્ટાંત આપું પછી આપણે એને આત્મામાં ઉતારવું છે. જેમ કે સાકર છે એનો સ્વભાવ ગળપણ (છે) તો ગળપણ છે એ સાકરનો સ્વભાવ છે. સ્વભાવ હોવાથી સાકરનો એ ધર્મ છે. સાકરનો ધર્મ. સ્વભાવને ધર્મ કહેવાય. હજી ઉતારવું છે આપણે આત્મામાં. આ તો હજી દૃષ્ટાંત છે.

એમ લીંબુ છે એનો સ્વભાવ ખટાશ (છે.) તો ખટાશ છે એ લીંબુનો સ્વભાવ (છે) તેથી એ સ્વભાવને લીંબુનો ધર્મ કહેવાય. લીંબુનો ધર્મ. સ્વભાવને ધર્મ કહેવાય. હવે એ તો દૃષ્ટાંત થયો. હવે આપણે ઉતારવું છે આત્મા ઉપર.

કે આત્મા છે એનો સ્વભાવ શું? કે એનો સ્વભાવ વીતરાગતા. વીતરાગભાવ પ્રગટ થાય એ આત્માનો સ્વભાવ છે. અને સ્વભાવ હોવાથી વીતરાગભાવને ભગવાન ધર્મ કહે છે. 'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ હોય તેને ધર્મ કહેવાય. આત્મા એક વસ્તુ છે. આત્મામાં અનંતગુણો વસેલા છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ (એવા) અનંત-અનંતગુણથી ભરેલો ભગવાનઆત્મા અરૂપી છે. એનો જે સ્વભાવ જાણવું ને દેખવું. આત્માનું જ્ઞાન, આત્માનું શ્રદ્ધાન અને આત્માનું આચરણ, ચારિત્ર. એવા જે વીતરાગી પરિણામ પ્રગટ થાય એ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવ હોવાથી (એને) આત્માનો ધર્મ કહેવામાં આવે.

પુણ્ય ને પાપના પરિણામ એ આત્માનો સ્વભાવ નથી પણ વિભાવ છે, વિકૃતભાવ છે. કષાયના પરિણામ છે. તેથી તે સ્વભાવ ન હોવાથી તેને ધર્મ ન કહેવાય પણ સ્વભાવથી વિરૂદ્ધ તેને અધર્મ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- પાપ એટલે શું?

ઉત્તર :- પાપ એટલે તીવ્ર કષાયના પરિણામ. તીવ્ર કષાયના પરિણામ એટલે હિંસા, જૂઠ, ચોરી આદિ જે કષાયના પરિણામ થાય એને ભગવાન તીવ્ર કષાય કહે છે. એ તીવ્ર કષાયના

પરિણામને પાપના પરિણામ કહેવામાં આવે છે. અને પુણ્યના પરિણામ એ કષાયની જે મંદતા થાય ક્રોધની, માનની, માયાની, લોભની જે મંદતા થાય મંદતા, તીવ્ર ને મંદ, તીવ્ર ને મંદ. એમ મંદતા થાય એવા આત્માના વિકૃત પરિણામને, વિભાવ પરિણામને ભગવાન પુણ્યતત્ત્વ કહે છે. બેય કષાયની જાત છે. બેય જાત એક જ છે.

જેમકે ઝેર છે ઝેર. કેટલુંક ઝેર એવું છે કે જયાં ખાય ત્યાં તરત જ મરી જાય. અને કેટલુંક ઝેર એવું હોય કે કલાક બે કલાક પછી મરે. એની માત્રામાં થોડો ફેર પણ એ મૃત્યુને પામે. એમ પુણ્ય ને પાપના પરિણામ એ કષાયની જાત છે. આત્માના સ્વભાવની જાતના એ પરિણામ નથી. એ આત્માના સ્વભાવથી વિરૂધ્ધ ભાવ છે. માટે એ પાપના પરિણામ કષાયની તીવ્રતા અને પુણ્યના પરિણામ એ કષાયની મંદતા. શુભભાવને પુણ્ય કહેવાય. અશુભભાવને પાપ કહેવાય. ખાવું, પીવું, કમાવું, રળવું એ બધા પાપના પરિણામ છે. દુકાનમાં જાવું, વેપાર કરવો એ બધા પાપના પરિણામ છે. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ. આત્માનો વિચાર કરવો, સ્વાધ્યાય કરવો, તત્ત્વનો વિચાર કરવો એ પુણ્યના પરિણામ છે. હા, પાપના પરિણામ છે બાપુ ! બાપુ પાપના પરિણામ છે. ભાઈ વાત સાચી છે. પણ ગૃહસ્થોને વેપારનો વિકલ્પ ઊઠે ખરો. ગૃહસ્થ જીવનમાં વેપારનો વિકલ્પ ઊઠે. એ કાંઈ હાથ લાંબો કરવા ન જાય. એટલે ગૃહસ્થ જીવનમાં એટલા પાપના પરિણામ આવે ખરા, પણ એ પરિણામની જાત શું છે એ તો આપણે સમજવી પડશેને? એની જાત. પાપના પરિણામ છૂટે નહીં. ગૃહસ્થને પાપના પરિણામ હજી એની નબળાઈથી છૂટતા નથી. પણ એને એનું સ્વરૂપ તો જોવું પડે ને?

કે આ પાપના પરિણામ છે. આ ધર્મના પરિણામ નથી. દુકાને જઈને વેપાર કરવો એ પુણ્યના પરિણામ નથી. પાપના પરિણામ છે. એ દુકાન છોડીને અથવા તો દુકાને બેઠો હોય અને ગ્રાહક ન હોય અને નવ તત્ત્વનો વિચાર કરે, આત્માનો વિચાર કરે તો એ વખતે એને પુણ્યના પરિણામ છે. એ કાંઈ આઠ કલાક પાપના પરિણામ નથી. પરિણામનો સમયે સમયે હિસાબ છે.

સર્વજ્ઞ ભગવાનની કોર્ટમાં એક એક સમયના પરિણામનો હિસાબ છે. એક એક સમયના પરિણામ. આમ જયાં ગ્રાહક આવ્યો ને સમજાવે છે એ પાપના પરિણામ, ગ્રાહક ચાલ્યો ગયો, અરે! હું તો જ્ઞાનમય આત્મા છું. હું તો જાણનાર દેખનાર છું. આ દુકાન પણ મારી નથી. અને આ પૈસો પણ મારો નથી. દુકાને બેઠા, થડા ઉપર, ખુરશી ઉપર એવો વિચાર આવી જાય તો એને પુણ્યના પરિણામ કહેવાય. અને એ દુકાનની ખુરશી ઉપર બેસીને એ પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન મારો આત્મા છે. એમ અંદર લક્ષ કરીને જો આત્મામાં ડૂબકી મારે તો ધર્મના પરિણામ પ્રગટ થાય. એ સ્થાને ત્યાં મંદિરમાં જાવાની જરૂર ન પડે. ત્યાં દુકાને બેઠા બેઠા.

મુમુક્ષુ :- આ તમે બધી વીતરાગની વાતો કરો છો પણ મને ખબર નથી પડતી તમે શું કહેવા

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માંગો છો? પણ તમારી પાસે કોઈ ફેકટરી કે કાંઈક હોય અને બસ્સો, ત્રણસો માણસને તમે નોકરીએ રાખ્યા હોય, એ માણસોને તમે પગાર આપો છો એટલે તો તમારું ગુજરાન ચાલે છે તો એને પુણ્ય કહેવાય કે પાપ કહેવાય? એક બાજુ પાપ કહેવાય, તો આ પુણ્ય કહેવાય કે પાપ કહેવાય?

ઉત્તર :- હા, ભલે બરાબર છે. પ્રશ્ન થઈ ગયો. બરાબર છે. જુઓ એ એના ઉપર દયા કરીને પૈસા નથી આપતો એની પાસેથી કામ કઢાવીને પૈસો કમાવો છે. એની આગળ આશા એ છે માટે પાપના પરિણામ છે. હા, ફેકટરી બંધ કરીને પછી તમે એને ઘરે મહિનાનું રાશન દયા ખાતર મોકલો તો એ પુણ્ય છે. ઓલું તો તમે પાંચસો (રૂપિયા) પગાર આપો અને હજારનું તમારે કામ કરાવવું છે. તમારો આશય, આશય ઉપર (આધાર) છે.

મુમુક્ષુ :- એ વાત તમારી બરાબર છે પણ દુનિયામાં બધી ફેકટરીવાળા માલિકો છે બધા એ પ્રમાણે વિચાર કરે કે એને પાપ કહેવાય તો પછી આખી દુનિયાની વસ્તી કરશે શું?

ઉત્તર :- ભાઈ! વાત એમ છે કે કોઈ કોઈ જીવ પોતાના સ્વરૂપને સમજી અને બહાર નીકળી જાય છે. બધા જીવો એક સાથે સમજવાની યોગ્યતાવાળા કોઈ કાળે નહિં આવે. એવો કોઈ કાળ નહિં આવે કે બધા જીવો એક સાથે સમજી જશે લાખો, કરોડો, અબજો અને એક સાથે મોક્ષમાં ચાલ્યા જાય એવો કોઈ કાળ આવવાનો નથી. માટે સંસાર આમ ને આમ ચાલ્યા કરવાનો છે. સંસારની તમે ચિંતા કરો માં, સંસાર સંસારને કારણે ચાલે છે. આપણે માત્ર આપણી એક આત્મ સાધના કરી અને આપણે આ સંસારમાંથી છૂટવા જેવું છે. આપણે બીજાને કાંઈ સમજાવી શકીએ એવી આપણામાં શકિત નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. માત્ર પોતે પોતાના સ્વરૂપને સમજી અને બહાર નીકળી જાય તો એ બચી જાય એમ છે.

બાકી તો આ સંસાર કોઈ દિ' તમે ચિંતા કરો માં કે આ સંસાર અટકવાનો. અનાદિઅનંત સંસાર છે. એમાં માત્ર થોડા જીવો કોઈ વિરલા, કોઈ વિરલા પોતાની આત્મસાધના કરી અને સંસારની બહાર નીકળી જાય છે. તરી જાય છે. સમુદ્રથી પાર ચાલ્યા જાય છે. અરે સંસાર તો અનાદિઅનંત ચાલવાનો છે. કયાંય અટકવાનો નથી. કોઈ દિ' સંસાર બંધ ન થાય. આપણા બાપ-દાદા કર્તાબુદ્ધિ રાખીને ચાલ્યા ગયા. હવે બાપ-દાદા ચાલ્યા ગયા પછી આ સંસાર ચાલે છે કે બંધ થઈ ગયો. ચાલે છે ને? હેં, એમ આપણે આમાંથી ખસી જઈએ, આપણે આમાંથી ખસી જઈએ. આપણો આત્મસાધનાથી મોક્ષ થઈ જાય તો આ બધું અટકી જવાનું છે? ચાલવાનું જ છે. પરિણામ સ્વભાવી હોવાથી જડ અને ચેતનના પરિણામ સમયે સમયે થયા જ કરે છે. બોલો. બોલો, બોલો કાંઈ વાંધો નહીં.

મુમુક્ષુ :- પૈસાથી સુખ મળતું નથી એ તો બધા જાણે છે. પૈસા વગર ચાલતું પણ નથી. પૈસાથી સુખ મળતું નથી પૈસો સાથે પણ નથી આવતો છતાં પણ પૈસો મેળવવા માટે........

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ જે પૈસો મેળવવાનો જે લોભ થાય છે ને એ લોભભાવ એ પાપભાવ છે. હવે પૈસાથી જ જો જીવન જીવાતું હોય તો આ કાગડા ને કબુતર પાસે એક પૈસો બેંક બેલેન્સ નથી અને જીવે છે કે નહીં? આ તો સમજવા જેવી (વાત) છે. આ ટીકા ટીપ્પણીની વાત નથી. આ તો એક સ્વરૂપ સમજવા જેવું છે. જે આપણી માન્યતા છે કે પર પદાર્થ હોય તો મારું જીવન છે. પણ પર પદાર્થ વગર પણ જીવન જીવનારા અનંત જીવો છે. જેની પાસે કાંઈ પૈસો નથી, મકાન નથી, મોટર નથી, બંગલા નથી.

પ્રશ્ન :- પાંચ મિનિટ છે........આપણે ચાલીએ છીએ તો ચાલવું તો પડે. તો તેમાં પણ પાપ છે?

ઉત્તર :- જો ભાઈ જેટલી અસાવધાનદશાથી ચાલે, અસાવધાનદશા એટલો તો એને દોષ લાગે જ. દોષ તો દોષ જ છે. અસાવધાનદશા. પણ જો નીચે જોઈને જરા સાવધાનીથી ચાલે કે કોઈ જીવ હણાય નહિ, એટલી સાવધાનીથી ધ્યાન રાખીને ચાલે તો એને પુણ્યતત્ત્વ થાય. એને ધર્મ ન થાય પણ શુભભાવ, પુણ્ય બંધાય. જીવ જંતુ આમ ચાલ્યા જતાં હોય તો આપણે જરા જોઈને ચાલીએ તો એ બચી જાય. બચે છે તો એને કારણે પણ આપણે જરા સાવધાની રાખીએ, આમ ઊંચુ જોઈને ન ચાલ્યા (જાય) આમ નીચું જોઈને ચાલીએ તો એટલા જીવો બચે એને કરુણાના ભાવ કહેવાય. એ શુભભાવ કહેવાય. જોઈને ચાલવું જોઈએ.

કોઈ જીવ હણાય એ કર્તવ્ય નથી. બની શકે એટલી સાવધાની ગૃહસ્થ અવસ્થામાં રાખવી જોઈએ. બાકી ગૃહસ્થ અવસ્થામાં પાપના ભાવ તો એવી ચર્યા જ એની છે, દિનચર્યા.

મુમુક્ષુ :- ...........

ઉત્તર :- બરાબર છે. એ મુદ્દાનો પ્રશ્ન છે. કે બધા જ્ઞાનીઓ ધર્માત્માઓ કહી ગયા કે તમારું સુખ તમારા આત્મામાં છે. અને ત્યાં શોધો તો તમને મળે. બરાબરને? એમ કહે છે. પણ એની શોધ કેમ કરવી? એ પ્રશ્ન છે ને? કે જો અમારે અંદરમાં સુખ હોય તો પ્રાપ્ત કરવું છે તો કેવી રીતે શોધ કરવી? તો જ્ઞાનીઓ ફરમાવે છે કે તમારી પરિણતિ, તમારો ઉપયોગ બહાર જાય છે ને આમ બહાર. તમે બહાર જુઓ છો ને? તમારો ઉપયોગ એટલે જ્ઞાનનો વ્યાપાર નિરંતર બહાર જાય છે ને? આ છે ને આ છે ને આ છે ને જાણવામાં જ્ઞાન ઉપયોગ બહાર જાય છે ને? તો જાણતા તો આવડે છે. આત્માને જાણવાનું કામ તો આવડે છે. બરાબર ને?

હવે પરને જાણે છે એ જ્ઞાન અંદરમાં વળીને આત્માને જાણે. તો આત્માનો અનુભવ થાય. તમને જાણતા તો આવડે છે ને? આ પદાર્થ ખાટો છે, મીઠો છે, આ લાંબો છે, ટૂંકો છે, સફેદ છે, આ મકાન છે, બંગલો (છે), જાણવાનું કામ તો તમે નિરંતર કરો જ છો. જ્ઞાન વિનાનો આત્મા ન હોય. આત્મા જો જ્ઞાન વિનાનો હોય તો જડ થઈ જાય. હવે જે બહિર્મુખ પર પદાર્થને જાણવા જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એને બદલે એ પોતાના ઇન્દ્રિયજ્ઞાનના વ્યાપારને રોકીને એ જ્ઞાનને અંદરમાં વાળે, જેનું જ્ઞાન જ્યાંથી આવે છે. જ્ઞાન ક્યાંથી આવે છે? જ્ઞાન તો આત્મામાંથી આવે છે. જ્ઞાન જ્ઞેયમાંથી નથી આવતું. આ સામે ભીંત (દિવાલ) છે, એ ભીંતનું તમને અત્યારે જ્ઞાન થયું તો એ જ્ઞાન ભીંતમાંથી આવે છે કે જ્ઞાન આત્મામાંથી આવ્યું? તમને ભ્રાંતિ થઇ ગઇ છે કે લાલુભાઇની સામે હું જોઉં તો લાલુભાઇનું જ્ઞાન થાય. એ જ્ઞાન તમારા આત્મામાંથી આવ્યું છે. એ જ્યાંથી જ્ઞાન આવે છે એ જ્ઞાનને અંદરમાં જઇને પકડો તો એને સુખની પ્રપ્તિ થાય. આવી વસ્તુ છે. થોડો અભ્યાસ માગે છે. સૂક્ષ્મ વાત છે. વાત સાંભળવા મળે નહિ. હા, પુંજાભાઇ અને હરખચંદભાઇ ! હા, ઠીક-ઠીક સારું. હું નાઇરોબી ગયેલો, પાંચ વર્ષ પહેલાં.

## પ્રવચન નં : ૬
## તા. ૧૨-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૩ ઉપર પ્રવચન

આ એક શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો કર્તા-કર્મ અધિકાર ચાલે છે. એની તૌંતેર નંબરની ગાથા આપણે શરૂ કરવાની છે. અનાદિકાળથી આત્માની ભૂલ એ થઇ છે કે હું એક ચૈતન્ય સ્વરૂપી આત્મા કર્તા છું અને આ ક્રોધ, માન, માયા, લોભના પરિણામ એ મારું કર્મ છે અથવા રાગ-દ્વેષ મોહના પરિણામ થાય એ મારું કર્મ છે. અથવા સંકલ્પ ને વિકલ્પ જે ઉત્પન્ન થાય તે મારું કાર્ય ને કર્તવ્ય છે અને હું એનો કર્તા છું. એમ અનાદિકાળથી આત્મા પોતાના સ્વભાવને ભૂલીને આત્માનું જ્ઞાન એ આત્માનું કર્મ થવું જોઇએ એને બદલે અનાદિકાળથી રાગને કર્મ બનાવતો આવે છે.

કર્મ એટલે કાર્ય. હું રાગાદિનો કર્તા છું અને આ રાગાદિ પરિણામ એ મારું કર્મ છે. હું કર્તા છું અને અશુભભાવ અને શુભભાવ એ મારું કર્મ છે. હું કર્તા છું અને પુણ્યના ને પાપના પરિણામ એ મારું કર્મ છે. એમ અનાદિકાળથી આત્મા પોતાના સ્વભાવને ભૂલીને, એ રાગાદિ વિકારની સાથે એકતાબુધ્ધિ કરી કર્તા-કર્મની પ્રવૃત્તિ કરી રહ્યો છે. એ આત્મા અજ્ઞાનથી દુઃખી થાય છે. રાગને કરવું અને રાગનું ફળ દુઃખ-આકુળતા એને ભોગવવું એ આત્માનો સ્વભાવ નથી. જો રાગાદિને કરવું એ આત્માનો સ્વભાવ હોય તો આત્મા અનાદિઅનંત છે અને રાગાદિરૂપે કર્મ એ થયા જ કરે અને એનો કર્તા બન્યા જ કરે, તો કોઇપણ કાળે એની દશામાં વીતરાગભાવ પ્રગટ ન થઇ શકે. માટે રાગાદિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્તાપણાની બુધ્ધિ તો ત્યાં સુધી ભાસે છે કે જ્યાં સુધી એને સ્વભાવદૃષ્ટિ નથી કે હું તો એક જ્ઞાનમય આત્મા છું. જ્ઞાન જ મારું કર્મ છે. કે જે કાર્ય સ્વભાવરૂપ છે અને આત્માને આનંદદાયક છે. એમ આત્માના જ્ઞાનને કર્મ નહિ બનાવતો અનંતકાળથી રાગને કર્મ બનાવી, બનાવીને અજ્ઞાનભાવથી દુઃખી થઈ રહ્યો છે.

એવી કર્તા-કર્મની પ્રવૃત્તિનો અભાવ થઈ અને શુધ્ધાત્મા કર્તા અને શુધ્ધાત્માનું અવલંબન લેતાં જે આત્મજ્ઞાન થાય તે આત્માનું કર્મ જ્યારે બને ત્યારે તેને ધર્મની શરૂઆત થાય છે. એ વિષય અહીંયા કર્તા-કર્મ અધિકારમાં કહેવામાં આવે છે. અનાદિકાળથી આત્મા કાં તો ઈશ્વરને કર્તા માને છે અને કાં પોતાને પરનો કર્તા માની રહ્યો છે. પર પદાર્થથી મારા પરિણામ થાય અને મારાથી પર પદાર્થમાં પરિણમન થાય એમ અનાદિકાળથી, અજ્ઞાનભાવે બે દ્રવ્યમાં કર્તા-કર્મ સંબંધનો અભાવ હોવા છતાં પણ હું કરનાર અને જગતના પદાર્થો એ મારા કાર્યો છે એમ અનાદિકાળથી માનીને તે દુઃખી થઈ રહ્યો છે પણ આત્મજ્ઞાન એક સમય માત્ર પણ કરતો નથી.

જ્યાં સુધી આત્માનું ભાન નથી, આત્માનું જ્ઞાન નથી, શુધ્ધાત્માનું શ્રધ્ધાન નથી, શુધ્ધાત્માનો અનુભવ થતો નથી ત્યાં સુધી આત્મા અજ્ઞાની રહે છે. જ્યારે તે આત્માને રાગથી ભિન્ન એવા શુધ્ધાત્માનું લક્ષ થાય છે, દૃષ્ટિમાં શુધ્ધાત્મા આવે છે, ધ્યાનનું ધ્યેય શુધ્ધાત્મા થાય છે, જ્ઞાનનું જ્ઞેય પોતાનો આત્મા થાય છે ત્યારે તે આત્મા સમ્યક્ પર્યાયે પરિણમી જાય છે એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમે છે એને પરમાત્મા તીર્થંકર દેવાધિદેવ ધર્મ કહે છે. એવા શુધ્ધાત્માનું લક્ષ કેમ થાય એના માટે એક આ ગાથા છે. શિષ્યનો પ્રશ્ન છે.

---

**હવે પૂછે છે કે કઈ વિધિથી (રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**

**अहमेको खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि ।। ७३ ।।**

**છું એક, શુધ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩**

**ગાથાર્થ : જ્ઞાની વિચારે છે કેઃ** (खलु) **નિશ્ચયથી** (अहम्) **હું** (एकः) **એક છું,** (शुद्धः) **શુદ્ધ છું,** (निर्ममतः) **મમતારહિત છું,** (ज्ञानदर्शनसमग्रः) **જ્ઞાનદર્શનથી પૂણ છું;** (तस्मिन् स्थितः) **તે સ્વભાવમાં રહેતો,** (तच्चित्तः) **તેમાં (-તે ચૈતન્ય-અનુભવમાં) લીન થતો (હું)** (एतान्) **આ** (सर्वान्) **ક્રોધાદિક સર્વ આસ્રવોને** (क्षय) **ક્ષય** (नयामि) **પમાડું છું.**

---

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ટીકા : હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું; (કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું; પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું; ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું) વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું. -આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું, તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચલ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**

**ભાવાર્થ :- શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે 'હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું'. જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો આસ્રવોને છોડી દે છે.**

---

હવે પૂછે છે કે કઈ વિધિથી અર્થાત્ કઈ રીતથી આ આત્મા આસગવોથી નિવર્તે છે?

આસ્રવો એટલે જે દુઃખના કારણો છે રાગ, દ્વેષ, મોહના ભાવો એનાથી નિવૃત્તિ કેમ થાય? એ દુઃખથી આત્માનો છૂટકારો કેમ થાય? ચાર ગતિના દુઃખ ભોગવે છે, ભોગવતાં, ભોગવતાં અનંતકાળ ગયો. જયારે કોઈ લાયક જીવને હવે સંસારમાં દુઃખ ભાસે છે, કયાંય આત્મિક શાંતિ ને આત્મિક સુખ પ્રાપ્ત થતું નથી ત્યારે તે પ્રાણી તે આત્મા લાયક જીવ શ્રી ગુરુને પ્રશ્ન કરે છે કે પ્રભુ! આ અનાદિકાળથી ચારગતિના દુઃખ મેં ભોગવ્યા, હવે દુઃખ સહન થતાં નથી, મારે આ દુઃખની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિવૃત્તિનો ઉપાય શું (એ) મારે જાણવું છે. કૃપા કરીને આપ મને સમજાવો.

એમ જે શિષ્ય જીજ્ઞાસુ થઈને પ્રશ્ન કરે છે એને આચાર્ય ભગવાન ઉત્તર આપે છે કે સાંભળ, દુઃખથી મુકાવાનો, દુઃખથી છૂટવાનો ઉપાય હું તને બતાવું છું, મને પણ મારા ગુરુએ આ ઉપાય બતાવ્યો હતો. મને પણ આ દુઃખથી છૂટકારો થયો છે અને આત્મિક સુખની પ્રાપ્તિ થઈ છે. એવા મુનિરાજ પોતે બીજા જીવોને સમજાવે છે કે તમે પણ આત્માના રસ્તે જાવ. તો તમને આત્માની પ્રાપ્તિ થશે અને શાશ્વત સુખ તમને મળશે.

અહીંયા લંડનમાં મેં જોયું કે બધાની પાસે નકશાઓ હોય છે. બીજી જગ્યાએ દસ માઈલ, વીસ માઈલ, ત્રીસ માઈલ, ચાલીસ માઈલ જવું હોય તો નકશા જોઈને જાય છે. કોઈ કોઈને પૂછતું નથી. નકશો જોઈને જાય છે. જયાં પોતાને જાવાનું ધ્યેય નક્કી કર્યું હોય ત્યાં નકશો જોઈને જાય છે. પણ આ આત્માનો નકશો શું છે એ નકશો તપાસતો નથી. એ નકશાઓ બધા શાસ્ત્રમાં છાપેલાં છે. જેમ ઓલા છાપેલા નકશા અહીંયા તૈયાર મળે છે એમ આ નકશા છાપેલા છે. કે આત્મા તરફ જવું હોય, આત્મા તરફ ગતિ કરવી હોય અને જો તારું ધ્યેય આત્મા હોય, જેમ બીજી જગ્યાએ ચાલીસ માઈલ જવું હોય તો એ ધ્યેય કહેવાય. જયાં પહોંચવું હોય એને ધ્યેય કહેવાય. તો એના માટે જેમ લંડનના નકશાઓ છે.

એમ આ સંતો, આત્માના અનુભવી, વીતરાગી સંતો આત્માનો નકશો બતાવે છે કે, ભાઈ! દુઃખથી મુકાવાનો ઉપાય હું તને બતાવું છું, સાંભળ. કોઈ તને શરણ નથી, કુટુંબ, કબીલા, પરિવાર, ધન, ધાન્ય, દાસ, દાસી કોઈ તને શરણ નથી. એક આત્મા જ શરણ થાય છે. માટે વહેલામાં વહેલી તકે આત્માનું શરણ લઈ, આત્માનો અનુભવ કરવો એને પરમાત્મા ધર્મ કહે છે. એ આત્માનો અનુભવ કરતાં આત્મા દુઃખથી છૂટી જાય છે. પહેલાં મોહ છૂટે છે અને પછી આત્મામાં વિશેષ લીનતા રમણતારૂપ ચારિત્ર અંગીકાર થાય ત્યારે રાગ-દ્વેષનો અભાવ થઈ પરિપૂર્ણ પરમાત્મ દશા પ્રગટ થાય છે.

એમ આ આચાર્ય ભગવાન દુઃખથી છૂટવાનો અથવા સુખની પ્રાપ્તિનો ઉપાય બતાવે છે. તૌંતેર (૭૩) નંબરની ગાથા છે.

**अहमेको खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि ।। ७३ ।।**
**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું, (૭૩)**

આ અપૂર્વ આત્માની વાત છે. સર્વજ્ઞ ભગવાને કહેલી અને સંતોએ પોતાના અનુભવથી સિદ્ધ કરીને આ શાસ્ત્રની રચના કરી છે. એમાં આચાર્ય ભગવાને શુદ્ધ આત્માનું સ્વરૂપ શું અને એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવલંબન કેમ લઈ શકાય એનો આમાં ઉપાય બતાવ્યો છે. જ્ઞાની વિચારે છે કે, એટલે જ્ઞાનવાન વિચારે છે કે, એટલે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય છે એની પાસે ઈન્દ્રિયજ્ઞાન, ક્ષયોપશમજ્ઞાન (છે.) મનવાળું પ્રાણી છે. પોતાના હિત અને અહિતનો વિચાર કરી શકવાની શકિત બધામાં પ્રગટ થઈ ગઈ છે. પણ કયો ભાવ હિતરૂપ અને કયો ભાવ અહિતરૂપ એનો એને બિલકુલ વિવેક એટલે ખ્યાલ નથી એટલે અહિતરૂપ ભાવને પોતાના હિતરૂપ માનીને એને અપનાવે છે અને હિતરૂપ ભાવને અનાદિકાળથી છોડે છે, લક્ષમાં લેતો નથી.

એવા મનવાળા પ્રાણી મનુષ્યને ઉપદેશ આપે છે. સમજી શકાય એવી વાત છે. સમજનારને સમજાવે છે. નહીં સમજનારને સમજાવતા નથી. બધામાં સમજવાની શકિત વર્તમાન (માં) પ્રગટ છે. જો સમજવાની રુચિ રાખે, ધગશ રાખે તો સમજાય એવી ચીજ છે. અનંતા આત્માઓ પ્રથમ મિથ્યાદષ્ટિ, અજ્ઞાની હતા. એ જ આત્માઓ અંતરઆત્મા થાય છે. અને એ જ આત્માઓ વિશેષ લીન થઈને પરમાત્મ દશાને પામે છે. તો જ્ઞાની વિચારે છે કે એટલે જ્ઞાનવાન વિચારે છે કે નિશ્ચયથી હું એક છું. હું એટલે આત્મા. આ દેહ તે હું નથી. આ રાગ તે હું નથી. હું તો એક જ્ઞાન અને દર્શનમય આત્મા છું. હું એક છું, હું શુધ્ધ છું. જે વર્તમાન પરિણામમાં અશુધ્ધતા છે, જે પુણ્ય-પાપની અશુધ્ધતા છે, શુભ અને અશુભભાવની જે અશુધ્ધતા છે, વ્રત અને અવ્રતના પરિણામની જે અશુધ્ધતા છે તે હું નથી, તે આસ્રવતત્ત્વ છે. હું જીવતત્ત્વ છું તેથી હું શુધ્ધ છું. મારો સ્વભાવ શુધ્ધ છે.

આત્માના બે પડખા છે. એક વર્તમાન પરિણામરૂપનું પડખું અને એક દ્રવ્યરૂપ પડખું. દ્રવ્યમાં અનંતાગુણો રહેલાં છે અને પરિણામ એક સમયના થાય છે. જેમાં રાગ, દ્વેષ, મોહ થાય છે. એ પરિણામો અશુધ્ધ છે. હું અશુધ્ધ નથી, હું તો શુધ્ધ છું. જુઓ આ પરિણામમાં રાગ, દ્વેષ, મોહના નાશનો ઉપાય બતાવે છે. હું એક છું, હું શુધ્ધ છું મારો સ્વભાવ ત્રણેકાળ શુધ્ધ છે.હું મમતા રહિત છું, પરિણામમાં મમતા થાય છે. અને પરિણામમાં મમતા થતાં દુઃખ પણ થાય છે પણ એ પરિણામમાં જે મમતા થાય અને જે મમતાજન્ય દુઃખ થાય છે એના નાશનો ઉપાય શું છે કે હું ત્રણેકાળ નિર્મમત્વ છું.

એકવાર દ્રવ્ય સ્વભાવને જો. ભાઈ! એકવાર તારો દ્રવ્ય સ્વભાવ (જો). શું દ્રવ્ય અને શું પર્યાય? એની પણ ખબર નહીં. સોનાને દ્રવ્ય કહેવાય અને એની અવસ્થાને પરિણામ કહેવાય, પર્યાય કહેવાય. એમ આત્મા અનાદિઅનંત છે. દેવગતિમાં હતો તેનો તે આત્મા મનુષ્યગતિમાં છે અને મનુષ્યગતિમાંથી પાછો દેવગતિમાં જશે તો પણ આત્મા તેનો તે છે. જે આત્મા નિત્ય ટકે છે તેને દ્રવ્ય કહેવાય અને પરિણામ પલટે છે તેને પર્યાય કહેવામાં આવે છે. આટલું ઓછામાં ઓછું જ્ઞાન તો ધર્મ સમજવા માટે અથવા આત્માનું સ્વરૂપ સમજવા માટે જરૂરનું છે. આટલુંય જ્ઞાન કરવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે જો બેદરકાર રહે તો એને સમજાય નહીં. હું મમત્વરહિત છું. પરિણામમાં મમત્વ થાય છે. દેહ મારો, કુટુંબ મારું, મોટર મારી એમ પર પદાર્થમાં મમતા થાય છે ત્યારની વાત છે અને મમતાનું દુઃખ વેદાય છે. તે સમયની વાત છે.

કે એ મમત્વભાવ અને મમત્વજન્ય દુઃખ એના નાશનો ઉપાય શું છે? કે હવે તું પરિણામને ન જો. પરિણામમાં મમતા થાય છે એ વાત બરાબર છે. પણ પરિણામમાં મમતા થાય છે એના તરફનું લક્ષ છોડી દે. અને સ્વભાવનું લક્ષ કર તો સ્વભાવમાં મમતાનો અભાવ છે. પર્યાયમાં મમતાનો સદભાવ અને દ્રવ્ય સ્વભાવમાં મમતાનો અભાવ આનું નામ અનેકાંત છે. દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે. દ્રવ્યમાં ગુણોની અસ્તિ છે. જ્ઞાન, દર્શન, સુખ વગેરે દ્રવ્ય સ્વભાવમાં ગુણો છે. જેમ સોનામાં, સોનું દ્રવ્ય છે. તેમાં પીળાશ, ચીકાશ ભારેપણું, વજન એ એના ગુણો છે. અને સમયે-સમયે એની અવસ્થાઓ થાય છે. ચેઈન થાય છે, પોચી થાય છે, કડા, કુંડળ બધા થાય છે એ એની અવસ્થાઓ છે. દ્રવ્ય પણ છે અને અવસ્થાઓ પણ થાય છે.

એમ આત્મા પણ છે અને વર્તમાન એની અવસ્થા પણ થાય છે. એ અવસ્થામાં આ દેહાદિ મારા છે એમ એને મમતા થઈ રહી છે. જ્યારે મમતા થાય છે અને મમતાનું દુઃખ થાય છે, અનુભવમાં આવે છે તે સમયે, તે વખતે જ એ પરિણામથી જુદો આત્મા અંતર જ્ઞાન ને આનંદમય બિરાજમાન છે એને તું જો એમાં મમતાના ભાવનો અભાવ છે. પરિણામમાં મમતાનો સદભાવ અને દ્રવ્ય સ્વભાવમાં મમતાનો અભાવ. પાણીની પર્યાયમાં ઉષ્ણતાનો સદ્ભાવ અને પાણીના દ્રવ્ય સ્વભાવમાં શીતળતાનો સદ્ભાવ અને ઉષ્ણતાનો અભાવ.

પાણી માટીના સંગે પોતાની પર્યાયની લાયકાતથી મલિન થયું છે. માટીથી થયું નથી. માટી તો નિમિત્ત માત્ર છે. ઉપાદાન તો પાણીની વર્તમાન પર્યાયની તત્ત સમયની યોગ્યતા છે. એ મલિનભાવ પાણીની દશામાં એક સમયમાત્ર વિદ્યમાન છે ખરો. માટી તો નિમિત્તમાત્ર છે. માટીથી પાણી મલિન થયું નથી. એમ નિર્મળ પાણીના સ્વભાવથી મલિનતા થઈ નથી. પણ જ્યારે એ પાણીનો સ્વભાવ પોતે નિર્મળ છોડીને મલિનરૂપે પરિણમે છે ત્યારે માટીને નિમિત્ત માત્ર કહેવામાં આવે છે. હવે પાણીમાં મલિનતા થઈ છે એ હકીકત છે. તે સત્ય વાત છે. પણ જ્યારે પાણીમાં મલિનતા છે ત્યારે પાણીના સ્વભાવમાં સ્વચ્છતા અને નિર્મળતા સો ટકા રહેલી છે. પાણીએ પોતાનો નિર્મળ સ્વચ્છ સ્વભાવ છોડયો નથી. પરિણામે એના સ્વભાવને છોડયો છે. આહાહા!

પાણીની અવસ્થા, પર્યાય, હાલત એણે નિર્મળ ક્ષણિક સ્વભાવને છોડયો છે. અને એમાં મલિનતા થઈ છે. પાણીની અવસ્થા જ્યારે મલિન થઈ છે ત્યારે પાણી સ્વભાવે સ્વચ્છ અને નિર્મળ સો ટકા રહેલું છે. આવા કારણે ફટકડી નાખતા પાણીની મલિન અવસ્થાનો અભાવ થાય છે. અને પાણીની સ્વચ્છ અવસ્થાનો પ્રાદુર્ભાવ થાય છે, પ્રગટતા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમ આ આત્મા એના બે પડખા છે. એક વર્તમાન પડખામાં પરના આશ્રયે, લક્ષે મમત્વનો ભાવ થાય છે, મોહ,રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એવા એવા અનેક પ્રકારના વિકારો, પર્યાયમાં વિપરીત ભાવો થાય છે. પર્યાયમાં વિપરીત ભાવ બિલકુલ ન થતાં હોત તો તો એની દશા પરમાત્મારૂપ હોત, તો સંસાર જ ન હોત. સંસાર દશામાં જીવની અવસ્થામાં રાગ, દ્વેષ, મોહ, મમત્વના ભાવ છે ખરા. પણ એ મમત્વ, એ પરિણામ દુઃખદાયક છે. એની નિવૃત્તિ કેમ થાય એવો શિષ્યનો પ્રશ્ન છે.

પરિણામમાં રાગ, દ્વેષ, મોહ, મમતાનો સ્વીકાર કરીને એનું દુઃખ હું ભોગવી રહ્યો છું. એનો સ્વીકાર કરીને પછી, હવે પૂછે છે કે આ દુઃખદાયકભાવ શું અમારે કાયમ માટે દુઃખી જ રહેવું હશે, થવું હશે? શું અમારે કાયમ માટે નોકરી જ કરવાની ભાગ્યમાં લખાયેલી હશે? એમ કોઈને વિચાર આવે? એ તો પુણ્યાધીન છે. એ પુરુષાર્થ આધીન નથી. પણ ધર્મ તો પુરુષાર્થ આધીન છે. સંયોગ પુણ્યાધીન છે અને સ્વભાવ ધર્મ પુરુષાર્થ આધીન છે. પુરુષાર્થથી લક્ષ્મી, સંયોગ નથી મળતા. એ તો પુણ્યના નિમિત્તે મળે છે. અને ધર્મ તો પુરુષાર્થથી થાય છે. એ ધર્મ કેમ થાય એની વાત એને ખરેખર સાંભળવા પણ મળતી નથી. તો વિચાર કયારે કરે, નિર્ણય કયારે કરે અને આત્માનો અનુભવ કયારે કરે? આત્માનો નકશો પણ હાથમાં આવતો નથી. નકશો આવે તો તો જુએ કે આમાં આપણે કઈ બાજુએથી જઈએ તો આત્મામાં ઘુસી જવાય અને રાગથી છૂટી જવાય. (મુમુક્ષુ :- પુરુષાર્થની વ્યાખ્યા થોડી કરો પુરુષાર્થની.) પુરુષાર્થ કોને કહેવાય? પુરુષાર્થ બે પ્રકારના છે. એક ઊંધો પુરુષાર્થ અને એક સવળો પુરુષાર્થ. અને પુરુષાર્થ કરવાનું ક્ષેત્ર કયાં છે? આત્મા કયા ક્ષેત્રમાં પુરુષાર્થ કરી શકે? અને આત્મા કયા ક્ષેત્રમાં પુરુષાર્થ ન કરી શકે? ક્ષેત્ર સમજાણું ને? હદ. એની હદ, મર્યાદા.

આત્મા છે એ પોતાના સ્વભાવને ભૂલી અને ઊંધો પુરુષાર્થ કરે તો માત્ર પોતાના ક્ષેત્રમાં કરે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એ ઊંધો પુરુષાર્થ કરે તો અજ્ઞાનભાવે રાગની ઉત્પત્તિ થાય. પણ એનો પુરુષાર્થ બાહ્ય પદાર્થમાં કાંઈ કામ કરે હરામ, સો ટકા વાત જૂઠી છે. કુંભાર ઊંધો પુરુષાર્થ કરે છે. કેમ ઊંધો પુરુષાર્થ કર્યો કે આ જે માટીમાંથી ઘડો બનવાનો કાળ છે માટીમાંથી એની પોતાની ઉપસ્થિતિ-હાજરી દેખીને એ ઉપાદાનથી ઘડાની અવસ્થા થવા કાળે થાય છે, (એ વખતે) એ કુંભાર ઊભો છે એ અભિમાન કરે છે કે ઘડો કરનાર હું છું તો એનો પુરુષાર્થ એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છોડીને માટી સુધી જતો નથી. કેમ કે માટીના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન છે. એના પ્રદેશો ભિન્ન અને આત્માના પ્રદેશો (ભિન્ન છે.)

પ્રદેશો એટલે ક્ષેત્ર. એ જીવ ઊંધો પુરુષાર્થ કરે તો એની મર્યાદા કેટલી? કે અજ્ઞાનભાવે રાગ, દ્વેષ, મોહને કરે અને દુઃખને ભોગવે. એટલી જ એની પુરુષાર્થની મર્યાદા. પણ એનો પુરુષાર્થ આગળ વધીને કોઈ બહાર પદાર્થને પરિણમાવે કે પુરુષાર્થથી હાથ ઊંચો, નીચો કરે એ કરી શકે એ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એની મર્યાદા જ નથી. હા, હાથ ઊંચો, નીચો હું કરી શકું છું એવું અભિમાન કરે એ અભિમાન એ વિકારી પરિણામ છે, એ વિપરીત માન્યતા છે. વિપરીત માન્યતા કરે તો એ એના ક્ષેત્રમાં ઘાલ-મેલ કરે. પણ બહાર બીજા પદાર્થોમાં આત્માનું ક્ષેત્ર છોડીને જડ કર્મના ક્ષેત્રમાં આત્મા જાય, દેહમાં આત્મા જાય, દેહથી બહાર રોટલી, દાળ, શાક, ભાત કરે એ એના ક્ષેત્રની મર્યાદા બહાર છે.

આજ સુધી કોઈ કુંભારે ઘડો કર્યા નથી અને કોઈ માતાએ રોટલી કરી નથી. હા, એણે કર્યું છે શું? અભિમાન કર્યું છે. અજ્ઞાનભાવે અભિમાન કરવાની એની હદ છે. અજ્ઞાનભાવે કરે તો શું કરે? એ પુરુષાર્થ ઊંધો કરે છે. સંકલ્પ ને વિકલ્પ કર્યા કરે તો એના ક્ષેત્રમાં રહીને કર્તા-કર્મની મર્યાદા છે. અજ્ઞાનભાવે આત્મા કર્તા બને અને અજ્ઞાનજન્ય રાગ, દ્વેષ, મોહના પરિણામ એનું કર્મ એટલે કાર્ય બને. એમ પોતાન ક્ષેત્રમાં જ. એ લક્ષ્મણ રેખા છે. અજ્ઞાની હો કે જ્ઞાની હો કોઈપણ આત્મા એ પોતાના ક્ષેત્રને છોડીને બહાર, સ્વચતુષ્ટયમાંથી પરચતુષ્ટયમાં જાય એમ ત્રણકાળે બનતું નથી.

એ પુરુષાર્થ કરે તો ઊંધો પુરુષાર્થ કરે કે હું આમ કરી નાખું ને હું આમ કરી નાખું, આનું આમ કરું ને અહીંયા જાવું છે, અહીંયા પહોંચવું છે ને આમ કરવું છે એ કર્તૃત્વબુદ્ધિનો ઊંધો પુરુષાર્થ કરે તો સંકલ્પ ને વિકલ્પ કરે. સંકલ્પ ને વિકલ્પ એના ક્ષેત્રમાં થાય છે. સંકલ્પ ને વિકલ્પ બહાર ક્ષેત્રમાં થતાં નથી. એના પર્યાયના ક્ષેત્રમાં થાય છે. તો એનું ફળ એ દુઃખ ભોગવે છે. એ ઊંધો પુરુષાર્થ છે. હવે જો એ આત્મા સવળો પુરુષાર્થ પણ કરી શકે છે. કે રાગ, દ્વેષ, મોહનું કર્તવ્ય, કાર્ય વિભાવભાવ છે. મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ તો મારા આત્માને જાણીને એમાં ઠરી જવું કે જેથી કરીને મને શાંતિનો અનુભવ થાય. એ સવળો પુરુષાર્થ છે.

શ્રીમદ્ પણ કહ્યું છે, 'કરો સત્ય પુરુષાર્થ' સત્યપુરુષાર્થ એટલે સમ્યક્‌પુરુષાર્થ, સમ્યક્‌પુરુષાર્થ એટલે જેવો આત્માનો સ્વભાવ છે એવા સ્વભાવની રચના જેના દ્વારા થાય એવા વીર્યગુણને પુરુષાર્થ કહેવામાં આવે છે. આત્મામાં એક આત્મબળ, વીર્ય નામનો ગુણ છે. અને એનું કાર્ય સ્વભાવની રચના કરવી. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, સુખની, વીતરાગતાની એવી સામ્ય પરિણામની વિષમ પરિણામને છોડીને સામ્ય પરિણામની રચના કરવી એ સત્ય પુરુષાર્થ છે. અને એ પોતાના ક્ષેત્રમાં પોતે કરી શકે છે. પણ ઊંધો પુરુષાર્થ કરે તો માત્ર મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રના જ પરિણામ કરી શકે. પણ જડ કર્મને કરે અને શરીરને કરે અને બાહ્યના કામ કરે એ ત્રણકાળ, ત્રણલોકમાં વસ્તુના સ્વરૂપમાં નથી. એ અજ્ઞાનીના ઘરની કલ્પનાની બધી વાતો છે. એ વાત સ્વરૂપ એવું નથી. અને એ કારણે અભિમાન કરે છે, ઊંધો પુરુષાર્થ (કરે છે.) કરી શકું છું એવી મિથ્યા માન્યતા કરે છે. હાથને હલાવી શકું છું એવી મિથ્યા માન્યતા કરી શકે છે. મિથ્યા માન્યતા પણ કરે અને હાથને પણ હલાવે એમ ત્રણકાળમાં બનતું નથી.

કુંભાર અભિમાન કરી શકે કે આ ઘડાની અવસ્થાનો કરનાર હું છું. એમ મિથ્યા પુરુષાર્થથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યા અભિમાન કરી શકે. પણ એ ઘડાને બનાવી શકે (એમ) ત્રણકાળ, ત્રણલોકમાં એ વસ્તુ સ્થિતિમાં એ છે નહીં. જીવો નિમિત્તથી જુએ છે, જ્ઞાનીઓ ઉપાદાનથી જુએ છે. શું ઉપાદાન ને શું નિમિત્ત?

જ્ઞાની ધર્માત્માઓ વસ્તુના પદાર્થના સ્વભાવથી જુએ છે ઉપાદાનથી જુએ છે. અજ્ઞાની પ્રાણીઓ નિમિત્તથી જુએ છે એટલે એને બે દ્રવ્ય વચ્ચે કાંઇક કર્તા-કર્મ સંબંધની ભ્રાંતિ થઇ જાય છે. ઉપાદાન શું અને નિમિત્ત શું? કે માટી છે તે ઉપાદાન છે અને એની ઘડાની અવસ્થા પ્રગટ થાય છે એ ઉપાદાન સ્વશક્તિથી થાય છે. એના સ્વભાવથી ઘટની અવસ્થા થાય છે. એ માટી આદિ, મધ્ય, અંતમાં ઘટરૂપે પરિણમે છે. કુંભાર બિલકુલ એમાં પ્રવેશ કરી શકતો નથી. એના (માટીના) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા, કુંભારના આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન છે. કુંભાર (એમાં) નિમિત્ત છે અને માટી ઉપાદાન છે. કાર્ય ઉપાદાનથી થાય. કાર્ય ત્રણકાળમાં નિમિત્તથી થઇ શકે નહીં.

'કારણ અનુવિધાયી કાર્યાણી' કારણને અનુસરીને કાર્ય થાય છે. કારણ એટલે માટી. અંતરગર્ભિતશક્તિ એ માટીમાં ઘટ થવાની પર્યાયની લાયકાત હતી (તે) એના સ્વકાળે પ્રગટ થાય છે. 'કારણ અનુવિધાયી કાર્યાણી' કારણ જેવું છે તેવું જ કાર્ય પ્રગટ થાય છે. પણ કુંભાર નિમિત્ત છે એ નિમિત્તથી ઘટની અવસ્થા થાય છે એમ વસ્તુના સ્વભાવમાં નથી. એ અજ્ઞાની માને છે. અજ્ઞાની કેમ માને છે? કે એને માટી ઉપર નજર નથી. એની નજર કુંભાર ઉપર છે કે કુંભાર આવ્યો માટે ઘડાની અવસ્થા થઇ. કર્મનો ઉદય આવ્યો માટે ક્રોધ થયો. કર્મના ઉદયથી ક્રોધ નથી થતો. એ પોતાના સ્વભાવને ભૂલીને અજ્ઞાનભાવે ક્રોધ કરે છે ત્યારે થાય છે. કર્મ એનો કર્તા નથી, કર્મ તો નિમિત્ત માત્ર છે. કર્મને નિમિત્ત કહેવાય. અને કોધની અવસ્થા પ્રગટ થઇ એ ઉપાદાન, પોતાની સ્વશક્તિથી થઇ છે. શું ઉપાદાન, શું નિમિત્ત, શું નિશ્ચય, શું વ્યવહાર, શું નવ તત્ત્વ, શું હેય, શું ઉપાદેય, શું જ્ઞેય? બહુ થોડું છે પણ થોડાને પણ સમજવાનો પ્રયત્ન નહિં. આહાહા!

જેમાં શાશ્વત સુખ મળે એના માટે દિવસના કલાક, બે કલાક ન મળે અને આઠ-આઠ, દસ-દસ કલાક આ સંયોગની પાછળ પ્રાપ્ત કરવાને માટે, પ્રાપ્ત તો એને રાગ થાય છે, પૈસો તો કોઇને પ્રાપ્ત થતો નથી. પૈસો કોઇની પાસે આવતો નથી. પૈસો મારો એવી મમતા આવે છે અને બીજા ભવમાં મમતાને લઇને જાય છે. પણ પૈસો લઇને જતો નથી. પૈસો જો એનો હોય તો એની સાથે જવો જોઇએ. પણ એની સાથે શું જાય છે? આ પૈસા મારા છે, મકાન મારું છે એવી મમતા લઇને અજ્ઞાનભાવે જાય છે.

અને જ્ઞાની ધર્માત્મા (એમ માને છે કે) જગતના કોઇ પદાર્થ મારા નથી, મારું તો એક જ્ઞાન છે. એમ નિર્મમત્વભાવે પરિણમતો, વીતરાગભાવે પરિણમતો એ વીતરાગભાવને વિગ્રહગતિમાં સાથે લઇને જાય છે. વિગ્રહગતિ એને કહેવાય કે અહીંથી જયારે શરીર છૂટે ત્યારે ત્રણ સમયની અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ બીજા ભવમાં જ્યાં ઊપજવાનો હોય ત્યાં ઊપજી જાય. એને વિગ્રહગતિ કહેવાય. વિગ્રહ ગતિમાં એને બે શરીર હોય કાર્મણ શરીર અને તેજસ શરીર. આ ઔદારિક શરીર અહીં પડયું રહે. પણ કોઈ જાતનો અભ્યાસ નહિ એમાં પણ આ લંડન. આહાહા! સત્‌ની વાત સાંભળવા ન મળે. કે દિ' વિચારે, કે દિ' નિર્ણય કરે અને કે દિ' અનુભવ કરે. આત્માનો નકશો પણ હાથમાં ન આવે. નકશો હાથમાં આવે તો ખબર પડે કે આપણે અહીંથી અહીં જાવું અને અહીંથી અહીં જાવું ને અહીંથી છેવટે આત્મામાં જાવું. પણ આત્માનો નકશો પણ ન મળે. આહાહા! નકશા તો છે પણ એ નકશાને ખરીદ પણ કરતો નથી અને એને જોતો પણ નથી. તો તો એને રસ્તો મળી જાય.

નિમિત્ત અને ઉપાદાન એ વસ્તુ ખાસ સમજવા જેવી છે. અનાદિકાળથી જીવને કર્તાબુધ્ધિ છે. આનાથી આ થાય ને આનાથી આ થાય, આ હોય તો આ થાય ને આ ન હોય તો આ ન થાય. એમ એ સંયોગથી જુએ છે પણ એના સ્વભાવથી જોતો નથી. માટીના સ્વભાવથી જુએ તો માટી પોતે આદિ, મધ્ય, અંતમાં પરિણમતી, પરિણમતી, પરિણમતી ઘટરૂપે પરિણમી જાય છે. પણ જેને કુંભાર ઉપર નજર છે (તે) માટીના સ્વભાવને જોતો નથી (પણ) સંયોગને જુએ છે. સંયોગાધીન દૃષ્ટિવાળો જીવ નિમિત્તને જુએ છે કે કુંભાર હતો તો ઘડો થયો. એમ બધા પદાર્થોની અંદર એક પદાર્થ બીજા પદાર્થનો કર્તા હોય તો બીજા પદાર્થ માટે ત્રીજો પદાર્થ કર્તા જોઈએ અને ત્રીજા પદાર્થના પરિણમન માટે ચોથો પદાર્થ કર્તા જોઈએ. એમ એક પદાર્થ બીજા પદાર્થને આધીન, બીજો પદાર્થ ત્રીજા પદાર્થને આધીન તો અનઅવસ્થા નામનો મોટો દોષ ઊભો થઈ જાય. શું અનઅવસ્થા એ પણ કાંઈ ખબર નહિ. ન્યાય સમજાય છે?

ઘડો થાય એ કુંભારથી થાય તો ઘડાના પરિણામ કરવા માટે બીજો કોઈ પદાર્થ જોઈએ અને એ ત્રીજા પદાર્થના પરિણમન માટે ચોથો પદાર્થ જોઈએ. તો બધા પદાર્થો પરાધીન થઈ જાય અને એનો છેડો ક્યાંય આવે નહીં. એને અનઅવસ્થા નામનો દોષ કહેવામાં આવે છે. એમાં મોટો દોષ લાગે. એમાં અધર્મબુધ્ધિ થાય છે. ધર્મની પ્રગટતા થતી નથી. એમ નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય કોને કહેવાય? કે યથાર્થનું નામ નિશ્ચય અને ઉપચારનું નામ વ્યવહાર. ઘડો માટીમાંથી થાય છે એ નિશ્ચયનયનું કથન છે. અને નિમિત્ત દેખીને કુંભારે ઘડો કર્યો એ ઉપચારનું કથન છે. યથાર્થનું નામ નિશ્ચય અને ઉપચારનું નામ વ્યવહાર. કુંભારથી ઘડો થયો એવો જે ઉપચાર આવ્યો એને વ્યવહાર કહેવામાં આવે છે.

આવું સ્વરૂપ નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર, છ દ્રવ્ય, નવ તત્ત્વ શું? કર્તા-કર્મ શું? જ્ઞાતા-જ્ઞેય શું? છે તો થોડુંક પણ સમજવાની જિજ્ઞાસા રાખવી જોઈએ. એના નાના, નાના પુસ્તકો પણ શબ્દકોષ માટે બહાર પડી ગયા છે. ઘણા બહેનો અને ભાઈઓ કહે છે કે અમને દ્રવ્ય, ગુણ અને પર્યાયના નામ પણ નવા લાગે છે. અને દ્રવ્ય, ગુણ, પર્યાયના નામ નવા લાગે. ઉપાદાન શું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્ત શું અમે કોઈ દિ' નામ સાંભળ્યા નથી. એનું સ્વરૂપ શું? ભાઈ! જો જિજ્ઞાસા હોય તો એના માટે જૈન સિધ્ધાંત પ્રવેશિકા નામનું એક નાનું પુસ્તિકા છે. એની અંદર બધો ખુલાસો છે. એક એક શબ્દની વ્યાખ્યા શું એનો બધો ખુલાસો રહેલો છે. અડધો કલાક, કલાક બેસીને થોડોક અભ્યાસ કરવો જોઈએ. કોઈની પાસે શીખવું જોઈએ કાં પોતે વાંચે તો પણ સમજાય એવું છે. એમાં પરાધીનતા નહિ. પોતે એક વખત, બે વખત, ત્રણ વખત ઘરે મનનપૂર્વક વાંચે તો એને બધું સમજાય એમ છે. આમાં દાખલા પણ આપ્યા હોય.

માટે અહીંયા આચાર્ય ભગવાન ફરમાવે છે શિષ્યનો પ્રશ્ન છે, પ્રભુ પરિણામમાં મમતા, મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ સમયે સમયે થયા જ કરે છે. વિકૃતભાવ, પુણ્ય ને પાપ(ના) દુઃખદાયકભાવ અટકતા જ નથી. અને એનું દુઃખ હું ભોગવું છું. પ્રભુ! એ દુઃખના નાશનો ઉપાય શું? કહે સાંભળ! તારા પરિણામમાં મમતા થાય છે અમને ખબર છે. અને એનાથી તું દુઃખી થઈ રહ્યો છો એ પણ અમને ખબર છે. અને એના નાશનો ઉપાય પણ અમે જાણીએ છીએ. એ ઉપાય અમે તને બતાવીએ છીએ કે પરિણામ ઉપરથી લક્ષ છોડી દે. પરિણામ છે એનો સ્વીકાર કર્યો, હવે પરિણામ ઉપરથી લક્ષ છોડી દે.

આત્મામાં બે પડખા છે. એમાં એક વર્તમાન ચાલતું પર્યાયનું, દશાનું, હાલતનું પડખું (છે) ત્યાં જ જોયા કરે છે પણ આ બાજુ જોતો નથી. એ એમ કહે છે કે તું અહીંયા જોવે છે તો હવે અહીંયા જો. અહીંયા જોઈને પાછું અહીંયા જો, અહીંયા જોઈને પાછું અહીંયા જો અને અહીંયા આમ કરજે કે ભગવાનઆત્મા નિર્મમત્વ છે. મારો દ્રવ્ય પરમાત્મા સ્વભાવ મમતાથી રહિત છે. પરિણામમાં મમતા છે ત્યારે જીવતત્ત્વ મમત્વ રહિત છે. આસ્રવતત્ત્વમાં મમતા છે અને જીવ તત્ત્વમાં મમતા નથી. મમત્વ રહિત જીવતત્ત્વ છે. આવી જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વની જુદાઈ જયારે જાણે ત્યારે એકતાબુધ્ધિ તૂટે અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય અને આત્માનો અનુભવ થાય અને પરિણામમાં જે મમતાના પરિણામ હતા એ પરિણામમાં નિર્મમત્વ પ્રગટ થાય.

દ્રવ્ય સ્વભાવ નિર્મમત્વ છે એનું અવલંબન લેતાં શુધ્ધનું અવલંબન લેતાં પરિણામમાં અશુધ્ધ પરિણામનો નાશ થઈ જાય, પરિણામમાં શુધ્ધતા પ્રગટ થાય, પરિણામમાં નિર્મમત્વ, વીતરાગી દશા પ્રગટ થાય. એક આત્મા એના બે પડખા. આહાહા! જો બે પડખા ન હોય તો નવ તત્ત્વની સિધ્ધિ ન થાય. બે પડખા ન હોય તો સંસાર ને મોક્ષની સિધ્ધિ ન થાય. બે પડખાવાળો એક આત્મ પદાર્થ છે. એમાં એક પડખું પલટતું નાશવાન છે, કર્મ સાપેક્ષ છે અને બીજું પડખું નિત્ય, ધ્રુવ, ટકતું અને નિરપેક્ષ છે. એ શુધ્ધ છે. વર્તમાન પર્યાયનું પડખું અશુધ્ધ છે. દ્રવ્યનું પડખું નિર્મમત્વ છે, પર્યાયમાં મમતા છે. હવે પર્યાયમાં મમતાનો અભાવ કેમ થાય કે હું દ્રવ્ય સ્વભાવે નિર્મમત્વ છું એનું અવલંબન લેતાં, એમાં એકાગ્ર થતાં, ઉપયોગને એમાં જોડતાં, એનું ધ્યાન કરતાં ધર્મધ્યાન પ્રગટ થઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મમતાનો અભાવ થાય છે. અને મમત્વની જગ્યાએ નિર્મમત્વ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર...

અને જ્ઞાન, દર્શનથી પૂર્ણ છું. ચાર બોલથી આત્માનું સ્વરૂપ વર્ણવે છે. એક છું, શુધ્ધ છું, નિર્મમત્વ છું અને જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું. વર્તમાનમાં જ્ઞાન-દર્શનની અલ્પજ્ઞ અવસ્થા છે ખરી. પર્યાયમાં હાલતમાં જ્ઞાન ક્ષયોપશમભાવે છે. એટલે અલ્પ ઊઘાડ છે. જાણવું, દેખવું પૂરું પ્રગટ થયું નથી. જેમ કેવળી પરમાત્માને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ દર્શન ઉપયોગ પ્રગટ થઈ ગયો છે. એવો છદ્મસ્થને, સંસારી જીવોને, અજ્ઞાની જીવોને એ પ્રકારની ઊઘાડની દશા નથી. એની દશામાં થોડું જાણવું ને દેખવું એટલો ઊઘાડ છે ખરો. એ જ્ઞાન અને દર્શનની અપૂર્ણતા પર્યાયમાં, દશામાં, હાલતમાં છે ખરી પણ એ પડખાને ગૌણ કરીને, આહાહા! એ પડખાનું લક્ષ છોડીને જ્યારે આત્મા આત્માના સ્વભાવ તરફ જુએ છે, ત્યારે હું તો જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું. એવું જ્યારે જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું એમ શ્રધ્ધા-જ્ઞાનમાં આવે છે ત્યારે તેને અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આનંદનો અનુભવ થાય છે. (મુમુક્ષુ :- બીજા પડખાનું લક્ષ છૂટતું નથી તો શું કરવું?) છોડી દેવું. છૂટતું નથી તો કોણ છોડાવે? બીજો કોઈ છોડાવે? એ પડખામાં એને પ્રેમ છે. એ પડખામાં એને પ્રેમ ચડયો છે. એ પડખાનો મહિમા છે. એને ત્રિકાળી સામાન્ય ભગવાનઆત્માનો મહિમા આવતો નથી.

પુણ્ય અને પુણ્યના ફળમાં પ્રેમવાળો, પ્રીતિવાળો, આહાહા! વ્યભિચારી છે.કષાયનો સંગ કરે છે (અને) દુઃખી થાય છે. પ્રેમ છોડી દે. પુણ્ય અને પુણ્યના ફળની પ્રીતિ, રુચિ, પ્રેમ એનો મહિમા છોડી દે. એમાં કાંઈ નથી એ દુઃખના ભાવો છે. એ દુઃખદાયકભાવો છે. તારો સ્વભાવ પૂર્ણાનંદની મૂર્તિ અંદર જ્ઞાન ને આનંદ ચૈતન્ય સ્વભાવથી બિરાજમાન છે. ચિદ્‌ઘન આત્મા છે. આત્મા ચિદ્રૂપ છે, આત્મા ચિદ્‌ઘન, ચિદ્રૂપ છે. જ્ઞાન એનું રૂપ છે. 'ઓમ શુધ્ધ ચિદરૂપો અહમ્' હું તો એક ચિદ્રૂપ આત્મા છું. આહાહા! હું તો એક જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ આત્મા છું. કયારે વિચારવું કે વર્તમાનમાં જ્ઞાનની અલ્પજ્ઞ અવસ્થા છે ત્યારે. પણ અલ્પજ્ઞ અવસ્થા છે એ પૂર્ણ નથી. પર્યાયમાં અપૂર્ણતા છે. એ પર્યાયની અપૂર્ણતારૂપવાળું જે જ્ઞાન એ પોતાના ભાવને લક્ષમાંથી છોડીને દ્રવ્ય સ્વભાવથી વિચારે છે કે હું તો જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું.

જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું તે સ્વભાવમાં રહેતો, આવો જે મારો ત્રિકાળી સામાન્ય સ્વભાવ છે એમાં રહેતો, એમાં લક્ષ કરતો, એમાં લીન થતો. લીન થાય એ ચારિત્ર. લક્ષ કરવું તે સમ્યગ્દર્શન અને જ્ઞાન. એમાં લીનતા કરવી એનું નામ ચારિત્ર છે. તે સ્વભાવમાં રહેતો વિભાવથી ખસતો અને સ્વભાવમાં રહેતો. વિભાવથી બુધ્ધિ ખસેડે છે. વિભાવ ઉપર પ્રેમ હતો, પુણ્ય ને પુણ્યના ફળ ઉપર પ્રીતિ ને રુચિ હતી, તે છોડીને ભગવાનઆત્માની રુચિ, પ્રેમ ને મહિમા લાગે છે. ત્યારે સંસારનો અંત આવશે. બાકી પુણ્ય ને પુણ્યના ફળમાં, રુચિમાં જગતના જીવો રાચે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજ્ઞાની કહે છે કે આ બધા ગાંડા છે, પાગલ છે. જ્ઞાની અજ્ઞાનીને પાગલ કહે અને અજ્ઞાની જ્ઞાનીને પાગલ કહે. કે કુંભારથી ઘડો થતો નથી, કહે પાગલ લાગે છે! અજ્ઞાની એમ કહે. અજ્ઞાની જ્ઞાનીને પાગલ કહે. એ તો અનાદિનું છે. આ કાંઈ નવું નથી. આ તો અનાદિકાળથી ચાલ્યું આવે છે. પણ જ્ઞાનીને એ અજ્ઞાની પાગલ કહે ને તો પણ એને એના પ્રત્યે દ્વેષ આવતો નથી, કરુણા આવે છે. એને ખબર નથીને, એને સ્વભાવની ખબર નથીને, વસ્તુ સ્વભાવ શું એ જાણતો નથીને એટલે એ કહે છે. એ પણ ભગવાન સ્વભાવે છે. આજે ભૂલ્યો છે અને કાલ પરમાત્મા પણ થઈ જાય. એમ જાણીને એના પ્રત્યે કરુણા છે. જ્ઞાનીને કોઈ પ્રત્યે દ્વેષ હોતો નથી. એના વિરોધીઓ પ્રત્યે પણ દ્વેષ હોતો નથી. આહાહા! વિરોધી કોણ? વિરોધીતત્ત્વ તો રાગ-દ્વેષના પરિણામ છે. બીજું કોઈ વિરોધી આ જગતમાં નથી. કોઈ કોઈનો વિરોધ કરનાર નથી. દુશ્મન હોય તો રાગાદિ પરિણામ છે. એનો જો મિત્ર હોય તો વીતરાગી પર્યાય એનો મિત્ર છે. બાકી જગતમાં કોઈ મિત્ર નથી અને કોઈ દુશ્મન નથી. એમ જ્ઞાની જાણતો આત્માનું અવલંબન લેતો સ્વભાવમાં ઠરતો અલ્પકાળે પરિપૂર્ણ અવસ્થા પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

તે સ્વભાવમાં રહેતો તેમાં તે ચૈતન્ય-અનુભવમાં લીન થતો, આહાહા! જે રાગમાં લીનતા હતી, કયાંક ને કયાંક લીન તો રહે જ. કાં રાગમાં લીન હોય અને કાં સ્વભાવમાં લીન હોય. કાં વિભાવમાં રત હોય કાં સ્વભાવમાં રત હોય. તો લીન થતો હું આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું. એમ વિચારીને નિર્ણય કરીને એ આત્મા પ્રયોગ કરે છે. પહેલાં થીયરી જાણે છે. થીયરી જાણ્યા પછી પ્રેક્ટીકલ કરે છે. ત્યારે એને આત્માનો અનુભવ થાય છે. એકલા સાંભળવાથી, એકલા વાંચવાથી, એકલા ધારણા કરવાથી કાંઈ આત્માનો અનુભવ થઈ શકતો નથી.

એમ તો અગિયાર અંગ સુધી જીવ ભણી જાય એમાં કાંઈ નથી. એ તો અજ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. (મુમુક્ષુ :- અગિયાર અંગ એટલે શું?) અગિયાર અંગ એટલે સર્વજ્ઞ ભગવાનની વાણીમાં બાર અંગ આવે છે એને ગણધર ભગવાન અંતર્મુહૂર્તમાં એ દ્રવ્યશ્રુતની રચના કરે છે. એમાં લાખો, કરોડો, અબજો શ્લોકો હોય છે. બાર અંગની અંદર લાખો, કરોડો, અબજો શ્લોકો હોય છે. એ શ્લોકો કંઠસ્થ થઈ જાય છે. સર્વજ્ઞ ભગવાનની વાણી સાંભળી ગૌતમ ગણધરે બે ઘડીની અંદર, એવી ધારણા શકિત હોય છે કે બાર અંગનો ઊઘાડ એને દ્રવ્યશ્રુતનું જ્ઞાન થાય છે. ધારણા. પહેલાના કાળમાં ધારણા હતી શાસ્ત્ર નહોતા. પછી જેમ જેમ સ્મરણ શકિત ઘટતી ગઈ તેમ તેમ આચાર્ય ભગવાનને ખ્યાલ આવ્યો કે હવે સ્મરણ શકિત ઘટતી જાય છે એટલે તાડપત્ર ઉપર શાસ્ત્ર લખવાના શરૂ થયા. તાડપત્રો પણ અત્યારે છે. બે હજાર વર્ષ પહેલાનાં તાડપત્ર પણ અત્યારે છે. ગીરનાર ઉપર એક ધરસેન આચાર્ય થઈ ગયા છે એણે ષટ્ખંડાગમની રચના કરી છે. ષટ્ખંડઆગમ એ મોટા જબરજસ્ત આગમ છે. એના ઘણા મોટા શાસ્ત્રોનું વોલ્યુમ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ ધરસેનઆચાર્ય ભગવાન ગીરનાર ઉપર ચંદ્રગુફા છે ત્યાં ધ્યાનમાં મગ્ન હતા. ધ્યાનમાં મસ્ત હતા. એને પોતાનું આયુષ્ય હવે અલ્પકાળમાં પૂર્ણ થશે એવો ખ્યાલ આવ્યો. એટલે કોઈ શ્રાવકને વાત કરી અને શ્રાવકે દક્ષિણમાં માણસ મોકલ્યા અને બે સાધુ ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આવે છે. ત્યારે એ વિનયપૂર્વક નમસ્કાર કરતાં આવે છે. ત્યાંથી દક્ષિણમાંથી ભૂતબલિ અને પુષ્પદંત બે આચાર્ય આવે છે. અને બન્નેને જુદા જુદા મંત્ર આપે છે. એ મંત્રમાં એકને અધિક લખી દીધું અને બીજાને ઓછું લખી દીધું. અને કહે કે આની તમે સાધના કરો અને સાધના કરીને આવો એટલે મારી પાસે જ્ઞાન છે એ તમને આપું. એની પરીક્ષા કરવા (આમ કહ્યું.) કે આ ઝીલી શકે એમ છે કે નહીં? ત્યારે ત્રણ ઉપવાસ કરીને મંત્રની સાધના કરી ત્યારે કુરૂપના દેવ આવ્યા. એકદમ દાંત મોટાને, કાન મોટાને, પૂંછડુંને, શીંગડાને એવા. દેવ આવ્યા હાજર થયા, આ દેવ શાસનદેવતા નથી. પછી એણે પોતે મંત્રમાં સુધારો વધારો કર્યો. ગુરુ પાસે ન ગયા. મંત્રમાં હિનાધિક માત્રા હતી, એ માત્રા ઠીક કરી અને પાછા મંત્રની સાધના કરી અને શાસનદેવ હાજર થયા.

ત્યાર પછી ધરસેનઆચાર્ય ભગવાન પાસે જાય છે અને સામે બેસે છે અને હજારો, લાખો શ્લોક ધરસેનઆચાર્ય ભગવાન મોઢે બોલે છે અને આ (મુનિઓ) શ્રવણ કરીને ધારણામાં ગ્રહણ કરી લે છે. ત્યાં સુધી તો હજી મુખપાઠ હતો. ત્યાં સુધી લીપી નહોતી. હજી તાડપત્ર ઉપર શાસ્ત્ર લખાણા નહોતા. એ ગીરનાર ઉપરથી જ્યારે દક્ષિણમાં જાય છે ત્યારે વચ્ચે ભરૂચ પાસે અંકલેશ્વર આવે છે. ત્યાં એ બન્ને મુનિરાજ પહોંચે છે અને એમને વિચાર આવે છે કે હવે આ ધારણા શકિત ક્રમે ક્રમે ઘટતી જશે. આપણે આને તાડપત્ર ઉપર લખી નાખીએ. એટલે ત્યાં શાસ્ત્રોની રચના થાય છે અને શાસ્ત્રો લખે છે.

એ બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદઆચાર્ય ભગવાન થયા, એના પહેલાં ધરસેનઆચાર્ય થયા છે. એના શાસ્ત્રો પણ અત્યારે તાડપત્ર ઉપર વિદ્યમાન છે. મુડબીદ્રીમાં રહેલાં છે. એ બધા નકશા છે. આત્મામાં કયાં જાવું એના નકશા. આ જયેશ ને રાજેશ આપણો આમ નકશો જુએ. મેં કહ્યું'તું. પૂછ તો ખરો, ભાઈ ! આમાં કયાં જાવું છે? તો કહે ભાઈ પૂછવાની કાંઈ જરૂર નથી આમાં નકશામાં બધું છે. કાંઈ પૂછવાની જરૂર નથી.

આ એમ કદાચ કોઈ કાળે જ્ઞાનીનો યોગ ન હોય, પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ ન હોય તો આ બધા નકશા બનાવી ગયા છે. આત્માનું સ્વરૂપ શું, કયાં જાવું, કેમાં ઠરવું એ બધું આમાં લખેલું છે. પણ એ નકશો ઊઘાડવાની ફુરસદ નથી. આહાહા! (મુમુક્ષુ :- આ રસ્તા સિવાય બીજો કોઈ રસ્તો નથી?) બીજો કોઈ રસ્તો નથી. આહાહા! જો આત્માની પ્રાપ્તિ કરવી હોય ને દુઃખથી છૂટવું હોય તો આ એક જ રસ્તો છે. આત્માનું અવલંબન, ધર્મનું શરણ (સિવાય) બીજું કોઈ જગતમાં શરણ નથી. આહાહા!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરોડો અબજો રૂપિયા પડયા રહે છે અને તરફડીયા મારીને જાય હોં ! એવો આકરો રોગ આવે કોઈ બચાવી શકે નહિ. કે ભઈ ઢગલો કરો, આહાહા! પૈસાનો, સોના-ચાંદીનો ઢગલો કરે તો પણ કોઈ બચાવી શકે નહિ. ફટ આયુષ્ય છૂટી જાય છે. આ જગતમાં કોઈ શરણ નથી. (એક માત્ર) શરણ હોય તો પોતાનો શુધ્ધાત્મા શરણ છે. એનું અવલંબન લેતાં દુઃખ ટળે અને સુખની પ્રાપ્તિ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ, પ્રેરે તે પરમાર્થને એ વ્યવહાર સમંત' કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, એટલો અભેદનો જે ભેદ, જે ભેદ અભેદને પ્રસિધ્ધ કરે છે એટલો વ્યવહાર સમંત છે. શુભભાવ કરવો એ અજ્ઞાન છે. વ્યવહાર નથી. આહાહા! આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું.

ટીકા :- ટીકા એટલે વિસ્તાર. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદઆચાર્ય ભગવાન થયા તેમણે પ્રાકૃતમાં આ શ્લોકની રચના કરી છે. એના પછી એક હજાર વર્ષ પછી, આજથી એક હજાર વર્ષ પૂર્વે એક સમર્થ (અમૃતચંદ્ર) આચાર્ય થઈ ગયા છે. જેની પરિપૂર્ણ અધ્યાત્મની મસ્તી છે અને જેણે એકલા ન્યાયથી શાસ્ત્રોની રચના કરી છે કે જીવ મધ્યસ્થ થઈને જો વાંચે, મધ્યસ્થ થઈને સાંભળે તો એને અંતરમાંથી હા આવે, હા આવે એવી વાત છે.

મધ્યસ્થ થવું જોઈએ. પોતાનો પક્ષ છોડવો જોઈએ. 'સાચું તે મારું, મારું તે સાચું એમ નહિ' સાચું તે મારું એમ એનું મન જો થોડું ખુલ્લું રાખે તો એને આત્માની પ્રાપ્તિ થાય. બાકી પક્ષમાં પડી જાય, આ કોઈ પક્ષપાતનો વિષય નથી, આ તો આત્માની વાત છે. આમાં કાંઈ કોઈ પક્ષની કે વાડાની વાત નથી. પદાર્થના સ્વરૂપની આ વાત છે. આ વીતરાગ વિજ્ઞાન છે. આ જડના વિજ્ઞાનની વાત તો રખડવા માટે છે. આ તો વીતરાગ વિજ્ઞાન છે. કે જેનું અવલંબન લેતાં આત્માને ભવનો અંત આવી જાય. ભવનો અંત કહો કે દુઃખનો અંત કહો. ભવ છે એ દુઃખરૂપ છે.

ભવનો અંત કહો કે દુઃખનો અંત કહો એનો ઉપાય આમાં લખ્યો છે. એની ટીકા એટલે વિસ્તાર અમૃતચંદ્રઆચાર્ય ભગવાન(ની) આત્મખ્યાતિ નામની ટીકા છે. (આત્મખ્યાતિ) એટલે અજ્ઞાની પ્રાણીઓને આત્માની કેમ પ્રસિધ્ધિ થાય, આત્માની ઉપલબ્ધિ પ્રાપ્તિ કેમ થાય એના માટે શાસ્ત્રની રચના છે.

ટીકા :- હું આ આત્મા- પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જયોતિ- અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું; આહાહા! ચોવીસ કલાકમાં આત્મા યાદ આવે નહિ. આઠ દિવસે પણ યાદ આવે નહિ, મહિનો થાય, છ મહિના થાય આત્મા યાદ જ ન આવે. આત્મા ભૂલાઈ ગયો છે. જેને યાદ કરવો જોઈએ એને સમયે સમયે ભૂલે છે. અને જેનું વિસ્મરણ કરવા જેવું છે જેને યાદ કરવા જેવું નથી એને સમયે સમયે યાદ કરે છે. નજર ત્યાં બહારમાં છે. બહારમાં જુએ છે પણ અંતરમાં જોતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું આ આત્મા પ્રત્યક્ષ, પરોક્ષ એ મતિશ્રુતજ્ઞાન છે. ભગવાનઆત્મા તો ત્રણેકાળ પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ થવાનો જ એનો સ્વભાવ છે. પરોક્ષ રહેવાનો એનો મૂળ સ્વભાવ નથી. જે નજર કરે એને દર્શન આપે. જે નજર કરે એને દર્શન આપે. એવો એનો પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. હું આ આત્મા, આ આત્માની વાત છે હોં? પ્રત્યક્ષ પછી અખંડ. આ ખંડજ્ઞાન તે હું નહિ. હું તો અનાદિઅનંત અખંડ એક વસ્તુ છું. અનંત ચિન્માત્ર જયોતિ, જે પરિણામ એક સમયની મર્યાદાવાળા અંત આવી જાય તે હું નહિ. હું તો અનાદિઅનંત, અનંત ચિન્માત્ર, અનંત બેહદ સામર્થ્ય જ્ઞાન ને દર્શન એવા સામર્થ્યથી ભરેલો હું આત્મા છું. અને અનાદિઅનંત પરિણામ સાદી શાંત છે અને આત્મા અનાદિઅનંત છે. સંસાર સાદી શાંત. મોક્ષની અવસ્થા સાદી અનંત અને આત્મા અનાદિઅનંત છે.

આત્મા અનાદિઅનંત, સંસાર અનાદિ શાંત અનાદિનો હોવા છતાં સંસારનો અભાવ થઈ જાય. અને મોક્ષ સાદી અનંત. મોક્ષની શરૂઆત થાય અને કોઈ કાળે અંત આવે નહિ એને સાદીઅનંત કહેવામાં આવે. અને ભગવાનઆત્મા અનાદિઅનંત છે. અનાદિઅનંત આમાં શબ્દો છે એના અર્થ થાય છે હોં ! અનાદિઅનંત આત્મા છે. અનાદિઅનંત એટલે કોઈ કાળે જેની ભૂતકાળમાં ઉત્પત્તિ થઈ નથી. એ પાંચ પ્રકારના પદાર્થો ભેગા મળે અને જીવની ઉત્પત્તિ થાય એ વાત સો ટકા ખોટી છે. આહાહા!

જૈનદર્શન ઉપર જયાં સુધી અનન્ય શ્રદ્ધા નથી ત્યાં સુધી એ સમ્યગ્દર્શન થવાને પણ પાત્ર નથી. આહાહા! જે સર્વજ્ઞ ભગવાને પદાર્થોનું સ્વરૂપ કહ્યું છે એવું સ્વરૂપ કોઈ કહી શકયું નથી. કોઈ કહી શકે જ નહિ. માટે અનાદિઅનંત આત્મા (છે.) ભૂતકાળમાં કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ નથી થઈ. અને કોઈ વિયોગથી જેનો નાશ ન થાય એવો અનાદિઅનંત આત્મા છે. એ શ્રીમદ્ રાજચંદ્રજીમાં પણ આ વાત આવે છે. જ્ઞાનીઓ તો બધી વાત કહી ગયા છે. અનાદિઅનંત જેની આદિ નથી અને જેનો અંત નથી. સંયોગની આદિ અને સંયોગનો અંત.

આ મનુષ્યપર્યાય મળી એની આદિ થઈ અને પછી આયુષ્ય પૂરું થાય એટલે પાછો અંત. સંયોગની આદિ પણ ખરી અને અંત પણ ખરો. એમ આઠ કર્મની અનાદિ છે. પણ એનો અંત આવી જાય. એમ રાગ એની આદિ અને અંત. રાગ આવ્યો, ક્રોધ આવ્યો અને ક્રોધ ગયો. ક્રોધની આદિ અને ક્રોધનો અંત. પણ ક્રોધને જાણનાર જે આત્મા છે એનો કોઈ કાળે અંત આવતો નથી. એ તો અનાદિઅનંત વસ્તુ છે. નિત્ય ઉદયરૂપ, આહાહા! ભગવાનઆત્મા નિત્ય પ્રગટરૂપ છે અમને દેખાતો નથી. અરે ભાઈ! દેખતો નથી એટલે દેખાતો નથી. જો હોય તો કેમ દેખાય નહિ? એમ શ્રીમદ્માં પણ છ પ્રશ્ન-ઉત્તર કર્યા છે. એમાં પણ આવ્યું છે આ ઘટ-પટ દેખાય છે માટે એ છે. આત્મા અમને દેખાતો નથી, માટે નથી. એવા પ્રશ્નના આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદના એમાં ઘણા ખુલાસા છે. આહાહા! પણ તત્ત્વના અભ્યાસ વિના એ શ્રીમદ્ના હૃદયને પણ ઓળખી શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જૈનદર્શન ઉપર અનન્ય શ્રદ્ધા જોઈએ. જૈનદર્શન પરિપૂર્ણ દર્શન છે. બીજા કોઈ દર્શનમાં સમ્યગ્દર્શન થઈ શકે નહિ, ત્રણકાળમાં ન થાય. આહા ! ભગવાનઆત્મા નિત્ય ઉદયરૂપ છે, અને અનાદિઅનંત નિત્ય પ્રગટરૂપ છે. અને નિત્ય પ્રગટરૂપ છે, છે ને છે. એનો કોઈ દિવસ નાશ ન થાય.

નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું. આહાહા! શું કહે છે આત્માનો સ્વભાવ વિશેષે જ્ઞાનથી ઘન, ઘટ એ પરમાત્મા નિબળ એવો રહેલો છે. તે કારણે હું એક છું. આ અનેકપણું એ મારો સ્વભાવ નથી. આ ક્રોધ ને માન ને માયા ને લોભ ને દેવપર્યાય ને મનુષ્યપર્યાય એવી જે અનેકતા છે એ અનેકતા એ મારો સ્વભાવ નથી. હું તો એક છું. એક હોવાનું કારણ મારો સ્વભાવ વિજ્ઞાનઘન છે. અનાદિઅનંત છું, ચિન્મયમૂર્તિ છું, પ્રત્યક્ષ છું, અખંડ છું, નિત્ય ઉદયરૂપ હોવાને કારણે હું એક છું. આ એક ઉપર લક્ષ કર અને અનેકનું લક્ષ છોડી દે. અનેકનું અવલંબન છોડ અને એકનું અવલંબન કર. એકનું અવલંબન લેતાં એકાગ્રતા થાય છે. અને એકાગ્રતામાં ધ્યાનમાં સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય છે.

## પ્રવચન નં :- ૭
## તા. ૧૪-૭-૧૯૮૨
## લંડન હોલમાં "છ ઢાળા" ઉપર પ્રવચન

આ એક 'છ ઢાળા'નું નાનું પુસ્તક છે કે જે એક જ્ઞાની ધર્માત્મા પંડિત દોલતરામજી થયા છે. તેઓશ્રીએ આજથી દોઢસો વર્ષ પહેલાં આ પુસ્તકની રચના કરી છે. એનું નામ છે છ ઢાળા. એમાં આ આત્મા અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને ચારગતિમાં અજ્ઞાનથી રખડી રહ્યો છે. તેના પ્રથમ ભાગમાં એ ચારગતિ જીવને દુઃખરૂપ છે એ ગતિના દુઃખનું વર્ણન કરે છે, દુઃખનું કારણ બતાવે છે અને દુઃખના નાશનો ઉપાય પણ બતાવે છે. એમ ત્રણ વાત આમાં રહેલી છે. અને અસ્તિથી જોવામાં આવે તો એ દુઃખના નાશનો ઉપાય પોતાના શુધ્ધાત્માનું લક્ષ કરી એમાં લીન થઈ અને વીતરાગ વિજ્ઞાનભાવ પ્રગટ કરવો એ મોક્ષનો માર્ગ અથવા સુખનો માર્ગ છે.

વીતરાગ વિજ્ઞાન એટલે જેમાં શુધ્ધાત્માના આશ્રયે થયેલું અતીન્દ્રિયજ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન, અનુભવરૂપજ્ઞાન, કે જે જ્ઞાન રાગ, દ્વેષ, મોહથી રહિત છે. એવા જ્ઞાનને વિજ્ઞાન કહેવામાં આવે છે અને સાથે રાગ રહિત હોવાથી એને વીતરાગ વિજ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન અને વૈરાગ્ય એ સુખનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માર્ગ છે. મોહ અને અજ્ઞાન એ દુઃખનો માર્ગ છે. જ્યારે જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન અને વૈરાગ્ય એટલે રાગ પ્રત્યે ઉદાસીનતા. એવી એક દશા થાય તેને જ્ઞાન-વૈરાગ્ય કહેવામાં આવે છે. એનું નામ વીતરાગ વિજ્ઞાન છે, એનું બીજું નામ મોક્ષનો માર્ગ છે. એનું જ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ છે. એ સુખનો માર્ગ છે.

ચારેય ગતિ દુઃખરૂપ છે. એ દુઃખનું કારણ મિથ્યાદર્શન, જ્ઞાન ને ચારિત્રના પરિણામ છે. અને એના નાશનો ઉપાય શુધ્ધાત્માનું અવલંબન લઈને, એનું લક્ષ કરીને જે આત્મા આશ્રિત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વીતરાગી પરિણામ પ્રગટ થાય તે સુખનો માર્ગ છે. આ પુસ્તક નાનું છે. છતાં આમાં ગાગરમાં સાગર ભરેલો છે. આમાં થોડામાં ઘણું સ્વરૂપ કહેશે. એમાં પહેલાં શાસ્ત્રની રચના કરતાં હંમેશા પહેલાં એક માંગલિક કહેવાનો શિષ્ટાચાર છે. કે જેથી કરીને આ શાસ્ત્રની પૂર્ણતા થાય, નિર્વિઘ્નપણે પૂર્ણતા થાય, એવો એમાં હેતુ છે.

એમાં પહેલાં શાસ્ત્રકાર પોતે માંગલિક કરે છે.-

**તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા,**
**શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં.**

આ સોરઠીયો રાગ છે. રાણકદેવીના સોરઠા સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત છે. તેમાં ગીરનારને સંબોધીને તે કહે છે એ પ્રમાણે રાગ છે. તેથી આ શાસ્ત્રકાર મંગલ શ્લોકમાં અરિહંત ભગવાનના વીતરાગ વિજ્ઞાનને નમસ્કાર કરતાં કહે છે કે વીતરાગ વિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે ત્રણ ભુવનમાં સાર છે, સાર છે એટલે ઉત્તમ છે. તે શિવસ્વરૂપ એટલે કે આનંદસ્વરૂપ છે. અને શિવકાર એટલે કે મોક્ષનો કરનાર છે. આવા સારભૂત વીતરાગ વિજ્ઞાનને હું ત્રણે યોગની સાવધાનીપૂર્વક નમસ્કાર કરું છું.

શાસ્ત્રકાર પહેલાં અરિહંત ભગવાનને નમસ્કાર કરે છે કે, જે પૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન થયા છે એવા આત્મા પરમાત્મા અરિહંતને હું નમસ્કાર કરું છું. કારણ કે એ મોક્ષ સ્વરૂપ છે અને મોક્ષના દાતા છે. તેથી તેને હું નમસ્કાર કરું છું. વીતરાગ વિજ્ઞાન તે ત્રણેય ભુવનમાં સારરૂપ છે. અધોલોક, મધ્યલોક કે ઊર્ધ્વલોક. અધોલોક એટલે આ મધ્યલોકની નીચે નરકાદિના સાત પાટડા ભૂમિ છે એને અધોલોક કહેવાય. મધ્યલોક જેમાં મનુષ્ય, તિર્યંચ રહે છે તે મધ્યલોક છે અને ઉપર સ્વર્ગ છે તેને ઊર્ધ્વલોક કહેવામાં આવે છે.

અધોલોક, મધ્યલોક કે ઊર્ધ્વલોક, નરકમાં મનુષ્યલોકમાં કે દેવલોકમાં ત્રણે ભુવનમાં જીવોને વીતરાગ વિજ્ઞાન જ સારરૂપ, હિતરૂપ છે. સર્વત્ર તે જ ઉત્તમ છે, તે જ પ્રયોજનરૂપ છે. જેમ સમયસાર એટલે સર્વ પદાર્થોમાં સારરૂપ એવો શુધ્ધાત્મા તેને સમયસારના મંગળમાં નમસ્કાર કર્યો છે. તેમ અહીં ત્રણ ભુવનમાં સાર એવા વીતરાગ વિજ્ઞાનને મંગળરૂપે નમસ્કાર કર્યો છે. માંગલિક કર્યું છે માંગલિક. મંગલ શબ્દ છે એમાં મં એટલે સુખ, લ એટલે લાતિ. જે ભાવ દ્વારા સુખની પ્રાપ્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય તેવા આત્માના પરિણામને મંગલ કહે છે. એ અસ્તિનો અર્થ છે.

બીજો મંગલ, મં એટલે પાપ. એમાં જે (ગલ એટલે) ગળી જાય, ટળી જાય તેવા આત્માના પરિણામને મંગલ કહે છે. એ તેને સમયસારના મંગલમાં નમસ્કાર કર્યો છે તેમ અહીં ત્રણ ભુવનમાં સાર એવા વીતરાગ વિજ્ઞાનને મંગળરૂપે નમસ્કાર કર્યો છે. માંગલિક કર્યું છે એટલે કે શુદ્ધાત્માના આશ્રયે જે વીતરાગ વિજ્ઞાનભાવ પ્રગટ થાય તેને પરમાત્મા ભાવ મંગળ કહે છે. ભાવ માંગલિક કહે છે. વીતરાગ વિજ્ઞાન તે જ જગતમાં સાર છે. વીતરાગ અને વિજ્ઞાન બે શબ્દો છે. જે શુદ્ધાત્માનું અવલંબન લેતાં રાગ-દ્વેષ મોહનો અભાવ થાય અને આત્માનું જ્ઞાન પ્રગટ થાય તેને વીતરાગ વિજ્ઞાન કહેવામાં આવે છે.

આ જડનું વિજ્ઞાન નથી. આ તો સર્વજ્ઞ ભગવાને કહેલું ચૈતન્યનું આત્મવિજ્ઞાન છે. અહો ! વીતરાગ વિજ્ઞાન તે જ જગતમાં સાર છે. તે જ સારું છે, તે જ કલ્યાણરૂપ છે, તે જ હિતરૂપ છે. એ સિવાય શુભરાગ કે પુણ્ય તે કાંઈ સારરૂપ નથી. તે કાંઈ ઉત્તમ નથી. રાગ-દ્વેષ રહિત એવું કેવળજ્ઞાન જ ઉત્તમ અને સારરૂપ છે. ધર્માત્માને કેવળજ્ઞાન જોઈએ છીએ એટલે તેને યાદ કરીને વંદન કરે છે અને તેની ભાવના ભાવે છે. એને માંગલિક કહેવામાં આવે છે.

સાર એટલે માખણ જેમ છાશને વલોવીને તેમાંથી સારરૂપ માખણ કાઢે છે. તેમ ત્રણ લોકનું મંથન કરીને સંતોએ તેમાંથી સાર શું કાઢયો? તો કહે છે કે 'તીન ભુવનમેં સાર વીતરાગ વિજ્ઞાનતા' વીતરાગ વિજ્ઞાન તે જગતમાં સારભૂત છે, હિતરૂપ છે, સુખરૂપ છે. એ સિવાય રાગથી ધર્મ માનવો તે તો નિઃસાર પાણીને વલોવવા જેવું છે. તેમાંથી કાંઈ સાર નીકળે તેમ નથી. જ્ઞાનીઓએ જગતના સર્વે તત્ત્વોને જાણીને તેનું મંથન કરતાં તેમાંથી શુદ્ધચૈતન્યના કેવળજ્ઞાનરૂપી માખણ તારવ્યું તેને જ સારરૂપ જાણ્યું. અંતર ધ્યાન વડે ચૈતન્યને વલોવીને મુનિઓએ વીતરાગ વિજ્ઞાનરૂપ સાર કાઢયો. બાકી બીજા બાહ્યદષ્ટિ જીવો તો પુણ્યરૂપી પાણીમાં ભરમાઈ ગયા. શુભરાગમાં જ તેઓ સંતુષ્ટ થઈ ગયા પણ રાગથી પાર એવા વીતરાગ વિજ્ઞાનને તેઓએ જાણ્યું નહીં. વીતરાગ વિજ્ઞાનને સારરૂપ ઓળખીને તેનું બહુમાન કરવું તે મંગલ છે.

આ છ ઢાળા ઉપરના પૂજ્ય ગુરુદેવના પ્રવચનો છે તે વંચાય છે. અને એમાં પહેલી ઢાળ આપણે શરૂ કરીએ છીએ. શ્રી ગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે. આત્મિક સુખ થાય, સ્વાધીન સુખની પ્રાપ્તિ થાય, અવિનાશી સુખ મળે એવો ઉપાય બતાવનાર તેને સદગુરુ કહેવામાં આવે છે. અને જે એવો ઉપાય બતાવતા નથી ને વિપરીત ઉપાય બતાવે છે તેને ભગવાન કુગુરુ કહે છે. શ્રી ગુરુ એટલે જેને શુદ્ધાત્માની લક્ષ્મી દષ્ટિમાં આવી છે તેને શ્રી ગુરુ કહેવામાં આવે છે. અથવા જેને આત્મજ્ઞાન, આત્મભાન થયું છે, જેને આત્માનો અનુભવ થયો છે તેને શ્રી ગુરુ કહેવામાં આવે છે. તે શ્રી ગુરુ જીવોને એટલે દુઃખીયા પ્રાણીઓને સુખકર ઉપદેશ આપે છે. સુખની પ્રાપ્તિનો માર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બતાવે છે. સુખ આપતા નથી, માત્ર સુખનો માર્ગ બતાવે છે.

જગતના જીવો દુઃખથી ભયભીત છે અને સુખને ઇચ્છે છે, મહા સિધ્ધાંત. આખા જગતના પ્રાણીઓ જેટલા છે તેટલા એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી અસંજ્ઞી. અજ્ઞાની જીવ માત્ર દુઃખથી ભયભીત છે. દુઃખ કોઈને ગમતું નથી. અને તે સુખને ઇચ્છે છે તેથી જીવોનું દુઃખ મટે અને સુખ થાય એવો ઉપદેશ શ્રી ગુરુએ કરુણા કરીને આપ્યો છે. આ ચાર ગતિના દુઃખનું વર્ણન કરવાનો હેતુ એ છે કે ચાર ગતિમાં દુઃખ છે એમ જાણીને એ દુઃખના કારણને છોડીને આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે સુખનું કારણ એવો શુધ્ધાત્માનો અનુભવ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ જે આત્માનો વીતરાગ વિજ્ઞાનભાવ છે. તેથી જીવોનું દુઃખ મટે અને સુખ થાય એવો ઉપદેશ શ્રી ગુરુએ કરુણા કરીને આપ્યો છે. શ્રી ગુરુએ શાસ્ત્રમાં જે હિતોપદેશ દીધો છે તે અનુસાર આ છ ઢાળામાં હું કહીશ. એમ આ શાસ્ત્રકાર ફરમાવે છે. હું મારી પોતાની કલ્પનાથી કહેતો નથી. પણ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલો, ગણધરોએ ઝીલેલો અને સંતોએ કહેલો જે આ માર્ગ છે, આત્મિક સુખનો માર્ગ છે તે હું કહીશ. એની પહેલી ઢાળ છે. પહેલું માંગલિક થઈ ગયું. પહેલી ઢાળનો પહેલો શ્લોક.

**જે ત્રિભુવનમેં જીવ અનંત, સુખ ચાહૈં દુઃખતૈં ભયવંત;**
**તાતૈં દુઃખહારી સુખકાર, કહૈ સીખ ગુરુ કરુણા ધાર. ૧**

એનો અર્થ :- ત્રણ લોકમાં સાર વીતરાગ વિજ્ઞાન છે. સાર એટલે ઉપાદેય હિતરૂપભાવ. એમ બતાવીને હવે તે વીતરાગ વિજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. રાગ અને અજ્ઞાન જેમ દુઃખરૂપ છે એમ વીતરાગ અને જ્ઞાન એ સુખરૂપ છે. રાગ અને અજ્ઞાન. રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાનભાવ એ એકાંતે દુઃખરૂપ છે, એમ અહીંયા આત્મા આશ્રિત જે વીતરાગભાવ પ્રગટ થાય અને આત્માનું જ્ઞાન થાય એવા વીતરાગ વિજ્ઞાનરૂપ આત્માના શુધ્ધ, નિર્વિકારી, અકષાયરૂપ વિરાગી પરિણામ થાય તેને પરમાત્મા સુખનું કારણ કહે છે. એમ બતાવીને હવે તે વીતરાગ વિજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. ત્રણ લોકમાં જે અનંત જીવો છે તેઓ સુખને ચાહે છે અને દુઃખથી ડરે છે.

એકેન્દ્રિયનો જીવ હોય, બે ઇન્દ્રિય હોય, ત્રણ ઇન્દ્રિય હોય, કોઈપણ પ્રકારનો ઢોર હોય, પશુ હોય, પક્ષી હોય, દેવ હોય, મનુષ્ય હોય એ બધા દુઃખથી ડરે છે અને સુખને ઇચ્છે છે. હવે એ દુઃખનું કારણ શું તે જાણતા નથી અને એના નાશનો ઉપાય જાણતા નથી. એવા અજ્ઞાની પ્રાણીઓને દુઃખનું વર્ણન કરીને, દુઃખના કારણનું પણ વર્ણન કરીને દુઃખના નાશનો ઉપાય બતાવે છે.

એક નાની પુસ્તિકા પણ જો જ્ઞાનીની લખેલી ને કહેલી હોય તો આખું એમાં સ્વરૂપ આવી જાય છે. અજ્ઞાની જે આત્માને જાણતા નથી અને અનેક પ્રકારના શુભભાવથી ધર્મ માને, મનાવે અને અનુમોદન કરી રહ્યા છે એ બધા દુઃખના મિથ્યાત્વના કારણ છે. તેથી તેમને સુખ કેમ થાય અને દુઃખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેમ ટળે એવા મોક્ષમાર્ગનો હિતકારી ઉપદેશ કરુણાધારી શ્રી ગુરુ આપે છે. નિષ્કારણ કરુણા છે. એને જ્ઞાની ધર્માત્માને જગત પાસેથી કાંઈ જોઈતું નથી. એને જે જોઈતું હતું તે સર્વસ્વ મળી ગયું છે. એને શુધ્ધાત્મા જોઈતો હતો એટલે શુધ્ધાત્માની પ્રાપ્તિ થઈ છે. અને બિલકુલ પર પદાર્થની પ્રાપ્તિની ઈચ્છા જડમૂળમાંથી મરી ગઈ છે. કોઈ પર પદાર્થ કે પરભાવની આકાંક્ષા, અભિલાષા, ઈચ્છા જ્ઞાની ધર્મી જીવને હોતી નથી. પણ જગતના પ્રાણીઓ(નું) અજ્ઞાનથી થતું દુઃખ જોઈને નિષ્કારણ કરુણા આવે છે. એને એની પાસેથી કાંઈ સ્પૃહા નથી.

અમને નમસ્કાર કરે, અમને પગે લાગે, અમારી પૂજા કરે એવી કોઈ પણ પ્રકારની જયાં અપેક્ષા નથી એવા વીતરાગી સંતો નિષ્કારણ કરુણા કરીને જગતના જીવોને, પોતાને વિકલ્પ ઊઠે છે ત્યારે કહે છે નિર્વિકલ્પ ધ્યાનમાં ચાલ્યા જાય તો ઉપદેશ પણ આવતો નથી. મોક્ષમાર્ગ કહો, રત્નત્રય કહો કે વીતરાગ વિજ્ઞાન કહો. રત્નત્રય-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ને સમ્યક્ચારિત્રના પરિણામ એને ત્રણ રત્નો કહેવામાં આવે છે. વીતરાગ વિજ્ઞાન કહો.

તેના વડે જ જીવોને સુખ થાય છે અને દુઃખ મટે છે. એક પોતાના શુધ્ધાત્માને જાણ્યા વિના, એની શ્રધ્ધા કર્યા વિના અને એમાં લીન થયા વિના જગતના પ્રાણીઓ અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યા છે. તેથી જ્ઞાની ગુરુઓએ કરુણા કરીને જીવોને તેની શીખામણ આપી છે, તેનો ઉપદેશ આપ્યો છે. આવો ઉપદેશ સાંભળીને, સમજીને સાચો ઉપાય કરતાં દુઃખ ટળે છે અને સુખ થાય છે. શરત એટલી છે. સાચો ઉપાય કરતાં દુઃખ ટળે છે અને સુખ થાય છે. ઉપાય જો ખોટો હશે તો દુઃખ ટળવાનું નથી અને સુખ પ્રગટ થવાનું નથી. અરે! અજ્ઞાનભાવથી જીવો ચારગતિના દુઃખોમાં તરફળી રહ્યા છે. જ્ઞાની પોતે પૂર્વે અજ્ઞાનદશામાં એવું દુઃખ વેદી ચૂકયા છે. અને આત્માનું સાચું સુખ પણ તેમણે ચાખ્યું છે. તેથી જગતના જીવો ઉપર તેમને પ્રશસ્ત કરુણા આવે છે કે અરે અજ્ઞાનના ઘોર દુઃખોથી જીવો છૂટે અને સાચું આત્મસુખ પામે. આવી કરુણાથી હવે દુઃખનું કારણ બતાવે છે.

ચાર ગતિમાં જીવો અજ્ઞાનથી દુઃખી છે અને દુઃખનું કારણ શું, દુઃખના નાશનો ઉપાય શું અર્થાત સુખની પ્રાપ્તિનો માર્ગ શું એ બધી વાત બતાવે છે. દુઃખનું કારણ જે મિથ્યાત્વ (છે) તેને છોડવાનો અને સુખનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તેને અંગીકાર કરવાનો ઉપદેશ દીધો છે. મિથ્યાદર્શન, મિથ્યાત્વ દુઃખનું કારણ છે. મિથ્યાત્વ એટલે શું કે આત્મા શુધ્ધ ચૈતન્ય આનંદઘન હોવા છતાં પણ આ દેહને આત્મા માનવો, જડકર્મને પોતાના માનવા, રાગ-દ્વેષના જે પરિણામ થાય જે આસ્રવતત્ત્વ છે તેને પોતાના માનવા, પોતાનો સ્વભાવ છે એને પોતાનો ન માનવો, સ્વને પોતાનું ન માનવું અને પરને પોતાનું માનવું એનું નામ ભગવાન મિથ્યાત્વ કહે છે. તે મહાપાપ અને સંસારની જડ છે.

અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ એટલે જેવો શુધ્ધાત્મા છે એવો અંતર સન્મુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈને પુણ્ય-પાપથી ભિન્ન પુણ્ય-પાપનું લક્ષ છોડીને એક સમયના પરિણામ ઉપરથી લક્ષ છોડીને, જે અંદર જ્ઞાનાનંદ આત્મા બિરાજમાન છે એમાં ઉપયોગને જોડીને એનો અનુભવ કરીને જે આત્મા અનુભવમાં આવે એની જ પ્રતીતિ એટલે શ્રદ્ધાન કરીને તેમાં લીન થવું તેને પરમાત્મા મોક્ષનો માર્ગ સુખનો માર્ગ કહે છે. તારું કલ્યાણ ચાહતો હો તો, હે જીવ ! તું આ ઉપદેશને સ્થિર મનથી સાંભળ. તારું મન જરા સ્થિર કર. તું માની રહ્યો છો કે સુખ અહીંથી આવશે, સુખ અહીંથી આવશે, તું માની રહ્યો છો કે સંયોગમાંથી સુખ આવશે પણ સંયોગમાં સુખ નથી.

સંયોગીભાવ જે પુણ્ય-પાપના પરિણામ એમાં પણ આત્મિક સુખનો છાંટો નથી. માટે હવે બધો કોલાહલ છોડીને તારી જે અત્યાર સુધીની મિથ્યા માન્યતા છે તેને તું આ સાંભળતી વખતે બે ઘડી માટે એનું એક પોટલું કરીને તું પેટીમાં પેક કરી દે. અને આ એક નવી વાત તું સાંભળ. જો આ નવી વાત તને સાચી લાગે તો તારી જુઠ્ઠી વાતને તું દરિયામાં ફેંકી દેજે. એટલી ખાત્રીપૂર્વક જ્ઞાનીઓ કહે છે. કે અમારી વાત ભવ્ય પ્રાણી જરૂર સાંભળીને, વિચારીને, નિર્ણય કરીને અનુભવ કરશે. શુધ્ધાત્માનો અનુભવ કરવો તે પ્રત્યેક જીવનું કર્તવ્ય છે. અને શુધ્ધાત્માનો અનુભવ થઈ શકે તેવી લાયકાત બધા સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાં વર્તમાનમાં પ્રગટ છે. એનો દૂરઉપયોગ કરે છે. જ્ઞાનનો દૂરઉપયોગ કરે છે. એ બહિર્મુખ જ્ઞાનને સંકેલીને, મર્યાદામાં લાવીને જે જ્ઞાન પર પદાર્થને પ્રસિધ્ધ કરે છે એ જ્ઞાન અંતરમાં વાળીને, જે પોતાના જ્ઞાનાનંદ આત્માને અંતર સન્મુખ થઈ અને અનુભવ કરે તો અનુભવ થઈ શકે છે.

મનવાળું પ્રાણી હિતાહિતનો વિચાર કરી શકે છે. નિર્ણય પણ કરી શકે છે. માટે જ્ઞાનીઓ મનુષ્યને મનવાળા પ્રાણીને ઉપદેશ આપે છે. કે સાંભળો ! આ તમારા હિતની વાત છે, સ્વાધીન થવાની વાત છે. અમે સુખ આપવાના નથી, તમને જગતનો કોઈ પદાર્થ સુખ આપશે નહિ. સુખ તમારી પાસે ભર્યું છે તેમાં એકાગ્ર થતાં સુખની પ્રાપ્તિ થાય છે. જેમ ખાંડની ગુણી, સાકરની ગુણી આખો કોથળો હોય. સુગર, ગળપણ, મીઠી શું અહીંયા તમારે કહેવાય છે? મીઠાશ. એ મીઠાશથી ભરેલો આખો સાકરનો કોથળો એને જરાક એક બંબી મારીને બે દાણા કાઢે, બંબી એટલે એક લોઢાનું હથિયાર હોય છે અને આમ જરાક મારે એટલે એમાં દાણા નીકળે, દાણા નીકળીને જયાં એ ચાખે કે આમાં તો મીઠાશ છે એટલે આખી સાકરની ગુણ ખાધા વગર માત્ર ચાખવાથી પ્રતીતિ આવી ગઈ. કે આખી સાકરની ગુણ મીઠા સ્વભાવથી ભરેલી છે. પછી એ ગુણ ખાધા વિના એક બે દાણા ચાખતા એની કિંમત ચૂકાવે છે કે આ એક હજાર રૂપિયા આના લાગશે અથવા તો આના આટલા પાઉન્ડ લાગશે તો એ પાઉન્ડ એને ચૂકવી દે છે. એટલી એને પ્રતીતિ શ્રધ્ધા આવી જાય છે કે આખી ખાંડની ગુણ મીઠા સ્વભાવથી ભરેલી છે. એમાં કયાંય કડવાશ નથી, કયાંય એમાં ખારાશ નથી, કયાંય એમાં તુરાશ નથી. એમ બે દાણા ચાખતા જેમ આખી ખાંડની ગુણ મીઠાશભાવથી ભરેલી છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શ્રદ્ધામાં આવી જાય છે.

એમ જ્ઞાનીઓ પોકાર કરીને કહે છે કે, ભાઈ! આ શુદ્ધાત્મામાં જ્ઞાન અને આનંદ ભરેલા છે. જેમ ઓલા કોથળામાં મીઠાશગુણથી ભરેલી ખાંડ છે એમ આ કોથળો બારદાન છે. આ એક ખાલી બારદાન છે. એમાં ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ બિરાજમાન છે. એ દેહ ઉપરથી દ્રષ્ટિ છોડી દે, સંકલ્પ-વિકલ્પ ઉપરથી લક્ષ છોડી દે. પુણ્ય-પાપના પરિણામ ઉપરથી લક્ષ છોડી દે અને અંદરમાં ચિદાનંદ આત્મા બિરાજમાન છે એની અંતર સન્મુખ થઈને તારા ઉપયોગને એમાં જોડી દે અને એ ઉપયોગ અંદરમાં એકાગ્ર થતાંવેંત જ તને અતીન્દ્રિય આનંદનો થોડો સ્વાદ આવશે. જેમ સાકરની ગુણીમાં બંબી મારતાં બે દાણા જીભ ઉપર મૂકે છે અને શ્રદ્ધા થઈ જાય છે કે ખાંડની આખી ગુણ મીઠાશભાવથી ભરેલી છે.

એમ આત્મામાં અંતર ઉપયોગ જોડતાં સાધક દશા થતાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ આનંદનો સ્વાદ આવતાંની સાથે જ શ્રદ્ધામાં આવી જાય છે કે મારો આખો આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો છે. મારા આત્માના સ્વભાવમાં ક્યાંય દુઃખ નથી, ક્યાંય રાગ-દ્વેષ નથી, ક્યાંય મોહ નથી, ક્રોધ નથી, માન નથી, માયા નથી, લોભ નથી. જેમ ઓલી સાકરની ગુણમાં જરાય ક્યાંય ખટાશ નથી, કડવાશ નથી, તીખાશ નથી, એમ મારા આત્માના સ્વભાવમાં જ્યાં આનંદ આવે છે ત્યાં સાધક આત્માને-આઠ વર્ષનો બાળક પણ આત્માનો અનુભવ કરી શકે છે. બહેનો, માતા, દીકરીઓ પણ આત્માનો અનુભવ કરી શકે છે. આમાં પંડિતાઈની જરૂર નથી, બહુ શાસ્ત્રો ભણવાની પણ જરૂર નથી. ભણાય તો ભણવા પણ કદાચ ન ભણાય (અને) કોઈ જીવને અક્ષરજ્ઞાન પણ ન હોય, મોટી ઉંમરના હોય, પૂર્વે તો સ્કુલમાં પણ જતાં નહોતા. સહી કરતાં પણ આવડતી ન હોય તો પણ આત્માને આત્માનું જ્ઞાન ને ભાન થઈ શકે છે. અને ઉપયોગ જે બહાર ભટકે છે એ ઉપયોગને અંતરમાં વાળતાં, ઉપયોગ જેનો છે એમાં જોડતાં એ ઉપયોગવાન આત્માના દર્શન થતાં એને આનંદનો અનુભવ આવે છે. હજી એક જરાક જેટલો આનંદ આવ્યો, એક કષાયના અભાવપૂર્વક વીતરાગતા થઈ, હજી ત્રણ કષાયનો અભાવ બાકી છે પણ એક કષાયના અભાવપૂર્વક વીતરાગતા થઈ એમાં આનંદ આવતાં શ્રદ્ધામાં આવી ગયું કે આખો આત્મા આનંદની મૂર્તિ છે. શુદ્ધાત્મામાં જે શ્રદ્ધામાં આત્મા આવ્યો એમાં એમ નથી આવ્યું કે અંદરમાં કાંઈ મિશ્ર છે. થોડો આનંદ અને થોડું દુઃખ એ સ્વભાવમાં નથી. એ મિશ્ર દશા પર્યાયમાં હો પણ આત્મા તો સુખના સ્વભાવથી ભરેલો છે. એ શ્રદ્ધાનો વિષય છે. અનુભવપૂર્વક આવા આત્માનું શ્રદ્ધાન થઈ શકે છે. માટે તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે અંગીકાર કરવાનો સુખને માટે ઉપદેશ દીધો છે.

હે જીવ, તારું કલ્યાણ ચાહતો હો તો.. ઉપદેશને સ્થિર મનથી સાંભળ. આત્મા આવો છે ને આત્મા તેવો છે (એ) તારી બધી માન્યતાઓ અને કલ્પનાઓ છે. ધર્મ આમ થાય અને ધર્મ તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય એ બધી તારી કલ્પનાને એક બાજુ રાખી દે. ડિપોઝીટ રાખ. હમણા તું ફેંકીશ નહિ. હમણા તું ડિપોઝીટ રાખ. તને જો આ અમારી વાત કહીએ છીએ એ માલ તને જાંગડ આપીએ છીએ. જો આ માલ તને પસંદ પડે તો તું રાખી લેજે અને બીજો ખોટો માલ હોય તો તું ફેંકી દેજે. એ તુલના કર. ધર્મની બાબત છે. આમાં 'હા એ હા' પાડવા જેવી વાત ન હોય.

સંસારમાં પણ ખરીદ કરવા જાય ત્યાં ઘણી ચકાસણી કરે છે. ગુરુદેવ ફરમાવતા હતા કે બહેનો માટીના તાવડીને ગોળા લેવા જાય તો પણ ટકોરો મારીને લે. કે બોદો તો નથી ને? તડવાળો તો નથી ને? નકોર છે કે નહિ? બરાબર શેકેલો એટલે કે બળેલો છે કે નહિ? એમ અનેક પ્રકારે પડખેથી વિચાર કરીને તાવડી જેની કાંઈ કિંમત નથી, પાણી ભરવાના ગોળા જેની કાંઈ કિંમત નથી એને પણ તું ટકોરા મારીને લે છે તો આ ધર્મની બાબતમાં તું જ્યાં ત્યાં માથું ઝૂકાવી રહ્યો છો. આ પણ સાચા અને આ પણ સાચા એ વિનયમિથ્યાત્વમાં જાય છે. આ પણ સાચું ને તે પણ સાચું બધું સાચું (તેમ માનવાવાળાને) સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા વિનયમિથ્યાત્વ કહે છે. મોટું અજ્ઞાન છે. એ હૃદયની વિશાળતા નથી પણ અજ્ઞાનતા છે. વાદ-વિવાદનો વિષય નથી પણ તું પરીક્ષા કર, શાંતિથી મનને સ્થિર કર.

તારી પાસે સામે હવે બે વાત આવી છે. અત્યાર સુધી એક જ વાત હતી કે પુણ્ય કરવાથી ધર્મ થાય. અત્યાર સુધી જગતમાં, હમણાં થોડા વખતથી મોક્ષમાર્ગ બહુ લોપ થઈ ગયો હતો. જગતના પ્રાણી એમ કહે છે કે પુણ્યથી ધર્મ થાય. અન્યમતિ કહે (છે કે) પુણ્યથી ધર્મ થાય. અને જૈનમત કહે કે પુણ્યથી ધર્મ થાય, તો જ્ઞાની ને અજ્ઞાની વચ્ચે કાંઈ આંતરો રહેતો નથી. માટે અહીંયા મન-સ્થિર શબ્દ આવ્યો છે. તારા મનને ઠેકાણે રાખી ને પરીક્ષા કર. ચોખા લેવા જાય ત્યાં બે, ત્રણ દુકાને તપાસ કરે. સોનું લેવા જાય તો કસોટીએ ચડાવે. હીરા લેવા જાય તો દસ ઠેકાણે પૂછે અને દીકરી-દીકરાનું સગપણ કરવું હોય તો પણ પાંચ-દસ જગ્યાએ તપાસ કરી અને પછી સગપણ કરે કે માલ ખરીદ કરે.

આ તો ભવોભવના અંતનું કારણ છે. એવો જે જૈનધર્મ એ તો કોઈ અપૂર્વ વસ્તુ છે. જૈનધર્મ કોઈ વાડાની ચીજ નથી, જૈનધર્મ વાણીયાનો નથી, જૈનધર્મ લોહાણાનો નથી, જૈનધર્મ બ્રાહ્મણનો નથી, જૈનધર્મ હરિજનનો નથી, જૈનધર્મ આત્માનો છે. જૈનધર્મ એટલે જે રાગ-દ્વેષ, મોહ અને ઈન્દ્રિયોને જીતે તેને પરમાત્મા જૈન કહે છે. એ આત્માના પરિણામ છે. આ પરિણામની પ્રગટતા કોઈપણ નાતનો જીવ પ્રાપ્ત કરી શકે છે. એમાં નાત ને જાત કોઈ બાધક તત્ત્વ નથી. નિર્ધન પણ પ્રાપ્ત કરી શકે છે અને ધનવાન પણ પ્રાપ્ત કરી શકે છે. નીરોગી પણ ધર્મ કરી શકે છે અને દેહનો સરોગ હોય તો પણ ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ એ આત્માનો સ્વભાવ છે અને સ્વભાવ(એ) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ છે. માટે તું આ ઉપદેશને સ્થિર મનથી સાંભળ. અરે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાંભળવા મળે નહિ, પુણ્ય ઘટી ગયા. આહાહા!

જ્ઞાનીની વાણી, આત્માના અનુભવી પુરુષની વાણી, એ તો ચક્રવર્તી કરતાં પુણ્ય વધી ગયા હોય ત્યારે તો હજી જ્ઞાનીની વાણી કાન ઉપર આવે, સાંભળવા મળે. પુણ્યના ઉદયથી આ વાણીનો સંયોગ મળે છે. પુણ્યના ઉદયથી ધર્મ થતો નથી. વાણી મળે તેથી ધર્મ થતો નથી, વાણી તો સંયોગ છે. પણ એ વાણીમાં વાચ્ય જે શુધ્ધાત્માનું તત્ત્વ કહેવા માગે છે એને અંદરમાં ગ્રાહ્ય કરીને, રાગ ઉપરથી દૃષ્ટિને છોડીને, જયારે આત્મા આત્માનો અનુભવ કરે છે ત્યારે તેને પ્રગટ મોક્ષમાર્ગ શરૂ થાય છે. એ ગૃહસ્થ અવસ્થામાં શરૂ થાય છે. સમ્યગ્દર્શનરૂપ આચરણ છે પછી ચારિત્રનું આચરણ કોઈને આ ભવમાં પણ આવે (અને) કોઈને બીજા ભવમાં પણ આવે છે. પણ સમ્યગ્દર્શનની સાથે માત્ર સ્વરૂપાચરણચારિત્ર આંશિક પ્રગટ થાય છે. વિશેષ ચારિત્ર ગૃહસ્થ અવસ્થામાં પ્રગટ થતું નથી. જુઓ તો ખરા સંતોની કરુણા! પ્રવચનસારમાં પણ કહે છે કે પરમઆનંદરૂપી સુધારસના પીપાસુ ભવિજીવોના હિતને માટે આ ટીકા કરવામાં આવે છે. આચાર્ય ભગવાન પણ કહે છે ભવ્ય જીવોના હિતને માટે ટીકા એટલે વિસ્તાર કરવામાં આવે છે.

ચારગતિમાં કુલ અનંતાજીવો છે. મનુષ્યમાં અસંખ્યાતા છે, નરકમાં અસંખ્યાતા જીવો છે, દેવલોકમાં અસંખ્યાતા (જીવો) છે અને તિર્યંચમાં અનંતાજીવો છે. આ જીવોની સંખ્યાનું વર્ણન કર્યું. તિર્યંચમાં એટલે બે ઈન્દ્રિય(થી), પંચેન્દ્રિયજીવો તો અસંખ્યાત છે. પણ એકેન્દ્રિયજીવો અનંત છે. એ બધી જીવોની સંખ્યાના સ્વરૂપનું વર્ણન કરે છે. તેથી તે જીવો ઉપર કરુણા કરીને દુઃખથી છૂટવાનો ઉપાય સંતોએ બતાવ્યો છે. હે જીવ! તારો મિથ્યાત્વભાવ તને દુઃખનું કારણ છે. આ કુટુંબ પરિવાર ધન-ધાન્ય કોઈ તને દુઃખનું કારણ નથી. માત્ર એ પર પદાર્થ મારા છે એવી મિથ્યા શ્રદ્ધા, મિથ્યાભાવ, વિપરીતદૃષ્ટિ અજ્ઞાન એવા આત્માના વિકારી પરિણામને પરમાત્મા દુઃખ કહે છે.

મિથ્યાત્વ ભાવ જ તને દુઃખનું કારણ છે એટલે તારી ભૂલથી જ તું દુઃખી છો. સાચા ભેદજ્ઞાન વડે એ ભૂલને મટાડ અને સમ્યકત્વ આદિ પ્રગટ કર. એ જ સુખી થવાનો ઉપાય છે. હે જીવ ! તારા દોષે તને બંધન છે. એ સંતની પહેલી શિક્ષા છે. શું કહ્યું? કે આ દુઃખી થવાનું કારણ પોતાનો જ દોષ છે. પોતાનો જ અપરાધ છે. કોઈ જગતના જીવ બીજાને દુઃખી કરે છે એ વાતમાં એક ટકો પણ માલ નથી. કે કર્મના ઉદયથી કોઈ જીવ દુઃખી થાય છે એ વાતમાં પણ એક ટકો સાચો નથી. માત્ર પોતાના શુધ્ધાત્માના ભાનથી અજ્ઞાનથી આત્મા દુઃખી થાય છે. અને એ અજ્ઞાન હોય છે ત્યારે કર્મના ઉદયને નિમિત્ત માત્ર કહેવામાં આવે છે. તારા દોષે તને બંધન છે. એ સંતની પહેલી શિક્ષા, શીખામણ છે.

હવે દોષ બતાવે છે કે આ દોષ શું કરે છે? સમયે સમયે હો ! તારો દોષ, તારો ગુન્હો, તારી ભૂલ એટલી જ કે પરને પોતાનું માનવું. એક શુધ્ધાત્મા સિવાય પુણ્ય-પાપના પરિણામને, પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપના ફળને-સંયોગને, દેહને પોતાના માનવા એ તારી મોટામાં મોટી ભૂલ છે. અને પોતે પોતાને ભૂલી જવું. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવું. એમ શ્રીમદ્ રાજચંદ્રજીનું વાકય છે. હે જીવ! આવા મિથ્યાત્વને લીધે તે ચારગતિમાં અનંત દુઃખ ભોગવ્યા. હવે પરમસુખરૂપ એવા મોક્ષને પામવા માટે તું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને અંગીકાર કર.

જુઓને સુખને માટે જગતના જીવો કેવા વલખા મારે છે. જાણે રૂપિયામાંથી સુખ લઇ લઉં, જાણે રૂપાળા શરીરમાંથી કે બંગલામાંથી સુખ લઇ લઉં. એમ બહારમાં વલખા મારે છે. અરે! ઘરબાર છોડીને, શરીરને પણ છોડીને આપઘાત કરીને સુખી થવા ને દુઃખથી છૂટવા માંગે છે. ભલે એના એ ઉપાયો સાચા નથી પણ એટલું તો એ નક્કી થાય છે કે જીવો સુખને ચાહે છે અને દુઃખથી છૂટવા માંગે છે. તેથી કહ્યું છે કે 'જે ત્રિભૂવનમેં જીવ અનંત, સુખ ચાહૈં દુઃખતૈ ભયવંત' સુખને કોણ ન ઇચ્છે? સુખને ન ઇચ્છે તે કાં વીતરાગ પરમાત્મા હોય, કાં નાસ્તિક અને કાં જડ.

સુખને ન ઇચ્છે કોણ? કે સિદ્ધ પરમાત્મા સુખને ઇચ્છતા નથી, કેમ કે સુખ પ્રાપ્ત થઇ ગયું છે. બીજા નાસ્તિક સુખને ઇચ્છતા નથી અને બીજા જડને સુખની ઇચ્છા થતી નથી. એકેન્દ્રિય આદિ જીવોને ભલે મન કે વિચાર શકિત નથી, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પત્તિના જીવો કે બટેટામાં નિગોદના એકેન્દ્રિય જીવો, છતાં અવ્યકતપણે પણ તેઓ સુખને જ ઇચ્છે છે. પ્રાણી માત્ર સુખને જ ઇચ્છે છે અને દુઃખથી ડરે છે. એ પ્રમાણે જગતના અનંતા જીવોને સુખની જ ચાહના છે અને દુઃખનો ત્રાસ છે. સુખને ચાહતા હોવા છતાં સાચું સુખ કોને કહેવાય અને તે સુખ કેવા ઉપાયથી પ્રગટે તે જાણતા નથી. સુખનું સાચું સ્વરૂપ શું? અને એ કયાંથી પ્રાપ્ત થાય એ જગતના જીવો જાણતા નથી.

તેથી અહીં શ્રી ગુરુ તેનો ઉપદેશ આપે છે. અરે આવા ઉપદેશ દાતા ગુરુનો જોગ મળવા છતાં પણ જે જીવ તે ઉપદેશ ન સાંભળે તેને તો આત્માની દરકાર જ નથી. સંસારના દુઃખનો એને હજી થાક નથી લાગ્યો. અહીં તો સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતો હોય એવા જિજ્ઞાસુ જીવોને માટે વાત છે. દુઃખનો નાશ, સુખની પ્રાપ્તિ. બસ! આમાં મોક્ષમાર્ગ આવી ગયો. દુઃખનું કારણ મિથ્યાદર્શન એટલે ખોટી શ્રદ્ધા, વિપરીત માન્યતાઓ. મિથ્યાજ્ઞાન એટલે કે જે આત્માનું જ્ઞાન નથી અને પરને પોતાનું જ્ઞાન માને તે મિથ્યાજ્ઞાન. અને મિથ્યાચારિત્ર એટલે રાગમાં લીન થવું તેને મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. તેનો તો જિનવાણી નાશ કરાવે છે અને સુખનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે પ્રગટ કરાવે છે.

જે ભાવ વડે દુઃખનો નાશ ન થાય, ને સુખનો અનુભવ ન થાય તે ભાવને ભગવાન ધર્મ કહેતા નથી. તેને મોક્ષમાર્ગ કહેતા નથી. અને એવા ભાવનું સેવન કરવાનું જેમાં કહ્યું હોય તે ઉપદેશ સાચો નથી. શુભભાવને સેવો તો ધર્મ થાય એ જ્ઞાનીની વાણી નથી. અજ્ઞાનીની વાણી છે. તે ઉપદેશ સાચો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી, હિતકર નથી, ઈષ્ટ નથી. સંતોએ તો જેનાથી જીવનું ભલું થાય એવા વીતરાગ વિજ્ઞાનની જ શીખામણ આપી છે તેને જ ધર્મ કહ્યો છે. હવે છ ઢાળાની પહેલી ઢાળનો બીજો શ્લોક આવે છે. ઢાળ પહેલી ચાલે છે જેમાં પહેલાં માંગલીક કર્યું, પછી પહેલો શ્લોક કહ્યો, હવે બીજો શ્લોક કહે છે. તેનું મથાળું છે તારા કલ્યાણ માટે ભાવશ્રવણ કર ને તારી ભૂલ છોડ.

પહેલી ગાથામાં શ્રી ગુરુ ઉપદેશ આપે છે એ વાત બતાવી. હવે બીજી ગાથામાં શિષ્યને ભલામણ કરે છે કે, હે ભવ્ય! તારા આત્માના કલ્યાણ માટે, હિત માટે સાવધાન થઈને સ્થિર ચિત્તપૂર્વક, મનની સ્થિરતાપૂર્વક તું આ ઉપદેશને સાંભળ. તને એક સાચો ઉપદેશ મળે છે એમાં બેઘડી તારા મનની સ્થિરતા નથી. મન ગમે ત્યાં દોડયું જાય છે. ચોવીસે કલાકમાં તો મન છૂટું હતું પણ જયાં સ્વાધ્યાય ને શ્રવણનો કાળ આવે એવા એક કલાકમાં પણ જેના મનની સ્થિરતા રહેતી નથી અને મન ચંચળ થઈને ગમે ત્યાં ભમે છે. તો કહે છે કે અત્યારે તું એમ વિચાર કે હું તો અત્યારે મારા આત્માના સ્વરૂપને સમજવા માટે સાંભળવા માટે બેઠો છું. એટલી મનની એકાગ્રતા કરીને, ચિત્તને સ્થિર કરીને, મનને સ્થિર કરીને જે જ્ઞાનીઓ કેવળ હિતને માટે કહે છે એ વાત તો સાંભળ !

અહો! વીતરાગમાર્ગી દિગંબર સંત, મુનિ વગેરે ગુરુઓએ જીવના હિતને માટે, કલ્યાણને માટે વીતરાગ વિજ્ઞાનનો ઉપદેશ દીધો છે. આ વિજ્ઞાન છે. આત્માના આશ્રયે રાગ ટળે અને વીતરાગભાવ પ્રગટ થાય એને વિ...જ્ઞાન, વિશેષજ્ઞાન કહે છે અને ભેદજ્ઞાન કહે છે. રાગ અને આત્મા ભિન્ન છે એવું જ્ઞાનમાં લઈને આત્મા તરફ ઝૂકી જવું અને રાગ પ્રત્યેથી બુદ્ધિ હટાવી દેવી એનું નામ ભેદવિજ્ઞાન છે. અહો! વીતરાગમાર્ગી સંતોએ જીવના હિતને માટે વીતરાગ વિજ્ઞાનનો ઉપદેશ દીધો છે. તેને હે ભવી જીવો તમે સાંભળો. તમારા આત્માની વાત છે (તો) શાંતિથી બે ઘડી (સાંભળો.) આત્મકથા ચાલે છે. ધર્મકથા ચાલે છે. અહીંયા વિકથાની સખત મનાઈ છે. આ ધર્મકથા ચાલે છે, ધર્મકથા કહો કે આત્મકથા (કહો બન્ને એક જ છે.)

**ગાથા બીજી**

**તાહિ સુનો ભવિ મન થિર આન, જો ચાહો અપનો કલ્યાન;**
**મોહ મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ. ૨**

જો તમે પોતાનું હિત ચાહતા હો તો, જો તમારે તમારું કલ્યાણ કરવું હોય તો, જગતનું કલ્યાણ કરવા તમારે નીકળવું હોય તો અમારી વાણી લાગુ નહિ પડે. તમારે જગતનું કલ્યાણ કરવા નીકળવું છે તો અમારી વાણી તમને ફીટ નહિ થાય. જો તારે પોતાનું કલ્યાણ કરવું હોય તો તું વાત સાંભળ. જો તમે પોતાનું હિત ચાહતા હો તો, હે ભવીજીવો! શ્રી ગુરુના આ હિતોપદેશને તમે મન સ્થિર કરીને સાંભળો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હે ભવીજીવો! હે મોક્ષના લાયક પ્રાણીઓ! શું જ્ઞાનીની કરુણા કહે છે. હે મોક્ષના લાયક પ્રાણીઓ! તમે તો મોક્ષ થવાને લાયક છો. બંધાવાની લાયકાત એ તમારા આત્માના સ્વભાવની નથી. ચારગતિમાં રખડવું એ આત્માનો સ્વભાવ નથી. ચારગતિનો વ્યવચ્છેદ કરીને પંચમગતિ એવી મોક્ષગતિ પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય એ પ્રત્યેક આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવનો જે સ્વીકાર કરે છે એને અલ્પકાળમાં મોક્ષની પ્રાપ્તિ અનુભવપૂર્વક થાય છે. હે ભવીજીવો! હે મોક્ષના લાયક પ્રાણીઓ! કેવા કરુણાવાચક સંબોધન કરે છે! હે પોતાનું હિત ચાહનારા જીવો! આમ ઉત્તમ સંબોધન કરીને ભલામણ કરે છે કે, વીતરાગ વિજ્ઞાનનો આ ઉપદેશ તમે ધ્યાનપૂર્વક સાંભળો. તમારા માનસિક વિચારને એકદમ એકાગ્ર કરો. તમારા ઉપયોગને સાંભળવામાં લગાવો. તમારો ઉપયોગ, તમારું ચિત્ત જો બહાર જશે તો આ વાત તમારા લક્ષમાં આવશે નહિ. સાવધાન કરે છે.

ધ્યાનપૂર્વક સાંભળો! દુઃખથી છૂટવા અને મોક્ષ સુખ પામવા માટેનો આ ઉપદેશ ઉપયોગ લગાવીને તમે સાંભળો. અત્યારે આ જે જ્ઞાનીની વાણી ચાલે છે, જ્ઞાની શાસ્ત્ર દ્વારા બોધ આપે છે એને તમે બરાબર ધ્યાન રાખીને સાંભળો. તો તમારું એમાં હિત થશે. આહાહા! આમાં એક પૈસાનું ખર્ચ નહિં ને ધર્મ થઇ જાય. બોલો આ કેટલો સ્વાધીન માર્ગ છે! જેમાં એક પૈસાનું ખર્ચ નહિં અને જેમાં પરાધીનતા નહિ અને ભેદવિજ્ઞાન કરીને જયાં આત્મા તરફ ઉપયોગ વાળ્યો ત્યાં અનુભવ થતાં ધર્મ થાય. એક પૈસાનું પણ જેમાં ખર્ચ નહિં. જેમાં આ કાંઇ પ્રવચનોની ગોઠવણ કરી છે એમાં ફ્રી ઓફ ચાર્જ, એમાં કોઇ પાંચ પચીસ સીલીંગ કે પાઉન્ડનો ચાર્જ રાખવામાં આવ્યો નથી. આહાહા !

હે ભવ્ય પ્રાણીઓ! તમે સાંભળો. આમાં ચિત્ત કેમ ચોટતું નથી? કેમ આ બાજુ વળતો નથી? એવો પ્રશ્ન થાય ખરો! એને વિશ્વાસ નથી કે મારા આત્મામાં સુખ છે. સર્વજ્ઞ ભગવાન ઉપર વિશ્વાસ નથી, અનુભવી જ્ઞાનીઓ ઉપર વિશ્વાસ નથી, શાસ્ત્ર ઉપર વિશ્વાસ નથી કે મારા આત્મામાં સુખ છે. અણવિશ્વાસ છે એમાં શ્રધ્ધા નથી. અને સંયોગમાં સુખ છે એના વિશ્વાસમાં એ પડયો છે. એ વિશ્વાસ ખોટો છે એ તને દગો દેશે. કાં પુણ્ય પૂરા થશે તો સંયોગ ચાલ્યા જશે. અને કાં કદાચિત્ જીવનપર્યંત પુણ્ય હોય તો સંયોગ હશે અને તું ચાલ્યો જાઇશ. રામ બોલો ભાઇ રામ! આહાહા! વાર નહિ લાગે. કાળનો ઝપાટો માથે આવી રહ્યો છે ભાઇ!

'ચેત ચેત નર ચેત' નહિંતર પસ્તાવો થશે. પછી બાજી હાથમાં નહિ રહે. જો તમે પોતાનું હિત ચાહતા હો તો ધ્યાનપૂર્વક સાંભળો. દુઃખથી છૂટવા અને મોક્ષ સુખ પામવાનો ઉપદેશ તમે ઉપયોગ લગાવીને સાંભળો. તેનાથી જરૂર તમારું હિત થશે. જ્ઞાનીઓ અનુભવી આ દાંડી પીટીને, છાતી ઉપર હાથ મુકીને કહે છે. કે અમને આ માર્ગે સુખ પ્રાપ્ત થયું છે અને તમને પણ આ માર્ગે સાચા સુખની, સ્વાધીન સુખની, અવિનાશી સુખની પ્રાપ્તિ થશે. બીજેથી ઉપયોગ હટાવીને આ તમારા હિતની વાત પ્રેમથી ઉત્સાહથી તમે સાંભળો. ચિત્તની પ્રસન્નતાપૂર્વક વાત તો તમે સાંભળો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં પણ કહે છે કે તમારા હિતની વાત સાંભળો. 'સુનો ભવિમન થિર આન' હે ભાઈ! દુઃખથી છૂટવાની અને સુખને પામવાની એવી તમારા હિતની વાત તને કહીએ છીએ. તો તારા હિત માટે સાવધાન થઈને સાંભળ. જુઓ તો ખરા સાંભળનાર શ્રોતાને પણ કેવી ભલામણ કરી છે? અરે જીવો! તમે તમારું કલ્યાણ ચાહતા હો, હિત ચાહતા હો, સુખ અને મોક્ષ ચાહતા હો તો તેને માટે આ વીતરાગ વિજ્ઞાનનો ઉપદેશ અમારી પાસે છે તે તમે ધ્યાનપૂર્વક સાંભળો. હવે પહેલી ઢાળનો આ ત્રીજો શ્લોક કહે છે. આ બે શ્લોક થયા. એનું મથાળુ બાંધે છે. પાનું ઓગણત્રીસ છે.

ભવ ભ્રમણના મહાન દુઃખોની કથા. આ દુઃખની કથાનું વર્ણન હવે અમે શરૂ કરીએ છીએ. અનાદિકાળના અજ્ઞાનથી, જુઓ, અનાદિકાળના અજ્ઞાનથી દુઃખ છે. કર્મના ઉદયથી દુઃખ નથી. સંયોગની વિપરીતતા છે માટે દુઃખી છે એમ નથી. અનાદિકાળના અજ્ઞાનથી એટલે આત્માનો જેવો જ્ઞાતા-દષ્ટા સ્વભાવ છે એને ભૂલીને આ પુણ્ય-પાપના પરિણામનો હું કરનાર છું એવા અજ્ઞાનથી, દુઃખોની કથા તો બહુ મોટી છે. અજ્ઞાનથી સંસારમાં ભમી રહેલાં જીવના દુઃખોની કથા તો બહુ મોટી છે. હવે એ અનંત અપાર દુઃખોનું વર્ણન કેમ થાય? પણ પૂર્વઆચાર્યોએ તેનું જે સંક્ષેપમાં વર્ણન કર્યું છે તે અનુસાર થોડું અહીંયા કહીએ છીએ. નિરઅભિમાન થઈને શાસ્ત્ર લખે છે. પૂર્વઆચાર્ય ભગવંતો થઈ ગયા છે, ચારગતિના દુઃખના વર્ણન કર્યા છે એમાનું થોડું ટૂંકામાં હું વર્ણન કરું છું.

**તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;**
**કાલ અનન્ત નિગોદ મંઝાર, બીત્યો એકેન્દ્રી તન ધાર. ૩**

પ્રથમ તો પૂર્વઆચાર્યનો વિનય અને ગ્રંથની પ્રમાણિકતા દર્શાવતા કહે છે કે-હું કાંઈ નવું નથી કહેતો પણ પૂર્વે થઈ ગયેલા કુંદકુંદસ્વામી, કાર્તિકસ્વામી વગેરે મુનિવરોએ શાસ્ત્રમાં જે કહ્યું છે તેને જ અનુસરીને હું થોડુંક કહીશ. ભાઈ આત્માને ઓળખ્યા વગર તું બહુ ભટકયો ને ઘણા દુઃખ પામ્યો. એટલા દુઃખ પામ્યો કે વચનથી કહ્યું ન જાય. વાણીથી દુઃખનું વર્ણન ન થાય. નારકીના ભવનું દુઃખ, મનુષ્યભવનું દુઃખ, તિર્યંચના ભવોનું દુઃખ એ વાણીથી પાર પડે નહિ. અનંતકાળ તો નિગોદમાં એકેન્દ્રિયપણે વિતાવ્યો. નિગોદ એટલે કોને કહેવાય? કે જે કંદમૂળ આદિમાં બટેટા, લસણ, ડુંગળી આદિમાં એ જે ઊપજે છે એક કણીમાં અસંખ્ય ઔદારિક શરીર અને એક ઔદારિક શરીરમાં અનંતા જીવો એને નિગોદના જીવ કહેવામાં આવે છે.

તો નિગોદમાં એકેન્દ્રિયપણે વિતાવ્યો એ દુઃખની શી વાત! એક કોર સિધ્ધપરમાત્માનું સુખ અને એની સામે નિગોદનું દુઃખ. બેય વચનાતીત છે. સિધ્ધપરમાત્માનું સુખ પણ વચનાતીત છે અને નિગોદનું દુઃખ પણ વચનાતીત છે. એ દુઃખ ભોગવે એ જાણે અને બીજા કેવળી પરમાત્મા જાણે. આહાહા! જીવનો અનંતકાળ તો નિગોદમાં ગયો. આ માંડ મનુષ્યભવ મળ્યો છે. જો ધર્મ કરે તો અલ્પકાળમાં મોક્ષ છે અને ધર્મ ન કર્યો તો ફરી નિગોદની ભૂમિમાં ચાલ્યો જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અત્યારે આ ભવ મોટા નફા-નુકસાનનો વેપાર છે. અત્યારે જે આ જીવન મળ્યું છે કાં તો મોટો નફો અને કાં મોટુ નુકસાન. આ સાધારણ વેપાર નથી. માંડ બાજી હાથમાં આવી છે. જો તક ચૂકયો તો ગયો નીચે. ગોત્યો પણ ન મળે ખોવાઈ જાય. કહે છે એ દુઃખની શી વાત. એકકોર સિધ્ધનું સુખ અને એની સામે નિગોદનું દુઃખ. બેય વચનાતીત સાતમી નરક કરતાં પણ. સાતમી નરક તેત્રીસ સાગરોપમના આયુષ્યએ ઊપજે છે એ નારકીના દુઃખ કરતાં એ બટેટા ને લસણના, ડુંગળીના કણીમાં રહેલો આત્મા બહુ દુઃખી છે. સાતમી નરક કરતાં પણ નિગોદના દુઃખો અનંતગણા છે. ભાઈ આવું મોટું દુઃખ છે તો તારી ભૂલ પણ મોટી છે. માટે તેને ટાળવાનો મોટો પુરુષાર્થ કર. એ માટે આ ઉપદેશ છે. વખત થઈ ગયો.

## પ્રવચન નં :- ૮
## તા. ૧૫-૭-૧૯૮૨
## લંડન હોલમાં ''છ ઢાળા'' ઉપર પ્રવચન

આ એક છ ઢાળા નામનું પુસ્તક, આજથી દોઢસો વર્ષ પહેલાં, એકસો પચાસ(૧૫૦) વર્ષ પહેલાં એક ગૃહસ્થી જ્ઞાની થયા એમણે બનાવેલું છે જેમનું નામ દૌલતરામજી છે. છ ઢાળામાં, પ્રથમ ઢાળમાં એમ સમજાવે છે કે આત્મા ચારગતિમાં જન્મીને, મરીને અનંતકાળથી દુઃખી થઈ રહ્યો છે. એક સમયમાત્ર પણ એને ચારગતિમાં સુખની પ્રાપ્તિ થઈ નથી. એનું મૂળ કારણ હોય તો, એ દુઃખનું મૂળ કારણ અજ્ઞાન છે અથવા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રના જે પરિણામ થાય છે તે દુઃખનું કારણ છે.

હવે એ દુઃખથી છૂટવું હોય અને સુખની પ્રાપ્તિ કરવી હોય તો એ સુખનું કારણ શુધ્ધાત્માનું અવલંબન લઈને સમ્યગ્દર્શન એટલે આત્મા જેવો છે એવું શ્રધ્ધાન, જેવો આત્મા છે એવું જ્ઞાન અને જેવો આત્મા છે એની અંદર રમણતા, લીનતા એવી ચારિત્રની દશા એ ત્રણ પ્રકારના વીતરાગી પરિણામ પ્રગટ થતાં અનાદિકાળનું દુઃખ ચાલ્યું જાય છે અને આત્મિકસુખની શરૂઆત થાય છે તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. હવે ત્રીજી ઢાળ છે એનું ત્રીસમું પાનું છે. ઢાળ એટલે ગાથા.

**તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;**
**કાલ અનંત નિગોદ મંઝાર, બીત્યો એકેન્દ્રી તન ધાર.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંતકાળથી એ નિગોદ આદિ એકેન્દ્રિય દશામાં રખડતો હતો એને મુનિરાજ દુઃખીયા પ્રાણીને, દુઃખની નિવૃત્તિ અર્થે, સુખની પ્રાપ્તિ અર્થે જે કાંઈ કહ્યું છે તેના પ્રમાણમાં હું કહીશ. તો કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર તે જ દુઃખથી છૂટવાનો અને સુખી થવાનો ઉપાય છે.

સમ્યગ્દર્શન એટલે જેવો આત્માનો સ્વભાવ છે, વર્તમાન પરિણામમાં વિભાવ છે ખરા. રાગ-દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયાના પરિણામ (છે ખરા) પરિણામમાં વિભાવ છે. પણ એ વિભાવથી ભિન્ન એક આત્માનો સ્વભાવ અનાદિઅનંત એવો ને એવો રહી ગયો છે. એ સ્વભાવ છે, એ સ્વભાવનો ઘાત થઈ શકતો નથી. પરિણામમાં જ્ઞાનનો અભાવ થઈને અજ્ઞાન પ્રગટ થયું. સમ્યગ્દર્શન પ્રગટ ન થતાં મિથ્યાદર્શન પ્રગટ થયું અને વીતરાગભાવ પ્રગટ ન થતાં રાગભાવની પ્રગટતા છે. એવા ત્રણ પ્રકારના પરિણામમાં પરિણામ વિકાર હોવા છતાં પણ આત્માનો જે મૂળ સ્વભાવ છે એ એવો ને એવો શુધ્ધ ચિદાનંદ આત્મા અંતરમાં બિરાજમાન છે.

એ વર્તમાન પરિણામનો આશ્રય છોડીને, લક્ષ છોડીને, પુણ્ય ને પાપના પરિણામનું લક્ષ છોડીને, પરિણામને છોડીને નહિ, દેહને છોડીને નહિ પણ દેહનું લક્ષ છોડીને, આઠ કર્મને છોડીને નહિ પણ આઠ કર્મનું લક્ષ છોડીને, પુણ્ય-પાપના પરિણામ છોડીને નહિ પણ એનું લક્ષ છોડીને, એનું લક્ષ છોડીને એટલે શું? કે પહેલાં દેહને પોતાનો માનતા હતા એ દેહનું લક્ષ હતું, હવે (માને છે કે) દેહ મારો નથી. દેહ એ પુદ્ગલનો પિંડ અને અજીવતત્ત્વ છે. હું એક ચૈતન્યઆત્મા છું એમ એ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરીને દેહની દષ્ટિ છોડવી, દેહમાં આત્મબુધ્ધિ છોડવી તેને દેહનું લક્ષ છોડયું કહેવામાં આવે છે. દેહ છોડવાનો નથી, દેહ છોડી શકાતો નથી. દેહને છોડવો એ આત્માનો ધર્મ નથી. પણ દેહ મારો છે એવો જે મમત્વભાવ એ છૂટી શકે છે. એ આત્માનું લક્ષ કરતાં હું તો એક જાણનાર જ્ઞાન ને આનંદ સ્વભાવી આત્મા રહેલો છું, હું જીવતત્ત્વ છું અને આ દેહ છે તે અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વ હોવાથી દેહ મારો નથી. એનું નામ દેહનું લક્ષ છોડ્યું કહેવાય. દેહમાં આત્મબુધ્ધિ છોડવાનો ઉપદેશ છે. દેહ છોડી શકાતો નથી. કેમ કે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યને આત્મા ગ્રહણ કરી શકતો નથી તેથી આત્મા પરદ્રવ્યને છોડી પણ શકતો નથી. એનું લક્ષ છૂટી જાય છે. એટલે કે દેહમાં મમતા છૂટે છે. દેહ રહી જાય છે, દેહની મમતા છૂટે, મોહ છૂટી જાય.

એમ આઠ પ્રકારના કર્મનો સંયોગ સંબંધ, જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મ છે. એની એકસો અડતાલીસ પ્રકૃત્તિ છે. એના બે ભેદ-ઘાતિકર્મ અને અઘાતિકર્મ એ જડ છે. જેમ આ દેહ છે એ પુદ્ગલની રચના છે જડ છે એમ આઠ કર્મ અંદરમાં સૂક્ષ્મ છે. એ આઠ કર્મ છોડવા નથી પણ આઠ કર્મનું લક્ષ છૂટે છે. આઠ પ્રકારના કર્મ તો આગળ જતાં જયારે આત્મા આત્માના સ્વભાવમાં લીન થાય ત્યારે આઠ પ્રકારના કર્મ એનો કાળ પાકે ત્યારે એના કાળે અને એના કારણે છૂટી જાય છે. આઠ પ્રકારના કર્મનો સંયોગ સંબંધ થયો છે. અજ્ઞાનભાવનું નિમિત્ત પામીને કર્મનો સંયોગ સંબંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ખરો. પણ એ આઠ પ્રકારના કર્મ એને છોડાતા નથી. પણ એનું લક્ષ છોડવાનો ઉપદેશ છે.

પછી આઠ પ્રકારના કર્મ તો જયારે આત્મા હાયર સ્ટેજમાં ચારિત્ર અંગીકાર કરે ત્યારે સ્વરૂપમાં લીન થતાં એ આઠ પ્રકારના કર્મમાંથી ચાર ઘાતિકર્મ પહેલાં જાય અને ચાર અઘાતિકર્મનો અભાવ પછી થાય. પણ એ કર્મનો વિયોગ તો એના કારણે અને એના સ્વકાળે છૂટે છે.પણ એનું લક્ષ છૂટી જાય છે. લક્ષ છૂટી જાય છે એટલે એવી એક મિથ્યા માન્યતા થઇ છે કે કર્મના ઉદયથી હું સુખી-દુઃખી થાઉં છું. સાતાવેદનીયનો ઉદય હોય તો હું સુખી થાઉં અને અસાતાવેદનીયકર્મનો ઉદય હોય તો હું દુઃખી થાઉં. એ વાત સો ટકા ખોટી છે. સર્વજ્ઞ ભગવાનના શ્રી મુખમાંથી એ વાત આવી નથી. હા, સુખી-દુઃખી થાય છે ત્યારે કર્મને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. પણ જડકર્મ ચેતનને દુઃખ આપે કે જડકર્મ ચેતન આત્માને સુખ આપે એવી શકિત એનામાં નથી. પણ એમ માનવું કે કર્મના ઉદયથી હું દુઃખી થાઉં છું એ એનું અજ્ઞાન છૂપાવવા માટે કરે છે.

જીવ માયા-કપટ કરી રહ્યો છે કે હું શું કરું, હું દુઃખી થાઉં છું તે કર્મના ઉદયથી દુઃખી થઇ રહ્યો છું. પણ સર્વજ્ઞ ભગવાન એમ ફરમાવે છે કે તું તારા અજ્ઞાનથી દુઃખી થઇ રહ્યો છો, તારા દોષથી તું દુઃખી થઇ રહ્યો છો. દોષનો સ્વીકાર કર કે મારો દોષ એટલો કે મારા સ્વભાવને ભૂલી અને પરદ્રવ્ય ને પરભાવને મારા માનવા એ દોષ છે. જીવ એ અજ્ઞાનથી દુઃખી થાય છે. પણ કોઇ એને જડકર્મ કે નોકર્મ પરપદાર્થ એને સુખ-દુઃખ આપી શકતું નથી. એવી મિથ્યા માન્યતાને છોડી દેવી. કે કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઇ. એમ જાણીને કર્મ તો આત્માથી ભિન્ન એક જગતના પદાર્થો છે. એમ જાણીને કર્મનું લક્ષ છોડવું કે કર્મના ઉદયો મને દુઃખ આપતા નથી પણ કર્મના ઉદયથી હું દુઃખી થાઉં છું એવી જે ભ્રમણા એ છોડવા જેવી છે. વાત તદ્દન નવી લાગશે પણ ભઇ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે. અને થોડોક અભ્યાસ કરે તો એને ન્યાયથી ખ્યાલ આવી જાય.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને બિલકુલ કિંચિતમાત્ર કોઇ સુખ-દુઃખ આપી શકતું નથી. સુખ-દુઃખ જે થાય છે એ એના અજ્ઞાનભાવથી થાય છે. દુઃખી પણ અજ્ઞાનભાવથી અને સુખી પણ જ્ઞાનથી. આત્મિક સુખ જ્ઞાનથી પ્રગટ થાય. એમ જાણીને આઠ કર્મનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કરવું. બે વાત કરી. ત્રીજી વાત. પર્યાયમાં-દશામાં-હાલતમાં જે પુણ્ય-પાપના પરિણામ થાય છે. ક્ષણમાં પાપ અને ક્ષણમાં પુણ્ય. એ બેય પ્રકારના ભાવ વિભાવભાવ છે. એ મારો સ્વભાવભાવ નથી. મારો સ્વભાવભાવ તો જ્ઞાન, દર્શન ને ચારિત્રના વીતરાગી પરિણામ એ આત્માની જાતના, આત્માને આશ્રયે, આત્માને અવલંબે થતાં હોવાને કારણે એ મારો સ્વભાવ છે. પણ પુણ્ય-પાપના પરિણામ એ મારો સ્વભાવ નથી.

એમ એને વિભાવને સ્વભાવપણે માનવો એનું નામ પુણ્ય-પાપનું લક્ષ કર્યું કહેવાય. હવે પુણ્ય-પાપના પરિણામને વિભાવ જાણીને એનાથી જુદો સ્વભાવ છે એનું લક્ષ કરતાં પુણ્ય ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાપના પરિણામ ઉપરથી લક્ષ છૂટી જાય છે. પુણ્ય-પાપના પરિણામ રહી જાય છે. જયાં સુધી એ ગૃહસ્થ અવસ્થામાં છે, ચારિત્ર પ્રગટ નથી થતું ત્યાં સુધી પાપના પરિણામ અને પુણ્યના પરિણામ ગુણસ્થાનની પરિપાટી પ્રમાણે આવી જાય છે. ચતુર્થ ગુણસ્થાને એને યોગ્ય પાપના પરિણામ, પંચમ ગુણસ્થાને શ્રાવક થાય, પાપ ઘટવા માંડે અને પુણ્યના પરિણામ પણ આવે અને ધર્મના પરિણામ પણ હોય. છઠ્ઠા સાતમા ગુણસ્થાને પાપના પરિણામ સર્વથા છૂટી જાય, પુણ્યના પરિણામ હોય અને સાથે ધર્મના પરિણામ પણ હોય.

એમ પરિણામો થાય છે પણ પરિણામોનું લક્ષ છૂટી જાય. આ પુણ્યના પરિણામ મારા એમ પુણ્યના પરિણામ અને પુણ્યના ફળની જે રુચિ, પ્રીતિ એ છૂટી જાય છે. પુણ્યના પરિણામ છૂટતા નથી. આર્ય જીવને દયા, દાન, કરુણા કોમળતાના ભાવ એની ભૂમિકાને યોગ્ય, દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા, ભકિત, યાત્રા એવા શુભભાવ હોય છે. પણ શુભભાવનો પ્રેમ અને રુચિ છૂટે છે. જયારે આત્માનો મહિમા આત્માને આવે છે, આત્માની રુચિ થાય છે ત્યારે પુણ્ય અને પુણ્યના ફળની રુચિ છૂટી જાય છે. આત્માની રુચિ એટલા માટે કરવી કે અનંતકાળથી પુણ્યની રુચિમાં પડયો છે, પુણ્યનો પ્રેમી થયો છે, પુણ્યના ફળને પ્રેમ કરે છે એમાં ચારગતિનું દુઃખ મળ્યું. દેવગતિ પણ પુણ્યથી મળે પણ દુઃખરૂપ છે. એ હમણાં આવશે. ચારેગતિ દુઃખરૂપ છે. એક પંચમગતિ, સિદ્ધગતિ સુખરૂપ છે. એ કહેશે.

માટે દુઃખનું કારણ જાણીને એના પ્રત્યેની રુચિ છોડવી. પાપના પરિણામનું તો લક્ષ છોડવા જેવું છે પણ પુણ્યના પરિણામનું અવલંબન છોડવા જેવું છે. પુણ્યના પરિણામ રહી જાય પણ પુણ્યના પરિણામ મારા છે અને મારું કર્તવ્ય છે અને કરતાં કરતાં મારો મોક્ષ થાય એને ધર્મના પરિણામ માનવા એ અજ્ઞાન છે. માટે એની રુચિ છોડી અને એ આત્માની રુચિ કરવી. જો સુખી થવું હોય તો. ચાર ગતિમાં દુઃખ તો છે. દુઃખ તો કાંઈ તેડાવાની જરૂર નથી. એ તો આવી ને ઊભું જ છે.

હવે દુઃખથી છૂટકારો કેમ થાય? એનો ઉપાય સમજવા જેવો છે. દુઃખી તો બધા છે. એનો ઉપાય બતાવે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે જ દુઃખથી છૂટવાનો અને સુખી થવાનો ઉપાય છે. એક જ ઉપાય છે પણ તે મહા દુર્લભ છે, અતિ દુર્લભ છે. અનંતકાળે નિગોદમાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ. ત્રસ એટલે બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય એને ત્રસ કહેવાય. ત્રસમાં પણ પંચેન્દ્રિયપણું દુર્લભ. પાંચ ઈન્દ્રિયનો યોગ,ઊઘાડ થવો એ દુર્લભ. તેમાં સંજ્ઞીપણું એટલે મનવાળું પ્રાણી થવું એ દુર્લભ.

સંજ્ઞી થાય તો તેમાં ઘણા ક્રુર, તિર્યંચ ને નરકમાં જાય. તેમાં મનુષ્યપણું દુર્લભ. તેમાં આર્યક્ષેત્ર અને ઉત્તમ જૈનકુળ મળવું દુર્લભ. તેમાં દીર્ઘ આયુ, લાંબુ આયુ, ઈન્દ્રિયાદિની પૂર્ણતા અને સાચા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દેવ-ગુરુનો સંગ મળવો દુર્લભ. આટલું મળવા છતાં અંદરમાં આત્માની રુચિ, પ્રીતિ આત્માનો પ્રેમ અને સમ્યગ્દર્શન પ્રગટ કરવા એ દુર્લભ છે. અશક્ય નથી. દુર્લભ છે. પુરુષાર્થ માગે છે. અને તેમાં પણ રત્નત્રય તથા તેની અખંડ આરાધના એ તો સૌથી દુર્લભ છે. બધા દુર્લભમાં દુર્લભ એવા આ રત્નત્રયધર્મને જાણીને ઘણાં જ આદરપૂર્વક એની આરાધના કરો. આત્માની વિરાધના અનંતકાળથી કરી. આત્માની આરાધના એક સમય(માત્ર પણ) ન કરી. પુણ્યની આરાધના કરી, પુણ્યની સેવા કરી પણ ભગવાનઆત્મા અંદર બિરાજમાન છે એની આરાધના, ઉપાસના, સેવા એણે એક સમયમાત્ર પણ રુચિપૂર્વક કરી નથી. એટલે ચારગતિમાં, ચોર્યાસી લાખ યોનિમાં જીવ રખડે છે. ઘણા આદરપૂર્વક તેની આરાધના કરો. એમ બોધિદુર્લભ ભાવનામાં ઉપદેશ છે.

હવે ચોથી ઢાળ આવે છે. ત્રણ ઢાળ પૂરી થઈ, ત્રણ ગાથા. છ ઢાળાનું પુસ્તક છે, એટલે છ અધિકાર. એમાં પહેલી ઢાળ એટલે પહેલો અધિકાર એમાં ત્રણ ગાથા પૂરી થઈ આ ચોથી ગાથા. એનું મથાળું.

હે જીવ સાંભળ! આ તારા દુઃખની કથા. તું જે અનંતકાળથી દુઃખી થઈ રહ્યો છો એ તારા દુઃખની કથા તો સાંભળ! જો દુઃખની કથા સાંભળીશ તો કયા કારણે હું દુઃખી છું એનું કારણ તારા લક્ષમાં આવશે. અને પછી એ દુઃખનું કારણ છે એ છોડવાનો તું પ્રયત્ન કરીશ અને સુખના કારણને સેવીશ. હે જીવ સાંભળ! આ તારા દુઃખની કથા. તિર્યંચગતિના દુઃખોનું વર્ણન. તિર્યંચ એટલે ઢોર. કાગડા, કૂતરા એ બધાને તિર્યંચ કહેવાય. તિર્યંચ એટલે આડુ શરીર હોય. કીડી, મકોડા, માંકડ એ બધાના શરીર તીરછા હોય, તીરછાને તિર્યંચ કહેવાય. શાસ્ત્રીય ભાષામાં એને તિર્યંચ કહેવાય. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય એ બધાના શરીર આડા છે એને તિર્યંચ કહેવાય.

**એક શ્વાસમેં અઠદસ વાર, જન્મ્યો મર્યો ભર્યો દુઃખભાર;**
**નિકસી ભૂમિ જલ પાવક ભયો, પવન પ્રત્યેક વનસ્પતિ થયો. ૪**

આહાહા! જીવોના દુઃખની કથાનું વર્ણન કરુણા કરીને જ્ઞાનીઓ કહે છે કે, ભાઈ! તું રાચી રહ્યો છો કે મારા જેવો કોઈ સુખી નથી. ભગવાન તને દુઃખી કહે છે. તું દુઃખીયો છો તને આત્માના સુખનો સ્વાદ જ આવ્યો નથી. એટલે તને આ ઓછા દુઃખમાં સુખની ભ્રાંતિ થઈ ગઈ છે. તીવ્ર દુઃખ હોય ત્યારે તો જીવને દુઃખ લાગે. પણ કાંઈક બહારની અનુકૂળતા દેખાય એટલે (માની લે)કે મારા જેવો કોઈ સુખી નથી. અને જગતના અજ્ઞાની, ગાંડા પ્રાણી પણ એને કહે કે, આહાહા! મોટા શેઠીયા છે. બંગલા છે, મોટર છે, આટલી દુકાનો ચાલે છે. જ્ઞાનીઓ કહે છે કે કષાયની મંદતાનું દુઃખ એ ખરેખર સુખ નથી. તને સુખનો આભાસ થયો છે, સુખ નથી.

નિગોદ દશા વખતે નિગોદ એટલે બટેટા, લસણ, ડુંગળી, કંદમૂળની અંદર એક સોયની અણી ઉપર જેટલી નાનામાં નાની કણી રહે એમાં અસંખ્ય (તો) શરીર છે. અને એક શરીરની અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંતા જીવો છે. એ અનંતા જીવો કેટલા છે, કે અત્યાર સુધી જેટલા સિધ્ધ પરમાત્મા થયા એના કરતાં પણ અનંતગુણા જીવ એમાં છે. કેમ શ્રધ્ધામાં બેસે. આહાહા! કોઈ જાતનો અભ્યાસ નહીં, જૈન દર્શન ઉપર અનન્ય શ્રધ્ધા જોઈએ એ પણ નહીં. આ પણ સાચું ને આ પણ સાચું. આહાહા! અરે! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા જયાં એક સમયમાં કેવળજ્ઞાન થયું. ત્રણકાળ અને ત્રણલોક, જડ અને ચેતન અનંત પદાર્થનું એક સમયમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન જેને પ્રગટ, પ્રત્યક્ષ થયું તે પરમાત્માની વાણીમાં ચારગતિના દુઃખનું વર્ણન આવ્યું એમાં નિગોદના જીવનું વર્ણન કરે છે. કે નિગોદ દશા વખતે એક શ્વાસ જેટલા કાળમાં અઢાર વખત જન્મ ને મરણ કર્યા. જન્મ, જરા ને મૃત્યુ એનું દુઃખ અનંતુ છે. આ બધા જીવોએ નિગોદના ભવ કરી લીધા છે. આ તો ત્યાંથી બહાર નીકળીને આ અત્યારે મનુષ્યભવ મળ્યો છે. મારોને તમારો બધાનો આત્મા અનંતકાળ નિગોદમાં ગયો. જન્મ મરણને ધગધગતા(એકદમ ગરમ) તેલમાં તળાવું વગેરે ઘણા દુઃખોનો ભાર સહન કર્યો. સિધ્ધ દશા આત્માના આનંદથી ભરેલી છે. નિગોદ દશા દુઃખના ભારથી ભરેલી છે.

અહીં તો જરીક પ્રતિકુળતા આવે કે અપમાન આદિ થાય, કોઈ કોઈનું અપમાન કરે તો પિતો ફાટી જાય એવું દુઃખ થાય. અપમાન આદિ થાય ત્યાં રાડ નાખે છે પણ ભાઈ પૂર્વે અનંતકાળ તેં કેવા દુઃખમાં ગાળ્યો એ બધું તું ભૂલી ગયો. અરે! એ યાદ કરતાં પણ વૈરાગ્ય આવે એવું છે. પોતાના દુઃખનો જયાં પ્રકાર ખ્યાલ આવે, ત્યાં એને વૈરાગ્ય આવે એટલે એના દુઃખના કારણને છોડી અને એને આત્માનું શરણ લેવાનો ભાવ આવે. ભાઈ! અજ્ઞાનથી તેં નિજસ્વરૂપને ભૂલીને પોતાનો જે આત્મા શુધ્ધાત્મા જ્ઞાનાનંદ પરમાત્મા દેહથી ભિન્ન, આઠ કર્મથી જુદો અને પુણ્ય-પાપની લાગણીથી ભિન્ન અને જ્ઞાન-આનંદથી અભિન્ન બિરાજમાન છે. આત્મા જ્ઞાનાદિભાવથી અભિન્ન છે અને રાગાદિ અને દેહથી આત્મા જુદો છે. ભાઈ અજ્ઞાનથી તેં નિજસ્વરૂપને ભૂલીને ઘણા દુઃખ ભોગવ્યા અને ઘણા લાંબા કાળ સુધી ભોગવ્યા તેનું વર્ણન વાણીમાં પૂરું નથી આવતું.

અનંતગુણથી ભરેલા આખા આત્માને જયાં મિથ્યાત્વથી ઢાંકી દીધો અને જયાં જ્ઞાનાદિનો અનંતમાં ભાગનો જ ઊઘાડ રહ્યો એવી નિગોદ દશાના અનંત દુઃખમાં જીવે સંસારનો અનંતકાળ ગુમાવ્યો છે. સમુચ્ચયપણે એકેન્દ્રિયમાં ઉપરા ઉપરી જન્મ-મરણ કર્યા કરે તો તેમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય પુદ્ગલ પરાવર્તન એટલે અનંતકાળ છે. આહાહા! કહે છે, નિગોદના ભવમાં આત્મા એટલા કાળ સુધી જન્મ ને મરણ કરે તો એટલા કાળ સુધી રહે. કે જેમાં એની લાખો, કરોડો, અબજો વર્ષમાં ગણતરી ન થઈ શકે. એટલો કાળ સુધી જો ત્યાં રહે તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એટલો કાળ રહી શકે છે.

જીવોએ અજ્ઞાનથી રાગની ભાવના ભાવી છે પણ રત્નત્રયની ભાવના કદી ભાવી નથી. આચાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન નિયમસારમાં ફરમાવે છે કે 'મિથ્યાત્વઆદિકભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે, સમ્યક્ત્વઆદિક ભાવ રે, ભાવ્યા નથી પૂર્વે જીવે.' પૂર્વ કાળમાં એણે શુધ્ધાત્માની આરાધના કરી નથી, વિરાધના કરી છે અને રાગની આરાધના કરી છે. રાગની નિરંતર સેવા કરે છે. કોઈ પરની તો સેવા કરી શકતો નથી પણ પરની હું સેવા કરી શકું છું એવા અભિમાનને સેવે છે. રાગને સેવે છે. પણ આત્માની આરાધના એક સમયમાત્ર કરી નહિ, આત્માની ઉપાસના કરતો નથી.

જીવોએ અજ્ઞાનથી રાગની ભાવના ભાવી છે પણ રત્નત્રયની ભાવના કદી ભાવી નથી. ભાવના એટલે પરિણમન. પર્યાયે પલટવું. રાગમાં એકમેક થઈને પરિણમ્યો પણ સમ્યગ્દર્શનઆદિરૂપે પરિણમ્યો નહિ. તેથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ અને મિથ્યાત્વઆદિનોત્યાગ એવી દશા જીવને મહાદુર્લભ છે. સમ્યગ્દર્શનનું ગ્રહણ અને મિથ્યાત્વનો ત્યાગ ગ્રહણપૂર્વકત્યાગની વિધિ જિનાગમમાં રહેલી છે. કષાયને છોડો, ક્રોધને છોડો, માનને છોડો એ, એ રીતે છૂટી શકે નહિ. પણ જયારે આત્મા વીતરાગભાવનું ગ્રહણ કરે છે ત્યારે તેને મિથ્યાત્વઆદિભાવનો સહેજે ત્યાગ હોય છે.

ગ્રહણપૂર્વકત્યાગ એને સમીચિન સમ્યક્ પ્રકારે ત્યાગ કહેવામાં આવે છે. ગ્રહણ વિનાનો જે ત્યાગ એને ભગવાન ધર્મનો ત્યાગ કહે છે. ત્યાગના નામે જગતના જીવો ઠગાય છે. ભાઈ! ત્યાગની વાત ભગવાને કરી છે, વાત સાચી છે. પણ કોનું ગ્રહણ કરવું કે ગ્રહણપૂર્વકત્યાગ હોય. ગ્રહવાનું તો ભૂલી ગયા અને ત્યાગમાં રહી ગયા. એકાંતે ત્યાગ. કષાયની મંદતા થાય પણ એમાં કાંઈ ધર્મ ન થાય, એવી દશા જીવને મહાદુર્લભ છે. એના વગરના અનંતાજીવોના થોકે થોક નિગોદમાં દુઃખ સાગરમાં પડયા છે. અનંતમાં ભાગના જીવો જ નિગોદમાંથી બહાર આવે છે. એકબાજુ બાકીના બધા જીવો અને બીજી બાજુ નિગોદના જીવો. તેમાં જયારે જુઓ ત્યારે નિગોદના જીવો અનંતગુણા જ રહેશે. તે નિગોદમાંથી નીકળીને પૃથ્વીકાય વગેરેમાં આવવું પણ દુર્લભ છે. ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત?

(મુમુક્ષુ :-ગ્રહણપૂર્વકનાત્યાગ વિષે જરા ખુલાસો કરશો) જેવી રીતે આખા જગતના જીવો ગ્રહણપૂર્વક ત્યાગમાં પણ પુણ્યનું ગ્રહણ કરીને પાપનો ત્યાગ તો કરે છે. ઘણા જીવો એવા વૈરાગ્યવાન હોય છે કે પાપના પરિણામનો ત્યાગ કરે અને પુણ્યના પરિણામનું ગ્રહણ કરે. એ પણ ગ્રહણપૂર્વકનો ત્યાગ નથી. કેમ કે પુણ્યનું ગ્રહણ એ પણ કષાયનું જ ગ્રહણ છે. પાપનો ત્યાગ એ તીવ્ર કષાયનો ત્યાગ અને પુણ્યનું ગ્રહણ એ મંદ કષાયનું ગ્રહણ છે.

સર્વજ્ઞ ભગવાનના મતમાં તો કષાયમાત્રનો ત્યાગ અને અકષાય તે વીતરાગભાવનું ગ્રહણ એવો ગ્રહણપૂર્વકત્યાગનો અર્થ છે. હવે એ વીતરાગભાવનું ગ્રહણ કેમ થાય કે જેથી કરીને મિથ્યાત્વઆદિ ભાવોનો ત્યાગ થઈ જાય. તો પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન, ઈન્દ્રિયજ્ઞાનથી પણ ભિન્ન અંતર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અતીન્દ્રિય મહાપદાર્થ પ્રભુ બિરાજમાન છે. એનું લક્ષ કરી એની દ્રષ્ટિ કરી અને એનો અનુભવ કરવો એ અનુભવ કરતાં, જે સમ્યગ્દર્શન પ્રગટ થાય, તે સમ્યગ્દર્શન વીતરાગી પરિણામ છે. એનું ગ્રહણ થાય ત્યારે મિથ્યાત્વનો અભાવ થાય છે. તેથી તેને મિથ્યાત્વનો ત્યાગ કર્યો કહેવામાં આવે છે. આ ગૃહસ્થ અવસ્થામાં શરૂઆતમાં થઈ શકે છે.

પછી તે આત્મા સમ્યગ્દ્રષ્ટિ થયા પછી હવે ચારિત્ર અપેક્ષાએ ગ્રહણત્યાગની વિધિ અપનાવે છે. તો જેમ જેમ આત્મા સ્વભાવનું અવલંબન લેતો જાય છે તેમ તેમ તે આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. અને જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવ એટલે વીતરાગ દશા વધતી જાય છે તેમ તેમ રાગની માત્રા છૂટતી જાય છે. એને ગ્રહણપૂર્વકત્યાગ કહેવામાં આવે છે. આવું ગ્રહણપૂર્વક ત્યાગ થતાં થતાં થતાં એક કાળ એવો આવે છે, કે સર્વ અંશે સ્વભાવનું ગ્રહણ થઈ જાય છે. અને સર્વ અંશે વિભાવ, વિકૃતભાવનો અભાવ થઈ જાય છે. ત્યારે તેને પરમાત્મ દશા કહેવામાં આવે છે.

(મુમુક્ષુ :- હું શરીર નથી અને હું આત્મા છું એવી શ્રધ્ધા ન આવતી હોય તો શ્રધ્ધા કેવી રીતે કરવી?) શ્રધ્ધા તો જો પોતાને સુખી થાવું હોય તો સાચી શ્રધ્ધા કરવી અને ખોટી શ્રધ્ધા છોડવી. દેહને આત્મા માનવો એ તો ખોટી શ્રધ્ધા, વિપરીત શ્રધ્ધા છે. દેહને આત્મા માનવો તો આ દેહને તો બાળી નાખશે. દેહનો તો નાશ થઈ જશે તો પછી આત્માનો નાશ થાય છે? આત્માનો નાશ થતો નથી. આત્મા જુદો છે, દેહ જુદો છે. માટે દેહને આત્મા ન માનતા દેહને જે જાણનાર છે, જેમાં જાણકતત્ત્વ છે, ચેતનતત્ત્વ છે તે હું છું. અને આ દેહ જડ અને પર છે. દેહ અહીંયા રહી જાય છે, હું અહીંથી ચાલ્યો જાવ છું.

જો દેહ આત્માનો હોય તો જયાં જયાં આત્મા પરગતિમાં, પરલોકમાં જાય ત્યાં ત્યાં દેહ એની સાથે આવવો જોઈએ. પણ દેહ સાથે નથી આવતો દેહનો તો વિયોગ થાય છે. માટે દેહ તે આત્મા નથી, દેહથી જુદો જ્ઞાનમય આત્મા છે. કે જે આત્મા પરલોકમાં જાય તો એની સાથે સાથે એનું જ્ઞાન જાય છે. તો આત્મા જ્ઞાનમય છે, દેહમય નથી માટે દેહ આત્માનો નથી. દેહ અહીંયા રહી જાય છે. પૈસો ટકો પણ અહીંયા રહી જાય છે, કોઈ સાથે લઈ જાતું નથી. આહાહા!

એક ભાઈ મુંબઈમાં રાજકોટના ભાઈ છે, શ્રીમંત માણસ (છે) પણ એને આ ચારગતિનું દુઃખ ભાસ્યું. હવે આમાંથી કેમ છૂટકારો થાય એનો વિચાર એને આવ્યા કરે. પણ કાંઈ અંદરમાં પુરુષાર્થ ઉપડે નહિ. જેટલા પ્રમાણમાં ધાર્મિક પુરુષાર્થ જોઈએ એ ઉપડે નહિ એટલે કાંઈક પણ એમાં મારી ભૂલ રહી જાય છે એમ એને લાગતું હતું પણ ભૂલ એને મળતી નહોતી. ત્યારે મારી પાસે એકાંતમાં આવ્યા અને મને પૂછયું કે ભાઈ મને મારો પુરુષાર્થ અંદરમાં ગતિ કરતો નથી, વધતો નથી. તો એનું શું કારણ હશે? મહેનત તો કરું છું પણ કાંઈ આગળ વધાતું નથી. ત્યારે મેં કહ્યું કે ભાઈ તમને પૈસો કમાવાની તીવ્ર લાલસા, તીવ્ર અભિલાષા, તીવ્ર લોભ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શ્રીમદ્ રાજચંદ્રજીએ તો કહ્યું છે કે જો તને આજીવિકાનું સાધન હોય, ગૃહસ્થી જીવને હાથ લાંબો ન કરવો (પડે) એટલું ક્ષમ્ય છે. પણ પછી એથી કાંઈ વધારે મેળવવાની ભાવનાની પાછળ ભવ ગુમાવી દેવો એ તો નુકસાનનું કારણ છે. પણ તમને તો લોભનો તીવ્ર કષાય એવો છે, કોઈને ક્રોધની વિશેષતા, કોઈને માનની, કોઈને માયાની અને કોઈને લોભની ચારે પ્રકારના કષાયો તો અજ્ઞાની પાસે છે જ. પણ કોઈને કોઈ કષાયની અધિકતા હોય, કોઈને માનની અધિકતા બહુ હોય. જયાં માન આપે તો ખુશી, ખુશી થઈ જાય. અને કોઈને લોભની અધિકતા હોય. તો ભઈ, પૈસો કમાવાનો તમને બહુ લોભ છે એ તમને આગળ વધવામાં નડે છે. હવે તમારી પાસે પાંચ, પચીસ, પચાસ લાખ છે અને છતાં પણ તમને આટલો પૈસા કમાવાનો લોહવાટ છે એ તો તમને નડતરરૂપ થાય છે. ભાઈ! ત્યારે એણે કાન પકડયો કે ભાઈ તમારી વાત સાચી છે. લોહવાટ તો, પૈસાનો લોભ તો એવો છે કે શું કહું કહે. મેં કીધું કહો! તમારા મનમાં જે હોય તે કહી દયો. તો કહે લોભ કષાય એટલો છે કે અમે પૈસા જ સર્વસ્વ માનીએ. એવો લોભ ઉપડયો છે કે કદાચ અહીંથી પરલોકમાં જાવાનું થાય તો અમારો પૈસો તો લઈ જાવો, પણ કરજ કરીને, ડ્રાફટ કઢાવીને પરલોકમાં લઈ જાય. કેમ કે કરજ કરીએ એ ચૂકવશે છોકરાવ. અમારે પછી કયાં ચૂકવવા આવવાનું છે? એવો ડ્રાફટ કઢાવીને લઈ જાવાનો લોભ છે. પણ ડ્રાફટ કઢાવી શકાતો નથી નહિંતર આવું કર્તવ્ય પણ અમે કરીએ. એવો એણે એકરાર કર્યો. અને એને પશ્ચાતાપ થયો. પછી એ વાતનો એને ખ્યાલ આવ્યો કે આ વાત સાચી છે આમાં આગળ વધાતું નથી.

ગૃહસ્થીને પૈસા રળવાનો, કમાવાનો, ખાવા-પીવાનો લોભ હોય ખરો પણ એની કોઈ હદ તો જોઈએ ને ! આહાહા! એની મર્યાદા જોઈએ. આ તો મર્યાદા બહાર.

એમ આત્માને ગ્રહણપૂર્વકત્યાગની વિધિ શાસ્ત્રોમાં એવી સુંદર લખી છે. કે ચાર પ્રકારના ભગવાને આસ્રવો કહ્યા છે. આસ્રવો એટલે આત્માના દોષ. આત્માના દોષનું નામ આસ્રવ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. હવે એના ત્યાગની વિધિ પણ ક્રમસર થાય છે. સમ્યગ્દર્શન એટલે આત્માની શ્રદ્ધા અનુભવપૂર્વક થાય. તો સમ્યગ્દર્શનના ગ્રહણપૂર્વક મિથ્યાત્વનો ત્યાગ થાય. પછી જેમ આત્મા આત્મામાં લીન થાય, ચારિત્ર વધે તેમ તેમ અવ્રતનો એટલે પાપનાભાવનો ત્યાગ થઈ જાય પછી વિશેષ સ્થિરતા થાય, તો ચાર કષાયનો અભાવ થાય અને પછી વિશેષ સ્થિર થતાં યોગ નામનો જે આસ્રવ, કંપન જે છે કંપન. આત્માના પ્રદેશનું કંપન થાય છે. એને યોગ નામનો આસ્રવ કહે છે. તેનો અભાવ થઈ સિદ્ધ પરમાત્મા થાય છે. એમ જેમ જેમ વીતરાગભાવનું ગ્રહણ કરે, તેમ તેમ રાગનો ત્યાગ થાય. એમ અદ્ધરથી કોઈ રાગનો ત્યાગ થઈ શકતો નથી. એને વીતરાગભાવનું ગ્રહણ શુદ્ધઆત્માનો અનુભવ કરતાં થાય છે.

જગતને વાત લાગે લંડનમાં, કે આવી આત્માના અનુભવની વાત શું આ હશે, પણ ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માના અનુભવ વિના ધર્મ જ થતો નથી. આત્માને સમજવો પડશે, આત્માને જાણવો પડશે, આત્માનું લક્ષ કરવું પડશે. આત્મામાં આંશિક સ્થિરતા ધ્યાન દ્વારા કરવી પડશે. આત્માના ધ્યાન દ્વારા સ્થિરતા થાય છે પણ આત્માનું સ્વરૂપ શું? એ જ જ્યાં ખબર ન હોય તો કોનું ધ્યાન કરે? અને ધ્યાન કરતાં સ્થિરતા થાતી નથી. મન કયાંનું કયાં ચાલ્યું જાય. માટે પહેલાં જ્ઞાનીઓએ ફરમાવ્યું એવા આત્માના સ્વરુપને પહેલાં જાણવું જોઈએ.

(મુમુક્ષુ :- આત્માનું સ્વરૂપ કેવું છે?) આત્માનું સ્વરૂપ એવું છે કે પહેલાં આત્મા અમૂર્તિક છે, અરૂપી છે. આ જે રૂપી પદાર્થ દેખાય છે, એ બધા જડ, પુદ્‌ગલના ચિતરામણો છે. ઈન્દ્રિયજ્ઞાનથી જે જણાય છે, આંખથી, સ્પર્શઈન્દ્રિયથી જણાય, જીભથી જણાય, ઘ્રાણ એટલે નાકથી જણાય, આંખથી જણાય કે કાનથી જણાય. એ પાંચ ઈન્દ્રિયના વિષયોથી જેટલા જેટલા પદાર્થ, ટાઢા-ઊના પદાર્થ, ખાટા-મીઠા પદાર્થ, દુર્ગંધ-સુગંધ, કાળા-ધોળા પદાર્થ શબ્દની અવસ્થા એ બધા પાંચ ઈન્દ્રિયના જે વિષયો છે એ બધા પુદ્‌ગલનો ઠાઠ છે. એમાં કોઈ ચેતનનો અંશ નથી. એમ જાણીને એ પાંચ ઈન્દ્રિયના વિષયો પ્રત્યેની મમતા છોડવી જોઈએ અને એનાથી ભિન્ન, જુદો આત્મા જ્ઞાનમય છે, આનંદમય છે એમાં અનંત અનંતગુણો રહેલાં છે. એમાં મુખ્ય જ્ઞાન છે જેમાં જાણવું, જાણવું, જાણવું, જાણવું થયા કરે છે તે જાણનાર તે આત્મા છે. અને જે જણાય છે તે અનાત્મા છે. આ બધું જે જણાય છે એ આત્મા નથી પણ અનાત્મા છે. જડ અને પુદ્‌ગલનો ઠાઠ છે.

ઈન્દ્રિયજ્ઞાન દ્વારા રૂપી પદાર્થ જણાય, ઈન્દ્રિયજ્ઞાન દ્વારા અરૂપી આત્મા જાણી શકાતો નથી. માટે જેટલો ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે એટલો મારાથી પર અને ભિન્ન છે. તેમાં મારું કયાંય અસ્તિત્વ નથી એમ જાણીને એ પાંચ ઈન્દ્રિયના વિષયોને જાણવાની ઈચ્છા છોડવી જોઈએ. આત્મા અરૂપી છે, અમૂર્તિક છે, એમાં જ્ઞાનાદિ ગુણો છે એનું કાંઈ પ્રુફ ખરું? કે હા, જેમાંથી જાણવાની ક્રિયા શરૂ થાય, હોય એનું નામ આત્મા છે. અને જેમાં જાણવાની ક્રિયા ન હોય એ અનાત્મા છે. એ જડ છે. આ બધા પદાર્થો છે એ જડ છે. એમાં કાંઈ જાણવાની ક્રિયા નથી. આમાં સુખ-દુઃખની લાગણી થતી નથી માટે એ જડ છે. જડ અને ચેતન એ બેનો વિવેક એટલે ભેદજ્ઞાન પ્રથમમાં પ્રથમ કરવા જેવું છે.

આત્માનું સ્વરૂપ અમૂર્તિક, અરૂપી હોવા છતાં આત્મા જ્ઞાનમય છે, દર્શનમય છે, આનંદમય છે. હવે એ અરૂપી આત્મા દેખાતો નથી અને કેમ શ્રદ્ધા કરવી? ભાઈ! આ પદાર્થો છે એમ જણાય તો છે કે નહિ? તો એ જાણનાર છે તે કોણ છે? એ જાણનાર છે તે જ તું છો, તે જ આત્મા છે. અને જે જણાય છે તે પુદ્‌ગલ, દેહાદિ તારાથી ભિન્ન છે. એમ જાણીને આત્મા હોવાની શ્રદ્ધા ને જ્ઞાન વિચાર કરે તો થઈ શકે એવું છે. બિલકુલ આત્મા નથી એ તો નાસ્તિકનો મત છે. આહા !

અજ્ઞાનીઓ કહે છે કે અમને પ્રત્યક્ષ દેખાય તો જ માનીએ. એમ અજ્ઞાનીનો તર્ક છે કે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમને દેખાતો નથી તો અમે કેમ માનીએ? ત્યારે જ્ઞાનીઓ એને એમ કહે છે કે જેટલું તું પ્રત્યક્ષ જો એની જ તને શ્રધ્ધા આવે બાકીની તને શ્રધ્ધા ન આવે ને? તો કહે અમને શ્રધ્ધા ન આવે. અમે તો પ્રત્યક્ષ જોઈએ તો જ અમે સાચું માનીએ. ત્યારે જ્ઞાનીઓ એને એમ કહે કે, તારા પિતાશ્રીના પિતાશ્રી હતા કે નહોતા? ગુજરી ગયા હોય એની વાત છે. હયાત હોય એની વાત નથી. પણ તારા પિતાના પિતા અરે એના પિતા, અરે એના પિતા તે કહે એ તો હોય જ ને? પણ તે જોયા છે? તો કહે, ના જોયા નથી. તો એ છે એમ શ્રધ્ધા કેમ આવી? તને શ્રધ્ધા કેમ આવી?

એમ, આત્મા અનાદિઅનંત છે એમ તારા અનુભવથી સિધ્ધ થાય છે. કહે, કાલે તું હતો કે નહિ? કહે, કાલે તો હું હતો. આજે તું છો? આજે પણ હું છું. આવતીકાલે તું હોઈશ? આવતી કાલે (પણ હોઈશ.) તો ત્રણકાળનું તને જ્ઞાન થઈ ગયું. આત્મા અનાદિઅનંત છે એમ બરાબર શ્રધ્ધામાં આવી શકે છે અને જાણવાની ક્રિયા જેમાં થાય છે એ આત્મા છે. અને જેનામાં જાણવાની ક્રિયા ન હોય તેને જડ કહેવામાં આવે છે. 'જડભાવે જડ પરિણમે ચેતન ચેતનભાવ કોઈ કોઈ પલટે નહિ છોડી આપ સ્વભાવ' આત્મા જાણવાનો સ્વભાવ છોડે નહિ અને જડ અચેતન ન જાણવાનો સ્વભાવ છોડે નહિ. ન જાણવું, ન જાણવું, ન જાણવું, ન જાણવું એનો સ્વભાવ. જાણવું, જાણવું, જાણવું એ આત્માનો સ્વભાવ. બેયના સ્વભાવ ભિન્ન ભિન્ન છે. બેયના લક્ષણ ભિન્ન ભિન્ન છે. નવ ને પચીસ થઈ છે એટલે સાડા નવ સુધી ચાલુ રાખવું છે? નવ પાંત્રીસ, ઠીક.

જરાક આ ધર્મની બાબત એવી છે કે થોડોક ટાઈમ કાઢી ને એનું અધ્યયન, વિચાર, સત્તસમાગમ, અરે! અરે! આઠ આઠ દસ દસ કલાક પૈસા કમાવાની પાછળ ટાઈમ મળે, બરાબર ટાઈમ મળે. પણ આત્માના હિતને માટે એને કલાક, બે કલાક ટાઈમ ન મળે. જ્ઞાનીઓ કહે છે કે પહેલાં તમે સાઈડ બીઝનેસ તો શરૂ કરી દયો. મેઈન પછી. વેપાર રોજગાર ચાલુ રાખતા, રાખતા, અડધો કલાક, કલાક, બે કલાક ટાઈમ કાઢી ને કાંઈક થોડુંક ચિંતવન, મનન, સ્વાધ્યાય, કાંઈક સત્ત સમાગમ તો કાંઈક સત્તના સંસ્કાર આવશે. બાકી તો થાકયો, પાકયો પછી દુકાનેથી આવે કાંઈ સો(શકિત) ન રહે અને રવિવારે પીકચરમાં જાય. એટલે એમ ને એમ આખી જીંદગી એની પૂરી થઈ જાય. અને 'રામ બોલો ભાઈ રામ' ભઈ આ કોણ નીકળ્યું? કહે કાલે તો હતા, દુકાને તો બેઠા હતા ને આજ ચાલ્યા ગયા. આહાહા! કાલે આયુષ્ય પૂરું થઈ જશે. આ કાંઈ કાયમને માટે અહીં નથી. આ તો ભાડુતી ઘર છે. થોડું ટેમ્પરરી, આ શરીરનું આયુષ્ય જયાં સુધી છે ત્યાં સુધી રહેશે પછી ચાલ્યો જશે. જો આત્માની ઓળખાણ ન કરી તો આ આત્મા કયાં ખોવાઈ જશે એની જ્ઞાનીઓને કરુણા આવે છે.

ભાઈ! જેમાં એક પૈસાનું ખર્ચ નથી, પૈસા ખરચવાથી ધર્મ થતો નથી. જો પૈસા ખરચવાથી ધર્મ થાય તો તો ધનવાનને ધર્મ થાય અને નિર્ધન ધર્મ વગર રહી જાય. તો તો એવું થાયને? ઝવેરચંદભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ધન ખર્ચી શકે એને ધર્મ થાય. તો તો પૈસાવાળાને ધર્મ થાય અને નિર્ધન રહી જાય. માટે ધન ખરચવાથી ધર્મ થતો નથી. (મુમુક્ષુ :- ભાવલિંગીમુનિઓ કયાં ધન ખર્ચે છે?) એની પાસે કાંઈ ધન નથી. કાંઈ નથી. જંગલમાં ધ્યાનમાં મગ્ન છે અને ધર્મ કરે છે. આહાહા ! પણ એણે એટલો મોહરૂપી મદિરા પીધો છેને મદિરા, દારૂ પીએને? દારૂ પીએ છે પછી ભાન ન રહે,વિવેક ચૂકી જાય. વિવેક તો એટલો ચૂકે કે આ મારી બેન છે કે આ મારી પત્ની છે તેનો પણ વિવેક ચૂકી જાય. આ મારી મા છે કે આ મારી પત્ની (એવો) વિવેક ચૂકી જાય. સાવ ગાંડો, મેડ થઈ જાય.

એમ મોહરૂપી મદિરાનું પાન કરી આત્મા એટલો વિવેક ચૂકી ગયો છે કે પરને પોતાનું માને છે. અને પોતાના સ્વભાવને એકદમ ભૂલી ગયો છે. માટે જ્ઞાનીઓ નિષ્કારણ કરુણા કરીને, જ્ઞાનીઓને અજ્ઞાની પાસેથી કાંઈ પણ લેવું નથી. બિલકુલ જેને કોઈ અપેક્ષા નથી. જેને કપડા લેવાની પણ અપેક્ષા નથી. માત્ર એક દિવસે, બે દિવસે, ચાર દિવસે આહારની ઈચ્છા થાય તો જંગલમાંથી આવી ને ઊભા ઊભા આહાર લઈને ચાલ્યા જાય છે. બાકી અમને કોઈ પગે લાગે અને માનપત્ર આપે એવી કોઈ અપેક્ષા નથી. એવા જ્ઞાનીઓને જગતના જીવો દુઃખીયા દેખીને કરુણા આવે છે. એને ઉપદેશ દેવાનો કાં શાસ્ત્ર લખવાનો એને ભાવ આવે છે. કોઈ જીવ ભવિષ્યમાં વાંચી અને એના આત્માનું હિત કરશે એમ જાણી, શાસ્ત્ર લખી ને ચાલ્યા જાય છે.

એમ આ દોઢસો વર્ષ પહેલાં એક દૌલતરામજી થયા છે. એમણે છ ઢાળાની રચના કરી છે. એમાં પહેલી ઢાળમાં ચારગતિના દુઃખનું વર્ણન છે. કે ચારેયગતિ દુઃખરૂપ છે. દેવગતિમાં પણ દુઃખ છે. એમ બધું આવશે. એ વર્ણન બહુ સારું છે. અને દુઃખ તો છે પછી દુઃખના કારણો અને એ દુઃખથી છૂટવાનો ઉપાય એ બધી વાત આવરી લીધી છે.

હવે પાંચમી ગાથા. ત્રસ પર્યાયની દુર્લભતા. ત્રસ એટલે બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય એને ત્રસ કહેવાય. સ્થાવર અને ત્રસ. સ્થાવર-પૃથ્વીકાય, અપકાય(જલકાય), વાયુકાય, વનસ્પતિકાય અને તેજકાય એ પાંચ પ્રકારના સ્થાવર એકેન્દ્રિય જીવો છે. અને ત્રસ એટલે બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય એ ત્રસ પર્યાયની દુર્લભતા એમ કહે છે કે એકેન્દ્રિયમાંથી બે ઈન્દ્રિય થવું એ પણ દુર્લભ છે.એમ હમણાં કહેશે.

સંસારમાં ભમતાં જીવને પંચેન્દ્રિય થઈને સમ્યક્ત્વઆદિ પામવું એ તો કોઈ અપૂર્વ છે. પરંતુ એકેન્દ્રિયમાંથી બહાર નીકળીને બે ઈન્દ્રિયઆદિ ત્રસ પર્યાય પામવી તે પણ કેવું દુર્લભ છે એ વાત કહે છે.

**દુર્લભ લહિ જ્યોં ચિંતામણિ, ત્યોં પર્યાય લહી ત્રસતણી;**
**લટ પિપીલ અલિ આદિ શરીર, ધર ધર મર્યો સહી બહુ પીર. ૫**

જેમ ચોક વચ્ચે ચિંતામણિ પ્રાપ્ત થવો દુર્લભ છે. તેમ નિગોદ અને એકેન્દ્રિયમાંથી નીકળીને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઈયળ, કીડી, ભ્રમરો, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચતુરઈન્દ્રિય એવા વિકલત્રયરૂપ ત્રસ પર્યાય પણ ઘણી દુર્લભતાથી પ્રાપ્ત થાય છે. અને તેમાં શરીર ધારણ કરી કરી ને પણ જીવ ઘણી પીડા પામે છે. ઈયળ વગેરે જીવોને મહાદુઃખ છે. નરક કરતાં પણ તેને વધુ દુઃખ છે. જેમને પાંચ ઈન્દ્રિય પણ પૂરી નથી, વિચારશકિત પણ પૂરી નથી. તેથી તે જીવોને વિકલ કહેવાય છે.

એકેન્દ્રિયમાંથી નીકળીને માંડ કયારેક વિકલત્રયમાં આવે તેમાં હાથી વગેરેના પગ નીચે કચડાઈ ને મરે, પાણીમાં તણાઈ જાય, અગ્નિમાં ભસ્મ થઈ જાય. બીજા ચકલા વગેરે તેને ખાઈ જાય. એમ અનંત પીડા સહીત મરી ને પાછા એકેન્દ્રિયમાં ઊપજે. વિકલત્રયમાં રહેવાનો ત્રસકાળ કરોડપૂર્વ છે. વિકલત્રયમાંથી પંચેન્દ્રિયપણું પામવું તે ઘણું દુર્લભ છે એમ સંસારી જીવોને ચારગતિના દુઃખનું વર્ણન કરે છે, દુઃખનું વર્ણન એટલા માટે કરે છે કે એ દુઃખનું કારણ શું છે એને જાણે, તો એ કારણને છોડે અને સુખનું કારણ શું છે તો એને સેવે તો સુખની પ્રાપ્તિ થાય અને દુઃખથી જીવ મુકાઈ જાય. એ હેતુએ આ શાસ્ત્રની રચના કરવામાં આવી છે. ટાઈમ થઈ ગયો.

## પ્રવચન નં :- ૯
## તા. ૧૬-૭-૧૯૮૨
## લંડન હોલમાં ''છ ઢાળા'' ઉપર પ્રવચન

આ એક છ ઢાળા નામનું પુસ્તક છે. જે આજથી એકસો પચાસ(દોઢસો) વર્ષ પહેલાં પંડિતજી, જ્ઞાની ધર્માત્મા થયા છે. એ દૌલતરામજી એમનું બનાવેલું છે. એ છ ઢાળમાં પહેલી ઢાળમાં એકેન્દ્રિય આદિથી સંજ્ઞીપંચેન્દ્રિય સુધી ચારગતિના દુઃખોનું વર્ણન છે. એમાં આપણે પહેલી ઢાળની છઠ્ઠી ગાથા લેવાની છે. પહેલી ઢાળ છે એના ઉપરના પૂજય ગુરુદેવના વ્યાખ્યાનો છે. છઠ્ઠી ગાથાનું મથાળુ છે-અજ્ઞાનથી સંસારમાં ભમતાં તિર્યંચગતિમાં એકેન્દ્રિયથી ચર્તુન્દ્રિયપણામાં જીવે જે દુઃખ ભોગવ્યા તેની વાત કરી. હવે કોઈવાર પંચેન્દ્રિય તિર્યંચ થયો તો શું થયું તે કહે છે.

**કબહૂં પંચેન્દ્રિય પશુ ભયો, મન બિન નિપટ અજ્ઞાની થયો;**
**સિંહાદિક સૈની હયૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર. ૬**

કોઈકવાર જીવ પંચેન્દ્રિય થયો તો અસંજ્ઞી થયો એટલે મન વગરનું પ્રાણી થયો. પાંચ ઈન્દ્રિય ખરી પણ મન નહિ. એટલે પાંચ ઈન્દ્રિયો તો પૂરી મળી પણ મન વગરનો થયો. વિચારશકિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વગરનો મૂઢ રહ્યો. મનવાળું પ્રાણી છે. અહીંયા એક ભાવમન થાય છે એના દ્વારા હિતાહિતનો વિચાર કરવાની વિવેકશકિત જાગે છે તે મન દ્વારા થાય છે. મન દ્વારા આત્માનો નિર્ણય થાય છે. ભાવમન દ્વારા નિર્ણય થાય પણ ભાવમન દ્વારા આત્માનો અનુભવ થતો નથી. એ તો અતીન્દ્રિયજ્ઞાનથી આત્માનો અનુભવ થઈ શકે. પણ એની પહેલાં મન દ્વારા સાંભળીને નિર્ણય કરી શકાય.

તો કહે છે કે વિચારશકિત વગરનો મન વગર મૂઢ રહ્યો. અસંજ્ઞીપણામાં તીવ્ર અજ્ઞાન છે મૂઢતા છે. તેને હિત અહિતનો કાંઈ વિચાર જ નથી. ઉપદેશ ગ્રહણ કરવાની શકિત જ નથી. જો કે તેને કાન છે, તે સાંભળે છે. પણ સમજવાની બુધ્ધિ કે વિચારશકિત એનામાં નથી. તેને ભાષાજ્ઞાન નથી. તેની જ્ઞાન શકિત ખૂબ જ અવરાઈ ગઈ છે, બિડાઈ ગઈ છે. આવી દશામાં પંચેન્દ્રિય થઈને પણ તે જીવ ઘણું દુઃખ ભોગવે છે. નરકના જીવો તો સંજ્ઞી છે, પોતાના હિત-અહિતનો વિચાર કરી શકે એવા છે. તે નરકના જીવો કરતાં પણ આ અસંજ્ઞી એટલે કે મન વગરના જીવો વધારે દુઃખી છે. અસંજ્ઞી જીવો એટલે મન વગરના જીવો ધર્મ પામી શકતા નથી. વીતરાગ વિજ્ઞાનરૂપ ધર્મની પ્રાપ્તિનો અવસર સંજ્ઞીપણામાં એટલે મનવાળું પ્રાણી હોય એ જ વિચાર કરી ને નિર્ણય કરી શકે છે.

સર્પ, દેડકા, માછલાં વગેરે તિર્યંચો સંજ્ઞી મનવાળા પણ હોય છે ને અસંજ્ઞી પણ હોય છે. કોઈને શરીર મોટું હોય પણ હોય મન વગરના. તે દેખે, સાંભળે ખરા. પણ એનામાં વિચાર કરવા જેટલી બુધ્ધિ ન હોય. વિચાર વગરના પ્રાણીને મુર્ખ કહેવાય છે. તેમ તે અસંજ્ઞી જીવો તદ્દન મુર્ખ છે. તે કાંઈ શીખામણ ગ્રહણ કરી શકતા નથી. પંચેન્દ્રિય થઈને પણ જીવ આવી મૂઢતામાં રહ્યો અને ઘણા દુઃખ સહન કર્યા. અરે પ્રભુ! તું તો આવો મનવાળો મનુષ્ય થયો છો તો આ અવસર ચૂકીશ નહિ. મનવાળા પ્રાણીને જ્ઞાનીઓ સમજાવે છે કે તને મન મળ્યું છે તો હવે હિતરૂપ શું અને અહિત શું? હિતરૂપભાવને ગ્રહણ કરવા, અહિતરૂપભાવને છોડવા જોઈએ. એમ જાણીને તેને પોતાના આત્માના અનુભવ સુધી તેણે પહોંચી જવું જોઈએ. એ મનવાળું પ્રાણી પહોંચી શકે છે.

કોઈ જીવો એકેન્દ્રિયમાંથી નીકળી ને સીધા સંજ્ઞી પંચેન્દ્રિય એટલે કે મનવાળા થાય છે. વચ્ચે વિકેન્દ્રિયપણું કે અસંજ્ઞીપણું થાય જ એવો કાંઈ નિયમ નથી. એકેન્દ્રિયમાંથી કોઈ જીવ સીધો મોક્ષમાં, સ્વર્ગમાં કે નરકમાં ન જાય. પણ તિર્યંચમાં કે મનુષ્યમાં જ જાય. અહીં તો કહે છે કે, અરે! સંજ્ઞી પંચેન્દ્રિય થઈને પણ, મનવાળું પ્રાણી થઈને પણ અજ્ઞાનીપણે, જરાપણ દયા વગર, નિર્દયતાથી, ક્રુરપણે નિર્બળ પશુઓને કે મનુષ્યોને પણ ચીરી ને ફાડી ખાધા.

મહાવીરભગવાનનો આત્મા પણ પૂર્વે દસમાં ભવે સિંહ હતો, ત્યારે અજ્ઞાનદશામાં, ક્રુરપણે હરણને ફાડી ખાતો હતો. અને ત્યાં તો આકાશમાંથી બે મુનિઓ ઉતર્યા અને નિડરપણે તેની સામે આવીને ઊભા. એમના વીતરાગી દિદાર દેખીને સિંહ તો સ્તબ્ધ થઈ ગયો. મુનિઓએ તેને ઉપદેશ દીધો. અરે સિંહ! તું સિંહ નથી તું તો ચૈતન્યભગવાન છો. તું તો ત્રણલોકનો નાથ તીર્થંકર થવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છો. ભગવાનની વાણીમાં અમે સાંભળ્યું છે કે આ સિંહનો જીવ દસમાં ભવે ભરતક્ષેત્રમાં તીર્થંકર થશે. અરે! તું જગનો તારણહાર, શું તને આ ક્રુર પરિણામ શોભે છે? ના, ના. આ હિંસાના ક્રુર પરિણામને તું છોડ, છોડ અંદર શાંત પરિણામી આત્મા છે તેને લક્ષમાં લે. અરે! પંચેન્દ્રિય પંચેન્દ્રિયને મારે! આ શો ગજબ! ચેતનને આવી હિંસાના પરિણામ નથી શોભતા. મુનિનો ઉપદેશ સાંભળતા સિંહ થંભી જાય છે. તત્ક્ષણ તેના પરિણામ પલટી જાય છે. મુનિ સામે આશ્ચર્યથી જુએ છે. અરે આ તે કોણ! સામાન્ય પ્રાણીઓ તો મને દૂરથી જોતાં જ ભયભીત થઈને ભાગે. તેને બદલે આ તો ઉલટા મારી સામે આવીને નિર્ભયપણે ઊભા ને મને મારા હિતની વાત સંભળાવે છે. સિંહના ક્રુર પરિણામ તો છૂટી ગયા. અને અંતર્મુખ થઈને તે સમ્યગ્દર્શન પામ્યો. મહાવીરનો જીવ દસમા ભવે સિંહ હતો અને ત્યાં ઉપરમાં આકાશમાંથી બે મુનિઓ પધારેલા અને એમણે ઉપદેશ આપ્યો અને આપતાંવેંત જ એની પરિણતિ અંતર્મુખ થઈને આત્માના દર્શન થયા. સમ્યગ્દર્શન પામ્યા. અને પછી તો તેણે ઘણા જ ભાવથી મુનિવરોની ભકિત કરી, મુનિવરોને પ્રદક્ષિણા દીધી. પશ્ચાતાપથી આંખમાંથી આંસુની ધારા ચાલી. જુઓ, તિર્યંચગતિમાં ધર્મ પ્રાપ્તિ તો કોઈક્ને થાય છે.

ભગવાનની ધર્મ સભામાં પણ ઉપદેશ સાંભળીને કોઈ કોઈ તિર્યંચો ધર્મ પામે છે. પરંતુ સામાન્યપણે અજ્ઞાનદશામાં જીવ સિંહ વગેરે ક્રુર તિર્યંચ થઈને નિર્બળ પશુઓને હણે છે. દસમાં ભવે તો જેને જગત ઉધ્ધારક તીર્થંકર થવાનું છે, કે જેની સમીપમાં સિંહ વગેરે જીવોપણ પોતાનું હિંસકપણું છોડી દયે છે. એવો જીવપણ અજ્ઞાનદશામાં સિંહ થઈને હરણને મારતો હતો. એવા ક્રુર પાપ પરિણામોથી છૂટીને આત્માનું હિત કરવા માટેનો આ ઉપદેશ છે.

કેવા કેવા પરિણામથી તું સંસારમાં દુઃખી થયો અને શું કરવાથી તે દુઃખથી છૂટીને સુખ થાય તેનો ઉપાય શ્રી ગુરુ બતાવે છે. તે ઉપાય છે વીતરાગ વિજ્ઞાન.

**ગાથા સાતમી. મથાળુ :- તિર્યંચ ગતિના દુઃખોનું વિશેષ વર્ણન.**

મિથ્યાત્વઆદિના સેવનથી સંસારમાં ચારે ગતિમાં જીવ જે અનંત દુઃખ પામે છે તે બતાવીને તેનાથી એટલે દુઃખથી છૂટવાનો ઉપાય કરવા માટે સંતોએ વીતરાગ વિજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. તિર્યંચપણામાં જીવ કેવા દુઃખ પામ્યો તેનું કથન ચાલે છે. ગાથા સાતમી :-

**કબહૂ આપ ભયો બલહીન, સબલનિ કરી ખાયો અતિદીન;**
**છેદન ભેદન ભૂખ પિયાસ, ભાર-વહન હિમ આતપ ત્રાસ. ૭**

પોતે જયારે હિંસાદિ બળવાન પશુ થયો ત્યારે નિર્બળ પ્રાણીઓને ક્રુરપણે મારી ખાધા. અને જયારે પોતે નિર્બળ પશુ થયો ત્યારે બીજા બળવાન પશુઓ તેને ખાઈ ગયા. તેની પાસે જોર ચાલે નહિ એટલે અત્યંત દીનપણે ભક્ષ થઈ ગયો. બિચારું સસલું કે બકરાનું બચ્ચું મોટા સિંહના મોઢામાં પડયું હોય, તે કેવું દીન થઈને મરે. વળી કોઈ કષાઈ વગેરે એને છરાથી છેદી નાખે, ભેદીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કટકા કરી નાખે.

આ બધું એમ સમજાવે છે કે આવા ભવો જીવે પૂર્વે અનંતવાર કર્યા. હવે ફરીથી જો એ ભવમાં અવતાર ન લેવો હોય અને દુઃખી ન થવું હોય, તો તું આત્માનું શરણ લઈ અને ધર્મની પ્રાપ્તિ કર. તો દુઃખ ટળી જશે અને સુખની પ્રાપ્તિ થશે. દુઃખના વર્ણન કરવાનું કારણ એમ છે, કે જીવને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે અને પાપ કરવાથી પાછો ફરે અને જીવ ધર્મ તરફ વળે એટલા માટે આ વર્ણન કરવામાં આવે છે. આ ખરેખર તો પોતાનું જ વર્ણન છે. પોતે પૂર્વે અનંતભવ કર્યા. પોતાનું જ વર્ણન છે. માટે હવે એ એવા ભવો ન મળે અને દુઃખ ન મળે અને સુખની પ્રાપ્તિ થાય એવો એક આ મનુષ્યભવ મળ્યો છે. માટે તું આત્માને યાદ કર, ધર્મ-ધ્યાન તરફ વળ. આત્માનું ચિંતવન કર, આત્માની વાત સાંભળ, આત્માના શાસ્ત્રો વાંચ. એમ એને સંસારના પ્રેમમાંથી પાછો ફેરવે છે.

આ પહેલા અધ્યાયમાં મનુષ્ય, દેવ સહિત ચારે ગતિના દુઃખો બતાવીને પછી બીજા અધ્યાયમાં કહેશે કે-

**ઐસે મિથ્યા-દગ-જ્ઞાન-ચર્ણ,-વશ ભ્રમત ભરત દુઃખ જન્મ-મર્ણ;**
**તાતૈં ઈનકો તજિયેં સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧**

ચાર ગતિના આવા ઘોર દુઃખો જીવ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને લીધે ભોગવે છે. માટે યથાર્થ જ્ઞાન કરીને તે મિથ્યાત્વઆદિને છોડવા જોઈએ. મિથ્યાત્વ એટલે ખોટી શ્રદ્ધા, ઊંધી માન્યતા. પરપદાર્થને પોતાના માનવા અને પોતાના સ્વભાવને ભૂલી જવો એનું નામ મિથ્યાત્વ. મિથ્યાત્વ એટલે જૂઠી, વિપરીત શ્રદ્ધા. મિથ્યા એટલે ખોટી વિપરીત. મિથ્યાત્વ ખોટાપણું, વિપરીતપણું, વિપરીત શ્રદ્ધા અને વિપરીત જ્ઞાન એને મિથ્યાત્વ કહે છે.

ચાર ગતિના આવા ઘોર દુઃખો જીવ મિથ્યા દર્શન, જ્ઞાન,ચારિત્રને લીધે ભોગવે છે.માટે યથાર્થ જ્ઞાન કરીને તે મિથ્યાત્વઆદિને છોડવા જોઈએ. નિજસ્વરૂપને સમજયા વિના જીવ અનંત દુઃખ પામ્યો. એટલે નિજસ્વરૂપની સમજણ કરવી તે જ દુઃખથી છૂટવાનો ઉપાય છે.

આ ટૂંકુ ને ટચ છે. કે દુઃખના નાશનો ઉપાય સાચી સમજણ કરવી. અણસમજણથી દુઃખ અને સમજણથી સુખ. અજ્ઞાન તે દુઃખનું મૂળ છે અને આત્મજ્ઞાન તે સુખનું મૂળ છે. એટલે નિજસ્વરૂપની સમજણ કરવી તે જ દુઃખથી છૂટવાનો ઉપાય છે. નિજસ્વરૂપની સમજણ એટલે આત્માનો સ્વભાવ એ જ્ઞાતા ને દૃષ્ટા છે એને બદલે દેહને પોતાનો માનવો, કર્મને પોતાના માનવા, પુણ્યને પોતાના માનવા એ બધું વિપરીત શલ્ય, મિથ્યા માન્યતા છોડી અને આત્મા કેવળ જ્ઞાયક હોવાથી જ્ઞાતા-દૃષ્ટા છે, એવા જ્ઞાતા-દૃષ્ટાના પરિણમનમાં ધર્મની શરૂઆત થાય છે એવા પોતાના શુદ્ધાત્માનું નિરંતર ધ્યાન, લક્ષ કરી ને એમાં લીન થવાનો પ્રયત્ન કરતાં એને આત્મભાન થાય છે.

નિજસ્વરૂપની સમજણ કરવી તે જ દુઃખથી છૂટવાનો ઉપાય છે. નિજસ્વરૂપ પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુધ્ધાત્મા છે એ આ દેહથી ભિન્ન છે, આઠ કર્મથી ભિન્ન છે ને પુણ્ય-પાપના જે ભાવ શુભ અને અશુભની લાગણી થાય છે એનાથી પણ અંતરઆત્મા જ્ઞાન ને આનંદમય જુદો બિરાજમાન છે. એ પુણ્ય-પાપનું લક્ષ છોડી ને અંતર શુધ્ધાત્માનું લક્ષ કરતાં એ બહિરાત્મ દશા છૂટી જાય છે અને અંતરાત્મ દશા, સાધક દશા પ્રગટ થાય છે. એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે.

સ્વરૂપની અણસમજણથી અનંતદુઃખ અને સ્વરૂપની સાચી સમજણનું ફળ અનંતસુખ. ટૂંકુ છે. આત્માને ન જાણવો આત્માને ન ઓળખવો એ દુઃખનું મૂળ છે. અને આત્માને ઓળખીને જેવો શુધ્ધાત્મા છે એવો અનુભવ કરીને એનું શ્રદ્ધાન કરવું એ સુખનું મૂળીયું છે. સ્વરૂપને નહિ સમજનાર જીવ ચાર ગતિમાં દુઃખી જ છે. એને કયાંય સુખનો છાંટો પણ નથી. અજ્ઞાનમાં સુખ કયાંથી હોય? આ કાંઈ બિવડાવવા માટે દુઃખ નથી દેખાડતા. જ્ઞાનીઓ એમ કહે છે કે તને ભયભીત કરાવવા માટે, ભય પમાડવા માટે અમે આ દુઃખનું વર્ણન નથી કરતાં.

પણ જો તમે આ આત્માની સમજણ નહિ કરો, તો ફરી ફરીને પાછું દુઃખ તમને આવી પડશે માટે અત્યારે ચેતવાનો વખત છે. જો આજે ચેતી જાય તો ભવિષ્યમાં આવા દુઃખ એને ભોગવવાનો વારો ન આવે. અને એને અલ્પકાળમાં પૂર્ણ આનંદ એવી મોક્ષની દશા પ્રગટ થાય. જો આવા દુઃખોથી ખરેખર ભયભીત થાય તો તેના કારણરૂપ મિથ્યાભાવને છોડે ને સુખના ઉપાયરૂપ સમ્યક્ત્વઆદિનો ઉદ્યમ કરે. શરીર છેદાય ત્યાં ત્રાસ પામે છે કે, હાય! હું છેદાઈ ગયો. શરીરનું છેદાવું એ તો કાંઈ દુઃખ નથી પણ એની નજર તો દેહ ઉપર જ પડી છે. દેહથી જુદું પોતાનું અસ્તિત્વ છે. એ તો લક્ષમાં આવ્યું નથી. 'છેદાવ વા ભેદાવ કો લઈ જાવ નષ્ટ બનો ભલે, વા અન્ય કો રીત જાવ પણ પરિગ્રહ નથી મારો અરે' જ્ઞાનીઓની ભાવના છે કે શરીરના છેદન ભેદનથી હું તો છેદાતો, ભેદાતો નથી.

હું તો અખંડ જ્ઞાન છું. આવું ભાન તો કર્યું નથી ને દેહમાં જ આત્મબુદ્ધિ કરીને મૂર્છાઈ ગયો છે. તે જીવ છેદન-ભેદનના પ્રસંગમાં દુઃખી થાય છે. તે દુઃખ દેહનું નથી પણ મૂર્છાનું છે. શું સમજાવે છે, કે આ દેહના ટુકડા થાય છે એનું દુઃખ નથી પણ દેહ ઉપર જે મૂર્છા, મમતા, મોહ છે એ મોહના કારણે જીવ દુઃખી થાય છે. દેહ તો નિમિત્તમાત્ર છે. પણ દેહ મારો એ મારાપણું સ્થાપ્યું છે અને આ જતું દેખાય તો એ, આ મમતાના કારણે જીવ દુઃખી થાય છે.

**ગાથા આઠમી છે એનું મથાળું :- તિર્યંચના વિશેષ દુઃખ અને કુમરણ.**

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચોના દુઃખોનું થોડું-ઘણું વર્ણન કર્યું. બાકી કથનમાં તો કેટલુંક આવે? તેથી તેનો ઉપસંહાર કરતાં કહે છે.

**વધ બંધન આદિક દુઃખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને;**
**અતિ સંકલેશ ભાવતૈં મર્યો, ઘોર શ્વભ્રસાગરમેં પર્યો. ૮**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરે! અજ્ઞાનથી પશુપણામાં વધ, બંધન અને બીજા ઘણા પ્રકારના દુઃખો જે જીવે સહન કર્યા તેનું વર્ણન કેટલું કરવું? કરોડ જીભથી પણ એ દુઃખો કહી શકાય તેમ નથી. થોડાક શારીરિક સ્થૂળ દુઃખો અહીં બતાવ્યા. બીજા હજારો પ્રકારના માનસિક દુઃખોની જે તીવ્ર પીડા છે તે વચનથી કેમ કહી શકાય? આમ ઘણા દુઃખો ભોગવી ભોગવી ને અંતે અત્યંત સંકલેશ ભાવથી કુમરણે મર્યો અને નરકમાં ઘોર દુઃખના દરિયામાં જઈ ને પડયો. જો કે બધા પંચેન્દ્રિય તિર્યંચો કાંઇ નરકમાં જ જાય એવું નથી. તે તો ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં જાય છે પણ અહીં તીવ્ર પાપ પરિણામથી મરી ને નરકમાં ગયો તેની વાત છે. કેમ કે દુઃખ કેવા કેવા ભોગવ્યા તે બતાવવું છે. તેમાં તિર્યંચ પછી હવે નરકના દુઃખ બતાવવા છે. શાસ્ત્રો તો સુખનું ઉત્કૃષ્ટ સ્વરૂપ બતાવે તેમ દુઃખનું ઉત્કૃષ્ટ સ્વરૂપ બતાવે. જેથી તે દુઃખથી છૂટવાનો અને સુખની પ્રાપ્તિનો જીવ ઉપાય કરે.

દુઃખ એટલા માટે બતાવે છે કે દુઃખના કારણને સેવવાનું છોડી દે અને દુઃખના કારણ એ મિથ્યાઅભિપ્રાયનો નાશ થતાં આત્માનું તું લક્ષ કર અને સમ્યગ્દર્શનઆદિ ભાવને તું સેવ, તો અલ્પકાળમાં દુઃખથી મુકાય ને પૂર્ણ આનંદની પ્રાપ્તિ તને થશે. હવે તિર્યંચ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી બધાના દુઃખનું વર્ણન કરી ને પછી હવે નરક ગતિના દુઃખોનું વર્ણન કરે છે.

## ગાથા નવમી :- મથાળુ :

જગતમાં અનંત જીવો છે. તે જીવને દુઃખ છે, એમ બતાવીને તેના નાશનો ઉપાય બતાવવો છે. દુઃખ બતાવવાનું કારણ, દુઃખ બતાવીને એ દુઃખથી કેમ છૂટાય અને સાચા અવિનાશી શાશ્વત સુખની પ્રાપ્તિ કેમ થાય એ કહેવાનું પ્રયોજન છે. જગતમાં અનંતજીવ છે તે જીવને દુઃખ છે, એમ બતાવીને તેના નાશનો ઉપાય બતાવવો છે. પ્રથમ તે દુઃખ કેવું છે અને તે દુઃખનું કારણ શું છે તે બતાવે છે. તેમાં તિર્યંચગતિના દુઃખો બતાવ્યા. હવે ચાર ગાથા દ્વારા નરકગતિના દુઃખનું કથન કરે છે. ચારગતિ છે. એક તિર્યંચગતિ, એક નરકગતિ, એક મનુષ્યગતિ અને એક દેવગતિ. તેમાં એક ગતિના દુઃખનું વર્ણન વિસ્તારથી કર્યું.

હવે નરકગતિના જીવો પણ દુઃખી છે. નરકગતિ છે. કોઇ એમ કહે કે નરકગતિ નથી તો તે વાત ખોટી છે. જેમ કે કોઇ એક માણસનું ખૂન કરે તો એને ફાંસીની સજા મળે. પણ સો માણસનું ખૂન કરે તો એની સજા તો અહીં નથી. તો બહુ વધારે પાપ કરે છે તો એનું ફળ નરક એક યોનિ છે એમાં જીવ જાય છે. માંસાહાર, ઈંડા ખાવા, વ્યભિચાર એવા ઘણા ક્રુર પરિણામ શિકાર એવા ઘણા પ્રકારના જીવો પાપના પરિણામ કરે છે. એ નરકમાં જાય છે અને લાખો, કરોડો, અબજો વર્ષ સુધી એ દુઃખને ભોગવે છે. માત્ર ક્ષણિક કલ્પનાના સુખ માટે આવા હિંસાના પરિણામ જીવો કરે છે. એ નરકમાં ચાલ્યા જાય છે માટે હિંસાના પરિણામ છોડવા જેવા છે. એમ જાણીને હવે હિંસાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ છોડીને નરકમાં જાવાનું બંધ થાય તો હવે એને મોક્ષ કેમ થાય, સાચું સુખ કેમ પ્રાપ્ત થાય એ પણ સાથે બતાવે છે. પ્રથમ દુઃખ કેવું છે, તે દુઃખનું કારણ શું છે તે બતાવે છે. તેમાં તિર્યંચગતિના દુઃખો બતાવ્યા. હવે ચાર ગાથા દ્વારા નરકગતિના દુઃખનું કથન કરે છે.

**તહાં ભૂમિ પરસત દુઃખ ઈસો, બિચ્છૂ સહસ ડસે નહિં તિસો;**
**તહાં રાધ-શ્રોણિતવાહિની, કૃમિકુલકલિત દેહદાહિની. ૯**

પંચેન્દ્રિય થઈને પણ જે તિર્યંચો કે મનુષ્યો તીવ્ર પાપ કરે છે તે નરકમાં જઈને પડે છે. નરકમાં ઉત્પત્તિના સ્થાનરૂપ ઊંધા મુખવાળા બી છે. તેમાં ઊપજીને નારકી જીવ ઊંધામાથે નીચે પટકાય છે. પડતાંવેંત, છરા જેવી કર્કશ જમીનના આઘાતથી, મહાદુઃખ પામીને પાછો એકદમ ઉછળે છે ને ફરી પાછો જમીનમાં ભાલા અને છરી જેવા તીવ્ર શસ્ત્રો ઉપર પડે છે. આમ થવાથી તેનું આખું શરીર છિન્નભિન્ન થઈ જાય છે ને તે મહા દુઃખ પામે છે. ઊપજતાવેંત એવી અસહ્ય પીડા તે ભોગવે છે કે જાણે દુઃખના દરિયામાં પડયો. એ આકરા વેદનની શી વાત! ત્યાંની જમીન જ એવી છે કે જેનો સ્પર્શ થતાં પણ હજારો વીંછીના ડંખ જેવી પીડા થાય. કાળોતરો વીંછી કે જે કરડતાંવેંત જ અહીંના માણસો તો મરી જાય. એવા હજારો વીંછી એકી સાથે ડંખ મારે તે જે પીડા થાય તેનાથી વધુ આકરી પીડા નરકમાં જમીનના સ્પર્શ માત્રથી થાય છે. જમીનને અડે ત્યાં તો જાણે ઝેરી વીંછી કરડતાં હોય એવી પીડા દેહમાં થાય.

જ્યાં જમીન જ એવી કર્કશ (છે) ત્યાં છૂટીને બીજે કયાં જાય? નરકની ભૂમિ એવી દુર્ગંધમય છે કે તેનો એક કણિયો અહીં મૂકે તો તેની દુર્ગંધથી કેટલાય ગાવના માણસો અત્યારે અહીં મરી જાય. ત્યાં લોહી, પરૂ એવી દુર્ગંધથી વૈતરણી નદી દેખીને ભ્રમથી પાણીની આશાએ તેમાં પડે ત્યાં તો તેની પીડા ઉલટી વધી જાય છે. તે વૈતરણી નદી અત્યંત બળતરા ઉત્પન્ન કરનારી છે. જાણે ખદખદતા કીડા ભર્યા હોય એવી દુર્ગંધી તે નદી છે. ખરેખર તે નદી નથી પણ નારકી વગેરે તેવી વિક્રિયા કરે છે, બીજો નારકી પાણી સમજીને તેમાં પડે છે. તે મહાદુઃખ પામે છે. નરકભૂમિમાં કાંઈ કીડા, વીંછી વગેરે વિકલેન્દ્રિય જીવો હોતા નથી. સર્પ વગેરે નથી હોતા પરંતુ બીજા નારકી વગેરે વિક્રિયાથી તેવો દેખાવ કરે છે. બીજા નારકીઓ એવું રૂપ ધારણ કરે છે. તાંબાના લાલચોળ ધગધગતા રસમાં કોઈને ફેંકે ને તેને જે દુઃખ થાય તેનાથી વધુ પીડા વૈતરણીમાં પડીને નારકી જીવ પામે છે. લોકોમાં એમ બોલાય છે કે અહીં ગાયનું દાન દીધું હોય તો નરકમાં તે ગાયનું પૂંછડું ઝાલીને વૈતરણીને તરી જવાય. એ તો તદ્દન વિપરીત ભ્રમણા છે. અહીં ગાય આપી તે ગાય નરકમાં કયાંથી પહોંચી ગઈ? અને તેનું દાન આપનાર નરકમાં જાય અને ત્યાં ગાયનું પૂંછડું ઝાલીને વૈતરણી પાર કરે તો પછી એના કરતાં નરકમાં જવું જ ન પડે એવું કરને ભાઈ!

આત્માનું ભાન કરતાં નરકગતિના મૂળીયા છેદાય જાય છે. આવા અનેક પ્રકારના નારકીના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવોના દુઃખનું વર્ણન કરે છે અને એ દુઃખથી છૂટવાનો ઉપાય એક માત્ર આત્માનું શરણ છે. અથવા ધર્મનું શરણ છે. જગતમાં કોઈ શરણ નથી. જેવા જેવા પરિણામ કરશે તેવી તેવી ગતિમાં એ દુઃખ ભોગવવા ચાલ્યો જશે. પુણ્ય કરશે તો સ્વર્ગમાં જઈને દુઃખ ભોગવશે અને પાપ કરશે તો તિર્યંચમાં નરકમાં જઈને દુઃખ ભોગવશે. થોડી મિશ્ર કરુણાનો ભાવ આવશે તો મનુષ્ય થઈને દુઃખ ભોગવશે. પણ ચારે ગતિ દુઃખરૂપ છે ચારે ગતિમાં કયાંય આત્મિક સુખ નથી. માત્ર જો ભેદજ્ઞાન કરી અને આત્માનું શરણ લઈને ધર્મ પ્રગટ કરે, તો એને અહીંથી સુખની શરૂઆત થાય.

નારકીના દુઃખોનું વિશેષ વર્ણન.

**સેમર તરુ દલજુત અસિપત્ર, અસિ જયોં વિદારૈં તત્ર;**
**મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીત ઉષ્ણતા થાય. ૧૦**

નરકભૂમિમાં સેમરના ઝાડ એવા હોય છે કે જેના પાંદડા તલવારની તીખી ધાર જેવા હોય છે. તે ઝાડ નીચે જરાક વિસામો લેવાની આશાથી જાય ત્યાં તો ઉપરથી સેમર તરુના પાન પડીને તેના શરીરને વિંધિ નાખે છે. અને તેના ફુલ પણ પચીસ, પચાસ મણના તોતીંગ ગોળાની જેમ તેના ઉપર પડીને તેને છુંદી નાંખે છે. જયાં જયાં સુખની આશાથી જાય છે ત્યાં ત્યાં તે મહાદુઃખને પામે છે. 'ભોંમાંથી ભાલા ઉગ્યા' એમ કહેવાય છે. નારકીમાં ખરેખર તેવું જ છે. ત્યાંના પૃથ્વી અને ઝાડ પણ તે જીવને ભાલાની જેમ વિંધિ નાખે છે. વળી ત્યાં ઠંડી અને ગરમી એટલી કે લાખ જોજનના મેરુ પર્વત જેવડો લોખંડનો ગોળો પણ ઉપરથી નીચે નાંખતાં રસ્તામાં જ ઓગળી જાય. જેમ અગ્નિમાં ઘી ઓગળી જાય તેમ ત્યાંની ગરમીમાં લોખંડનો લાખો મણનો ગોળો ઓગળી જાય. આવી ત્યાં ઠંડી અને એવી ત્યાં ગરમી છે કે જીવો ત્યાં અનંતું દુઃખ ભોગવે છે. એવા દુઃખ ભોગવીને આ જીવ અહીંયા આવ્યો છે.

અનંતવાર નારકીમાં દુઃખ ભોગવ્યા. પણ એ વખતે એને એમ થયું કે આ પાપ ખોટા કર્યા. પણ જયાં એ મનુષ્યગતિમાં આવ્યો ત્યાં બધું દુઃખ ભૂલાઈ ગયું. પાછો પાપ કરવા મંડયો. આહાહા! અને જો પાપ કરશે, એવા તીવ્ર કષાયના હિંસાના પરિણામ, તો એ ફરીથી નરકમાં જશે. પુણ્ય કરશે તો દેવગતિમાં જશે. થોડું પુણ્ય ઓછું કરે એવા કરુણાના ભાવ, સરળતાના ભાવ હોય તો મનુષ્ય થાય. બહુ માયા કપટ કરે તો તિર્યંચ, ઢોર થાય. ઘણા માયા, કપટના પરિણામથી શરીર આડા મળે છે. પણ દુઃખથી છૂટવું હોય તો તેણે એ ધર્મ પ્રગટ કર્યા વગર છૂટકો નથી. ધર્મ વિના બીજું કોઈ દુઃખમાંથી ઉગારનાર નથી. માટે 'સર્વજ્ઞનો ધર્મ સુસર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સાંસે.'' સર્વજ્ઞે કહેલા ધર્મને જે સેવતો નથી અને કુધર્મના સેવનને જે છોડતો નથી તે જીવ ઘોર દુઃખના દરિયામાંથી કેમ બહાર નીકળશે?

જીવે દુનિયાના નિષ્પ્રયોજન પદાર્થોની પરીક્ષા કરી પણ પોતાના હિત-અહિતનો વિવેક ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યો. એમાં કાંઇ પ્રયોજન નહિ એવા પદાર્થોની પરીક્ષામાં પડી ગયો પણ ધર્મની પરીક્ષા ન કરી અને સાચો ધર્મ શું અને કેમ પ્રાપ્ત થાય? જો કુદેવ, કુગુરુ, કુધર્મ અને સુદેવ, સુગુરુ, સુધર્મની પરીક્ષા કરી ને ઓળખે તો સત્યની ઉપાસના વડે સમ્યગદર્શન થાય અને દુઃખ મટે. ભાઇ! આ તારા નરકાદિ દુઃખોની કથા તેનાથી છૂટવા માટે તમને સંભળાવાય છે. સ્વયંભૂરમણ દરિયાનું પાણી જે અસંખ્ય જોજનમાં વિસ્તરેલું છે અને સ્વાદમાં મધુર છે. તે બધું પાણી પી જાવ તો પણ જાણે કે મારી તૃષા નહિ મટે. એટલી તો ત્યાં તૃષા છે. પણ પીવા માટે પાણીનું ટીપું પણ ત્યાં મળતું નથી.

નારકીના જીવો મારામારી અને કાપાકાપી કરીને એક બીજાને બહુ દુઃખ આપે છે. અરે! અહીં મનુષ્યમાં પણ જુઓ ને? વેરબુદ્ધિથી એક બીજાને બંદુકે ઉડાડી દયે છે. કેટલી ક્રુરતા! એક માણસને જેની સાથે વેર હતું, તેને ન પહોંચી શકયો એટલે તેના મોટા મોટા ચાર બળદીયાના પગ કુહાડીથી કાપી નાંખ્યા. એમ અનેક પ્રકારની હિંસાના પરિણામ અહીંયા વેરઝેરથી જગતના જીવોમાં થાય છે. તો નારકીના ભવમાં તો એ પ્રકારે વેરભાવ ઉત્પન્ન થાય છે. નરકના દુઃખોનું વર્ણન વિશેષ ચાલુ.

**તીન લોક કો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય;**
**યે દુઃખ બહુ સાગર લૌ સહે, કરમ-જોગતૈં નરગતિ લહે. ૧૨**

જાણે કે ત્રણલોકનું અનાજ ખાઇ જવું તો પણ ભૂખ ન મટે એવી ઉગ્ર ભૂખ નારકીને લાગે છે. પણ ખાવા માટે એક કણ પણ મળતો નથી. મહા ક્ષુધાથી પિડાય છે. આ રીતે નરકમાં ભૂમિનું દુઃખ, વૈતરણી નદીનું દુઃખ, સેમર તરુના તલવાર જેવા પાનથી શરીર છેદાય જાય તેનું દુઃખ, અતિતીવ્ર શીત, ઉષ્ણતાનું દુઃખ, અસુરદેવો ત્રાસ આપે શરીરના ખંડ ખંડ કરી નાંખે. અસહ્ય ક્ષુધા-તૃષા લાગે અને એવા ઘણા પ્રકારના બીજા દુઃખો, ઘણા લાંબા કાળ સુધી જીવો સહન કરે છે.

ઓછામાં ઓછા દસ હજાર વર્ષથી માંડીને તેત્રીસ સાગરોપમ સુધીના અસંખ્ય વર્ષો સુધી એવા દુઃખો સહન કરે છે અને ત્યાંથી કોઇ શુભકર્મના યોગે મનુષ્યગતિ પામે છે. નરકમાંથી નીકળીને કોઇ તિર્યંચમાં જાય છે અને કોઇ મનુષ્ય થાય છે. મનુષ્ય થાય તો પણ કેવા દુઃખો સહન કરે છે તે હવેની ગાથાઓમાં કહેશે. તિર્યંચ અને નારકીનું બે ગતિનું વર્ણન કર્યું. હવે મનુષ્યગતિના દુઃખોનું વર્ણન. મનુષ્યગતિ મળે તો પણ જીવ એમાં દુઃખી છે. દેવગતિમાં પણ દુઃખ છે. ચારગતિના દુઃખનું વર્ણન છે. કયાંય કોઇ ગતિમાં સુખ નથી. સુખ આત્મામાં છે. આ ચાર ગતિ છે ને, એ વિભાવભાવ છે. એ જીવની યોગ્યતા છે. એમાં દુઃખ છે પણ સુખ એ ગતિથી પાર અંતરમાં જ્ઞાન ને આનંદમય આત્મા છે એનું જો શરણ લ્યે, એમાં એકાગ્ર થાય, એમાં ઉપયોગ લગાવે તો એને વર્તમાનમાં સુખની પ્રાપ્તિ થાય.

મનુષ્યગતિના દુઃખોનું વર્ણન. ગાથા તેરમી છે. એનું મથાળું :- ત્રણલોકમાં જીવને હિતરૂપ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સારરૂપ, મંગળરૂપ એવું વીતરાગ વિજ્ઞાન તે જ સુખનું કારણ છે. એના વગર મિથ્યાત્વને લીધે, જીવ સંસારની ચારે ગતિમાં કેવા દુઃખો ભોગવી રહ્યો છે તેનું આ વર્ણન ચાલે છે. જીવના પરિભ્રમણની કથા બતાવીને તેનાથી છૂટવાના માર્ગનો ઉપદેશ આપશે. તેમાં પ્રથમ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચોનું દુઃખ તથા નરકનું દુઃખ બતાવ્યું. હવે નરકમાંથી નીકળીને જીવ કાં તો તિર્યંચ થાય અથવા મનુષ્ય થાય. મનુષ્ય થાય તો મનુષ્યપણામાં પણ કેવા કેવા દુઃખ હોય છે તે હવે બતાવે છે.

**જનની-ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાયો ત્રાસ;**
**નિકસત જે દુઃખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩**

સંસારભ્રમણમાં જીવને મનુષ્યપણું ક્યારેક જ મળે છે. ચારગતિના ભવોમાં સૌથી ઓછા ભવ મનુષ્યના છે. શું કહ્યું? ચાર ગતિ છે. તિર્યંચ એકેન્દ્રિયથી માંડી ને પંચેન્દ્રિય, નરકગતિ, મનુષ્યગતિ અને દેવની સ્વર્ગની ગતિ. એ ચાર ગતિમાં ઓછામાં ઓછા ભવ એ મનુષ્યના મળે છે. સંસાર ભ્રમણમાં જીવને મનુષ્યપણું ક્યારેક જ મળે છે. કોઈ વખત જ મળે છે. આહાહા! અનંત અનંત ભવ થયા અનંતકાળ ગયો. કોઈ વખતે કાગનું બેસવું ને ડાળનું પડવું.

એ પ્રકારના પૂર્વે કોઈ એવા પરિણામ થઈ ગયા હોય તો એને મનુષ્યગતિ મળે છે. ક્યારેક મળે છે. ચાર ગતિના ભવોમાં સૌથી ઓછા ભવ મનુષ્યના કર્યા છે. અત્યાર સુધી ભૂતકાળ ગયો એમાં ચાર ગતિના ભવોમાં ઓછામાં ઓછા ભવો જીવને મનુષ્યના મળે છે. બાકી બધા ઘણા ભવો મળે છે. નરક અને તિર્યંચના દુઃખો ભોગવી ભોગવીને માંડ માંડ ક્યારેક મનુષ્ય થયો. તો સૌથી પહેલાં તો નવ માસ સુધી માતાના ઉદરમાં પૂરાઈને, અત્યંત સંકોચાઈને રહ્યો. છૂટથી હાલી-ચાલી શકે નહિ. એમ ચારે કોરથી ભિંસાઈને નવ માસ સુધી ગર્ભની જેલમાં પૂરાયો. અરે! કોઈક તો નવ માસથી વધુ ઘણો લાંબો કાળ ગર્ભમાં રહે છે અને માતા પુત્ર બન્ને મહા ત્રાસ પામે છે. કોઈ જીવ તો ગર્ભમાં ને ગર્ભમાં મરી જાય ને ફરી પાછો તેમાં જ ઉપજે.

ઘણા જીવો મનુષ્ય અવતાર પામ્યા છતાં માતાના પેટમાં મરી જઈને મનુષ્યભવ પૂરો કરી નાંખે છે. અરે! જેલની ઓરડીમાં મહિનો પૂરાવું પડે તો પણ તેવો ત્રાસ લાગે છે તો માતાના ગર્ભરૂપી અત્યંત સાંકડી જેલમાં પૂરાઈને નવ નવ માસ સુધી ઊંધે માથે જે ત્રાસ ભોગવ્યા તેની શી વાત! બે કલાક એક ને એક ઠેકાણે સંકોચાઈ ને બેસતાં પણ અકડાઈ જવાય છે. તો પેટની અંદર નવ મહિના રહીને કેટલી અકડામણ ભોગવી હશે? નવ માસ એટલો બધો સંકોચાઈને રહ્યો તે તો ભૂલી ગયો અને હવે બહાર આવીને મોટા બંગલા પણ એને ટૂંકા પડે છે. મોટા બંગલા હોય તો એને જગ્યા ટૂંકી પડે છે. તેમાં, બંગલામાં એને સંતોષ થતો નથી.

પોતાના સ્વભાવની જે અધિકતા છે તેને ન જાણી એટલે બહારથી બંગલા વગેરે વડે પોતાની મોટાઈ માને છે. બીજાના બંગલા મોટર વગેરે દેખીને, જાણે કે એ બધા વધી ગયા અને હું રહી ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરે ભાઈ! તારી સાચી અધિકતા તો જ્ઞાનથી છે. બહારના વૈભવ વડે તારી કાંઈ મોટાઈ નથી. 'જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને' આત્મા જ્ઞાનસ્વભાવી છે. એ જ એની સર્વેથી અધિકતા છે. એવા જ્ઞાનસ્વભાવને જે જાણે છે, તે જ આત્મા મોટો છે. કોને મોટો કહેવો, જ્ઞાનીઓ કહે છે કે ઈન્દ્રિયજ્ઞાનને જીતીને જે પોતાના જ્ઞાનસ્વભાવ વડે આત્માને અનુભવે છે. એવું જે જ્ઞાન એ ખરેખર મોટું છે. આ બહારના સંયોગથી કાંઈ મોટાઈ છે નહિ. બાકી તો બધા બહારની મોટાઈના ભ્રમમાં દુઃખી, દુઃખી થઈ રહ્યા છે.

જ્ઞાની કહે છે કે અરે! બધા મનુષ્યપ્રાણી અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યા છે. આત્મા અનંતગુણથી ભરેલ ગુણી છે. અનંતગુણ રત્નોની તે ખાણ છે. એની મોટાઈની શી વાત! ચક્રવર્તીપણું કે ઈન્દ્રપણું તો જેની પાસે કાંઈ હિસાબમાં નથી. એ તો જેના ગુણની રાખનું એટલે કે વિકારનું ફળ છે. આવા મહાન અનંતગુણ સંપન્ન આત્માને દુઃખના વેદન શોભતા નથી. અરે! ચૈતન્યના દુઃખની કથા કહેવી પડે તે શરમ છે. ગુરુદેવ ફરમાવે છે કે આત્મા પોતાના સ્વભાવને ભૂલીને અજ્ઞાનથી આટલો દુઃખી થાય છે. એ અમારે કથા કરવી પડે એ પણ શરમની વાત છે. આહાહા!

એ તો સુખનું ધામ છે. ભગવાનઆત્માના બે પડખાં છે. આ બે પડખાંવાળો એક આત્મા છે. દરેક પદાર્થ બે પડખાંવાળો છે. એક સામાન્ય અને એક વિશેષ, એક દ્રવ્ય ને એક પર્યાય. જેમ સોનું સામાન્ય દ્રવ્યરૂપ છે એમાં એના ગુણ છે અને એની અવસ્થા થાય છે તે તેના પરિણામ કહેવાય. એમ આત્મા પણ અનંતગુણની ખાણ દ્રવ્ય છે અને એના પરિણામ જે રાગ-દ્વેષ, મોહના થાય કે વીતરાગ પરિણામ થાય તે તેના પરિણામ કહેવાય.

એ તો સુખનું ધામ છે. વર્તમાન પરિણામમાં ભલે દુઃખ હો, પણ એ દુઃખની સામે ન જો. તો અંતરમાં તારો આત્મા સુખનું ધામ, સુખની ખાણ અંદરમાં ભરી છે. એનું શરણ લે તો પરિણામમાં સુખ પ્રગટ થશે. પોતાના ચૈતન્યસ્વરૂપની કિંમત તેણે ન જાણી, દેહથી ભિન્ન નિજસ્વરૂપને ન જાણ્યું ને દેહમાં મોહ્યો. તેથી ચાર ગતિમાં દેહ બદલી બદલી ને મોહથી દુઃખી થાય છે. દુઃખ તો રાગ દ્વેષ, મોહનું જ છે. આ સંયોગનું દુઃખ નથી, પણ એ દેહાદિ અને પરપદાર્થ મારા છે એમ એમાં મોહ કરવો, રાગ કરવો ને દ્વેષ કરવો એવા આત્માના વિકૃત, વિકારી જે કષાયરૂપ પરિણામ પ્રગટ થાય એ પરિણામથી આત્મા દુઃખી થાય છે. સંયોગ દુઃખનું કારણ નથી પણ સંયોગ મારા એવી મમતાથી જીવ દુઃખી થાય છે.

પણ નિમિત્તરૂપ સંયોગથી તેનું કથન કર્યું છે. કેમ કે લોકોને સંયોગ દેખાય છે. સંયોગથી સમજાવે છે. બાકી ખરેખર દુઃખનું કારણ તો પોતાનું અજ્ઞાન છે. અને અજ્ઞાનથી ઉત્પન્ન થતાં મોહ, રાગ, દ્વેષ એ દુઃખનું મૂળ કારણ છે. બાહ્યપદાર્થ તો નિમિત્તમાત્ર છે. અહીં ગર્ભ, જન્મ સંબંધી જે દુઃખો કહ્યા એવા દુઃખો તીર્થંકરને થતાં નથી. થોડો આંતરો પાડે છે કે તીર્થંકર ભગવાન એ માતાના ગર્ભમાં આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે તો એ જીવને દુઃખ હોતું નથી. માતાના ગર્ભમાં હોય તે વખતે પણ તેને કષ્ટ થતું નથી. તે તો આરાધક લોકોત્તર આત્મા છે. માતાના પેટમાં છે તે વખતે દેહથી ભિન્ન આત્માનું એને ભાન વર્તે છે. આહાહા !

જુઓ, સ્વર્ગમાંથી તીર્થંકરભગવાન માતાના ગર્ભમાં જયારે આવે છે ત્યારે પણ એને ભેદજ્ઞાન ચાલુ છે. હું આત્મા છું, રાગ હું નથી એવું જ્ઞાન ચાલુ છે. એને પાંચ ઇન્દ્રિયમાં મન પણ પ્રગટ થઈ ગયું છે. અંતર્મુહૂર્તમાં એ જીવ પર્યાપ્ત થઈ જાય છે. પર્યાપ્ત એટલે દેહની અંદર પૂર્ણતા. ભલે નાનો દેહ હોય. કહે છે એને ભિન્ન આત્માનું ભાન વર્તે છે. અંદરમાં માતાના ગર્ભમાં ત્રણજ્ઞાન લઈને આવ્યા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. ત્રણ પ્રકારના જ્ઞાન લઈને એ આવે છે. એના ગર્ભ કલ્યાણક એના જન્મ કલ્યાણક ઉજવાય છે. માતાના ગર્ભમાં આવવા પહેલાં છ મહિને તો એના આંગણે રતનની વૃષ્ટિ થાય છે. જે માતા-પિતાને ઘેર ઊંચા કુળમાં જન્મે ત્યાં છ મહિના પહેલાં તો કિંમતી રતનની વૃષ્ટિ થાય છે. દેહથી ભિન્ન આત્માનું એને ભાન વર્તે એવા પુણ્યશાળી ધર્માત્મા.

અહીં તો જેને દેહબુદ્ધિ છે, એટલે દેહ મારો. આ દેહ મારો છે એવી દેહમાં આત્મબુદ્ધિ છે એવા અજ્ઞાનીના દુઃખોની કથા ચાલે છે. જ્ઞાની થયો તે તો સુખના પંથે ચાલ્યો. એટલે તે તો આવા દુઃખોમાંથી બહાર નીકળી ગયો.

સંસારમાં પ્રથમ તો જાણે મનુષ્યપણું મળવું જ મુશ્કેલ છે. દુર્લભ મનુષ્યપણું પામ્યો તો તેમાં પણ સંસારમાં પ્રથમ તો જાણે મનુષ્યપણું મળવું જ મુશ્કેલ છે. દુર્લભ મનુષ્યપણું પામ્યો તો તેમાં પણ દેહદષ્ટિથી જીવ દુઃખી થયો. આત્માના ભાન વગર અનેક પ્રકારના ઘોર દુઃખો એણે ભોગવ્યા. નવ નવ માસ સુધી ગર્ભના અશુચિ સ્થાનમાં રહ્યા પછી જન્મ વખતે બહાર નીકળતાં પણ મહાન ત્રાસ પામ્યો. જન્મ વખતે અસહ્ય ભીંસમાં જ ઘણીવાર મૃત્યુ પામ્યો. માતાનું મોઢું પણ જોયું નહિ.

હજી તો જન્મીને માતાની ગોદમાં આવે ને માતાની નજર તેની ઉપર પડે તે પહેલાં તો તે અનિત્યતાની ગોદમાં આવ્યો છે. છોકરો છે કે છોકરી એ નક્કી કરે તે પહેલાં તો તેના આયુષ્યમાંથી અસંખ્યાત સમય ઓછા થઈ ગયા. અરે! ઘણા તો જન્મતાંવેંત જ મરી જાય છે. હજી તેની માતા તેને જુએ પણ નહીં તે પહેલાં તો મરણ પામી જાય. માતાના પેટમાં પણ ઘણા જીવો મરી જાય છે. કોઈવાર જન્મ વખતની ભીંસથી માતા ને પુત્ર બન્ને મરી જાય છે. આવા ગર્ભ, જન્મ ને મરણના મહાદુઃખોથી સંસાર ભરેલો છે. સંસારમાં આવા દુઃખો જીવ પોતે ભોગવી રહ્યો છે, છતાં તેનાથી છૂટવાની દરકાર નથી કરતો ને બીજા કરતાં પોતાની અધિકતા દેખાડવાના માનમાં અવતાર ગુમાવી દયે છે.

સંસારમાં માત્ર મનુષ્યપણું મળવાથી કાંઇ જીવના દુઃખ મટી જતાં નથી. મનુષ્યપણું પામીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ જેઓ ધર્મ પામવાની દરકાર નથી કરતાં તેઓ ચારગતિના ચક્રમાં દુઃખી જ થાય છે. તેથી કહે છે કે 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો' મનુષ્ય થઈને પણ જો આત્માની ઓળખાણ ન કરી તો ભાઈ, તારા ભવચક્રના આંટા નહિ ટળે. અરે! પુણ્ય ઘણા કરે પણ ભવચક્રમાં એક આંટો પણ ટળે નહિ. મનુષ્યમાંથી પાછો ઢોરમાં ને નરકમાં અજ્ઞાનીપણે ભટકે છે. આ મનુષ્યપણું કાંઈ કાયમ રહેવાનું નથી. માટે ઈન્દ્રિય સુખોની પાછળ એને ગુમાવીશ નહિ. 'કેમ કે સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો, ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો' શ્રીમદ્નું પદ છે.

બાહ્ય સુખોની પાછળ દોડતાં અંદરનું સાચું આત્મિક સુખ ભૂલાઈ જાય છે અને ભાવ મરણ થાય છે. એટલે કે જીવ દુઃખી થાય છે. જીવને દુઃખ ગમતું તો નથી પણ અજ્ઞાનને લીધે તે દુઃખને ભોગવી રહ્યો છે. અરે! એ દુઃખ વચનથી કેમ કહ્યા જાય? વચનમાં તો થોડુંક જ કથન આવે. બાકી તો વચન અગોચર જે દુઃખો જીવ ભોગવે છે તે કહેતાં પાર આવે એવું નથી. મનુષ્યમાં ગર્ભ અને જન્મના જે દુઃખો ભોગવ્યા તેની થોડીક વાત કરી. હવે ત્યાર પછી બીજા પણ કેવા દુઃખો તે ભોગવે છે તે કહે છે. મનુષ્યપણાના બીજા દુઃખોનું વર્ણન.

**ગાથા :-૧૪**

**બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણી-રત રહ્યો;**
**અર્ધમૃતકસમ બૂઢાપનોં, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪**

તીર્થંકર વગેરે જીવો તો બાળપણથી જ આત્મજ્ઞાન સહિત હોય છે. પૂર્વ ભવમાંથી જ આત્માનું જ્ઞાન સાથે લઈને અવતરે છે. ઉત્તમકાળમાં આત્મજ્ઞાન સહિત જીવો આ ભરતક્ષેત્રમાં પણ અવતરતાં હતાં. અને વિદેહક્ષેત્રમાં તો અત્યારે પણ એવા જીવો અવતરે છે. નવું આત્મજ્ઞાન આઠ વર્ષની વય પહેલાં ન પ્રગટે, પણ જે પૂર્વ ભવમાંથી આત્મજ્ઞાન સહિત અવતર્યા હોય તેને તો નાનપણથી જ આત્મજ્ઞાન વર્તતું હોય છે. હજી પા પા પગલી માંડીને ચાલતાં પણ ન આવડતું હોય પણ અંદર દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન વર્તતું હોય. આવા આરાધક જીવો તો બાળપણથી જ જ્ઞાની હોય છે. પરંતુ અહીં એવા જીવોની વાત નથી. કેમ કે તેઓ તો દુઃખથી છૂટી ને સુખના પંથમાં આવી ગયા છે. અને અત્યારે કોઈ આરાધક જીવો આ ભરતક્ષેત્રમાં અવતરતા નથી. અહીં અવતર્યા પછી પૂર્વ સંસ્કાર વગેરેથી કોઈ વિરલા જીવો જ્ઞાન પ્રગટ કરીને આરાધક થઈ શકે છે.

અહીં તો જે જીવો મિથ્યાત્વ આદિને સેવી રહ્યા છે. એવા જીવોના દુઃખની વાત છે. એવા જીવો માંડ માંડ મનુષ્યપણું પામ્યા પણ બાળકપણું તો જ્ઞાન વગર જ ગુમાવ્યું. એમ કહે છે કે મનુષ્યની પર્યાય તો પ્રાપ્ત થઈ પણ બાળક અવસ્થામાં મનુષ્યપણું પામ્યા પણ બાળકપણું તો જ્ઞાન વગર જ ગુમાવ્યું. બાળપણાના અનેકવર્ષો તો અણસમજણમાં રમત-ગમતમાં કે લૌકિક ભણતરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુમાવે છે. એમાં આત્માને જાણવાનું કયાંથી સુઝે. અત્યારે તો ઘણા છોકરાઓ પચીસ પચીસ વર્ષ સુધી લૌકિક ભણતર ભણે છે. કેટલા બધા થોથાં. એ નકામા થોથા ભણવામાં પચીસ વર્ષ ગાળે. પણ જો ધર્મનો અભ્યાસ કરવો હોય તો ભાઈ સાહેબને ફુરસદ ન મળે. આહાહા! ફુરસદ, ટાઈમ નથી. ફુરસદ હોય તો પણ ગંજીપત્તા (પ્લેઈંગ કાર્ડસ) રમવામાં, રમત-ગમતમાં, હરવા-ફરવામાં ને સીનેમા જોવામાં ગુમાવે અને મફતનો પાપ બાંધે. પણ ધર્મનો અભ્યાસ ન કરે. કેમ કે ધર્મનો એને પ્રેમ નથી. અરે! ધર્મના સંસ્કાર તો બાળપણથી જ પાડવા જેવા છે. પણ બાળપણ તો ધર્મના પ્રેમ વગર ખેલમાં ખોયું. રમત-ગમતમાં જ બાલ્યકાળ ગુમાવ્યો. જુવાન થયો ત્યારે સ્ત્રી વગેરેમાં મોહ્યો. અને ધન કમાવામાં હેરાન થઈને જીંદગીનો વખત ગુમાવ્યો. પછી જયાં વૃધ્ધાવસ્થા આવી ને શરીરની શકિતઓ ઘટવા માંડી ત્યાં અધમુઆ જેવી દશા દેખી ને રોયો. એ રીતે જીંદગી હારી ગયો પણ એમાં કયાંય આત્માનું સ્વરૂપ ઓળખવાનો અવસર લીધો નહીં.

અત્યારે કમાઈ લઈએ પછી વૃધ્ધાવસ્થામાં નિવૃત્તિ લઈને આત્માનું કાંઈક કરશું, એમ કહે છે પણ ભાઈ વૃધ્ધાવસ્થા આવશે જ એવું કયાં નક્કી છે. ઘણા જીવો યુવાન અવસ્થામાં જ આયુષ્ય પૂરું થતાં 'ફુ' થઈને ચાલ્યા જાય છે. એવા પ્રસંગો તો નજરે દેખાય છે. પછી વૃધ્ધાવસ્થાનો શો ભરોસો? અત્યારે યુવાન અવસ્થા વખતે તું એમ કહે છે કે વૃધાવસ્થામાં (ધર્મ) કરીશું. પણ વૃધ્ધાવસ્થામાં જયારે શકિત ઓછી ક્ષીણ થઈ જશે ત્યારે તને પસ્તાવો થશે કે, અરે! યુવાનીમાં વખત હતો ત્યારે આત્માની કાંઈ દરકાર ન કરી. માટે વાયદા કરવાનું મુકીને અત્યારથી જ આત્માનું હિત થાય એવો ઉદ્યમ (મહેનત) કરો.

મનુષ્ય થઈને ગર્ભાવસ્થાથી માંડીને ઠેઠ વૃધ્ધાવસ્થા ને મનુષ્ય સુધીના હજારો પ્રકારના દુઃખો જીવ સહન કરે છે. શારીરિક કરતાં પણ માનસિક દુઃખો એવા આકરા હોય છે કે સહન પણ ન થાય અને કોઈને કહેવાય પણ નહિ. અંદર સમસમી ને મુંઝાય ને ક્રોધ કરે. મનમાં મહાદુઃખી થાય. બાળકપણું નિર્દોષ લાગે પણ તેમાં પણ અજ્ઞાનપણે આકરા દુઃખો જીવ ભોગવે છે. આ બધા મિથ્યાત્વ ને અજ્ઞાનથી થતાં દુઃખોની વાત છે.

તીર્થંકર આદિ પણ બાળક તો હોય પણ એમની તો વાત જુદી છે. એને તો દેહથી ભિન્ન આત્માનું ભાન છે. તિર્યંચમાં ને નરકમાં અસંખ્યાત સમ્યગ્દષ્ટિ છે. તેઓ સમ્યગ્દર્શનના પ્રતાપે ચૈતન્યના સુખ રસની ગટાગટી કરી રહ્યા છે. જો કે તેમને અમુક દુઃખ, વેદના છે. પણ શુધ્ધચૈતન્યના અતીન્દ્રિયસુખના સ્વાદની મહત્તા પાસે દુઃખનું વેદન ગૌણ છે. અહીં તો ચૈતન્યસુખની જેને ખબર નથી તે મિથ્યાત્વથી એકલું દુઃખ વેદી રહ્યા છે, એવા મિથ્યાદષ્ટિ જીવોના દુઃખોની કથા છે. મિથ્યાત્વના ફળમાં જ હલ્કા અવતારો થાય છે. તેમાંથી તિર્યંચ, નરક અને મનુષ્ય એ ત્રણ ગતિના દુઃખોનું વર્ણન કર્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે અજ્ઞાનીપણે શુભભાવથી કાંઈક પુણ્ય બાંધી ને દેવગતિમાં જાય તો ત્યાં પણ જીવ દુઃખી જ છે. તેનું વર્ણન કરશે. ત્રણ ગતિના દુઃખનું વર્ણન કર્યું. હવે દેવગતિમાં પણ દુઃખ જ છે. કોઈને એમ થાય કે અહીંથી છૂટીને દેવગતિમાં જાઈએ તો આપણે સુખી થશું. અરે ભાઈ! ગતિની ભાવના ન હોય. ગતિ તો જનમ-મરણ કરવું હોય તો દુઃખ છે. ગતિ વગરનો ભગવાન ભવ વગરનો આત્મામાં એક ભાવ છે. એમાં ભવો નથી. એવો જે આત્મસ્વભાવ એનું શરણ લઈ, આત્માનો અનુભવ કરી અને બધા ભવોને છેદી નાખવા એનું નામ ધર્મની શરૂઆત છે. કરવા જેવું એ છે. પાંચ મિનિટ બાકી છે.

દેવગતિના દુઃખોનું વર્ણન. મથાળું જ એ છે. દેવગતિના દુઃખોનું વર્ણન. જગતને એમ લાગે છે કે દેવગતિમાં સુખ છે. ભગવાન સર્વજ્ઞ દેવાધિદેવ પરમાત્મા ફરમાવે છે કે દેવગતિના જીવો પણ દુઃખી છે. આહાહા! દેવગતિનું નામ પડતાં, જાણે કે તેમાં સુખ હશે. એમ અજ્ઞાની લોકોને ભાસે છે. પરંતુ સુખ તો આત્મામાં છે. દેવગતિમાં નથી. ચારેયગતિ એ તો કર્મનું ફળ છે. તેમાં સુખ નથી. તિર્યંચ, નરક અને મનુષ્ય એ ત્રણગતિમાં તો દુઃખ હોવાનું જીવોને ભાસે. પરંતુ દેવગતિમાં સ્વર્ગમાં પણ દુઃખ છે તે અહીં સમજાવે છે. ગાથા પંદરમી (૧૫)

**કભી અકામનિર્જરા કરૈ, ભવનત્રિકમેં સુર-તન ધરૈ;**
**વિષય-ચાહ-દાવાનલ દહ્યો, મરત વિલાપ કરત દુઃખ સહ્યો. ૧૫**

દેવો ચાર પ્રકારના છે. તેમાંથી ભવનવાસી,વ્યંતર અને જયોતિષી એ ત્રણ પ્રકારના દેવોમાં મિથ્યાદષ્ટિ જ જાય છે. આ વ્યંતર ભૂતળા, આ દેવ-દેવલા છે એ વ્યંતર દેવો બહુ દુઃખી છે. મિથ્યાદષ્ટિ છે. આહાહા ! એ કાંઈ કોઈને સુખ આપતા નથી, પોતે દુઃખી છે, તે તમને કયાંથી સુખ આપે. એ ત્રણ પ્રકારના દેવો મિથ્યાદષ્ટિ છે. સમ્યક્દષ્ટિ જીવો તેમાં જતાં નથી. અહીંયા સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય, તે ત્રણ પ્રકારના દેવોની યોનિમાં ન જાય. ચાર પ્રકારના દેવો કહ્યા. ભવનવાસી, વ્યંતર અને જયોતિષી. ભવનવાસી નીચે છે. વ્યંતરો આ લોકમાં ચારે બાજુ ભટકે છે. અને જયોતિષી એટલે તારા મંડળમાં જયોતિષી દેવના વિમાનોમાં તે ઊપજે છે. ત્રણ, અને બીજા સ્વર્ગમાં જાય છે. વૈમાનિકદેવો. ઊંચા પ્રકારના પુણ્ય હોય તો તે ત્યાં જાય. સમ્યગ્દષ્ટિ જીવો ઓલા ત્રણ પ્રકારના દેવોમાં ન જાય, ત્યાં જતાં નથી. ત્યાં ઉપજયા પછી કોઈ જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તે જુદી વાત છે.

ચોથો પ્રકાર વૈમાનિકદેવોનો છે. તેમાં નવમી ગ્રૈવેયક સુધી તો મિથ્યાદષ્ટિ તેમ જ સમ્યગ્દષ્ટિ બન્ને જાય છે. અને પછી તેનાથી ઉપર એકલા સમ્યગ્દષ્ટિ જ જાય છે. મિથ્યાદષ્ટિ ત્યાં જતાં નથી. નવમી ગ્રૈવેયક ઉપર મિથ્યાદષ્ટિ આત્મા ગમે તેવો બહારનો એને કષાયની મંદતા, પુણ્ય થાય તો પણ એનાથી ઉપર ન જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કહે છે કે અજ્ઞાની કદાચિત્ અકામનિર્જરા કરીને હલ્કા દેવોમાં ઊપજે તો ત્યાં પણ વિષયોની ચાહરૂપ દાવાનળમાં તે બળી રહ્યો છે. અકામનિર્જરા એટલે ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાં, ભલે મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની હોય પણ પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે સમતા ધારણ કરે. એને અકામનિર્જરા કહેવાય. એ અજ્ઞાનીને પણ હોય અને સાધકને પણ એ પ્રકાર હોય. પણ એ ખરેખર સંવરપૂર્વકની નિર્જરા નથી. એટલે અકામનિર્જરા પણ એને દુઃખનું કારણ થાય છે. અને ભાવિમાં પણ દુઃખનું કારણ થાય છે. એટલે દુઃખી જ છે અને મરણ ટાણું આવતાં રડી રડી ને દુઃખી થાય છે.

અકામનિર્જરા એટલે ભૂખ, તરસ વગેરે. સમતાપૂર્વક સહન કરે તેમાં શુભભાવથી કાંઈક નિર્જરા થાય છે ને તેથી સ્વર્ગમાં જાય છે. પણ અજ્ઞાનીને શુભભાવથી થતી આ નિર્જરા કાંઈ મોક્ષનું કારણ થતી નથી. સંવરપૂર્વકની નિર્જરા એ મોક્ષનું કારણ છે. હવે વખત થઈ ગયો.

## પ્રવચન નં :- ૧૦
## તા. ૧૭-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૩ ઉપર પ્રવચન

આ શ્રી સમયસાર નામનું એક પરમાગમ શાસ્ત્ર છે. એનો કર્તા-કર્મ અધિકાર ગાથા તૌંતેર છે. એનું મથાળું છે. હવે શિષ્ય પૂછે છે કે આ ચારગતિમાં હું અજ્ઞાનભાવથી દુઃખી થઈ રહ્યો છું. એ દુઃખની નિવૃત્તિનો ઉપાય અથવા સાચા આત્મિક સુખની પ્રાપ્તિનો ઉપાય કૃપા કરીને મને સમજાવો. એમ દુઃખથી છૂટવાનો એક કામી જીવ પ્રશ્ન કરે છે. એને આચાર્ય ભગવાન ઉત્તર આપે છે કે, સાંભળ.

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि ।। ७३ ।।**
**છું એક, શુધ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩**

ગાથાર્થ :- જ્ઞાની વિચારે છે એટલે કે જ્ઞાનવાન, જેની પાસે મન છે અને મન દ્વારા હિતાહિતનો વિચાર કરી શકે છે. એવા મનવાળા પ્રાણી, મનુષ્યને આ બોધ આપે છે અને એવો આત્મા વિચારે છે કે, નિશ્ચયથી હું એક છું. વ્યવહારનયે જોવામાં આવે તો નર-નારક આદિ પર્યાયો અનેક પ્રકારની થાય છે પણ એને ગૌણ કરીને મારા સ્વભાવથી જોઉં તો હું અનાદિઅનંત એકરૂપ છું અને હું શુધ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છું. પરિણામથી જોતાં પરિણામમાં રાગ-દ્વેષની મલિનતા અશુદ્ધતા છે ખરી. પણ એ રાગ-દ્વેષના દુઃખમય પરિણામ તેના નાશનો ઉપાય આત્મામાં બે પડખાં છે.

એક વર્તમાન અવસ્થાનું પડખું. અવસ્થાને અવસ્થા કહેવાય, પર્યાય કહેવાય, હાલત કહેવાય, દશા કહેવાય, પરિણામ કહેવાય. રાગ-દ્વેષના પરિણામ. એ એક પડખું છે અને એક એનું બીજું પડખું દ્રવ્યરૂપ છે. જે અનાદિઅનંત શુદ્ધ રહેલું છે. કર્મનો સંબંધ પરિણામ સાથે થાય છે અને કર્મનો સંબંધ પરિણામ સાથે હતો એ છૂટી જાય છે. પરિણામમાં બંધ થાય છે અને પરિણામમાં મોક્ષ થાય છે. પણ દ્રવ્યસ્વભાવ જે બીજું પડખું અનાદિઅનંત છે એ તો ત્રણેકાળ શુદ્ધ અને નિત્ય-નિરાવરણ પડખું છે જેને કર્મના બંધનો સંબંધ થઈ શકતો જ નથી. બધા સંસારી જીવની વાત ચાલે છે. કે પરિણામ સાથે કર્મનો સંબંધ થાય છે અને પરિણામ સાથે કર્મનો સંબંધ છૂટી જાય છે.

પરિણામમાં રાગ-દ્વેષ થાય છે અને પરિણામમાં વીતરાગભાવ થાય છે. એ જે ફેરફારો થાય છે એ પરિણામોમાં થાય છે. જેમ સોનાના પરિણામમાં ફેરફાર થાય છે, પાણીના પરિણામમાં ફેરફાર થાય છે. ઉષ્ણ પણ થાય છે અને પાછી ઠંડી અવસ્થા પણ થાય છે. પણ સોનું જેમ એવું ને એવું રહે છે, પાણી જેમ મૂળ સ્વભાવે રહે છે એમ આત્મા અનાદિઅનંત શુદ્ધ રહેલો છે. માટે શુદ્ધ સ્વભાવનું અવલંબન લેતાં વર્તમાન પરિણામમાં જે અશુદ્ધતા છે એનો અભાવ થઈ જાય છે.

શિષ્યનો પ્રશ્ન છે કે મોહ, રાગ-દ્વેષ અને એનું ઉત્પન્ન થતું દુઃખફળ એ દુઃખના નાશનો ઉપાય શું? એને સમજાવે છે કે તને પરિચય એક પડખાનો છે. પરિણામને તું જાણી રહ્યો છો. ક્રોધ, માન, માયા, લોભ એ પરિણામ છે એટલો આત્મા છે એમ તું માની રહ્યો છો પણ એ આસ્રવતત્ત્વ છે, જીવતત્વ નથી. જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ, બેયતત્ત્વ ભગવાને ભિન્ન ભિન્ન કહ્યા છે. આ નવ તત્ત્વના સ્વરૂપની વાત છે. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એમ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ નવ તત્ત્વ કહ્યા છે, એમાં આત્મા અનાદિઅનંત જે એક અને શુદ્ધ છે એનું સામાન્ય પડખું એવું ને એવું અનાદિઅનંત શુદ્ધ રહેલું છે. પણ જેને આવા શુદ્ધાત્માનું અવલંબન નથી એને શ્રદ્ધા-જ્ઞાન નથી અને પરપદાર્થને, પરભાવને મારા માને છે એટલે પરિણામમાં અશુદ્ધતા અનાદિની છે. પરિણામની અશુદ્ધતા અનાદિની અને દ્રવ્યની શુદ્ધતા પણ અનાદિની છે. આત્મા કથંચિત્ દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ શુદ્ધ છે અને કથંચિત્ અશુદ્ધ છે, એને સ્યાદ્‌વાદ કહેવામાં આવે છે.

દ્રવ્ય સ્વભાવથી આત્માને જોતાં અનાદિઅનંત શુદ્ધ છે. અનાદિથી શુદ્ધ છે. અને વર્તમાન પરિણામથી જોવામાં આવે તો અજ્ઞાની આત્મા(ને) અનાદિકાળથી પરિણામમાં અશુદ્ધતા ચાલી આવે છે. અશુદ્ધતા પરિણામમાં રહેલી છે અને શુદ્ધતા દ્રવ્ય સ્વભાવમાં રહેલી છે. જેવી રીતે પાણી છે એને માટીનો સંગ થતાં પાણીની અવસ્થા મલિન થાય છે. એ મલિન અવસ્થા છે એ ફેકટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, હકીકત છે. અને એ પાણીની અવસ્થા જયારે મલિન થઈ ત્યારે માટીને નિમિત્ત કહેવામાં આવે. માટીથી પાણી મેલું થતું નથી. પણ પાણીની અવસ્થા મેલી થવાનો એનો સ્વકાળ છે ત્યારે માટીને નિમિત્ત કહેવામાં આવે છે. અકર્તાને નિમિત્ત કહેવાય અને કર્તાને ઉપાદાન કહેવાય. પાણી સ્વયં પોતાનો નિર્મળ સ્વભાવ પરિણામમાં છોડીને, મલિન પરિણામે પાણી પરિણમે છે ત્યારે પાણીની અવસ્થા મલિન થઈ છે. કહેવાય એમ કે પાણી મેલું થયું. કહેવામાં એમ આવે કે પાણી મેલું થયું. પણ ખરેખર પાણીની અવસ્થા મલિન થઈ છે. જો ખરેખર પાણી મલિન થઈ ગયું હોય તો નિર્મળ પાણીની પ્રાપ્તિ કોઈને પણ ન થાય. ગમે તેટલી ફટકડી નાખવામાં આવે અને પાણી મેલું થઈ ગયું હોય તો પાણી મલિન જ રહેવું જોઈએ. માટે વ્યવહારનયથી જોવામાં આવે તો પાણી મેલું થયું છે પણ એના સ્વભાવની સમીપે જઈને જોવામાં આવે તો પાણી સ્વચ્છ અને નિર્મળ એવું ને એવું રહ્યું છે. જગતનો કોઈપણ પદાર્થ લઈ લ્યો. એ પદાર્થ બે પડખાવાળો છે. એક સામાન્ય અને એક વિશેષ. એક ટકતો ભાવ અને એક બદલતો ભાવ. પરિણામ પલટે છે અને દ્રવ્ય સ્વભાવે વસ્તુ ટકી રહી છે.

આમ ભગવાને છ પદાર્થો જોયા. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ ને કાળ. એમાં અત્યારે આપણે જીવની ચર્ચા ચાલે છે. તો જીવ નામનો જે પદાર્થ છે, આત્મા છે. એની વર્તમાન અવસ્થાથી જોવામાં આવે તો, એની દશામાં મલિનતા, રાગ-દ્વેષ, મોહ, સુખ-દુઃખના ભાવો છે ખરા. અને એમાં કર્મનું નિમિત્ત પણ છે ખરું. નિમિત્તથી રાગ થતો નથી પણ જયારે આત્મા પોતાના સ્વભાવને ભૂલે છે અને પરપદાર્થને પોતાનો માને છે ત્યારે એની દશામાં મોહ, રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે.

નિમિત્તનો અર્થ અકર્તા છે. નિમિત્ત કાંઈ આત્માને રાગરૂપે બળાત્કારે પરિણમાવતું નથી. કેમ કે એ જડ કર્મ છે. એ ચેતનના પરિણામને ઉપજાવી શકતું નથી. પણ ચેતન પોતાના સ્વભાવને ભૂલીને પરને પોતાનું માને એવા મમત્વના પરિણામ જયારે સ્વતંત્રપણે કરે છે, કર્તા થઈને સ્વતંત્રપણે કરે છે ત્યારે કર્મના ઉદયને નિમિત્ત માત્ર કહેવામાં આવે છે. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પર્યાય અપેક્ષાએ, પરિણામ અપેક્ષાએ વ્યવહારનયથી જોવામાં આવે તો છે. એ પડખેથી જુઓ તો પરિણામ મલિન છે. હવે એ પરિણામ અનાદિકાળના મલિન હોવા છતાં, જેમ પાણી પર્યાયે-અવસ્થાએ મલિન હોવા છતાં પાણીએ પોતાનો નિર્મળ સ્વભાવ છોડયો નથી. પાણી એક પાણી છે એના બે પડખાં છે.

હવે આ લંડનમાં (આ વાત) એક પદાર્થ એના બે પડખા, એક પડખામાં કાંઈ અને બીજા પડખામાં કાંઈ. બેય એક સાથે રહે. પાછા બેય એક સાથે રહે છે. એમ પાણીમાં મલિનતા થઈ છે પણ પાણીએ પોતાનો નિજ નિર્મળ સ્વભાવ છોડયો નથી. તે કારણે એમાં ફટકડી નાખતાં મલિન પરિણામનો વ્યય થાય છે, અભાવ થાય છે. અને એના સ્થાને નિર્મળ પરિણામ પ્રગટ થાય છે. એ

નિર્મળ પરિણામ જે પ્રગટ થયા તે ફટકડીમાંથી નથી આવ્યા. એ નિર્મળ પરિણામની પરિણમન શકિત અંદર પાણીના દ્રવ્યમાં રહેલી હતી એ શકિતની વ્યકિત પ્રગટ થાય છે. એમ આ આત્મા છે એ આત્મા અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે. પોતાનો જ્ઞાયક જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે ચૈતન્ય એનું રૂપ છે. એ ચૈતન્ય સ્વભાવને ભૂલીને, દેહાદિને પોતાના માને, સંયોગને પોતાના માને, રાગ જે આસ્રવત્ત્વ છે એને પોતાનો માને, દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ જયાં થયા ત્યાં આ પરિણામ મેં કર્યા, એ પરિણામ મારામાં થયા, એ પરિણામ મારા છે.(એમ માને છે.)

એ પડખું વર્તમાન જે છે, મલિન પડખું એ છે ખરું. પણ એ આત્માનો સ્વભાવ થઈ શકતો નથી. જો એ આત્માનો સ્વભાવ થઈ જાય, પરિણામ જેમ અશુદ્ધ થયા એમ આત્મા સર્વથા અશુદ્ધ થઈ જાય, આત્મા કથંચિત્ પર્યાય અપેક્ષાએ અશુદ્ધ થયો છે એ ફેકટ અને હકીકત છે. આમ હોવા છતાં પણ એ આત્મા સર્વથા અશુદ્ધ નથી થયો. પરિણામે અશુદ્ધ થયો છે. અને દ્રવ્યે આત્મા શુદ્ધ રહ્યો છે. બધાના આત્માની વાત છે. એકેન્દ્રિય હોય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય, અજ્ઞાની ગમે તેટલા આત્મા હોય પણ આ આત્માનો સ્વભાવ જે શુદ્ધતા છે, એ એનો શુદ્ધ સ્વભાવ કદી છૂટી શકતો નથી.

હવે એ અશુદ્ધતા મલિનતા જે આસ્રવતત્ત્વ છે, પુણ્ય-પાપના પરિણામ એનું ફળ દુઃખ છે. હવે જો એ આત્મા પોતે સર્વથા દુઃખી થઈ ગયો હોય, તો દુઃખ કોઈ જીવને ટળી શકે નહિ. કોઈને ધર્મ થાય નહિ, કોઈને આત્મદર્શન થઈ શકે નહિ, કોઈને આત્માનો આનંદ આવી શકે નહિ અને કોઈનો મોક્ષ થઈ શકે નહિ. માટે કથંચિત્ પરિણામ અપેક્ષાએ અશુદ્ધતા હોવા છતાં, દ્રવ્ય અપેક્ષાએ આત્મા અનાદિઅનંત શુદ્ધ રહેલો છે. એમ પાણી મલિન વખતે ફટકડી નાખતાં મલિન પર્યાયનો, પરિણામનો વ્યય થાય છે. અને નિર્મળ પર્યાય, પરિણમન પ્રગટ થાય છે. એ શકિતની વ્યકિત છે.

એમ આ આત્મા છે એ સ્વભાવે નિર્મળાનંદ શુદ્ધ છે. જેમ સ્ફટીકમણિ સ્વભાવે શુદ્ધ છે. એમ પ્રત્યેક જગતના જીવ માત્ર એનો મૂળ સ્વભાવ. આ આસ્રવો છે એ તો સ્વાંગ છે. સ્વાંગ એટલે વેષ. સ્વાંગનો અર્થ વેષ. એ આત્મા પોતાના સ્વભાવને ભૂલીને વેષ ધારણ કરે છે. પણ એ સ્વાંગ અથવા વેષ જે ફેકટ છે એને ગૌણ કરીને એના સ્વભાવની સમીપે જઈને જોવામાં આવે તો એટલે અનુભવ કરવામાં આવે તો આત્મા ત્રણેકાળ શુદ્ધ રહેલો છે.

જેમ ફટકડી નાખતાં મલિન પાણીનો વ્યય થઈને નિર્મળ પાણીની પ્રાપ્તિ થાય છે. એમ આત્મા પરિણામમાં અશુદ્ધતા હોવા છતાં, ચારે ગતિના જીવો દુઃખી હોવા છતાં એ દુઃખ આત્માનો સ્વભાવ નથી. એ વિભાવ છે. વિભાવ હોવાથી સ્વભાવનો આશ્રય કરતાં એ વિભાવ ટળી જાય છે. એમ આત્મા ત્રણેકાળ શુદ્ધ રહેલો છે. એ શુદ્ધ સ્વભાવનું અવલંબન લેતાં પરિણામમાં જે રાગ-દ્વેષ, મોહની અશુદ્ધતા હતી તેને આસ્રવ કહેવાય. એ આસ્રવ મલિનભાવનો અભાવ થાય છે. અને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આસ્રવની જગ્યાએ સંવર અને નિર્જરા પ્રગટ થાય છે. એવા શુદ્ધ પરિણામ પ્રગટ થાય છે.

શુદ્ધનું અવલંબન લેતાં શુદ્ધ પરિણામ, આત્મિક પરિણામ, સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રના વીતરાગી પરિણામ પ્રગટ થાય છે. કેમ કે આત્મા વીતરાગી મૂર્તિ છે. આત્મા નિરાગી તત્ત્વ છે. પરિણામમાં રાગ હોવા છતાં રાગથી રહિત શુદ્ધઆત્મા અનાદિઅનંત રહેલો છે. એનું લક્ષ કરતાં, એમાં લીન થતાં, એનું અવલંબન લેતાં પરિણામની અંદર જેમ પાણીમાં મલિનતાનો અભાવ થાય છે, એમ સંસારી જીવને પરિણામમાં મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રના વિકારી પરિણામ હોવા છતાં જયાં શુદ્ધઆત્માનું અવલંબન લેતાં એ અશુદ્ધતા ટળી જાય છે અને પરિણામ પણ શુદ્ધ થાય છે. પરિણામમાં પણ એકદેશ વીતરાગભાવ પ્રગટ થાય છે.

માટે આ આત્મા અનાદિઅનંત શુદ્ધ છે. પરિણામ અનાદિથી અશુદ્ધ છે. પરિણામ અનાદિઅનંત અશુદ્ધ ન હોય. પરિણામ છે એ અનાદિઅનંત અશુદ્ધ ન હોય. પરિણામ છે એ અનાદિથી આજ સુધી અશુદ્ધ છે. પણ આજે જો શુદ્ધઆત્માનું અવલંબન લ્યે, તો એ અશુદ્ધતા ટળી જાય છે. કપડું મેલું થયું એ એક એનું પડખું છે. કપડાની વર્તમાન વર્તતી જે અવસ્થા છે એ મેલી થઈ છે. પણ કપડું મેલું નથી થયું. પણ ઉપચારથી કહેવાય એમ કે કપડું મેલું થયું છે. પણ એ જે વ્યવહારનયનું કથન છે કે કપડું મેલું થયું છે એને સર્વથા મલિન માની લ્યે. તો કોઈપણ કપડું સફેદ થઈ શકે નહિ. અને મેલ ટળી (નીકળી) શકે નહિ. માટે કપડાનો એક ભાગ જે શકિતરૂપ છે એ તો સ્વચ્છ રહેલો છે.

એમ આ ભગવાનઆત્મા અંતરમાં, આ શિષ્યે પ્રશ્ન કર્યો છે, આ હું દુઃખી થઈ રહ્યો છું, ચાર ગતિમાં મને દુઃખ છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ. આધિ એટલે માનસિક, વ્યાધિ એટલે શારીરિક. આધિ, વ્યાધિ અને ઉપાધિ, બહારના પ્રતિકુળ સંયોગ, એ બધા વિભાવભાવ એ દુઃખનો અભાવ કેમ થાય? કે આધિ, વ્યાધિ અને ઉપાધિ એનો અભાવ આત્માનું અવલંબન લેતાં એને સમાધિ થાય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ તો છે, કોઈને આધિ, કોઈને વ્યાધિ અને કોઈને ઉપાધિ(હોય જ છે.) જગતના અજ્ઞાની જીવ માત્ર દુઃખી છે. પછી કરોડપતિ હોય કે અબજપતિ હોય દુઃખ જ છે. અમેરિકામાં તો ગોળીઓ ખાવી પડે છે. એક મુમુક્ષુ કહેતા હતા કે સવારથી સાંજ સુધી છ ગોળી ખાય, ટાઈમે ટાઈમ. એટલી કાળજી રાખવી પડે કે ટાઈમે ટાઈમ છ ગોળી એના બધા ભાગ પાડીને. આહાહા ! હેં? (મુમુક્ષુ :- શાંતિ રાખવા માટે.) શાંતિ લેવા માટે. ઉપાધિ, ઉપાધિ, ઉપાધિ, આધિ, વ્યાધિ અને ઉપાધિ. માનસિક, શારીરિક અને બહારના સંયોગ.

આધિ એટલે માનસિક, પછી વ્યાધિ એટલે શરીરમાં પીડા થાય, શરીરમાં ગુમડા નીકળે. કોઈ અનેક પ્રકારના રોગ થાય છે. કોઈ ટી.બી. થાય, કોઈ કેન્સર થાય. એ બધી શરીરની વ્યાધિઓ છે. અને આધિ, વ્યાધિ પછી ઉપાધિ , એવી એક સરકારની નોટીસ આવે, પસીનો છૂટી જાય. હાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

હાય શું કરશું હવે? વકીલ પાસે જાવ. આહાહા ! અને કાં એવી કોઈ બહારની ઉપાધિ આવી પડે કે આજ કાલ તો ઘણી એવી ઉપાધિ આવે છે. આહાહા! દીકરી ભાગી જાય, દીકરો બીજાને ત્યાં પરણી ને ચાલ્યો જાય. એમ અનેક પ્રકારના (દુઃખો આવી પડે છે.) આહાહાહા! અત્યારે તો બધે કાળો કેર થઈ ગયો છે. વ્યવહારિક સુખ પણ નથી. આત્મિક સુખ તો દૂર રહો પણ વ્યવહારિક, સંસારિક કલ્પનાનું સુખ એ પણ નથી.

આધિ, વ્યાધિ અને ઓલી ઉપાધિ. બહારના સંયોગ પલટી જાય. પુણ્ય ઓછા થાય તો પૈસો ચાલ્યો જાય, કાં શરીરની અંદર રોગ થાય તો વ્યાધિ. એમ અનેક પ્રકારના સંસારી જીવ અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યા છે. એવા સંસારી જીવોમાં પણ છૂટવાના કામી હોય. કે પ્રભુ હું બહુ દુઃખી છું. મને આ દુઃખથી છૂટવાનો કોઈ માર્ગ બતાવો. જે માર્ગ સ્વાધીન હોય. જે માર્ગ ગુરુ આશીર્વાદ આપે અને સુખ થાય એ ખોટી ભ્રમણા છે. કોઈ કોઈને આશીર્વાદ આપી શકતું નથી અને કોઈ કોઈને શ્રાપ પણ આપી શકતું નથી. એક આપે આશીર્વાદ બીજો આપે શ્રાપ, ટગ ઓફ વોર થઈ જાય. શું આમાં કેમ કરવું? આહાહા! માટે કોઈ આશીર્વાદ પણ આપતું નથી, કોઈ શ્રાપ પણ આપતું નથી, કોઈ દેવ-દેવલા પૈસો પણ આપતા નથી, કોઈ પુત્ર પણ આપતા નથી, બધી ભ્રમણાઓ છે. આહાહા!

અરે! જૈન દર્શનમાં જનમ્યા પછી તીર્થંકર દેવાધિદેવ પરમાત્મા સિવાય આપણું મસ્તક બીજે નમી શકે નહિ. દેવ, ગુરુ ને શાસ્ત્ર બસ. અહીંયા કહે છે એ તો સામાન્ય એટલો તો વિવેક હોવો જોઈએ. આ તો એના કરતાં ઊંચી એક તાત્વિક વાત છે. ઓલી તો સાધારણ વાત છે. એ તો ભારતમાં કહેવાની જરૂર ન પડે.

અહીંયા કહે છે કે, અરે! મને આ ચાર ગતિનું દુઃખ, અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યો છું. એ દુઃખ જ થવું એ મારો સ્વભાવ હશે? ના, ના, ના, ના. અંદર અવ્યકતપણે એ દુઃખનો નિષેધ કરે છે. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય દુઃખ આવે છે ત્યારે દુઃખ મારે ન જોઈએ એવો એનો નિષેધ વર્તે છે. એનો અર્થ પણ એમ છે કે અવ્યકતપણે પણ આત્માને સુખી થવાની અને રહેવાની એની ચાહ છે-ઈચ્છા છે.

એટલે શિષ્યે પ્રશ્ન કર્યો. પ્રભુ! હું દુઃખી છું. જગતના જીવો મને સુખી કહે છે પણ મને રાત્રે ઊંઘ આવતી નથી. આહાહા! માટે દુઃખના નાશનો ઉપાય મને બતાવો. કે સાંભળ. દુઃખ વર્તમાનમાં છે. નથી એમ નથી. પણ એ દુઃખ આત્માનો સ્વભાવ નથી. દુઃખ એ વિભાવભાવ છે. વિભાવભાવ હોવાથી સ્વભાવનું અવલંબન લેતાં વિભાવ ટળી જાય છે અને સ્વભાવ શકિતરૂપ જે સુખ છે એ શકિતની વ્યકત અવસ્થા આત્મિક સુખ પ્રગટ થાય છે. આત્મિક સુખ હો, આ સંયોગનું સુખ નહિ. એ તો કલ્પના છે. તો કહે છે કે હું શુદ્ધ છું. પછી આગળ, હું મમતા રહિત છું, પરિણામમાં મમતા છે. એ મમતાનું દુઃખ છે. આ દેહ મારો, કુટુંબ મારું, સ્ત્રી, પુત્ર મારા, માતા-પિતા મારા, ભાઈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગિની, ભાર્યા મારું, મારું, મારું, મારું. મારું (કહે)ને એ મરે છે. મારું મારું કહેતાં એ મરે છે. મમતાનું દુઃખ થાય છે. મમતામાં છાંટો સુખ નથી.

એવો જીવ વર્તમાનમાં પરિણામમાં મમતા છે એનું દુઃખ છે. એ દુઃખના નાશનો ઉપાય બતાવે છે. આચાર્ય ભગવાન ફરમાવે છે કે તારા એક પડખામાં મમતા છે. પણ તારું બીજું પડખું તે જોયું જ નથી. જોયું તો નથી, અનુભવ્યું તો નથી પણ ખરેખર તે સાંભળ્યું પણ નથી. ભલે તીર્થંકરની સભામાં અનંતવાર ગયો પણ રુચિપૂર્વક બીજા પડખાંની વાત, શુદ્ધાત્માની વાત જગતના જીવોએ સાંભળી નથી. સમયસારમાં શરૂઆતમાં આચાર્ય ભગવાન ફરમાવે છે કે કામ, ભોગ, બંધનની કથા જગતના જીવોએ સાંભળી છે. જુઓ, ચોથી ગાથા છે. ''શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામ ભોગ બંધનની કથા, પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના.'' જગતના પ્રાણીઓએ આ કામ, ભોગ અને બંધ એની કથા એટલે એનો ભાવ, એ સાંભળ્યું પણ છે અને અનંતવાર અનુભવમાં લીધું પણ એનાથી ભિન્ન ભગવાનઆત્મા શુદ્ધ અને નિર્મમત્વ છે એની વાત જગતના જીવોએ સાંભળી નથી. એવા શુદ્ધાત્માનું અંતર સન્મુખ થઈને, એકાગ્ર થઈને ધર્મ ધ્યાન દ્વારા આત્માને અનુભવમાં લીધો નથી. અને પરિણામમાં આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન ચોવીસ કલાક થયા જ કરે છે.

એ દુઃખથી મુકાવાનો ઉપાય હું તને બતાવું છું. મારા ગુરુએ મને ઉપાય બતાવ્યો અને મેં એ વાતનો પ્રયોગ કરીને મારું દુઃખ મેં ટાળ્યું છે. એ દુઃખના નાશનો ઉપાય મારા અનુભવપૂર્વક તને બતાવું છું. અફર ઉપાય છે. કે હું મમતાનો અભાવ કરવો હોય તો એક પડખામાં મમતા, અને બીજા પડખામાં મમત્વ રહિત નિર્મમત્વભાવ. આહાહા! હવે આ જૈન દર્શનનો સ્યાદ્‌વાદ ગજબનો છે. કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ. એ કથંચિત્‌ની વાત ચાલી ગઈ અને અશુદ્ધ પડખાને ચોંટી ગયો કે સંસારી જીવ બધા દુઃખી જ છે. હું તો દુઃખી જ થઈ ગયો. અરે! એક પડખામાં દુઃખ છે અને બીજા પડખામાં સુખ ભરેલું જ છે. પણ આખી સ્યાદવાદની વાત, દ્રવ્ય અને પર્યાય બેમાંથી એકને મુખ્ય અને એકને ગૌણ કરી અને જે જિનેન્દ્ર ભગવાનની વાણી, દ્વિનયાશ્રિત, નિશ્ચયનયાશ્રિત અને વ્યવહારનયાશ્રિત એ નિશ્ચયનય શું અને વ્યવહારનય શું? નિશ્ચયનય એટલે આત્માનો જે મૂળ સ્વભાવ હોય એને પ્રસિદ્ધ કરે તેનું નામ નિશ્ચયનય અને વર્તમાન પડખામાં રાગ-દ્વેષ, મમત્વના જે ભાવ થાય એને જણાવે. એને જણાવે કે આ પરિણામમાં મમત્વ છે. એનું નામ વ્યવહારનય અને એ પરિણામને ગૌણ કરીને ત્રિકાળ સામાન્ય સ્વભાવથી જોવામાં આવે તો આત્મા એક શુદ્ધ અને ત્રણેકાળ નિર્મમત્વ છે. એવા નિર્મમત્વ સ્વભાવનું અંતર્મુખ થઈને અવલંબન લેતાં ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અટકી જાય છે. એક અપૂર્વ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે અને શુદ્ધઆત્માનો અનુભવ થાય છે. અનુભવ થતાંવેંત જ પરિણામમાં મમત્વભાવનો અભાવ થાય છે અને વીતરાગભાવ નિર્મમત્વભાવ પ્રગટ થાય છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ વાત જગતના જીવોએ (સાંભળી નથી.) એક આત્માના બે પડખા છે. એક વર્તમાન પડખું મલિન થયેલું છે. અને બીજું એક પડખું નિર્મળ રહી ગયું છે. એ નિર્મળની શ્રદ્ધા કરતો નથી અને પરિણામ દેખીને હું રાગી, હું દ્વેષી, હું પુણ્યવાળો, હું પાપવાળો, હું મનુષ્ય, હું સ્ત્રી, અને હું પુરુષ. અરે ભાઈ! આત્મા સ્ત્રી પણ નથી અને પુરુષ પણ નથી. આત્માને દેહ જ નથી. આત્મા દેહાતિત, કર્માતિત, રાગાતિત, શુદ્ધચિદાનંદ આત્મા અંદરમાં બીજા પડખાંને જો, એકવાર તો જો, તને દેખાશે. સર્વજ્ઞભગવાન કહે છે, અનુભવી સંતો કહે છે. કે તું આ પરિણામનો પ્રેમ છોડી દે. રાગમાં રત થઈ ગયો છે. પુણ્યનો કામી થયો છો અને પુણ્યના ફળ તને મીઠાં લાગે છે. એનો પ્રેમ છોડી દે. એ તારી ચીજ નથી. ચિદાનંદ આત્મા અંદર બિરાજમાન છે. એક વખત અંદર નિહાળ, નિહાળ અને તું ન્યાલ થઈ જાઈશ. તને પરિણામમાં જે મમતા છે અને મમતાનું જે દુ:ખ છે એના નાશનો ઉપાય બતાવે છે.

આત્મા નિર્મમત્વ છે. મમત્વના પરિણામથી રહિત, ત્રણેકાળ નિર્મમ આત્માનો સ્વભાવ છે. એવા આત્માનું અવલંબન લેતાં મમત્વ અને મમત્વજન્ય દુ:ખ એનો નાશ થઈ જાય છે. અને જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું. વર્તમાનમાં ક્ષયોપશમ જ્ઞાન અને ક્ષયોપશમ દર્શન ઉપયોગ. જાણવું અને દેખવું એવી વર્તમાનમાં અલ્પજ્ઞ અવસ્થા છે. જેમ રાગ-દ્વેષની અવસ્થા છે એમ જ્ઞાનનો અલ્પ ઊઘાડ છે. એને શાસ્ત્રીય ભાષાએ ક્ષયોપશમ જ્ઞાન કહેવામાં આવે છે. અલ્પ ઊઘાડ, થોડો ઊઘાડ. એમાં જાણવાની ક્રિયા થાય છે અને દર્શન ઉપયોગમાં દેખવાની ક્રિયા થાય છે. એમ જ્ઞાન અને દર્શનનો થોડો ઊઘાડ વર્તમાનમાં, અપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ દર્શન ઉપયોગ છે. પણ એ હોવા છતાં પરિણામથી જોવામાં આવે તો દર્શન અને જ્ઞાન અપૂર્ણ છે. પણ એના ગુણ સ્વભાવથી જોવામાં આવે તો, આત્મા પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદથી ભરેલો છે.

આત્મામાં બે ગુણ છે, પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન. જ્ઞાનગુણ અને દર્શન નામનો આત્મામાં ગુણ છે. એ ગુણો પરિપૂર્ણ છે. અને એવા અનંતગુણનો પિંડ તેને આત્મદ્રવ્ય કહેવામાં આવે. આત્મા વસ્તુ છે, તેમાં અનંતગુણ વસેલાં છે. જ્ઞાન, આનંદ, દર્શન, ચારિત્ર, સુખ, પ્રભુત્વ, વિભુત્વ એવી એવી અનંત શકિતથી આત્મા બિરાજમાન છે. પણ વિશ્વાસ કયાંથી આવે? આહાહા ! (મુમુક્ષુ :- એને દેખાતો જ નથી) દેખતો નથી. દેખાતો નથી એમ નહિ. દેખતો નથી. દેખે તો દેખાય. (મુમુક્ષુ :- દેખવા માટે રોકાતો નથી.) દેખવાનો, એને હજી હું દેખું, મને દેખાય શકે એ પણ એને વિશ્વાસ આવતો નથી. આ દેખવાનો પ્રયોગ કયાંથી કરે. વાત સાંભળવા મળતી નથી અને એમાં પણ લંડન! ભારતમાં પણ આ વાત સાંભળવા મળતી નથી, વિરલ છે. ભારતમાં પણ કયાંક કયાંક શુદ્ધઆત્માનો ઉપદેશ બહુ વિરલ થઈ પડયો. આહાહા!

ભગવાન મહાવીરના વિરહ થયા, ગણધરો રહ્યા નહિ અને આ અજ્ઞાનીનો માર્ગ બહુ વધ્યો,

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પંચમકાળ કઠણ. આહા! શુદ્ધાત્માનો ઉપદેશ ચાલ્યો ગયો છે. આ ક્રિયા કરો તો ધર્મ થાય. થઈ રહ્યું, શું આત્મા ને શું આત્માનું જાણવું ને શું અનુભવ, શું લક્ષ અને શું લીનતા એ વાત ગઈ. આહાહા! શ્રીમદ્‌ના વખતમાં પણ ‘‘મોક્ષમાર્ગ બહુ લોપ’’ આ કાળમાં ‘‘મોક્ષમાર્ગ બહુ લોપ’’ તેઓશ્રી ફરમાવી ગયા છે. આહાહા! એ સ્થિતિ છે અને હજી તો જેમ જેમ કાળ જશે તેમ તેમ કઠિન કાળ આવવાનો છે.

દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છું. જો બીજા પડખા ઉપર નજર કર. આ વર્તમાનમાં દર્શન અને જ્ઞાન. દર્શન એટલે દેખવું, સામાન્ય અવલોકન અને જ્ઞાન એટલે વિશેષ અવલોકન જાણવું. એવા દર્શન અને જ્ઞાન. દેખવું અને જાણવું. એવી વર્તમાન અવસ્થા જાણવા-દેખવાની ક્રિયા તારી પાસે પ્રગટ છે. એ અપૂર્ણ છે. પરિણામ અપૂર્ણ છે. પણ ભગવાન દ્રવ્ય સ્વભાવી આત્મા દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છે. આહાહા! શક્તિને આવરણ ન હોય. અને સ્વભાવ અપૂર્ણ ન હોય. વિભાવમાં અપૂર્ણતા હોય. વિશેષભાવમાં અપૂર્ણતા હોય. પણ સ્વભાવ અપૂર્ણ ન હોય આ મૂળ ચીજ છે, આ મૂળ વસ્તુ છે. સમજાય એવું છે. ન સમજાય એવું (નથી). પાણીના દાખલા આપ્યા. દાખલાથી સમજાય એવું છે.

મુંબઈમાં ભૂલેશ્વરમાં બહુ ભીડ હોય ત્યાં એક ભાઈ ટેબલ ઉપર ઊભા રહીને, (એક) રાતું કપડું લઈને કહે, આ કપડું કેવું છે બોલો? આમ માણસો ઘણા ચાલ્યા જાય તો કહે, હવે કપડું રાતું છે એમાં પૂછવાનું શું હોય? શું પૂછો છો? કોઈ ગાંડો લાગે છે. એ તો બોલ્યે જ ગયો કપડું કેવું છે ભાઈઓ? આ કપડું કેવું છે? બધા કહેતા હતા કે રાતું છે, રાતું છે, રાતું છે. એમાં એક કોઈ વિચિક્ષણ ભાઈ નીકળ્યો. કે આ માણસ ગાંડો તો લાગતો નથી. આ માણસ જે બોલે છે કે આ કપડું કેવું છે, એનો ચહેરો જોતાં એ માણસ પાગલ નથી. માણસ ડાહ્યો છે. પછી એની પાસે જઈને પૂછયું ભાઈ, તમે શું પૂછવા માગો છો? હું એટલું જ પૂછું છું કે આ કપડું છે એ કેવું છે? એટલું પૂછું છું. તો કહે કપડું તો એ સફેદ છે અને રાતો તો એ રંગનો ધર્મ છે. એક માણસે કહ્યું, બધાય ગાંડા, નાપાસ થઈ ગયા. કહે કપડું કોઈ દિ’ એનો સફેદ સ્વભાવ છોડે નહિ અને સફેદ રૂનું બનેલું રાતું કોઈ દિ’ થાય નહિ. ત્યારે આ રાતું કપડું કહેવામાં આવે છે, તો એને ભેદજ્ઞાનથી જો. રાતાપણાનો ધર્મ કપડાનો નથી પણ રંગનો છે. રંગ રાતો છે અને કપડું સફેદ છે. કયારે? કે આખું જગત રાતું કપડું કહે ત્યારે. આ દાખલો તો સાવ સીધો છે. આ દાખલો તો બહેનો ભાઈઓ બધાને સમજાય એવો છે.

પણ જગતના જીવોને વસ્તુના સ્વભાવથી જોવાની ટેવ નથી. એના સંયોગથી જુએ છે. સંયોગથી જુએ છે એટલે વસ્તુનો જે મૂળ સ્વભાવ છે એ તિરોભૂત થઈ જાય છે, ઢંકાઈ જાય છે, આચ્છાદિત થાય છે, દૃષ્ટિમાં આવતો નથી. તેથી આચાર્ય ભગવાન કહે છે અરે બધા આત્મા જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ છે. પણ શું ક્ષાયિકદર્શન અને ક્ષાયિકકેવળજ્ઞાન થઈ ગયું? આ પર્યાયની વાત નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારી પર્યાયમાં અલ્પજ્ઞપણું છે એ અમને ખબર છે. અમે અત્યારે પર્યાયમાં કેવળજ્ઞાન પરિપૂર્ણ થઈ ગયું અને કેવળદર્શન ઉપયોગ થઈ ગયો એમ અમે કહેતા નથી. તારા પરિણામમાં તો અલ્પજ્ઞપણું છે એ અમે જાણીએ છીએ. પણ એ અલ્પજ્ઞદશાનો અભાવ કરવો હોય અને કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉપયોગ પ્રગટ કરવો હોય, તો હું જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ છું એવા સ્વભાવનું શ્રદ્ધા, જ્ઞાન કરી એમાં લીન થા તો અલ્પકાળમાં પરિપૂર્ણ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉપયોગની પ્રાપ્તિ થશે. આહાહા ! જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું તે સ્વભાવમાં, આવા મારા સ્વભાવમાં તેમાં લીન થતો હું આવા ક્રોધાદિ સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું.

આ આસ્રવો અને આસ્રવજન્ય આકુળતા દુઃખ. આસ્રવ એટલે પુણ્યઆસ્રવ અને પાપઆસ્રવ. પાપના પરિણામ પણ દુઃખરૂપ અને પુણ્યના પરિણામ પણ દુઃખરૂપ. એમાં કોઈ જીવ ભેદ પાડે કે પાપના પરિણામ દુઃખરૂપ અને પુણ્યના પરિણામ સુખરૂપ તો જીવ અનંત સંસારમાં રખડે છે. એમાં ભેદ કે તફાવત કાંઈ નથી. સમાનપણે બંધનું કારણ છે. સમાનપણે દુઃખનું કારણ છે અને પરંપરા દુઃખના નિમિત્તો પ્રગટ થાય એવું એ છે. આકરું લાગે પણ અમૃત જેવું છે. આ કોઈ પક્ષની વાત, વાડાની વાત નથી.આ તો વસ્તુના સ્વભાવની વાત છે. વસ્તુનો સ્વભાવ એને ધર્મ કહેવામાં આવે. માટે આવા સ્વભાવમાં લીન થતો હું આ આસ્રવો, પુણ્ય-પાપના આસ્રવો જે દુઃખદાયક ભાવો છે. એનો હું નાશ કરું છું. એમ પ્રથમ નિર્ણય કરે છે અને પછી એ પ્રયોગ કરે છે. એની ટીકા. ટીકા એટલે વિસ્તાર.

હું આ આત્મા. આહાહા! જુઓ અહીંયા નજર આવે છે હોં ! (બીજો) આત્મા નહીં. કેમ કે દુઃખ મને થાય છે. દુઃખનો અભાવ મારે કરવો છે. કે દુઃખ અહીંયા રાખવું ભલે રહ્યું અને બીજા દુઃખી થતા હોયને એની દયા કરો. એ દુઃખ એનું કેમ ટળે. અહીંયા ભલે દુઃખી થાય, એમ ન હોય. પહેલાં પોતાનું દુઃખ ટાળવું જોઈએ. સાધક થાય (તે) પોતાનું દુઃખ ટાળ્યા પછી બીજાના દુઃખને ટાળવાનો ઉપદેશ આપે છે. પહેલાં પોતે સાધક થઈને બીજાને ઉપદેશ આપે છે.

એમ અહીંયા કહે છે કે હું આ આત્મા પ્રત્યક્ષ, અખંડ, અનંત, ચિન્માત્ર જ્યોતિ. હું પરોક્ષ રહું એવો મારો સ્વભાવ નથી. પ્રત્યક્ષ થવાનો મારો સ્વભાવ છે. હું અખંડ છું. આ ખંડજ્ઞાન તે હું નહીં, ઇન્દ્રિયજ્ઞાન તે હું નહીં, શાસ્ત્રનું જ્ઞાન તે હું નહીં. અનાદિઅનંત અખંડજ્ઞાન તે હું. સામાન્ય સ્વભાવ, અનંત ચિન્માત્ર. ચિન્માત્ર એટલે જ્ઞાનમાત્ર, તેમાં અનંત એટલે બેહદ સામર્થ્યથી મારો આત્મા વર્તમાનમાં ભરેલો છે હો! સંસારી જીવ આ રીતે એને ગુરુ ઉપદેશ આપે છે અને આ રીતે પોતે પ્રથમ નિર્ણય કરે છે. પહેલા પડખાંને ગૌણ કરીને વર્તમાન પરિણામના પડખાને ગૌણ કરીને દ્રવ્ય સામાન્ય ઉપર નજર કરીને કહે છે કે, હું અખંડ ચિન્માત્ર જ્યોતિ અનાદિઅનંત. હું અનાદિઅનંત છું. પરિણામ અનાદિશાંત છે. કોઈ પરિણામ સાદિ અનંત છે. અને પ્રત્યેક પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામની અપેક્ષાએ સાદિશાંત છે. પણ ભગવાનઆત્મા, દ્રવ્ય સ્વભાવ, જીવતત્ત્વ, જીવતત્ત્વ અનાદિઅનંત છે. પુણ્ય-પાપના તત્ત્વ અનાદિશાંત છે. સંવર-નિર્જરા સાદિશાંત છે. મોક્ષની પર્યાય પ્રગટ થાય એ સાદિઅનંત છે. અને જીવતત્ત્વ અનાદિઅનંત છે. આ બધો નવ તત્ત્વમાં આખો બાર અંગનો સાર છે. પણ નવ તત્ત્વના નામ ન આવડે. નવ તત્ત્વના ભાવ શું એ ખબર નહીં, એના ફળ શું એ ખબર નહીં. કોને દ્રવ્ય કહેવું ને કોને પર્યાય કહેવી. આહાહા!

દ્રવ્ય એટલે પૈસો એ દ્રવ્ય. એક વખત ગુરુદેવને એમ કહ્યું હતું કે ભઈ આ તમે દ્રવ્ય, દ્રવ્ય કરો છો તો અહીંયા બધા પૈસાવાળા જ આવતા લાગે છે. અરે ભાઈ! આ દ્રવ્ય એટલે પૈસો નહીં. આહાહા ! દ્રવ્ય એટલે આત્માનો નિજ, મૂળ અનાદિઅનંત સ્વભાવ. અનાદિઅનંત આત્મા બધાના આત્મા અનાદિઅનંત છે. કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ થઈ નથી અને કોઈ વિયોગથી જેનો નાશ ન થાય. એવા આત્મપદાર્થને, જીવતત્ત્વ સામાન્યને અનાદિઅનંત કહેવામાં આવે છે.

નિત્ય ઉદયરૂપ, સૂર્ય તો ઊગે ને આથમે. પરિણામ પ્રગટ થાય ને નાશ થાય. પરિણામ પ્રગટ થઈને પાછો નાશ થઈ જાય. ક્રોધ આવ્યો ને ક્રોધ ગયો. ક્ષમા આવે ને ક્ષમાનો પર્યાય જાય ને પાછો ક્રોધ આવી જાય. અશુભભાવ આવે ને અશુભભાવનો વ્યય થઈ જાય. શુભ(ભાવ) આવે ને શુભ(ભાવ)નો પાછો વ્યય થઈ જાય. પરિણામ છે એ અનિત્ય છે. અને ભગવાનઆત્મા નિત્ય ઉદયરૂપ છે. નિત્ય પ્રગટરૂપ છે, છે, ને છે. કોઈ દિ' આત્મા જન્મતો નથી ને આત્મા મરતો નથી. જે જન્મે છે અને મરે છે તે આત્મા નથી. જે જન્મે છે અને મરે છે તે આત્મા નથી. દેહ જન્મે અને દેહનો વિયોગ થાય એને ભગવાન, કેટલાક જીવો અજ્ઞાની પ્રાણી વ્યવહારનયે, એને મરણ કહેવામાં આવે છે. બાકી ખરેખર તો પરિણામ જન્મે છે અને પરિણામ વ્યય થાય છે અને ભગવાનઆત્મા અનાદિઅનંત નિત્ય ઉદયરૂપ રહેલો છે. આહાહા!

હજી દેહને જોયા કરે, દેહની અંદર રાગ થાય એને જોવે નહિ, રાગનું જ્ઞાન થાય એને જોવે નહિ અને અંદરમાં જ્ઞાયક આત્મા દ્રવ્ય શું છે એ જીવતત્ત્વ સુધી જીવ પહોંચે નહિ. કાં અજીવમાં અટકે કાં આસ્રવમાં અટકી જાય. પણ અજીવથી ભિન્ન અને આસ્રવોથી ભિન્ન અંદરમાં જીવતત્ત્વ રહેલું છે. આ નવ તત્ત્વ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે. કોઈના ઘરની વાત નથી. નવ તત્ત્વ સર્વ સામાન્ય, બધાને માન્ય છે. નવ તત્ત્વ બધાને માન્ય છે. એના આઠ તત્ત્વ નથી અને એના દસ તત્ત્વ નથી. આ જીવતત્ત્વની વાત ચાલે છે. જીવને જાણ્યો નહિ કે હું અનાદિઅનંત, નિત્ય ઉદયરૂપ, નિત્ય પ્રગટરૂપ છું. પ્રગટ થવું એ મારો સ્વભાવ નથી. પ્રગટ થાય છે તે હું નહિ. પરિણામ જે પ્રગટ થાય છે તે હું નહિ. મલિન પરિણામ (જે) પ્રગટ થાય તેને આસ્રવ-બંધ કહેવાય. નિર્મળ પરિણામ પ્રગટ થાય અને વ્યય થાય એ સંવર-નિર્જરા અને મોક્ષના પરિણામ પ્રગટ થાય અને એવા ને એવા પરિણામ રહે પણ હું તો નિત્ય ઉદયરૂપ, નિત્ય પ્રગટરૂપ છું. આહાહા! મારું ઉપજવું ને મારું મરવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ મારો સ્વભાવ નથી.

વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે મારો આત્મા, જુઓ આત્માની ભાવના ચાલે છે. દુઃખના નાશનો ઉપાય બતાવે છે. આ જરાક શ્રદ્ધામાં વાત આવશે ને તો પણ કામ થાય એવું છે. કે વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે પ્રત્યેક આત્માઓ, પ્રત્યેક આત્માની વાત છે. એ આત્માનો મૂળ સ્વભાવ, પરિણામને ન જો, દેહાદિ સંયોગને ન જો, પરિણામથી ભિન્ન અંદરમાં, ભીતરમાં અંતઃતત્ત્વ આત્મા બિરાજમાન છે. જેનો સ્વભાવ વિજ્ઞાનઘન, વિશેષે જ્ઞાનથી નિબળ પદાર્થ રહેલો છે. તેમાં રાગનો પ્રવેશ થઈ શકતો નથી.

એવા વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે એક છું. પહેલો બોલ થયો. આત્માના ચાર વિશેષણ કહે છે. એક છું, શુધ્ધ છું, નિર્મમત્વ છું અને જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું. એમાં હું એક છું એ બોલ ચાલ્યો. હવે બીજો બોલ આવે છે. આ દુઃખના નાશનો ઉપાય શુધ્ધઆત્માનો સ્વભાવ જેવો છે એને શ્રદધા, જ્ઞાનમાં લઈ અને એમાં ટકવું એનું નામ ચારિત્ર. એની રમણતા, એની લીનતા, એમાં સ્થિરતા એનું નામ ચારિત્ર.

હવે એના કરતાં બીજો સૂક્ષ્મ બોલ આવે છે. કે આત્મા ત્રણેકાળ જ્ઞાયક હોવાથી અકર્તા છે. એ આત્મા પરપદાર્થને, જડકર્મને, બીજા ચેતનને, બીજાને સુખી-દુઃખી કરે કે આઘા પાછા કામ કરે કે હાથ પગ ચલાવે એ આત્માનો સ્વભાવ નથી. એ વાત જરા એના કરતાં થોડી સૂક્ષ્મ હમણા આવશે.

સર્વ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે હું શુદ્ધ છું. આ શુદ્ધનો બોલ કહ્યો. શબ્દો જ નવા. કર્તા શું, કર્મ શું, કરણ શું, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આ શું? કે આત્માના એ સ્વભાવો છે. જેમ આત્માના ત્રિકાળ સ્વભાવમાં એવા ગુણો છે, એવા પરિણામમાં પણ કર્તા, કર્મ આદિના ધર્મો છે. ક્રિયાના કારકો છે. કાર્યની ઉત્પત્તિ થાય, એનું જે કારણ હોય તેને કારક કહેવામાં આવે છે. કાર્યની નિષ્પત્તિ, ઉત્પત્તિ એનું જે કારણ એને ભગવાન કારક કહે છે. એ કારકના છ ભેદ, પ્રકાર છે.

કહે છે આ ભગવાનઆત્મા જ્ઞાયક છે. એ આત્મા જગતના પદાર્થોના પરિણામને કરે એ આત્માનો સ્વભાવ નથી. જગતના પદાર્થો પરિણમે એને માત્ર, આત્માને જાણતાં, જાણે એવો સ્વભાવ છે. પણ કરે એવો સ્વભાવ નથી. કોઈને સુખી-દુઃખી કરી શકે ત્રણ કાળમાં એ વાત નથી, એની કલ્પના છે. કલ્પનાથી દુઃખી થાય છે અને કર્મનો બંધ થાય છે. પણ કોઈ કોઈને સુખી-દુઃખી કરી શકતું નથી. સૌ પોતપોતાના ભાવથી જીવો દુઃખી થાય છે તો અજ્ઞાનથી થાય છે. અને સુખી થાય છે તો એના જ્ઞાનથી સુખી થાય છે. દુઃખી થાય છે તો એના રાગ-દ્વેષ, મોહના પરિણામથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દુઃખી થાય છે. અને સુખી થાય છે તો વીતરાગભાવથી સુખી થાય છે. પણ કોઈ કોઈને સુખ-દુઃખ આપી શકતું નથી. માટે આત્મા જગતના પદાર્થોનો કર્તા નથી, માટે શુધ્ધ છે.

આ આત્મા આઠ પ્રકારના કર્મ એનો કર્તા નથી માટે શુધ્ધ છે. ત્યારે કર્મ તો થાય છે? આત્મા કર્મ કરતો નથી તો કર્મને કોણ કરે? કે જડ કર્મ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર ને અંતરાય. એની જડ કર્મની એકસો અડતાલીસ(૧૪૮) પ્રકૃતિ છે. એ બંધાય છે પણ એનો કરનારો આત્મા નથી. ત્યારે એને કોણ કરે છે? તો એનામાં ષટ્કારક રહેલાં છે. કર્તા-કર્મ આદિના ષટ્કારક એના પરિણામની ઉત્પત્તિ એના દ્રવ્ય સ્વભાવથી થાય છે. આત્મા એ કર્મને બાંધતો પણ નથી અને છોડતો પણ નથી. કર્મ બંધાય છે એમ જાણે છે. કર્મને બાંધતો નથી, કર્મ બંધાય છે. રાગાદિનો સદ્ભાવ આવ્યો હોય તો ત્યાં કર્મ બંધાય છે. રાગને કારણે નહિ. એના કારણે અને એના કાળે કર્મનો બંધ થાય છે ત્યારે અજ્ઞાનીના રાગને નિમિત્ત માત્ર કહેવામાં આવે છે. કર્તા-કર્મ સંબંધ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઊભો થાય છે. એ પણ અજ્ઞાન છે ત્યાં સુધી. ઝીણી વાત છે.

લંડનમાં આવી વાત! પણ ભાઈ સ્થૂળ વાત તો, સ્થૂળ તો નહિ પણ વિપરીત વાત કહેનારા તો લંડનમાં ઘણા આવશે. પણ જૈન દર્શનમાં ભગવાને કહેલો જે જીવતત્ત્વનો સ્વભાવ એનું હાર્દ શું છે એ સંભળાવનારા કોઈ વિરલા જ હોય છે. એ તો ગુરુદેવને પ્રતાપે આ વાત બહાર આવી ગઈ છે. એની પાસેથી સાંભળેલું છે અને કહેલું છે એના માલની ડીલેવરી આપવા હું આવ્યો છું. માલ તો એનો છે. આહાહા! બધો માલ તો એનો છે.

કહે છે, કે ભાઈ તું સાંભળ! તને કર્તાબુધ્ધિના અહંકારનું ઝેર બહુ ચડી ગયું છે. હું કુટુંબનું કરું, હું સમાજનું કરું, હું દેશનું કરું. આહાહા! બહુ ઝેર ચડી ગયું છે ભાઈ તું કર્તા નથી. હેં? અજ્ઞાનીને, જ્ઞાનીને નહિ. નહિ, એ તો જ્ઞાતા છે. ભાઈ! તું તો જ્ઞાતા છો ને! તું કર્તા નથી. અરે! તારા સ્વભાવને સંભાળને! તારા સ્વભાવને છોડીને તને કર્તાપણાનું અભિમાન કેમ ચડી ગયું છે? એ તો અનંત દુઃખનું કારણ છે ભાઈ! તને કોઈ નહિ છોડાવે.

"હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા છે સકટનો ભાર જેમ શ્વાન તાણે, સૃષ્ટિ મંડાણ એની પેરે કોઈ યોગી યોગેશ્વરા જાણે." એ તો અન્યમતિમાં એક નરસીંહ મહેતા થઈ ગયા એણે આ પદ કર્યું છે. જો કે એની તો ઈશ્વર કર્તાની માન્યતા છે પણ આપણે તો એમાંથી થોડો ન્યાય ખેંચવો છે. કે ગાડા(કાર્ટ) નીચે કુતરું ચાલતું હોય અને જરાક એનું માથું અડે, ત્યાં જાણે ગાડું હું ચલાવું છું (એમ માને) પણ જરાક એ કુતરું રોકાઈ જાય અને ગાડું તો ચાલ્યું જાય અને એ કુતરાને ભાન થાય. અરે! મારા વિના આ ગાડું ચાલે છે. તો હું ગાડાને ચલાવું છું એ વાત મારી મિથ્યા ભ્રમણા હતી. કુતરું પણ સમજી જાય. એમ બે ઘડી આત્માના સ્વરૂપને તો જો. કે હું પરનો કર્તા છું કે હું જ્ઞાતા છું? જ્ઞાતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મારો સ્વભાવ છે કે કરવું મારો સ્વભાવ છે?

સ્વયંમેવ જગતના પદાર્થો પરિણમી રહ્યા છે એને આત્મા પરિણમાવી શકતો નથી. અને જો પદાર્થો અપરિણામી હોય, કુટસ્થ હોય તો પણ આત્મા એને પરિણમાવી શકતો નથી. અને સ્વયં પરિણમે છે એને બીજાની કોઈ અપેક્ષા હોતી નથી એમ જાણીને એ જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈને આત્મા આત્માનો અનુભવ કરે છે ત્યારે કર્તાબુધ્ધિનો અહંકાર મિથ્યાત્વ છૂટી જાય છે અને આત્માને સમ્યગ્દર્શન થાય છે. માટે આત્મા આ જગતના પદાર્થનો કર્તા નથી અને આ દેહની ક્રિયા થાય એનો કર્તા નથી. એની ઈચ્છાથી દેહ ચાલતો નથી, એની ઈચ્છાથી દેહ રોકાતો નથી. આહા ! એ દેહનો કર્તા નથી. આઠ કર્મનો પણ કર્તા નથી.

હવે અંદરમાં આ શુભ અને અશુભભાવની લાગણી ઉત્પન્ન થાય છે એનો પણ આત્મા સ્વભાવ દૃષ્ટિએ કર્તા નથી, અજ્ઞાનથી કર્તા છે. અજ્ઞાનથી એટલે કે થતા રાગ અને એનો સ્વામી બની અને હું એનો કર્તા છું (એમ માને)તે અજ્ઞાન છે. પણ ખરેખર સ્વભાવ દૃષ્ટિથી જોવામાં આવે તો, જો આત્મા રાગનો કર્તા હોય એનો સ્વભાવ હોય તો નિત્ય કર્તાપણાનો દોષ આવે. કોઈ કાળે એ છૂટે નહિ. મિથ્યાત્વના પરિણામ જે થાય છે એનો આત્મા સ્વભાવ દૃષ્ટિએ કર્તા હોય તો મિથ્યાત્વના પરિણામ થયા જ કરે. તો મિથ્યાત્વના પરિણામનો અભાવ થઈને સમ્યગ્દર્શન થઈ શકે નહિ. માટે સ્વભાવ દૃષ્ટિએ જોવામાં આવે તો મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ ચાર પ્રકારના આસ્રવો જે પર્યાય દૃષ્ટિથી વ્યવહારનયે કર્તા કહેવામાં આવે છે. એને સ્વભાવ દૃષ્ટિથી જોતાં પરિણામ થાય છે એનો જાણનાર છે પણ પરિણામનો આત્મા કર્તા નથી, કેમ કે પ્રત્યેક પરિણામમાં ક્રિયા થાય છે. અને એ ક્રિયાના ષટ્કારક એનામાં છે. એટલે પરિણામ પરિણામને કરે છે પણ ભગવાનઆત્મા એ રાગના પરિણામને કરતો નથી.

એમ જાણીને આત્મા જો આત્માને અકર્તા છું એમ લક્ષમાં લ્યે તો હું શુધ્ધ છું એમ એને ખ્યાલમાં આવે. અશુધ્ધ પરિણામનો કર્તા માને તો એ શુધ્ધ રહેતો નથી. એ આત્મા એની દૃષ્ટિમાં, માન્યતામાં અશુધ્ધ થઈ જાય છે. માટે આત્મા જ્ઞાયક હોવાથી શુભાશુભભાવો થાય એનો પણ આમ સ્વભાવ દૃષ્ટિથી જોવામાં આવે તો અકર્તા છે. કેમ કે રાગાદિ થાય છે એનો એ આત્મા જાણનાર છે. એને બદલે દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી, રાગ ઉપર દૃષ્ટિ છે. રાગની ક્રિયા દેખીને, પોતાની હાજરી દેખીને હું આ રાગને કરું ને દુઃખને ભોગવું. એમ પરિણામ ઉપર લક્ષ રાખે છે અને દુઃખી થાય છે.

હવે એ દુઃખના નાશનો ઉપાય કે ભગવાનઆત્મા છે એ અકર્તા છે. અકર્તા હોવાથી શુધ્ધ છે. કે કેનો કર્તા નથી? કે તારામાં થતાં જે પરિણામ શુભ અને અશુભભાવ એ પણ એના ષટ્કારકથી પ્રગટ થાય છે. એ પર્યાય પણ સત્ અને અહેતુક સ્વતંત્ર છે. એ પરિણામ નિમિત્તથી ઉત્પન્ન થતાં નથી અને જે શુધ્ધ ત્રિકાળી ઉપાદાન છે એનાથી પણ અશુધ્ધ પરિણામ પ્રગટ થતાં નથી. અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઝીણી વાત છે. હવે એક બીજી અંદરની છેલ્લી સૂક્ષ્મ વાત. કે આત્માનું અવલંબન લેતાં જે શુદ્ધ પર્યાય પ્રગટ થાય એનો પણ ભગવાનઆત્મા કર્તા નથી. થાય છે એમ જણાય છે. હું કરું છું એમ જાણવામાં આવતું નથી. આહાહા! કેમ કે જો હું કરું છું તો દૃષ્ટિ પરિણામ ઉપર જાય છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવતી નથી. માટે આત્મા જે શુદ્ધ છે એ શુદ્ધ દૃષ્ટિમાં આવતો નથી. શુદ્ધનયનો વિષય રહેતો નથી.

માટે આત્મા પોતાના થતાં પરિણામનો જાણનાર છે પણ કરનાર નથી. જડકર્મ બંધાય એનો જાણનાર છે કરનાર નથી. દેહાદિની ક્રિયા થાય એનો જાણનાર છે પણ કરનાર નથી. દુકાનમાં વેપાર રોજગાર ચાલે, જડની પરિસ્થિતિ પલટે એનો પણ જાણનાર છે, કરનાર નથી. આહાહા! જાણે તો આનંદ માણે અને કરે તો દુઃખ ભોગવે. આહાહા! અકર્તા દૃષ્ટિમાં જયારે લેશે ત્યારે સમ્યગ્દર્શન થશે. પણ આત્માને કર્તા છું, કર્તા છું, કર્તા છું, કર્તા છું એમ માન્યા કરશે તો કોઈ કાળે મિથ્યાત્વનો અભાવ થશે નહિ. કેમ કે આત્મા નિષ્ક્રિય છે. નિષ્ક્રિય હોવાથી ક્રિયાનો કરનાર નથી. ક્રિયાના ષટ્કારક થાય છે માટે એનો જાણનાર છે પણ એનો કરનાર નથી.

જો કરનાર છે તો દૃષ્ટિ પર્યાય ઉપર જાય છે. અને હું અકર્તા જ્ઞાતા છું તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવે છે. આત્માનો અનુભવ થાય છે. (મુમુક્ષુ :- જ્ઞાનનો કર્તા છું?) વ્યવહારે, નિશ્ચયે નહિ. શું કહ્યું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ પ્રગટ થાય તો આત્મા એ રૂપે પરિણમે છે. ત્યારે તેને ઉપચારથી વ્યવહારથી કર્તા કહેવામાં આવે છે. ખરેખર, એ તો એનો જાણનાર છે. પણ એનો રચનાર કે કરનાર નથી. કેમ કે આત્મામાં ભાવ નામની એક શકિત છે. તેથી અનંતગુણના અનંત પરિણામ સમયે સમયે સહજ થયા જ કરે છે. ઊંઘમાં સુતો હોયને ત્યારે પણ અનંતગુણના અનંત પરિણામ થયા કરે છે. કાં તું કર તો થાય કે ઊંઘમાં હોય તો પણ થાય. એ ધારાવાહિક સહજ થયા જ કરે છે. તારી માન્યતા ખોટી છે, માન્યતા ફેરવી નાખ. બધું જેમ છે એમ તને જણાશે. શ્રદ્ધા ખોટી છે. ઝીણી વાત છે.

પણ લંડનમાં ઝીણી વાત તો ફરી ફરીને આ કોઈક દિવસ એમ તો ખ્યાલ આવે કે આવી વાત આપણે સાંભળી છે એનું શું ભલા? કેમ કે સાંભળી હશેને, ડિપોઝીટ હશેને તો કોઈ વખતે એને વિચાર કરવાનો અવકાશ મળશે. પણ સત્ય વાત જ સાંભળવા ન મળે, એની ધારણામાં ન હોય તો વિચાર કે દિ' કરે, નિર્ણય કે દિ' કરે અને અનુભવ કે દિ' કરે? માટે સત્ય વાત છૂપાવ્યા સિવાય દાંડી પીટીને જાહેર કરવા જેવી છે. આહાહા! કાંઈ પણ છુપાવ્યા વગર. જ્ઞાનીઓ કાંઈ પણ છુપાવતા નથી. જગતના પ્રાણીઓના દુઃખના નાશનો ઉપાય બતાવતાં આત્માનું જેવું સ્વરૂપ એમને સંતોને અનુભવમાં આવ્યું છે એ સંતો અનુભવપૂર્વક વાણી દ્વારા કહે છે. (મુમુક્ષુ :- ઝીણી વાત તો ત્રણસો વીસ (૩૨૦) નંબરની ગાથા જયસેન આચાર્યની ટીકામાં એવી ઝીણી વાત આ નથી.) હા, ઓલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ ઝીણી. ઓલી તો ઘણી ઝીણી છે. એના ભાવ અત્યારે આવી ગયા. શુભાશુભભાવનો કર્તા નહિ ને શુધ્ધપર્યાયનો પણ કર્તા નહિ. ઓલામાં તો આખો વિસ્તાર બહુ છે. નાઈરોબીમાં લીધી હતી નાઈરોબીમાં. ભાઈ વેલજીભાઈ ત્યાં હતા. આહાહા!

સર્વ કારકોના સમુહની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ. નિર્મળ અનુભૂતિ એટલે જ્ઞાયકભાવ, જ્ઞાનમય આત્મા, તે અનુભૂતિમાત્રપણાને લીધે, એટલે જ્ઞાનમાત્રપણાને લીધે, ચિન્મયમાત્રપણાને લીધે, ચિદ્ભાવને લીધે શુધ્ધ છું. હું મારામાં થતાં પરિણામ કે પરના થતા પરિણામ એને માત્ર જાણું ખરો પણ મારા પરિણામને કે પરના પરિણામને કરું એ મારો સ્વભાવ નથી અને જેને કરું એમ ભાસે છે એ અજ્ઞાની છે. જ્ઞાની નથી. શુધ્ધ છું. બે બોલ થયા એક અને શુધ્ધ.

હવે નિર્મમત્વ અને દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છું. એના બે બોલ આવશે એવા આત્માનું અવલંબન લેતાં, એવા શુધ્ધ આત્માનું જીવતત્ત્વને શ્રદ્ધા, જ્ઞાનમાં લેતા આસ્રવનો અભાવ થાય છે અને સંવર એટલે વીતરાગી પરિણામ, ધર્મના પરિણામ આત્મા આશ્રિત પ્રગટ થાય છે. એ આચાર્ય ભગવાન હવે કહેશે. આપણે તો બધું ટાઈમસર છે, આઠથી નવ.

## પ્રવચન નંઃ- ૧૧
## તા. ૧૮-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૩ ઉપર પ્રવચન

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. જે આજથી બે હજાર વર્ષ પૂર્વે કુંદકુંદઆચાર્ય ભગવંત થયા છે. એ મદ્રાસથી એંસી માઈલ દુર પોન્નુર હિલ છે.ત્યાં એની તપોભૂમી હતી.અને ત્યાંથી સદેહે મહાવિદેહક્ષેત્રમાં સીમંધરભગવાન પાસે એ ગયા હતા. ત્યાં દર્શન કરીને પોતે પાવન થયા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાં પ્રત્યક્ષ તીર્થંકર પરમાત્માની વાણી સાંભળી અને પોન્નુર હિલ ઉપર પાછા પધાર્યા. ત્યાર પછી તેઓશ્રીએ ઘણા શાસ્ત્રો લખ્યા. એમાં અત્યારે માત્ર છ શાસ્ત્રો ઉપલબ્ધ છે. બાકીના ઉપલબ્ધ નથી. એમ કહેવાય છે કે ચોર્યાસી શાસ્ત્રો તેઓશ્રીએ લખ્યા હતા. એમાનું આ એક સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેમાં અનાદિકાળથી આત્મા પોતાના મૂળસ્વરૂપને અસલી સ્વરૂપને ઓળખી શકયો નથી એ ઓળખાવવાનો આમાં પ્રયત્ન છે.

આત્માનું સ્વરૂપ કાંઈ છે અને માને છે કાંઈ. દેહને આત્મા માને છે, રાગને આત્મા માને છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુખદુઃખને આત્મા માને છે. એમ અનેક રીતે અજીવમાં જીવપણાની કલ્પના કરે છે. આસ્રવમાં જીવપણાની કલ્પના કરે છે. પુણ્ય-પાપના પરિણામમાં જીવ હોવાની કલ્પના કરે છે. એ બધી ભ્રમણાઓ છે. દેહથી જુદો આઠ કર્મથી જુદો અને પુણ્ય-પાપની લાગણીઓ ઉત્પન્ન થાય છે. જે વ્રતઅવ્રતના વિકલ્પો ઉત્પન્ન થાય છે, શુભ અને અશુભ એનાથી પણ ભિન્ન અંદર જ્ઞાનાનંદ પરમાત્મા ચૈતન્યમૂર્તિ બિરાજમાન છે.

જેમ મંદિરમાં જિન પ્રતિમાની પધરામણી થાય છે એમ આ દેહ દેવળની અંદર દેહથી ભિન્ન એક ચૈતન્યમૂર્તિ બિરાજમાન છે. એવો અંદરમાં રહેલો શુદ્ધાત્મા એક સમય માત્ર (પણ) અજ્ઞાની પ્રાણી એની દૃષ્ટિ કરતો નથી, એનો અનુભવ કરતો નથી અને રાગના અનુભવમાં રત એકાકાર લીન થઈ અને અનંત અનંત દુઃખને ભોગવે છે અને ચારગતિમાં રખડે છે. એ દુઃખથી મુકાવાના ઉપાય (માટે) શિષ્ય પ્રશ્ન કરે છે કે આવા દુઃખથી છૂટવાનો ઉપાય શું (છે તે) મને કૃપા કરીને બતાવો.

એના ઉત્તરમાં આચાર્ય ભગવાન તૌંતેર નંબરની ગાથા ફરમાવે છે, કે સાંભળ મને પણ મારા ગુરુ પાસેથી શુદ્ધાત્માનો ઉપદેશ મળ્યો હતો. મેં પણ મારા શુદ્ધાત્માની અંતર સન્મુખ થઈ પ્રથમ દૃષ્ટિ અને અનુભવ કરી પછી વિશેષ એમાં લીન થઈ અને એક અપૂર્વ જ્ઞાન અને વૈરાગ્યની દશા જે આત્મિક આનંદદાયક છે એવી દશા અમને ઉત્પન્ન થઈ છે. દુઃખ ટળી ગયું છે. સર્વથા દુઃખ અલ્પકાળમાં ટળશે અને અમને પૂર્ણ સુખની પ્રાપ્તિ થશે. એવા અનુભવી ધર્માત્મા આ ગાથામાં ફરમાવે છે કે દુઃખના નાશનો ઉપાય માત્ર એક છે, કે જે દુઃખથી ભિન્ન આત્મા છે. જે સુખ સ્વભાવી છે એનું અવલંબન લેતા વેંત જ પરિણામમાં જે દુઃખ છે એનો અભાવ થઈ અને પરિણામમાં સુખની પ્રગટતા થાય છે.

પરિણામમાં દુઃખ છે સ્વભાવમાં સુખ છે. આ એક જબરજસ્ત સ્યાદ્વાદ છે કે જે જગતના જીવો જાણતા નથી કે દુઃખી જીવ પણ સુખી રહી શકયો છે. સુખી રહી ગયો છે. સર્વથા દુઃખી થયો નથી. પરિણામમાં સર્વથા દુઃખ છે અને સ્વભાવમાં સર્વથા સુખ છે. સ્વભાવમાં કિંચિત માત્ર દુઃખ નથી અને પરિણામમાં (જયાં સુધી) અજ્ઞાની છે ત્યાં સુધી કિંચિત માત્ર સુખ નથી. પરિણામમાં દુઃખ અને સ્વભાવમાં સુખ ભરેલું છે.

કેમ કે દરેક પદાર્થના આ પ્રકારે દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ સામાન્ય અને વિશેષ બે પડખાં છે. એક આત્માના બે પડખાં છે. જાજું અસત્ સાંભળવાને બદલે થોડું પણ જો સત્ સાંભળવા મળે અને જો એને બરાબર પોતે પોતાની જ્ઞાનની લેબોરેટરીની અંદર એ વાતને મૂકે અને ચકાસણી કરે તો જરૂર એને પોતાના આત્માનું સ્વરૂપ શું છે? એ પ્રથમ ખ્યાલમાં આવે નિર્ણય કરે અને પછી પ્રત્યક્ષ અનુભવ કરી શકે એમ છે.

જેમ પાણી વર્તમાનમાં અગ્નિના નિમિત્તે અને પોતાની લાયકાતથી અવસ્થા ઊની થઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉષ્ણ પર્યાય થઈ છે. પર્યાય કહો, દશા કહો, હાલત કહો, પરિણામ કહો (એ બધા) એકાર્થ વાચક શબ્દો છે. પાણી દ્રવ્ય સ્વભાવે શીતળ છે અને અગ્નિના નિમિત્તે, અગ્નિથી નહીં. અગ્નિના નિમિત્તે પાણીની પર્યાયની યોગ્યતાથી પાણી ઉષ્ણ પણ થયું છે. પરિણામમાં ઉષ્ણતા છે અને પાણીના સ્વભાવમાં શીતળતા છે. બેય એક સાથે રહી શકે છે. એને કથંચિત્ ઉષ્ણ અને કથંચિત્ શીત એટલે વ્યવહારનયે ઉષ્ણ અને નિશ્ચયનયે શીત-શીતળ એ પાણીનો સ્વભાવ ત્રણેકાળ શીતળ છે જ્યારે અવસ્થામાં ઉષ્ણતા છે. આંગળી બોળી ન શકાય, આંગળી બોળે તો ચામળી ઉખળી જાય એવું ખદખદતું પાણી ઊનું હોય ત્યારે પણ કોઈ જ્ઞાનીને પૂછો કે આ પાણી તમને કેવું દેખાય છે? તો જેને સ્વભાવગ્રાહી જ્ઞાન થયું છે, પાણીના સ્વભાવને નજરમાં લીધું છે, પોતાના આત્માને સ્વભાવમાં નજરમાં લીધો એ જગતના બધા પદાર્થોને સ્વભાવથી જુએ છે. એને પૂછવામાં આવે કે આ પાણી કેવું છે? (તો કહે) ઓહો! એકદમ ટાઢું શીતળ શીતળ શીતળ છે. ત્યારે આ વાત કોઈ માનવા તૈયાર ન થાય. કે પાણી જ્યારે ઊનું છે ત્યારે પાણી ઠંડુ શી રીતે રહી શકે? કેમ કે બે વિરૂધ્ધ ધર્મ છે. કાં હોય ઠંડુ અને કાં હોય ગરમ.

આ દ્રષ્ટાંત એટલા માટે આપવામાં આવે છે, કે સિધ્ધાંત જરા સમજવામાં એને મદદગાર થાય. નહીંતર સિધ્ધાંત ઘડીકમાં સમજાય નહીં. ત્યારે ભાઈ એ બે વિરોધ ધર્મ સાથે રહી શકે છે. કેમ? કે પર્યાયમાં ઉષ્ણતા અને પર્યાયમાં શીતળતા એમ નથી. પરિણામ તો ઉષ્ણ છે. પણ એનો દ્રવ્ય સ્વભાવ એનો શકિત સ્વભાવ પાણીની શકિતનો સ્વભાવ, એક વ્યકત અને એક શકિતરૂપ. શકિતરૂપ પાણી શીતળ છે. વ્યકતરૂપ પાણીની અવસ્થા ઊની થઈ છે. ઉષ્ણ થઈ છે. છતાં પણ એવી ઉષ્ણ પર્યાયવાળું પાણી પણ જો અગ્નિ ઉપર નાખવામાં આવે તો અગ્નિને ઠારી નાખે છે. અથવા થોડો ટાઈમ પાણી એમ ને એમ પડયું રહે તો એની મેળે મેળે એની અવસ્થા ઠંડી થઈ જાય છે. તો એ ઠંડી અવસ્થા આવી કયાંથી? ઠંડી અવસ્થા બહારની હવામાંથી નથી આવી પણ પાણીનો શકિતરૂપ શીતળ સ્વભાવ નિત્ય ધ્રુવ કાયમી હતો એની અવસ્થામાં એ વ્યકત અવસ્થા શીતળ થઈ જાય છે.

એમ આ આત્મા વર્તમાનમાં અવસ્થામાં રાગ-દ્વેષ મોહના પરિણામથી અથવા ક્રોધ માન માયાના પરિણામથી એ આત્મા વર્તમાનમાં અવસ્થામાં દુઃખી છે. અવસ્થામાં જ્યારે દુઃખ છે ત્યારે આત્માનું એક બીજું પડખું જે શકિતરૂપ છે એ એકદમ જ્ઞાન ને સુખથી ભરેલું છે. એમાં દુઃખ પ્રવેશી શકયું નથી. એવો આત્માનો મૂળ સ્વભાવ છે. એ મૂળ સ્વભાવને શ્રધ્ધા જ્ઞાનમાં લેતાંવેંત જ અવસ્થામાં દુઃખ ટળી જાય છે અને દુઃખના સ્થાને સુખ પ્રગટ થાય છે અથવા બીજી રીતે શાસ્ત્રીય ભાષાએ કહીએ તો આસ્રવનો નિરોધ થાય છે અને સંવરની ઉત્પત્તિ થાય છે.

એમ જે આત્મા આત્માનું શરણ લ્યે છે તેને પ્રગટ સુખનો સ્વાદ આવે છે. વર્તમાનકાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પંચમકાળમાં આઠ વર્ષનો બાળક પણ સમ્યગ્દર્શન એટલે આત્મદર્શન એટલે આત્મ સાક્ષાત્કાર કરી શકે છે. બહેનો ભાઈઓ વૃધ્ધ બાળગોપાળ ભણેલા હોય અભણ હોય, એ પણ આત્માનો અનુભવ કરી શકે છે. એમાં ધનની જરૂર નથી. એમાં શરીરના બળની જરૂર નથી. એમાં શાસ્ત્રજ્ઞાનની જરૂર નથી. એમાં લૌકિકજ્ઞાનની જરૂર નથી. એવો આત્મા ધર્મ કરવા માટે સદા સ્વાધીન રહેલો છે. જયારે ધર્મ કરે ત્યારે ધર્મ થાય. ધર્મ એટલે 'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ તેને ધર્મ કહેવામાં આવે છે.

આત્મા પણ એક વસ્તુ છે. એમાં જ્ઞાન, આનંદ એવા અનંતગુણો વસેલાં છે. એવી જે વસ્તુ છે એનું અવલંબન લેતાં દશામાં જે વીતરાગભાવ પ્રગટ થાય જે આનંદદાયક છે એવાં પરિણામ એ આત્માનો સ્વભાવ હોવાથી એ સ્વભાવને ધર્મ કહેવામાં આવે છે અને એ વીતરાગભાવથી વિરૂધ્ધ જે પુણ્ય ને પાપનાભાવ રાગાદિભાવ એ આત્માના સ્વભાવથી વિરૂધ્ધ હોવાને કારણે તેને અધર્મ કહેવામાં આવે છે. એવા અધર્મનો નાશ અને ધર્મની ઉત્પત્તિ કેમ થાય એનું આમાં રહસ્ય ખોલે છે. કાલે બે બોલ ચાલ્યા હતા. આજે ફરીથી થોડું ટૂંકાણમાં લઈ લઈએ.

કે હું આ આત્મા જુઓ આ ધ્યાનનો વિષય બતાવે છે. આજકાલ ધ્યાનની ચર્ચાઓ બહુ ચાલે છે. ધ્યાનની શિબિરો બહુ લાગે છે પણ ધ્યાન કોનું કરવું એ પદાર્થની કાંઈ ખબર નથી. આત્માનું ધ્યાન કરવું પણ આત્માનો સ્વભાવ શું? સ્વરૂપ શું? એની કાંઈ ખબર ન હોય તો ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના ધ્યાન થઈ શકતું નથી. ધ્યાનનો વિષય પોતાનો શુધ્ધાત્મા છે. એ શુધ્ધાત્માનું સ્વરૂપ શું છે કે જેનું ધ્યાન કરતાં દુઃખ ટળી જાય અને આત્મિક સુખ ધર્મ પ્રગટ થાય.

એ આત્મા અનાદિઅનંત એકરૂપ રહેલો છે. પરિણામ અનેકરૂપ થાય છતાં આત્મા પોતાનો એકરૂપ સ્વભાવ છોડતો નથી. આત્મા એકનો બે નથી થતો. જેમ સોનું છે તેના નવ ઘાટ કરવામાં આવે (તેને) નવતત્ત્વ સાથે જોડવું છે. એક સોનાના નવ પ્રકારના ક્રમે ક્રમે ઘાટ-દાગીના થાય છે. તો પણ એ જે મૂળ સોનું છે એ સોનું નવરૂપે થતું નથી. તો સોનું એકનું બે અને બેનું ત્રણરૂપે થઈ જાય તો ઘાટનો નાશ થતાં સોનાનો નાશ થઈ જાય, પણ સોનું પોતાનું એકપણું છોડતું નથી અને નવપણે થતું નથી.

એમ આ આત્મા છે એ કવચિત્ પુણ્ય-પાપરૂપે પરિણમે છે, એ કવચિત્ આસ્રવરૂપે પરિણમે છે એ કવચિત્ સંસારમાં બંધરૂપે પરિણમે છે. એનો એ આત્મા કવચિત્ અંતરઆત્મા અનુભવી થાય તો એ આત્મા સંવર-નિર્જરા એટલે ધર્મના પરિણામરૂપે એટલે વીતરાગ પરિણામરૂપે પરિણમે છે. એ જાતમાં કવચિત્ પૂર્ણ વીતરાગદશા ને મોક્ષદશારૂપે પણ પરિણમે છે. આમ એક આત્મા એની અવસ્થાથી જોતાં નવરૂપે પરિણમતો હોવા છતાં પોતાનું એકપણું છોડતો નથી. એવો એક શુધ્ધાત્મા એ ધ્યાનનું ધ્યેય છે. પરિણામ અનેક થાય છે એ આત્મા નથી. એ વ્યવહાર આત્મા છે નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા નથી. હું એક છું પછી હું શુદ્ધ છું. પરિણામમાં અનેકતા છે ત્યારે એમ લક્ષમાં લેવું કે હું અનેક નથી. અનેકપણાનો નિષેધ કરી અને હું એક છું એમ એક ઉપર દ્રષ્ટિ દેવી.

એક ઉપર દ્રષ્ટિ દેતાં જે મનની ને પરિણામની ચંચળતા છે એ પરિણામની ચંચળતાનો અભાવ થઈ અને એકનું અવલંબન લેતાં ઉપયોગ ત્યાં સ્થિર થાય છે. અનેકનું અવલંબન લેતાં પરિણામમાં અસ્થિરતા આવે છે અને એક ઉપર નજર રાખતાં એની સ્થિરતા પ્રગટ થાય છે. સ્થિરતા તે વીતરાગતા છે.

પછી બીજા બોલમાં એમ કહે છે. પરિણામમાં અશુદ્ધતા હોવા છતાં રાગ-દ્વેષ, ક્રોધ-માન, માયા-લોભ, વ્રત-અવ્રતના અનેક પ્રકારના (જે) રાગાંશ વિકલ્પો ઊઠે છે તેથી પરિણામ અશુદ્ધ છે. પરિણામ અશુદ્ધ હોવા છતાં પણ એ અશુદ્ધ પરિણામને ગૌણ કરીને, એનું લક્ષ છોડીને એ બીજું શુદ્ધનું પડખું રહેલું છે એનું અવલંબન લે. એ શુદ્ધ એટલા માટે રહી ગયો છે કે પર પદાર્થોનો આત્મા કર્તા નથી માટે શુદ્ધ છે. આઠ પ્રકારના કર્મ બંધાય છે એનો પણ આત્મા કર્તા નથી માટે આત્મા શુદ્ધ છે. પુણ્ય-પાપના પરિણામનો પણ સ્વભાવ દ્રષ્ટિએ કર્તા નથી માટે આત્મા શુદ્ધ છે. એમ સ્વભાવ દ્રષ્ટિએ આત્મા સંવર, નિર્જરા અને મોક્ષના પરિણામનો પણ કર્તા નથી. માટે આત્મા શુદ્ધ રહેલો છે. જો આત્મા પરિણામને કરે તો આત્મા શુદ્ધ રહી શકતો નથી. એ અશુદ્ધ થઈ જાય છે. પણ પરિણામ એના સ્વકાળે, સ્વતંત્ર એના ષટ્કારકથી સ્વયં ઉત્પન્ન થાય છે એનો જાણનાર છે પણ પરિણામનો કરનાર નથી. એમ જ્યારે શુદ્ધાત્માની સન્મુખ થાય ત્યારે તે હું શુદ્ધ છું એમ લક્ષમાં આવે છે અને (લક્ષમાં) આવતાં એને આત્માનો-શુદ્ધનો અનુભવ પણ થાય છે. અને શુદ્ધનો અનુભવ થતાંવેંત જ પરિણામમાં પણ શુદ્ધતા પ્રગટ થઈ જાય છે. પરિણામમાં જે અશુદ્ધતા હતી, એ અશુદ્ધતાનો અભાવ થઈ, વ્યય થઈ અને શુદ્ધ પરિણામની પ્રગટતા ઉત્પાદ થાય છે.

એમ, આહા! બે પડખાવાળો એક આત્મા એક પડખું મલિન અને બીજું પડખું નિર્મળ. આમ થઈ શકતું હશે? આમ હોઈ શકે છે? એમ પ્રશ્ન થાય. તો પાણીનો જેમ દ્રષ્ટાંત આપ્યો તો પાણીના દ્રષ્ટાંતથી સિદ્ધ થઈ શક્યું. એમ કપડાનું દ્રષ્ટાંત એમ રંગવાળું કપડું એમ અનેક પ્રકારના જગતના પદાર્થો છે એના દ્રષ્ટાંતથી વસ્તુનો ક્ષણિકસ્વભાવ, પર્યાયસ્વભાવ, અવસ્થાસ્વભાવ અને ત્રિકાળ-સ્વભાવ એમ જરૂર પોતાના જ્ઞાનમાં આત્માનો અનુભવ થવા પહેલાં આત્માનો નિર્ણય થઈ શકે છે. અને નિર્ણય કરીને તેનું અંતર સન્મુખ થઈ એકાગ્ર ધ્યાન વડે એ જો એમાં ઉપયોગ જોડે તો એને આત્માનો પ્રત્યક્ષ અનુભવ વર્તમાનકાળમાં, આઠ કર્મ બંધાયેલાં છે ત્યારે, શરીરનો યોગ છે ત્યારે, કુટુંબ પરિવાર સંયોગરૂપે છે ત્યારે, મોટર બંગલા એનામાં છે એ આત્મામાં નથી. એમ જાણીને જે આત્માની સન્મુખ થાય ભેદજ્ઞાન કરે તો અભેદનું જ્ઞાન ને અભેદનો અનુભવ થઈ શકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેથી સર્વ કારકોની પ્રક્રિયાથી પાર એટલે અનેક પ્રકારની પરિણામમાં વિશેષ ક્રિયાઓ થાય છે એ ક્રિયાઓથી જુદો રહિત આત્મા એ પરિણામનો કર્તા નથી માટે આત્મા શુદ્ધ છે. એવા શુદ્ધસ્વભાવનું અવલંબન લેતાં અશુદ્ધતા મલિનતાં ટળી જાય છે અને આત્માને ધર્મની પ્રાપ્તિ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વીતરાગી પરિણામની પ્રગટતા થાય છે. બે બોલ થયા. હવે ત્રીજો બોલ. આટલું તો આપણે ચાલ્યું હતું.

જુઓ આ એક અધ્યાત્મ શાસ્ત્ર છે. જગતના જીવોને આ વાત સાંભળવાય મળતી નથી. એટલે કઠણ પડે, સૂક્ષ્મ લાગે પણ દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા મહાવીર ભગવાને કહેલી આ વાત છે. ગૌતમ ગણધરે ઝીલેલી અને એની પરંપરામાં જે આચાર્ય ઉપાધ્યાય અને સાધુ મહારાજ થયા એ આત્માના અનુભવી નિત્ય આનંદનું ભોજન કરનારા દિવસમાં તો જેને એક સેકંડની પણ ઊંઘ ન હોય, રાત્રિના પણ પાછલાં પહોરે એક સાથે સતત પોણી સેકંડથી વધારે ઊંઘ હોય જ નહીં. પોણી મિનિટ નહીં પણ પોણી સેકંડની ઊંઘ માત્ર હોય. એક સેકંડની ઊંઘ જો વધી(ને આવી) જાય તો એ મુનિદશા સાધુદશા રહેતી નથી. આવી દશાનું કારણ શું છે? (કે) એ એટલા બધા પ્રચુર આનંદના વેદનમાં પડયા છે કે પ્રમાદ છૂટી ગયો છે. ઊંઘવું એ પ્રમાદ છે. એ પ્રમાદ એ પાપ છે. ઊંઘવું એ પ્રમાદ અને એ પ્રમાદને ભગવાને પાપના પરિણામ કહ્યા છે. ગૃહસ્થીને હોય ખરા પણ એનું રૂપ જેવું છે એવું એણે ખ્યાલમાં લેવું જોઈએ. તો મુનિરાજને ઊંઘ હોતી નથી કેમ કે ખુબ આનંદમાં મસ્ત છે.

આપણે એક દૃષ્ટાંત લઈએ કે જેવી રીતે કાપડના કોઈ વેપારી છે અને એની દુકાનની આજુ બાજુ એનું ઘર હોય, ભારતમાં તો એ સ્થિતિ હોય છે અહીંયા દૂર હોય છે. અને એ કાંઈ લગ્નની કોઈ ઘરાકી હોય અને દુકાને ખૂબ ગ્રાહકો આવ્યા હોય, ઘર બાજુમાં હોય એટલે રોજ તો બારથી એક વચ્ચે જમવા જતાં હોય પણ તે દિવસે ઘરાકી બહુ એક થયો દોઢ થયો બે થયા બધા બાળકો રાહ જુએ કે પપ્પા આવે એટલે સાથે જમીએ પણ બે વાગ્યા સુધી આવ્યા નહીં. એટલે છોકરાઓ બાજુમાં દુકાને બોલાવવા ગયા. (પણ) ઘરાકી એવી, કમાણીમાં રત, એવું મન લાગી ગયું હતું કે આ ફરી મોકો નહીં આવે. એટલે એમાં રસ એવો હતો એને રસ હતો લોભ કષાય કમાવાનો. એમાં ભૂખનું દુઃખ લાગતું નથી. ઓલા છોકરાઓ આવે છે કે પપ્પા બે વાગ્યા (છે અને) અમે પણ તમારી પાછળ ભૂખ્યા (છીએ). અરે! મને ભૂખ લાગી નથી જાવ તમે જમી લ્યો. મને ભૂખ લાગી નથી. કેમ? કે એને ઓલો રસ ચડયો છે. એને કમાવામાં એટલો એકાગ્ર થઈ ગયો છે, રસ ચડી ગયો છે. તો એને ભૂખ પણ ભૂલાઈ ગઈ. ભૂખનું દુઃખ પણ ભૂલાઈ ગયું.

એમ મુનિરાજ, આહાહા! શું આચાર્ય ઉપાધ્યાય ને સાધુ, 'સાધુ હુઆ તો સિદ્ધ હુઆ.' એ કોઈ અપૂર્વ ચારિત્રની દશા છે. એને આનંદનું ભોજન એટલું બધું અતીન્દ્રિય આનંદનું ભોજન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંદરમાં આવે છે. નિત્ય આનંદના ભોજન કરનારા. આનંદમાં એટલા લીન છે (કે) કોઇ કોઇ વખતે એક દિવસ બે દિવસ ત્રણ દિવસ આનંદની મસ્તીમાં જમવાની આહારની ઇચ્છા થતી નથી. ઇચ્છાનો નિરોધ થઇ અને આનંદનું ભોજન કરે છે. એ સહજપણે જે આનંદના ભોજન કરતાં કરતાં આહારની ઇચ્છા ન થઇ એને ઇચ્છાનો નિરોધ તેને તપ કહેવામાં આવે છે અને એવા પરિણામથી આત્માની નિર્જરા થાય છે. એમ આનંદની સ્થિતિ એટલી બધી ઉત્કૃષ્ટ હોવાથી તેને ઊંઘ નથી આવતી. પ્રમાદ નથી, સાવધાન છે. શુધ્ધાત્મામાં એટલા સાવધાન થઇ જાય છે એ કોઇ અપૂર્વ દશા છે.

એમ અહીંયા આચાર્ય ભગવાન ફરમાવે છે કે પ્રથમ એવી ચારિત્રદશા આવવા પહેલાં ગૃહસ્થ અવસ્થામાં એક સમ્યગ્દર્શન આત્મદર્શન થાય છે. એમાં પણ એની જાતનો અલ્પ આનંદ આવે છે. સિધ્ધની જાતનો આનંદ આવે. અરિહંતની જાતનો આનંદ. જાત એક માત્રામાં ફેર. જેમ સાકર છે એની એક ગણી મીઠાશ છે. તો એ સેકરીનની પાંચસો પચાસ ગણી મીઠાશ એમાં હોય. તો સેકરીનની અંદર મીઠાશ વધી ગઇ. અહીંયા મીઠાશ ઓછી છે પણ બેયની મીઠાશની જાત સરખી (છે.) શાંતિભાઇ! બેયની મીઠાશની જાત સરખી. અરિહંતપરમાત્મા પૂર્ણ આનંદનું ભોજન કરે છે. મુનિરાજ એના કરતાં અલ્પ આનંદનું ભોજન કરે છે અને એના કરતાં ગૃહસ્થી સમ્યગ્દષ્ટિને અલ્પ આનંદનું ભોજન થાય છે.

આત્મિક આનંદની જાત એક માત્રામાં ફેર. કેમ કે નીચે એક કષાયનો અભાવ છે, ઉપર ત્રણ કષાયનો અભાવ છે, અરિહંતપરમાત્માને ચાર કષાયનો અભાવ થઇ ગયો છે પરિપૂર્ણ વીતરાગ દશા થઇ ગઇ છે. આહા! એવા આત્માને એક વખત લક્ષમાં લે. અરે આ લંડનમાં સાંભળવા મળે નહીં. કેમ કે અસત્‌ની કથામાં ને વાર્તામાં હજારો લાખો માણસો ભેગા થાય પણ સત્‌ની વાત સાંભળવાની રુચિવાળા ત્રણેકાળ ઓછા હોય. ત્રણેકાળ ઓછા હોય. આ કાળે એમ નહીં. ત્રણેકાળ વિરલા જ હોય છે. વિરલા જ તત્ત્વને સાંભળે છે. વિરલા જ તત્ત્વને ધારે છે અને વિરલા જ તત્ત્વને અનુભવે છે. વિરલમાં વિરલ વાત છે. સંસારના નાશનો ઉપાય બતાવે છે. હવે એક સૂક્ષ્મ વાત એવી કરે છે, કે જે એણે કદી સાંભળી નથી.

આચાર્ય ભગવાને પ્રતિજ્ઞા કરી છે. કે તેં કદી શુધ્ધાત્માની વાત સાંભળી નથી એવી વાત હું તને કહીશ. તો એમાં આતરો કરજે (કે) બીજાઓ આત્માની ધર્મની વાત કરે અને અમે ધર્મની વાત કરીએ એમાં તું તારા જ્ઞાનની લેબોરેટરીમાં ચડાવજે કે કોની વાત વીતરાગ પોષક છે અને કોની વાત રાગ પોષક છે. રાગ પોષક ઉપદેશ ગમે ત્યાંથી મળી શકે છે પણ વીતરાગભાવ પોષક વાત એ તો વિરલ ક્યાંક ક્યાંક કોઇ કોઇ વખતે જીવને ભાગ્ય હોય તો મળે. એવી એક વાત હું કહું છું સાંભળજે, કે તારી દશામાં જે પુણ્ય ને પાપના પરિણામ થાય છે એનો સ્વામી પુદ્‌ગલ દ્રવ્ય છે. એનો સ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા નથી. જેમ આ મકાનનો સ્વામી આત્મા નથી, પૈસાનો ધણી આત્મા નથી. પૈસા પુદ્ગલ છે તો પુદ્ગલનો સ્વામી પુદ્ગલ હોય. અને જે હીરા છે ને હીરા, ભરતભાઈ! એ હીરાનો સ્વામી પુદ્ગલ છે. હીરાનો સ્વામી આ ભરતભાઈ મોટા હીરાના વેપારી બેઠા છે. મુંબઈથી આવ્યા છે. આહાહા! આ આત્મા હીરાનો સ્વામી નથી. હીરા જડ છે ભાઈ! જડનો સ્વામી જડ હોય. જડનો સ્વામી ચેતન ત્રણ કાળમાં બની શકે નહીં. જો એનો સ્વામી બની જાય તો પોતે જડ થઈ જાય. તો એનો સ્વામી બની શકે. શાંતિભાઈ! આ તો સર્વજ્ઞ ભગવાને કહેલી ન્યાયથી, આગમથી, યુક્તિથી, અનુભવથી સિદ્ધ થાય એવી વાત છે. પણ જરા શાંતિથી સાંભળવાનો ટાઈમ કાઢેને? અરે સાંભળવાનો ટાઈમ કાઢે તોય ઘણું છે. હા, પછી સાંભળે, પછી વિચારે, પછી નિર્ણય કરે અને પછી અનુભવ કરે. પણ સત્‌ની વાત સાંભળે જ નહીં તો એ કેવી રીતે આ સાચું કે આ સાચું એ કયારે નિર્ણય કરે?

કહે છે કે તારી દશામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે, હિંસા, જૂઠ, ચોરીના પરિણામ કે અહિંસા આદિના કરુણા કોમળતાના પરિણામ. ખાવા પીવા રળવા કમાવાના પાપના પરિણામ કે સાંભળવાના પુણ્યના પરિણામ કે ભગવાનના દર્શનના વિકલ્પનો શુભ ભાવ, કે વ્રતનો શુભ ભાવ કે અવ્રતનો અશુભ ભાવ. એ બધા પ્રકારના જેટલા પરિણામ તારી દશામાં ઉત્પન્ન થાય છે એનો સ્વામી પુદ્ગલ દ્રવ્ય છે. એનો સ્વામી આત્મા નથી. તું માની બેઠો છો કે આ પરિણામ મારા છે. એમ એની સાથે સ્વસ્વામી સંબંધ માન્યો છે. આ રાગ મારું સ્વ અને હું એનો સ્વામી, દેહ મારું સ્વ અને હું એનો સ્વામી. આ મકાનનો સ્વામી નહીં પણ દેહનો તો હું ધણી ખરો કે નહીં. મારા દેહનો હું સ્વામી નહીં? કે ના. તારા દેહનો તું સ્વામી નથી. કેમ કે તું ચૈતન્ય છો. દેહ જડ છે. જડનો સ્વામી ચેતન હોઈ શકે નહીં.

એ કયારે બની શકે કે ચેતન મટીને પોતે દેહરૂપ જડરૂપ થઈ જાય, ઝવેરચંદભાઈ! તો તો એનો સ્વામી બની શકે. પણ એમ તો ત્રણકાળે બની શકતું નથી. 'જડભાવે જડ પરિણમે ચેતન ચેતન ભાવ, કોઈ કોઈ પલ્ટે નહીં છોડી આપ સ્વભાવ.' જડ એનો સ્વભાવ છોડતો નથી, ચેતન એનો સ્વભાવ છોડતો નથી. માટે જડનો સ્વામી આત્મા બનવું અશકય છે. તું માની બેઠો છે કે આ દેહ મારો છે ને મકાન મારા માની બેઠો છો એ તો તારું અજ્ઞાન ને ભ્રમણા છે. એ વાસ્તવિક કયાં છે? એનું તો દુઃખ છે. પર પદાર્થને પોતાનો માનવો એનું નામ જ દુઃખ છે, એનું નામ જ સંસાર છે. સંસાર કયાં રહેતો હશે? સંસાર કુટુંબમાં રહેતો હશે? સંસાર એ આત્માના મિથ્યાદર્શન આદિ પરિણામ એ સંસારતત્ત્વ છે. સ્વરૂપના સ્વભાવની અસાવધાની સ્વરૂપમાંથી સરી જવું, ખસી જવું અને પરને પોતાના માનવા એવા મિથ્યાત્વ આદિના પરિણામને ભગવાન સંસાર કહે છે.

એ કહે છે સાંભળ ભાઈ! તારી દશામાં જે દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ થાય છે ને? એનો સ્વામી તું નથી. એનો સ્વામી પુદ્ગલ છે. તો હવે એમાં કાંઈ દૃષ્ટાંતથી સિદ્ધ થઈ શકે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવું ખરું? કે હા, દૃષ્ટાંતથી સિદ્ધ થાય એવું છે. એક ગામડું ગામ હતું અને એ ગામડામાંથી ગોવાળ ઘણી ગાયો બહાર ચરાવવા લઈ જાય અને સાંજે પાછી ગાયો ઘર ભેગી થઈ જાય અને એનો ચાર્જ ગોવાળીયાને આપે. એમાં એક વખતે બે ગાયો આજુબાજુના બીજા ગામમાં ચાલી ગઈ, ભૂલી પડી ગઈ. એક ગાય પૂર્વમાં ગઈ અને એક ગાય પશ્ચિમમાં ગઈ. તો પશ્ચિમમાં જ્યાં બે ચાર દસ માઈલ (દૂર) ગામડું હતુ ત્યાં ગઈ. એક પૂર્વમાં અને એક પશ્ચિમમાં (ગઈ) તો ગામ હતું ગામડું ત્યાં એક ગાય ગઈ અને કોઈ એવા ખેડૂતના ઘરે ગાય જઈને ઊભી. ત્યારે એને એમ થયું કે આ ગાય આપણી નથી પણ પારકી ગાય કાંઈક ભૂલી પડી ગઈ છે તો એને બાંધી, એને ખડ વગેરે ચારો આપ્યો, એને પાણી પાયું. બેય જગ્યાએ ગાય જ્યાં પહોંચી તો ત્યાં એને ખોરાક મળવા માંડયો અને ખોરાકના બદલામાં પોતે દૂધ ગ્રહણ કરે. એટલે એમાં એને કોઈ વાંધો નહતો.

હવે જ્યાં જેની ગાયો ખોવાઈ ગઈ એ વિચાર કરે છે એક દિ' થયો બે દિ' થયા ગાય આવી નહીં, ગોવાળને પૂછયું કે ગાય તો ભઈ બધી એક સાથે આવી હતી પણ કયાંય છૂટી પડી ગઈ હોય તો આજુબાજુ ગામડે તપાસ કરો. એમ આઠ દિવસ થયા, પંદર દિવસ થયા. શોધતા શોધતા પૂર્વની દિશામાં એ ગાયનો માલિક ગયો અને જોયું તપાસ કર્યું, કે આ એક ગાય કોઈ ગામમાં આવી તો છે ફલાણા ભાઈને ઘરે તપાસ કરો. ન્યાં એ ભાઈ પહોંચ્યા અને ફળીયામાં ચોકમાં ગાય બાંધેલી હતી. એને જઈને કહે છે કે ભાઈ આ ગાય છે ને એ મારી પંદર દિવસ પહેલાં ખોવાઈ ગઈ છે અને ભૂલથી તમારા ગામમાં આવી ગઈ છે. તો એણે કહ્યું હા બરાબર છે. આ ગાય મારી નથી. આ ગાયના ધણી તમે થયા તો ગાય તમને હું આપી દઉં. હું અત્યાર સુધી ધણી શોધતો હતો. ધણી વિના ગાય કોને સોંપવી?

ઓલો પ્રમાણિક નીતિમાન, પૂર્વની દિશામાં ગયો દૃષ્ટાંત સાંભળજો. ભાઈ આ ગાય તમારી છે ખુશીથી તમે લઈ જાવ પણ અત્યારે બપોરનો ટાઈમ છે રોટલા ખાઈને જાજો. ત્યાં ભોજન કરીને જાજો એમ ન કહે. ગામડાવાળા શું કહે? રોટલા ખાઈને જાજો. પોતાના રોટલા ખવડાવ્યા અને ગાય સોંપી દીધી. ગાય તો મારી નહોતી પણ ધણી જ્યાં સુધી ન મળે ત્યાં સુધી મારે કોને સોંપવી? આજે તમે એના માલિક મળ્યા. નીતિમાન માણસ હતો ગાય સોંપી દીધી. ઓલી પશ્ચિમમાં ગાય ગઈ હતી ન્યાં ગામડે એનો ધણી ગયો (અને) ગાય જોઈ તો (કહે) ગાય તો આપણી છે. ઓલા પટેલને કહે છે કે આ ગાય મારી ભૂલી પડી ગઈ અને ગાય તમારે ત્યાં આવી છે (તે) મને પાછી સોંપો. અરે! ગાય મારી છે શું પાછી સોંપે. ગાય તો મારી છે તું કયાં ધણી થઈ ગયો? જુઓ અનીતિવાળો. ધણી મળે છે ધણી આવ્યો તો પણ એની ગાય ઉપરથી મમતા છોડતો નથી. ઓલો તો પહેલેથી જ કહેતો હતો કે ગાય મારી છે નહીં પણ ધણી મળે તો મમતા છોડી દઉં.

એમ આચાર્ય ભગવાન કહે છે કે તારામાં થતાં જે શુભઅશુભભાવો આ ભકિતનો રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાનની ભકિતનો રાગ કે કુટુંબ પરિવાર પ્રત્યેનો પાપનો રાગ પ્રશસ્ત રાગ કે અપ્રશસ્ત રાગ બન્ને પ્રકારના પુણ્ય રાગ કે પાપ રાગ એનો સ્વામી પુદ્ગલ છે. તો ચૈતન્ય એનો સ્વામી નથી. પણ જયારે સંતોએ એનો સ્વામી બતાવ્યો ત્યારે બે જીવ સાંભળનારા હતા. એમાં એક કહે છે કે વાત તો સાચી છે. આ વસ્તુ જો આપણી હોય તો તો સાથે રહેવી જોઈએ. અને જો એ પરિણામ આત્માના હોય તો આત્માને સુખ પણ આવવું જોઈએ પણ આ પરિણામ મારી જાતના નથી પણ અત્યાર સુધી એનો સ્વામી બતાવનાર મને મળ્યો નહોતોને એટલે પરિણામ મારા છે, મારા છે, મારા છે એમ હું માનતો હતો પણ જયારે સંતોનો ભેટો થયો નીતિમાન હતો. સ્વામી બતાવ્યો કે પુદ્ગલ એનો સ્વામી છે. ચેતન એનો સ્વામી નથી. ત્યારે પરિણામ પ્રત્યેની મમતા છોડી દીધી.

નીતિમાન હતો. બીજો સાંભળતો હતો, કે આ પુદ્ગલના સ્વામી છે તું એનો ધણી નહીં. અરે એમ કેવી રીતે બની શકે? કેમ કે અનાદિથી હું પરિણામને કરતો આવું છું. પરિણામની સેવા મેં અનાદિથી કરી અને હવે તમે એમ કહો છો એ પુદ્ગલના પરિણામ? પુદ્ગલ એનો સ્વામી તું એનો સ્વામી નહીં. એણે માન્યું નહીં. એ સંસારમાં રખડે છે, ઓલો તરી ગયો. એમ આચાર્ય ભગવાન અહીંયા એક અપૂર્વ વાત સમજાવે છે. કે પુદ્ગલ દ્રવ્ય જેનું સ્વામી છે, જેનો સ્વામી એટલે ધણી છે. જેનો એટલે રાગનો સ્વામી એટલે ધણી. કોણ છે? પુદ્ગલ.

જડ કર્મ છે ભગવાને જડ કર્મ કહ્યા છે. જડ કર્મના સંબંધે પરિણામ થાય છે. દર્શનમોહ ને ચારિત્રમોહ નામની કર્મની પ્રકૃતિ છે. આઠ કર્મમાં એક મોહ નામનું કર્મ છે. મોહ નામના કર્મથી રાગ નથી થતો પણ પોતાના સ્વભાવથી જયારે ચ્યૂત થાય છે, ભ્રષ્ટ થાય છે અને પોતે પરને પોતાનું માને છે ત્યારે એની દશામાં વિકાર વિભાવ કષાયભાવ ઉભા થાય છે. પણ કહે છે કે એનો સ્વામી પુદ્ગલ છે. તારી જાતના એ પરિણામ નથી. તું એનો ધણી નથી. એમ જાણીને તું એના પ્રત્યે મોહને છોડી દે. એના પ્રત્યેનું સ્વામીત્વ ધણીબુધ્ધિ છોડી દે. કે પુદ્ગલ દ્રવ્ય જેનું સ્વામી છે જેનું એટલે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું ક્રોધ, માન, માયા ને લોભ તીવ્ર ને મંદ એવા શુભ ને અશુભ પરિણામ એનું વિશ્વરૂપપણું કહ્યું કેમ? કે અનેકપણું. એ વિશ્વ બે પ્રકારના છે. એક બહારનું વિશ્વ છે. છ દ્રવ્યથી ભરેલો લોક, અનંતા જીવ, અનંતા અનંતા પુદ્ગલ પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ ને કાળ અસંખ્યાત એવા અનંત પદાર્થો ભગવાને જોયા કે જે લોકાકાશમાં એ પદાર્થો છે તેને છ દ્રવ્યના સમૂહને ભગવાન વિશ્વ કહે છે.

વિશ્વ એટલે અનેકપણું. એક જ આત્મા જગતમાં છે અને બાકી બધું ભ્રમ છે એ ખોટી વાત છે. છએ દ્રવ્ય વિશ્વમાં છે. અનેકપણું એ બહારનું સ્થૂળ વિશ્વ છે. અંદરનું અનેક પ્રકારના પરિણામ અનંતા ગુણો છે એટલે અનંતા પરિણામ સમયે સમયે થયા જ કરે છે. આત્માના કર્તાપણાની અપેક્ષા વિના, નિમિત્તની અપેક્ષા વિના, શુધ્ધાત્માના ઉપાદાનની અપેક્ષા વિના પરિણામ સ્વયં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપજે છે અને વિણશે છે. એને ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્ કહેવામાં આવે છે. શબ્દોય જુદા લંડનમાં સાંભળ્યું ન હોય કે આ વળી ઉત્પાદવ્યયધ્રુવ શું? શાંતિભાઈ! ભારતમાં તો હજી રહેલાં હોય શાંતિભાઈ જેવા ગુરુદેવને સાંભળેલાં એટલે એમને તો ખ્યાલ હોય શબ્દથી તો પરિચિત હોય પણ લંડનમાં પચ્ચીસ પચ્ચીસ વર્ષથી રહેતાં હોય. આહાહા! હવે ત્રેવીસ વર્ષનો આ રાજેશ થયો એણે હિંદુસ્તાન જોયું નથી. બોલો! મેં કીધું ભઈ આ તો ગજબની વાત! હવે એમાં આ વાત એને કયાંથી કાન ઉપર પડે? આ તો દૃષ્ટાંત એનો તો હો? એમ તો ઘણાનું હોય અહીંયા. ઘણા અહીંયા આજુબાજુ જન્મેલાં હોય છે. તો પચ્ચીસ પચ્ચીસ વર્ષ થયા એ ગયા ન હોય. (મુમુક્ષુઃ- ગુજરાતી પણ નથી આવડતું.) હા, ગુજરાતી પણ નથી આવડતું. કેમ કે અહિંયા નિશાળમાં-સ્કુલમાં ગુજરાતી તો ચાલતું નથી.

અરે ભાઈ! ધર્મ છોડીને ધનનો લોભ સારો નથી. વાત સત્ય હોય તો કહેવી જોઈએ ને ? (મુમુક્ષુઃ- વાત સાચી છે પણ ઘણાને સાચી નથી લાગતી.) ઘણાને નથી લાગતી પણ કરવા જેવી તો છે એમ તો લાગેને? બસ એટલું થાય તો ઘણું છે. આહા! અરે ભાઈ સર્વજ્ઞ ભગવાનની વાત જિનેન્દ્ર ભગવાન(ની વાત છે.) આ જૈન ધર્મ કોઈ વાડો નથી. જૈન ધર્મ કોઈ વાણીયાનો ધર્મ નથી. જૈન ધર્મ આત્માનો ધર્મ છે અને બધા જગતના પ્રાણીઓ આત્મા છે. આત્માના ધર્મને જૈન કહેવામાં આવે છે.

આત્માનો ધર્મ એટલે મોહ રાગ-દ્વેષ રહિત અને ઈન્દ્રિયજ્ઞાનથી રહિત એવા શુધ્ધાત્માનું અવલંબન લેતાં જે વીતરાગી પરિણામ પ્રગટ થાય એ આત્માને ધર્મી કહેવામાં આવે છે. પછી વાણીયો હોય, બ્રાહ્મણ હોય, લોહાણો હોય, મુસલમાન હોય, ખોજો હોય કે રજપૂત હોય, ગરાસીયો હોય. કોઈ ધર્મનો ઈજારો કોઈનો નથી. ધર્મ કરે એનો આ ધર્મ છે. આત્માનો અનુભવ કરે એનો ધર્મ.

ફરમાવે છે સાંભળ ભાઈ! આ રાગાદિ પરિણામ તારા નથી. તું એનો ધણી નથી. તું એનો સ્વામી નથી. એનો ધણી પુદ્ગલ છે. પુદ્ગલના સંબંધે થતાં પરિણામ એ બધા પુદ્ગલના ભાવો છે. એ આત્માના સ્વભાવો નથી. પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી ધણી છે એવા પુણ્ય-પાપના પરિણામ(માં) આ પુણ્ય હું કરું અને હું એનો ધણી નહીં? કહે ના, તને ભ્રાંતિ થઈ ગઈ છે ભાઈ! એ કષાયનો ધણી આત્મા ન હોય. મંદ કષાયને પુણ્ય કહેવાય. તીવ્ર કષાયને પાપના પરિણામ કહેવાય. આત્મા તો શુધ્ધબુધ્ધ ચૈતન્યઘન છે. અને વીતરાગી પ્રતિમા છે. એ રાગનો ધણી બની શકે નહીં. પણ હું એનો માલિક છું એવું એને મિથ્યાશ્રધ્ધાન થઈ ગયું છે. વિપરીત માન્યતા થઈ ગઈ છે. માન્યતા છોડવાની છે. દેહ નથી છોડવાનો. દેહ પ્રત્યે મમતા છોડવાની છે. રાગ નથી છૂટતો, પુણ્યના પરિણામ નથી છૂટતા પણ પુણ્યના પરિણામ પ્રત્યે મમતા છૂટી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આર્ય જીવને પુણ્યના દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ તો આવે પણ એ પરિણામને મારા માનવા એ અજ્ઞાન છે. અને જ્ઞાનમય આત્માને મારો માનવો એ સાચું જ્ઞાન છે. ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે તેના ધણીપણે, તેના માલિકપણે પોતે એટલે આત્મા સદા એટલે ત્રણેકાળ, નહિ પરિણમતો હોવાથી, ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા એ રાગનો ધણી થઈ શકતો જ નથી. અશકય છે. કેમ કે એક સતી સ્ત્રીના બે પતિ ન હોય. સતી સ્ત્રી હોય ને એના બે પતિ ન હોય. એને એક જ પતિ હોય. એમ અહીંયા આચાર્ય ભગવાન ફરમાવે છે કે રાગનો ધણી પુદ્ગલ છે. અમે તને કહીએ છીએ કે તું એનો ધણી નથી. છતાં તું એમ માનશ કે આ રાગનો ધણી હું છું તો એનો દંડ આકરો છે. સરકાર પણ એને સજા આપે છે. સરકાર પણ કો'કની પત્ની પરણેલી હોય પરણેલી બાઈ અને કહે કે હું આનો ધણી તો પોલીસ તરત જ એને જેલમાં નાંખે.

એમ સર્વજ્ઞ ભગવાનના અનુભવી સંતો કહે છે કે, તારી દશામાં જે રાગ દ્વેષ પુણ્ય-પાપના પરિણામ થાય છે તેનો ધણી પુદ્ગલ છે. તને આજ સુધી કોઈ કહેનાર નહોતું નીકળ્યું. હવે હું બતાવું છું કે એનો ધણી પુદ્ગલ છે. તું નીતિમાન હો તો મારાપણું છોડી દે. જેમ ગાયમાં મારાપણું છોડી દીધું અને માલિક આવ્યો એટલે ગાય સોંપી દીધી. અને બીજાએ સોંપી જ નહીં. અનીતિવાળો-ઓલો અપ્રમાણીક હતો. કો'કની ગાય આખી હજમ કરી ગયો. એમ જો તારે ધર્મ કરવો હોય એટલે સુખી થાવું હોય, ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. 'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ તેને ધર્મ કહેવામાં આવે છે. વસ્તુ શુદ્ધ છે અને શુદ્ધના અવલંબે શુદ્ધ વીતરાગી પરિણામ પ્રગટ થાય તે વસ્તુનો સ્વભાવ હોવાથી તે વીતરાગી પરિણામને ધર્મ કહેવામાં આવે છે. અને પુણ્ય ને પાપના પરિણામ એ સ્વભાવથી વિરૂદ્ધ જાતના હોવાથી તેને અધર્મ કહેવામાં આવે છે.આહાહા!

તો શું આ બધો અધર્મ ચાલે છે ભાઈ. ધર્મ નથી તો અધર્મ, કાં ધર્મ ને કાં અધર્મ. બીજો કોઈ રસ્તો છે નહીં. સદાય નહીં પરિણમતો ભગવાન ચૈતન્ય આત્મા તે રાગરૂપે પરિણમે પણ કોઈકાળે રાગના સ્વામીપણે ન થાય. તો જડ થઈ જાય. પોતે સદાય નહિ પરિણમતો હોવાથી, સાધક છે એ રાગરૂપે પરિણમન રહી જાય. છઠ્ઠા સાતમા ગુણસ્થાને પાંચમહાવ્રતના વિકલ્પો ઊઠે. શ્રાવકને દેશવ્રતના શુભભાવ પણ આવે. એ રૂપે પરિણમે ખરો, અવિરત સમ્યગ્દષ્ટિ પાપ ને પુણ્યરૂપે પરિણમે ખરો. પણ એનો સ્વામી ન બને. આહાહા! પરિણામમાં રાગ હોય ખરો.પુણ્યના પરિણામ આવે ખરા પણ હું એનો ધણી એમ સાધકની દૃષ્ટિમાં, શ્રદ્ધામાં સ્વપ્નામાં પણ આવતું નથી.

પોતે સદાય નહિ પરિણમતો હોવાથી, ત્રણેકાળ એનો સ્વામી બની શકે જ નહીં. જો એનો ધણી થઈ જાય (તો) પુદ્ગલેય એનો ધણી અને આત્માએય એનો ધણી. તો એક પરિણામના બે માલિક ન હોય. એક પરિણામના બે કર્તા ન હોય. માટે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છું જુઓ, પરિણામમાં મમત્વભાવ છે અને સંસારી જીવને મમતાનું દુઃખ પણ છે. એવા સંસારી જીવે પ્રશ્ન કર્યો છે, કે પ્રભુ મને મમતા થાય છે દેહ ઉપર, કુટુંબ ઉપર, પૈસા ઉપર મને મમતા થાય છે અને એ મમત્વના પરિણામથી હું દુઃખી થઈ રહ્યો છું. એ દુઃખના નાશનો ઉપાય શું? કે એ મમત્વના પરિણામનો અભાવ થાય ત્યારે (દુઃખનો નાશ થાય) એ મમત્વના પરિણામનો અભાવ કેમ થાય? કે તારો આત્મા ત્રણેકાળે એ મમત્વના પરિણામથી ભિન્ન-રહિત શુધ્ધ રહેલો છે. કેમ કે પરિણામનો સ્વામી આત્મા થઈ શકતો નથી. એટલે ત્રણેકાળ શુધ્ધ નિર્મમત્વ આત્માનો ત્રિકાળ સ્વભાવ (છે).

આ બીજા પડખાની વાત છે. આ (એક) પડખામાં મમતા છે અને બીજું પડખું મમતા રહિત છે. પરિણામના પડખામાં અશુધ્ધતા છે અને દ્રવ્ય સ્વભાવમાં શુધ્ધતા ભરી છે. આમ બની શકે? હા, દ્દષ્ટાંતથી સમજાવ્યુંને? કે પાણી ઉષ્ણ થયું છે ત્યારે પાણી શીતળ છે. આ સ્યાદ્વાદ છે. કથંચિત્ ઉષ્ણ અને કથંચિત્ શીત. નિશ્ચયનયના સ્વભાવથી જોવામાં આવે તો પાણી શીતળ શીતળ શીતળ છે. કયારે? કે પરિણામમાં ઉષ્ણતા છે ત્યારે. ટાઢું થઈ ગયા પછી તો બધાય કહે કે પાણી ટાઢું છે પણ પાણી ખદખદતું (ગરમ) હોય આંગળી ન બોળી શકાય, ધુમાડાં નીકળતા હોય ત્યારે સાધક જ્ઞાની ધર્માત્મા ફરમાવે છે કે પાણી અત્યારે શીતળ છે. ત્યારે અજ્ઞાની કહે જરા આંગળી બોળો તો ખરા? બહુ મોટી મોટી વાત કરો છો. (મુમુક્ષુઃ- અજ્ઞાનીની નિમિત્ત ઉપર દ્દષ્ટિ છે જ્ઞાનીની....) સ્વભાવ ઉપર દ્દષ્ટિ છે. પછી અજ્ઞાની કહે કે તમે મોટી મોટી વાત કરો છો પાણી એટલું મોણ નાખે? આહાહા !

પાણી ઠંડુ ઠંડુ શીતળ શીતળ છે.ધુમાડાં નીકળતા હોય નજર એની ન્યાં સામે હોય સાધકની હોં! આમ નજર ન કરે. એ ધુમાડાં નીકળતાં હોય આમ પાણી આ પાણી એમ. આ પાણી બીજું પાણી નહીં. શાંતિભાઈ! ધુમાડાં નીકળતાં હોય, ખદખદતું હોય ત્યારે (કહે કે) આ પાણી શીતળ શીતળ ટાઢું છે. હવે કોણ એની વાત માને? કે આ ગાંડા થઈ ગયા છે. પછી અજ્ઞાની કહે, ભાઈ તમે બહુ ડહાપણ કરો છો પાણી ટાઢું શીતળ છે. કયુ પાણી? તો કહે આ પાણી. ઓલો અજ્ઞાની કહે તો જરા આંગળી બોળોને ? ભાઈ ! એ ટાઢા પાણીના માપ એ આંગળીથી ન થાય. એ સ્પર્શઈન્દ્રિયથી પાણીના સ્વભાવનું માપ ન થાય. સ્પર્શઈન્દ્રિય આ સ્પર્શ. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શ્રોત. એમ, આમ કહેવું છે? એકેન્દ્રિયને સ્પર્શ ઈન્દ્રિય હોય, બે ઈન્દ્રિય થાય તેને જીભ મળે, ત્રણ ઈન્દ્રિય થાય ત્યારે નાક મળે, ચાર ઈન્દ્રિય થાય તો આંખ મળે, પાંચ ઈન્દ્રિય થાય તો કાન મળે અને જો સંજ્ઞી પંચેન્દ્રિય થાય તો મન મળે. આહાહા!

ભાઈ આંગળી તો નાંખો ભાઈ! એ સ્પર્શ ઈન્દ્રિયથી પાણીના સ્વભાવનું માપ ન નીકળે. પાણીના સ્વભાવનું હો! પાણીની અવસ્થાનું માપ તો આંગળીથી કાઢ પણ હું કહું છું શીતળ છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શીતળતાનું માપ સ્પર્શઈન્દ્રિય દ્વારા ન થાય પણ સ્વભાવગ્રાહી જ્ઞાનથી થાય. એમાં આંગળી બોળવાની જરૂર નથી. ઉષ્ણતાને ગૌણ કરીને એના સ્વભાવની સમીપે જઈને એનું જ્ઞાન મૂકે છે કે પાણી શીતળ છે. તને જો તારે ખાત્રી કરવી હોય તો પાણીને થોડીકવાર નીચે મૂકી દે. પંખાની જરૂર નહીં પડે અને પાણી ઠંડુ થઈ જશે. પાણી ઠંડુ થયું એની અવસ્થા ઠંડી થઈ એ ઠંડી અવસ્થા કયાંથી આવી? એ શકિતરૂપ શીતળતા હતી એની વ્યકત અવસ્થા પ્રગટ થાય છે.

એમ ભગવાનઆત્મા વર્તમાનમાં ભલે મમત્વના પરિણામ હો અને એનું દુઃખ પણ ભલે હો 'છે' પણ એનો અભાવ સ્વભાવગ્રાહી જ્ઞાન દ્વારા નિર્મમત્વ એવા સ્વભાવને દૃષ્ટિમાં લેતાં અને અનુભવમાં લેતાં પરિણામમાં પણ નિર્મમત્વ દશા પ્રગટ થાય છે. એને નિર્મમત્વી વીતરાગી પરિણામ પ્રગટ થતાંવેંત જ એને અતીન્દ્રિય આનંદ આત્મિક સુખ અસંખ્યાત પ્રદેશે આવે છે. એને ધ્યાનમાં આવે છે કે સંસારનો અંત થઈ ગયો. આત્માના પ્રદેશ દેખાતા નથી. ધ્યાનના કાળમાં અરૂપી છે પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એના દ્વારા સાધક જાણે છે કે સંસારનો અંત થઈ ગયો, અલ્પકાળમાં મારી મુકિત થશે. એવી એને શ્રદધા અને એવું એને જ્ઞાન પ્રગટ થાય છે. ત્રણ ને આડત્રીસ થઈ. હેં? (મુમુક્ષુઃ- હજી ત્રણ મિનિટ બાકી છે.) ત્રણ મિનિટ બાકી છે. ભલે ભલે! સાચી વાત સારી વાત. એક મિનિટ પણ જાવા દેવા જેવી નથી. શાંતિભાઈએ કહ્યું એ બરાબર છે. અરે આ સાચી વાત! શ્રવણની વાત! એક મિનિટ એક પળ બસ છે. દૃષ્ટિ ફરી જાય. આ દૃષ્ટિ ફેરવવાનું જ છે. દૃષ્ટિ વિકાર છે. દૃષ્ટિ દોષ થયો છે. આંખમાં કમળો થયો છે. કપડું સફેદ હોવા છતાં કપડું પીળું લાગે છે. તો કમળાના રોગીની વાત સાચી માનવી કે જેની આંખમાં કમળો નથી થયો એ સફેદ કહે છે એની વાત સાચી માનવી? બે જીવ સામે છે. આહાહા! કેટલો મોટો ફેર! પૂર્વ પશ્ચિમ. આહાહા! અજ્ઞાની ને જ્ઞાનીમાં પૂર્વ ને પશ્ચિમ જેટલો ફેર, અંધકાર ને પ્રકાશ જેટલો ફેર છે. મોટો તફાવત છે.

અહીંયા અત્યારે ભગવાન કહે પ્રભુ સાંભળ! તારી દશામાં પર પદાર્થ દેહ મારો (એમ) મમત્વ થાય છે. મમતાનું દુઃખ છે અને એ દુઃખ તારાથી સહન થતું નથી એટલે તારો પ્રશ્ન છે કે પ્રભુ, આ ચાર ગતિના દુઃખથી મુકાવાનો માર્ગ બતાવો. ત્યારે કહે છે કે પરિણામમાં મમતા છે એને ગૌણ કર એનું લક્ષ છોડી દે. પર્યાયાર્થિકનયની આંખ સર્વથા બંધ કરી દે. પ્રેમચંદભાઈ! (મુમુક્ષુઃ- હાજી, પરમ સત્ય છે.) પર્યાયને જોવાનું બંધ કરી દે અને અંતરમાં દ્રવ્ય સ્વભાવ (તરફ) વળીને તારા જ્ઞાનને અંદરમાં લઈ જા તો નિર્મમત્વ ભગવાનઆત્મા અંદરમાં બિરાજમાન છે એનું જયાં શ્રદધાન ને જ્ઞાન થયું ત્યાં પરિણામમાં પણ નિર્મમત્વ પરિણામ પ્રગટ થાય ને મોક્ષમાર્ગની અવસ્થા સાધક થઈને અલ્પકાળમાં બહિરાત્મા હતો એ અંતરાત્મા થાય છે અને અંતરાત્મા પોતે જ વધીને પરમાત્મદશા પ્રગટ થાય છે. અરિહંતદશા અને પછી સિદ્ધદશા પ્રગટ થાય છે. તે ફરીને જનમ લેતાં નથી અને જન્મ જરા ને મરણના દુઃખથી સાધક આત્માઓ મુકાય જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૧૨
## તા. ૧૯-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૩ ઉપર પ્રવચન

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. સમયસાર એટલે શુધ્ધાત્મા. કે જે શુધ્ધાત્મા ભાવકર્મ એટલે રાગાદિ વિકાર, દ્રવ્યકર્મ એટલે જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના જડકર્મ, અને નોકર્મ એટલે શરીર. એ ત્રણ પ્રકારના કર્મો છે એ ત્રણ પ્રકારના કર્મોથી આત્મા ભિન્ન છે. વર્તમાન પુણ્ય-પાપના જે પરિણામ થાય છે એનાથી પણ આત્મા અંતરમાં જ્ઞાન ને આનંદમય આત્મા અંદરમાં બિરાજમાન છે.

એવા શુધ્ધાત્માની દ્દષ્ટિ કરી અને એવા શુધ્ધાત્માનો અનુભવ કરવો તેને પરમાત્મા ધર્મ કહે છે. ધર્મ એટલે આત્માનો જે સ્વભાવ છે એવો જે વીતરાગી સ્વભાવ ત્રિકાળ છે એનું અવલંબન લઈને મોહનો નાશ કરી રાગની એકતાબુધ્ધિ તોડીને વૈરાગ્ય પ્રગટ થાય એવી જ્ઞાન ને વૈરાગ્યની દશાને પરમાત્મા ધર્મધ્યાન અથવા મોક્ષનો માર્ગ કહે છે. એવા પ્રકારના શુધ્ધાત્માનું અવલંબન થતાં દુઃખનો નાશ થાય છે.

શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! હું વર્તમાનમાં દુઃખી છું. દુઃખનું કારણ મારું અજ્ઞાન છે અને અજ્ઞાનથી હું દુઃખી થઈ રહ્યો છું. એ દુઃખના નાશનો ઉપાય કૃપા કરીને મને સમજાવો. એમ શિષ્યનો પ્રશ્ન છે. એના ઉત્તરમાં ચારે ગતિના જીવો દુઃખી છે અને દુઃખના નાશનો ઉપાય આ ગાથામાં બતાવ્યો છે. આપણે છ ઢાળામાં વાત આવી ગઈ કે ચારે ગતિના જીવો દુઃખી છે. એ દુઃખનું કારણ એનું અજ્ઞાન છે. એ અજ્ઞાનના ત્રણ ભેદ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. અજ્ઞાન એટલે સંસ્કૃતનું ન જાણવું એનું નામ અજ્ઞાન નથી. ઈંગ્લીશનું અજાણપણું એ અજ્ઞાન નથી. ગુજરાતી ભાષાનું અજાણપણું એ અજ્ઞાન નથી. લંડનના રસ્તાઓનું અજાણપણું એ અજ્ઞાન નથી. પણ અજ્ઞાન એટલે પોતાનો શુધ્ધાત્મા જે જ્ઞાનમય ચિદાનંદ છે એનું અજાણપણું એને ભગવાન અજ્ઞાન કહે છે. અને એ અજ્ઞાનથી આત્મા દુઃખી થઈ રહ્યો છે. જયારે એ અજ્ઞાની આત્મા પોતાના શુધ્ધાત્માની સન્મુખ થઈને આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધ્ધાન અને આત્માનું આચરણ કરે એને વીતરાગ દશા કહેવામાં આવે ત્યારે તેને મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે.

મોક્ષનો માર્ગ કહો કે સુખનો માર્ગ કહો. શાશ્વત સુખનો માર્ગ અંતરમાં શુધ્ધઆત્માનું લક્ષ કરતાં એને આત્મદર્શન-સમ્યગ્દર્શન થાય છે. ત્યારથી મોક્ષનો માર્ગ શરૂ થાય છે. શિષ્યનો પ્રશ્ન છે અને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે કે સાંભળ તે તારા શુધ્ધાત્માનું જ્ઞાન સમયમાત્ર કર્યું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાસ્ત્રનું જ્ઞાન અનંતવાર કર્યું. શાસ્ત્ર ભણ્યો, શાસ્ત્રનું જ્ઞાન કર્યું પણ જ્ઞાન જેનું છે આત્માનું, એનું જ્ઞાન નથી કર્યું. બાકી બધા પ્રકારનું જ્ઞાન કુજ્ઞાન કર્યું પણ આત્મજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન (ન કર્યું) જે જ્ઞાનમાં ભગવાનઆત્મા જણાય એટલે અનુભવમાં આવે અને એ અનુભવના કાળમાં જ્ઞાનની સાથે અનાકુળ આનંદનો સ્વાદ આવે તે જ્ઞાનને ભગવાન સમ્યગ્જ્ઞાન કહે છે.

જે જ્ઞાનની અવસ્થામાં રાગજન્ય દુઃખનું વેદન નિરંતર આવ્યા કરે તેને ભગવાન જ્ઞાન નથી કહેતાં પણ અજ્ઞાન કહે છે. એના નાશનો ઉપાય શુધ્ધાત્માનું અવલંબન લેતાં એ દુઃખ ટળી જાય છે. હવે એ શુધ્ધાત્માનું સ્વરૂપ શું? કે જેનું મારે અવલંબન લેવા જેવું છે, આશ્રય કરવા જેવો છે, જેનું ધ્યાન કરવા જેવું છે, જેમાં એકાગ્ર થવા જેવું છે. એવા આત્માના સ્વરૂપની વાત શિષ્યને સમજાવે છે કે આત્મા અનાદિઅનંત એકરૂપે રહેલો છે. આત્મા મનુષ્યગતિમાં હો, નરકગતિમાં હો, તિર્યંચઢોરગતિમાં હો કે દેવગતિમાં હો પણ એ આત્મા ચારરૂપે થતો નથી. અને આત્માનું એકરૂપ જે છે અનાદિઅનંત તે છૂટતું નથી. માટે આત્મા એક છે એમ તું નિર્ણય કર કે હું એક છું. પછી હું શુધ્ધ છું. બધા આત્માઓની વાત ચાલે છે.

આત્માના બે પડખાં છે. એક વર્તમાન પરિણામનું પડખું-અવસ્થાનું પડખું. પરિણામ બદલે છે વસ્તુ બદલતી નથી. પરિણામ ફરે છે. પરિણામમાં વધઘટ થાય છે. પરિણામ વિકૃત થાય છે પણ વસ્તુ છે એ વિકૃતભાવને પામતી નથી. એ તો અકૃત્રિમ અનાદિઅનંત શુધ્ધ રહેલી છે. એમ એક આત્માના બે પડખાં છે એમાં જગતના જીવોને એક પડખાનું જ્ઞાન છે. એને શાસ્ત્ર ભાષાએ પર્યાયમૂઢ કહે છે. માત્ર પરિણામને જાણે છે અને પરિણામને શ્રધ્ધામાં લ્યે છે. પણ પરિણામથી જુદો અંતર આત્મા છે એને એક સમય માત્ર લક્ષમાં લેતો નથી.

માટે આચાર્ય ભગવાન ફરમાવે છે કે તારા પરિણામમાં ભલે અશુધ્ધતા હો, તારા પરિણામમાં અશુધ્ધતા છે. અમને ખબર છે કે તારા પરિણામમાં મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રના વિકારી પરિણામ થાય છે અને એનું ફળ તને દુઃખનું વેદન આવે છે. એવી સ્થિતિ હોવા છતાં પણ પરિણામમાં અશુધ્ધતા હોવા છતાં દ્રવ્ય સ્વભાવ શુધ્ધ રહેલો છે. આ સ્યાદ્વાદની વાત કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધ (છે.) દ્રવ્ય દ્રષ્ટિએ આત્મા શુધ્ધ છે અને પરિણામ તરફથી જુઓ તો આત્મા એના પરિણામ અશુધ્ધ છે. એટલે આત્મા અશુધ્ધ છે એમ કહેવામાં આવે. તો પણ એ અશુધ્ધતા ટળે કેમ? કે હું શુધ્ધ છું એમ શુધ્ધનું લક્ષ કરતાં આશ્રય કરતાં પરિણામની અશુધ્ધતા રાગ-દ્વેષ, મોહના ભાવો જે દુઃખદાયક ભાવો છે એનો અભાવ થઈ જાય છે. ત્રીજી વાત કરે છે કે પરિણામમાં મમતા છે. પર પદાર્થ મારા છે, દેહ મારો છે, રાગ મારો છે, આ શાસ્ત્રજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન મારું છે એમ પરભાવ અને પરદ્રવ્યોમાં જીવ મમતા કરી રહ્યો છે. અને મમત્વના પરિણામ છે. એ મમત્વના પરિણામથી આત્મા દુઃખી થઈ રહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવી વર્તમાન પરિણામની મમત્વ સ્થિતિ હોવા છતાં પણ એ મમત્વ પરિણામના અભાવનું સાધન અંતરમાં નિર્મમત્વ આત્મા બિરાજમાન છે. સમય એક પડખાં બે ભાવ બે. કાલે દાખલો આપ્યો'તો, કે જેમ પાણી ઘણું ઉષ્ણ થયું હોય, એકદમ ધુમાડાં નીકળતા હોય ત્યારે કોઈ જ્ઞાની નીકળે અને કહે કે, આહા! પાણી કાંઈ ઠંડું છે. ત્યારે પેલાને એમ થાય કે આના મગજમાં કાંઈક ફેરફાર થઈ ગયો છે. ભાઈ તમે શું કહો છો ફરીને કહો જોઈએ? ત્યારે પેલા જ્ઞાની વધારે કહે, ઓહોહો ! શીતળ-શીતળ ટાઢુંબોળ પાણી છે. ત્યારે કહે ભાઈ જરા તમારી આંગળી બોળો. એ ભાઈ ! આંગળીથી ઠંડા પાણીના માપ ન નીકળે. આંગળી છે એ સ્પર્શ ઈન્દ્રિય છે. સ્પર્શ ઈન્દ્રિય છે એ પર સત્તાઅવલંબનશીલ છે. એ વ્યવહારગ્રાહી છે. સંયોગગ્રાહી છે. વિભાવગ્રાહી છે. અને અતીન્દ્રિયજ્ઞાન સ્વભાવગ્રાહીજ્ઞાનથી જોવામાં આવે તો જયાં આત્માનો સ્વભાવ શુદ્ધ જાણ્યો એવા જ્ઞાની ધર્માત્મા જગતના બધા પદાર્થોના સ્વભાવને જાણે છે.

પાણીના સ્વભાવને જાણી લીધો એમાં જ્ઞાનથી જણાય છે. એ ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. એમ કાલ દૃષ્ટાંત આપ્યું હતું કે એમ આત્મા આચાર્ય ભગવાન ફરમાવે છે કે તારા પરિણામમાં મમતા છે. મથાળામાં તે પ્રશ્ન પૂછયો છે કે મમત્વ નામના આસ્રવનો કે જે દુઃખનું કારણ છે એવા પરિણામનો અભાવ કેમ થાય? તો કહે છે કે તારો આત્મા સ્વભાવે પર્યાયમાં (નિર્મમ) છે. પર્યાયમાં વિભાવ-મમતા છે પણ શકિતરૂપ સ્વભાવ જે ત્રિકાળી છે એ નિર્મમ સ્વભાવ છે. એવા નિર્મમત્વ સ્વભાવનું અવલંબન લેતાં પરિણતિમાંથી મમત્વભાવનો મોહ ભાવનો અભાવ થાય છે. અને નિર્મમત્વ પરિણામ વીતરાગી પરિણામ પ્રગટ થતાં અથવા સંવર પ્રગટ થતાં આત્માનો અનુભવ થાય છે.

ચોથો બોલ હું જ્ઞાન દર્શનથી પૂર્ણ છું. હવે ત્રીજા બોલમાં કાલ વાત આવી'તી થોડી ફરીથી લઈ લઈએ. કે આત્મા પરિણામમાં મમત્વ હોવા છતાં, પરિણામ કહો, દશા કહો, હાલત કહો, પર્યાય કહો. એ દશામાં મમત્વ છે ત્યારે આત્મા સ્વભાવે શકિતએ સામાન્યતત્ત્વ નિર્મમત્વ રહેલું છે. પણ કહે છે કે પુદ્‌ગલ દ્રવ્ય જેનું સ્વામી છે. આ વ્રત અને અવ્રતના ભાવ થાય છે ને, વ્રતનો ભાવ હો કે અવ્રતનો ભાવ હો. વ્રતનો ભાવ શુભભાવ પુણ્ય બંધનું કારણ છે. અવ્રતનો ભાવ અશુભભાવ પાપના બંધનું કારણ છે. એવા બે પ્રકારના જે પરિણામ છે એનો સ્વામી પુદ્‌ગલ દ્રવ્ય છે. આકરું લાગે કઠિન લાગે પણ સત્ય એકવાર સાંભળવું તો પડશે. સાંભળે જ નહીં તો એને વિચારમાં કે'દિ લ્યે, નિર્ણય કે દિ' કરે અને અનુભવ કે દિ' કરે? વ્રત ને અવ્રતના પરિણામ એનો ધણી માલિક પુદ્‌ગલ છે. એનો ધણી ચેતન આત્મા નથી. કાલે દૃષ્ટાંત આપ્યું હતું કેટલાક ભાઈઓ નવા હોય, કાલે ન આવ્યા હોય (તો)ફરીને (લઈએ.).

જુઓ આ પાયાની મૂળ વાત છે. સિદ્ધાંત બોધની વાત છે. એકવાર જો જ્ઞાનમાં સિદ્ધાંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવી ગયો તો અંદરમાં માર્ગ કરશે. ભેદજ્ઞાનથી આત્માનો અનુભવ થશે. એવી અપૂર્વ વાત છે. આ સાધારણ વાત નથી. કહે છે કે આ તારી દશામાં કવચિત્ અવ્રતના ભાવ કવચિત્ વ્રતના ભાવ, કવચિત્ અશુભભાવ કવચિત્ શુભભાવ એવા પુણ્ય ને પાપના પરિણામ થયા કરે છે એનો માલિક એનો ધણી એનો સ્વામી ચૈતન્ય પ્રભુ વિભુ ભગવાનઆત્મા એનો ધણી નથી પણ એનો ધણી પુદ્ગલ છે. કેમ કે જડ આશ્રિત છે, પુદ્ગલ આશ્રિત ભાવ છે, કર્મ આશ્રિત ભાવ છે. એ આત્મા આશ્રિત ભાવ નથી. તો કહે છે કે એનો સ્વામી પુદ્ગલ છે. તું એનો ધણી નથી. ત્યારે ધણી તો બતાવ્યો કે પુદ્ગલ એનો સ્વામી છે. જેમ મકાન છે, દેહ છે એનો ધણી પુદ્ગલ છે. પૈસાનો ધણી પુદ્ગલ છે. ઝવેરચંદભાઈ! આ પૈસા છે ને નોટ પુદ્ગલની સોનું ચાંદી હીરા મોતી માણેક એનો જે માલિક છે એનો ધણી એનો સ્વામી પુદ્ગલ છે. જડનો સ્વામી જડ છે. એમ આ વ્રત અવ્રતના પરિણામ છે એનો સ્વામી જડ છે. પેલાનો સ્વામી જડ છે એ તો ખ્યાલમાં આવે. મકાન માટીના છે. એટલે એનો ધણી તો પુદ્ગલ છે એ ખ્યાલમાં આવે અને એનો જો ધણી થાય કે હું એનો ધણી તો એને મોટી જેલ મળે. ચાર ગતિ ને ચોર્યાસી લાખ યોનિમાં રખડે. દંડાય છે એ ચોર છે. પર પદાર્થ મારા છે એવો જે અંદરમાં અભિપ્રાય એ દુઃખદાયક ભાવ છે. છોડી દે અભિપ્રાય એ મારી ચીજ નથી. હું તો એનો પણ જાણનાર છું. એ મારી ચીજ નહીં. હવે એ તો ઠીક બહારના પદાર્થો તો બાહ્ય સ્થિત છે. એ તો આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયની સત્તામાંય આવતા નથી. એ તો સમજી શકાય એવી વાત છે કે એ તો પારકી ચીજ છે.

પણ અધ્યાત્મમાં તો ભાઈ વ્રત અવ્રતના ભાવ એનો સ્વામી આત્મા નથી. એ જડઆશ્રિત છે આ વાત બૌંતેર ગાથામાં આવી ગઈ છે કે આસ્રવો જડ સ્વભાવી છે. ન જાણે પોતાને અને ન જાણે આત્માને. એ શુભઅશુભ ભાવમાં જાણવા દેખવાની જાગૃતીના અંશનો અભાવ હોવાથી એ પોતાને જાણતું નથી અને આત્માને જાણતા નથી માટે તે આંધળા જડ અચેતન છે. એનો ધણી તમને બતાવીએ છીએ અત્યાર સુધી તમને કોઈ બતાવનાર નહોતો મળ્યો, ત્યાં સુધી મમતા કરતા હતા. હવે અમે કહીએ છીએ, સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. સર્વજ્ઞ ભગવાનના સંતો અનુભવીને ફરમાવે છે કે એનો માલિક પુદ્ગલ છે. કર્મકૃતભાવ છે, કર્મઆશ્રિત છે, જડઆશ્રિત છે, પરઆશ્રિત ભાવ છે. એ આત્માના આશ્રિત થતાં નથી.

સ્વ આશ્રિતભાવ જ્ઞાન, દર્શન, ચારિત્રના એનો સ્વામી આત્મા છે. પણ પરાશ્રિત જે રાગ થાય છે એનો સ્વામી-ધણી આત્મા બની શકતો નથી. તેથી તે સદાય તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતા રહિત છું એમ નિર્ણય કર. વર્તમાન પરિણામની મમતા છોડીને હું તો નિર્મમત્વ સ્વભાવ છું એમ લક્ષમાં લે. જુઓ કાલ દૃષ્ટાંત આપ્યો હતો કે ગામડામાં ગોવાળ ગાયો ચારે. સાંજ થાય એટલે ગાયો પાછી આવી જાય. એમાં એક દિવસ બે માલિકની બે ગાયો ગામમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાછી ફરી નહીં. ત્યારે રાતના જોયું કે આજ ગાય આવી નથી. કયાંય ભૂલી પડી ગઈ હશે. ગોવાળને બીજે દિવસે પૂછયું. ગોવાળ કહે હું તપાસ કરું છું. બે ત્રણ દિવસમાં ગાય પાછી આવી જશે. બે ચાર દિવસ રાહ જોઈ એમ કરતાં કરતાં અઠવાડીયું પંદર દિવસ થયા ગાય (પાછી) આવી નહીં. એટલે બેયના માલિક બહાર શોધવા નીકળ્યા.

એક ગાય પૂર્વમાં ગઈ'તીને એક ગાય પશ્ચિમમાં ગઈ'તી. તો જયાં પૂર્વમાં ગઈ'તી ત્યાં ગામડામાં ખેડૂતે ગાયને બાંધી એને ખવડાવે પીવડાવે અને વળતર તરીકે દૂધ દોહી લ્યે અને સાચવે. પશ્ચિમમાં પણ એ રીતે એક ખેડૂતભાઈ કરતો હતો. પણ પૂર્વમાં ગાયનો માલિક ગયો (અને કહ્યું) ભાઈ મારી ગાય ખોવાઈ ગઈ છે ને આ જે ગાય બાંધી છે ને એ ગાય મારી છે. પંદર દિવસ થયા હું શોધતો હતો મને આજે પતો લાગ્યો. હા ભાઈ, હુંએય ધણી શોધતો હતો. ગાય મારી નથી પણ ધણી કો'ક મળે તો આપી દઉંને? ધણી વિના હું કોને આપું? હું એની મમતા કેમ છોડું? કોઈક ધણી હોય તો ને? ત્યારે નીતિમાન પ્રમાણિક માણસ એણે કહ્યું કે બપોરે મોડું થઈ ગયું છે. રોટલા ખાઈને જાજો અને ગાય તમારી લઈ જાજો મારી ગાય નથી.

પેલો પશ્ચિમમાં ગયો હતો. ન્યાં કહે ભાઈ આ ગાયનો કયાં ધણી થયો ગાય તો અમારી છે. અમે તો વર્ષોથી આ ગાયને પાળીએ પોષીએ છીએ મોટી અમારે ત્યાં થઈ છે. અનીતિવાળો ઓલો માલિક આવ્યો તો પણ મમતા છોડતો નથી. એમ આ ભગવાન કહે છે કે તને અત્યાર સુધી તારા પરિણામમાં મમતા હતી. શુભ અને અશુભ પરિણામ મારા છે (એમ માની) એનો ધણી થઈને તું બેઠો હતો. કર્મ ને નોકર્મ પુદ્‌ગલનો સ્વામી એનોય તું ધણી થયો. જડ કર્મ મારા અને દેહ પણ મારો ને ભાવકર્મ એટલે રાગાદિ પરિણામ પણ મારા. સર્વજ્ઞ ભગવાન ફરમાવે છે કે, એના સંતો ફરમાવે છે કે, ભાઈ! જો એનો ધણી પુદ્‌ગલ છે એમ અમે તને કહીએ છીએ. ચેતન જડનો ધણી ન હોય. ચેતન આત્મા તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના જે પરિણામ પ્રગટ થાય એનો સ્વામી હોય. એની સાથે સ્વસ્વામી સંબંધ હોય પણ જે વિભાવભાવ છે એ મારું સ્વ અને હું એનો સ્વામી એ તો અજ્ઞાન ને દુઃખદાયક દ્દષ્ટિ છે. એનું નામ જ સંસાર છે.

ત્યારે જો સ્વામી બતાવ્યો એમાં સાંભળનારા બે જીવ હતા. 'બે' બેમાં પછી ભલે હજારો હોય તો (પણ) 'બે'. અમુક ભાગલા પાડી દેવા. એમાં અમુક જે જીવ હતા એણે એમ કહ્યું. ઓહોહો! આજ દિવસ સુધી આ મને કોઈએ બતાવ્યું નહોતું એટલે એ પરિણામ મારા છે એમ મમતા કરતો હતો. મમતા છોડું છું, પરિણામ રહી ગયા. પુણ્ય-પાપના પરિણામ રહી ગયા. વ્રત, અવ્રતના પરિણામ રહી ગયા. મમતા છૂટી ગઈ. (મુમુક્ષુઃ- મારાપણું છૂટયું) મારાપણું છૂટયું. સ્વામીપણું છૂટયું. એકતાબુદ્ધિ છૂટી. મમતા ગઈ તો કર્તાબુદ્ધિ પણ છૂટી ગઈ. પરિણામ રહી જાય અને મમતા છૂટી જાય. જો પરિણામનો અભાવ થઈ જાય તો તો કેવળજ્ઞાન થાય. પહેલાં ગૃહસ્થ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થામાં દેહ નથી છૂટતો દેહની મમતા છૂટે છે. કુટુંબ પરિવાર નથી છૂટતો પણ એની મમતા છૂટે છે. મોહ છૂટે છે. રાગ-દ્વેષ તો રહી જાય છે. એ તો ચારિત્ર અંગીકાર કરતાં એનો અભાવ થાય છે. બે સ્ટેજ છે.

ગૃહસ્થ અવસ્થામાં ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. અને પછી ચારિત્ર પંચમગુણસ્થાને બે કષાયના અભાવપૂર્વક વીતરાગતા થાય ત્યારે થોડી વિશેષ વીતરાગતા વધે છે અને પછી ત્રણકષાયના અભાવપૂર્વક એક અલૌકિક મુનિદશા આવે છે. આહા! એની શું વાત કરવી? અહીંયા કહે છે કે તું નીતિમાન છો ને? એના પ્રત્યેની મમતા છોડી દે. રાગ રહી જાય છે. રાગની મમતા છૂટી જાય છે. મિથ્યાત્વ જાય છે અને ચારિત્રનો થોડો દોષ રહી જાય છે. હવે આ તત્ત્વનો અભ્યાસ નહીં. શું સમ્યગ્દર્શન? શું ચારિત્ર? શું અસ્થિરતા? નવતત્ત્વ. આ નવતત્ત્વની વાત ચાલે છે.

જીવતત્ત્વ છે અને બીજું એક આસ્રવતત્ત્વ પર્યાયમાં પ્રગટ થાય છે. એનો સ્વામી પુદ્‌ગલ છે માટે આત્મા એના મમત્વરૂપે થઈ શકતો જ નથી. અશક્ય છે. સ્વભાવ પલ્ટીને, સ્વભાવ નિર્મમત્વ છે એનો અભાવ થઈને એ ભાવ મમત્વરૂપે ન થાય. પરિણામમાં મમતા છે. દ્રવ્ય નિર્મમ છે. શું દ્રવ્ય ને શું પર્યાય? આ પાણીના દ્દષ્ટાંતે ખ્યાલ આવ્યો કે નહીં? જેમ પાણી મેલું થઈ ગયું તો પાણી મેલું છે ત્યારે પાણી નિર્મળ છે. પાણી સ્વચ્છ છે. કઈ દ્દષ્ટિએ? એના સ્વભાવની દ્દષ્ટિએ. વર્તમાન દ્દષ્ટિથી જુઓ તો મેલ છે. પણ પાણીનો મેલ એ એનો સ્વભાવ નથી, ફટકડી નાખતાં એ મેલનો અભાવ થાય છે.

એમ આ ભગવાનઆત્મા અને પુણ્ય-પાપની વર્તમાન બહિર્મુખ લાગણી એ બેની વચ્ચે ભેદજ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણી નાખતાં બેય જુદા પડી જાય છે. (મુમુક્ષ :- આ બે વાત કોઈ દિ' સાંભળેલી પણ નહોતી. કે આ બેય જુદી જુદી વસ્તુ છે.) હાં, બેને એક માની બેઠો છે. એ વળી રાગ-દ્વેષ, દેહ જુદો હોય. કેમકે દેહને તો બાળી આવે છે બધાય. એટલે ખબર છે કે દેહ જુદો અને આત્મા જુદો. એ તો અન્યમતિ પણ કહે. આહા! પણ અન્યમતિ કહે એટલું જ જો સર્વજ્ઞ કહે તો સર્વજ્ઞ અને અજ્ઞાનીમાં કાંઈ ફેર રહેતો નથી. અરે આના કરતાં તો ઘણી સૂક્ષ્મ વાત છે. પણ લંડનમાં બહુ પછી આઘું ચાલે નહીં, આટલું મગજમાં આવે તો ઘણું છે. આટલું મગજમાં આવેને આટલું કે આ વિકાર છે વિકૃતભાવ. એ દુઃખદાયકભાવ છે. મલિનભાવ છે. પરાશ્રિતભાવ છે. સ્વઆશ્રિતભાવ નથી. આત્માનું અવલંબન લેતાં પુણ્ય-પાપ ન થાય. જડકર્મનું અવલંબન લેતાં પરનું અવલંબન લેતાં પુણ્ય-પાપના ભાવ થાય છે. એ વિકૃતભાવ દુઃખદાયકભાવ છે અને એનાથી રહિત ભગવાન ચિદાનંદ આત્મા જીવતત્ત્વ છે. જીવતત્ત્વ ને આસ્રવતત્ત્વ વચ્ચે જ્ઞાનમય આત્મા અને ક્રોધમય વિકારભાવ એ બે વચ્ચે સાંધ છે. ઝીણી સાંધ લકીર.

ગુરુદેવ દ્દષ્ટાંત આપતાં હતા કે રાજકોટમાં સવારમાં ઠલ્લે જાતાં (ત્યાં) મોટા પથ્થરના ઢગલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હતા. એ પથ્થરની અંદર ઝીણી સર હોય છે સફેદ લીટી. એમાં એ સુરંગ મારે તો હજારો મણના બે ભાગલા પડી જાય. એમાં બરાબર ન્યાં જ સુરંગ મારે. દારૂ ભરીને પેલી ટોટી મૂકે તો ન્યાં ફુટે તો બે ચોસલા પડી જાય. એટલે બે પથ્થર એક દેખાતા હતાં એક હતા નહીં. જુદા જ હતા. જુદા હતા તેથી જુદા પડી શકે છે. એમ આ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા ને પુણ્ય-પાપ જડ. હાય! હાય! આ અમે પુણ્ય કરીએ એ જડ છે? ભાઈ પુણ્યના પરિણામ સર્વજ્ઞ ભગવાને જડ કહ્યા છે. આ કોઈના ઘરની વાત નથી.આ સોનગઢના સંતના ઘરની વાત નથી. આ ચોવીસ તીર્થંકર પરમાત્મા થઈ ગયા છે ને એણે કહેલી આ વાત છે.

તત્ત્વ સૂક્ષ્મ છે. સાંભળવા મળે નહીં. અને એમ ને એમ બફમ ને બફમમાં જીંદગી ચાલી જાય. આયુષ્ય પૂરું થાય. કહે છે કે ભેદજ્ઞાન કર. સ્વભાવ ભિન્ન અને વિભાવ ભિન્ન છે. બેય એક થઈને રહ્યા નથી. બે, બેપણે થઈને રહ્યા છે. જેમ આ આંગળી બે છે. નજદીક છે, નિકટ છે પણ એક થઈને રહી નથી. બે, બેપણું કાયમ રાખ્યું છે. એમ આ આત્મા અને રાગાદિભાવ એ બે છે. જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ બે ચીજ છે. એક નથી. હવે એ એક જેવા લાગે છે. અતિ નિકટ છે. અતિ નિકટ. દેહ તો હજી દૂરવર્તી છે. જડકર્મ દૂરવર્તી છે પણ અંદરમાં પુણ્ય-પાપની લાગણીનું ઉત્થાન થાય છે ને એ આત્માની અતિ નિકટ છે નિકટ. નિકટ એ જ જુદાપણું બતાવે છે. નિકટ છે. નિકટ છેને? એટલે નજદિક છે પણ એક નથી. જેમ જ્ઞાન ને આત્માને તાદાત્મ્ય સંબંધ છે. તાદાત્મ્ય એટલે અગ્નિ ને ઉષ્ણતા એને તાદાત્મ્ય સંબંધ કહેવાય. ટાળ્યો ટળે નહીં. સાકર અને ગળપણ મીઠાશ એ તાદાત્મ્ય સંબંધ છે અને સાકરનો મેલ છે એ સંયોગ સંબંધ છે. એમ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ જીવતત્ત્વ અને પડખે પરિણામમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે એ મલિનભાવ છે. એ બે જુદા છે. બે એક થઈ શકે નહીં. એક હોવાની ભ્રાંતિ થઈ છે. આત્મા અને રાગ એ જાણે રાગ જ તે આત્મા છે. રાગથી વળી જુદો આત્મા હોય એમ એના લક્ષમાં આવતું નથી. પુણ્યના ફળનો પ્રેમ બહુ ચડી ગયો છે. આહા! એની પ્રીતી ને પ્રેમ. એનો પુણ્યતત્ત્વનો આદર એવો છે કે એમાં ભગવાનઆત્માનો અનાદર થઈ જાય છે. આહાહા!

કેટલો મોટો સમયે સમયે આત્મા મિથ્યાત્વનો દોષ કરે છે એની એને ખબર પડતી નથી. સંયોગનો જેને આદર છે એને સ્વભાવનો અનાદર છે. જેને વ્રતાદિ વિકલ્પનો આદર છે એને સ્વભાવનો અનાદર છે. કષાયનો આદર છે એને પરમાત્માનો અનાદર વર્તે છે. પરમાત્મા એટલે અંદર બિરાજમાન જીવતત્ત્વ એ પરમતત્ત્વ છે. અંદરમાં બિરાજમાન છે, દેખાતો નથી પણ દેખે તો દેખાયને? દેખે તો દેખાય એવો છે બધાને દેખાય ન દેખાય એવો પ્રશ્ન નથી. પણ બહાર જોવે તો કયાંથી દેખાય? અંદર જરા અભ્યાસ કરીને જોવે તો એને અનુભવમાં આવે એવી ચીજ છે. માટે એ રાગ અને આત્મા એ બે વચ્ચે પ્રજ્ઞાછીણી નાખતાં જેમ એક લાકડાના પદાર્થના બે ટુકડાં કરવા

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય તો કરવત વડે કરી શકાય છે. એમ ભગવાનઆત્મા ને રાગ બે એક જેવા લાગે છે અતિ નિકટ છે. પણ એમાં પ્રજ્ઞાછીણી એટલે અનુભવરૂપ જ્ઞાનની છીણી અંદરમાં નાખતાં સ્વભાવ અને વિભાવ બે ભિન્ન ભિન્ન (ચીજ) છે એમ નિર્વિકલ્પ ધ્યાનના અનુભવના કાળમાં આવે છે. આહા! જુદા છે તેથી જુદા જાણી શકાય છે.

જ્ઞાન અને આત્માને જુદા પાડવા ધારે તો નહીં પડી શકે. સાકર અને મીઠાશને જુદા પાડવાનો પ્રયત્ન કરે તો નહીં થાય પણ મેલ જુદો પડી શકે. એમ આ આત્મા ને આત્માનું જ્ઞાન એ જુદા નથી માટે જુદા પડી શકતાં નથી. પણ આત્મા અને રાગ એ બે ચીજ જુદી છે અલગ અલગ છે તેથી ભેદજ્ઞાનના મંત્ર દ્વારા, ભેદજ્ઞાન એટલે સ્વ અને પર એને જુદા જાણનારું એક ત્રીજું જ્ઞાન પ્રગટ થાય છે. જીવ અને આસ્રવ એ બેને જુદા પાડનારું સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય છે. એને ભગવાન સંવરતત્ત્વ કહે છે. જેમાં આસ્રવનો નિરોધ થઈ જાય છે.

નવતત્ત્વની વાત છે. નવતત્ત્વની બહાર કાંઈ નથી. માટે આત્મા સ્વભાવે નિર્મમત્વ છે. ત્રણ બોલ થયા. ચોથો બોલ. (મુમુક્ષુઃ- આવી વાત સાંભળવા મળતી નથી.) વાત નથી મળતી પણ આ જ વાત સાંભળવા જેવી છે. આ પુણ્ય કરું અને કરતાં કરતાં ધર્મ થાય એ વાત તો કાંઈ અપૂર્વ નથી. એ વાત તો બધા કરે છે. કુંભારેય કરે છે કે પુણ્ય કરો તો ધર્મ થાય. અને ઓલા હરિજનેય નીકળે. ઓલા હરિજન નીકળેને? કાંઈ એવો પ્રસંગ હોય ત્યારે. આ પુણ્ય પરોવણી. બાપુ પૈસો આપો તો ધર્મ થાય. ફલાણું આપો તો ધર્મ થાય. આહાહા! ઈ કહે કે પુણ્યથી ધર્મ થાય. અને સર્વજ્ઞ પણ કહે કે પુણ્યથી ધર્મ થાય, તો જો પુણ્યથી ધર્મ થાય તો સર્વજ્ઞ ભગવાન પુણ્યના પરિણામનો અભાવ કરી વીતરાગ કેમ થયા? જેનો એણે ત્યાગ કર્યો છે એને કરવાનું વીતરાગીદેવની વાણીમાં આવી શકતું નથી. આહાહા!

અને પુણ્યથી ધર્મ થાય એમ સ્થાપના કરે એ જ્ઞાની નથી. (મુમુક્ષુઃ- આ વાત કદી સાંભળવા મળી નથી.) પણ જરા સાંભળે ને વિચાર તો કરે. આમ તો આવે છે કે પુણ્ય છે એ સોનાની બેડી અને પાપ છે એ લોઢાની બેડી. ગુરુદેવ તો ફરમાવતા હતા કે લોઢાની બેડી તો હજી સારી એમાં વજન ઓછું હોય અને સોનાની બેડીમાં વજન વધારે હોય તો આ પગ બહુ ઘસાઈ જાય. આ ચાંદા પડે. આ પુણ્યશાળીને એમ લાગે કે આ શું? ભાઈ પણ આ તો તત્ત્વની વાત છે. આ કોઈની વ્યકિતની ટીકાની વાત નથી. કેમ કે અહીંયા વિભાવ વિકથા કરવાની સખત મનાઈ છે. અહીંયા તો આત્મકથા ધર્મકથા ચાલે છે. નિજ આત્માનું સાચું સ્વરૂપ શું છે.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' કર્મના ઉદયથી કોઈ જીવ દુઃખ પામ્યો નથી. એમ શ્રીમદ્ રાજચંદ્રજી ફરમાવે છે. જે સ્વરૂપ સમજ્યા વિના એટલે અનુભવ વિના, સમજ્યા વિના એટલે અનુભવ વિના. આમ હું શુદ્ધ છું ને એક છું ને જ્ઞાયક છું ને અભેદ છું ને નિર્મમત્વ છું. ના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ના, એ તો શબ્દ છે. એ તો વિકલ્પ છે. બહુ તો ઈન્દ્રિયજ્ઞાન છે. એનાથી પાર વચનાતીત, વિકલ્પાતીત અંદરમાં ઈન્દ્રિયજ્ઞાનથી પણ અતિત અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા ગ્રહણ થાય છે. અનુભવમાં આવે છે. આહા! પણ કાને જરા વાત પડી હશેને, ડિપોઝીટ હશેને તો કોઈ વખતે કામ આવશે. આ ચીજ એવી છે. અગાઉ કહેતાં'તા કે દુકાળના વખતમાં લક્ષ્મીનો સંગ્રહ કર્યો હોય તો દુકાળના વખતમાં કામ આવે. ભાઈ સંકટ સમયે કામ આવે. એમ આ જિનેન્દ્ર ભગવાનની સત્યવાણી કાન ઉપર પડી હશે અંદર ડિપોઝીટ હશે તો એને કોઈપણ ટાઈમે ઉપયોગમાં આવશે. એ નકામી નહીં જાય. માટે આચાર્ય ભગવાન કરુણા કરીને શિષ્યે પ્રશ્ન કર્યો પ્રભુ હું દુઃખી છું (તો) દુઃખના નાશનો ઉપાય એની વિધિ કૃપા કરીને મને બતાવો. એ ચોથા બોલમાં કહે છે કે હું જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ છું. પણ હું તો અજ્ઞાની છું ને પ્રભુ! ઊભો રહે, તું પરિણામથી આત્માને ન જો. તારા પરિણામમાં અજ્ઞાન છે એ મને ખબર છે.

આચાર્ય ભગવાન શિષ્યને કહે છે, શિષ્યે એમ કહ્યું. ગુરુએ એમ કહ્યું'તું (તું) વર્તમાનમાં દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ છો. એવો તું નિર્ણય કર. ત્યારે શિષ્યે કહ્યું પ્રભુ હું તો દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ નથી. દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ તો કેવળી હોય, સિધ્ધપરમાત્મા હોય, હું તો અજ્ઞાની છું. હું દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ શી રીતે હોઈ શકું? હું તો અજ્ઞાની છું. હું તો દર્શનજ્ઞાનમાં અપૂર્ણ છું. અલ્પ ઊઘાડ. થોડો જ્ઞાનનો ઊઘાડ, થોડો દેખવાનો ઊઘાડ એને શાસ્ત્રીય ભાષાએ ક્ષયોપશમજ્ઞાન કહે છે. પણ અલ્પ ઊઘાડ, ઓછું જાણપણું. આવી અપૂર્ણ સ્થિતિ મારી પાસે છે ને આપ કહો છો કે પરિપૂર્ણ છો.આ શું? કે પરિણામથી આત્માને ન જો. પરિણામ દ્વારા આત્માથી જોઈશ તો આત્મા નહીં જણાય.

આત્માને આમ પરિણામથી રાગ ઉપર નજર રાખીશ તો આત્મા નહીં જણાય. અશુધ્ધ ઉપર નજર રાખીશ તો આત્મા નહીં જણાય. મમત્વરૂપે પરિણામ ઉપર નજર રાખીશ તો આત્મા નહીં જણાય. એમ વર્તમાન અલ્પજ્ઞ અવસ્થા છે અવસ્થા એના ઉપર લક્ષ રાખીશ તો આ દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ છું એમ તને શ્રધ્ધાજ્ઞાનમાં નહીં આવે. અનુભવ પહેલાં આવો નિર્ણય થઈ શકે છે એ ગાથા છે આ. આ ગાથામાં એમ છે કે અનુભવ પહેલાં નિર્ણય થઈ શકે છે.

ઓલું એક શાસ્ત્ર આપણે લાવ્યા હતાને લાવો તો. જો એમાં ગુરુદેવના વચનામૃતમાં આજે વાંચ્યું. ગુરુદેવના ફોટાવાળું. આહા! કેટલા વર્ષ પહેલાં ગુરુદેવ ફરમાવે છે. આ એક હજાર ને આઠ વચનામૃત આમાં છે. આ શાસ્ત્રમાં એક હજાર ને આઠ વચનામૃત છે. એમાં ત્રણસો ચૌદ નંબરનો બોલ છે. આ એક સાંભળવા જેવી વાત છે. લક્ષમાં રાખવા જેવી છે. આ કાને સાંભળીને આ કાને કાઢી નાખવા જેવી વાત નથી. કોઈ વખતે ચક્રવર્તી કરતાં પણ જયારે પુણ્ય વધી જાય ત્યારે જ્ઞાની અનુભવી પુરુષોની વાણી કાન ઉપર આવે છે. આહા! વાણી સાંભળવા મળે નહીં. એ પ્રકારના પુણ્યેય ગયા કે સાચું સત્ત સાંભળવા પણ મળે. આ એક અનુભવી પુરુષની વાત છે. જે શાસ્ત્રમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. શાસ્ત્રને આધાર રાખીને ગુરુદેવ આ વાત કરે છે.

એક વાર, એક જ વાર હો? એક વાર પ્રસન્નચિત્તથી. આહાહા! તારા આત્માના સ્વભાવની વાત ચિત્ત ને પ્રસન્નતાથી ઉમળકાથી આદરપૂર્વક એક વાર પ્રસન્નચિત્તથી આત્માનો અનુભવ થવાં પહેલાં, પ્રસન્નચિત્તથી ચૈતન્ય સ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. પદ્મનંદીઆચાર્યનો આ શ્લોક છે. કે ચિત્તની પ્રસન્નતાથી તું એક વાર શુદ્ધાત્માની વાત સાંભળ. તો ભાવી નિર્વાણ ભાજનમ્. નિર્વાણ થવાનો એ પાત્ર થાય છે. એના એ શ્લોક ઉપરનું આ વિવેચન છે. કે એક વાર પ્રસન્નચિત્તથી ચૈતન્ય સ્વભાવ. રાગથી ભિન્ન નિજ આત્માનો જે ચૈતન્ય સ્વભાવ છે એને વિકલ્પોવાળી અવસ્થામાં લક્ષગત જો થયો એટલે તે નિર્વાણનો પાત્ર છે. અલ્પકાળમાં એની મુકિત થશે.

આગળ નિશ્ચયનો પક્ષ બંધાણો ને વ્યવહારનો પક્ષ છૂટયો. નિશ્ચયનો એક અપૂર્વ પક્ષ આવે છે. વ્યવહારના પક્ષવાળો તો આંગણામાં નથી. પણ જો નિશ્ચયનો પક્ષ આવી ગયો એ પણ અપૂર્વ પક્ષ આવ્યો તો એને અલ્પકાળમાં આત્માનો અનુભવ થાય છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને, પુરુષ એટલે પુરુષ ને સ્ત્રી બધા. પુરુષ એટલે આત્મા. પુરુષ એટલે એકલા પુરુષને ધર્મનો પરવાનો છે અને સ્ત્રીને ધર્મ ન થાય એમ નથી. આહા! તે પુરુષને એટલે તે આત્માને. ભલે હજી અનુભવ નથી. આહાહા! ભલે હજી સમ્યગ્દર્શન પ્રત્યક્ષ આત્માનો સ્વસંવેદનજ્ઞાન દ્વારા ભલે આનંદનો અનુભવ નથી આવ્યો તો પણ એની પહેલાં હજુ અનુભવ નથી તો પણ એનું જોર અનુભવ પહેલાં, મોહનભાઈ! એનું જોર ચૈતન્ય સ્વભાવ તરફ વળી રહ્યું છે. એનું જે પરિણતિનું જોર છે ને, નિશ્ચયના પક્ષવાળાની વાત છે. વ્યવહારના પક્ષવાળાને આ કાંઈ પત્તો લાગે એવું નથી. પુણ્યથી ધર્મ થાય એ તો ધર્મને માટે દિલ્હી દૂર છે. પણ જેને સ્વભાવનો નિર્ણય થયો છે કે હું તો અકર્તા છું. જ્ઞાયક છું. જ્ઞાયક હોવાથી જ્ઞાતા છું. જ્ઞાતા હોવાથી પરમાર્થે જ્ઞાયકનો જ જ્ઞાતા છું. આહા! વેલજીભાઈ!

પરનો કર્તા નહીં, પરિણામનો કર્તા નહીં, પરિણામનો જ્ઞાતા પણ નહીં પણ જ્ઞાયકનો જ્ઞાતા એવો મારો સ્વભાવ છે. એવા જ્ઞાયકની તરફ જ્ઞાતા થતાં મને આત્માનો અનુભવ થશે, થશે ને થશે. એવો એક અનુભવ પહેલાં નિશ્ચયના પક્ષવાળા વિકલ્પની વાત ચાલે છે. મોહનભાઈ! આહા! ત્રણસો ચૌદમો બોલ છે. આપણે તો ગુરુદેવનો આધાર છે. અનુભવી પુરુષનો. કે નિશ્ચયનો પક્ષ બંધાણો, જેની નજરું આત્મા તરફ ગઈ અને રાગ ને રાગની રુચિ છૂટી ગઈ, પુણ્ય છૂટયું નહીં પણ પુણ્યની રુચિ છૂટી ગઈ, સંયોગ છૂટયા નહીં પણ સંયોગની રુચિ છૂટી ગઈ અને શુદ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થવા પહેલાં આત્માની વિકલ્પાત્મક રુચિ જાગી ગઈ. આહાહા!

નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને એટલે આત્માને. ભલે હજુ અનુભવ નથી તો પણ એની પરિણતિનું જોર શ્રદ્ધા જ્ઞાનનું જોર એનું વલણ, આહા! એનું વલણ ફરી ગયું આખું. આ સંસારમાં બેઠો છે. વ્યાપાર રોજગારમાં ઊભો. વેપાર રોજગારમાં ઊભો છે. આહાર કરે છે. રોટલી દાળ શાક

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાત જમે છે પણ એનું વલણ ફરી ગયું છે. આહાહા! ઉપયોગ દેખાય છે બહાર પણ એનું એક વલણ અંદરમાં ફરી ગયું છે. ચૈતન્ય સ્વભાવ તરફ વળી રહ્યું છે. એની પરિણતિ ઢળી રહી છે. એ ઢળતાં ઢળતાં ઢળી જઈને અનુભવ થાય છે. ચૈતન્ય સ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે. આ જ મારો સ્વભાવ છે. એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અવશ્ય અનુભવ કરી લ્યે. દાંડી પીટીને લખે છે. કથંચિત્ નહીં. અપૂર્વ ચીજ છે અપૂર્વ.

આવો આત્મા સમ્યક્‌ની સન્મુખ થઈ ગયો. એ આત્મા એનું જોર સ્વભાવ તરફ જાય છે. હવે એનું જોર વિભાવ તરફ નથી. આહાહા! વિભાવથી ભિન્ન મારો આત્મા ચૈતન્યમૂર્તિ છે. એમ જેને અંદરમાં વિકલ્પાત્મક ઈન્દ્રિયજ્ઞાનમાં, માનસિક જ્ઞાનમાં નિર્ણય કરીને સ્વભાવનો પક્ષ જેને આવ્યો છે એનું જોર એની પરિણતિનું જોર સ્વભાવ તરફ વળી જાય છે. વારંવાર વળે છે. હાલતાં ચાલતાં ખાતા પીતા બેસતા હું તો આવો છું. આહાહા! (મુમુક્ષુઃ- બહુ મુદાની વાત આવી.) આજે જ આ વાંચ્યું. આહા! એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. ઉપર નિર્વાણનો 'પાત્ર' શબ્દ આવ્યો હતો. એનો હવે ટોટલ કરે છે.

આવો આત્માનો જેણે અપૂર્વ નિર્ણય કર્યો કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. હું તો ચૈતન્યમૂર્તિ આત્મા છું. મારામાં રાગ નથી, દ્વેષ નથી, ક્રોધ નથી, માન નથી, કર્મ નથી, નોકર્મ નથી, સંયોગ (પણ) મારામાં નથી (અને) સંયોગમાં હું નથી. રાગ મારામાં નહીં અને રાગમાં હું નહીં. રાગ રાગમાં અને જ્ઞાન જ્ઞાનમાં. આહાહા! આવું જેણે ભેદજ્ઞાન કરીને અભેદને અનુભવ પહેલાં લક્ષમાં લીધો એનું વલણ અભેદ તરફ વળે છે અને ઢળતાં ઢળતાં એક સમય એવો આવે છે કે એની પરિણતિ અનુભવ કરી લ્યે છે. ઢળી જાય છે, નમી જાય છે. નમતો નમતો નમી જાય છે. ઢળતો ઢળતો અંદરમાં ઢળી જાય છે. આહા! અનુભવની વાતો ચાલી ગઈ. આત્માના અનુભવથી જ ધર્મની શરૂઆત થાય છે.

'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ. અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ' એમ આવે છે.આહાહા! ચારસો વર્ષ પહેલાં આગ્રામાં બનારસીદાસ થઈ ગયા એમણે આ પદ લખ્યું છે. મોક્ષનો માર્ગ તો શુધ્ધાત્માનો અનુભવમાં (પ્રગટ થાય છે.) જે અનુભવમાં આત્મિક સુખ, અતીન્દ્રિય સુખ આવે. આ ઈન્દ્રિય સુખ એ તો સુખ નથી એ તો દુઃખ છે. એનાથી જુદું એક આત્મિક સુખ છે. એ લૌકિકજનો ઓછા દુઃખને સુખ કહે છે. લૌકિક અજ્ઞાની પ્રાણીઓ ઓછા દુઃખને સુખ કહે છે. પણ એમાં સુખનો છાંટો નથી. દેવના જીવો પણ દુઃખી છે આવ્યું'તું. ચારે ગતિ દુઃખરૂપ છે. એ કહે છે. અરે! એક વાર આત્માનો સ્વભાવ કેવો છે એ લક્ષમાં તો લે. અનુભવ પહેલાં તું તારા સ્વરૂપને તો જાણ. તું એમ તો વિચાર કર કે વર્તમાનમાં મનુષ્ય છું આ તો દૃષ્ટાંત (છે.) હું મનુષ્ય છું ઢોર નથી, હું વાણિયો છું મુસલમાન નથી, હું જૈન છું અજૈન નથી, આ મારું નામ છે ને બીજું મારું નામ નથી. એમ તું આ તો દૃષ્ટાંત- એમ હું જ્ઞાયક આત્મા, જ્ઞાતા-દૃષ્ટા મારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ છે. જાણવું ને દેખવું એ મારો સ્વભાવ છે. રાગનું કરવું ને દુઃખનું ભોગવવું એ મારો સ્વભાવ નથી. આહાહા!

એમ એક વાર આવો વ્યવહારનો પક્ષ છોડીને, વ્યવહાર નથી છૂટતો, વ્યવહારનો પક્ષ છૂટે છે. આમાં સમજણ ફેર બહુ થઈ જાય છે. એટલે ખુલાસો કરવો પડે છે. વ્યવહાર તો જ્ઞાની સાધકને પણ હોય. વ્યવહાર તો શુભભાવ આવે ખરો. ગુણસ્થાનની પરિપાટી પ્રમાણે એની યોગ્યતા અનુસાર શુભભાવ આવે ખરો, એને જાણે છે પણ એનો કર્તા નથી. પણ શુભભાવથી મને લાભ થાય એમ માનવું તે વ્યવહારનો પક્ષ મિથ્યાત્વનો દોષ છે. અને શુભભાવ વ્યવહાર આવે એ ચારિત્રનો દોષ છે. છે બેય દોષ. એક અનંત સંસારનું કારણ અને એક અલ્પ સંસારનું કારણ. શુભભાવ અલ્પ સંસારનું કારણ. પુણ્યના પરિણામ અલ્પ સંસારનું કારણ પણ પુણ્યથી ધર્મ માનવો એ વ્યવહારનો પક્ષ મિથ્યાત્વભાવ છે. પહેલાં વ્યવહારનો પક્ષ છૂટે છે. વ્યવહાર નથી છૂટતો. સાધકને નિશ્ચયપૂર્વક વ્યવહાર તો હોય છે.

નીચે દેવ દર્શન હોય ઉપરમાં થોડા વ્રતાદિના ભાવ આવે. છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઉપવાસના ભાવ આવે, પાંચમા ગુણસ્થાને સામાયિક શરૂ થાય. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન એવા શુભભાવ બધા હોય ખરા પણ જ્ઞાની એને વિષકુંભ માને છે. એ ઝેરનું ઝાડ છે. કયાં આ અમૃત સાગર ભગવાન આત્મા અને કયાં આ શુભભાવ, એ ઝેર છે. ઝેર માને છે. એ કાળો નાગ છે. આહાહા! એ દુઃખના પરિણામ છે. એ આત્માનો સ્વભાવ નથી. આ વાત કયાં એને લંડનમાં મળે નહીં! અને મળે તો ઝીણી લાગે. સૂક્ષ્મ છે આ તો બહુ સુક્ષ્મ. આ તો કાંઈક ઊંચા પ્રકારનું (છે એમ માને) અરે આ તો હજી એકડાની વાત છે. આ બી.એ. એલ. એલ. બી. ની વાત નથી. આ તો કક્કા બારક્ષડીની વાત છે. હજી તો કક્કા ઘૂંટવાની વાત છે. આ તો સમ્યગ્દર્શનનો કક્કો છે. ચારિત્રની વાત તો અપૂર્વ છે. પણ અભ્યાસ નહીં એટલે જરા આકરું લાગે. પણ હવે તો બહુ પુસ્તકો બહાર પડી ગયા છે. અહીંયા વેચાય છે. આહા! પુસ્તકો લેવા જોઈએ. એનું અધ્યયન કરવું જોઈએ. કાંઈક સત્ સમાગમ કરવો જોઈએ. કાંઈક બે પાંચ જણા ભેગા બેસીને તત્ત્વચર્ચા પણ કરવી જોઈએ. ગુરુદેવની રેકોર્ડ પણ ઘણી આવે એ વગાડવી જોઈએ, સાંભળવી જોઈએ. બહેનશ્રીના વચનામૃત એકદમ સહેલા છે. સામાન્ય જીવો પણ સમજી શકે. નાનું પુસ્તક છે. ગુજરાતીમાં મોટા અક્ષરે છે. આંધડો પણ વાંચી શકે એવા સારા અક્ષરો છે. ભાઈ કાંઈક વાંચવું જોઈએ. આહાહા !

આ પરીક્ષામાં પાસ થવા માટે રાતના બે વાગ્યા સુધી વાંચે, હવે આમાં એક કલાકનો ટાઈમ મળે નહીં. ગજબની વાત છે. આહા ! બિલકુલ રુચિ નહીં. રખડવાની રુચિ છે. છૂટવાની રુચિ નથી. અરે એક વાર તારા સ્વભાવનો નિર્ણય તો કર. તારું વલણ અંદરમાં વળશે. બીજાને નહીં દેખાય. ધર્મ દેખાડવા માટે નથી. ધર્મ કરવા માટે છે. ધર્મ દેખાડવા માટે નથી. હું આ કાંઈક ક્રિયા કરું અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બધા મને જુએ અને આ ધર્મી છે એમ બધા વાતો કરે તો ઠીક. એને ધર્મનું ઠેકાણું જ નથી. ધર્મ કરવા માટે છે. ધર્મ દેખાડવા માટે નથી. અને ધર્મ ખરેખર કોઈને બીજાને અજ્ઞાનીને દેખાતો પણ નથી. બીજો ધર્મી હોય તો એને ઓળખી પણ શકે નહીં. કેમકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ નીચલી ભૂમિકામાં છે ને એ અરૂપી પરિણામ છે. એ ઈન્દ્રિયજ્ઞાનનો વિષય થઈ શકતો નથી. અજ્ઞાની જ્ઞાનીને ઓળખી શકે નહીં. આહાહા!

નિશ્ચયથી તો જ્ઞાની જ્ઞાનીને ઓળખે. પણ એક થોડો વ્યવહારની વાત સમજવા માટે જાણવા માટે એવી એક સ્થિતિ છે ખરી. શ્રીમદ્ રાજચંદ્રજીએ એક બોલમાં (વાત) લખી છે કે, કોઈ ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય, જઘન્ય નહીં, મધ્યમ નહીં, ઉત્કૃષ્ટ મુમુક્ષુ, મિથ્યાદષ્ટિ, મોક્ષનો અભિલાષી. હજી સમ્યગ્દર્શન નથી થયું. પણ કોઈ ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય એની આંખ જ્ઞાનીને ઓળખી કાઢે છે. એટલી એક વ્યવહારની વાત તેઓશ્રીએ મૂકી છે. કેમ કે જો બિલકુલ ઓળખાણ ન થાય તો કોનું સાંભળવું અને કોનું ન સાંભળવું એટલો પણ આંતરો પડી શકતો નથી. જેની વાણીમાં વીતરાગ સ્થાપન થતો હોય (તે) જ્ઞાની છે. રાગ કરો તો ધર્મ થાય, પુણ્ય કરો તો ધર્મ થાય એ જ્ઞાનીની વાણી નથી. આ વાણી દ્વારા વચન દ્વારા એ ઓળખી શકાય છે. પરિચયથી ખ્યાલ આવી શકે છે.

જેને અણીશુધ્ધ શુધ્ધઆત્માનું અવલંબન લેતાં જેટલો વીતરાગભાવ પ્રગટ થાય એટલો ધર્મ છે. અને જેટલો રાગ છે (એટલો) અધર્મ છે. અરે સાધકની દશામાં શુભભાવ થાય એ પણ ધર્મ નથી. એ વ્યવહાર(થી) ધર્મ નિશ્ચય(થી) અધર્મ. નિશ્ચયે તો શુધ્ધાત્માનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રના નિશ્ચય રત્નત્રયના જે પરિણામ વીતરાગભાવ છે, જેના એ પરિણામથી અનાકુળ આનંદ આવે એવા પરિણામને ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. બાકી બધા બંધના માર્ગ છે. બંધનો છૂટવાનો માર્ગ તો કયાંક કયાંક વિરલ હોય છે. બાકી બંધાવાની વાત તો બધા પરસ્પર આચાર્યપણું કરતા હોય છે. ચાર મિનિટ બાકી છે. હું જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ છું. આહા! આ પડખેથી જોઉં છું (તો) આ પરિણામનું પડખું આ દ્રવ્યનું પડખું. આમ જોઉં છું તો મને જ્ઞાન દર્શનમાં અપૂર્ણતા લાગે છે. પણ આની કોર (આ બાજુ) તું જોને? આની કોર જોતાં જોતાં આની કોર તો જો? આની કોર જોતાં દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ છું એમ સર્વજ્ઞ ભગવાન બધાના આત્માનું કહે છે.

બધા આત્મા જ્ઞાનદર્શનથી શકિતએ સ્વભાવે પરિપૂર્ણ છે. શકિતએ સ્વભાવે પરિપૂર્ણ હોવા છતાં પ્રગટ છે. જેમ જ્ઞાનદર્શનનો ઊઘાડ પ્રગટ અંશ છે તેમ દ્રવ્ય સ્વભાવ પણ પ્રત્યક્ષ પ્રગટ છે. એ જો દેખે તો જણાય એવો છે. એની કોર નજર છે એની બદલે આની કોર નજર કરે, બહિર્મુખ નજર છે એની બદલે અંતર સન્મુખ કરે, ઉપયોગ બહાર રખડે છે એ ઉપયોગને અંદરમાં લ્યે તો એને આ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું એમ શ્રદ્ધા જ્ઞાનમાં અનુભવપૂર્વક આવી શકે છે.

આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ આકાશનો દષ્ટાંત આપ્યો. જેમ આકાશને કોઈનો આધાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ન હોય એમ આત્માને કોઈનો આધાર નથી. આ આત્મા અત્યારે દેહને આધારે રહેલો નથી. હાય ! હાય ! દેહને આધારે નથી? ઘડામાં ઘી છે ને ત્યારે એ ઘી છે ને એ ઘડાને આધારે નથી. અને ઘડો જમીનને આધારે નથી. જમીનને ઘડો અડયોય નથી.

હવે લંડનમાં આ વાત કેમ સમજાય? અરે સમજવા જેવી (વાત)છે ભાઈ! આ તો સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને આધારે હોઈ શકે નહીં. જો એક દ્રવ્યને બીજા દ્રવ્યનો આધાર હોય તો એ દ્રવ્ય પરાધીન થાય છે. એ સ્વાધીન રહેતું નથી. બીજું એક દ્રવ્યને બીજા દ્રવ્યનો આધાર, બીજાને ત્રીજાનો આધાર, ત્રીજાને ચોથાનો આધાર એમ તમે લંબાવો તો કયાંય છેડો આવશે નહીં અને અનઅવસ્થા નામનો દોષ આવશે. માટે કોઈને કોઈનો આધાર નથી. આત્મા આત્માને આધારે છે, દેહ દેહના આધારે છે. વ્યવહારનયે કથનમાં કહેવાય કે આ દેહમાં આત્મા રહેલો છે. ખરેખર દેહમાં રહ્યો નથી. આત્મા તો જ્ઞાનદર્શનમાં રહેલો છે. આત્મા દેહમાં ન રહે. અરે પુણ્ય-પાપના પરિણામમાં આત્મા નથી. આત્મા તો જ્ઞાનમાં રહેલો છે.પુણ્ય-પાપના પરિણામમાં આત્મા કયાં રહે છે. આહા! તો તો એનો સ્વભાવ થઈ જાય. અને પુણ્ય-પાપનો તો નાશ થાય સિધ્ધ પરમાત્મા થાય ત્યારે. તેમ પુણ્ય-પાપને આધારે જો આત્મા હોય, ન્યાય સાંભળજો! પુણ્ય-પાપને આધારે જો આત્મા હોય તો પુણ્ય-પાપનો તો સિધ્ધ અવસ્થા થાય ત્યારે અભાવ થાય છે. તો આત્માનો અભાવ થઈ જાય. ઠીક, અને દેહને આધારે આત્મા હોય તો આ દેહને તો બાળી નાખે છે તો આત્માનો પણ નાશ થઈ જાય. માટે આત્મા આત્માને આધારે છે, દેહ દેહને આધારે છે. આત્માને દેહ અડતો નથી અને દેહને આત્મા અડતો નથી. આહાહા!

બેય દ્રવ્ય ભિન્ન ભિન્ન સત્ અહેતુક સ્વતંત્ર રહેલાં છે. આ વાત જિનેન્દ્ર ભગવાને કહેલી છે. કોઈના ઘરની આ વાત નથી. પણ સત્ સાંભળવા ન મળે એટલે ના આવું હોય? આવું હોય? પણ સાંભળ તો ખરો ભાઈ! બાપુ! આ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે. નકાર કરીશમાં અને સમજયા વિના હકાર કરીશમાં. સમજીને હકાર કર. સમજીને હા પાડ. આ તો જાંગડ માલ છે. તું જો તને ગમે તો રાખી લેજે. બાકી અમારો માલ અમને પાછો આપી દેજે. જ્ઞાનીઓ કહે છે. એમાં કોઈ લાયક જીવ હોય એ માલ ગમી જાય તો રાખી લે છે. (મુમુક્ષુઃ- આપ ડિલેવરી કરવા આવ્યા છો અમને ભૂખ લાગી હશે તો અમે રાખી લેશું) અરે અપનાવવા જેવી છે. અરે આત્માની વાત છે. સ્વાધીન થવાની સ્વતંત્ર થવાની વાત છે. અરે! પરમાત્મા થવાની વાત પરમાત્મા ફરમાવે છે. પરમાત્મા થવાની વાત છે. બહિરઆત્મા અંતરઆત્મા થાય, અંતરઆત્મા પોતે અલ્પકાળમાં પરમાત્મા (થાય છે.)

આપણે આમાં આવ્યુંને? કે પરમાત્મા થઈ જાય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. આવ્યુંને? વખત થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## પ્રવચન નં :- ૧૩
## તા. ૨૧-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૭૩ ઉપર પ્રવચન

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે, એનો કર્તા કર્મ અધિકાર (તેમાં) તૌંતેર નંબરની ગાથા ચાલે છે. અનાદિકાળથી આત્મા પોતાના જ્ઞાયક સ્વભાવને, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ભૂલીને અનાદિકાળથી એમ માનતો આવે છે કે, એક ચૈતન્ય સ્વભાવી આત્મા હું કર્તા છું અને આ રાગાદિ પુણ્ય-પાપના પરિણામ એ મારાં કર્મ છે. એમ અનાદિકાળથી કર્તા-કર્મની અજ્ઞાનમય પ્રવૃતિ ચાલુ રહી છે. ખરેખર આત્મા કર્તા અને પુણ્યના પરિણામ આત્માનું કર્મ એ અજ્ઞાનભાવ છે. એ જ્ઞાનભાવ નથી. કર્તૃત્વ-બુદ્ધિ એ અજ્ઞાનભાવ છે. ખરેખર આત્માનો જેવો સ્વભાવ જ્ઞાનમય છે (તેવો જાણે) ત્યારે આત્માનું જ્ઞાન થાય અને આત્માનું જ્ઞાન આત્માનું કર્મ થાય, ત્યારે તેને ધર્મ કહેવામાં આવે છે. પણ આત્મા કર્તા અને આ રાગાદિ પરિણામ મારું કર્મ એમ અનાદિકાળથી અજ્ઞાનની પ્રવૃતિ ચાલી આવે છે. એના નાશનો ઉપાય આ કર્તા-કર્મ અધિકારમાં બતાવવામાં આવે છે.

જૈનમાં જનમતાં ણમોકારમંત્ર તો એને જન્મથી જ માવતર પાસેથી માતા-પિતા પાસેથી મળે છે. પણ અનાદિકાળથી એને ભેદજ્ઞાનનો મંત્ર મળ્યો નથી. ભેદજ્ઞાનનો મહામંત્ર છે. ણમોકારમંત્ર કરતાં પણ અનંતગણો ઊંચો એવો એક ભેદજ્ઞાનનો મંત્ર છે. ણમોકારમંત્ર એટલે પંચપરમેષ્ઠી પ્રત્યેની ભકિતનો ભાવ. એને ણમોકારમંત્ર કહેવામાં આવે છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુને નમસ્કાર કરું છું. એ શુભભાવ છે. એ શુભભાવથી પુણ્ય બંધાય છે પણ એ શુભભાવથી ધર્મ થતો નથી. એનો અર્થ એમ નથી કે ણમોકારમંત્ર ગણવાનું ભણવાનું છોડી દેવું અથવા તો કોઈ એના માર્ક ઓછા આપવા એમ નથી. ણમોકાર ભણવા ઉપરાંત એક બીજો પણ મંત્ર જ્ઞાનીઓ આપે છે. ણમોકાર મંત્ર તો મળ્યો પણ ણમોકાર મંત્રમાં પણ એ અરિહંતભગવાનની વાણીમાં આવ્યું કે ણમોકારમંત્ર છે એ બાહ્યની પ્રતિકુળતા દૂર થવામાં નિમિત્ત થાય અથવા અનુકૂળતામાં એ નિમિત્ત થાય.

પણ એક બીજો ભેદવિજ્ઞાનનો મંત્ર જયારે જ્ઞાનીઓના જન્મ થાય છે, જ્ઞાની એટલે નામધારી જ્ઞાની નહીં પણ ભાવધારી જ્ઞાની. કે જેને શુદ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થયો હોય અને જેને આત્મિક આનંદનો સ્વાદ આવે એવા ધર્માત્મા આત્મજ્ઞાની પુરુષને જ્ઞાની કહેવામાં આવે છે. જયારે જ્ઞાનીનો જન્મ થાય છે ત્યારે અનાદિકાળથી અજ્ઞાનીપ્રાણીએ કામ ભોગ બંધનની કથા તો સાંભળી. કરવું અને ભોગવવું, મેળવવું અને ભોગવવું, એ પ્રકારના સંકલ્પ અને વિકલ્પની જાળમાં ફસાયેલાં આત્માઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ એક પડખાનું જ માત્ર જ્ઞાન કરતાં હતા પણ બીજું એનું આત્માનું શુધ્ધ પડખું પરિપૂર્ણ પડખું એ વાતથી તેઓ અજાણ હતા.

ત્યારે અનુભવી પુરુષો એને બીજા પડખાનો બોધ આપે છે. એક પડખાનો તો પરિચય છે. ક્રોધ, માન, માયા, લોભનો વ્રત-અવ્રત પુણ્ય અને પાપ એવા પરિણામનો એને પરિચય પણ છે અને રાગની અનુભૂતિ પણ છે. દુઃખનો અનુભવ તો વર્તી રહ્યો છે પણ એક બીજું પડખું જેમાં દુઃખ નથી. જેમાં રાગ નથી, જેમાં ક્રોધ નથી, જેમાં અશુધ્ધતા નથી, જેમાં અપૂર્ણતા નથી. એવું આત્માનું બીજું એક સામાન્ય પડખું સદ્દ્શ ધ્રુવ, અનાદિઅનંત એક નિત્ય પડખું આત્માનું છે એ પડખાનું જ્ઞાન કરાવીને એનું અવલંબન લેવડાવે છે. અને પરનું અને ભેદનું અવલંબન છોડાવે છે. એવો ભેદજ્ઞાનનો મહામંત્ર છે કે જે મંત્રની સાધનાથી ચૈતન્યદેવ હાજર થાય છે. આ ચૈતન્યદેવ અંદરમાં બિરાજમાન છે. દેહદેવળમાં અંદર પરમાત્મા નિજપરમાત્મા બિરાજમાન છે.

એ રાગ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન કરાવી અને રાગ વિભાવભાવ એ તારું સ્વરૂપ અને તારો સ્વભાવ નથી પણ એ પુણ્ય ને પાપથી ભિન્ન, એ જ્ઞાન ને આનંદમય આત્મા અંદર બિરાજમાન છે એનો મહિમા લાવીને તું એનો મહિમા કર, એનું લક્ષ કર, એની દૃષ્ટિ કર અને એ આત્માનો અનુભવ કર. એમ ભેદજ્ઞાનની કળા બતાવતા અત્યાર સુધી જેટલા સિધ્ધ પરમાત્મા થયા એ બધા ભેદવિજ્ઞાનથી થયા છે. અને જેટલા આત્માઓ સંસારમાં રખડે છે તે ભેદવિજ્ઞાનના અભાવથી રખડે છે. ભેદવિજ્ઞાન એટલે જ્ઞાનમય આત્મા રાગથી ભિન્ન છે એમ ભિન્ન જાણીને એકલા જ્ઞાનનો અનુભવ કરવો અને રાગનો અનુભવ છોડી દેવો એનું નામ ભેદવિજ્ઞાન છે. એ ભેદવિજ્ઞાનથી શુધ્ધાત્માના દર્શન થાય છે. એટલે ભેદવિજ્ઞાનનો મહામંત્ર એવો છે કે ચૈતન્યદેવના અનંતકાળથી દર્શન ન થયા એ દર્શન થઈ જાય છે. તો આ તૌંતેર નંબરની ગાથામાં પણ ભેદવિજ્ઞાનનો મંત્ર આપે છે. પણ જૈનમાં એક ણમોકારમંત્ર હતો, વળી આ બીજો મંત્ર ક્યાંથી આવ્યો? આ નવો જૈનધર્મ છે? જૈનધર્મમાં તો અમે કોઈ દિ' આ વાત સાંભળી નથી. ભાઈ જૈનધર્મ તો અનાદિનો છે. આ કોઈ નવી ચીજ નથી. આ કોઈ સોનગઢની ઘરની વાત નથી. આ તો સર્વજ્ઞભગવાન દેવાધિદેવ ચોવીસ તીર્થંકર પરમાત્મા કહી ગયા છે એ વાત છે. આ કોઈ નવી વાત નથી.

શાસ્ત્રોમાં બે હજાર વર્ષથી લખાયેલી વાત એને કોઈ જાણતું નહોતું અને કોઈ જાણનાર નીકળે તો એ કાંઈ નવો ધર્મ છે એમ ન સમજવું. કેમ કે આ સનાતન અનાદિઅનંત જૈનધર્મ રહેલો છે. જૈન એટલે જેમાં વિષય અને કષાયને જીતીને શુધ્ધાત્માનો અનુભવ કરવો એને ભગવાન પરમાત્મા જૈનધર્મ કહે છે. વિષય અને કષાય એ બેને જયારે જીતે છે ત્યારે તેને આત્મદૃષ્ટિ આત્મઅનુભવ થાય છે. વિષય એટલે શું અને કષાય એટલે શું? વિષય એટલે બહારના શુધ્ધાત્માને છોડીને પાંચ ઈન્દ્રિયના વિષયોને જાણવાની જે અભિલાષા-ઈચ્છા ઉત્પન્ન થાય છે એને પરમાત્મા વિષય કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. અને કષાય એને કહે છે કે આત્મા સ્વભાવે જ્ઞાયક હોવાથી જ્ઞાતા હોવા છતાં સાક્ષી હોવા છતાં પોતે પોતાના સ્વભાવને ભૂલી પોતે પુણ્ય-પાપનો હું કર્તા છું અને પુણ્ય-પાપ મારું કર્મ છે એમ રાગમાં કર્તાપણાની બુધ્ધિ રાખવી તેને કષાય કહેવામાં આવે છે.

પરનું કરવું, રાગનું કરવું, આનું કરવું, કરવું કરવું કરવું એવો જે મિથ્યા અભિપ્રાય એને ભગવાન કષાય કહે છે. પરને જાણવાની ઈચ્છા અને પરને કરવાની ઈચ્છા એને વિષય અને કષાય કહે છે. એ વિષય કષાયને જીતીને આત્મા જેમાં પાંચ ઈન્દ્રિયના વિષયનો અભાવ છે, જેમાં પાંચ ઈન્દ્રિયનો પણ અભાવ છે, જેમાં કષાયનો પણ અભાવ છે, એવો નિર્મળાનંદ પરમાત્મા અંદર બિરાજમાન છે. નીરાગી પરમાત્મા છે. વીતરાગીમૂર્તિ આત્મા છે. એમાં આત્મામાં રાગનો અંશ નથી. પરિણામમાં ભલે રાગ હોય પણ આત્માના સ્વભાવમાં જીવતત્ત્વમાં રાગ નથી. આસ્ત્રવતત્ત્વમાં રાગ છે અને જીવતત્ત્વ તો વીતરાગી પ્રતિમા છે. જીવતત્ત્વ જુદી ચીજ છે અને આસ્ત્રવતત્ત્વ જુદી ચીજ છે. આસ્ત્રવમાં જીવનો અભાવ છે. જીવના સ્વભાવમાં આસ્ત્રવ એવા વૈભાવીકભાવ એનો એમાં અભાવ છે. એકમાં બીજાની નાસ્તિ છે.

જીવ જીવપણે છે અને રાગપણે નથી એને અનેકાંત કહેવામાં આવે છે. અસ્તિ નાસ્તિ અનેકાંત કહેવામાં આવે છે. આત્મા સ્વપણે છે અને પરપણે નથી. આત્મા જ્ઞાન અને અનંદપણે છે અને દુઃખ અને રાગપણે નથી. એને અસ્તિનાસ્તિ અનેકાંત કહેવામાં આવે છે. એવા સ્વભાવની વાત સાંભળી એનો નિર્ણય કરી અને એમાં અંતરમગ્ન થવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઉપયોગને આત્મામાં જોડવો તેને યોગ કહેવામાં આવે છે. અને ઉપયોગ આત્મામાં જોડાય તેને યોગી કહેવામાં આવે છે. એટલે ઉપયોગ પરમાં જોડે છે એને બદલે ઉપયોગને અંતર સન્મુખ કરી અને પોતાનો શુધ્ધાત્મા છે એને જ્ઞાનમાં ને પ્રતીતમાં લઈને એને અનુભવવો, ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

તો આ દુઃખથી મુકાવાનો ઉપાય શિષ્યે પૂછયો છે. કે હું અનાદિકાળથી આ અજ્ઞાનજન્ય દુઃખને વેદું છું. તો એ દુઃખના નાશનો ઉપાય કૃપા કરીને મને બતાવો. તો એ ઉપાય બતાવતાં ગાથા ચાલે છે એમાં એમ કહ્યું કે તું તારા સ્વભાવને પહેલાં નિહાળ, એનું અવલોકન કર. કે હું અનાદિઅનંત એક છું, હું અનાદિઅનંત શુધ્ધ છું, હું અનાદિઅનંત નિર્મમ છું અને હું અનાદિઅનંત જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું. આ જે બીજું પડખું (છે) તે જગતના જીવને ખ્યાલમાં નથી. આસ્ત્રવને ને રાગને આત્મા માની બેઠા છે. એ આસ્ત્રવને કાં આત્મા માને કાં દેહ અજીવ છે એને આત્મા માને તેને અધર્મદષ્ટિ કહેવામાં આવે છે.

આસ્ત્રવ એ આત્માનું રૂપ નથી. અને આ શરીર આદિ અજીવ એ આત્મા નથી. અજીવથી અને આસ્ત્રવથી અંતરજ્ઞાનમય આત્મા ભિન્ન બિરાજમાન છે એને લક્ષમાં લઈ અને એને અનુભવવો એને ભગવાન ધર્મ કહે છે. એ વાત આપણે ચાર બોલથી કહી. આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પારમાર્થિક વસ્તુ વિશેષ છું. શું ફરમાવે છે? જેમ આકાશને કોઈનો આધાર નથી. આકાશ તદ્દન નિર્મળ અને શુધ્ધ છે. એને કોઈનો આધાર નથી. એમ આ આત્મા નિરાલંબી પરમાત્મા છે. દેહને આધારે આત્મા નથી. આઠ કર્મને આધારે આત્મા રહ્યો નથી. રાગને આધારે આત્મા છે નહીં. કેમ કે આત્મામાં એક કરણ નામની શકિત છે. કર્તા, કર્મ, કરણ. કરણ નામની આત્મામાં એક શકિત છે. કરણ એટલે ઉત્કૃષ્ટ સાધન.

આત્મા આત્મામાં રહે, આત્માને બીજાના આધારની જરૂર ન પડે એવી આત્મામાં એક કરણ નામની શકિત છે. અને આત્મા આત્માના ઉપાદાનથી રહે છે પણ પરના નિમિત્તથી આત્માનું અસ્તિત્વ નથી. એવી પણ આત્મામાં શકિત છે એવી એવી અનંત શકિત છે. તેથી આકાશની માફક હું પરિપૂર્ણ ને શુધ્ધ છું. આકાશને જેમ બીજાનો આધાર નથી એમ હું નિરાલંબી હોવાને કારણે પરને આધારે મારું જીવન નથી. અરે ખોરાકને આધારે તો આત્મા જીવતો નથી પણ આયુષ્યકર્મને આધારે આત્મા જીવતો નથી. જો આયુષ્યકર્મને આધારે આત્માનું જીવન હોય તો જયારે આયુષ્ય પરિપૂર્ણ થાય ત્યારે આત્માનો નાશ થઈ જાય. લૌકિકજનો ભલે કહે કે આયુષ્ય પૂરું થયું એટલે આત્મા મરી ગયો. એ વ્યવહારીક ભાષા લૌકિક ભાષા છે. પણ ખરેખર એ આયુકર્મના ઉદયથી જીવતો નથી. અને આયુકર્મનો ક્ષય થાય તો આત્મા મરતો નથી. એટલે આત્મા નાશ પામતો નથી. કેમ કે આત્મા અવિનાશી વસ્તુ છે.

આ ક્ષેત્રે આત્મા હતો એ બીજા ક્ષેત્રે ગયો. આત્માનું મરણ ખરેખર સ્વભાવ દષ્ટિથી જોવામાં આવે તો આત્મા જનમતો પણ નથી અને મરતો પણ નથી. એક ગામથી બીજે ગામ જાય લંડનમાંથી નાઈરોબી તો કોઈને એમ થાતું નથી કે આત્મા મરી ગયો. આત્મા મરી ગયો (એમ) કોઈને લાગતું નથી. એમ કદાચિત્ આયુષ્ય પરિપૂર્ણ થઈ જાય તો આત્મા જે આ ક્ષેત્રે હતો એ બીજા ક્ષેત્રે જનમ લે છે પણ આત્માનું મરણ થતું નથી. માટે આત્મા દેહને આધારે જીવતો નથી, ખોરાકને આધારે જીવતો નથી, આયુષ્યના આધારે જીવતો નથી. રાગનો આધાર આત્માને નથી. કેમ કે રાગને આધારે આત્મા હોય તો રાગનો તો નાશ થઈને સિધ્ધ પરમાત્મ દશા પ્રગટ થાય છે. તો રાગને આધારે આત્માનું જીવન હોય તો સિધ્ધ અવસ્થા થતાં એનું જીવન રહી શકતું નથી. બહુ શાંતિથી, લોજીકથી, ન્યાયથી અનુભવી પુરુષો સમજાવે છે. જ્ઞાનીઓ સમજાવે છે એને સમજવાની કોશીશ કરવી જોઈએ. પોતાની કેવળ વિપરીત માન્યતાઓ છે. એ વિપરીત માની રાખ્યું છે એ સાચું છે એમ એને ન ગણતાં કાંઈક પોતે સમજે છે એના કરતાં આચાર્ય મહારાજ કાંઈક ઊંચી વાત કહેવા માંગે છે તો ખુલ્લા મને એને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આકાશ આદિની જેમ મારો આત્મા નિરાલંબી અને શુધ્ધ છે. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃતિથી નિવૃતિ વડે, હું પરદ્રવ્યનો કર્તા છું એવી કષાયની નિવૃતિ કરીને પરદ્રવ્યનું લક્ષ છોડીને એ જે કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કષાયના પરિણામ થાય એની નિવૃતિ લઈને આ જ આત્મ સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, આવા મારા આત્માનો જે સ્વભાવ છે એમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે, આત્મા કષાયનો નિરોધ કરે છે અને ઈન્દ્રિયનો પણ નિરોધ કરે છે. જે ઈન્દ્રિયજ્ઞાન પરપદાર્થને પ્રસિધ્ધ કરતું હતું અને પરિણામમાં ચંચળ કલ્લોલો ઉત્પન્ન થતાં હતાં. જેમ સમુદ્રમાં મોજા ઊઠે છે એમ મનના સંગે અમુક પ્રકારની ચંચળતા આવે છે. મનના સંગમાં ચંચળતા છે. આત્માના સંગમાં સ્થિરતા આવે છે. મન માકડું કહેવાય છે. સાંભળતાં સાંભળતાં મન કયાંનું કયાં બજારમાં દુકાનમાં વેપારમાં ચાલ્યું જાય. આહાહા ! મનનો ધર્મ ચંચળ છે અને આત્માનો ધર્મ સ્થિર છે. એવા સ્થિર સ્વભાવ ઉપર જયારે ઉપયોગ જાય છે ત્યારે ઉપયોગમાં સ્થિરતા પ્રગટ થાય છે અને સ્થિરતા થતાં આત્મદર્શન થાય છે. ચંચળતામાં આત્મદર્શન થતાં નથી.

કષાયને જીતવાની વાત કરી અને વિષયોને જીતવાની વાત કરે છે. વિષયો એટલે પાંચ પ્રકારની ઈન્દ્રિયો જે બહિર્મુખ પ્રવૃતિ રહી છે એને મર્યાદામાં લાવીને પાંચ ઈન્દ્રિયના વ્યાપારને બંધ કરીને અને મનના સંગે ચેતનના વિશેષમાં પર્યાયમાં જે કલ્લોલો વિકલ્પની જાળ ઉત્પન્ન થાય છે ચંચળતા, કલ્લોલ, અસ્થિરતા એનો પણ નિરોધ કરીને, તેમના નિરોધ વડે કષાયને જીતીને અને વિષયને જીતીને. વિષય અને કષાય બેને જીતવાથી તેને આત્માનો અનુભવ થાય છે. નિરોધ વડે આને જ આ ચૈતન્ય સ્વરૂપને પહેલાં દૃષ્ટિ અપેક્ષાએ વિષય અને કષાય જીતાય છે. પછી ચારિત્ર અપેક્ષાએ અસ્થિરતાના વિષય અને કષાય થાય છે એને જીતતા ટાઈમ લાગે છે. પણ દૃષ્ટિ અપેક્ષાએ પહેલાં જીતાય જાય છે.

આને જ (આ ચૈતન્ય સ્વરૂપને જ) અનુભવતો થકો. આહા ! રાગને અનુભવવાનું છોડી અને જ્ઞાનમય આત્માને અનુભવતો થકો પોતાના અજ્ઞાન વડે, જુઓ ! અજ્ઞાન એ પોતે સ્વતંત્રપણે કર્યું છે. કર્મના ઉદયથી અજ્ઞાન થતું નથી. અજ્ઞાન એટલે આત્માનો જેવો સ્વભાવ છે એનાથી વિપરીત જાણવું એનું નામ અજ્ઞાન છે. એ અજ્ઞાન ઊભું પોતે કર્યું છે. પોતે અજ્ઞાન ઊભું કર્યું છે એ પોતે આત્માનું જ્ઞાન થતાં અજ્ઞાન ટળી જાય છે. પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું. એમ આત્મામાં નિશ્ચય કરી લે. અહીંયા સુધી તો એ ગુરુ પાસેથી આત્માના સ્વભાવની વાત સાંભળીને એનું અવલંબન લેતાં આ ક્રોધાદિ આસ્રવો જે દુઃખદાયક ઉત્પન્ન થાય છે એનો ક્ષય થઈ જાય છે.

એમ પોતાના આત્માના લક્ષે અનુભવ પહેલાં આત્મા નિર્ણય કરે છે. આવો નિર્ણય કર્યા પછી એ પ્રયોગ કરે છે. હવે પ્રયોગની વાત આવે છે. નિશ્ચય કરીને દૃષ્ટાંત આપે છે. ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેમ સમુદ્રની અંદર વાવાઝોડું આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે (તો) વહાણો અંદર ચક્રાવામાં ફસાઈ જાય છે. એ વહાણ એમાંથી છૂટું પડતું નથી. વહાણ ઘુમરીમાં આવી જાય છે. એ વહાણ ત્યાં ને ત્યાં રહે પણ માર્ગ કાપી શકે નહીં.

એવી રીતે વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે. શું કહે છે? આવો નિશ્ચય કર્યા પછી આત્મા તમામ પ્રકારના વિકલ્પોને વમી નાખે છે. જેમ કૂતરો ઉલ્ટી કરી નાખે છે. ખાધેલું બહાર કાઢી નાખે છે. એમ જયારે આત્માને આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે ત્યારે અનુભવી આચાર્ય ભગવાન અનુભવથી સિદ્ધ કરીને આત્માની વાત લખે છે. અનુભવી બીજાને અનુભવપૂર્વક વાત કરે છે. કેવળ શાસ્ત્ર વાંચીને વાત નથી કરતાં પણ પોતે અનુભવીને શાસ્ત્રમાં લખે છે. સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે. ત્યારે આત્માને નિર્વિકલ્પ ધ્યાનનો કાળ આવે છે. ત્યારે સર્વ પ્રકારના વિકલ્પો છૂટી જાય છે.

પ્રમાણજ્ઞાનનો વિકલ્પ છૂટે છે કે હું દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ વસ્તુ છું એમ બેને યુગપદ જાણવું એને ભગવાન પ્રમાણજ્ઞાન કહે છે. એ પ્રમાણજ્ઞાનનો વિકલ્પ છૂટે છે. અને આ પરિણામ છે એને જાણવું તે વ્યવહારનય છે એવો જે વિકલ્પ એ વિકલ્પને પણ છોડે છે. અને હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું એવો વિકલ્પ આવે છે. એ વિકલ્પને પણ છોડી દે છે. હું એક છું, શુદ્ધ છું, બુદ્ધ છું, અવિનાશી છું. જેવું આત્માનું સ્વરૂપ છે. જેવો હમણાં પ્રત્યક્ષ આત્માનો અનુભવ થવાનો છે. એની પૂર્વે શુદ્ધ આત્માનો વિકલ્પ આવી જાય છે. આવી...જાય છે કહ્યું હોં ! આવીને ટકે નહીં. વેલજીભાઈ ! વ્યવહારનયના વિષયોના વિકલ્પ તો આત્માનું વિકલ્પાત્મક લક્ષ કરે છે ત્યાં છૂટી જાય છે.

એ વ્યવહારનયના પક્ષની વાત તો શું કરવી? એ તો પ્રથમથી જ અમે એ વિકલ્પને તો છોડાવતાં આવીએ છીએ. પણ એ રાગાદિથી ભિન્ન હું એક શુદ્ધાત્મા છું. હું એક છું, શુદ્ધ છું, નિર્મમત્વ મારો સ્વભાવ છે અને વર્તમાન દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છું. એવો જેવો આત્માનો સ્વભાવ છે એવા સ્વભાવનો વિચાર તેને પરમાત્મા વિકલ્પ કહે છે. એ વિકલ્પ પણ દુઃખદાયક છે. હવે પરનું કરવું એ અજ્ઞાનમય વિકલ્પ તો દુઃખદાયક છે. હા, પુણ્ય ને પાપના પરિણામ(માં પણ) પાપના પરિણામ છોડવા અને પુણ્યના પરિણામ કરવા એ વિકલ્પ અજ્ઞાનમય દુઃખ છે. એ વાત તો દૂર રહો પણ અંતરમાં ચૈતન્યમૂર્તિ બિરાજમાન છે જેનું લક્ષ કરતાં હમણાં નિર્વિકલ્પ આત્માનો અનુભવ થવાનો છે એની પૂર્વે પોતાનો શુદ્ધાત્મા અનુભવમાં આવવાનો છે એનો એને વિચાર આવે છે અને એ વિચાર મનના સંગે હોવાથી વિકલ્પ ઊઠે છે. એ વિકલ્પને પણ આત્મા છોડી દે છે.

જેમ ઓલું વહાણ ચક્રાવામાં હતું, પવન-વાવાઝોડું શાંત થયું અને વહાણ છૂટું પડી ગયું. વહાણ ગતિ કરવા માંડયું. એમ આત્માની જે પરિણતિ છે એ પરિણતિમાં વિકલ્પની જાળ ઉત્પન્ન થતી હતી એમાં આત્મા ચક્રાવામાં ચડયો હતો. એ વમળ હતું. વિકલ્પ માત્ર વમળ છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાલજીભાઈ કહેતાં હતાં કે થોડી સૂક્ષ્મ વાત આવે તો કાંઈ વાંધો નથી. સાંભળતાં સાંભળતાં ઘણા દિવસ થઈ ગયા છે એટલે હવે કાંઈ આકરી લાગે નહીં. અરે આ તો એકડાની વાત છે ભાઈ ! આ તો હજી સમ્યગ્દર્શનના એકડાની વાત છે. ચારિત્રની વાત તો જગતે સાંભળી પણ નથી. ચારિત્રની વાત અનુભવમાં તો આવી નથી પણ વીતરાગી ચારિત્ર દશા કેવી હોય એ જગતે સાંભળી નથી. આહાહા ! અરે ! એ તો અપૂર્વ વાત છે. ચારિત્રની વાત તો અપૂર્વ છે. સાધુ થયા તો સિદ્ધ થયા. એ દશાની શું વાત કરવી?

પણ અહીંયાં તો એ ચારિત્રનું કારણ એવું સમ્યગ્દર્શન એટલે આત્માના અનુભવપૂર્વક આત્મા જેવો છે એવું શ્રદ્ધાન. એવા સમ્યગ્દર્શનના એકડાની વાત ચાલે છે. આ આખી એ બી સી ડી નો હજી આ પહેલો અક્ષર 'એ' ઘુંટાય છે. હજી 'બી' નથી. કોઈને એમ લાગે કે આ તો કોઈ મોટી એલ. એલ. બી. ની વાત હશે. અરે ભાઈ ! આ જૈનદર્શનનો એકડો છે. જયંતિભાઈ ! આ તો જૈનદર્શનનો એકડો ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. ચારિત્રથી ધર્મની વૃદ્ધિ થાય છે અને વિશેષ ચારિત્રથી પૂર્ણતા થાય છે. ચારિત્રની શું વાત કરવી? 'સ્વરૂપે ચરણમ્ ઈતિ ચારિત્રમ્' પોતાના શુદ્ધાત્મામાં અંદર ચરવું, રમવું, લીન થવું, અંદરમાં એકાગ્ર ધ્યાન વડે ટકી જવું ત્યાં ઉપયોગ બહાર આવે જ નહીં. ઉપયોગ આત્મામાં લાગ્યો કે લાગ્યો એવી અપૂર્વ દશાને ભગવાન શુદ્ધ ઉપયોગને ચારિત્ર કહે છે. તેની વાત તો શું કરવી? આહા ! પણ એ ચારિત્રનું કારણ ધર્મનું પહેલું પગથિયું. ધર્મની શરૂઆત અવિરતસમ્યગ્દષ્ટિથી થાય છે. અવિરત એટલે જ્યાં પાપના પરિણામના હજી પચ્ચખાણ નથી લીધા. પાપના પરિણામ આવી જાય છે એનો એને ખેદ અને દુઃખ વર્તે છે. પાપના પરિણામને ભલા જાણતો નથી. જે સમકિતી પુણ્યના પરિણામને ભલા ન જાણે એ પાપના પરિણામને ભલા જાણી શકે નહીં.

માટે કહે છે કે એક વખત તું તારા શુદ્ધાત્માને જાણ, અનુભવ, એનું લક્ષ કર, એની ઓળખાણ કર. આહા! 'જે સ્વરૂપ સમજયા વિના પામ્યો દુઃખ અનંત' અનંત દુઃખનું કારણ કર્મનો ઉદય નથી. પ્રતિકુળ સંયોગ નથી. પણ પોતાના શુદ્ધાત્માનું જેવું સ્વરૂપ છે એનું અજાણપણું એ અજ્ઞાન છે અને એનાથી આત્મા દુઃખી થાય છે. જયારે એ શુદ્ધાત્માને જાણશે, અનુભવશે ત્યારે સંસારનો અંત આવશે.

એ વાત કરે છેકે જેમ વમળમાં વહાણ ફસાણું'તું અને દરિયો શાંત થયો તો એ વહાણ ગતિ કરવા માંડે છે. એમ નય-નિક્ષેપ ને પ્રમાણના જે છેલ્લા વિકલ્પો આવતા હતા અથવા ગુણભેદના જે વિકલ્પો આવતા હતા કે મારામાં જ્ઞાન પરિપૂર્ણ છે, દર્શન પરિપૂર્ણ છે. એમ અનંતગુણાત્મક એક ગુણી એનો એક ગુણભેદ એનું લક્ષ કરતાં જે વિકલ્પ ઉત્પન્ન થતો હતો એ તમામ પ્રકારના વિકલ્પને આત્મા વમી નાખે છે. ધ્યાનમાં મગ્ન થતાં એ વિકલ્પો છૂટી જાય છે. એને છોડયા એમ ઉપચારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવામાં આવે છે.

આત્મા વિકલ્પને ગ્રહણેય કરતો નથી ને છોડતો પણ નથી. આહા ! એ ગ્રહણ ને ત્યાગથી તો આત્મા શૂન્ય છે. રાગને ગ્રહે અને રાગને છોડે એ આત્માનો સ્વભાવ નથી. પરિણામ રાગને ગ્રહે છે અને પરિણામમાં રાગ છૂટે છે. અહીંયા કહે છે, અરે ! ભગવાન આત્માની વાર્તા તે સાંભળી નથી. ચિત્તની પ્રસન્નતાથી તું વાત સાંભળ. કે જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે. આ પ્રયોગની વાત ચાલે છે. નિર્ણય કર્યા પછી આત્માનો અનુભવ કરવાવાળો જીવ એકાંતમાં બેસીને પ્રયોગ કરે છે. આહાહા ! આ વિકલ્પાત્મક જે ભેદજ્ઞાન હતું એનું હવે ફળ આવે છે. ભેદજ્ઞાનનો વિકલ્પ હતો પછી અભેદનો વિકલ્પ આવે છે. અને પછી અભેદનો વિકલ્પ છૂટીને અનુભવ થાય છે.

ભેદજ્ઞાનનો વિકલ્પ એટલે આ પુણ્ય-પાપના જે આકુળતામય ભાવ છે ને એનાથી હું જ્ઞાનાનંદ આત્મા જુદો છું. એમ વારંવાર બે વચ્ચેનું ભેદજ્ઞાન કરીને પછી આત્માને લેશન પાકું થઈ ગયું કે રાગથી તો ત્રણેકાળ ભિન્ન છું. પછી રાગથી જુદો છું એવો વિચાર કરવાની એને જરૂર પડતી નથી. પછી અભેદનો વિચાર આવે છે. કે હું એક સામાન્ય ટંકોત્કીર્ણ ચૈતન્યમૂર્તિ આત્મા છું. એમ અભેદનો વિચાર આવે વિકલ્પ ઊઠે એ પણ આકુળતાને ઉત્પન્ન કરનારા ભાવો છે. આ બધી વાત શાસ્ત્રમાં છે. એ વિકલ્પનું દુઃખ પણ પોસાતું નથી. તેથી તેની પરિણતિ અંદરમાં નમતી નમતી ઢળતી ઢળતી અંદર ઢળી જાય છે. અને એ ઉપયોગ અને આત્મા એ અનન્ય થઈને અનુભવ કરવામાં આવે. ત્યારે પરલક્ષી અને ભેદવાળા લક્ષથી એ જે વિકલ્પ ઉત્પન્ન થતાં હતાં એ સર્વ પ્રકારના વિકલ્પોને જલદી ત્વરિત હમણાં વમી નાખ્યા છે જેણે.

એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો, કે પરના નિમિત્તનું અવલંબન આવતું હતું, દેવ, ગુરુ, શાસ્ત્રનું અવલંબન આવતું હતું, છ દ્રવ્યનું અવલંબન આવતું હતું, નવત્ત્વના ભેદનું અવલંબન આવતું હતું. હવે દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન છોડે છે. સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યો કહ્યા એનું પણ લક્ષ છોડે છે. અને વ્યવહારિક જે નવતત્ત્વો જે ભેદ છે, એનું પણ લક્ષ છોડીને આત્મા જયારે અભેદ સામાન્યનું લક્ષ કરે છે, ત્યારે એ આત્મા કેવો છે જેનું અવલંબન લેતાં નિર્વિકલ્પ દયાન આવે. કે એ આત્મા પોતે નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ એટલે અભેદ. એક નિર્વિકલ્પ પર્યાયનું વિશેષણ છે. એ પર્યાયના વિશેષણમાં રાગથી રહિત એને નિર્વિકલ્પ દશા કહેવાય. અને બીજું એક દ્રવ્યસ્વભાવ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ એટલે ગુણ અને ગુણીનો ભેદ પણ જેમાં નથી. એવો અભેદ આત્મા તેને નિર્વિકલ્પતત્ત્વ કહેવામાં આવે છે.

નિર્વિકલ્પનો બે જગ્યાએ પ્રયોગ થાય છે, પર્યાયમાં વિકલ્પ હોય એ વિકલ્પ છૂટીને અનુભવ થાય ત્યારે રાગ રહિત પરિણામને પણ નિર્વિકલ્પ કહેવાય અને આત્મા ત્રિકાળ સામાન્ય સ્વભાવ છે જીવતત્ત્વ (તેને પણ નિર્વિકલ્પ કહેવાય) ઓલું નિર્વિકલ્પ થવું તે સંવર નિર્જરા તત્ત્વ છે. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવતત્ત્વ પ્રથમથી જ નિર્વિકલ્પ છે એટલે અભેદ છે. અભેદ અચલિત જેમાં કોઈપણ પ્રકારનું ચલાયમાનપણું નથી. મેરું ચળે પણ ભગવાનઆત્મા ચળે નહીં. અચલિત ખુંટો છે. જે ખુંટો એવો છે કે પરિણામ ગમે તેવા ઠેકડા મારે તો પણ એ પોતાની સ્થિરતાને છોડતો નથી. પરિણામમાં ગમે તેવી અસ્થિરતા અધીરાઈ આવી જાય તો પણ ભગવાનઆત્મા ધીર-ગંભીર. આહા ! અને સ્થિર અચલિત પોતાનો સ્વભાવ છોડતો નથી.

એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને, શુધ્ધાત્માને નિર્મળાનંદ આત્માના સ્વભાવને અવલંબતો પરનું અવલંબન છોડતો અને સ્વનું અવલંબન લેતો, અવલંબન વિના કોઈપણ આત્મા રહી શકતો નથી. પરિણામ કાં તો પરનું અવલંબન લ્યે અને કાં પરિણામ પરનું અવલંબન છોડે તો સ્વનું અવલંબન લ્યે. અવલંબન વિના આશ્રય વિના પરિણામ હોતા નથી. પરિણામ એના વિષય વિના રહેતાં નથી. શ્રદ્ધાની પર્યાય એના વિષય વિના ન રહે. જ્ઞાનની પર્યાય એના વિષય વિના ન રહે.

શ્રદ્ધાની પર્યાય કાં તો સ્વભાવને વિષય બનાવે તો સમ્યગ્દર્શન થાય અને એ શ્રદ્ધાની પર્યાય સ્વને વિષય ન બનાવે અને પર પદાર્થ મારા છે એમ શ્રદ્ધામાં રાખે તો તેને મિથ્યાત્વ-મિથ્યાદર્શન કહેવામાં આવે છે. એમ જ્ઞાનનો ઉપયોગ કાં તો જ્ઞાયકને જ્ઞેય બનાવે અને કાં જ્ઞાયક આત્માને જ્ઞેય ન બનાવે તો પરને જ્ઞેય બનાવ્યા વગર રહે નહીં. એમ પ્રત્યેક પરિણામ એ વિષય વિના રહેતા નથી.

અહીંયાં કહે છે કે, હવે હું પરનું અવલંબન છોડું છું અને હું સ્વનું અવલંબન લઉં છું. એ સ્વશુધ્ધાત્મા કેવો છે? નિર્વિકલ્પ છે એટલે અભેદ. અચલિત છે અને નિર્મળ. એક આત્માના ત્રણ વિશેષણથી વાત કરી. આ એવા આત્માને અવલંબતો. અવલંબતો એટલે એનું અવલંબન લેતો. એમાં એકાગ્ર થતો મારા ઉપયોગને મારી પરિણતિ ને શુધ્ધાત્મામાં જોડતો, અવલંબતો વિજ્ઞાનઘન થયો થકો. વિશેષે જ્ઞાન કે ઘન, ઘન થઈ ગયો છે. જેમાં રાગનો બિલકુલ પ્રવેશ થતો નથી. એવો વિજ્ઞાનઘન થયો થકો એ પરિણામમાં. અજ્ઞાન હતું એ દૂર થયું. અજ્ઞાન ગયું અને સ્વભાવ વિજ્ઞાન(ઘન) થયો. અજ્ઞાન ગયું અને પરિણામમાં વિજ્ઞાન સ્વભાવ પ્રગટ થઈ ગયો. વિશેષજ્ઞાન સમ્યક્જ્ઞાન. વિજ્ઞાનઘન થયો થકો આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

જયારે સંવરની દશા પ્રગટ થાય છે ત્યારે મિથ્યાત્વના આસ્રવોથી આત્મા નિવર્તે છે. સંવર એટલે શુધ્ધાત્માનો અનુભવ. સંવર એટલે પાપની પ્રવૃતિ અટકે અને પુણ્યની પ્રવૃતિ ચાલુ રહે એને ભગવાન સંવર કહેતાં નથી. અજ્ઞાનીના ઘરની વાત છે. આહાહા ! પાપનું રોકાવું અને પુણ્યની પ્રવૃતિ ચાલુ રહેવી એ સંવર નથી. સંવરની દશામાં પુણ્ય ને પાપ બે પ્રકારના વિકલ્પો એને અત્યંત વમી નાખતો. પાપનોય વિકલ્પ નથી ને પુણ્યનોય વિકલ્પ નથી. એ બે પ્રકારના વિકલ્પને છોડતો નિર્વિકલ્પ આત્માના ધ્યાનમાં એ મગ્ન થતો, જયારે આત્મા આત્માનું ધ્યાન કરે છે ત્યારે ધ્યાતા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધ્યાન અને ધ્યેય એવા ત્રણ પ્રકારના ભેદનો વિકલ્પ પણ ત્યાં રહેતો નથી.

વિજ્ઞાનઘન થયો થકો એવી એક અનુભવના કાળે અપૂર્વ સ્થિતિ આવે છે કે, એ તો એ અનુભવી પુરુષ જાણે અને બીજો પરમાત્મા જાણે. ઘરવાળા જાણી ન શકે. આડોશી પાડોશી જાણી ન શકે. દુકાનમાં બે જણા બેઠા હોય ભાગીદારેય જાણી ન શકે. કેમ કે એ ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. એ તો જે માણે તે જાણે. જે આનંદને માણે તે જ જીવ જાણી શકે. બીજાનું કામ એમાં નથી. આ સંવરની દશા. અરે સંવર એટલે શું? એક સમયનો સંવર અલ્પકાળમાં મુક્તિ આપે. એક સમયનો સંવર, ચોવીસ કલાકના સંવરની જરૂર નથી. સંવર એટલે આસ્રવનું રોકાવું. આસ્રવનો નિરોધ એને ભગવાન સંવરતત્ત્વ કહે છે. નાસ્તિથી વાત કરી. અસ્તિથી શુધ્ધઆત્માની ઉપલબ્ધિ, શુધ્ધઆત્માની અનુભૂતિ તેને ભગવાન સંવરતત્ત્વ કહે છે.

એક સમય માત્ર સંવરની દશા પ્રગટ થઈ એને અલ્પકાળમાં મોક્ષ એટલે પૂર્ણઆનંદ પૂર્ણજ્ઞાન પ્રગટ થયા વિના રહેતું નથી. એક સમયની સામાયિક બસ છે. આહાહા ! નિશ્ચય સામાયિકની વાત અપૂર્વ છે. જ્યાં મોહ અને રાગદ્વેષના પરિણામ વિલય પામે છે, ત્યારે આત્માના આશ્રયે સામ્યભાવ પ્રગટ થાય છે અને વિષમભાવ દૂર થાય છે. રાગદ્વેષના વિષમભાવ દુઃખદાયકભાવ એ રોકાય જાય છે અને સામ્યભાવ પ્રગટ થાય છે એને ભગવાન સામાયિકવ્રત કહે છે. એક સમયની સામાયિક પણ સાચી યથાર્થ, સર્વજ્ઞભગવાને કહેલી એવી. અજ્ઞાનીઓ કલ્પના કરે છે એ સામાયિક નથી. એ શુભભાવ છે. એ પણ શુભભાવ જેટલો સમય હોય એટલો સમય. આહા! બાકી જો બીજા વિકલ્પ આવી જાય તો તો એ શુભભાવ પણ નથી પણ એ પાપના પરિણામ છે. આ એકએક સમયના પરિણામનો હિસાબ છે. આ સમુચ્ચય...ફેંસલો નથી કે હું તમારી પાસે પાંચ હજાર માંગુ છું તો અઢી હજાર આપો આ ફેંસલો કરી નાખો. રાઈએ રાઈનો પાઈએ પાઈનો પરિણામનો હિસાબ છે. આહા !

કહે છે કે આત્માને આસ્રવોની નિવૃત્તિ થાય છે અને આત્માને આત્માનો અનુભવ થાય છે. એવા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામને વીતરાગી પરિણામને પરમાત્મા સંવર એટલે ધર્મ કહે છે. એ સંવર આત્માનું કર્મ થાય છે અને આત્મા એનો કર્તા થાય છે. અનાદિકાળથી આત્મા કર્તા અને પુણ્ય-પાપના આસ્રવ એ અજ્ઞાનથી એનું કર્મ બનાવતો હતો. હવે અજ્ઞાન દૂર થતાં સંવર કર્મ થાય છે. આત્માનું જ્ઞાન આત્માનું કર્મ થાય છે. પછી થોડો આસ્રવ બાકી રહે છે. અવ્રત, કષાય ને યોગ એવા આસ્રવો ઊભા થાય છે. પણ એનો જાણનાર છે. એનો એ કરનાર બનતો નથી. આ અંતરની ધાર્મિક ક્રિયા છે ને એ અંતરથી છે. આ ધર્મની ક્રિયા બીજાને બતાવવા માટે નથી. ધર્મ તો કરવા માટે છે. ધર્મ બતાવવા માટે નથી. ધર્મ તો પોતાની શાંતિ માટે છે. ગાથા પૂરી થઈ.

ભાવાર્થ :- શુધ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે, એટલે જ્ઞાનવાન રુચિવાન પ્રાણી છે એણે પોતાના શુધ્ધાત્માનો એવો નિશ્ચય કર્યો કે શુધ્ધનયથી એટલે જે જ્ઞાનનો અંશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના શુધ્ધાત્માને વિષય કરે એ જ્ઞાનના પરિણામને પરમાત્મા શુધ્ધનય કહે છે. આટલું થોડું જ્ઞાન તો કરવું પડશે. દુકાનમાં હજારોનો લાખો કરોડોનો માલ પડયો હોય એનું બરાબર જ્ઞાન વર્તતું હોય એમાં કાંઈ જરાય ભૂલ ન થાય. કેમ કે એમાં ભૂલ થાય તો નુકશાન જાય અને આમાં ભૂલ થાય તો કાંઈ નહીં. આમાં ભૂલ થાય તો કાંઈ નહીં. (મુમુક્ષુઃ- છતાં સાંભળવા આવ્યા છે નાઈરોબીથી વેલજીભાઈ, ઝવેરચંદભાઈ આવ્યા છે.) સારી વાત છે. સાંભળવા જેવું છે અને આ તો પોતા માટે આવવાનું છે ને? આ સાંભળવું છે એ તો કેવળ પોતાના હીત માટે છે ને? કે ના, ઝવેરચંદભાઈને અને પ્રેમચંદભાઈને સારું લાગે કે 'લાલુભાઈ' જાણીતા છે માટે આપણે એને સારું લગાડવા માટે જાવું જોઈએ. આ એમ નથી આ તો પોતાના હીતને માટે (છે.)

આ ધર્મ કાંઈ દેખાડવાની ચીજ છે? ધર્મ તો કરવાની ચીજ છે. શુધ્ધનયથી જ્ઞાનીએ આત્માનો- શુધ્ધાત્માનો એવો નિશ્ચય કર્યો, કે મારામાં ભાવકર્મનો ત્રણેકાળ અભાવ છે. ભાવકર્મ રાગ-દ્વેષ- મોહનો આત્મામાં ત્રણેકાળ અભાવ છે. ક્રોધ, માન, માયા, લોભનો આત્માના સ્વભાવમાં ત્રણેકાળ અભાવ છે. એવી સ્થિતિ હશે? છે. એ બધા પરિણામના ચાળા છે. એ ક્રોધાદિ થાય છે ને એ બધા પરિણામના ચાળા છે. એનાથી શુધ્ધાત્મતત્ત્વ, જીવતત્ત્વસામાન્ય, આસ્રવતત્ત્વથી ભિન્ન છે. આસ્રવ અને જીવતત્ત્વ બેય એક નથી. જો બેય એક હોત તો નવના આઠ થઈ જાત. નવતત્ત્વ રહેત નહીં. પણ સર્વજ્ઞ ભગવાને જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ બેય નામ જુદા પાડયા છે. નામ જુદા, એની સ્થિતિ જુદી, એના કારણ-કાર્ય જુદા, એના ફળ જુદા, એના લક્ષણ જુદા. જીવનું લક્ષણ જુદું અને આસ્રવનું લક્ષણ જુદું.

આપણે બૌંતેર ગાથામાં આવી ગયું છે કે આત્માનું લક્ષણ અનાકુળ આનંદ છે અને આસ્રવનું લક્ષણ આકુળતા દુઃખ છે. બૌંતેર ગાથામાં વાત આવી ગઈ છે. આહા ! અપૂર્વ વાત છે. અનુભવી પુરુષની વાણી, કુંદકુંદઆચાર્યભગવાન જેવા સમર્થ આચાર્યની વાણી, આપણા ઉપકારી ગુરુદેવે જે કાંઈ ખુલાસો કર્યો એ વાત સાંભળવા મળવી બહુ દુર્લભ છે. આ કોઈ વાડાની વાત નથી. આ તો આત્માની વાત છે. આ તો વસ્તુનો ધર્મ છે. જૈનધર્મ કહો કે વસ્તુ ધર્મ કહો. જૈનધર્મ કોઈ વાડો નથી. વાડામાં પૂરાય એવો ધર્મ નથી. આ આત્માનો ધર્મ છે. વાણિયાનો ધર્મ નથી. આત્માનો ધર્મ છે. બધા આત્માઓ છે. જે કોઈ પોતાના આત્માના સ્વભાવના સ્વરૂપને અંદરમાં અવલંબે એકાગ્ર થઈ અને એનું શ્રધ્ધાન જ્ઞાન કરે એને ધર્મની શરૂઆત થાય છે.

શુધ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે 'હું એક છું શુધ્ધ છું.' હમણાં અત્યારે હો! પરિણામમાં અશુધ્ધતા છે ત્યારે હું શુધ્ધ છું. પરદ્રવ્ય પ્રત્યે મમતા રહિત છું. પરિણામમાં મમતા છે અને મારો ભગવાનઆત્મા એમાં મમત્વનો છાંટો નથી. નિર્મમત્વ સ્વભાવ છે. મમતાથી રહિત છું. વર્તમાનમાં જ્ઞાન-દર્શનનો અલ્પ ઊઘાડ છે તો પણ દ્રવ્ય સ્વભાવથી જોતાં દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છું. જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. મિથ્યાત્વ નામના આસ્રવનો અભાવ થાય છે. પહેલાં મિથ્યાત્વનો આસ્રવ જાય પછી અવ્રત પછી કષાય ને યોગ એમાં ક્રમ છે. મિથ્યાત્વ રહે અને અવ્રત જાય એમ ત્રણકાળમાં બને નહીં.

જગત ક્રમભંગ ઉપર ચડયું છે. ક્રમભંગ બની શકે નહીં. પહેલું મિથ્યાત્વ જાય, પછી અવ્રત જાય, પછી કષાય જાય પછી યોગ જાય. એને પ્રમાદ સાથે જોડો તો ચારને પાંચ આસ્રવ કહેવાય. જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે. તેમ ભલે અનાદિકાળથી સંકલ્પ વિકલ્પની જાળના વમળમાં આત્મા ગોથા ખાતો હતો, ઘુમરીમાં ચક્રાવામાં ચડી ગયો હતો. ભલે ઓલામાં ઘણા કાળથી લખ્યું વહાણમાં. વહાણમાં ઘણા કાળથી લખ્યું. કેમ કે તે અનાદિથી નથી. થોડા સમય માટે ફસાણું. અને આત્મા છે એ આ વમળમાં સંકલ્પ ને વિકલ્પની જાળમાં એવો ગુંચવાય ગયો છે. ઓહોહોહો ! સત્ સાંભળવાનો ટાઈમ ન મળે. સત્ સાહિત્ય ઘરમાં હોય તો વાંચવાનો ટાઈમ મળે નહીં. આહા ! દુકાને જવાનો ટાઈમ મળે. કે એક કલાક દુકાન મોડી ખોલીએ તો આઠ કલાકના વેપારમાં સરેરાશે આપણે આઠસો પાઉન્ડ મળતા હોય અને એક કલાક મોડા જાઈએ તો એક કલાકનો સો પાઉન્ડનો ઘાટો પડે. માટે આપણે મોડું ન જવાય. ન્યાં ટાઈમ મળે. પણ મારે તો નિયમ છે કે હું તો શાસ્ત્ર સ્વાધ્યાય કર્યા વિના દુકાને જવાનો નથી. આહાહા ! એમાં એને પોતાના પુણ્ય ઉપર વિશ્વાસ નથી.

કે જે કાળે જે દ્રવ્યે જે ક્ષેત્રે જે વિધાનથી જ્યાં જેમ લક્ષ્મીનું આવવું હોય ત્યારે જ આવે છે એના પુરુષાર્થથી આવતું નથી. આઠ કલાકને બદલે સાત કલાક વેપાર કરે તો જેટલા એને એના પુણ્યના પ્રારબ્ધના યોગમાં એને પૈસો મળવો હોય એટલો જ મળે. એ બાર મહિનાનું સરવૈયું પહેલેથી જ નિશ્ચિત છે. પણ એને પુણ્ય ઉપર વિશ્વાસ નથી. પુણ્ય ઉપર વિશ્વાસ નથી તો આત્મા ઉપર વિશ્વાસ ક્યાંથી આવે? કે પહેલું મારું નિત્ય કર્મ છે. હું નિત્ય કર્મ છોડીને કાંઇ કરીશ નહીં. મને નિયમ છે કે બે ઘડી, અડધો કલાક, કલાક શાસ્ત્ર સ્વાધ્યાય કરી અને પછી દુકાને જાવ. જેમ નિયમ હોય કે મંદિરે દર્શન કર્યા પછી જ દુકાન ઊઘડે. એમ કોઇને એમ હોય કે ણમોકારમંત્રની માળા એક અથવા બે અથવા ત્રણ જ્યાં સુધી ન ગણું ત્યાં સુધી દુકાને નહીં જાવ. કોઇને એમ હોય કે બે ઘડીની સામાયિક એટલે એની કલ્પના પ્રમાણેની હોય એ પ્રમાણે કર્યા પછી દુકાને જાવ.

એમ આ બે ઘડીનો એને સ્વાધ્યાય. આહા ! સ્વાધ્યાયથી આત્માનું ઘડતર થાય છે. એને અંદરમાં આત્માના સત્ના સંસ્કાર રેડાય છે. પણ એને પ્રગટ કાંઈ નફો દેખાતો નથી. પણ એમાં ગુપ્ત નફો બહુ છે. જેમ ઓલો કોરો ઘડો હોયને, એના ઉપર છાંટણા નાંખે તો દેખાય કોરો, પણ કોરો નથી પણ પાણીની ભીનાશને ચૂસે છે. બરાબર ચૂસે છે. એમ શાસ્ત્ર સ્વાધ્યાયનું ફળ કોઈ અપૂર્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજ છે. જયારે તે આત્મા, આ રીતે જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જયારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે. તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો, આહાહા ! અનાદિકાળથી સંકલ્પ ને વિકલ્પની જાળ જે ઊભી થતી હતી તે જાળ અગ્નિની જવાળા હતી. એમાં શીતળતા નહોતી. પણ જવાળા તો દેખાતી નથી. અરે જવાળા તે સંકલ્પ વિકલ્પ દુઃખદાયકભાવ છે. એ અગ્નિની આગમાં એના ચૈતન્યપ્રાણ બળે છે એને ભાન નથી કે મારા ચૈતન્યપ્રાણ બળી રહ્યા છે, જળી રહ્યા છે. (મુમુક્ષુઃ- અનુભવ ને પ્રતીતિ નથી એટલે સરખાવી નથી શકતા.) સરખાવી કયાંથી શકે? અતીન્દ્રિય આનંદ નથી એટલે આ દુઃખ છે એ એને લાગતું નથી. પણ થોડો અનુમાન કરે તો એને ઠંડી હવા તો આવે. પાણી પીવા પહેલાં એને ઠંડી હવા તો આવે. એટલે પગમાં જોર આવે કે મારો રસ્તો તો સાચો છે. મોહનભાઈ !

કહે છે તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો, આ તરફ જયાં દૃષ્ટિ અંદરમાં દ્રવ્ય ઉપર આવે છે ત્યાં પરલક્ષે વિકલ્પ થતા હતા એ છૂટે છે. ભેદના લક્ષે વિકલ્પ આવતા હતા એ છૂટતા જાય છે. ઉત્તરોતરક્ષણે વિકલ્પને શમાવતો નિર્વિકલ્પ થઈ જાય છે. આસ્રવોને છોડી દે છે. જેમ ઓલા વમળ છૂટયુંને વહાણ છૂટયું એમ જયાં આસ્રવો છૂટયા ત્યાં ભગવાનઆત્મા આત્મામાં ઠરી જાય છે. હવે તૌંતેર ગાથા પૂરી થઈ.

હવે તેર ગાથા લેવાનો વિચાર છે. તેર ગાથા છે એ આજ બપોરે લીધી હતી. તો તેર ગાથામાં નવતત્ત્વનું સ્વરૂપ છે. અને એ નવત્ત્વમાં છૂપાયેલી જે આત્મજયોતિ છે એને બહાર કેમ કાઢવી. નવતત્ત્વનું જ્ઞાન કરીને પણ નવતત્ત્વમાં જે રોકાય છે એને ધર્મ થતો નથી. નવતત્ત્વનું જ્ઞાન કરીને અંદરમાં છૂપાયેલી જે આત્મજયોતિ છે એને જયારે એ પોતાના અનુભવથી બહાર ખેંચે છે અંદરમાં અને નવતત્ત્વના પરિણામ ઉપરથી લક્ષ છૂટી જાય છે. ત્યારે તેને આત્માનો અનુભવ થાય છે. ગાથા તેરમી છે. એનું મથાળું છે- એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું. એટલે અંતર સન્મુખ થઈ અને પોતાના અતીન્દ્રિયજ્ઞાન વડે પોતાના શુદ્ધાત્માને જે જાણવું તેને ભગવાન સમ્યક્ત્વ કહે છે. એમ હવે સૂત્રકાર ગાથામાં એ વાત કરે છે.

---

## ગાથા :- ૧૩

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च ।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं ।। १३ ।।

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

**ગાથાર્થ :** (भूतार्थेन अभिगता:)**ભૂતાર્થ નયથી જાણેલ** (जीवाजीवौ) **જીવ, અજીવ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(च) વળી (पुण्यपापं) પુણ્ય, પાપ (च) તથા (आस्रवसंवरनिर्जरा:) આસ્રવ, સંવર, નિર્જરા, (बन्ध:) બંધ (च) અને (मोक्ष:) મોક્ષ (सम्यक्त्वम्) એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ટીકા : આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (-એ નિયમ કહ્યો); કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો-જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ-કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે-તેની પ્રાપ્તિ હોય છે. (શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.) ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર-એ બન્ને આસ્રવ છે, સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક)-એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર-એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર-એ બન્ને બંધ છે અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે.)

બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો :- જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈએ અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; (જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી;) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતર્દૃષ્ટિથી જોઈએ તો :- જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમના લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકારહેતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતા તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**(આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે.**

**ભાવાર્થ :- આ નવ તત્ત્વોમાં, શુદ્ધનયથી જોઈએ તો, જીવ જ એક ચૈતન્ય-ચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી. જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે. જીવ-પુદ્ગલના બંધપર્યાયરૂપ દષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે; પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદ્ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદ્ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિદ્ધ થઈ શકતી નથી. વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે, શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.**

---

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च ।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं ।। १३ ।।

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

આ રીતે જયારે આત્મા કેવળ નવતત્ત્વના ભેદને જાણીને પણ નવતત્ત્વના ભેદનું લક્ષ છોડીને અંદરમાં જ શુદ્ધાત્મા બિરાજમાન છે. એને જયારે જાણે છે ત્યારે તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ગાથાનો અર્થ, ગાથાનો અર્થ કરી લઈએ ટાઈમ થઈ ગયો છે.

ગાથાર્થ :- ભૂતાર્થનયથી જાણેલ એટલે પરમાર્થનયથી એટલે પરમાર્થજ્ઞાનથી જાણેલ જીવ અજીવ વળી પુણ્ય-પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્ત્વ સમ્યક્ત્વ છે. એનો વિસ્તાર ટીકામાં હવે પછી આવશે.

પણ જેમ રાગને આસ્રવ કહેવાય, રાગને તો આસ્રવ કહેવાય. રાગ તો આસ્રવતત્ત્વ છે. પણ રાગનો અભાવ થઈ અને છેલ્લે એક પ્રદેશનું કંપન રહી જાય છે. એ યોગને પણ આસ્રવ કહેવામાં આવે છે. યોગ એટલે આત્માના પ્રદેશનું કંપન. એ કંપન રાગ સહિત પણ હોય અને રાગ રહિત પણ થાય. મિથ્યાત્વ, અવ્રત, કષાય, અને યોગ. આ યોગ આસ્રવ છેલ્લો છે. જે કેવળી પરમાત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરિહંત હોય એને યોગ નામનો આસ્રવ હોય પણ એને રાગ ન હોય. એને હજી રાગથી રહિત થોડો યોગનો દોષ રહી જાય છે. પણ એ કર્મબંધમાં કારણ થતું નથી. કર્મના આવાગમનમાં એ કંપન નિમિત્ત થાય. પણ કર્મ બંધાતા નથી. કેમ કે કષાયથી કર્મનો બંધ થાય છે અને યોગથી કર્મ રજકણ આવે છે. એટલે એટલું થોડું વિશેષ જાણવા જેવું છે.

રાગને તો આસ્રવ કહેવાય પણ પરમાત્મા રાગ રહિત થઈ જાય એને પણ પ્રદેશનું કંપન હોય છે. પ્રદેશનું કંપન. એને પણ ભગવાન આસ્રવ કહે છે પણ એ દુઃખનું કારણ નથી કેમ કે એમાં કષાય નથી. એ કર્મબંધનું કારણ નથી કેમ કે મોહ અને રાગદ્વેષ છૂટી ગયા છે. એટલું વિશેષ જરા સમજવા જેવું છે. જાણવાનો વિષય હતો.

એવું છે કે યોગાનુંયોગ એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ બને છે કે આત્માની અંદરમાં શરીરને હલાવવાની ઈચ્છા થઈ. એ ઈચ્છા સ્વતંત્ર સત્ એની યોગ્યતાથી થઈ પણ યોગાનુંયોગ એની ઈચ્છા થઈ અને શરીર હલ્યું (તો એને) ભ્રાંતિ થઈ ગઈ કે મારી ઈચ્છા હતી માટે શરીર હલ્યું. હવે જયારે એ જીવને પરેલીસીસનો એટેક આવે છે ત્યારે હાથ ઉપાડવાની ઈચ્છા બહુ થાય છે, હવે ઈચ્છાથી જો હાથ હલતો હોય તો હલાવી દયે જોય. હલાવી શકતો નથી.

માટે જડ અને ચેતનની એક સાથે સ્વતંત્રપણે પોતાના સ્વચતુષ્ટયમાં ક્રિયાઓ થઈ રહી છે. દારાભાઈ ! પણ આત્મા એ જોડે ઊભો છે અને યોગાનુયોગ ઈચ્છા થઈ અને હાથ હલ્યો તો હાથ મેં હલાવ્યો એમ માત્ર અભિમાન કરે છે. હાથ એણે હલાવ્યો જ નથી. પણ હાથ એના સ્વકાળે હલે છે એ જ્ઞાનમાં જણાય છે. (ત્યારે) એ જાણનાર ન રહેતાં હું એનો કર્તા છું એમ માનીને મોટું પાપ કરે છે. ધર્માત્મા હોય એને હાથ-પગ હલે ખરા પણ હું હલાવું છું એમ ન માને. હાથ-પગ તો હલે એ જડની ક્રિયા છે. એને કોણ કરે અને કોણ રોકે? આહાહા ! એનો કરનારેય નથી અને એનો રોકનારેય આત્મા નથી. થાય છે એને જ્ઞાનમાં રહીને જ્ઞાનને જાણતાં દેહની ક્રિયાને જાણે છે. આ જ્ઞાનની મર્યાદા છે. હવે એ જ્ઞાનની બહાર જો નીકળ્યો કે હું હલાવું છું એ જ્ઞાનનું અજ્ઞાનત્વ થઈ ગયું. જ્ઞાન ન રહ્યું.

એક સમય એક આંખનો પલકારો ઊંચો નીચો કરોને ત્યાં અસંખ્ય સમય ચાલ્યા જાય. અસંખ્ય સમય. એટલે કહેવાનો આશય કે થોડા સમયમાં પણ જો આત્માનો અનુભવ જીવ ક્ષણમાત્ર પણ કરે તો એને અલ્પકાળમાં મુકિત આવે, આવે ને આવે. સામ્યભાવને સામાયિક કહેવાય. રાગદ્વેષના જે વિષમભાવ છે એ સામાયિક નથી. થઈ શકે છે. સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના થઈ શકે છે. ન થવાનો પ્રશ્ન નથી. બે પ્રકાર. નિશ્ચય સામાયિક અને વ્યવહાર સામાયિક, નિશ્ચય પ્રતિક્રમણ-વ્યવહાર પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન-વ્યવહાર પ્રત્યાખ્યાન, નિશ્ચય આલોચના-વ્યવહાર આલોચના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે નિશ્ચય અને વ્યવહાર એ તો ખાસ જૈનદર્શનનું સમજવા માટેનું આ હથિયાર છે. શું ક્હેવાય નિશ્ચયનય અને શું કહેવાય વ્યવહારનય. એ સમજે નહીં એટલે પછી અણસમજણથી વિરોધ ઊઠે છે. વિરોધ થવાનું કારણ અણસમજણ છે. કે તમે સામાયિકથી ધર્મ થાય એમ કહેતાં નથી. પણ ભાઈ સામાયિકથી જ ધર્મ થાય. સામાયિક વિના ધર્મ જ ન થાય લે સાંભળ. તમે કાલ આમ કહ્યુંને આજ આમ કહ્યું. ફરતું ફરતું બોલો છો. ભાઈ ! ફરતું ફરતું નથી. કાલે નિશ્ચયનયની મુખ્યતાએ કહ્યું'તું કે જે સામાયિકનો શુભભાવ આવે એ બંધનું કારણ છે. આજે કહ્યું કે સામાયિક મોક્ષનો માર્ગ છે તો એ નિશ્ચય સામાયિકની વાત છે, કે આત્માના આશ્રયે જેટલો રાગ-દ્વેષ, મોહ રોકાય જાય અને સામ્યપરિણામ પ્રગટ થાય એને ભગવાન સામાયિક કહે છે.

નિશ્ચય સામાયિક એ યથાર્થ છે અને વ્યવહાર સામાયિક એ નિશ્ચયની સાથે રહેવાથી ઉપચારથી સામાયિક કહેવાય. વરની હારે અણવર હોયને તો ખરેખર તો વરરાજો એ વરરાજો છે અને અણવર તો અણવર છે. સામૈયુય ન કરે સામુંય ન જોવે. અરે એવું બને કે વરરાજાની સાથે અણવર હતો ત્યારે એ બહુ લોકોની સરભરા કરે. પછી જાન ચાલી ગઈ પછી ત્રીજે દિવસે એને કામ હતું ગામમાં આવ્યો અણવર. અણવર આવ્યો, તો એનો ભાવેય પૂછે નહીં. કેમ કે ઓલો વરની હારે હતો ને એટલે ભાવ પૂછાતો હતો. વર વિનાનો અણવર ક્યાં? અણવર જ ન કહેવાય. એનું નામ જ અણવર નથી.

એમ નિશ્ચય વિના વ્યવહાર નામ પામે જ નહીં. વ્યવહાર સામાયિક, વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રત્યાખ્યાન. નિશ્ચય વિના વર વિના અણવર કહેવાય જ નહીં. આહા ! વાત ઘણી ઊંડી ને સૂક્ષ્મ રહસ્યવાળી છે. થોડો અભ્યાસ કરે તો આ બધી વાત શાસ્ત્રમાં છે. આ સોનગઢના સંતે કાંઈ નવો ધર્મ સ્થાપ્યો નથી, નવો ધર્મ ચલાવ્યો નથી. આ તો પુરાણો આપણા બાપ દાદાનો ઋષભદેવભગવાનથી (ચાલ્યો આવતો) ધર્મ છે. આ ધર્મ કોઈ નવો ઉત્પન્ન કરતું નથી. કેમ કે વસ્તુનો જે સ્વભાવ તેને ધર્મ કહેવામાં આવે છે.

(મુમુક્ષુઃ- આપની વાત તો સાંભળી. આ હવે અમારે પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો જ જોઈએ એમ આપની વાત સાંભળતાં લાગે છે. પણ મનમાં જે ચંચળતા થાય છે એ ચંચળતાને રોકવા માટે આ વિકલ્પો નથી જોતાં, નથી જોતાં એમ કરીએ છીએ તો કેવી રીતે રોકવા?)

અસ્તિનો વિચાર કરવો. નાસ્તિનો વિચાર છોડી અને અસ્તિ એટલે જેવો શુધ્ધાત્મા છે એવો વારંવાર અભેદનો વિચાર કરતાં એક સમય એવો આવે છે કે એ ઉપયોગ અભેદ થઈ જાય છે. ત્યારે વિકલ્પ છૂટીને અનુભવ થાય છે. (મુમુક્ષુઃ- એટલે વિકલ્પો ઉપર લક્ષ રાખવા જેવું નથી.) વિકલ્પ ઉપર લક્ષ રખાય નહીં. વિકલ્પ તો જ્ઞાનનું જ્ઞેય છે. શું પૂર્વે થતું હતું એનું જ્ઞાન કરાવ્યું. નિર્વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધ્યાન પહેલાં કયા પ્રકારના વિકલ્પ હતા એનું જ્ઞાન કરાવે છે. પછી એ વિકલ્પ તો સહજ છૂટે છે. આત્મા એને છોડતો જ નથી. એના તરફ લક્ષ નથી.

પર્યાયાર્થિકનયની આંખ સર્વથા બંધ કરે છે. વિકલ્પની સામે એટલે કષાયની સામે કોણ જુએ? વિકલ્પ એટલે કષાય. કષાયના દર્શન કરવાથી ધર્મ ન થાય. એનું લક્ષ છોડી અને વસ્તુ જે છે આત્મા એના તરફ એ વળે છે ત્યારે સહજ વિકલ્પ છૂટી જાય છે. અને સહજ નિર્વિકલ્પ અનુભવ આત્માને આવે છે. થઈ ગયો વખત લ્યો.

## પ્રવચન નં :- ૧૫
## તા. ૨૩-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૧૩ ઉપર પ્રવચન

(પ્રવચન નં.૧૪ હોલમાં ન થયેલ હોય આમાં લેવામાં આવેલ નથી.)

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એ આજથી બે હજાર વર્ષ પૂર્વે એક સમર્થ આચાર્ય કુંદકુંદ ભગવાન થયા તેઓશ્રીની રચના છે. એમાં સમયસાર એટલે શુધ્ધાત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે એ બતાવનારું આ શાસ્ત્ર છે. અને એમાં નવતત્ત્વનો વિસ્તાર છે. નવેતત્ત્વની વાત કરતાં કરતાં પણ શુધ્ધાત્માને મુખ્ય રાખીને આમાં નવતત્ત્વનું વર્ણન કરવામાં આવ્યું છે.

એમાં તેર નંબરની ગાથા છે, કે આત્માએ અનાદિકાળથી છદ્રવ્ય ને નવતત્ત્વના ભેદો તો જાણ્યા. પણ નવતત્ત્વમાં રહેલો જે શુધ્ધાત્મા છે એને એક સમય પણ અંતર સન્મુખ થઈને એને અનુભવમાં લીધો નથી, દૃષ્ટિમાં લીધો નથી. એવો જે શુધ્ધાત્મા એ દૃષ્ટિમાં આવી જાય અને આત્માને અનુભવ થાય ત્યારે એને નવતત્ત્વનું જ્ઞાન પણ સાચું થયું કહેવાય. જયાં સુધી શુધ્ધાત્માને આત્મા જાણતો નથી ત્યાં સુધી એ જીવાદિ નવતત્ત્વને પણ યથાર્થપણે જાણી શકતો નથી. માટે નવતત્ત્વને જાણીને પણ નવતત્ત્વના ભેદોમાં રહેલો શુધ્ધાત્મા એને દૃષ્ટિમાં લેવા યોગ્ય છે.

નવતત્ત્વ તો કોમન છે. નવતત્ત્વ એટલે એક જીવતત્ત્વ એ પણ દસ પ્રકારના પ્રાણથી જીવે એ જીવ અથવા નર, નારક આદિની જે અવસ્થા થાય એને વ્યવહાર જીવ કહેવાય અને અજીવનું જ્ઞાન એ પણ અજીવતત્ત્વ છે અને પુણ્ય ને પાપ-દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ જે જીવની દશામાં થાય એને ભગવાન પુણ્યતત્ત્વ કહે છે. કષાયની તીવ્રતા હિંસા, જૂઠ, ચોરી એ બધા પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ છે એ બે થઈને આસ્રવતત્ત્વ છે. જે કર્મના આવાગમનમાં નિમિત્ત થાય છે.

સંવર એટલે કે આસ્રવનું રોકાવું અથવા જેવો પોતાનો શુધ્ધાત્મા છે એનું શ્રધ્ધાન અને જ્ઞાન કરવું એને ભગવાન સંવર કહે છે. નિર્જરા એટલે શુધ્ધિની વૃધ્ધિ, વીતરાગતાની વૃધ્ધિ થાય તેને ભગવાન નિર્જરા કહે છે. બંધ એટલે રાગમાં એકતાબુધ્ધિ કરવી, દેહમાં એકતાબુધ્ધિ માનવી એને ભગવાન ભાવબંધ કહે છે. એ બધા જીવના પરિણામો છે. મોક્ષ એટલે પરિપૂર્ણ જ્ઞાનની આનંદની પ્રાપ્તિ થવી એને પરમાત્મા મોક્ષ કહે છે.

આ નવ પ્રકારના પરિણામો જીવની દશામાં થાય છે ખરા, પણ એ પરિણામોથી સામાન્ય જીવતત્ત્વ, એનાથી રહિત છે. એમ એ પરિણામથી ભિન્ન આત્માનો અનુભવ કરવો, એને લક્ષમાં લેવો, શ્રધ્ધામાં લેવો એને પરમાત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન કહે છે. કે જે ધર્મના પરિણામ છે. તેમનામાં એકપણું પ્રગટ કરનાર. તેમનામાં એટલે નવ પ્રકારના જે ભેદો છે, જેમ સોનું છે એક અને એના ક્રમે ક્રમે નવ ઘાટ થાય છે. તો નવે ઘાટ થવા છતાં પણ નવ પ્રકારના પરિણામ મધ્યે સોનું તો તેનું તે. સોનું તો તેનું તે. સોનું પલટતું નથી. એનો ઘાટ પલટે છે. એમ આ નવ પ્રકારના પરિણામ જીવની દશામાં થાય છે પણ એમાં રહેલો ધ્રુવતત્ત્વ સામાન્ય જ્ઞાયકભાવ એનામાં એકપણું પ્રગટ કરનાર જે નવને પ્રસિધ્ધ કરે છે તે વ્યવહારનય છે.

અને નવતત્ત્વથી ભિન્ન અંદરમાં છુપાયેલી જે આત્મજયોતિ છે એને પ્રસિધ્ધ કરનાર એક શુધ્ધનય એટલે અંતર સન્મુખ થયેલું જ્ઞાન કે જે જ્ઞાનમાં પોતાના ભગવાનઆત્માનો અનુભવ થાય. તે પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી જેવો આત્માનો અંતર જ્ઞાન ને આનંદ ભરેલો સ્વભાવ છે એની અંતર સન્મુખ થઈને એને જ્ઞાનમાં જાણીને એની પ્રતીતિ કરવી એને ભગવાન ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી શુધ્ધનયપણે સ્થપાયેલા એટલે શુધ્ધનયનો વિષય જે શુધ્ધાત્મા એવા આત્માની અનુભૂતિ, એવા આત્માનો અનુભવ. રાગનો અનુભવ, દુઃખનો અનુભવ અનાદિકાળથી જીવ કરતો આવે છે, પણ આત્માનુભૂતિ, આત્માનો અનુભવ, આત્માનો આનંદનો સ્વાદ એક સમયમાત્ર લેતો નથી.

એવા આત્માની અનુભૂતિ, સ્વાનુભવ, આત્માનો અનુભવ કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે. આ સંસ્કૃત ટીકાનું નામ પણ આત્મખ્યાતિ છે. અને જયારે આત્મા પરપદાર્થનું લક્ષ છોડીને પુણ્ય-પાપથી ભિન્ન પોતાના શુધ્ધાત્માને અંતરમાં નિર્વિકલ્પ ધ્યાનમાં જઈને અનુભવે છે ત્યારે તેને આત્માની ખ્યાતિ, આત્માની પ્રસિધ્ધિ થાય છે. કે હું તો એક જાણનાર જાણક જાણક જ્ઞાયકતત્ત્વ છું. આ દેહાદિ કોઈ મારા નથી. રાગાદિ કોઈ મારી ચીજ નથી. એમ એવા આત્માના અનુભવપૂર્વક આત્માની પ્રસિધ્ધિ આત્માને થાય છે તેની પ્રાપ્તિ હોય છે. શુધ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો. નવપ્રકારના ભેદોને જ જાણ્યા કરે તો એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

આત્મા ન જણાય. પણ નવપ્રકારના પરિણામના ભેદોને ગૌણ કરી તેનું લક્ષ છોડી અને અભેદ એકરૂપ સામાન્ય આત્મા અંદર બિરાજમાન ચૈતન્યમૂર્તિ છે. એ અખંડ અભેદ એકરૂપ વસ્તુ છે. એનું લક્ષ કરતાં એને શુધ્ધાત્માનો અનુભવ થાય છે. અનુભવના કાળમાં દુઃખ ટળે છે અને આત્મિક સુખનો સ્વાદ આવે છે. ત્યાં વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર, થોડા હવે આપણે સૂક્ષ્મ ગંભીર વિષયમાં પ્રવેશ કરીએ છીએ. થોડો ગંભીર વિષય છે પણ સમજાય એવો છે. અને એનો ખુલાસો વધારે ખુલાસો કરશું એટલે સમજાશે. ગંભીર અને સૂક્ષ્મ છે એનો અર્થ શું? કે નહીં સમજાય એમ નહીં. પણ ગંભીર અને સૂક્ષ્મ વિષય જયારે આવે ત્યારે આપણે આપણા મનની એકાગ્રતાપૂર્વક જો શ્રવણ કરીએ તો સમજાય. એ એકાગ્રતા થવા માટે સૂક્ષ્મ અને ગંભીર કહેવામાં આવે છે. ન સમજાય એમ નહીં.

આત્મા પોતે ભગવાન સર્વજ્ઞશકિતથી બિરાજમાન શકિતરૂપે છે. અને પોતાની વાત છે આ પારકી વાત તો છે નહીં. તો પોતાની વાત ન સમજી શકાય એમ બને જ નહીં. ત્યાં વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર એ બન્ને પુણ્ય છે તેમજ એ બન્ને પાપ છે. શું ફરમાવે છે? કે આ આત્મા અનાદિઅનંત જ્ઞાનની મૂર્તિ છે. અને એવા સ્વભાવને ભૂલીને પરિણામમાં કોઈ વખતે પાપના પરિણામ અને કોઈ વખતે પુણ્યના પરિણામ જે થાય છે. એ જે પરિણામ છે એ થવા યોગ્ય થાય છે. આત્મા કરે તો થાય એવો આત્માનો સ્વભાવ નથી. થાય એને જાણે એવો સ્વભાવ છે. પણ થાય એને કરે એવો આત્માનો સ્વભાવ નથી. તો એમ પ્રશ્ન થાય કે પુણ્ય ને પાપના પરિણામનો કરનારો કોણ છે? એમ પ્રશ્ન થાય.

જો જ્ઞાનમય આત્મા એનામાં કોઈ એવી શકિત કે ગુણ નથી કે જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરે. કષાયને પેદા કરે એવો આત્મામાં કોઈ ગુણ એટલે શકિત નથી. અને છતાં પુણ્ય ને પાપના પરિણામ તો થયા કરે છે. જો જ્ઞાનમય આત્મા એ પરિણામનો કર્તા નથી તો એ પરિણામનો કર્તા કોણ છે? એમ પ્રશ્ન થાય. જો અજ્ઞાનભાવે પુણ્ય ને પાપના પરિણામના કર્તાપણાનું શલ્ય અનાદિકાળથી પડયું છે એ કર્તાબુધ્ધિ છોડાવવા માટે છે. સ્વચ્છંદી થવા માટે નથી. અનાદિકાળથી અજ્ઞાની સ્વભાવને ભૂલીને ભેદજ્ઞાનનો અભાવ હોવાથી રાગને પોતાનો માનીને, રાગને કરે અને દુઃખને ભોગવે એવી પરિપાટી અજ્ઞાનીની અનાદિકાળથી ચાલે છે.

એ રાગાદિની કર્તાબુધ્ધિ છૂટી અને વીતરાગભાવ પ્રગટ થાય, દુઃખ ટળે અને આત્મિક સુખ અવિનાશી સ્વાધીન શાશ્વત સુખની પ્રાપ્તિ કેમ થાય એનો ઉપાય આચાર્ય ભગવાન અહીંયા નિષ્કારણ કરુણાથી કહે છે. કે જે પુણ્ય ને પાપના પરિણામ થાય છે એ થવા યોગ્ય થાય છે. ન થવા યોગ્ય થાય, થઈ જાય એમ પણ નહીં અને આત્મા કરે તો થાય એમ પણ નહીં. આ ક્રમબધ્ધપર્યાયનો નિયમ છે. કે પુણ્ય ને પાપના પરિણામ પણ સત્ છે. સત્ હોવાથી અહેતુક છે. એ સ્વયં પર્યાયની યોગ્યતાથી થાય છે અને એ પરિણામની અંદર ક્રિયાના ષટ્કારક છે. તો એ પરિણામ પરિણામને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરે છે. પણ ભગવાનઆત્મા સ્વભાવદષ્ટિથી જોતાં એનો કર્તા નથી. પર્યાયદષ્ટિથી કર્તાપણું ભાસે છે એ તો અજ્ઞાન છે. એ અજ્ઞાન તો ટાળવું છે.

ફરીને, થોડી સૂક્ષ્મ વાત છે, કે પોતાને અજ્ઞાનભાવથી જે ભાસે છે એ વિપરીત છે. એ ખોટું છે. એનાથી ચાર ગતિ મળે છે. પોતે જે માની રાખ્યું છે એ માન્યતા તો એની મિથ્યા છે, અજ્ઞાન છે. જે અજ્ઞાની માને છે એવું આત્માનું સ્વરૂપ નથી. અજ્ઞાની તો માને છે કે હું પરપદાર્થના કાર્ય કરી શકું. તો એ માનતો હોવાથી શું પરપદાર્થના કાર્ય કરી શકતો હશે? ત્રણકાળમાં કોઈ પદાર્થ કોઈ પદાર્થનું કરી શકતું નથી. માત્ર એ અભિમાન કરે છે કે હું કરનાર છું. પણ પરપદાર્થ સ્વયં થાય એનો જાણનાર છું એ ભૂલી ગયો અને હું કરનાર છું એમ એને અજ્ઞાનથી ભાસે છે. એ એનો પ્રતિભાસ અજ્ઞાન છે. એવું એનું જાણપણું છે એ અજ્ઞાન છે. જગતના પદાર્થો સ્વયં પરિણમે છે. કોઈ પદાર્થ કોઈ પદાર્થનો કર્તા હર્તા ભોકતા નથી.

જેવી રીતે કુંભાર છે એની હાજરીમાં માટીમાંથી ઘડો બને છે. કુંભારની હાજરીના કાળમાં માટીમાંથી ઘડો બને છે એ માટીના કારણે બને છે. અને ઘડાની કાર્યની ઉત્પત્તિનો કાળ છે ત્યારે બને છે. એ એનાથી માટીથી થાય છે. પણ કુંભારની હાજરી દેખીને કુંભારને અભિમાન થાય છે કે, હું ઘડાનો કરનાર છું એ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. દષ્ટિ વિપરીત છે, કેમ કે માટી એક સ્વતંત્ર પુદ્ગલ પદાર્થ છે. એનામાં ઉત્પાદવ્યયધ્રુવ નામની એક શકિત છે. એ માટી ટકીને એ પરિણામથી પલટે છે પલટતાં પલટતાં ઘડારૂપે થાય છે. એ ઘડાને કરનારું માટી દ્રવ્ય છે. પણ કુંભાર એનો કરનાર નથી. પણ અભિમાની જીવને એમ ભાસે છે કે મારી હાજરી છે તો આ કાર્ય થાય છે. હાજરી નથી તો કાર્ય નહીં થાય.

અરે એક બહારગામ દૂર દેશાવર જઈને વસે અને ન્યાંથી એક તાર પોતે કરી દયે. પોતાના નામનો બીજાની પાસે તાર કરાવે કે ફલાણા ભાઈનું મૃત્યુ થઈ ગયું છે. અહીંયાં દીકરાઓ સાંભળે કે બાપા ગુજરી ગયા. હવે એ બાપા અહીંયા અભિમાન કરતા હતા અને બાપાએ જોયું કે મારા વિના વહીવટ ચાલે છે કે નહીં જોઉં તો ખરો? એ ગુજરી ગયાનો તાર આવ્યો અને પછી વરસ દિ' થયું ને આવ્યા કે આ તો મારી ગેરહાજરીમાં પણ વહીવટ તો ચાલે છે. તો મફતનો હું અભિમાન કરું છું. માટે હું તો જ્ઞાતા રહું તો જગતના કામ તો થયા જ કરશે. આહાહા ! મોટા મોટા રાજા મહારાજા ચાલ્યા જાય છે તો રાજના વહીવટ બંધ થતાં નથી. બંધ થાય છે? રેલ્વેના ગાર્ડને ડ્રાઈવર ગુજરી જાય તો રેલ્વે કોઈ દિ' બંધ થાય? આહા !

એમ આ જડ ને ચેતનના પર્યાયો સ્વયંમેવ થયા જ કરે છે. સર્વજ્ઞ ભગવાને એમ જોયું છે કે પ્રત્યેક પદાર્થ પોતાના મૂળ સ્વરૂપને ટકાવી અને ક્ષેત્રથી ક્ષેત્રાંતર થાય, ભાવથી ભાવાંતર થાય, પર્યાયથી પર્યાયાંતર થાય એવી એનામાં સ્વયં પરિણમન શકિત છે. પ્રત્યેક પદાર્થ એમાં પરિણામ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામની શકિત છે એથી ટકીને પલટે છે. પરિણામ સ્વયં પ્રગટ થાય છે. એનો કર્તા આ વિશ્વનો કોઈ (પદાર્થ નથી) અન્ય કોઈ ભગવાનેય નથી. અને આ આત્મા પણ એનો કર્તા નથી. માત્ર થાય એનો જાણનાર આત્મા છે. એ જાણનાર ભાવમાં રહેવું એ જ્ઞાન છે. અને જ્ઞાન જાણવામાંથી છોડીને કરનાર થાય તો એ અજ્ઞાન થઈ ગયું. કરી તો શકે નહીં. પણ અજ્ઞાનથી દુઃખી થાય છે.

એમ અહીંયા અંદરની (વાત) ઓલો બહારનો દાખલો આપ્યો કે જેટલા ઘડા થયા. કોઈને પ્રશ્ન થાય કે કુંભાર વિના ઘડો થયો જ નથી. જ્ઞાનીઓ કહે છે કે અત્યાર સુધી જેટલા ઘડા થયા એ કુંભાર વિના જ થયા છે. કુંભારથી ઘડો થતો નથી. તને મોટી ભ્રાંતિ થઈ છે. આહા ! પણ એ શી રીતે બેસે? કેમ કે એની દૃષ્ટિ વિપરીત છે ને, એને કર્તાબુદ્ધિનું અહંકાર થઈ ગયું છે ને. આત્મા સ્વભાવે જાણનાર છે. જેમ અરિહંત પરમાત્મા જાણનાર છે. એમ બધા આત્માઓ જાણનાર છે. એ જાણવાના ભાવમાં જો આવી જાય અને કર્તાબુદ્ધિ છૂટી જાય તો ઘડો એના કાળે અને એના કારણે થાય છે. કુંભારથી પણ નહીં અને ખરેખર માટીથી પણ નહીં. (શ્રોતા :- માટીને ઉડાડી) દેવશીભાઈ !

જરા ! હા, માટીને ઊડાડી, પહેલાં કુંભારને ઊડાડયો, હળવે હળવે બધી વાત થાયને? આ લંડન છે ! લંડનમાં એક સાથે (બધી વાત) એમ ન થાય. હળવે હળવે પહેલાં નિમિત્તથી થાય એ ભ્રાંતિ હતી એ ભ્રાંતિ ઊડાડવા માટે કહ્યું કે કુંભારથી ઘડો થતો નથી. એટલે નિમિતાધીન દૃષ્ટિ છૂટી અને ઘડાની સ્વયં ઉપાદાનની શકિતથી માટી ટકીને આદિ, મધ્ય, અંતમાં ઘડારૂપે પરિણમીને એ માટી પોતે ઘડાની રચના કરે છે. એમ પહેલાં કહ્યું. માટી કર્તા અને ઘડાની અવસ્થા એનું કર્મ, પણ કુંભાર કર્તા અને ઘડો એનું કર્મ એમ બે દ્રવ્ય વચ્ચે કર્તા કર્મનો સંબંધ ત્રણકાળમાં હોઈ શકે નહીં. હાં, ઘડો નથી કર્યો તો કુંભારે ત્યારે શું કર્યું? કે હું ઘડો કરી શકું છું એવું અભિમાન એણે કર્યું. એ અભિમાનના એના પરિણામ છે એનો આત્મા કથંચિત્ અજ્ઞાનભાવે કર્તા છે. આટલું બધું સમજવું પડશે. (મુમુક્ષુઃ- હા જી, ઘણું વાંચન જોઈશે.) ભાઈ આ તો પરમાત્મા થવાની વાત છે. સુખી થવાની વાત છે. પણ દુઃખ લાગે એ સુખને શોધેને?

આ બધી સર્વજ્ઞ ભગવાને કહેલી વાત આગમથી પ્રસિદ્ધ છે અને અનુમાન, તર્ક અને અનુભવથી આ વાત સિદ્ધ થાય એમ છે. કે આત્મા જગતના પદાર્થનો કર્તા નથી માત્ર સાક્ષી છે. જ્ઞાતા-દૃષ્ટા છે એવો આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવને ભૂલીને જયાં ક્રિયા થાય છે-એની હાજરી દુકાન ઉપર પોતાની છે. પોતે ટેબલ ઉપર ઊભો છે. ક્રિયા કાપડની કાપડને કારણે થાય છે. આને હાજરી દેખીને એને એમ થયું કે આ કાપડના મેં કટકા કર્યા. તાકો મેં લીધોને તાકો મેં મુકયો. એ બધી ભ્રમણા છે. એનો હાથ વેપારીનો કાપડને અડતો નથી. કાપડનો તાકો ઉંચકે કયાંથી? (મુમુક્ષુઃ- તો દેખાય છે ઈ?) એ દેખાય છે ને, એ દેખાય છે એ સંયોગથી જુએ છે. એના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવથી જોતો નથી. કાપડનો જે તાકો છે એને એના સ્વભાવથી જો. અને સંયોગથી વેપારીના હાથથી જુએ તો કાપડનો મૂળ સ્વભાવ ખ્યાલમાં આવશે નહીં.

એક સંયોગથી જુએ છે. જ્ઞાની સ્વભાવથી જુએ છે. પદાર્થ માત્રને એના સ્વભાવથી જુએ છે. કે એનામાં ક્રિયાવતી શકિત હોવાથી પરમાણુ એના કારણે એક આકાશના ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે એમ અને ભાવ નામની શકિત હોવાથી, ભલે તાકો ન્યાં ને ન્યાં પડયો તો પણ એનું પરિણમન તો સમયે સમયે થયા જ કરે. થોડો વધારે ટાઈમ પડયું રહે તો કાપડ સડી પણ જાય છે. જો પરિણમન ન હોત તો સડત નહીં. જુનું ન થાત. નવાનું જુનું થાય છે. હવે કોઈ એને તેજુરીમાં પેક રાખે તોય નવાનું જુનું થઈ જાય. કોઈ એને ધૂળ ન નાખે, કાંઈ ન કરે તો પણ તે જુનું થઈ જાય. એ નવાનું જુનું થાય છે એ કર્યું કોણે? કે પદાર્થ સ્વયં પોતાના પરિણામથી સારી પર્યાયનો વ્યય કરીને જુની પર્યાય પ્રગટ કરે છે. સ્વયં જગત સત્ અહેતુક છે. આહાહા ! બધું સત્ છે. જેને બધું સત્ લાગે દ્રવ્ય સત્, ગુણ સત્ અને પરિણામ પણ સત્ છે. એની કર્તાબુધ્ધિ છૂટે છે, દ્દષ્ટિ આત્મા ઉપર આવે છે અને જ્ઞાતા થઈને આનંદનો અનુભવ કરે છે.

હવે અહીંયા તો ઓલા કુંભારે તો ઘડો કર્યો નથી પણ માટીએ કથંચિત્ ઘડો કર્યો છે પણ હવે માટીને પણ આપણે ગૌણ કરી નાખવી છે. કે માટીથી ઘડો થયો નથી પણ ઘટની પર્યાયનો એનો સત્ અહેતુક સ્વકાળ એની જન્મક્ષણ હતી. એ પર્યાયનો પ્રગટ થવાનો સ્વ અવસર હતો. ત્યારે ઘટની પર્યાય પ્રગટ થઈ છે. કુંભારથી નહીં અને માટીથી પણ નહીં. આવું પ્રત્યેક પરિણામ સત્ અને અહેતુક નિરપેક્ષ છે. નિમિત્તથી નિરપેક્ષ અને એના ત્રિકાળી ઉપાદાનથી પણ નિરપેક્ષ. માટીથી પણ નિરપેક્ષ અને કુંભારથી પણ નિરપેક્ષ. સ્વયંસિધ્ધ ઘટની પર્યાય પ્રગટ થાય છે એમ જ્ઞાનીઓ જાણે છે. અજ્ઞાની એમ જાણે છે કે કુંભાર હોય તો ઘડાની પર્યાય થાય છે. અને માટી હોય તો ઘડાની પર્યાય (થાય છે) માટી હોવા છતાં ઘડાની પર્યાય થતાં થતાં ઘડો ભાંગી જાય છે. તો જો માટીથી ઘટની પર્યાય થતી હોય તો માટીનો સદભાવ, કુંભારનો સદભાવ છતાં ટીપતાં ટીપતાં બે કટકા થઈ જાય છે. કોણે કર્યું? (મુમુક્ષુઃ- પર્યાયની સ્વતંત્રતા જાહેર કરે છે.) સ્વતંત્ર પર્યાયો છે. આહાહા !

આખા વિશ્વમાં છએ દ્રવ્યના પરિણામ ધારાવાહીક સ્વતંત્ર થયા જ કરે છે. કોઈ એનો કર્તા હર્તા નથી. એમ જે જાણે છે એની દ્દષ્ટિ પર ઉપરથી હટી, રાગ ઉપરથી ખસી અને પોતે જાણનાર જાણનાર જાણનાર આત્મા છે એના ઉપર દ્દષ્ટિ આવતાં એને આત્માના દર્શન થાય છે. અને એ સમયે એને કર્તાબુધ્ધિનું અહમ્ હતું અને અહંકાર અજ્ઞાનજન્ય દુઃખ હતું એ દુઃખની નિવૃતિ થાય છે અને જ્ઞાતા થતાં એને આનંદનું વેદન આવે છે. આનંદનો ચૈતન્ય આનંદનો અંદરમાં સ્વાદ આવે.

હવે અહીંયાં જે પુણ્ય ને પાપના પરિણામ થાય છે એ સર્વજ્ઞ ભગવાન કહે છે કે થવા યોગ્ય થાય છે. થવા યોગ્ય થાય એમ જાણે તે જ્ઞાની અને આ પુણ્યના પાપના પરિણામ મેં કર્યા (એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માને) તો અજ્ઞાની. અજ્ઞાનીને એ પરિણામમાં કર્તાપણું ભાસે છે. (તે) પર્યાયદૃષ્ટિ છે અને દ્રવ્યદૃષ્ટિવાળાને થોડા પુણ્ય-પાપના પરિણામ નીચલા ગુણસ્થાને ચોથા ગુણસ્થાને ગૃહસ્થીને હોય ખરા પણ ગૃહસ્થી જ્ઞાની એમ જાણે છે કે થવા યોગ્ય આ પરિણામ થાય છે. એનો હું કરનાર નથી.

ત્રિકાળી ઉપાદાન શુધ્ધઆત્મતત્ત્વ અશુધ્ધ પરિણામનો કર્તા નથી. ત્યારે એ પરિણામ થાય છે એનો કર્તા કોણ? ક્ષણિક અશુધ્ધ ઉપાદાનથી એ પરિણામ થાય છે. ત્રિકાળી શુધ્ધ ઉપાદાનને દ્રવ્ય કહેવાય. પરિણામને અશુધ્ધ ક્ષણિક ઉપાદાન કહેવાય. ક્ષણિક અશુધ્ધ ઉપાદાન. ઉપાદાન એટલે સ્વશકિત. પુણ્ય ને પાપના પરિણામની ઉત્પન્ન થવાની સ્વશકિતને ક્ષણિક ઉપાદાન કહેવામાં આવે છે. એ ક્ષણિક ઉપાદાન કારણ છે અને પુણ્ય-પાપના પરિણામ એ એનું કાર્ય છે. ભગવાનઆત્મા તટસ્થ રહીને જાણે છે કે પુણ્ય-પાપ ઉત્પન્ન થઈ રહ્યા છે. પણ પુણ્ય- પાપ ઉપર લક્ષ નથી. લક્ષ, જાણનારને જાણતાં પુણ્ય-પાપના પરિણામ ઉત્પન્ન થાય છે, સહજ સ્વભાવમાં ઠરાતું નથી. અમારી કમજોરી છે અને એનો સ્વકાળ છે. અમારી કમજોરી અને એનો સ્વકાળ. આહા ! એકદમ રહસ્યવાળી વાત છે. લાલજીભાઈએ કહ્યું કે હવે ઘણા દિવસ થઈ ગયા છે માટે હવે થોડું સૂક્ષ્મ લેવામાં વાંધો નહીં. થોડું ગ્રાઉન્ડ તૈયાર થઈ ગયું છે. અને અત્યાર સુધી કોઈએ કોલાહલ કર્યો નહીં. અત્યાર સુધી કોઈ કોલાહલ પણ કાન ઉપર આવ્યો નહીં. એટલે કહેવાનો ભાવ થાય. જો કોલાહલ થાય તો કહેવાનો ભાવ ન થાય.

પણ આ છે ને એ પરમાત્મા થવાની વાત છે હોં ! આ પામરતા મટી જાય. આ ચાર ગતિનું દુઃખ મટી જાય. અને આત્મદર્શન થાય એવી વાત છે. કોઈને એમ લાગે કે શું આ ગૃહસ્થ અવસ્થામાં આત્માના દર્શન થતાં હશે. કંચન કામિની કોઈનો ત્યાગ નહીં, ઘરબાર છોડવા નહીં. બેંકમાં ડોલર અને પાઉન્ડ પડયા હોય અને એમ ને એમ ધ્યાનમાં બેસે તો આત્મદર્શન થઈ જાય? હા ભાઈ ! એ તારા પાઉન્ડ પાઉન્ડમાં છે. દેહ દેહમાં છે, કુટુંબ કુટુંબમાં છે, અરે રાગ રાગમાં છે, આત્મા તો જ્ઞાનમય છે એવા જ્ઞાનમયનું ધ્યાન કરતાં આત્માને આત્માનું ભાન થાય છે. ગૃહસ્થ અવસ્થામાં બહેનો દીકરીઓ માતા અભણ હોય. ક, ખ, લખતાં ન આવડતું હોય અને કાગળ વાંચતા ન આવડતો હોય પણ હું એક જ્ઞાનમય આત્મા છું અને રાગમય હું નથી. આહાહા ! હું જ્ઞાનમય છું ને દેહમય હું નથી. હું ચૈતન્ય છું અને આ જડ દેહ તે મારો નથી. એમ પોતે જો ભેદજ્ઞાનના મંત્રની સાધના કરે તો ભેદજ્ઞાનના મંત્રથી ચૈતન્યદેવ હાજર થાય. મંત્રને આધિન દેવ, પણ કયા દેવ? આ અંદર દેવ બિરાજમાન છે હોં! ભગવાન પ્રભુ વિભુ આત્મા અંદર દિવ્યશક્તિમાન છે. ચૈતન્ય ઝળહળ જયોત અંદરમાં પ્રકાશનો પુંજ આત્મા છે.

આ રાગના અંધકારથી આત્મા ભિન્ન છે. પુણ્ય-પાપના પરિણામ જડ અચેતન અંધારા એનાથી જુદો પ્રકાશનો પુંજ ભગવાનઆત્મા બિરાજમાન છે. એને એકવાર પુણ્ય-પાપથી ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માને લક્ષમાં લેતાં એને આત્મદર્શન થતાં એને અલ્પકાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ એટલે પૂર્ણ આનંદ. દુઃખનો આત્યંતિક અભાવ અને પૂર્ણ સુખની પ્રાપ્તિ એને ભગવાન મોક્ષ કહે છે. એવા પૂર્ણઆનંદની પ્રાપ્તિનું કારણ ભેદવિજ્ઞાન છે. અને એ ભેદવિજ્ઞાનથી આત્માની ઉપલબ્ધિ થાય છે. ઉપલબ્ધિ એટલે આત્માનો અનુભવ થાય છે. પુણ્ય ને પાપના પરિણામ થવા યોગ્ય થાય છે. શાસ્ત્રમાં પાઠ છે હોં! થવા યોગ્ય થાય છે. આત્મા કરે તો થાય એમ ત્રણકાળમાં નથી. એ અજ્ઞાની જીવને ભ્રાંતિ છે.

જો આત્મા કરે તો થાય તો પુણ્ય ને પુણ્યના પરિણામ જયાં થવા માંડયા, ભગવાનની સામે પૂજા કરવા બેઠો, ભકિત કરવા બેઠો તો પુણ્યના પરિણામ થવા માંડયા. હવે એ પુણ્યના પરિણામ થતાં થતાં ફટ એનો વ્યય થઈને પાપના પરિણામ આવે છે. તો પાપના પરિણામ કરીને દુઃખી થવું એ તો એને ગમતું નથી. છતાં પુણ્યના પરિણામનો પલટો થઈને પાપના પરિણામ આવે છે. અને જયાં પાપના પરિણામ આવ્યા ત્યાં થોડીક વાર થઈ ત્યાં પલટો થઈને પુણ્યના પરિણામ આવી જાય છે. આહાહા ! એ થવા યોગ્ય થાય છે હોં ! જ્ઞાનમય આત્મા કરે એવો આત્મામાં કોઈ ગુણ નથી. થાય છે એ હકીકત છે. પણ થવા યોગ્ય થાય છે તો પુણ્ય-પાપ ટળી જશે. અને પુણ્ય-પાપ થવા છતાં હું એનો કરનાર છું તો પુણ્ય-પાપની એકતાબુધ્ધિ ટળશે નહીં. આ વાત અરે સત્‌ની વાત સાંભળેલી છે ને (તો) નકામી નહીં જાય. ડિપોઝીટ રહી હશે ને ડિપોઝીટ તો પણ એને કામ આવશે.

કે ભગવાન જ્ઞાનમય આત્મા જાણક જાણક જાણક જાણક સ્વભાવ છે. એમાં પુણ્ય-પાપનું કરવું એ આત્મામાં કોઈ ગુણ એવો નથી કે પુણ્ય-પાપની રચના કરે. વીતરાગભાવની રચના કરે એવો ગુણ છે, પણ પુણ્ય-પાપને રચે એવો આત્મામાં ગુણ સ્વભાવ નથી. જો પુણ્ય-પાપને રચનારો આત્મા હોય તો પુણ્ય-પાપનો અભાવ થઈને કોઈની મુકત અવસ્થા થાય નહીં. નિત્ય કર્તાપણાનો દોષ આવે. માટે ખરેખર ભગવાન સ્વભાવદ્દષ્ટિથી જુઓ તમે તો પુણ્ય-પાપના પરિણામનું કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. પર્યાયદ્દષ્ટિથી ભાસે છે એ તો અજ્ઞાન છે. એ અજ્ઞાન ટાળવાની તો અહીં વાત છે.

અજ્ઞાન દ્દઢ થાય એવા ઉપદેશને ભગવાન ઉપદેશ જ કહેતાં નથી. એ વીતરાગનો ઉપદેશ જ નથી, વીતરાગની આજ્ઞા જ નથી. કે તમે પુણ્ય કરો તો ધર્મ થાય એ આત્મા વીતરાગની આજ્ઞાની બહાર છે. જેણે પુણ્યને છોડયું અને પરિપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થઈ, જે પોતે પુણ્યને છોડીને પરમાત્મા થયા એ બીજાને કહે કે તમે પુણ્ય કરો? એની વાણીમાં આવે તો એટલું આવે કે જો સુખી થવું હોય તો આત્માનો અનુભવ કરીને વીતરાગ દશા પ્રગટ કરો. બીજો કોઈ ઉપાય નથી. જે ભાવે એણે વીતરાગ દશા પ્રગટ કરી છે એ જ બીજાને બતાવે. બીજો આડો અવળો રસ્તો બતાવે નહીં.

માટે અહીંયાં કહે છે પુણ્ય-પાપના પરિણામ જુઓ પાઠ છે હો ! ‘‘વિકારી થવા યોગ્ય અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકાર કરનાર'' હજી તો આ વિકાર પુણ્ય-પાપની વિકૃત દશા જે થાય છે (એ) થવા યોગ્ય થાય છે. એનો કરનાર એ પોતે ક્ષણિક અશુધ્ધ ઉપાદાન, પર્યાય પર્યાયનું કારણ ને પર્યાય પર્યાયનું કાર્ય છે. પર્યાય એક સમયમાં સત્ હોવાથી એવા કર્તા-કર્મ આદિ ષટકારક છે. અને એનો નિમિત્ત કરનાર કોણ છે? કે જુના કર્મનો ઉદય એમાં જોડાતાં એમાં એ ભાવ પ્રગટ થાય છે. ઉપાદાન કર્તા પર્યાય પર્યાયનો અને નિમિત્ત કર્તા એનો કોણ છે? કેમાં જોડાતાં થાય છે? કે જુના કર્મના ઉદયમાં જોડાતાં પર્યાયમાં પુણ્ય ને પાપના પરિણામ ઊભા થાય છે. કે થવા યોગ્ય થાય છે એને નૈમિતિક પર્યાય કહેવાય અને એમાં નિમિત્ત કારણ જુના કર્મનો ઉદય છે. જુના કર્મના ઉદયથી એ પરિણામ થતાં નથી, નિમિત્તથી થતાં નથી અને ઉપાદાનથી પણ થતાં નથી. ઘડાની અવસ્થા કુંભારથી થતી નથી અને માટીથી પણ થતી નથી.

એમ આ પુણ્ય ને પાપના કૃત્રિમ વિકલ્પ ઊભા થાય છે એનો કર્તા જ્ઞાનાનંદ પરમાત્મા સ્વભાદષ્ટિથી જોવામાં આવે તો ભગવાનઆત્મા એ કષાયનો રચનાર નથી કષાયનો કરનાર નથી. એ તો કરનાર નથી ત્યારે એમાં નિમિત્ત કારણ કોણ છે? જો ઉપાદાન કારણ સ્વયં પર્યાય પર્યાયનું છે તો એમાં નિમિત્ત કારણ કોણ? કે નિમિત્ત કારણ જુના કર્મનો ઉદય નિમિત્ત કારણ છે. છતાં એ નિમિત્તથી થાય છે, એમ નથી. થાય છે પર્યાય પર્યાયથી પોતાથી ત્યારે જુના કર્મના ઉદયને ભગવાન નિમિત્ત કહે છે. એને કરનાર અને પરિણામ થનાર, પરિણામ પોતાથી થનાર એટલે પરિણામ પરિણામથી થનાર, ભગવાનઆત્માથી નહીં અને નિમિત્તથી પણ નહીં. એ જયારે રાગનું પરિણામ ઊભું થયું ત્યારે રાગનું પરિણામ ઊભું થાય છે ત્યારે જુના કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે.

ભગવાનઆત્મા એનો ઉપાદાનપણે કર્તા નથી અને નિમિત્તપણે કર્તા નથી. જો ઉપાદાનપણે કર્તા હોય તો રાગ ને આત્મા એક થઈ જાય. અને જો આત્મા નિમિત્ત કર્તા હોય તો નિત્ય કર્તાપણાનો દોષ આવે. માટે ભગવાનઆત્મા જાણનાર છે પણ એનો કરનાર નથી. એ ક્રિયા થાય છે એના પોતાના અવસરે એની જન્મક્ષણ છે ત્યારે થાય છે. એમ જેના જ્ઞાનમાં જણાય છે ત્યારે તે જ્ઞાની બની જાય છે. અને થતાં પરિણામનો હું કરનાર છું એમ જેની દષ્ટિમાં આવે છે એ દષ્ટિ વિપરીત અજ્ઞાન છે. સૂક્ષ્મ વાત છે. ઘણા દિવસ થઈ ગયા પછી આપણે આ તેરમી ગાથા લીધી. સમજાય અને સમજવી પડશે જ. સુખી થવું હોય તો એને પોતાના લાભ માટે સમજવું છે. સમજીને કોઈના ઉપર ઉપકાર કરવા માટે સમજવું નથી.

તત્ત્વને પોતાના સ્વરૂપને સમજવું છે તો એમાં એને આત્મલાભ-ધર્મલાભ થાય છે. સમજવાની પાછળ આટલો એક કલાકનો સમજવાનો ટાઈમ કાઢવો, પોણો કલાક આવવામાં પોણો કલાક જાવામાં. દોઢને એક અઢી અને અર્ધો કલાકની છૂટ. ત્રણ કલાકનો જે ટાઈમ બગડે છે એની સામે વળતર બહુ મોટું છે. અસાધારણ વળતર છે. ત્રણ કલાક અમે ટાઈમ કાઢયો પણ કાંઈ મળ્યું નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમ નથી. અરે એક કલાકમાં ઢગલાબંધ તત્ત્વ મળી જાય છે. દૃષ્ટિ આખી પલટી જાય છે. પર્યાયદૃષ્ટિ છૂટી જાય છે. અજ્ઞાન છૂટી જાય છે અને દ્રવ્યદૃષ્ટિ થાય છે. દ્રવ્ય એટલે પોતાનો શુધ્ધાત્મા (એની) અંતર સન્મુખ થઈ અને એને જાણવો એનું નામ જ્ઞાન છે. પરપદાર્થને જાણવું એનું નામ જ્ઞાન નથી. આત્માને જાણવું એનું નામ સમયગ્જ્ઞાન છે.

પુણ્ય ને પાપના પરિણામની કર્તાબુધ્ધિ ઊડાડવા માટે કહે છે કે થવા યોગ્ય થાય છે. પ્રભુ ! આ તારું કર્તવ્ય નથી. મારાથી આ પુણ્ય-પાપના પરિણામ થાય છે, એ હવે છોડી દે, એ અજ્ઞાનભાવને છોડી દે. મારામાં જ્ઞાન થાય છે એમ લે. મારામાં પુણ્ય-પાપ થાય છે એમ લેમાં. મારામાં તો જ્ઞાન થાય છે, કે જે જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે છે એવું જ્ઞાન થાય છે. એ જ્ઞાન મારું કર્મ છે અને પુણ્ય-પાપના પરિણામ મારા જ્ઞાનનું જ્ઞેય છે પણ કર્તાનું કર્મ નથી. લાલજીભાઈ ! ઊંડી વાત છે હો ! (મુમુક્ષુઃ- બહુ સારી વાત છે પાયો ઊંડો નાખ્યો) પાયો ઊંડો હોય ને તો પછી મુંબઈમાં દસ, વીસ માળ બનાવે છે. થઈ શકે છે. પાયો એટલે શ્રધ્ધા મજબુત જોઈએ. શ્રધ્ધામાં બિલકુલ મચક ન આવવી જોઈએ.

ભગવાનઆત્મા કેવળ જ્ઞાતા છે અને પુણ્ય-પાપનો કર્તા નથી. ત્યારે પુણ્ય-પાપ થાય છે ને? પુણ્ય-પાપના પરિણામ થાય છે ત્યારે જાણ્યું કોણે? કે જ્ઞાને જાણ્યું. તો જ્ઞાન થાય છે કે પુણ્ય-પાપના પરિણામ થાય છે? ક્રોધ થાય છે પણ ક્રોધ જ થાય છે? કે ક્રોધ થયો એવું જ્ઞાન પણ થાય છે? જો એકલો ક્રોધ થાય અને જ્ઞાન જો ન થાય તો તો આત્મા જડ થઈ જાય. અને એકલું જ્ઞાન થાય અને જો ક્રોધ થાય જ નહીં તો તો પરમાત્મા થઈ જાય. કોઈ પણ ક્રોધાદિ રાગ-દ્વેષ, મોહના પરિણામ જ ન થાય અને એકલું જ્ઞાન થવા માંડે તો તો કેવળજ્ઞાન કહેવાય. અને એકલો ક્રોધાદિભાવ થાય અને ક્રોધને જાણનારું જ્ઞાન પણ પ્રગટ ન થાય તો તો આત્મા જડ થઈ જાય. કેમ કે ઉપયોગ વિના-જાણ્યા વિના આત્મા એક સમય પણ રહેતો નથી.

તો હવે મારામાં જ્ઞાન થાય છે એમ લેને? મારામાં પુણ્ય-પાપ થાય છે એમ શા માટે લે છે ? હું તો જ્ઞાનમય આત્મા છું તો મારામાં આત્માનું જ્ઞાન થાય છે એમ લે ને ! પુણ્ય-પાપ થાય છે એમ લેમાં અને પુણ્ય-પાપનું એકાંતે જ્ઞાન થાય છે એમ પણ લેમાંને? આત્માનું જ્ઞાન થાય છે એમ લેને! તો આત્માનું જ્ઞાન થઈ જશે. (મુમુક્ષુઃ- સાવ ટૂંકો રસ્તો.) સાવ ટૂંકો (રસ્તો) પણ આ તો દરેકને અનુભવની ચીજ છેને? જેમકે, દાખલો ગુરુદેવ ફરમાવે છે. ગુરુદેવે કહેલી વાત કહું છું. અને બધાને અનુભવથી સિધ્ધ થાય. કે ગઈકાલે ક્રોધ આવ્યો. આજે શુક્રવાર છેને? ગુરુવારે ક્રોધ થયો. કોઈ નોકર ઉપર કે કોઈ કુટુંબ પરિવારમાં બચ્ચા ઉપર ગમે તે. કાલે ક્રોધ થયો. એનું આજે જ્ઞાન થયું કે કાલે જરાક મને ગુસ્સો આવી ગયો હતો. હવે કાલે જે ગુસ્સો આવ્યો'તો એમ આજે જાણવામાં આવ્યું. તો કાલે ગુસ્સો પણ આવ્યો'તો અને કાલે ગુસ્સો થયો એવું જ્ઞાન પણ થયું'તું. હવે આજે એનું જ્ઞાન

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે કે કાલે મને ગુસ્સો આવ્યો'તો. તો ગુસ્સો આવ્યો કે ગુસ્સાનું જ્ઞાન થયું? જો ગુસ્સો અને જ્ઞાન બેય એક ચીજ હોત, ક્રોધ અને જ્ઞાન બેય એક હોત તો કાલનો ક્રોધ યાદ કરતાં આજે પણ મોઢું લાલચોળ થઈ જાય. પણ લાલચોળ થયું નહીં. ટાઢે કોઠે વિચાર કરે છે, કે કાલે જરા બાળક ઉપર મને ક્રોધ આવી ગયો. પણ ક્રોધ આવી ગયો એમ અત્યારે કાલના ક્રોધનું જ્ઞાન થયું, પણ જ્ઞાન આવ્યું, જ્ઞાન રહ્યું. પણ ક્રોધ તો આવ્યો નહીં. ક્રોધ અને જ્ઞાન બેય એક હોત તો ક્રોધનું જ્ઞાન કરવાની સાથે આજે કાલ જેવો ક્રોધ થવો જોઈએ. માટે અનુભવથી સિધ્ધ થાય છે કે ક્રોધાદિ કષાયભાવ અને જ્ઞાન ભિન્ન ભિન્ન તત્ત્વ છે. બેય એક તત્ત્વ નથી. આહાહા !

જરાક ઊંડાણથી વિચાર કરે, આહાહા ! સર્વજ્ઞ ભગવાને કહેલી વાત પોતાના જ્ઞાનમાં શાંતિથી વિચારે તો બેસી જાય એવી છે. માટે પુણ્ય-પાપના પરિણામ થવા યોગ્ય થાય છે એમ જ્ઞાનમાં જયારે જણાય છે ત્યારે જ્ઞાનનું લક્ષ જ્ઞાયક ઉપર આવી જાય છે. અને આત્માનો અનુભવ થતાં એનું કર્તૃત્વ છૂટી જાય છે, સ્વામીત્વબુધ્ધિ છૂટી જાય છે, એકતાબુધ્ધિ છૂટી જાય છે પુણ્ય-પાપના ભાવો રહી જાય છે પણ પુણ્ય-પાપની કર્તાબુધ્ધિ છૂટી જાય છે. પુણ્ય-પાપના પરિણામ રહી જાય છે. સર્વથા અભાવ થતો નથી પણ પુણ્ય-પાપનું કર્તૃત્વ છૂટયું, સ્વામીત્વબુધ્ધિ છૂટી, એકતાબુધ્ધિ છૂટી. પુણ્યની રુચિ છૂટી, પુણ્ય રહી ગયું. પુણ્યનું ફળ રહી ગયું પણ ફળની રુચિ છૂટી ગઈ. રુચિ આત્મામાં આવી ગઈ.

અરે મારી વસ્તુ તો મારી પાસે છે. પુણ્ય ને પુણ્યના ફળ છે એ કોઈ મારી ચીજ નથી. એમ પુણ્ય ને પુણ્યના ફળ પ્રત્યે રુચિ ઊડી જાય છે. એના પ્રત્યે પણ જીવ ઉદાસ થઈ જાય છે. અને ભગવાનઆત્માની સાધનામાં લાગે છે તો અલ્પકાળમાં એની મુકિત થાય છે. શું કહ્યું? આહા ! પુણ્ય ને પાપના પરિણામ થવા યોગ્ય થાય છે. અરે પ્રત્યેક જડ અને ચેતનની પર્યાય થવા યોગ્ય થાય છે. કેમ કે પરિણામ સત્ છે. સત્ એને કહેવાય કે એને કોઈ કારણ ન હોય. સત્ એને કહેવાય કે અહેતુક હોય. અહેતુક એટલે એને કોઈ કારણની અપેક્ષા નથી. જો કોઈ કારણ આવે ને કાર્ય થાય તો એ પરિણામ સત્ રહેતાં નથી. હવે એના માટે આપણે એક દૃષ્ટાંત લઈએ. કેમ કે આજ વાત બહુ ઝીણી છે એટલે પુણ્ય-પાપનું કરવું, હું કરનાર નથી. હું તો જ્ઞાનનો કરનાર છું. એ વાત એને લક્ષમાં આવતી નથી. કર્તાબુધ્ધિ છે ને?

આપણે એક દૃષ્ટાંત એવો લઈએ કે બધાને ખ્યાલમાં આવી જાય. કે અત્યારે અરિહંત પરમાત્મા બિરાજમાન છે. સીમંધરભગવાન મહાવિદેહક્ષેત્રમાં અરિહંતપદમાં કેવળી પરમાત્મા બિરાજમાન છે. એનો મોક્ષ કયારે થશે? કે આવતી ચોવીસીમાં જયારે તેરમા તીર્થંકર પરમાત્મા તીર્થંકરપદે પ્રગટ થશે ત્યારે એનો મોક્ષ થશે. એટલા લાંબા કાળ સુધી એ તેરમા ગુણસ્થાને રહેશે. જેને સંસારી કહેવામાં આવે છે. મોક્ષ ન થાય ત્યાં સુધી એને કથંચિત્ સંસારી કહેવામાં આવે. કેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે ચાર પ્રકારના અઘાતિકર્મનો યોગ છે, દેહનો યોગ છે, કંપન પણ છે. એનો મોક્ષ થયો નથી. ભાવમોક્ષ થયો પણ દ્રવ્યમોક્ષ થયો નથી. શરીરનો સંબંધ છે. દુઃખ જરાય નથી. મોહ રાગ-દ્વેષ ગયો. દુઃખ નથી, ભૂખ નથી, તૃષા નથી, રોગ નથી. કોઇ ચીજ નથી. પૂર્ણ આનંદની લહેરમાં એ તો બિરાજમાન છે. કિંચિત માત્ર દુઃખી નથી. જે અરિહંતને દુઃખી માને છે એ દેવના સ્વરૂપને જાણતા નથી. કેવળજ્ઞાન થયું એ તો ઘણો લાંબો કાળ થયો હશે. હવે અહીંયા જે ચોવીસી હતી એ પૂર્વે કોઇ ચોવીસીના કોઇ તીર્થંકરના કાળમાં એ થયા હશે. અથવા તો આગળ થયા હોય તો મને ખ્યાલ નથી. એ ખ્યાલ મારા વાંચવામાં આવ્યું નથી. પણ ઘણો લાંબો કાળ છે. કેવળી પરમાત્મા છે.

કહેવાનો આશય એ છે. હવે એ અરિહંત પરમાત્માને આપણે અહીંથી વિનંતી કરીએ, કે આ ચાર અઘાતિકર્મ છે. એનો તમે નાશ કરો. અને આ ઔદયિકભાવ જે છે અસિદ્ધત્વ એનો પણ તમે અભાવ કરો, પ્રતિજીવીગુણમાં જે થોડો વિભાવ છે એનો પણ અભાવ કરો. અને મોક્ષની પર્યાય પ્રગટ કરી લ્યો. સારામાં સારું કામ. કેવું ? સારામાં સારું કામ અને વળી આપને અનંતવીર્ય પ્રગટ થઇ ગયું છે. મોક્ષ પ્રગટ કરવો એ તો આમ ચપટી વગાડતા આપ કરી શકશો. એમ આપણે અહીંથી વિનંતી કરીએ તો ત્યાંથી વળતો જવાબ આવે છે કે આ તમારો પ્રશ્ન મુર્ખાઇ ભરેલો છે. અવિવેક ભરેલો છે. કેમ કે તમારી કર્તાબુધ્ધિ તમારી પાસે તો રાખી પણ ઠેઠ મારા સુધી સ્થાપી. મને પરિણામનો કર્તા બનાવ્યો. તમને તો તમારા પરિણામનું કર્તૃત્વ અજ્ઞાનથી ભાસે છે. તમે તમારા પરિણામના જ્ઞાતા થયા નથી. અને તમારા પરિણામનો અને પરનો હું કર્તા છું એ અભિમાન છે. હવે તમારી બુધ્ધિ ઠેઠ મારા સુધી લગાડી. અરે મુર્ખા તમે, કે જ્ઞાન શું કરે? થાય એને જાણે, થયું એને જાણે, થશે એને પણ જાણે. જાણે, જાણે ને જાણે. કરવું (એનામાં નથી) જો આંખ કાંઇક કરે તો જ્ઞાન કરે અથવા જ્ઞાનસ્વભાવી આત્મા કાંઇક કરે. કોઇને અનુભવ છે. મને એક દાખલો આપો. આટલા બધા બેઠા છે. એમાં એક પ્રશ્ન કરું કે તમારી ચક્ષુએ અત્યાર સુધી શું કર્યું? કેટલા કામ કર્યા? રોટલી કરી? વાસણ સાફ કર્યા? કપડા ધોયા? તાકા ફેરવ્યા? આ ચેક લખ્યો? નોટ ગણી? શું કર્યું? આંખે શું કર્યું? દૂર રહીને, દૂર રહીને માત્ર જાણે. આંખ હો ! આ મકાન કાંઇ આંખે ચણ્યા હશે કે નહીં? નહીં. કાંઇ ન કરે. આ હાથ-પગ આંખ હલાવે કે નહીં? આંખ હલાવે નહીં? નહીં. ઝવેરચંદભાઇ! આંખ તાકા ફેરવે? ત્યારે શું કરે? આંખનો ધર્મ શું છે? દૂર રહીને જાણવું હો ! પાછું પદાર્થમાં ભળીને ન જાણે. પદાર્થથી દૂર રહીને જે કાંઇ કાર્યો થાય એને દૂર રહીને ચક્ષુ જાણે છે.

ચક્ષુનો સ્વભાવ કેને જાણવાનો છે? કથંચિત્ કરે અને કથંચિત્ જાણે એમ પણ નહીં. સર્વથા જાણે જાણે ને જાણે એમ આ આત્માની જ્ઞાન ચક્ષુ છે. જ્ઞાન અને દર્શન બે આત્માની ચક્ષુ છે. જાણવું ને દેખવું એ આત્માની ચક્ષુ હોવાથી એ પણ જાણે જાણે ને જાણે. તો જાણે એમાં આવે તો આનંદ માણે. અને જો કર્તૃત્વબુધ્ધિમાં જાય તો અજ્ઞાનથી દુઃખી થાય. આ દૃષ્ટાંત ત્રણસો વીસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગાથામાં આવ્યું છે. કે જેવી રીતે ચક્ષુ કેવળ માત્ર જાણે છે. એમ આ શુદ્ધજ્ઞાન અને શુદ્ધજ્ઞાન-પરિણતજીવ સાધક છે એ પણ માત્ર કેવળ જાણે છે. પણ કોઈ પરિણામને કરે અને વેદે એ આત્માનો સ્વભાવ નથી.

આ કર્તાબુદ્ધિથી સંસાર છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે.' અને કાંઈક કુદરતી એક તો કર્તાબુદ્ધિ હોય અને થવા કાળે એની ઈચ્છા પ્રમાણે થયા કરે. થયા કરે એ તો એના કારણે. આની ઈચ્છા છે માટે થાય છે એમ નહીં. પણ ઈ ન્યાં થાય અને અહીંયા એની ઈચ્છા હતી. આને ભ્રાંતિ થઈ ગઈ કે મારી ઈચ્છાથી કાર્ય થયું. આહા ! મારી હોંશિયારીથી હું એક લાખ પાઉન્ડ કમાઉં છું. બોલો? બાર મહિને કેટલું કમાઉં છું? એક લાખ પાઉન્ડ કમાઉં છું. વીસ લાખ રૂપિયા કમાઉં છું. અરે ભાઈ ! તારો સ્વભાવ તો માત્ર આત્માને જાણવાનો છે અને આત્માને જાણતાં જાણતાં જે બહારની ક્રિયા થાય એનું પણ જાણવું તારા સ્વભાવમાં છે. એને છોડીને અભિમાન કરી રહ્યો છો તો એ તો દુઃખીના દાળીયા છે. એમાં કાંઈ એને ધર્મ થવાનો અવસર નથી. એક વખત જ્ઞાનની પડખે ચડી જા ને. આત્મા જ્ઞાનમય છે એની પડખે તો આવ. જ્ઞાનમય આત્માનું જ્ઞાન તો કર. જ્ઞાનમય આત્માનું જ્ઞાન એ ધ્યાન છે.

જ્ઞાનમય આત્માનું જ્ઞાન એ ધ્યાન છે. અને જ્ઞાનમય આત્માનું શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન છે અને જ્ઞાનમય આત્મામાં ઠરવું તે ચારિત્ર છે. માટે એવા સાધક થયા એ અજ્ઞાની જીવોને બોધ આપે છે, કે કર્તાબુદ્ધિ છોડી દે. પુણ્ય-પાપના પરિણામ થવા યોગ્ય થાય છે. આહાહા ! એમ તું જાણ. હું કરું તો થાય એમ તું જાણવાનું અજ્ઞાન છોડી દે. તો શું થશે કે તને આત્માનું જ્ઞાન થશે. પછી પાપના પરિણામનો અભાવ થશે. પછી પુણ્યના પરિણામનો પણ અભાવ થશે અને પરિપૂર્ણ વીતરાગદશા પ્રગટ થશે. વખત થઈ ગયો. (મુમુક્ષુઃ- અમારે આ સાંભળીને શું કરવું?) શું કરવું? આંખ શું કરે છે? જાણે. તો એમ આ તમે આત્માને જાણવા મંડી જાવ ને ! અને પછી આત્માને જાણીને ખૂણામાં બેસી જાવ. દુનિયાનો વહીવટ ચાલે છે કે નહીં? કે તમે ન હો તો બંધ થઈ જાય? આ ગાંધીજી ગયા (તો) આ ભારતનો વહીવટ બંધ થઈ ગયો? નહીં. અહીંયા ઘણા રાજા ચાલ્યા ગયા. આ ઈંગ્લેંડનો વહીવટ બંધ થાય છે? કાંઈ બંધ થવાનું નથી. મફતનો જીવ અભિમાન કરે છે. હું કરું છું એમ અભિમાન કરે છે અને દુઃખી થાય છે.

જો ભાઈ ! કે છ દ્રવ્ય અને એનું પરિણમન સ્વતંત્ર થયા જ કરે છે એમ જેને શ્રદ્ધા જ્ઞાનમાં આવી જાય એની દૃષ્ટિ પોતાના શુદ્ધાત્મા ઉપર આવે છે. અને શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ આવતાં એ આત્મા સાક્ષાત અકર્તારૂપે પરિણમે છે. એટલે એવો સમ્યક્ પ્રકારનો પુરુષાર્થ થતાં એનો મોક્ષ થાય, થાય ને થાય જ. એ આત્માનો મોક્ષ આ રીતે થાય છે. કર્તાબુદ્ધિ છૂટે છે અને સ્વભાવદૃષ્ટિ થાય છે તો અલ્પકાળમાં એને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. પછી ઠરે તો ચારિત્ર પ્રગટ થાય છે. પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અલ્પકાળમાં મુકિત પણ થાય છે. એનું નામ પુરુષાર્થ છે. કરવું એનું નામ પુરુષાર્થ નથી. પણ પોતાના આત્માનો સ્વભાવ જેવો છે એવો જાણીને એમાં ઠરવું એનું નામ સત્ય પુરુષાર્થ છે. કરો સત્ય પુરુષાર્થ. જગતને એમ છે કે કાંઈક ક્રિયા કરું તો પુરુષાર્થ. આઘું-પાછું કરુંને, પદાર્થને કાંઈક આઘું-પાછું કરું તો એ પુરુષાર્થ. એ પુરુષાર્થ નથી એ મિથ્યાપુરુષાર્થ અભિમાન છે. કોણ કોને કરે? (મુમુક્ષુઃ- આ પુરુષાર્થ કરવાનું આવ્યું ને? કર્તૃત્વ આવ્યું ને ?) એ પુરુષાર્થમાં કર્તૃત્વ નથી. કર્તાબુધ્ધિ છોડી અને જેવો આત્માનો સ્વભાવ છે એવું લક્ષમાં આવી જાય એને સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કહેવામાં આવે છે. એ પણ કરું કરું એમાં ન થાય. એ પણ સહજ છે. એ પણ સહજ છે. પણ ઉપદેશમાં એમ કહેવાય કે તમે તમારા શુધ્ધાત્માનો આશ્રય લ્યો, અવલંબન લ્યો. વાણીમાં તો એમ આવે.પણ એમાં કર્તાબુધ્ધિનો દોષ નથી.

પ્રશ્ન :- નિશ્ચય પ્રતિક્રમણ કોને કહેવાય?

ઉત્તર :- નિશ્ચય પ્રતિક્રમણ (એટલે) કે ભૂતકાળમાં જે દ્રવ્ય અને ભાવો એની ભૂતકાળમાં રુચિ રાખી અને એનું કરવું અને ભોગવવું જે ભૂતકાળમાં મને ભાસ્યું હતું એ વર્તમાનમાં મને જ્ઞાનીનો યોગ થયો, કે તું વર્તમાનમાં જ્ઞાતા છો, ભૂતકાળમાં જ્ઞાતા હતો, ભવિષ્યકાળમાં પણ જ્ઞાતા રહીશ. એ વર્તમાનની આલોચના થઈ અને સ્વભાવની દૃષ્ટિ થઈ. એટલે વર્તમાનમાં કર્તૃત્વ છૂટયું તો ભૂતકાળમાં પણ હું મારા અજ્ઞાનથી દ્રવ્ય અને ભાવ તે ભલા હતા એમ માનતો'તો એ મિથ્યા હો. સ્વભાવનું અવલંબન લેતાં નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યારે આલોચના પણ થઈ અને ભૂતકાળમાં જે કાંઈ કર્તૃત્વબુધ્ધિ હતી અને ભૂતકાળમાં દ્રવ્ય ને ભાવ એ મને ભલા હતા એમ જે વર્તમાનમાં માનતો હતો, એ વર્તમાનમાં જ્ઞાયકની દૃષ્ટિ થતાં ભૂતકાળના ભાવો પણ મિથ્યા હો એમ અનુભવના કાળમાં એને પ્રતિક્રમણ થાય છે. ભૂતકાળમાં કરેલાં ભાવો એનાથી જીવ પાછો ફરે છે અને આત્મામાં ડૂબકી મારે છે. અનુભવ થાય છે તેને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

અને નિશ્ચય પ્રત્યાખ્યાન કે વર્તમાનમાં પણ પુણ્ય-પાપની કર્તાબુધ્ધિ હું છોડું છું અને ભાવિ કાળમાં પણ મારો મોક્ષ થવા પહેલાં થોડા પાંચ મહાવ્રતના ભાવ પણ આવશે પણ એનો હું કર્તા બનીશ નહીં એમ વર્તમાનમાં હું પચ્ચખાણ કરું છું. પાંચ મહાવ્રતના પરિણામ આવવાના છે. એને હું જાણીશ પણ એનો હું કર્તા બનીશ નહીં. આજે રાગનું કર્તાપણું છોડયું છે એટલે ભાવિમાં થતાં રાગનું કર્તાપણું પણ હું અત્યારે છોડું છું, પચ્ચખાણ લઈ લઉ છું. પ્રતિજ્ઞા કરું છું કે ભાવિકાળમાં થોડા કાળમાં મોક્ષ થશે. વચ્ચે સાધકદશામાં રાગ આવશે પણ રાગનો હું કર્તા બનીશ નહીં. એમ વર્તમાનમાં એ પચ્ચખાણ કરે છે. વર્તમાનમાં આલોચના, ભૂતકાળનાં પ્રતિક્રમણ, ભાવિનું પ્રત્યાખ્યાન એને નિશ્ચય કહેવામાં આવે છે.

આવા નિશ્ચય પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન થયા પછી એને વિકલ્પવાળી દશામાં થોડા પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામનો ત્યાગ અને શુભભાવની પ્રવૃતિ હોય તો તેને વ્યવહાર પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એમ સામાયિકમાં પણ નિશ્ચયસામાયિક અને વ્યવહારસામાયિક (હોય છે) સામ્યપરિણામ પ્રગટ થાય, આત્માનો અનુભવ થાય, રાગની એકતાબુધ્ધિ છૂટી જાય એવી દશાને નિશ્ચયસામાયિક કહેવામાં આવે છે. હવે એવી નિશ્ચયસામાયિક કાંઈ સમયે સમયે પ્રગટ થતી નથી. પછી પંચમગુણસ્થાને આત્માનું ધ્યાન કરવા માટે ચિંતવનમાં બે ઘડી સામાયિકમાં બેસે તો જયાં સુધી એને શુભભાવ આવે તો ઓલી શુદ્ધપરિણતિની સાથે શુભભાવ છે તેથી તેને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે.

જો સમ્યગ્દર્શન નથી તો નિશ્ચયસામાયિક પણ નથી અને વ્યવહારસામાયિક પણ નથી પણ કષાયની મંદતા છે. શુભભાવને કષાયની મંદતા કહેવાય પણ એને વ્યવહારસામાયિક ન કહેવાય. એમ વ્યવહારપ્રતિક્રમણ પણ ન કહેવાય. મિથ્યાત્વનું શલ્ય પડયું હોય અને પ્રતિક્રમણ કરવા બેસે તો નિશ્ચય પ્રતિક્રમણ નથી માટે એના શુભભાવને વ્યવહારપ્રતિક્રમણ પણ ન કહેવાય. પણ કષાયની મંદતા કહેવાય. કષાયની મંદતા કહેવાય. કેમ કે નિશ્ચય હોય તો નિશ્ચયની સાથે જે કંઈ શુભભાવ આવે થોડો વીતરાગભાવ હોય સાથે રાગભાવ ઉત્પન્ન થાય તો એ રાગભાવને વ્યવહાર નામ આપવામાં આવે.વર હોય તો અણવર કહેવાય પણ વર જ ન હોય તો અણવર ન કહેવાય. નિશ્ચય હોય તો સાથે જે શુભભાવ આવે એને વ્યવહાર રત્નત્રયના પરિણામ કહેવામાં આવે. વ્યવહાર ચારિત્રપણ કહેવામાં આવે. જેને નિશ્ચયચારિત્ર પ્રગટ થઈ ગયું હોય, થોડી વીતરાગદશા પ્રગટ થઈ ગઈ હોય અને થોડો રાગભાવ બાકી હોય અને કષાયની મંદતા હોય, ભાવલિંગીસંતને પાંચમહાવ્રતના પરિણામ પણ આવે તો એ પાંચ મહાવ્રતના વિકલ્પને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે.

એમ તપ. નિશ્ચયતપ હોય ત્યારે એને પાપના પરિણામ છોડીને અનશનઆદિના વિકલ્પ ઊઠે એને વ્યવહારતપ કહેવામાં આવે છે પણ નિશ્ચય હોય તો વ્યવહાર હોય. જો નિશ્ચય નથી તો વ્યવહારતપ નથી,વ્યવહારઆચરણ પણ નથી પણ અજ્ઞાનીના કષાયની મંદતાને શુભભાવ કહેવાય. અને એ શુભભાવથી ધર્મ માને તો સાથે મિથ્યાત્વ કહેવાય. એ આ વસ્તુ તો કોઈના ઘરની નથી હોં! આ સોનગઢથી બહાર નથી પડી હોં ! આ તો અનાદિની વસ્તુ છે. એ તો શાસ્ત્રમાં આગમમાં હજાર હજાર બબ્બે હજાર વર્ષ પહેલાનાં શાસ્ત્રોમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સામાયિક એ બધું સ્વરૂપ લખેલું છે. કાલે આપણે સામાયિકનું થોડું સ્વરૂપ લેશું. નિયમસાર. સાથે જરા નિયમસાર લઈ આવજો. તો શું સામાયિકનું સ્વરૂપ છે એ એમાંથી આપણે લેશું. (મુમુક્ષુઃ- વ્યવહારસામાયિક પ્રતિક્રમણ કરવું કે નહીં?) વ્યવહારસામાયિક પ્રતિક્રમણ કરવા ન કરવાનો પ્રશ્ન નથી. પણ એ પ્રકારે તમે બે ઘડી આત્માનું ચિંતવન કરો તો કષાયની મંદતા કહેવાય. પણ એને મેં વ્યવહાર પ્રતિક્રમણ કર્યું અને વ્યવહારસામાયિક કરી એવું નામ ન અપાય. કષાયની મંદતા શુભભાવ છે. બે ઘડી બેસીને આત્માનું ચિંતવન કરવું એને કષાયની મંદતા કહેવાય પણ એને વ્યવહાર પ્રતિક્રમણ કે વ્યવહારસામાયિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવું નામ આપી શકાય નહીં.

કેમ કે સામાયિક અને પ્રતિક્રમણ એ ચારિત્રના ભેદ છે. વ્યવહારચારિત્રના ભેદ છે. પણ વ્યવહારચારિત્ર કેને હોય કે સમ્યગ્દષ્ટિને આત્માની લીનતાનો થોડો વીતરાગભાવ થોડો નિશ્ચય પ્રગટ થઈ ગયો હોય અને પૂર્ણ નિશ્ચય અવસ્થા પ્રગટ ન થઈ હોય અને થોડો શુભભાવ આવે તો નિશ્ચયની સાથે રહેલો શુભભાવ એને વ્યવહાર રત્નત્રય કહેવામાં આવે. જુઓ ! ક્રોધની અવસ્થા છે એ કથંચિત્ ચૈતન્યના પરિણામ છે. ચિદ્‌વિકાર છે. ચૈતન્યના પરિણામનો બગાડ છે. એટલે એને કથંચિત્ ચૈતન્યના પરિણામ કહેવાય. વ્યવહારનયે જોવામાં આવે તો એ પરિણામ ચૈતન્યના છે. ચિદ્‌વિકાર છે.

ક્રોધ, માન, માયા ને લોભ એ ચૈતન્યનો વિકાર છે. બગાડ છે. પણ હવે જો એને આપણે ક્રોધાદિ કષાયને જીતવા હોય ને ટાળવા હોય તો એને સ્વભાવદષ્ટિથી જોતાં જેમ સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવામાં આવે તો સ્વભાવઆશ્રિત જે પરિણામ થાય એ ચૈતન્યના પરિણામ અને જે જડઆશ્રિત પુદ્‌ગલઆશ્રિત ક્રોધાદિ પરિણામ થાય છે, એને સ્વભાવદષ્ટિએ જડ અને અચેતન કહેવામાં આવે છે. કથંચિત્(એ ભાવ) ચૈતન્ય છે અને કથંચિત્ એ ભાવ જડભાવ છે. એ ક્રોધાદિ કષાય એ પોતાને પણ જાણતા નથી અને જાણનારને પણ જાણતા નથી. તે અપેક્ષાએ તેને અચેતન અને જડ કહેવામાં આવે છે. બીજું જડઆશ્રિત થતાં હોવાને કારણે તેને જડ કહેવામાં આવે છે અને આત્માની સત્તામાં એના પરિણામમાં થાય છે, અજ્ઞાનભાવથી થાય છે તેથી કથંચિત્ તે આત્માના પરિણામ છે એ ચિદ્‌વિકાર છે, એ ચૈતન્યના પરિણામ છે એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. વ્યવહારનયે એને ચૈતન્યના પરિણામ કહેવાય, નિશ્ચયનયે એને જડના પરિણામ કહેવામાં આવે છે.

કેમ કે આપણી કાર્યસિધ્ધિ સ્વભાવની સન્મુખ થતાં થાય છે. અને સ્વભાવની સન્મુખ થતાં વીતરાગભાવ થાય એને આત્માના પરિણામ કહેવાય. અને પરાશ્રિત જેટલા ભાવ થાય એને પરના ભાવ કહી એનું લક્ષ છોડાવી ભેદજ્ઞાન કરાવે છે. (મુમુક્ષુઃ- વ્યવહારની અપેક્ષા સમજવી જોઈએ.) સમજવી જોઈએ. સર્વથા એ કાંઈ પુદ્‌ગલના પરિણામ કે જડ છે એમ નહીં. કથંચિત્ ચૈતન્યના પરિણામ અને કથંચિત્ એ પોતે પોતાને જાણતા નથી, આંધળા છે માટે તેને અચેતન ને જડ પણ કહેવામાં આવે છે.

અપૂર્વકરણ, અનિવૃતિકરણ એ કરણલબ્ધિના પરિણામ છે. જ્યારે જીવને સમ્યગ્દર્શન થવાનો કાળ આવે છે ત્યારે એને પાંચ પ્રકારની લબ્ધિ પ્રગટ થાય છે. એમાં સંજ્ઞીપંચેન્દ્રિય મનવાળું પ્રાણી હોય એને જ્ઞાનનો ઉઘાડ છે. હિતાહિત વિચાર કરવાની શકિત છે. તેના જ્ઞાનના ઉઘાડનું નામ ક્ષયોપશમલબ્ધિ કહેવામાં આવે છે. અને એને દેશનાલબ્ધિ મળે છે. શ્રી ગુરુની વાણી જિનેન્દ્રભગવાનની વાણી એને મળે તેને દેશનાલબ્ધિ કહેવામાં આવે છે. અને એ દેશનાલબ્ધિ સાંભળીને એના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામમાં કષાયની મંદતારૂપ શુભભાવ થાય એને વિશુદ્ધિલબ્ધિ કહેવામાં આવે છે. અને જે પરિણામમાં હવે સીંતેર ક્રોડાક્રોડીના કર્મ બંધાતા નથી પણ અંતરક્રોડાક્રોડીના કર્મ બંધાય એવી કષાયની મંદતા પ્રગટ થાય છે ત્યારે એને પ્રાયોગ્યલબ્ધિ કહેવામાં આવે છે. આ ચાર પ્રકારની લબ્ધિ તો અજ્ઞાની જીવને અનંતવાર મળી.

પણ પાંચમી કરણલબ્ધિના પરિણામ છે. એ કરણલબ્ધિના પરિણામને કરણ એટલે આત્માના પરિણામ અને એ પરિણામની પ્રાપ્તિ. પણ એ પરિણામ એટલા બધા સૂક્ષ્મ છે કે છદ્મસ્થ એને એના જ્ઞાનમાં પકડી શકતો નથી. એ કેવળી જાણે છે. પણ એવા આત્માની સન્મુખ થતાં પરિણામ ઉત્તરોતર એટલા સૂક્ષ્મ થવા માંડે છે કે એને કરણલબ્ધિના પરિણામ આવવા માંડે છે. અપૂર્વકરણ અને અનિવૃતિકરણના પરિણામ આવે છે. એ પરિણામનો અભાવ થઈ અને શુદ્ધાત્માનો અનુભવ થઈ જાય છે. એ આત્માના સ્વભાવની સન્મુખની ધારા જયારે ઊપડે છે અને કરણલબ્ધિના પરિણામ આવતાં અવશ્ય સમ્યગ્દર્શન થાય છે. ઓલી ચારલબ્ધિ હોય પછી કોઈને થાય ને કોઈને ન થાય. પણ કરણલબ્ધિના પરિણામ સૂક્ષ્મ આત્માની સન્મુખ, આત્માની સન્મુખનો વેગ ઊપડે છે. ઉપયોગ આત્માની સન્મુખ જાય છે. ત્યારે એકદમ સૂક્ષ્મ કરણલબ્ધિના પરિણામ થાય છે. ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈ અને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

## પ્રવચન નં :- ૧૬
## તા. ૨૪-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૧૩ ઉપર પ્રવચન

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એની તેર નંબરની ગાથા ચાલે છે. અનાદિકાળથી આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને અર્થાત પોતાના આત્માને જાણ્યા વિના, તેની શ્રદ્ધા કર્યા વિના અનાદિકાળથી અજ્ઞાનથી રખડે છે. એવો અજ્ઞાની પ્રાણી એને પણ આત્માનું ભાન કેમ થાય ને આત્માનું જ્ઞાન કેમ થાય ને આત્માનું શ્રદ્ધાન કેમ થાય એ વિષય ચાલે છે. અનંતકાળથી એ પુણ્ય ને પાપના પરિણામને કર્તાબુદ્ધિએ કરતો આવે છે અને એ બેય પ્રકારના પરિણામ દુઃખરૂપ છે. એના ફળમાં આત્મા દુઃખ ભોગવે છે. પાપના પરિણામમાં એ નરક, નિગોદ અને તિર્યંચગતિમાં જઈને દુઃખ ભોગવે છે. અને પુણ્યના પરિણામ કરીને એ મનુષ્યગતિ અને દેવગતિમાં જઈને દુઃખને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભોગવે છે.

પણ એ પુણ્ય ને પાપના પરિણામથી ભિન્ન અંદર જ્ઞાનમય આત્મા જે બિરાજમાન છે એનું અંતર ધ્યાન કરી એક સમયમાત્ર પણ એનું લક્ષ કર્યું નથી, એની દૃષ્ટિ કરી નથી, એનો અનુભવ કર્યો નથી એવા આત્માનો અનુભવ કેમ થાય? આત્માના દર્શન કેમ થાય? એ આત્માનું ધ્યાન કેમ પ્રગટ થાય? એ વિષય ચાલે છે. જયારે એ આત્મા ઘડી, બે ઘડી કે ચાર ઘડી જયારે જયારે ટાઈમ મળે ત્યારે, ટાઈમ ન મળે તો પણ ટાઈમ મેળવીને પોતાના હિતને ખાતર એ જયારે આત્માનો વિચાર કરવા બેસે, શ્રવણ કરવા બેસે અથવા તો એ શાસ્ત્ર વાંચનમાં બેઠો હોય ત્યારે આખા જગતને એણે ભૂલી જવું પડશે.

મારે એક મારા આત્મા સિવાય આ જગતમાં બીજા કોઈ પદાર્થ મને દેખાતા નથી. હું જ છું અને બીજું બધું હોવા છતાં તે મારામાં નથી, મારાથી ભિન્ન છે. એટલે આખા જગતનું વિસ્મરણ કરીને આ દેહનો મારે સંયોગસંબંધ છે કે નહીં એનું પણ વિસ્મરણ કરીને અને વર્તમાનમાં હું જ્ઞાનમય આત્મા છું એનું સ્મરણ કરતો આત્મા, માત્ર પોતાના આત્માના સ્વરૂપને અને આત્માના થતાં પરિણામને, બસ એટલી મર્યાદામાં પોતાના માનસિકજ્ઞાનને લાવીને, મર્યાદામાં લાવીને એના માનસિક જ્ઞાનનો જે વિષય છે, એ વર્તમાન વર્તતા જે પરિણામ છે તે આત્માના પરિણામ હોવા છતાં પણ એ પરિણામનું સ્વરૂપ જાણીને તે નવતત્ત્વના ભેદો જે આત્માના પરિણામ છે એને જાણીને, એનું પણ લક્ષ છોડીને, આખા જગતને તો ભૂલી જવું. દેહમાં હું છું કે દેહમાં હું નથી, દેહનો મને સંયોગ છે કે દેહનો મને સંયોગ નથી. હું સ્ત્રી છું કે પુરુષ છું કે હું મનુષ્ય છું કે હું દેવ છું એ બધા દેહના ધર્મોને એક બાજુ રાખી ભૂલી, વિસ્મરણ કરી અને હું તો એક આત્મા છું. અને આત્મા હોવાથી આત્માના પરિણામ પણ થાય છે. કેમ કે પરિણામ વિના આત્મા હોઈ શકે નહીં.

જગતના બધા પદાર્થો એ ટકીને પલટે છે. ટકીને પલટે છે એટલે જડ જડભાવરૂપે રહીને જડના પરિણામરૂપે પરિણમે છે. ચેતન એવો આત્મા કાયમ ટકીને તેના થતાં પરિણામરૂપે આત્મા પરિણમે છે. તો આત્મા અને આત્માના પરિણામ માત્ર એને પોતાના જ્ઞાનને પ્રમાણજ્ઞાનનો જે વિષય દ્રવ્ય ને પર્યાય સ્વરૂપ વસ્તુ એવી મર્યાદામાં લાવીને પછી આત્માના થતાં જે પરિણામો એ પરિણામોના નવ પ્રકાર છે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલી વાત સંતોએ અનુભવીને આ શાસ્ત્રો લખ્યા છે. કે આત્મા છે અને આત્માના ક્રમે નવપ્રકારના પરિણામો થાય છે. આત્મા એક છે અને એના પરિણામોના પ્રકાર નવ છે. જીવના જે પરિણામ દસ પ્રકારના પ્રાણ છે એ ઈન્દ્રિયજ્ઞાન મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ એ આત્માના પરિણામોની યોગ્યતા છે.

આ જે શ્વાસ ચાલે છે એ તો જડના પરિણામ છે. શ્વાસ જે ચાલે છે એ આત્માના પરિણામ નથી. પણ એ પ્રકારની જીવની એ સમયે યોગ્યતા છે એને જીવના પરિણામ કહેવામાં આવે છે. એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવના દસ પ્રકારના જે પરિણામ છે એને વ્યવહારે જીવ કહેવામાં આવે છે. જીવના પરિણામ છે. અને એક બીજું અજીવ નિમિત્ત છે. એ આ અજીવ છે એવું જે જ્ઞાન થાય એ જ્ઞાનના પરિણામને પણ ઉપચારથી અજીવ કહેવામાં આવે છે. અને પરના લક્ષે થતાં પુણ્ય ને પાપના પરિણામ એ જીવના પરિણામો છે. અને પાપનું ફળ જેમ દુઃખ છે એમ પુણ્યના પરિણામનું ફળ પણ એકાંતે સર્વથા દુઃખ, દુઃખ ને દુઃખ છે, એમાં આત્મિક સુખનો એક છાંટો (પણ) નથી. કેમ કે પરાશ્રિત ભાવમાં સુખ ન હોય પણ દુઃખ હોય. કષાયની તીવ્રતા હો કે કષાયની મંદતા હો, બેય કષાયની જાતના પરિણામ હોવાને કારણે કષાયનું ફળ દુઃખ છે.

આસ્રવ અને બંધ, આસ્રવ એટલે કે જેના નિમિત્તે જડ કર્મનું આવાગમન થાય એવા મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ એવા પરિણામને ભગવાન આસ્રવ કહે છે. (જે) જીવના પરિણામ છે.

બંધ એટલે રાગની અંદર એકતાબુદ્ધિ કરવી અને પરને પોતાનું માનવું એને ભાવબંધ કહેવામાં આવે છે. જે જીવના પરિણામ છે. સંવર, નિર્જરા અને મોક્ષ એ પણ જીવના પરિણામ છે.

સંવર એટલે શુદ્ધાત્માનો અનુભવ થતાં જે આંશિકશુદ્ધિ થાય, એની પ્રાપ્તિ થાય, આંશિક વીતરાગતા પ્રગટ થાય એને ભગવાન સંવર કહે છે. અને વિશેષ વીતરાગદશા પ્રગટ થાય, વિશેષ શુદ્ધિની વૃદ્ધિ થાય, વિશેષ આનંદની વૃદ્ધિ થાય તેને પરમાત્મા નિર્જરાતત્ત્વ કહે છે. (જે) જીવના-આત્માના પરિણામ છે.

અને મોક્ષ એ પરિપૂર્ણ આનંદની પ્રાપ્તિ, પરિપૂર્ણ જ્ઞાન દર્શન ચારિત્રની પ્રાપ્તિ થાય એને પરમાત્મા મોક્ષ કહે છે. એ નવેપ્રકાર આત્માના પરિણામ છે. એમ જાણીને પછી આગળ એ નવપ્રકારના ક્રમે થતાં પરિણામ જે કહ્યા એનું, જેવા પરિણામ છે તેવા પરિણામને તે તે સ્વરૂપે જાણીને અને તે તે પરિણામનું ફળ જે પ્રકારે હોય છે તે પ્રકારે જાણીને પછી એ નવતત્ત્વના પરિણામના ભેદનું પણ લક્ષ છોડીને અંતરમાં એક શુદ્ધાત્મા બિરાજમાન છે. કેમ કે પરિણામ હોય એ પરિણામી વિના ન હોય. પરિણામ હોય એ દ્રવ્ય વિના ન હોય. પર્યાય થાય છે તો આ દ્રવ્ય વિના ન હોય.

તો આ નવેપ્રકારના જે પરિણામ થયા તે કોઈ અધ્ધરથી થતાં નથી. એ આત્માને આધારે થયેલાં છે. એ પર્યાયને દ્રવ્યનો આધાર છે. જેમ સમુદ્ર વિના મોજા ન હોય. મોજાના નાના મોટા નવપ્રકાર ઉત્પન્ન થાય. એ મોજાને મોજા સ્વરૂપે જાણી લે. એ મોજા ઉપરથી લક્ષ છોડીને, એ ધીર, ગંભીર ને સ્થિર એવા સમુદ્ર ઉપર લક્ષ કરતાં એને સમુદ્રનો સ્વભાવ ખ્યાલમાં આવે છે. એમ આ આત્મા છે તો દ્રવ્ય છે. તેમાં અનંતાગુણો છે, આત્માની શકિતઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ આદિ છે. એવો અનંતગુણાત્મક ગુણી આત્મપદાર્થ જે કાયમ રહેનારી વસ્તુ છે. અનાદિઅનંત છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવિનાશી છે, નિત્ય છે, ધ્રુવ છે. એવો જે આત્મા એ આત્માના દ્રવ્યની ઉપરના ભાગમાં જે ક્રમે ક્રમે નવપ્રકારના પરિણામ થાય છે, તે પરિણામ જેમ છે તેમ જાણીને પછી એ પરિણામનું પણ લક્ષ છોડીને એ પરિણામનો આધારભૂત જે આત્મા છે, એ આત્માનું આત્મા જયારે અંતર્મુખ થઈને લક્ષ કરે છે ત્યારે તેને આત્માના દર્શન થાય છે, અનુભવ થાય છે. એને પરમાત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહે છે.

એવા નવતત્ત્વને અનંતવાર જાણ્યા. જૈનનો સાધુ થયો, શ્રાવક થયો પણ નવતત્ત્વને જાણ્યા પણ નવપરિણામને જાણતાં જાણતાં એમાં રોકાઈ ગયો. પણ નવપ્રકારના જે પરિણામ થાય છે એ કોને આધારે થાય છે એવો આધારભૂત જે પદાર્થ આત્મદ્રવ્યસ્વભાવ ત્યાં સુધી એ પહોંચતો નથી એટલે એને પરિણામના દર્શન થાય છે. અને પરિણામ નાશવાન છે એમાં આત્મબુદ્ધિ કરીને એ અજ્ઞાની બની જાય છે. સંવર, નિર્જરા ને મોક્ષના પરિણામ એને પ્રગટ તો થતાં નથી. પણ શાસ્ત્ર દ્વારા જાણ્યું કે આને સંવર કહેવાય, આને નિર્જરા કહેવાય ને આને મોક્ષ કહેવાય. એમ નવતત્ત્વના પરિણામના ભેદને જાણીને પછી જેને શુદ્ધાત્માના દર્શન કરવા હોય અથવા ધર્મ કરવો હોય. શુદ્ધાત્માનો અનુભવ કહો કે ધર્મ કહો એક જ વાત છે.

શુદ્ધાત્માના અનુભવ વિના ધર્મની શરૂઆત ત્રણકાળમાં થઈ શકતી નથી. આજે અનુભવ કરે, કાલ કરે કે કાળાંતરે કરે. એમ નવતત્ત્વના પરિણામના ભેદને જાણીને, પછી એ ભેદનું પણ લક્ષ છોડીને પર્યાયનું આધારભૂત દ્રવ્ય શુદ્ધઆત્મતત્ત્વ અંતર બિરાજમાન છે (તેનું લક્ષ કરતાં અનુભવ થાય છે.) દ્રવ્યને આધારે પર્યાય થાય છે. દ્રવ્યને આધારે પર્યાય થાય છે તો એને આધાર આધેય સંબંધ કહેવામાં આવે છે. કેમ કે પરથી જયારે જુદું પાડવું હોય ત્યારે દ્રવ્યને ને પર્યાયને આધાર આધેય સંબંધ છે. અને પછી એ પ્રમાણમાંથી નયમાં જવું હોય તો પર્યાય પર્યાયને આધારે છે દ્રવ્યને આધારે પણ નથી.

એમ નવતત્ત્વના ભેદનું પણ લક્ષ છોડીને અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ચૈતન્યમૂર્તિ અંદર બિરાજમાન છે. એને તું નિહાળ, એને જો, એનું લક્ષ કર, એમાં આત્મબુદ્ધિ કર. નવતત્ત્વના પરિણામના ભેદોને જાણીને જો એમાં રોકાઈ જાય તો એને એમાં આત્મબુદ્ધિ થશે. આત્મબુધિ થતાં એ પરિણામમાં એને સ્વામીત્વબુધ્ધિ રહેશે. અને એ પરિણામનો કર્તા બનતાં અકર્તા એવો જ્ઞાયકસ્વભાવ દૃષ્ટિમાં આવશે નહીં. જયાં જેના ઉપર એનું લક્ષ જાય છે તેમાં આત્મબુદ્ધિ થયા વિના રહેતી નથી. અનાદિકાળથી શુધાત્માનું લક્ષ અજ્ઞાનીએ કર્યું નથી. એટલે દેહમાં દૃષ્ટિ જાય, સંયોગમાં જાય, રાગમાં દૃષ્ટિ જાય ત્યાં તેને મારાપણાની ભ્રાંતિ થાય છે. પણ એ પદાર્થ કોઈ આત્માના થઈ શકતા નથી. દેહ પણ આત્માનો ન થાય અને કુટુંબ કબીલા પણ આત્માના ન થાય. માત્ર એને મારાપણાની મિથ્યા કલ્પના થાય છે. એ કલ્પનાથી દુઃખી છે. ત્યારે અહીંયાં નવતત્ત્વની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત કરતાં કહે છે કે પરિણામ થવા યોગ્ય થાય છે. ભાઈ !

વિષય જરા સૂક્ષ્મ છે. અનાદિકાળથી ભેદજ્ઞાનનો અભાવ હોય અને અજ્ઞાનદશા હોય ત્યાં સુધી તે આત્મા અશુધ્ધનિશ્ચયનયે રાગાદિનો કર્તા થાય છે. અને એનું ફળ દુઃખને આત્મા ભોગવે છે. એ અશુધ્ધનિશ્ચયનય કહો કે વ્યવહારનય કહો એકાર્થ છે. અને એકદેશ શુધ્ધનિશ્ચયનય પ્રગટ થાય ત્યારે આત્મા ભેદજ્ઞાનનો સદભાવ થવાથી તે આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામનો એ કથંચિત્ કર્તા થાય છે અને એના ફળ સુખને ભોગવે છે. પણ એ બે પ્રકારની જે વ્યવહારનય કહી એનાથી આગળ એક શુધ્ધદ્રવ્યાર્થિકનય-નિશ્ચયનયનો વિષય શુધ્ધઆત્મા છે એની સમીપે જઈને આત્મા આત્માને જુએ છે તો આત્મા આ પરિણામો થવા યોગ્ય થાય છે એમ જણાય છે. પણ પરિણામને હું કરું છું એમ જાણવામાં આવતું નથી. કેમ કે જેનું કર્તૃત્વ ભાસે ત્યાં જ દૃષ્ટિ રહે છે. દેહનો કર્તા હું છું એમ અભિપ્રાયમાં ભાસે છે તો એની દૃષ્ટિ પર ઉપર જ રહે છે.

તેમ સંયોગનો હું કર્તા છું એમ માને તો એની દૃષ્ટિ પર સંયોગ ઉપર જાય છે. પણ પરપદાર્થનો કે દેહનો હું કર્તા નથી. હું તો એક જ્ઞાતા આત્મા છું, તો એની દૃષ્ટિમાં પરનું કર્તૃત્વ છૂટે છે તો અકર્તા એવો આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ આવે છે. એમ અંદરમાં આઠ કર્મ એનો પણ હું કર્તા નથી. પરિણામ થવા યોગ્ય થાય છે. એમ અંદરમાં પુણ્ય ને પાપના પરિણામ થવા યોગ્ય થાય છે, એમ જ્ઞાનમાં જણાય છે. પણ એ પરિણામને હું કરું છું એમ જો જાણવામાં આવતું હોય તો એની દૃષ્ટિ પરિણામ ઉપર રહે છે. જે પોતાનું કર્મ ભાસે છે એને જ જોવા જાય છે. કેમ કે હું કર્તા અને આ મારા પરિણામ છે એ કર્મ એવી અજ્ઞાનમયબુધ્ધિ અનાદિકાળથી છે. એ અજ્ઞાનનો નાશ થઈને આત્માને આત્માનો અનુભવ કેમ થાય એવી અપૂર્વ વાત આ તેર નંબરની ગાથામાં આચાર્યભગવાન કરુણા કરીને સમજાવે છે.

નવતત્ત્વના પરિણામો છે પણ એ પરિણામનું તું લક્ષ છોડી દે. પલટતા પરિણામને, નાશવાન પરિણામનું, કર્મ સાપેક્ષ પરિણામનું તું લક્ષ છોડી દે. પરિણામ નહીં છૂટે પણ પરિણામમાં આત્મબુધ્ધિ છોડી દે. અને શુધ્ધાત્મામાં આત્મબુધ્ધિ જમાવ. તો કહે છે કે થવા યોગ્ય થાય છે. આહાહા ! થવા યોગ્ય થાય છે એવું જેનું જ્ઞાન પ્રગટ થાય એ તો જ્ઞાતા થઈ ગયો, વિશ્વનો સાક્ષી બની ગયો. ગૃહસ્થ અવસ્થામાં હોવા છતાં પણ એ દૃષ્ટિ અપેક્ષાએ પરમાત્મા થઈ જાય છે. શ્રધ્ધા અપેક્ષાએ પરમાત્મા થાય છે. ચારિત્ર અપેક્ષાએ પામરતા છે. ચારિત્ર અપેક્ષાએ હજી પરમાત્મા થયો નથી. પણ શ્રધ્ધામાં આવી ગયું કે થવા યોગ્ય પરિણામ થાય છે. અરે પરિણામ થવા યોગ્ય થાય છે, હવે હજી પરપદાર્થ થવા યોગ્ય થાય છે એ બેસતું નથી. હું કરું તો થાય તો આ તો અંદરની વાત છે. બહારનું તો વિસ્મરણ કરી દે.

જગતને તો બે ઘડી ચાર ઘડી ધ્યાનમાં બેસ ત્યારે ભૂલી જા. અને તારું દ્રવ્ય અને તારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ એ પરિણામના નવપ્રકાર ભગવાને કહ્યા એને જેમ છે તેમ જાણીને એ પરિણામનું પણ લક્ષ છોડી દે. પરિણામને જાણવાનું બંધ કરી દે. પરિણામનું કર્તૃત્વ તો છોડી દે, કેમ કે પરિણામ થવા યોગ્ય થાય છે. આ સુખી થવાનો માર્ગ છે હોં ! આ વાત એના ખ્યાલમાં જો લેશે તો એને અંદરમાં કામ થશે. આ વાત અપૂર્વ છે. સાધારણ વાત નથી. આ પરિણામો થાય છે, થવા યોગ્ય થાય છે એમ જાણવામાં આવે એટલે એની કર્તૃત્વબુધ્ધિ છૂટે છે. પછી આ પરિણામ થવા યોગ્ય થાય છે એને જાણવાનું પણ હવે તું બંધ કરી દે. તારામાં થતાં પરિણામને જાણવાનું બંધ કરી દે. પરિણામનું કર્તૃત્વ તો બુધ્ધિમાંથી શ્રધ્ધામાંથી છોડી દે. તત્કાળ છોડી દે. કેમ કે સ્વતંત્રપણે પરિણામ સત્ એના સ્વઅવસરે થયા કરે છે. એને હું શું કરું?

ન થવાના પરિણામ હોય એને શું કરું અને થવાકાળે થાય છે એના કાળક્રમે આવતા પરિણામ એને શું કરું? પણ આવતા પરિણામ આવે, થવા યોગ્ય થાય છે એને જાણવાનું પણ બંધ કરી દે. એનું લક્ષ છોડી દે કે આ પાપના પરિણામ હતા અને હવે પુણ્યના પરિણામ આવ્યા એનું પણ લક્ષ છોડી દે. સંયોગનું તો લક્ષ છોડી દે, દેહનું તો લક્ષ છોડી દે પણ તારામાં થતાં જે પરિણામ પાપના પરિણામ હતા એ ગયા અને પુણ્યના પરિણામ આવ્યા. દુકાનમાં ગયો વેપાર રોજગાર પાપના પરિણામ હતા પછી ઘરે આવીને સ્વાધ્યાયમાં બેસે છે અથવા ધર્મસ્થાનકમાં મંદિર આદિમાં ભગવાનના દર્શન કરવા જાય છે ત્યાં શુભભાવ આવ્યો, પરિણામ થયા. પરિણામને મેં કર્યા એ તો વસ્તુના સ્વભાવમાં નથી. એ તો અજ્ઞાનીને ભાસે છે. થતાં પરિણામનું કર્તૃત્વ અજ્ઞાનીને ભાસે છે. પણ એ એનો પ્રતિભાસ અજ્ઞાનમય છે. એ એનો પ્રતિભાસ સાચો નથી.

જ્ઞાનીઓ કહે છે કે થવા યોગ્ય પરિણામ થાય છે. હવે અજ્ઞાનીને કહે છે કે તારામાં થતાં પરિણામો એનો હું કર્તા અને એ મારું કર્મ એવી કર્તૃત્વબુધ્ધિ છોડી દે. આ પાપના પરિણામ ગયા ને પુણ્યના પરિણામ આવ્યા એનું જાણવાનું પણ બંધ કરી દે. રાગને જાણવાનું પણ બંધ કર. અને જે જાણનાર આત્મા છે એને એક સમય તો જાણ. જાણતાં તો તને આવડે છે. જાણવાની ક્રિયા તો સમયે સમયે થઈ રહી છે. જાણવાની ક્રિયા કાંઈ અટકવાની નથી. પણ જે જાણવાની ક્રિયાનો વિષય પર છે તે તારા જ્ઞાનમાં પરને જાણવા તું રોકાઈ રહ્યો છો, એ પરને જાણવાનું બંધ કરી, તારામાં થતાં પરિણામો એને પણ જાણવાનું બંધ કરી અને તારા શુધ્ધાત્મા ચિદાનંદઆત્માને એકવાર અંતર સન્મુખ થઈને જો, જાણ. જાણતાં તો આવડે છે. વિષય બદલાવી નાખ. તારા જ્ઞાનનો વિષય જે પુણ્ય-પાપના પરિણામ જણાય છે એને બદલે તું જાણનારને જાણ. આત્માને જાણ. એ આત્મા પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન છે. પુણ્ય-પાપના પરિણામ અને આત્મા એક વસ્તુ નથી.

એક જીવતત્ત્વ છે અને બીજું આસ્રવતત્ત્વ છે. એમ આસ્રવને જાણવાનું છોડીને અંતરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શુદ્ધઆત્માને જાણવું એને પરમાત્મા શુદ્ધનય કહે છે અને શુદ્ધાત્માનો અનુભવ કહે છે. એ વાત આપણે ચાલે છે કે 'થવા યોગ્ય થાય' છે. આહાહા ! આ સાક્ષી બની જા ને તું ! તું જો તો ખરો ! તું સાક્ષી બન ! તો પાપના પરિણામ ને પુણ્યના પરિણામ એના કાળક્રમમાં આવવાના છે, એ આવશે, કેમ કે તું ગૃહસ્થ છો. તારી ઊંચી વીતરાગદશા થઈ નથી. તું સાધુ થયો નથી. તું ગૃહસ્થી છો. એટલે પાપના પરિણામ પણ આવશે ને પુણ્યના પરિણામ પણ આવશે. તું કર્તાબુદ્ધિ છોડી દે.

કરું તો પાપ ને પુણ્યના પરિણામ થાય એમ નથી. જો તું બે ઘડી અખતરો કર કે પાપ અને પુણ્યના પરિણામનો હું અકર્તા છું. હું તો જ્ઞાયક છું એમ એકવાર જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરીને અનુભવ કરી લે. અને કર્તૃત્વબુદ્ધિ છોડી દે. સાક્ષી થઈ જા. તારામાં થતાં પરિણામનો પણ તું સાક્ષી રહે. હવે એમ કર્તાબુદ્ધિ છોડીને, તું બે ઘડી જોતો ખરો કે પાપ ને પુણ્યના પરિણામ કાળક્રમે આવે છે કે કર્તાબુદ્ધિ છૂટતાંવેત પુણ્ય ને પાપના પરિણામનો નાશ થાય છે. જો તો ખરો ! પુણ્ય-પાપના પરિણામ નાશ નહીં થાય. પુણ્ય-પાપના પરિણામ તો ગૃહસ્થને આવશે. પણ માત્ર ફેર શું પડે છે કે એની કર્તૃત્વબુદ્ધિ, સ્વામીત્વબુદ્ધિ, માલિકીપણું ધણીપણું છૂટી જાય છે.

એ ભગવાનઆત્મા આત્માનો ધણી ને સ્વામી થાય છે કે જ્ઞાયકભાવ તે મારું સ્વ અને હું એનો સ્વામી એમ શુદ્ધઆત્માની સાથે સ્વસ્વામી સંબંધ જોડાય છે ત્યારે તે સમયે રાગની સાથેનો સ્વસ્વામી સંબંધ તૂટી જાય છે. છૂટાછેડા થાય છે. છૂટાછેડા કરવાની આ વાત છે. શેનાથી છૂટાછેડા કરવા છે? સંસારતત્ત્વથી. આહાહા !

કહે છે કે એકવાર તું તારા આત્માના સ્વરૂપની વાત તો સાંભળ. અનુભવ તો પછી. 'થવા યોગ્ય થાય છે.' ઓહોહો ! આચાર્યભગવાને શું આમાં બાર અંગનો સાર ભરી દીધો છે. બીજું તો બધું થવા યોગ્ય થાય જ છે. એનો તો આત્મા અજ્ઞાનભાવે અજ્ઞાની પણ કર્તા નથી. એ તો અશકય છે. એમાં તો કથંચિત્ કર્તાપણાનો ભાવ પણ લાગુ પડતો નથી પણ જે પરિણામમાં કથંચિત્ અશુદ્ધનિશ્ચયનયે કર્તા કહેવામાં આવે છે. એવા જે પરિણામ થાય છે એનું પણ કર્તાપણું છોડીને અકર્તા એવો જ્ઞાયક સ્વભાવ, જાણક સ્વભાવને જાણ અને જાણીને અનુભવ કરીને પછી બહાર આવતાં, જો કર્તાબુદ્ધિ છૂટી ગઈ. એની સાથે પાપ અને પુણ્યના પરિણામ સર્વથા છૂટી ગયા હોય તો તો એ પરમાત્મા કેવળી થઈ જાય. પણ પુણ્ય-પાપના પરિણામ છૂટતાં નથી પણ એનું સ્વામીપણું કર્તાપણું છૂટી જાય છે. એમ સમ્યગ્દર્શનના કાળમાં એનો સ્વામી (થતો) બંધ થઈ જાય છે. પરિણામ આવે છે પણ આ મારા પરિણામ છે એમ મારાપણાની બુદ્ધિ હવે વિકારમાં કષાયમાં થતી નથી. કેમ કે મારાપણાની બુદ્ધિ જ્ઞાયકતત્ત્વમાં-જીવતત્ત્વમાં આવી ગઈ કે હું તો એક જ્ઞાયકઆત્મા સાક્ષી છું.

તો કહે છે કે વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જડકર્મની

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાથે છે પણ એ મારી સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. પરિણામ થાય એનો ઉપાદાનપણે કર્તા પણ નહીં અને નિમિત્તપણે પણ હું એનો કર્તા નથી. ઉપાદાનપણે પરિણામ પરિણામથી થાય છે અને એનું નિમિત્ત કારણ જડકર્મનો ઉદય છે. હું ઉપાદાનપણે પણ કર્તા નહીં અને મારી હાજરી છે માટે પુણ્ય-પાપના પરિણામ થાય એવું પણ મારામાં કારણ નથી. નહિંતર હું તો અનાદિઅનંત છું. તો મારી હાજરીને કારણે પુણ્ય-પાપના પરિણામ થાય, આત્માની હાજરીને કારણે પુણ્ય-પાપ થતાં હોય તો તો સિધ્ધ પરમાત્માને પણ પુણ્ય-પાપના પરિણામ થવા જોઈએ. પણ આત્માની હાજરીને કારણે પણ થતાં નથી અને આત્મા એ પરિણામમાં વ્યાપી-પ્રસરીને અંદરમાં જઈ અંતરમગ્ન થઈને એ આત્મા ઉપાદાનપણે પણ એનો કર્તા નથી અને નિમિત્તપણે પણ એનો કર્તા નથી.

થવા યોગ્ય થાય છે માટે પરિણામ પરિણામને કરે છે. અને એમાં નિમિત્ત કારણ જુના કર્મનો ઉદય છે. થવા યોગ્ય થાય છે અને એનો નિમિત્ત કરનાર જુના કર્મનો ઉદય છે. તે બન્ને પુણ્ય ને પાપ છે. આસ્ત્રવ થવા યોગ્ય અને આસ્ત્રવ કરનાર તે બન્ને આસ્ત્રવ ભાવઆસ્ત્રવ અને દ્રવ્યઆસ્ત્રવ, ભાવપાપ અને દ્રવ્યપાપ, ભાવપુણ્ય અને દ્રવ્યપુણ્ય, ભાવઆસ્ત્રવ અને દ્રવ્યઆસ્ત્રવ. જયાં ભાવની વાત આવે ત્યાં જીવના પરિણામ લેવા. અને જયાં દ્રવ્યપાપ આવે ત્યાં જુના કર્મનો ઉદય લેવો. ભાવપાપ જીવના પરિણામ, દ્રવ્યપાપ એ નિમિત્તપણે જુના કર્મનો ઉદય. એમ બધાયમાં જયાં ભાવ શબ્દ આવે ત્યાં જીવના પરિણામ લેવા અને કરનાર જયાં નિમિત્તકર્તા આવે ત્યાં, દ્રવ્ય શબ્દ આવે ત્યાં જુના કર્મનો ઉદય લેવો.

સમજવાનું બહુ થોડુંક જ છે. બહુ જાજુ તો નથી. દુકાનમાં જેટલો માલ છે ને એટલા માલની યાદી કરવી પડે એટલુંય નથી. એના કરતાં તો માત્ર એક ટકો કે બે ટકા કે પાંચ ટકા છે. ઓલું તો પાંચસો ચીજ યાદ હોય. કોઈ મોટી દુકાનોમાં તો હજાર હજાર ચીજ હોય તોય બધી યાદ રાખે. આમાં તો થોડું યાદ કરવાનું છે. પણ લાભ મોટો. (મુમુક્ષુઃ- આપે તો વર્તુળ ટૂંકું કરીને સાવ સહેલું બતાવી દીધું છે.) બધું વિસ્મરણ કરી દે. હું લંડનમાં રહું છું એ ભૂલી જા, હું આ દેહમાં છું એ ભૂલી જા, હું તો જ્ઞાનમાં છું. હું અત્યારે કયાં છું? આહાહા ! હું લોકાકાશમાંય નથી. દેહમાંય હું નથી. હું તો જ્ઞાનમાં છું. હું તો જ્ઞાનમય છું. તેથી જ્ઞાનમાં છું. જો દેહમય હોઉં તો તો હું દેહમાં હોઉં પણ હું તો જ્ઞાનમય છું. જ્ઞાનમય આત્મા દેહમાં કયાંથી હોય?

દેહમાં દેહ છે અને જીવમાં જીવ છે. એ જીવ ને અજીવતત્ત્વ બેયની ભિન્નતા છે. સંયોગ એક થયા તો આ દેહ છે એ કાંઈ ચેતન થઈ જાય? તો તો સોનું એક તોલો લઈ એમાં એક તોલો ત્રાંબુ કે ચાંદી મેળવી દયે. તો વજન કરે તો બે તોલા (થાય) અને કહેવાય કે આ બે તોલા સોનું છે. કહેવાય શું? બે તોલા. પણ એ બે તોલા સોનું લઈને બે તોલા સોનીને ત્યાં વહેંચવા જાય કે ભઈ બે તોલા સોનું છે અને ભાવ અત્યારે બે હજાર રૂપિયા અંદાજે છે. ચાર હજાર રૂપિયા આપો કદાચ પચાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સો રૂપિયા ભાવ ઓછો હોય તો ઓછો આપો. એ સોની વજન કરે છે. બે તોલા વજન થયું એ વાત સાચી પણ આમાં એક તોલો ત્રાંબુ છે અને એક તોલો સોનું છે પણ આ તો એક પિંડ છે ને? આ પિંડ છે પણ એના બેયના લક્ષણ ભેદે વસ્તુ જુદી છે. તને દેખાતી નથી. તું અમને છેતરવા આવ્યો છો પણ અમે છેતરાઈએ નહીં.

એમ અજ્ઞાની છેતરાણો દેહના સંયોગથી. જ્યાં આત્માનો સંયોગ થયો ત્યાં દેહ ને આત્મા એક પિંડ દેખીને દેહને જ આત્મા માની બેઠો છે. જ્ઞાની ધર્માત્મા છેતરાતા નથી. દેહ ને આત્મા ત્રણેકાળ ભિન્ન છે. જેમ તલવાર અને મ્યાન બેય તદ્દ્ન ભિન્ન ભિન્ન છે. બેય એક પદાર્થ નથી. આ એમ પુણ્ય ને પાપના પરિણામ અને ચૈતન્યમૂર્તિ, દેહ ને આત્મા ભિન્ન છે એમ ભિન્ન છે. કેમ બેસે? હજી તો પુણ્ય કરવાની રુચિ પડી છે. અને પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય. ભાઈ ! વાત માર્ગ આખો જુદો રહી ગયો. અંતરનો માર્ગ આખો જુદો છે.

જુઓને એક બહેને સામાયિકનો અને પ્રતિક્રમણનો પ્રશ્ન કર્યો હતો. તો જુઓ સામાયિકનું સ્વરૂપ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચનાનું શું સ્વરૂપ છે. નિયમસાર છે. ગાથા એકસો પચીસમાં સામાયિકનું સ્વરૂપ છે. અરે સામાયિકનું શું સ્વરૂપ છે?કેને સામાયિક કહેવાય? આત્માના પરિણામનું નામ સામાયિક ખરું પણ કયા પ્રકારના પરિણામને ભગવાન સામાયિક કહે છે, એનું સ્વરૂપ તો ખ્યાલમાં લ્યે નહીં. અને કલ્પનાથી બે ઘડી બેસી જાય. વિકલ્પની ઉત્પત્તિ થાય ને સામાયિક માને અને એનાથી પાછો ધર્મ માને. ઓહોહો ! બહુ વિપરીત દશા છે. પરમ સમાધિ અધિકાર છે. સમાધિ એટલે શાંતિનો અધિકાર.

આધિ, વ્યાધિ અને ઊપાધિ ત્રણને છોડીને એક આત્માની સમાધિ થાય છે. સમાધિ એટલે જેમાં સામ્ય પરિણામ થાય વીતરાગી પરિણામ થાય. જે પરિણામમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય. એવા પરિણામને પરમાત્મા સમાધિ કહે છે. આધિ એટલે માનસિક, આધિએ છૂટી જાય. વ્યાધિ એટલે દેહ ઉપરથી લક્ષ છૂટી જાય. દેહમાં ગમે તેટલો રોગ હોય, દેહમાં પીડા થતી હોય, સખત ગુમડું હોય, વ્યાધિ થતી હોય (તો પણ) એના ઉપરથી લક્ષ છોડી દે. બહારના પ્રતિકુળ સંયોગ ગંજના ગંજ નારકીના આવી પડે ને. આધિ, વ્યાધિ ને ઊપાધિ કહેવાય. સંયોગની પ્રતિકુળતાને ઊપાધિ કહેવાય

એ આધિ, વ્યાધિ ને ઊપાધિને છોડીને આત્મા જયારે સામાયિકમાં બેસે છે ત્યારે એને સમાધિ થાય છે. સમાધિ એટલે આત્મિક શાંતિનું વેદન આવે છે. એનું નામ સમાધિ. અને ભગવાન સામાયિક કહે છે. જુઓ એનું સ્વરૂપ. સાંભળ્યું હશે તો કોઈક દિ' ડિપોઝીટ હશે તો વિચારમાં તો આવશે કે સામાયિકનું આવું સ્વરૂપ ભગવાને કહ્યું છે. હું કલ્પનાથી સામાયિક માનું છું એ કલ્પનાથી સામાયિક ન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સાવદ્ય વિરત ત્રિગુપ્ત છે, ઈન્દ્રિય સમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. (૧)**

ટૂંકો શબ્દાર્થ કરીને પછી બીજી ગાથા લઈએ. જે સર્વ સાવદ્યમાં વિરત છે, સર્વ પ્રકારના પાપ અને પરમાર્થે પુણ્ય એ પણ પાપ, એમાં વિરકત એટલે તેનું લક્ષ છોડી દે છે. તેના પ્રત્યે પણ ઉદાસ થાય છે. વિરક્ત છે. જે ત્રણ ગુપ્તિવાળો છે. મન-વચન-કાયાના લક્ષે પણ જે વિકલ્પને છોડે છે. અને જેણે ઈન્દ્રિયોને પણ બંધ કરી છે. ઈન્દ્રિયનો વ્યાપાર તદ્દન બંધ થઈને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને જયારે આત્માને આત્મા અનુભવે છે, ત્યારે ઈન્દ્રિયનો કોઈ વ્યાપાર રહેતો નથી. ઈન્દ્રિયોને બંધ કરે છે તેને સ્થાયી સામાયિક છે, કાયમી સામાયિક છે. એમ કેવળીના શાસનમાં કહ્યું છે. કેવળી પરમાત્મા વીતરાગ શાસનમાં સામાયિકનું આવું સ્વરૂપ છે.

**સ્થાવર અને ત્રસ સર્વ, ભૂત સમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. (૨)**

જે સ્થાવર, સ્થાવર, એટલે સ્થાવરના પાંચ પ્રકાર છે. પૃથ્વિકાય, જડકાય, વાયુકાય, તેજકાય, વનસ્પતિકાય પાંચ પ્રકારના એકેન્દ્રિય સ્થાવર છે. એને સ્થાવર નામકર્મનો ઉદય હોય છે. એને સ્થાવરજીવ કહેવાય અને જે ત્રસ. જે સ્થાવર કે ત્રસ, બે ઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી એ બધા ત્રસ જીવ કહેવાય. એ સર્વ જીવો પ્રત્યે સમભાવવાળો છે. સમભાવ, એને વિષમભાવ પ્રગટ થતો નથી. તેને સ્થાયી સામાયિક છે એમ કેવળીના શાસનમાં ભગવાને કહ્યું છે.

**સંયમ નિયમ ને તપ વિષે, આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. (૩)**

જેને સંયમમાં, નિયમમાં અને તપમાં આત્મા સમીપ વર્તે છે. આહાહા ! એ પરિણામ સમીપમાં વર્તતા નથી આત્માની સમીપે આત્મા છે. તેને સામાયિક સ્થાયી છે. એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**નહીં રાગ અથવા દ્વેષરૂપ, વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. (૪)**

આ સામાયિક એ ચારિત્રનો એક પ્રકાર છે અને એ સમ્યગ્દર્શનપૂર્વક જ હોય, બાકી સામાયિક હોય શકે નહીં. જેને રાગ કે દ્વેષ નહીં ઉપજતો થકો, વિકૃતિ ઉત્પન્ન કરતો નથી તેને સામાયિક સ્થાયી છે. એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**જે નિત્ય વર્તે આર્ત તેમજ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. (૫)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે આર્તધ્યાન ને રૌદ્રધ્યાનને નિત્ય વર્જે છે, તે દુઃખદાયક પરિણામ છે. વર્જે છે એટલે તજે છે, છોડે છે. તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**જે નિત્ય વર્જે પુણ્ય તેમજ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને. (૬)**

જો ! સાંભળજો સામાયિકનું સ્વરૂપ. જે પુણ્ય તથા પાપરૂપ ભાવને નિત્ય વર્જે છે એટલે છોડે છે એનો ત્યાગ કરીને જે આત્માનું ગ્રહણ કરે છે અથવા શુદ્ધાત્માના ધ્યાનમાં આત્માનું ગ્રહણ થતાં જે પુણ્ય ને પાપના વિકલ્પો ઉત્પન્ન થતાં નથી, એવી શુદ્ધોપયોગદશાને પરમાત્મા સામાયિક કહે છે. તેને સ્થાયી સામાયિક થાય છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમજ શુકલ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સામાયિક તેહને , ભાખ્યું શ્રી કેવળી શાસને. (૭)**

જે ધર્મધ્યાન અને શુકલધ્યાનને નિત્ય ધ્યાવે છે તેને સામાયિક સ્થાયી છે. એમ કેવળીના શાસનમાં કહ્યું છે. આ રીતે સમ્યગ્દર્શનપૂર્વક બે કષાયના અભાવપૂર્વક, જ્યારે શ્રાવકની સ્થિતિ થાય છે ત્યારે એને સામાયિક પણ હોય છે અને છઠ્ઠા, સાતમા ગુણસ્થાને એ સાધકઆત્મા જયારે સાધુ થાય છે તેને તો સ્થાયી સામાયિક હોય જ છે.

એનો અર્થ શું થયો કે ભઈ, તો સામાયિક કરવી નહીં, છોડી દેવી? પણ સામાયિક કયાં હતી કે છોડી દેવાની વાત હતી. એ તો કષાયની મંદતા હતી. અને કષાયની મંદતાનું લક્ષ છોડીને આત્માનું ધ્યાન કરવું તો આત્માનો અનુભવ થાય, તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આચરણ પ્રગટ થાય અને પછી સ્થિરતા માટે બે ઘડીનો પ્રયોગ કરે તો એને વ્યવહારસામાયિક કહેવામાં આવે છે અને ધ્યાનમાં મગ્ન થાય તો તે વખતે શુદ્ધોપયોગ થાય તો નિશ્ચય સામાયિક કહેવામાં આવે છે.

હવે અહીંયા તો એ સામાયિક જે પંચમગુણસ્થાને શ્રાવકને પ્રગટ થાય એની પહેલાં અવિરતી સમ્યગ્દષ્ટિ કેમ થાય અને સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય અને મિથ્યાત્વના કષાયના પરિણામ જે સંસારનું મૂળીયું છે એનો અભાવ કેમ થાય એની આ ગાથા છે. કે ભૂતાર્થનયે નવતત્ત્વને જાણતાં સમ્યગ્દર્શન થાય, તેવો પાઠ છે. તો કહે છે કે પરિણામ થવા યોગ્ય થાય છે એમ જો તારા જાણવામાં આવશે તો પરિણામનું લક્ષ છૂટી જશે. પણ એ પરિણામ મારાથી થાય છે (એમ માનશે) તો પરિણામ ઉપર લક્ષ રહી જશે.

ખ્યાલમાં આવ્યું કે નહીં? આ જે પરિણામ થાય એનો હું કર્તા છું તો પોતે જે ભાવનો કર્તા થાય તેના ઉપર લક્ષ રહ્યા કરે. જેમ કે આ હાથ-પગ છે એને હું હલાવી શકું છું એમ જેનો અભિપ્રાય છે એનું લક્ષ હાથ ઉપર જ જશે. જેનું કર્તૃત્વ ભાસે, જે પરિણામનું જે દ્રવ્યનું કર્તાપણું ભાસે, સ્વામીપણું ભાસે ત્યાં જ દષ્ટિ રહેશે. હવે આ દેહનું તો લક્ષ છોડી દે તું, પણ અંદરમાં જે થવા યોગ્ય

પરિણામ થાય છે એનો હું કર્તા છું, એમ જો તારા લક્ષમાં રહી ગયું તો એ તારું લક્ષ પરિણામ ઉપર રહેશે. કષાય ઉપર લક્ષ રહેશે. ભગવાન અકષાય વીતરાગી પ્રતિમા છે ત્યાં તારું લક્ષ નહીં આવે અને આત્માના લક્ષ વિના આત્માનો અનુભવ થઈ શકતો નથી. માટે થવા યોગ્ય થાય છે એ તો વિશ્વનો સાક્ષી થઈ ગયો.

પોતામાં થતાં પરિણામ થવા યોગ્ય થાય છે એને જો જ્ઞાનમાં ઊંડાણમાં બેસી ગયું અને ગુરુદેવ કહે છે કે જો સત્‌ના સંસ્કાર ઊંડા સુધી આવી ગયા તો એને આ ભવમાં સમ્યગ્દર્શન થાય અને કદાચિત્ ન થાય તો બીજા ભવમાં સમ્યગ્દર્શન થાય. (મુમુક્ષુઃ- બહુ ઊંચી વાત છે થવા યોગ્ય જે થાય છે ને એ.) બહુ ઊંચા પ્રકારની વાત છે. પ્રેમચંદભાઈ ! આ પ્રેમથી સાંભળવા યોગ્ય છે. પ્રેમચંદભાઈ ! આ વાત પ્રેમથી સાંભળવા યોગ્ય છે. એટલે બધાએ પ્રેમથી સાંભળવા યોગ્ય છે. પ્રેમચંદભાઈનું તો નામ. 'થવા યોગ્ય થાય છે.' આહાહા !

હવે જે થવા યોગ્ય થાય છે તો એની સામે મારે જોવાનું કયાં રહ્યું? જો મારાથી થાય છે તો તો મારે એની સામે જોવું જ પડે. ન્યાય સમજાય છે? ઝવેરચંદભાઈ ! ખ્યાલમાં આવે છે? કે આ જે પાના ફરે છે, આ જે પાના ફરે છે હોં ! પાના સ્વયં ફરે છે. એને મેં ફેરવ્યા અને હું ફેરવું છું તો એનું લક્ષ કયાં જશે? બરાબર છે? આત્મા ઉપર આવશે? આ તો ન્યાયથી વાત છે કે નહીં? દેવશીભાઈ ! ખ્યાલમાં આવે છે? કે આ પાના, દેવશીભાઈ કહે, આ મોટર હું ચલાવું છું. આપણે મોટરમાં જાતા'તાને? દેવશીભાઈનું યાદ આવ્યું. આ મોટર હું ચલાવું છું તો તમારું લક્ષ કયાં જશે? મોટર ઉપર જશે. પણ આ મોટર ચાલે જ છે હું એનો ચલાવનાર નથી. હું તો જાણનાર છું અને એ પણ જાણનારને જાણું, જાણનારને જાણતાં મોટર જણાય એવો મારો સ્વભાવ છે. તો તમારું લક્ષ કયાં જશે? આત્મા ઉપર જશે. આહાહા ! જોવો આ બહેનો બધા કહે છે કે આત્મા ઉપર જશે. (મુમુક્ષુઃ- થવા યોગ્ય જે થાય છે એવો જેને ભાવ ઉત્પન્ન થયો એ પરિણામોથી ઉદાસીન થઈ જાય છે.) બસ પરિણામનું લક્ષ છૂટી જાય છે. આહાહા ! પરિણામ સામે જોવાનું બંધ થઈ જાય છે. કેમ કે જે પરિણામનો હું કર્તા નથી, આ પાના ફરે છે એનો હું ફેરવનાર નથી, તો પછી આના ઉપર લક્ષ રહેતું નથી. જો આનો ફેરવનાર હું છું તો પાના ઉપર લક્ષ જાય છે. પણ આનો ફેરવનાર હું નથી. અરે આ જે જ્ઞાનમાં જણાય છે, કે જે જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એ હું છું. વેલજીભાઈ !

આ પાનાને તો ફેરવતો નથી પણ પાના જે જ્ઞાનની પર્યાયમાં જણાય એ જ્ઞાન પણ મારું નથી. પણ જે જ્ઞાનમાં જ્ઞાયક જણાય તે જ્ઞાન મારું છે. તો એનું લક્ષ પરપદાર્થ ઉપરથી ખસી જશે, રાગ ઉપરથી ખસશે, ઈન્દ્રિયજ્ઞાન આને પ્રસિદ્ધ કરે છે એના ઉપરથી પણ લક્ષ ઊઠી જશે અને અતીન્દ્રિય મહાપદાર્થ ચિદાનંદ આત્મા અંદર બિરાજમાન છે એનું લક્ષ આવશે. ત્યારે એને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થઈને આનંદનો અનુભવ થશે. આહાહા ! 'થવા યોગ્ય થાય છે' આ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત પ્રેમથી સાંભળવા જેવી છે. આહા ! એ વિશ્વનો જ્ઞાતા થઈ જાય છે. સાક્ષી બને છે. જ્ઞાતાભાવમાં વીતરાગતા છે. સાક્ષીભાવમાં વીતરાગતા છે. અને કર્તાબુધ્ધિમાં અજ્ઞાન, રાગ-દ્વેષ ને મોહ છે, આકુળતા છે. થવા યોગ્ય થાય છે. પરિણામ થાય છે. પરિણામ નથી થતા, બિલકુલ પરિણામ નથી (એ) વેદાંત કહે છે એમ નહીં.

સર્વથા અપરિણામી કુટસ્થ છે એમ નથી. પરિણામો થાય છે. પણ પરિણામો થતા પરિણામનું કર્તૃત્વ છોડી દે એના કાળક્રમે પરિણામ આવે છે એને શું કરવું? અને ન આવવાના હોય એને શું કેવી રીતે લાવવું? ત્યારે મારે શું કરવું? કે કર્તાબુધ્ધિ છોડવા માટે થોડીક વાર તું એ પરિણામનો કર્તા નથી પણ જાણનાર છો. આ હજી પહેલો પાઠ છે. પછી બીજો પાઠ કે હું એને જાણવા રોકાઉં, એ પણ મારો સ્વભાવ નથી. હું તો ચિદાનંદઆત્મા મારો ભગવાન અંદર બિરાજમાન છે એને જાણું એને આત્માપણે શ્રધ્ધું અને એમાં ઠરી જાઉં બસ, આ મારું કર્તવ્ય છે. ત્યારે એને ધર્મની શરૂઆત થાય છે. કાલ સાંભળ્યું કે કોઈ ભાઈ આવ્યા'તા, પહેલા-વહેલા આવ્યા અને એને આ વાત ખ્યાલમાં આવી, આહા ! આ વાત સાંભળી નહોતી એવી આ વાત ધર્મની છે. આત્મા છે ને? બધા આત્મા છે. અને એના પોતાના સ્વભાવની વાત છે. વિકથા તો અહીં મનાઈ છે. વિકથા તો અહીં કરવાની છે નહીં. અહીં તો આત્મકથા અને ધર્મકથાની વાત ચાલે છે.

કે 'થવા યોગ્ય થાય છે.' અરે ! સાક્ષી થઈ જા ને? અરે ! જો તો ખરો ! એક અખતરો તો કર, થોડીકવાર તો જો, એક મિનિટ તો જો, એક મિનિટ તો સાક્ષી બન, અરે એક સેકન્ડ તો સાક્ષી થા. અને જો તને આનંદ ન આવે તો અમારી પાસેથી લઈ જજે. એમ જ્ઞાનીઓ ધર્માત્મા કોલ કરાર કરીને કહે છે. અમારી પાસેથી લઈ જાજે એટલે? એટલે કે તને આનંદ આવશે, આવશે ને આવશે. કાંઈ અમે આનંદ આપવાના છીએ એમ એનો આશય નથી. આહાહા ! આ ગુરુદેવનો ઉપકાર છે. આ બધી વાત ગુરુદેવે આપણને બધાને વારસામાં આપી છે. આહા ! (મુમુક્ષુઃ- આ થવા યોગ્ય થાય છે એ ફરી ફરી સાંભળવાનું મન થાય છે.) થવા યોગ્ય થાય છે એમાં તો વીતરાગતા છે. થવા યોગ્ય થતાં પરિણામને હું કરું એમાં સંસારનો રાગ છે, મોહ છે, મિથ્યાત્વ છે, અજ્ઞાન છે એ. સાધારણ દોષ નથી. ચીભડાના ચોરને ફાંસીની સજા એમ નથી. કે આ પુણ્યના પરિણામને હું કરું એમ કર્તાબુધ્ધિ રાખું તો તો ચીભડાનો ચોર ને ફાંસીની સજા? અરે ! એ ચીભડાનો ચોર નથી. એ આત્માનો ધાતક, આત્મધાતી મહાપાપી છે.

પુણ્યના પરિણામ થાય છે એને શું કરું? અરે થાય છે એને જાણવા રોકાઉં? જો જાણવા રોકાઉં તો હું મારા આત્માને ક્યારે જાણું? કરવાનું છોડું છું અને જાણવાનું પણ છોડું છું. હું તો મારા આત્માને જાણવા જાઉં છું. આહાહા ! ત્યારે દૃષ્ટિ ફરીને આત્મા ઉપર આવે છે અને આત્માનો અનુભવ થતાં ધર્મની શરૂઆત થાય છે. 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ. અનંતવાર રાગાનુભૂતિ તો કરી પણ આનંદની અનુભૂતિ એને એક સમય (પણ) આવી નહીં. માટે એ બધા ભાવો બંને બંધ અને મોક્ષ છે. થવા યોગ્ય, મોક્ષ કરનાર એ બન્ને મોક્ષ છે. કારણ કે હવે થવા યોગ્ય જે થાય છે એમાં કારણ, કે એક ને જ.પોતાની મેળે, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની ઉપપત્તિ સિદ્ધિ બનતી નથી. શું કહે છે, ફરમાવે છે?

કે એકલો ભગવાનઆત્મા જીવતત્ત્વનું અસ્તિત્વ હોય, અસ્તિત્વ એકલો એકલો આત્મા, એકલો એકલો આત્મા પરના લક્ષ કર્યા વિના પુણ્ય-પાપરૂપે કદી પરિણમી શકતો નથી. પરપદાર્થ એને પરિણમાવતા નથી. આત્મા એ રૂપે પરિણમે એવો એનો સ્વભાવ નથી. પણ આત્માને ભૂલીને જયારે પરિણામ પરનું લક્ષ કરે છે ત્યારે પુણ્ય ને પાપના પરિણામ પ્રગટ થાય છે. માટે એકલો એકલો, માત્ર આત્માના અસ્તિત્વનું હોવાપણું છે ત્યારે પુણ્ય-પાપના પરિણામ થતાં હોય તો સિદ્ધ ભગવાનને થવા જોઈએ. માટે માત્ર આત્માનું અસ્તિત્વ હોવાપણું તે પુણ્ય-પાપને ઉપજવાનું કારણ નથી, માટે એકલો એકલો નવતત્ત્વરૂપે પરિણમતો નથી. પણ એ નવતત્ત્વરૂપે પરિણમે છે ત્યારે એ પરિણામ બીજાનો સંબંધ કરે છે, પરિણામ બીજાનો સંબંધ છોડે છે. ત્યારે નવતત્ત્વના વ્યવહારિક ભેદ ઊભા થઈ જાય છે.

અપૂર્વ વાત. આહા ! આત્માની વાત કહી ન જાય ! છતાં શ્રી ઉપકારી ગુરુ વર્ણન કરીને ઈશારા કરે છે. કોઈ લાયક જીવ ધ્યાનમાં લે કે 'થવા યોગ્ય થાય છે' આ શું? આહા ! આ સર્વજ્ઞભગવાને કહ્યું છે? હા ભાઈ, સર્વજ્ઞભગવાનની વાણીમાં આવ્યું છે. હે ભવ્યઆત્મા ! તું સાંભળ તારામાં થતાં પરિણામ એ થવા યોગ્ય થાય છે. એની કર્તૃત્વબુદ્ધિ છોડી દે. કર્તાબુદ્ધિ છોડયા છતાં સંવર-નિર્જરાના પરિણામ થશે. અને કર્તાબુદ્ધિ રાખીશ તો સંવર-નિર્જરા, મોક્ષના પરિણામ થવાના નથી. ત્યારે હવે શું કરવું? કે પરિણામને જાણવા ખરા કે નહીં? અરે ભાઈ ! એ તો એની કર્તાબુદ્ધિ છોડાવવા માટે તું કર્તા નથી પણ જ્ઞાતા છો. એમ થોડીક વાર તને કર્તાબુદ્ધિ છોડાવવા માટે તું એનો જ્ઞાતા છો એમ કહ્યું. પણ જો તું એના જ્ઞાનમાં જ રોકાઈ જાઈશ, પરિણામને જાણવા રોકાઈ જાઈશ તો ભગવાન આત્માને કયારે જાણીશ?માટે એનું જાણવાનું છોડી દે અને ભગવાનઆત્માને અંદરમાં જાણવા જા.

પર્યાયાર્થિકનયની આંખ સર્વથા બંધ કરી દઈ ને દ્રવ્યાર્થિકનયની આંખ ઉઘાડ તો તને ભગવાનઆત્માના દર્શન થશે. એ ચક્ષુ અનાદિકાળથી બંધ રાખી છે. અને પુણ્ય-પાપનું કર્તૃત્વ ભાસતા એ ચક્ષુ ઉઘાડી રાખી છે. હવે એ ચક્ષુને બંધ કરી દે. એને જાણવાનું બંધ કરી દે. વેલજીભાઈ! કર્તૃત્વ તો સ્વભાવમાં છે જ નહીં પણ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન પાછળથી જે આવવાનો છે એને પહેલાં બંધ કરી દે તો પાછળથી વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન આવ્યા વિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહેશે નહીં. મોહનભાઈ ! આત્માને જાણ, આત્માને એક વાર જાણ પછી પરિણામ જે થાય એ પરિણામ એને જાણેલા પ્રયોજનવાન કહેવામાં આવે છે. પરિણામ થાય છે.

જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશકશકિત છે. પોતાના આત્માને પણ જ્ઞાન જાણે અને આત્માને જાણતાં જાણતાં જે પરિણામ થાય એ પરિણામ થવા યોગ્ય થયા. મેં કર્યા એમ નહીં. થવા યોગ્ય થયા એમ સમ્યક્જ્ઞાનમાં સાધક જાણે છે. અને જેને અજ્ઞાન ટાળીને સમ્યક્દ્દષ્ટિ થવું હોય એને પણ આ પ્રયોગ ને વિધિમાં આવવું પડશે કે થવા યોગ્ય થાય છે હું એનો કરનાર નથી. આખા જગતની સામે આ બળવો છે. આખું જગત માને છે કે જગતના પરપદાર્થને કરું, મેળવું, લાવું, ધ્યાન રાખું, સાચવું, આઠ કર્મને બાંધું, આઠ કર્મને ભોગવું, રાગને કરું, રાગને ભોગવું. આહા ! આખા જગતના અજ્ઞાની પ્રાણીઓથી જુદી વાત સર્વજ્ઞ દેવાધિદેવ પરમાત્મા જિનેન્દ્ર. આહા ! જિનેન્દ્રભગવાન ફરમાવે છે કે હે ભવ્યઆત્મા ! તું તો જ્ઞાનમય આત્મા છો ને ! તારો સ્વભાવ તો જાણવું છે ને !

જેમ ચક્ષુ માત્ર જાણે પણ કાંઈ કરે નહીં. એ પણ દૂર રહીને ચક્ષુ જાણે. એમ હે ભવ્યપ્રાણીઓ ! તમે પણ જ્ઞાનમય આત્મા છો ને ! જાણવું એ તમારો સ્વભાવ છે. પણ પરભાવ ને પરપદાર્થને કરવું એ તમારો સ્વભાવ નથી. અને પરભાવને પણ જાણવાનું બંધ કરીને સ્વભાવને એકવાર જાણ તો આત્માને જાણતાં જ પરિણામ આવશે એ તને જણાશે કે આ પરિણામ આવ્યા. ચતુર્થગુણસ્થાન હશે, સ્થિરતા ઓછી હશે, અલ્પજ્ઞતા હશે તો જે પરિણામ જે સ્થિતિ હશે એના જાણવામાં આવશે કે વિશેષ પુરુષાર્થ કરવાથી વીતરાગતા વધે છે. વીતરાગતા વધશે એ પણ જાણવામાં આવશે. આનંદની વૃદ્ધિ થાય એ પણ જાણવામાં આવશે. દ્રવ્યને જાણતાં જાણતાં પરિણામનું જ્ઞાન થાય તેને અંદરનું સ્વપરપ્રકાશકજ્ઞાન કહેવામાં આવે છે.

અહીંયા કહે છે અરે એકલો એકલો આત્મા આ પુણ્ય-પાપરૂપે પરિણમતો નથી. પણ પરિણતિ પરનો સંગ કરે છે ને ત્યારે એ પુણ્ય-પાપ ઊભા થાય છે. એકલો એકલો આત્મા પોતે પુણ્ય-પાપરૂપે પરિણમી જાય તો તો નિત્ય પુણ્ય-પાપરૂપે જ પરિણમ્યા કરે. પણ એ પરિણામ લક્ષ કરે છે પરપદાર્થનું. આત્મા લક્ષ કરતો નથી, આત્મા કર્મમાં જોડાતો નથી. આત્માના પરિણામ જોડાય છે. અને જે પરિણામ કર્મમાં જોડાય છે. તે પરિણામને રાગભાવ કહેવામાં આવે છે. અને જે પરિણામ પરનું અવલંબન છોડીને જે પરિણામ આત્માનું અવલંબન લ્યે છે એ પરિણામમાં વીતરાગભાવ પ્રગટ થાય છે. તો અહીંયા પરનો સદ્ભાવ સંબંધ અને કર્મનો અભાવ સંબંધ. સદ્ભાવ સંબંધથી પુણ્ય-પાપ, આસ્રવ-બંધ પ્રગટ થાય છે. અને કર્મના અભાવનું નિમિત્ત હોય ત્યારે સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ પ્રગટ થાય છે. માટે આત્મા એકલો એકલો નવતત્ત્વરૂપે પરિણમી જાય એમ બનતું નથી.

કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપપત્તિ સિદ્ધિ બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે. એ પુણ્ય ને પાપ. પુણ્યના બે પ્રકાર- જીવપુણ્ય ને અજીવપુણ્ય, ભાવપુણ્ય અને દ્રવ્યપુણ્ય. ભાવપુણ્ય એ ચેતનનો વિકાર છે. અને દ્રવ્યપુણ્ય એ જુના કર્મના ઉદયની પ્રકૃતિને ભાવદ્રવ્ય કહેવામાં આવે છે. એમ દ્રવ્ય ને ભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ સ્વભાવમાં તો એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ છે. એમ જાણીને પરિણામનું લક્ષ છોડી, પરનું લક્ષ છોડી અને થોડીકવાર એક સેકન્ડ માટે એક સેકન્ડનું કામ છે. આહા !

એક સેકન્ડ માટે તો તું તારા આત્માને જાણ. આહા ! પરને જાણતાં તો તને આવડે છે. તો જાણતા તો આવડે છે. ને પરને જાણતાં જ્ઞાનેય થયું નહીં ને સુખેય થયું નહીં. માટે હવે તું આત્માને જાણ તો આત્માને જાણતાં તને આત્મિક સુખ પણ પ્રગટ થશે. પ્રભુ ! અને તને જ્ઞાન પણ પ્રગટ થશે. માટે તે બન્ને જીવ અને અજીવ છે. એ નવતત્ત્વમાં એક જીવ છે અને એક નિમિત્તપણે અજીવતત્ત્વ છે. બેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બનતાં નવ તત્ત્વ પ્રગટ થાય છે. એ એકલો એકલો આત્મા પોતે નવતત્ત્વરૂપે પરિણમી શકતો નથી. વખત થઈ ગયો. નવને ચાર મિનિટ થઈ. એ પારો એક પૂરો થઈ ગયો, બીજો પારો.

(મુમુક્ષુઃ- એ એની યોગ્યતા હશે એ એના કારણે મળે એ ખરું કે એટલું પુણ્ય-પાપ કરતાં સારું એટલો તો એનો ભાગ ખરો કે નહીં? ઉત્કૃષ્ટ નિમિત્ત પણ મળે, ઉત્કૃષ્ટ સાંભળવાનું મળે) થઈ ગયો પ્રશ્ન પૂરો તો ઉત્તર આપું. બરાબર? આપું હવે ઉત્તર? નહિંતર હજી પ્રશ્ન ચાલુ હોય તો રાખો તમે. થઈ ગયો પૂરો?

જુઓ ભાઈ ! જિનેન્દ્રભગવાનની વાણી જ્ઞાનીઓ દ્વારા, અનુભવી પુરુષો દ્વારા સાંભળવા મળે. સર્વજ્ઞભગવાનની વાણી, સંતોની વાણી જે કાન ઉપર આવે એ પુણ્યનું કારણ છે. એક વાત. હવે એ વાણીને સાંભળીને, એને જે જેમ વાણીમાં આત્માનું સ્વરૂપ આવ્યું એમ સાંભળીને, નિર્ણય કરીને પછી જો એ આત્મા આત્માનો અનુભવ કરે તો એને ધર્મ થાય છે અને એને પુરુષાર્થ કહેવામાં આવે છે. બીજી વાત કે પાપના ઉદય કરતાં આ પુણ્યના ફળમાં જે વાણી સાંભળવા મળી એ તો ભલી કે નહીં? સારી કે નહીં? એમ પ્રશ્ન આવ્યો.

તો જો એ જ પ્રકારનો અભિપ્રાય રહ્યા કરશે તો એને વાણી તો પૂર્વે અનંતવાર મળી અને વાણીનું જ અવલંબન રહ્યા કરશે. વાણીમાં કહેલું આત્મતત્ત્વ એનું અવલંબન આત્મા ક્યારે કરશે? માટે વાણી નિમિત્તરૂપે મળે છે. તો વાણી જેને મળે તેને આત્મ અનુભવ થાય એવો પણ નિયમ નથી. વાણીના વાચ્યને જે ગ્રહણ કરે એને આત્માનો અનુભવ થાય છે માટે જે પુણ્યના યોગે જિનેન્દ્રભગવાનની વાણી મળી, પુણ્યના યોગે. એનાથી સંતોષ પામવા જેવું બિલકુલ નથી. અને એ પાપ કરતાં પુણ્ય સારું કે નહીં? એ અભિપ્રાય પણ ખોટો અભિપ્રાય છે. એ અભિપ્રાય સાચો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. કેમ કે એને પુણ્યના પરિણામનું કર્તૃત્વ નહીં છૂટે. કેમ કે પાપ કરતાં પુણ્ય ભલું લાગે છે એટલે પુણ્યના પરિણામનું કર્તૃત્વ નહીં છૂટે.

અહીંયા તો પુણ્યના પરિણામનું કર્તૃત્વ છોડાવી અને દ્રવ્યદષ્ટિ-આત્મદષ્ટિ કરાવવી છે. વચ્ચે પુણ્યના પરિણામ આવી જાવ તો આવી જાવ એ મારું કર્તવ્ય નથી. મારું કર્તવ્ય તો મારા શુદ્ધાત્માને અંતર સન્મુખ થઈ અને એનું જ્ઞાન અને એનું શ્રદ્ધાન. આત્માનું શ્રદ્ધાન અને આત્માનું જ્ઞાન. બસ એ એક કરવા જેવું છે. અને વાણીમાં પણ એ આવ્યું છે. વાણીમાં બીજું કાંઈ આવતું નથી. અને વ્યવહાર સામાયિક એ નિશ્ચયની સાથે રહેવાથી એને ઉપચારથી સામાયિક કહેવાય. વરની હારે અણવર હોયને તો ખરેખર તો વરરાજો એ વરરાજો છે.

## પ્રવચન નં :- ૧૭
## તા. ૨૬-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૧૩ ઉપર પ્રવચન

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો જીવ નામનો પ્રથમ અધિકાર તેની તેર નંબરની ગાથા ચાલે છે. આચાર્ય ભગવાન જે તીર્થંકર પરમાત્માએ આત્માનું જેવું સ્વરૂપ ફરમાવ્યું તે અનુસાર પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરી અને આત્માની વાત કરે છે. સાથે સાથે નવતત્ત્વનું જ્ઞાન પણ કરાવતા આવે છે. કે જે જીવના પરિણામ છે. એનું પણ જ્ઞાન કરાવે છે અને એનાથી પણ લક્ષ છોડાવી અને એકરૂપ શુદ્ધાત્મા એનું અવલંબન લેવાનો ઉપદેશ આપે છે. એમાં બીજો પારો છે. તેર નંબરની ગાથાનો એક પારો પૂરો થયો.

બાહ્ય (સ્થૂલ) દષ્ટિથી જોઈએ તોઃ- જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવતત્ત્વો ભૂતાર્થ છે. સત્યાર્થ છે. શું ફરમાવે છે? કે એક જીવતત્ત્વ છે અને બીજું પુદ્‌ગલતત્ત્વ છે. એ બેયના સંબંધથી જોવામાં આવે તો જીવના પરિણામ પુદ્‌ગલનો સંબંધ કરે છે અને સંબંધ છોડે છે. એવા બંધની સમીપ જઈને જોવામાં આવે તો આ નવે તત્ત્વો ઊભા થાય છે. એકલો જીવ સ્વભાવ જે ત્રિકાળી, સામાન્ય છે એમાં નવતત્ત્વ નથી. પણ નવતત્ત્વ એટલે જીવોના જે પરિણામ છે એ પરનું લક્ષ કરતાં આત્મામાં પુણ્ય ને પાપના પરિણામ થાય છે. એ પરનો સંબંધ કરે છે તો પુણ્ય ને પાપના પરિણામ થાય છે. જો પરનો સંબંધ જીવ કરે જ નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો એને પુણ્ય ને પાપના પરિણામનો બંધ પણ થાય નહીં. અને પુણ્ય ને પાપના પરિણામથી એને બંધ થાય છે. પરનું અવલંબન લેતાં સંસાર ઊભો થાય છે. અને એ પરિણામ પરનો સંબંધ છોડે છે ત્યારે એને મોક્ષ થાય છે.

આમ બંધ અને મોક્ષ બે પ્રકારના પરિણામ છે. બંધનું કારણ પુણ્ય ને પાપના પરિણામ છે. મોક્ષનું કારણ સંવર નિર્જરા છે. એ બધા પરિણામો ઊભા થાય છે એનું કારણ એ જીવ પોતે પોતાના પરિણામ પરસન્મુખ કરીને, પરનું લક્ષ કરીને, નિમિત્તાધિન થઈને એ અનાદિકાળથી પરિણમે છે. તો એવી અવસ્થાદષ્ટિથી જોવામાં આવે તો, કર્મનો સંબંધ થયો છે એવી દષ્ટિથી જોવામાં આવે તો ભગવાન કહે છે કે નવતત્ત્વ સત્યાર્થ સાચા છે.

નવતત્ત્વ એટલે નવપ્રકારના પરિણામો ક્રમે ક્રમે થાય છે એ વાત ફેકટ છે, સત્ય છે, એ હકીકત છે. પણ એ પ્રકારની દષ્ટિ રાખવાથી આત્માને આત્માનું ભાન થઈ શકતું નથી. એ પ્રકારનું જ્ઞાન તો જીવ અનાદિકાળથી કરતો આવે છે. કર્મનો ઉદય પણ છે અને એમાં જોડાય છે. અને એમાં જોડાતા રાગાદિ પરિણામ અનાદિકાળથી પ્રગટ થાય છે. એટલે આત્માને કર્મના બંધવાળો, કર્મના સંબંધવાળો અનાદિકાળથી આત્મા પોતાને એ પ્રકારે માની રહ્યો છે. પણ એ સંબંધ વગરની એક વસ્તુ આત્મતત્ત્વ, જીવતત્ત્વ સામાન્ય છે. જીવના પરિણામ કર્મનો સંબંધ કરે છે. ખરેખર જીવતત્ત્વ સામાન્ય શુધ્ધાત્મા એ કર્મનો સંબંધ કરતોય નથી અને કર્મનો સંબંધ છોડતો પણ નથી. એ તો બંધ ને મોક્ષના પરિણામથી રહિત પરમાત્મા બિરાજમાન છે. વાત ઝીણી ભલે લાગે પણ વાત પરમ સત્ય છે.

આ આત્માનું મૂળ સ્વરૂપ સમજયા વિના અને મૂળ આત્માના સ્વભાવને શ્રધ્ધામાં લીધા વિના કોઈપણ જીવને કદી ધર્મની શરૂઆત થતી નથી. માટે આત્માનું જેવું સ્વરૂપ છે અસલીસ્વરૂપ, મૂળસ્વરૂપ, સ્વાંગ વગર, વેશ વગરનો એક ચિદાનંદઆત્મા અંદર બિરાજમાન છે. એની દષ્ટિ કર્યા વિના સંસારનો અંત આવતો નથી. અનાદિકાળથી આત્માએ કર્મના સંબંધવાળો આત્મા છે એમ જાણ્યું માન્યું. દેહના સંબંધવાળો આત્મા છે એમ જાણ્યું માન્યું. અને આત્મા રાગને કરે અને દુઃખને ભોગવે એ વાત એના ખ્યાલમાં આવી અને સાંભળવામાં પણ આવી પણ એ પરિણામની મુખ્યતાથી જોતાં એને કર્મનો બંધ અને સંબંધ થાય છે. પણ એ પરિણામને ગૌણ કરીને સામાન્ય જે આત્મા અનાદિઅનંત એકરૂપ છે એવા સ્વભાવની સમીપે જઈને જોવામાં આવે તો આ નવ પ્રકારના પરિણામના ભેદ દેખાતા નથી. બંધની અપેક્ષાએ જુઓ તો એ બંધ થાય છે ને નવતત્ત્વના ભેદો ઊભા થાય છે. પરના સંબંધથી નવ પ્રકારના ભેદો ઉત્પન્ન થતાં દેખાય છે. ભેદો એટલે પર્યાય પરિણામ.

એ વાત સિધ્ધ કરી અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને, સ્વભાવ શું અને વિભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

શું એ તો મૂળ ચીજ છે. પાણીનો સ્વભાવ શીતળ છે અને એની ઉષ્ણ અવસ્થા થાય છે એ વિભાવભાવ છે. એ પાણીનો સ્વભાવભાવ નથી. એમ આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એની અવસ્થામાં જે દુઃખ થાય છે, રાગ અને દુઃખ એ વિભાવભાવ છે. આત્માનો સ્વભાવભાવ નથી. હવે એ રાગ-દ્વેષ, મોહના પરિણામ જે દુઃખદાયક છે એનો અભાવ થઈને આત્મા આશ્રિત વીતરાગી પરિણામ કેમ પ્રગટ થાય? એટલે ધર્મની શરૂઆત કેમ થાય? તો કહે છે કે હવે તું તારા આત્માને દેહના સંબંધવાળો માની રહ્યો છો, કર્મના સંબંધવાળો માની રહ્યો છો, હવે એને બદલે એ પરિણામ જેની સાથે સંબંધ કરે છે એ આખોય સંબંધ ગૌણ કરીને તારા ત્રિકાળી સામાન્ય સ્વભાવ તરફ એક વખત જો. પદાર્થ એક છે એના પડખા બે છે. દરેક પદાર્થ. જડ અને ચેતન, જગતના બધા પદાર્થો લઈ લ્યો તો એ બેવડા સ્વરૂપે પદાર્થો છે. મૂળ સ્વભાવ કાયમ રહે છે અને પરિણામ પલટયા કરે છે.

આ મૂળ સ્થિતિ છે. જેને શાસ્ત્રીય ભાષાએ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ કહેવામાં આવે છે. અથવા દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ વસ્તુ કહેવામાં આવે છે. સોનું સોનારૂપે છે અને એના પરિણામ પલટે છે. એમ આ આત્મા, આત્મારૂપે અનાદિઅનંત છે, એ ધ્રુવ છે, નિત્ય છે, અવિનાશી છે. અને અનાદિકાળથી એના પરિણામ જે ઉત્પન્ન થાય છે એ કર્મના સંબંધથી ઉત્પન્ન થતાં જે પરિણામો એ કર્મના-જડના-અજીવના સંબંધથી આત્માને જોવામાં આવે તો આ નવ પ્રકારના ભેદો ઊભા થાય છે. નવ પ્રકારના ભેદ એટલે પરિણામો ક્રમે ક્રમે ઊભા થાય છે. કોઈ વખતે પાપ, કોઈ વખતે પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. એવા એવા પરિણામ પ્રગટ થતાં દેખાય છે. પણ એ નવ પ્રકારના ભેદનું લક્ષ છોડીને એક અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ આત્મા જ્ઞાન ને આનંદમયની મૂર્તિ છે. એને એક વખત તું જો, નિહાળ, તારા આત્માનું અવલોકન કર.

આત્માને જાણ્યા વિના ચાર ગતિ ને ચોર્યાસી લાખ યોનિમાં જીવ દુઃખ ભોગવે છે. પણ એ દુઃખના પરિણામથી પણ ભિન્ન અંદરમાં આત્મા છે. દુઃખના પરિણામ થાય છે એ વખતે પણ વર્તમાન રાગ અને રાગજન્ય જે દુઃખ થાય છે એનાથી પણ અંદર આત્મા, આત્મતત્ત્વ ભિન્ન રહેલું છે. એને એક સમય માત્ર નિહાળ્યું નથી. રાગ કરે તે જીવ ને દુઃખ ભોગવે તે જીવ. પુણ્ય કરે તે જીવ ને પાપ કરે તે જીવ. બસ આ પરિણામને જીવ માની બેઠો છે. એ કોઈ પરિણામનું નામ જીવ નથી. જીવના પરિણામ કહેવાય. પાપના પરિણામને જીવના પરિણામ કહેવાય પણ તે જીવ નથી. પુણ્યના પરિણામ જીવના પરિણામ કહેવાય. પણ એ જીવતત્ત્વ નથી.

એ વાત કેમ બેસે? સોનું અને સોનાના પરિણામ. સોનું છે અને સોનાના પરિણામ થાય છે. પણ સોનું અને સોનાના પરિણામ, એ સોનાના પરિણામ કહેવાય પણ એને સોનું ન કહેવાય. કેમ ન કહેવાય? કેમ કે એ પરિણામ તો નાશવાન છે. એ પરિણામ તો નાશ થાય છે. જો પરિણામને સોનું માનવામાં આવે તો જ્યારે એ ઘાટ ભાંગી નાખવામાં આવે ત્યારે બહેનો રોવા માંડે. કેમ કે એનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નાશ થતાં સોનાનો નાશ થઈ જાય પણ સોનાનો નાશ કદી થતો નથી. એમ આ આત્મા છે એનું આયુષ્ય પૂરું થાય, બીજા ભવે જાય પણ ખરેખર આત્માનું મૃત્યુ થતું નથી. પણ જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે, સંયોગ ઉપર છે એને એ પ્રકારનો મોહ અને રાગ હોવાને કારણે આત્માની પર્યાય પલટી, પર્યાયનો વ્યય થયો તો જાણે આત્મા જ મરી ગયો એમ માનીને તે દુઃખી થઈ જાય છે. આત્મા કોઈ કાળે પણ મરતો નથી એ તો અવિનાશી તત્ત્વ છે. અને જે નાશ થાય છે તે આત્મા નથી.

આ દેહનો સંયોગ અને વિયોગ થાય એ તો સંયોગ થયો એનો વિયોગ થવાનો. એમાં બેમાંથી કોઈ તત્ત્વ મર્યું નથી. દેહની રાખ થઈ છે એણે એનું ફળ બદલાવ્યું, સ્વરૂપ બદલાવ્યું. અને આત્મા જે અહીંયા મનુષ્યપર્યાયમાં હતો એ દેવાદિપર્યાયમાં જાય. એમાં આત્માનો નાશ કયાં થયો છે? એમ પ્રત્યેક પદાર્થ, સોનું અને સોનાના પરિણામ. સોનું છે એની કિંમત છે. એના પરિણામની કિંમત નથી. અને પરિણામ પોતે સોનું થઈ શકતું નથી. કેમ કે પરિણામને જો સોનું માનવા જાવ તો એ પરિણામનો નાશ થાય છે. છતાં સોનું કાયમ ટકે છે. વજનેય ઘટતું નથી. પરિણામને ભાંગી નાખવામાં આવે, દસ તોલાનો હાર હોય એને ભાંગી નાખવામાં આવે તો પહેલાંય દસ તોલા વજન અને ઘાટ ભાંગો તો પણ (દસ તોલા વજન) એમાં શું નીકળી ગયું અને શું વધ્યું ગયું ને શું આવી ગયું. કાંઈ છે નહીં. એ તો સોનું છે.

એમ અનાદિકાળથી જીવ પોતાના સ્વભાવને ભૂલી અને પરિણામને પોતાના માને છે. રાગને પોતાનું સ્વરૂપ માને છે. એ એની મોટી ભૂલ છે. માટે પરિણામથી ભિન્ન ચિદાનંદઆત્મા અંદરમાં છે એ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરીને એ જ્ઞાયક આત્માનું લક્ષ કરો, લીન થાઓ. તો એને ધર્મની શરૂઆત થાય. એ મૂળ વાત છે. ભેદજ્ઞાનની વાત છે. જીવના પરિણામ હોવા છતાં એ પરિણામથી આત્મા રહિત છે. સોનું અને સોનાના પરિણામ એ પરિણામ હોવા છતાં એ પરિણામ સર્વથા સોનાથી અભિન્ન નથી. કથંચિત્ ભિન્ન છે. એમ ભગવાનઆત્મા અને પરાશ્રયે થતાં પુણ્ય-પાપના પરિણામ કે સ્વઆશ્રયે થતાં સંવર-નિર્જરાના ધર્મના પરિણામ એ પરિણામથી ભગવાનઆત્મા કથંચિત્ ભિન્ન છે. તેથી પરિણામનો નાશ થવા છતાં આત્માનો નાશ થતો નથી. માટે જે નાશ થાય તે હું નહીં અને અવિનાશી તે હું. એમ આત્મદર્શન થતાં એને અનુભવ થાય. માટે એ નવતત્ત્વો એ બંધની અપેક્ષાથી જોવામાં આવે તો નવના ભેદો ઊભા થાય છે પણ આ બાજુ દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને જોવામાં આવે, અંતરમાં જઈને જોવામાં આવે, એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને, નજદીક જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ અને અસત્યાર્થ છે. જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી.

સોનું એનું એકાકારરૂપ છે એમાં જે નવ પ્રકારના ક્રમે ઘાટ થાય છે એ ઘાટ એ મૂળ સોનામાં નથી. સોનું તે ઘાટ નથી અને ઘાટ તે સોનું નથી. સોનું સોનું છે અને ઘાટ એ તો એના પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. (મુમુક્ષુ :- આવો તો વિચાર જ કોઈ દિ' નથી કર્યો. સોનું ને ઘાટ જુદાં છે એવો તો વિચાર જ નથી કર્યો). જુદાં છે. જો સર્વથા એક હોય તો ઘાટનો નાશ થતાં સોનાનો નાશ થઈ જાય. તો કોઈ બહેન વિચાર જ ન કરે કે મારે સોનું ભંગાવીને બીજો દાગીનો કરાવવો છે. કેમ કે સોનું જતું રહે એ કોણ ઈચ્છે? અને આવા મોંઘા ભાવનું સોનું પાછું લઈ શકાય નહીં. પણ ખબર છે કે એ ઘાટ ભાંગવામાં આવે છે છતાં સોનું એનો નાશ થતો નથી. ન્યાં એને ખ્યાલ આવે છે.

પણ આ આત્મા છે આ મનુષ્યપર્યાય ગઈ તો જાણે આત્મા જ મરી ગયો. મંડે રો કકડ કરવા. કેને તમે રોવો છો બાપુ! આત્મા તો મરતો નથી. આત્મા તો તેનો તે અને બીજી જગ્યાએ ગયો છે. ક્ષેત્રથી ક્ષેત્રાંતર થાય છે. કેન્યામાંથી લંડન અને લંડનમાંથી કેન્યામાં, એમાં મરે કોણ?

જ્ઞાનીઓ કહે છે અવિનાશી આત્મા કોઈ કાળે મરતો નથી એના પરિણામ પલટે છે. પણ આત્મા નિત્ય રહે છે. જે પરિણામ પલટે ને પરિણામ નાશ થાય તે આત્મા નથી, તે તારું રૂપ નથી. જે અવિનાશી છે તે તું છો. એના ઉપર દૃષ્ટિ કર, અનુભવ થતાં એ આત્માને મરણનો ભય નીકળી જાય છે. સમ્યગ્દૃષ્ટિ નિશંક અને નિર્ભય થાય છે. સમ્યગ્દૃષ્ટિને મરણનો ભય ત્રણ કાળમાં હોતો નથી. આ મૃત્યુ ઉપર વિજય મેળવવાનો મંત્ર છે. મરણ ઉપર જીત મેળવવાનો મંત્ર જ્ઞાનીઓ કહે છે. કે એક વખત તારા અવિનાશી સ્વભાવની સંભાળ તો લે ! એમાં તો જ્ઞાન ને આનંદ ને એવા એવા અનંતગુણો ભરેલાં છે. એનો મહિમા તો કર. તને આ સંયોગનો મહિમા આવે, પુણ્યનો મહિમા આવે, કાં પુણ્યના ફળનો મહિમા આવે, કાં શાસ્ત્રજ્ઞાનનો ઊઘાડ થઈ ગયો એનો મહિમા આવે એ કોઈ મહિમાવંત પદાર્થ નથી. મહિમા કરવા લાયક હોય તો એક પોતાનો શુદ્ધાત્મા, પરમાત્મા અંદર બિરાજમાન છે એનો મહિમા કરવા જેવો છે. અને એની રુચિ, એની પ્રીતિ અને એનું ધ્યાન કરવા જેવું છે.

તે એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં એટલે જ્ઞાન કરતાં તેઓ, તેઓ એટલે નવ પ્રકારના જે ભેદો પર્યાયના ભેદો કર્મના સંબંધથી ઊભા થાય છે. તે એકરૂપ એકાકાર સ્વરૂપમાં જોવામાં આવે તો એ નવના ભેદો એમાં દેખાતાં નથી. સોનાની સમીપે જઈને જોવામાં આવે તો સોનાના પરિણામો સોનામાં દેખાતા નથી. આ શું પણ? સોના તરફ જોવામાં આવે અને એના પરિણામનું લક્ષ છોડી દેવામાં આવે, એના પરિણામ તરફ ઉપયોગ ન લગાવવામાં આવે અને આમ સોના તરફ ઉપયોગ લગાવો તો એના સ્વરૂપથી જોવામાં આવે તો અભેદ એકાકાર જે સોનું છે એમાં આ નવ પ્રકારના પરિણામ જે આવ્યા ને ગયા, તો એ આવ્યા ને ગયા એવા જે પરિણામો છે એ મૂળ વસ્તુમાં દેખાતા નથી. સોનામાં સોનાના પરિણામ નથી. આહા ! ગજબની વાત !

એમ આ ભગવાનઆત્મા જે સામાન્ય છે એના એકાકાર સ્વરૂપને જો. અનેકાકાર સ્વરૂપને જોવાનું હવે છોડી દે. હું આવો થઈ ગયો ને, હું આવો થઈ ગયો ને, હું તેવો થઈ ગયો એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યવહારિકદષ્ટિ એને ગૌણ કરી અને પરમાર્થદષ્ટિથી આત્માના સ્વરૂપને તમે એક વખત જુઓ તો કહે છે કે તમને આત્માના દર્શન થશે, અનુભવ થશે અને આ સંસારનું દુઃખ ટળી જશે.

માટે એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપે જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ અસત્યાર્થ છે. જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી. આહાહા ! આવા આત્માનું શ્રધ્ધાન અને આવા આત્માનું જ્ઞાન જો એક સમય માત્ર કર્યું તો ભવનો અંત આવી જાય છે. અલ્પકાળમાં મુક્તિ પ્રગટ થાય છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમમાન છે. આ નવેના ભેદો જોવામાં આવે પણ એમાં એકલો જીવ છે. પુણ્ય-પાપ થાય ત્યારે હું તો જીવને જોઉં છું. અને આસ્રવ થાય ત્યારે મને આસ્રવથી ભિન્ન જીવ દેખાય છે. સંવર-નિર્જરાના પરિણામ પ્રગટ થાય છે ત્યારે પણ મારી દષ્ટિ આત્મા ઉપર છે મને આત્મા એકાકાર દેખાય છે. આ અનેકાકાર સ્વરૂપે હું થયો એમ શ્રધ્ધા, જ્ઞાનમાં આવતું નથી.

એવી રીતે અંતરદષ્ટિથી જોઈએ તો, સાધક થઈને જુએ તો જ્ઞાયકભાવ જીવ છે. જ્ઞાયક એટલે જેમાં જાણવું જાણવું જાણવું જાણવું જાણવાના સ્વભાવથી ભરેલો જ્ઞાનમય, દર્શનમય આત્મા છે. એક જ્ઞાયકભાવ જીવ છે. અને જીવના વિકારનો હેતુ વિકાર એટલે વિશેષ જે કાર્ય થાય છે એનો હેતુ એટલે નિમિત્ત કારણ અજીવ છે.

એક જીવ છે અને બીજું અજીવતત્ત્વ છે. જ્ઞાયકભાવ તે જીવ છે અને જીવના વિકારનો હેતુ એટલે જીવમાં જે વિશેષ પરિણામના કાર્ય થયા કરે છે અનંતગુણના અનંત પરિણામ થાય. તે જીવના વિકાર છે એટલે વિશેષ કાર્ય છે. વિકાર એટલે કષાય ને રાગ-દ્વેષ એટલું ન લેવું. બંધ અને મોક્ષના બધા પરિણામ વિકાર એટલે વિશેષ કાર્ય છે. વિકાર એટલે એકલો કષાય નહીં. વેલજીભાઈ ! વિશેષ કાર્ય. જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો એટલે વિશેષ કાર્ય પરિણામ પ્રગટ થાય છે. જે જે પ્રકારના પરિણામ પ્રગટ થતાં હોય તે તે પ્રકારના પરિણામ એનો હેતુ એટલે નિમિત્ત કારણ અજીવ છે. ત્રણ વાત કરી. જ્ઞાયકભાવ જીવ છે. જીવના પરિણામ થાય એનું નિમિત્ત કારણ અજીવ છે. એક અજીવ નિમિત્ત છે પરિણામને નૈમિત્તિક કહેવાય અને એ પરિણામથી ભિન્ન જ્ઞાયકભાવ એકરૂપ રહેલો આત્મા છે.

વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જેમના લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે. આ કેવળ જીવના જે વિશેષ કાર્યો જે પર્યાયમાં થાય છે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જીવના પરિણામ છે. અને એ પરિણામમાં હેતુ એટલે નિમિત્ત કારણ અજીવ છે. અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ વિકાર હેતુઓ એટલે કે જે પરિણામ થાય છે એના નિમિત્ત કારણમાં એક અજીવતત્ત્વ ભગવાને જીવથી ભિન્ન કહ્યું છે. જગતમાં એકલો આત્મા છે અને બાકી બધું જગતમાં ભ્રમ જૂઠું છે એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જિનેન્દ્રભગવાને છ દ્રવ્ય જોયા છે. એમાં જીવ અનંતા છે અને એ પુદ્ગલ પરમાણુ અનંતા અનંત રહેલાં છે. એ સ્થિતિ છે એમ એણે જાણવું જોઈએ.

ત્યારે કહે છે કે જ્ઞાયકભાવ જીવ છે. જીવના વિકાર એટલે કે વિશેષ કાર્યો થાય છે. કાર્યો થાય છે. બંધ મોક્ષના પરિણામ પર્યાયમાં થાય છે. બંધ મોક્ષ કેવળ કલ્પના છે એમ નથી. એ ફેકટ છે, હકીકત છે. જીવ અજ્ઞાનભાવે બંધાય છે અને દુઃખ ભોગવે છે. અને જ્ઞાનભાવે એનો મોક્ષ થઈને સુખ ભોગવે છે. એવી સ્થિતિ છે ખરી પણ એનો હેતુ, કારણ, નિમિત્ત કારણ અજીવતત્ત્વ છે. તે કેવળ અજીવના પરિણામ છે. અહીંયા જીવના પરિણામ અને ત્યાં અજીવના પરિણામ. એ બે પરિણામ વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે.

આ નવ તત્ત્વો. નવ તત્ત્વના નામેય હજુ તો ન આવડતા હોય. દુકાને બેઠો હોય (તો) બસ્સો ચીજના નામ યાદ રહે. આહાહા ! પણ નવ તત્ત્વો શું છે એનીય ખબર ન પડે. ગજબની વાતને? આ કાળો કેર જીવ કરે છે. ચોવીસે કલાક-(મુમુક્ષુઃ- ઘરમાં બહેનોને રાશન કયાં પડયું છે અને શું શું છે એ પણ ખબર હોય છે.) બહેનોનેય ખબર હોય અને વેપારીને કયાં માલ ગોડાઉનમાં પડયો છે એય ખબર હોય. (મુમુક્ષુ :- એમાં કયાંય ફેર નથી) એમાં કયાય ફેર નથી પડતો. અને એ બધું યાદ રહે છે. (મુમુક્ષુ :- પ્રેમથી રહે છે.) જુઓ, પ્રેમથી રહે છે. કેમ કે એના પ્રત્યે રુચિ ને પ્રીતિ છે એટલે યાદ રહે છે. અને આ નવ તત્ત્વના નામ પણ યાદ ન રહે. આહાહા ! નામ યાદ ન રહે તો એનો ભાવ તો કયાંથી યાદ રહે? અને ભાવ યાદ ન રહે તો એના કારણ, કાર્ય ને ફળ શું? કયા પરિણામના કેવા ફળ આવે છે? એ ખબર કયાંથી પડે? આહાહા ! અને એ પરિણામમાં ફળ આવે છે એનાથી ભિન્ન અપરિણામી દ્રવ્ય છે એમાં બંધ ને મોક્ષ પણ લાગુ નથી પડતો એવો પરમાત્મા અંદરમાં છે એ કયાંથી એને યાદ આવે? આહાહા !

ભાઈ ! આ તો કેવળ પોતાના હિતની વાત છે. આમાં એક પૈસાનું ખર્ચ નથી. આમાં દુકાન લેવી ન પડે, ભાડું ભરવું ન પડે, મૂડી જોઈએ નહીં. વેપાર હોય તો મૂડી જોઈએને? વગર મૂડીનો વેપાર. જેના ઉપર ભાઈઓનો ભાગ લાગે નહીં. કોઈની ભાગીદારી નહીં, જેના ઉપર કોઈ ટેક્ષ નહીં. સેલ્સટેક્ષ, ગર્વમેન્ટનો ઈન્કમટેક્ષ. કાંઈ ટેક્ષ નહીં. આહા ! અને એ કમાણી થાય એને કોઈ ચોર ચોરી કરે નહીં. આગથી એ જ્ઞાન દજાય નહીં, એવી અપૂર્વ સ્વાધીન સુખની એક દશા પ્રગટ થાય જે એને અલ્પકાળમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ કરાવે. જેમાં એક પૈસાનું ખર્ચ નહીં અને એમાં એને પ્રેમ અને રુચિ લાગતી નથી. તો હવે એને વેપારી કહેવા કે શું કહેવા? (મુમુક્ષુ :- મોક્ષનો વેપાર છોડીને આમાં કેમ જોડાય છે?) કેમ કે એમાં સુખ લાગ્યું છે. જેમાં સુખ લાગે એમાં જોડાય છે. એમાં એને હજી દુઃખ લાગ્યું નથી. કેમ કે એમાં ઓલા ગામડાઓમાં આપણા કુટુંબીઓ રહે અને અમે આ લંડનમાં રહીએ અને આ બબ્બે લાખની મોટર અને એમાં પાછા અંદર સંચા. ઠંડી વખતે ગરમી અને ગરમી વખતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઠંડી થઈ જાય. આહા ! એરકંડીશનના મશીનમાં હીટર ચાલુ હોય. આહા ! અને ગામડાવાળાને તો પગમાં પગરખાય ન હોય ને છત્રીનાય ઠેકાણા ન હોય અને વરસાદના કાળે તો એને અંદરથી પાણીના ધોરીયા પડતા હોય, નળિયા ફૂટી ગયા હોય. આહા ! કયાં ઈ અને કયાં અમે? અમે તો બહુ સુખી છીએ.

હવે ધર્મ કરવો છે શા માટે? સુખને માટે. અમે તો સુખી છીએ. પછી અમારે ધર્મ કરવાનું કાંઈ કારણ નથી. કેમ કે એ સુખ માને છે. (મુમુક્ષુ :- કલ્પિત માને છે.) કલ્પિત, ખોટું તદ્દન જાંજવાના જળ છે. આહા ! મૃગ છે મૃગ પાણી દેખીને મરી જાય. હરામ પાણીનું ટીપું હોય તો. પાણી તો મળે નહીં પણ એની ઠંડી હવાય એને ન આવે. એમ આને જ્ઞાનરૂપી જળની પ્રાપ્તિ તો થતી નથી પણ એની ઠંડી હવા પણ જો તત્ત્વઅભ્યાસ કરે તો આવે. એ તત્ત્વઅભ્યાસેય નહીં. તો ઠંડી હવા તો કયાંથી આવે ને પાણી તો કયાંથી મળે? આહા ! એક પૈસાનું ખર્ચ નહીં. બીજું પરાધીનતા નહીં. ગુરુ જ્ઞાન આપે તો થાય ને ગુરુ આશીર્વાદ આપે તો હિત થાય. એમ વસ્તુના સ્વભાવમાં નથી. કોઈ કોઈને આશીર્વાદ આપે નહીં અને કોઈ કોઈને શ્રાપ આપે નહીં. જો એક આશીર્વાદ આપે તો બીજો શ્રાપ આપે તો તો 'ટગ ઓફ વોર' થઈ જાય. મોટો ઝઘડો ઊભો થાય. આહાહા ! અમને તો અમારી કુળદેવીના ચાર હાથ છે. અરે ભાઈ ! મોટું અજ્ઞાન ને મિથ્યાત્વપાપ છે. શું ચાર હાથ મંડયો તું?

સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એના માર્ગમાં આવીને તું આ કુદેવ, દેવલાને પગે લાગી રહ્યો છે? આહા ! પરમાત્મા ચક્રવર્તી થઈને તું બીજાની પાસે ભીખ માંગશ? કોણ તને આપશે? ઈ દુઃખી છે. એ વ્યંતરદેવ બધા બહુ દુઃખી છે. અહીંયા આપણે બેઠા છીએ એમાં સેંકડો હજારો વ્યંતરદેવ આંટા મારે છે. બહુ દુઃખી, બહુ દુઃખી. ક્યાંય અશાંતિ, અશાંતિ અશાંતિ. આહા ! એ બધા વ્યંતરદેવ દુઃખી એ તમને શું સુખ આપે? એ પોતે જાતે દુઃખી છે. દુઃખી મરે છે એ. ચાર પ્રકારના દેવ છે. ઓલા સ્વર્ગના દેવ તો અહીં આવતા નથી. માટે વ્યંતરદેવ છે. જયોતિષી અહીં આવે નહીં. ભવનવાસી નીચે છે. એટલે વ્યંતર છે આ ભૂતળા દુઃખી આંટા મારે છે. કુતૂહલ કરે છે. એમાં વાતમાં માલ નથી.

અરે અહીંયા દેવાધિદેવ ચૈતન્ય પરમાત્મા બિરાજમાન છે. એની આરાધના કર ને ભાઈ ! આ બધા ફાંફા મારવા છોડી દે. એમાં સુખનો છાંટો નથી. કોઈ તને સુખ આપવા જનમ્યો નથી. કોઈ તને દુઃખેય આપી શકે નહીં અને કોઈ તને સુખ આપી શકતું નથી. અજ્ઞાનથી દુઃખ અને આત્મજ્ઞાનથી સુખ. બસ ! આહા ! નવ તત્ત્વના નામેય આવડે નહીં. શ્રીમદ્જીના વખતમાં પણ શ્રીમદ્જીએ કહ્યું'તું કે અત્યારે કોઈ આંગળીના વેઢે ગણાય એટલા માત્ર નવ તત્ત્વના નામ જાણનારા, ભાવને તો નહીં. માત્ર નામ જાણનારા આંગળીને વેઢે ગણાય એટલા છે. એમ કહેતા હતા. અત્યારે વળી કાળ સારો છે કે છદ્રવ્ય ને નવ તત્ત્વનો અભ્યાસ ઘણા જીવો કરી રહ્યા છે. પણ એમાં સંતોષ પામવા જેવું નથી. આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્યાં સુધી શુધ્ધાત્માના પ્રત્યક્ષ દર્શન ન થાય, સ્વાનુભવ ન થાય, ભવનો અંત ન આવે ત્યાં સુધી ક્યાંય અટકીને સંતોષ પામવા જેવું નથી. હવે કહે છે કે એ વિકાર હેતુઓ કેવળ અજીવ છે. આવા આ નવ તત્ત્વો જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, આહાહા! ત્રિકાળી સામાન્ય ચિદાનંદ આત્મા છે. એનો જે ત્રિકાળ સ્વભાવ છે એને છોડીને પોતે અને પર જેમના કારણ છે. પોતે એટલે જીવના પરિણામ અને પર એટલે અજીવના પરિણામ. જીવદ્રવ્ય સ્વભાવ છે એનામાં પરિણમવું નથી. એ નિષ્ક્રિય છે. ક્રિયાથી રહિત છે. પર્યાયમાં ક્રિયા થાય છે. પર્યાય સક્રિય છે, દ્રવ્યસ્વભાવ ત્રણેકાળ નિષ્ક્રિય છે. આહા ! આ શું સક્રિય ને શું નિષ્ક્રિય? શું પરિણામ ને, શું પરિણામી અને શું અપરિણામી? શું નવ તત્ત્વના ભેદો ને શું નવ તત્ત્વથી ભિન્ન અભેદ સામાન્ય આત્મા?

કાંઈ અભ્યાસ નહીં પછી ઘણાને ઝીણું પડે. ઘણા કહે છે કે આ વાત તો સારી છે, ગમે છે. એટલો અવાજ તો કાન ઉપર આવે છે, કે વાત તો આ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે. એ વાત તો સારી છે, ગમે છે. અને સાંભળીએ છીએ ત્યારે પ્રિય પણ લાગે છે પણ કાંઈ બહુ સમજાતું નથી. સમજાતું નથી એટલે સમજવાનો હું પ્રયત્ન કરતો નથી. સમજાતું નથી એટલે શું? કે હું સમજવાનો પ્રયત્ન કરું તો સમજાયને? હું તો સમજવાનો પ્રયત્ન કરું ને અહીંયા એક કલાક સાંભળું ને બાકી આપણે પછી ટી.વી. ચાલુ. આહા ! ટી. વી.ની સામે બેસી જાય. કયાંથી હવે. આહા ! ટી.વી. જોવાનો ટાઈમ મળે પણ આ અંદરમાં જે ટી.વી. છે એને જોને ! એના એક વાર દર્શન તો કર. આહાહા ! એનો અર્થ એમ નથી કે કોઈ ગૃહકામ છોડીને બધા બાવા થઈ જાય એમ નહીં. પણ કાંઈક કલાક, બે કલાક, ત્રણ કલાક આખા દિવસમાં તત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ.

એક વખત રાજકોટમાં એવો બનાવ બન્યો, ગુરુદેવ પધાર્યા હતા. ત્યારે એક ભાઈ સવારના આઠથી રાતના આઠ સુધી નોકરી કરતા હતા. ટાઈમ મળે નહીં. વ્યાખ્યાનમાં આવવાનો ટાઈમ નહીં, બપોરે વ્યાખ્યાનમાં ટાઈમ મળે નહીં, રાત્રે ચર્ચામાં આવી ન શકે. એટલે રવિવારનો દિવસ અને એ ભાઈ પોતે આવ્યા. કારીગર ટાઈપના માણસ અને સાઈકલ ઉપર જાય. અહીંયા તો બધા મોટરમાં જાય આપણે ફેકટરી ઉપર. ફેકટરી ઉપર અહીં તો બધા મોટરમાં જાય છે. અને ત્યાં તો સાઈકલ ઉપર હો ! તે થાકયો પાકયો હોય (એટલે) બિચારો રાત્રે વાંચનમાં આવી ન શકે. રવિવારને દિવસે ભાઈ આવ્યા અને ગુરુદેવને પ્રશ્ન કર્યો, કે પ્રભુ મારે ધર્મ તો કરવો છે અને આપ ફરમાવો છો કે કાંઈક કલાક, બે કલાક વાંચન, ચિંતવન, મનન કાંઈક અભ્યાસ કરવો જોઈએ પણ મને ટાઈમ મળતો નથી. ટાઈમ મળે તો જરૂર મારે આ કામ કરવા જેવું છે એવું મને લાગે છે. ગુરુદેવ તો વિચિક્ષણ પુરુષ. કહે ભાઈ તમારી વાત તો સાચી છે. (પણ) તમે કેટલા વાગ્યે કામે ચડો છો? કહે આઠ વાગ્યે તો અમારે ત્યાં પહોંચવું જોઈએ. તો ઘરેથી કેટલા વાગ્યે નીકળો છો? કહે સાડા સાતે તો નીકળી જાવ છું. તો તમે ઊઠો છો કેટલા વાગ્યે? કહે લગભગ સાડા છએ ઊઠીને સાડા સાતે તૈયાર થઈ જાવ છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાડા છએ ઊઠો છોને? (તો) કાલથી સવારના પાંચ વાગ્યે ઊઠો અને બાળકો બધા સુતા હોય. કાંઈ કલબલાટેય ન કરે અને શાંતિથી તમે તમારો સ્વાધ્યાય કરી લ્યો. તો તમને ટાઈમ મળે. ટાઈમ ન મળે એ કેમ? કેમ કે રુચિ હોય તો ટાઈમ મળે પણ એને રુચિ નહીં એટલે ટાઈમ ન મળે.

હવે રુચિવાળા જીવો પૈસા કમાવા માટે અહીંયા બાવીસ બાવીસ કલાક કામ કરે છે. અહીંયા લંડનમાં હોં ! આહાહા ! આપણે નામની કાંઈ જરૂર નહીં. આહા ! નામ ન અપાય. પણ અરે ! આવો મનુષ્યભવ મળ્યો, રતન જેવો મનુષ્ય દેહ મળ્યો, આવા ગુરુ મળ્યા, આવા શાસ્ત્રો મળ્યા. દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળ્યો. કાંઈક શરીરની પણ સુખાકારી, બધી ઈન્દ્રિયો સતેજ અને ગૃહસ્થ અવસ્થામાં એને જે કાંઈ આજીવિકાનું સાધન મળવું જોઈએ એ પણ મળ્યું, એના કરતાંય અનેકગણું મળ્યું. તો પણ એને પોતાના આત્મા માટે ટાઈમ મળતો નથી. આહાહા ! (મુમુક્ષુ :- ટાઈમ લેતો નથી.) ટાઈમ લે તો મળેને? પણ આમાં એને આ દેખાતું નથી. ઓલું બજારમાં, વેપારમાં જાય આ દેખાય છે. અરે ભાઈ ! આ જ્ઞાનલક્ષ્મી કોઈ અપૂર્વ ચીજ છે તને એની કાંઈ કિંમત નથી. તને જડની કિંમત છે પણ ચૈતન્યઆત્માની કિંમત નથી. (મુમુક્ષુ :- જડ અહીંયા રહી જશે.) આહા ! જડ અહીંયા રહી જશે. ખરેખર તો જડમાંય મમતા કરે છે. જડ તો એની પાસે આવતુંય નથી. સોનું, ચાંદી, પૈસા, પાઉન્ડ, નોટ, બેંક. દુકાન તો એની પાસે આવતી નથી. એની પાસે આવે છે તો મમતા આવે છે. કે આ મારું. બસ, એના ક્ષેત્રમાં મમતા થાય. પણ એક રજકણ એના ક્ષેત્રમાં આવી જાય અને આત્માનું બની જાય. એમ ત્રણકાળમાં બનતું નથી.

કેમ કે સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયનો અભાવ છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ (તે) સ્વચતુષ્ટય છે. એમાં રજકણનો ત્રણેકાળ અભાવ છે. આહા ! (મુમુક્ષુ :- મમત્વ કરીને પોતાનું માન્યું છે.) મમત્વ કરીને દુઃખી થાય છે ભાઈ. એ જ્ઞાનીઓ સુખી થવું હોય તો મમતા છોડવા માટે ઉપદેશ આપે છે. જ્ઞાનીઓ તો કહેતા જાય છે અને ચાલ્યા જાય છે. આ ભારતની અંદર એવો પ્રવાહ છે.

ભારતમાં, જ્ઞાનીઓ થાય છે, જન્મે છે, કહેતા જાય અને ચાલ્યા જાય. તીર્થંકરનો કાળ હોય, તીર્થંકર કહેતા જાય અને મોક્ષમાં ચાલ્યા જાય. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજ એ પણ કહેતા જાય અને ચાલ્યા જાય. અને સાધક શ્રાવક અને અવિરતસમ્યગ્દષ્ટિ કોઈ પાકે, તો એ પણ કહેતા જાય ને ચાલ્યા જાય. કોઈ અહીંયા રોકાતા નથી. પણ એના સ્વરૂપમાં લીન રહી શકે નહીં ત્યારે દુઃખીયા પ્રાણીને જોઈને એને નિષ્કારણ કરુણા આવે છે. કોઈ શાસ્ત્ર લખે છે, અને કોઈને સમજાવવાનો વિકલ્પ ઊઠે છે જેમ ગુરુદેવને ઊઠતો હતો એમ. પણ કહેતા જાય અને ચાલ્યા જાય છે. આહાહા ! અરે જ્ઞાનીઓ કહે છે સાંભળો રે સાંભળો, આત્માનું સ્વરૂપ નહીંતર તમારો વખત ચાલ્યો જાય છે. સોનેરી તક ચાલી જાય છે. માટે કેવળ પોતાનું હિત કરવા માટે આ કલાક, બે કલાક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વાધ્યાય, ચિંતવન, સત્સમાગમ. સત્સમાગમની બહુ જરૂર છે. અહીંયા લંડનમાં સત્સમાગમ એ પ્રકારનો નથી મળતો. સત્સમાગમની કોઈ ગોઠવણ થાય તો એ બધું સારું છે. એ બધી વિચારણા હમણાં નવવાગ્યે કાંઈક જાહેરાત કરશે. આહાહા !

કહે છે, પોતે અને પર જેમના કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે. એક પર્યાયથી જોવામાં આવે તો પરિણામ થાય છે. પરિણામ નથી એમ નહીં પણ પરિણામ તે જીવ નથી. જીવના પરિણામ છે પણ તે જીવ નથી. જીવ એનાથી જુદો છે. કેમ કે પરિણામ નાશવાન છે અને જીવતત્ત્વ અવિનાશી છે. એક સમયની અવસ્થા પ્રગટ થાય અને વ્યય થાય. અને આત્મા તો એવો ને એવો સદશ રહે છે. પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત, જે પોતાના ત્રિકાળ સામાન્ય સ્વભાવને છોડે નહીં. અસ્ખલિત. પાણી અવસ્થામાં ગમે તેટલું ઉષ્ણ થાય તો પણ પાણી, જળ, વોટર એનો પોતાનો મૂળ શીતળ સ્વભાવ કદી પણ છોડે નહીં. પાણી એનો શીતળ સ્વભાવ કાયમ રાખે છે. માત્ર એની અવસ્થામાં ઉષ્ણતા પ્રગટ થાય છે.

એમ સર્વકાળે અસ્ખલિત, અસ્ખલિત એટલે જે પરમપારિણામીકભાવ ચૈતન્ય સામાન્ય છે એ પોતાનો સ્વભાવ કદી છોડે નહીં. જીવદ્રવ્ય જે છે સામાન્યતત્ત્વ છે તે પોતાના સ્વભાવને છોડતું નથી. સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને, શું વિભાવ અને શું સ્વભાવ? શું પર્યાય અને શું દ્રવ્ય? એનો પણ હજી કાંઈ અભ્યાસથી ખ્યાલ ન લ્યે તો એને ધર્મ કેવી રીતે થાય? એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આહાહા ! જીવસામાન્ય અને એમાં વિશેષ પરિણામમાં કર્મ નિમિત્ત. આ ત્રણ પ્રકારની સ્થિતિ છે. તો પણ સામાન્ય જીવ સ્વભાવની સમીપે જઈને જોવામાં આવે તો, આ પરિણામને અને કર્મના ઉદયને થતો નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ઉત્પન્ન થતાં નવ પ્રકારના ભેદો એ વસ્તુમાં નથી. અભેદમાં ભેદ નથી. અભેદની દૃષ્ટિ જોતાં અભેદ સામાન્ય એકરૂપ દેખાય છે. એમાં નવ ભેદ નથી. નવ ભેદ પરિણામની દૃષ્ટિથી જુઓ તો નવ પ્રકાર છે. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો એમાં નવ પ્રકાર નથી. એમાં અનાદિ-અનંત એક જ પ્રકાર છે.

છે તો અંદરમાં દ્રવ્ય ને પર્યાય વચ્ચેનો વિચાર. આથી કાંઈ આઘે બહાર જવાની જરૂર નથી. કેમ કે પરનો વિચાર કરવામાં તો એ આત્માનો વિચાર જ તદ્દન છૂટી જાય છે. પણ આત્માના વિચારમાં આત્માના બે પડખા છે. એક સામાન્ય દ્રવ્યરૂપ પડખું જે અનંતગુણાત્મક છે. અને વર્તમાન એક પરિણામનું પડખું કે જે સમયે સમયે પરિણામ પ્રગટ થાય અને સમયે સમયે નાશ થાય. એવું એક પરિણામનું ધારાવાહીક પડખું. અને ધારાવાહીક દ્રવ્ય સામાન્યનું પડખું. બે અનાદિ-અનંત છે. પરિણામ પણ અનાદિ-અનંત અને દ્રવ્ય સ્વભાવ પણ અનાદિઅનંત રહેલો છે. કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલું ને કોઇ પછી એમ નથી. પરિણામ પહેલાં કે દ્રવ્ય પહેલું? કે અનાદિઅનંત ! દ્રવ્ય ને પર્યાય બેય અનાદિઅનંત છે. અનાદિકાળથી છે અને અનંતકાળ દ્રવ્ય પણ રહેશે અને દ્રવ્યના પરિણામ પણ (રહેશે), ભલે સમયવર્તી છે. દ્રવ્ય ત્રિકાળવર્તી છે. પરિણામ સમયવર્તી છે. ભલે ત્રિકાળવર્તી દ્રવ્ય અને સમયવર્તી પર્યાય પણ એ ત્રણેકાળ છે. પરિણામ પલટે છે. દ્રવ્ય એવું ને એવું રહે છે.

તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. આહાહા ! અંતરદષ્ટિથી જોવામાં આવે તો એકલા શુદ્ધઆત્માના દર્શન થાય છે. શુદ્ધાત્માની સમીપે અંતર સન્મુખ થઇને જોવામાં આવે, શુદ્ધાત્માનું જયારે ધ્યાન કરવામાં આવે ત્યારે ધ્યાનમાં ધ્યેયરૂપ શુદ્ધાત્મા એકાકાર સ્વરૂપે બિરાજમાન છે એમ દેખાય છે, અનુભવમાં આવે છે. એમાં આ નવ પ્રકારના ભેદો બિલકુલ દેખાતા નથી. એમાં નથી એવા આત્માને જયારે જુએ ને શ્રદ્ધામાં લ્યે ત્યારે એને આત્માના અનુભવરૂપ ધર્મ પ્રગટ થાય, વીતરાગભાવ પ્રગટ થાય.

આ એમ લાગે કે આ વાત તો નવી લાગે છે. ભાઇ આ વાત નવી નથી. આ તો અનાદિની આ વાત છે. એ વાતનો લોપ થઇ ગયો'તો. અને જગત આખું ક્રિયાકાંડમાં પડયું'તું ને પુણ્યથી ધર્મ થાય એમ માનતા'તા અને અનુમોદન પણ કરતા'તા. જગતના જીવોને બંધનું કારણ હતું એને મોક્ષનું કારણ માનતા'તા. એવામાં એક યોગી ધર્માત્મા પાકયા, જેણે આ બધું સ્પષ્ટીકરણ કર્યું કે ભાઇ જીવના પાપના પરિણામ, પુણ્યના પરિણામ ને ધર્મના પરિણામ એ જીવ કરે તો ત્રણ પ્રકારના પરિણામ કરે એટલી એની મર્યાદા છે. પણ એનાથી આગળ જઇને આંગળી ચલાવે કે આંખની પાંપણ ઊંચી-નીચી કરે એ આત્માનો ધર્મ નથી. એમ માને એ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. એમાં ભાવ હિંસા થાય છે. એમાં પોતાના ચૈતન્યપ્રાણ હણાઇ જાય છે. રાગની ઉત્પત્તિ થતાં સંજ્ઞી પંચેન્દ્રિયનો ઘાત થાય છે. આ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે. એના આત્માના પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થવા જોઇએ એ ન થતાં મિથ્યાદર્શન આદિ પરિણામ થાય છે તો એ આત્માના પરિણામમાં શાંતિ હણાઇ જાય છે. એ શાંતિનું હણાવું તેને હિંસાના પરિણામ કહેવામાં આવે છે. અને આત્મા આશ્રયે શાંતિ પ્રગટ થાય એવા વીતરાગી પરિણામને પરમાત્મા અહિંસા તત્ત્વ કહે છે. આ અહિંસા પરમો ધર્મ છે. બીજા જીવને બચાવવાનો કરુણાનો ભાવ આવે એ પુણ્ય બંધનું કારણ છે. અને પોતાના આત્માને પુણ્ય-પાપથી બચાવી અને આત્માનો અનુભવ કરતાં વીતરાગ પર્યાય પ્રગટ થાય તેને પરમાત્મા નિશ્ચયઅહિંસા કહે છે.

એવી નિશ્ચય અહિંસાવાળા જીવને બીજા ઉપરનો કરુણાનો ભાવ આવે તો એને વ્યવહાર અહિંસાના પરિણામ કહેવામાં આવે છે, કે જે બંધનું કારણ છે. પુણ્યબંધનું કારણ થાય. શું નિશ્ચય? શું વ્યવહાર? શું ઉપાદાન? શું નિમિત્ત? અને એના પુસ્તકો કેટલા બહાર પડયા એ પણ એને વાંચવાનો ફુરસદ, ટાઇમ નહીં. છાપાઓ વાંચે, મેગેઝીન વાંચે, મેગેઝીન તો પાછા ઢગલાબંધ આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મેગેઝીન એક ન આવે, ઘણા મેગેઝીન આવે. આહાહા ! એ વાંચવાનો ટાઈમ મળે પણ એને મારું ખરું સ્વરૂપ શું છે એવા જે શાસ્ત્રો એને વાંચવાની પણ ફુરસદ નથી.

તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી, આહા ! મહાસિધ્ધાંત કોહીનૂરના હીરા આમાં ભર્યા છે. નજર પડે તો ન્યાલ થઈ જાય. નજરનું કામ છે. નજર પડે તો ન્યાલ થઈ જાય. આ નજરનું કામ છે. આ કળનું કામ છે. આમાં બળ કામ આવે એમ નથી. એક ગામડું હતું ગામડું. અમારા પિતાશ્રી વાત કરતા હતા. એ ગામડાની ભાગોળે બહાર એક બહુ ધનવાન વાણીયો હતો. અને પાછળ કોઈ ખાનાર પીનાર નહીં. એને વિચાર આવ્યો કે આ મારા ધનનું શું કરવું? વિચાર કરતાં કરતાં એને એમ વિચાર આવ્યો કે આ ધન કોઈ બુધ્ધિવાન પાસે જાય તો સારું. કોઈ મુરખ પાસે ન જાય અને કોઈ બુધ્ધિવાન જીવ હોય એની પાસે ધન જાય તો સારું. હવે બુધ્ધિવાન મારે ગોતવો કયાંથી? એના કરતાં એને એક રસ્તો સુઝયો. કે ગામની ભાગોળે એણે એક પોલો પથ્થરનો માણસ બનાવ્યો. માણસ બનાવ્યો પણ પથ્થર તદ્દન પોલો. સાવ પોલો અને એની અંદર એણે રૂપિયા ભર્યા. ગીની સોનું બધું ભર્યું. અને ગામની ભાગોળે એ પથ્થરની આડમાં ઊભો રાખી દીધો. એમાં લખ્યું'તું માથું વાઢે તે માલ કાઢે. એના ઉપર એમ લખી નાખ્યું 'માથું વાઢે તે માલ કાઢે.'

બધા આજુબાજુના રસ્તા ઉપર ગામડું હતું તો ગામડાવાળાઓ જતા હોય આવતા હોય આમ વાંચે 'માથું વાઢે તે માલ કાઢે.' હવે આપણે માથું વાઢીએ પછી આપણે કયાં માલ જોવાના છીએ? આપણે શું કામ માથું વાઢવું જોઈએ? એમ કરતાં કરતાં ઘણા દિવસ ચાલ્યા ગયા. એમાં કોઈ વિચિક્ષણ વાણીયો નીકળ્યો અને જોયું, બે ઘડી વિચાર કર્યો કે આ શું છે? આમાં કાંઈક રહસ્ય લાગે છે? 'માથું વાઢે તે માલ કાઢે.' તો માથું જયારે પોતાનું વાઢી નાખે તો તો માલ કાઢનાર તો મરી જાય. તો 'માથું વાઢે તે માલ કાઢે.' માથું વાઢે તો તો મૃત્યુ થઈ જાય. પછી કેવી રીતે માલ કાઢે? માટે આમાં કાંઈક રહસ્ય છે. માથું વાઢે અને એ માલ કાઢે તો જયાં માથું વાઢે તો તો મરી ગયો હોય, તો માલ કોણ કાઢવા જાય. માટે આમાં કાંઈક રહસ્ય છે. વાણીયો વિચાર કરતાં કરતાં કરતાં, એના પ્રારબ્ધમાંય લક્ષ્મી હશે.

પુણ્યનો યોગ, પુણ્યનો યોગ એમાં કાંઈ વાતમાં માલ નહીં. તો એને વિચાર આવ્યો કે, આ તો એમ કહે છે કે આ પથ્થરનું માથું કાપી નાખીએ તો એમાં માલ ભર્યો છે ને માથું વાઢે તે માલ કાઢે. એને ખ્યાલ આવી ગયો પણ દિવસનો ટાઈમ હતો વાણીયો પાકો. અટાણે (અત્યારે) આનું માથું વાઢીએ અને માલ કાઢીએ તો તો લૂંટારા આવીને લૂંટી જાય તો બધાયને ભાગ આપવો પડે. નિરાંતે ઘરે જઈને સુઈ ગયો અને રાતના બે વાગ્યે ઘોડા ઉપર આવ્યો. અને એક લોઢાનો દસ્તો કે કાંઈક હથીયાર લઈને (આવ્યો). આવી ને સીધું માથા ઉપર માર્યું. ડોકું નીચે પડી ગયું, પથ્થર નીચે પડી ગયો અને અંદરમાં માલ ભર્યોતો એ બધો કાઢયો. કાઢીને ખડિયો, ઓલો કપડાનો ખડિયો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોયને? ગામડામાં તો એને ખડિયો કહેવાય. એ ખડિયામાં બધો માલ ભરી અને રાતના ત્રણ વાગ્યે ચાર વાગ્યે ઘેરે જઈને નિરાંતે સૂઈ ગયો. સવાર થયું ને માણસો નીકળવા માંડયા. અરે ! આ આનું તો માથું ઊડી ગયું છે. અને આમ જોવે તો પોલું. આહાહા ! અરે આમાં માલ હતો. માથું વાઢે તે માલ કાઢે એ આનું માથું વાઢી ગયો કોક અને માલ આમાંથી ખાલી કરી ગયો. આપણને કાંઈ સૂઝ્યું નહીં.

આ એમ છે. એ અહીંયા જ્ઞાનની કળા વડે તમે પરિણામનું લક્ષ છોડી ને સંયોગનું લક્ષ છોડી ને એક વખત સ્વભાવની સમીપે જઈને આત્માનો અનુભવ કરો તો ન્યાલ થઈ જવાની એવી વિદ્યા ભેદજ્ઞાનનો મંત્ર ગુરુદેવ આપણને આપી ગયા છે. આહાહા !

ગુરુદેવે આત્માનું સ્વરૂપ તો બતાવ્યું પણ આત્માનો અનુભવ કેમ થાય એની ડુપ્લીકેટ ચાવી બનાવી, ચાર લાખ ચાવી બનાવી. અને ચાર લાખ ભકતોને ચાવી આપી દીધી. ચાવી આપી ગયા છે. પણ ચાવી તો ખીસ્સામાં છે (એટલે) ગમે ત્યારે આપણે આત્માનો અનુભવ કરી લેશું. ધર્મ તો ગમે ત્યારે કરી લેશું અત્યારે શું કામ છે? મોટા થાશું ત્યારે ધર્મ કરશું અને ગુરુદેવ ચાવી તો આપી ગયા છે.

ઉપયોગ બહાર ભમે છે એ ઉપયોગને અંતર સન્મુખ લેતાં એને અનુભવ થાય છે. એ વાત તો અમે જાણીએ છીએ. હવે આજે ઉપયોગને અંતર સન્મુખ કરવાને બદલે પછી કરશું. હમણાં વેપાર મોસમ બહુ સારી છે. ધર્મ તો જ્યારે નવરા થાય ને ત્યારે કરાય અને કાં મોટી ઉંમરે થાય. હમણાં કાંઈ ઉતાવળ કરવા જેવી નથી. આ એમ ને એમ આયુષ્ય પૂરું થઈ જાય અને ચાવી ખીસ્સામાં રહી જાય. તેનો ઉપયોગ થાય નહીં. ડુપ્લીકેટ એટલે સમજાણું? એટલે અવશ્ય આત્માનો અનુભવ થાય. તાળું ખુલી જાય. ડુપ્લીકેટનો એવો સિધાંત છે. કેમ કે પોતે આત્માનો અનુભવ કર્યો ને ચાવી તો એની પાસે છે. પણ ડુપ્લીકેટ કરીને આપી એટલે કે માર્ગ બતાવ્યો કે આ રીતે તમે તમારા આત્માની સન્મુખ થાવ અને પરથી વિમુખ થાવ તો અંદરમાં આત્માનો અનુભવ, નિધિ પડી છે. આહાહા !

અંદરમાં સુખનું નિધાન એટલું ભર્યું છે (કે) સાદી અનંતકાળ એ સુખનો ભોગવટો કરે તો પણ અખૂટ ખજાનો સુખ ખૂટે નહીં. કાળેય ખૂટે નહીં અને સુખેય ખૂટે નહીં. શું કહ્યું? કે સુખને ભોગવતાં ભોગવતાં ભોગવતાં અનંતકાળ ચાલ્યો જાય. મોક્ષ થાયને ત્યારે સાદી અનંત અનંત અનંત અનંત અનંતકાળ ભવિષ્યનો. આત્મામાં કાળ ખૂટે નહીં અને સુખ ખૂટે નહીં. સુખેય ખૂટે નહીં અને કાળેય ખૂટે નહીં. એવી એક નિધિ અંદરમાં છે. એનું અવલોકન કરતાં આત્માને આત્માનો અનુભવ આ કાળે થઈ શકે છે. માટે આચાર્ય મહારાજ કહે છે કે આ નવ તત્ત્વના પરિણામના જે ભેદો છે ને એ ભલે રહ્યા. પરિણામને પરિણામમાં રહેવા દે. પરિણામને પરિણામમાં રહેવા દે. એને આઘું પાછું કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરવું નથી. એને પરિણામને પરિણામમાં રહેવા દે. એને પરિણામને આઘું પાછુંકાંઈ કરવું નથી. અને આઘું પાછું કરવાનું બંધ કર અને પરિણામનું લક્ષ છોડી દે. પરિણામને જાણવાનું પણ બંધ કરી દે અને ત્રિકાળી સામાન્ય ચિદાનંદ આત્મા છે એની દૃષ્ટિ કર અને અનુભવ કર તો ન્યાલ થઈ જાઈશ.

એ દૃષ્ટિથી જોતાં, તેથી આ નવે તત્ત્વોમાં એની મધ્યમાં રહેલો શુધ્ધાત્મા ભૂતાર્થનયથી એક જ પ્રકાશમાન છે. આ નવ તત્ત્વ કાંઈ જુદા જુદા દેખાતા નથી. એક શુધ્ધાત્મા દૃષ્ટિમાં આવે છે. એમ તે, એકપણે પ્રકાશતો શુધ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે. આવા શુધ્ધાત્માનો અનુભવ તેનું નામ આત્મખ્યાતિ, આત્મપ્રસિધ્ધિ છે. રાગની પ્રસિધ્ધિ ને દુઃખની પ્રસિધ્ધિ તો અનંતકાળથી ચાલતી હતી. હવે રાગ ને દુઃખની, પ્રેમ ને પ્રીતિની એકતાબુધ્ધિ છૂટી ગઈ અને ભગવાનઆત્માના દર્શન થતાં એને અંદરમાં એક નવી દિશા મળી.

તે આત્મખ્યાતિ જ છે. આત્મખ્યાતિ તે જ સમ્યગ્દર્શન છે. આત્માની પ્રસિધ્ધિ થઈ. જ્ઞાન જે અનંતકાળથી પરની પ્રસિધ્ધિ કરતું હતું (તે) અજ્ઞાન હતું. હવે પરની પ્રસિધ્ધિ બંધ કરીને સ્વની પ્રસિધ્ધિ જયાં જ્ઞાનમાં આવી અને શ્રધ્ધામાં આત્મા આવ્યો ત્યાં એ આત્માનું શ્રધ્ધાન ને આત્માનું જ્ઞાન પ્રગટ થયું એને પરમાત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહે છે. અને તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે ધર્મના વીતરાગી પરિણામ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે. આમાં કોઈ પણ પ્રકારનો કયાંય બાધ આવતો નથી. પરિણામ પણ છે અને આત્મા પણ છે.

પરિણામ ઉપરથી લક્ષ છોડી અને તું આત્મા ઉપર લક્ષ લાવ. જાણતાં તો તને આવડે છે. પરિણામને તું જાણવા રોકાણો છો. ક્રોધ, માન, માયા, લોભ એને બદલે પરિણામથી ભિન્ન અંદર જ્ઞાનમય આત્મા છે એની તું અંતર સન્મુખ થઈ એકવાર તું દૃષ્ટિ દઈ અને એકવાર તું અનુભવ કર તો એ અનુભૂતિનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. અને એ ધર્મધ્યાન છે, એનું નામ નિશ્ચય રત્નત્રયના પરિણામ છે. એનું નામ મોક્ષનો માર્ગ છે. એનું નામ સંવર-નિર્જરા છે. એનું નામ સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચના છે. એનું નામ ગ્રહણપૂર્વકત્યાગ છે. શુધ્ધાત્માનું ગ્રહણ ને મિથ્યાત્વનો ત્યાગ. ભગવાન ગ્રહણપૂર્વકત્યાગની વિધિ ફરમાવે છે. આત્માના ગ્રહણ વિના એ ત્યાગ થઈ શકતો નથી. ગ્રહણ સાપેક્ષ ત્યાગ એને પરમાત્મા ત્યાગ કહે છે. ગ્રહણ નિરપેક્ષ ત્યાગ એને તો ધર્મનો ત્યાગ થઈ જાય છે. એને કાંઈ ખબર પડતી નથી. વખત થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


## લંડન મંદિરનાં પાયામાં પૂ.ભાઈશ્રીની લંડન મુલાકાતથી જ સ્થાપના

પણ અહીંના ભાઈઓના ખૂબ આગ્રહ ભરેલા પત્રોથી વિચાર થયો કે એક વખત લંડન જવું. મેં નિર્ણય કર્યા પછી અહીંથી જે પત્રો આવતા હતા એમાં એમ ઉલ્લેખ હતો કે અહીંયા કોઈ મંડળ નથી. અમુક ભાઈઓ અને બહેનોએ સાથે મળીને આ એક યોજના અમે વિચારી છે. એટલે અહીંયા મંડળની કોઈ સ્થાપના કે વ્યવસ્થા નથી એ મને એના પત્ર ઉપરથી ખ્યાલ આવેલો. ત્યારે મારા આવવાનો નિર્ણય થયો ત્યારે ભારતમાં જ મને એક વિચાર આવેલો કે લંડન ગયા પછી થોડા દિવસ ત્યાં વાંચન કર્યા પછી જો ત્યાંનું વાતાવરણ અનુકૂળ લાગે અને લોકોને ધર્મ સમજવામાં રસ હોય એમ દેખાય તો અહીંયા એક મંડળની સ્થાપના કરવી. અને નાના પાયા ઉપર મંડળની સ્થાપના કર્યા પછી દરેક જગ્યાએ, ભારતમાં મેં મારી નજરે જોયું છે કે નાના પાયા ઉપર શરૂ થયા પછી એનું મોટું ઝાડ થઈ જાય છે. અને જયાં એક રૂમ ભાડે લઈ અને ભૂતકાળમાં પાંચ જ માણસ સ્વાધ્યાય કરતા હતા ત્યાં આજે સેંકડો મુમુક્ષુઓ થઈ ગયા છે. જીજ્ઞાસુ તત્ત્વપીપાસુ થયા છે. સ્વાધ્યાય મંદિરો થયા અને મંદિરો પણ થઈ ગયા. એમ નાના પાયા ઉપરથી શરૂઆત કરતાં પણ આગળ વધી શકાશે. એટલે એક મંડળની સ્થાપના કરવી બહુ જરૂરનું છે.

અને એ મંડળની સ્થાપનામાં કોઈ હોલ લઈને પ્રાથમીક તબક્કે દર પંદર દિવસે સ્વાધ્યાયનો ક્રમ ગોઠવવો. તેમાં સ્વાધ્યાય, વાંચન, ગુરુદેવની ટેપ, વીડીયો. બહેનો આવે એને ભકિતનો પોગ્રામ એ પ્રકારે બધો કાર્યક્રમ દર પંદર દિવસે રાખવો અને એ રાખતાં એક સંગઠન વધશે, લોકોનો તત્ત્વ પ્રેમ વધશે, અભ્યાસ વધશે, પુસ્તકો પણ વેંચાણમાં આવશે. અને બહુ વ્યવસ્થિત રીતે કાંઈ થાય તો લંડનની પ્રજાની કાંઈ પ્રગતિ થાય અને આત્મહિતના કારણમાં એ એક કારણ બની જાય. એવા વિચારે એક મંડળની સ્થાપના કરવાનો વિચાર છે. જે આવતા સોમવારે મીટીંગનું અહીંયા ભાઈએ જાહેર કર્યું. તો એ મીટીંગમાં દરેક ભાઈઓ અને બહેનોએ ભાગ લેવો અને ત્યારે એક મંડળની સ્થાપના કરવી.

અને સૌ પોતપોતાના વિચારો, નવા સજેશન હોય તો પણ એ વખતે રજુ કરી શકે. તો એ વિચારણા માટે મીટીંગ રાખી છે. તો સોમવારે જરૂર આપણે બધા સાથે મળીએ અને ગુરુદેવે આપેલો આત્મહિતનો માર્ગ એને આપણે ત્વરિત રીતે અપનાવી અને સૌ આપણા આત્માનું હિત કરી અને બધા સંસારના દુઃખમાંથી છૂટી અને બધા આત્માઓ એ સિધ્ધદશાને પામે એવી ભાવનાથી આ વાત આપણે શરૂ કરીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૧૮
## તા. ૨૮-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૧૩ ઉપર પ્રવચન

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એના જીવ અધિકારની તેર નંબરની ગાથા છે. અનાદિકાળથી આત્મા પોતાના સ્વભાવને ભૂલીને દેહાદિને પોતાના માને છે, સંયોગને પોતાના માને છે. રાગાદિ પરિણામ પુણ્ય-પાપની વૃત્તિનું ઉત્થાન થાય એને પોતાનો સ્વભાવ માનીને દુઃખી થઈ રહ્યો છે. એવા અજ્ઞાની પ્રાણીઓને અજ્ઞાનના નાશને માટે અને જ્ઞાનની ઉત્પત્તિ થાય એ હેતુએ એક આ સમયસાર શાસ્ત્રની રચના થઈ ગઈ છે.

આચાર્યભગવાન પોતે ફરમાવે છે કે અનાદિકાળનો અપ્રતિબુધ્ધ અજ્ઞાની પ્રાણી છે એને અનાદિકાળથી અજ્ઞાનથી પુણ્ય-પાપની સાથે એકત્વબુધ્ધિ કરીને દેહની સાથે એકત્વબુધ્ધિ માનીને અજ્ઞાની દુઃખી થઈ રહ્યો છે. એવા અપ્રતિબુધ્ધ અજ્ઞાનીપ્રાણીને એકત્વ-વિભકત આત્માની વાત હું કહીશ, સંભળાવીશ.

આત્મા જ્ઞાન, દર્શન આદિ અનંતગુણથી એકત્વપણે છે એટલે એકપણું છે. અને પુણ્ય ને પાપના પરિણામથી આ શુધ્ધાત્મા વિભકત છે એટલો જુદો છે. જો પુણ્ય-પાપના પરિણામથી આત્મા જુદો ને ભિન્ન છે, તો આઠ કર્મ, દેહ અને સંયોગ એનાથી તો ભિન્ન જ હોય, એમાં કાંઈ કહેવાપણું રહેતું નથી. એવા શુધ્ધાત્માનું એક સમયમાત્ર પણ અંતર સન્મુખ થઈને આત્માએ આત્માનું જ્ઞાન કર્યું નથી. સમયે સમયે પોતે પોતાને જ ભૂલી ગયો છે. એ પોતાને જાણતો નથી. હું કેવો છું એવું યથાર્થ શ્રધ્ધાન કરતો નથી. એટલે એની દશામાં અજ્ઞાન ઉભું થાય છે અને અજ્ઞાનથી રાગ, દ્વેષ, મોહના વિકારી કષાયભાવો પ્રગટ થતાં આત્મા દુઃખી થાય છે.

એ દુઃખથી મુકાવાનો ઉપાય ભેદજ્ઞાનનો મંત્ર આપે છે કે, ભાઈ ! એ આત્મા છે અને એ આત્મામાં પુણ્ય-પાપના બહિર્મુખ પરિણામ પણ થાય છે. પણ એ પુણ્ય-પાપના પરિણામથી જુદો આત્મા અંતર જ્ઞાનમય બિરાજમાન છે. એને અંતર તું દૃષ્ટિમાં લે, એની શ્રધ્ધા કર. તારી શ્રધ્ધા મિથ્યા વિપરીત છે. માટે યથાર્થ આત્માના સ્વરૂપને જાણીને એને અનુભવીને એનું શ્રધ્ધાન કરવું તેને ધર્મની શરૂઆત કહે છે.

એ વિષય ચાલે છે કે નવ પ્રકારના તત્ત્વો છે ખરા, પણ એ પરિણામ થવા યોગ્ય થાય છે. પોતામાં થતાં પરિણામ પણ થવા યોગ્ય થાય છે. થવા યોગ્ય પરિણામ થાય એને હું કરું એ અજ્ઞાન ને મિથ્યાત્ત્વ છે. માટે થવા યોગ્ય પરિણામને, થતાં પરિણામને જાણવું એ આત્માનો સ્વભાવ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એ પરિણામનું કરવું એમાં કર્તાબુદ્ધિ રાખવી એ આત્માનો સ્વભાવ નથી. માટે નવ તત્ત્વના પરિણામ થવા યોગ્ય થાય છે એનું લક્ષ છોડીને અંતરમાં ચિદાનંદ આત્મા બિરાજમાન છે એનું તમે લક્ષ કરો, એનું તમે ધ્યાન કરો, એનું ચિંતવન, એનું સ્મરણ, એમાં એકાગ્રતા એના દ્વારા તમને આત્મિક શાંતિનો અનુભવ થશે. બીજો કોઈ ઉપાય નથી.

માટે જીવદ્રવ્યના સ્વભાવને છોડીને પોતે અને પર જેમના કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે, પરિણામપણે અનુભવ કરવામાં આવતાં એટલે જ્ઞાન કરવામાં આવતાં ભૂતાર્થ છે. એ પરિણામો થાય છે. જીવની અનેક અનેરી અનેરી દશાઓ થાય છે ખરી. અને એમાંય પરિણામ પરિણામનું ઉપાદાન કારણ છે, અને પરિણામનું નિમિત્ત કારણ જુના કર્મનો ઉદય છે. એમાં ત્રિકાળી ભગવાનઆત્મા એનો હેતુ નામ કારણ નથી. અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે અસત્યાર્થ છે. અંતરમુખ થઈને જ્ઞાનાનંદપરમાત્મા અંદર નિત્ય નિરાવરણ પ્રભુ-વિભુ ભગવાનઆત્મા બિરાજમાન છે તેની સન્મુખ થઈને એના ઉપર દૃષ્ટિ લગાવીને એનું જ્ઞાન કરવામાં આવતાં એ નવ તત્ત્વના પરિણામના ભેદો, અભેદમાં ભેદ નથી, એવા આત્માને શ્રદ્ધા, જ્ઞાનમાં લેતાં એ કર્તાબુદ્ધિ છૂટી જાય છે અને આત્મા સાક્ષાત જ્ઞાતા થઈ જાય છે. અને જ્ઞાતા થતાં એને આનંદનો અનુભવ આવે છે.

ત્યારે કહે છે કે જીવના સ્વભાવની સમીપે જઈને જોવામાં આવતાં નવ પ્રકારના ભેદો દેખાતા નથી. નવ પ્રકારના ક્રમે થતાં પરિણામો છે ખરા, પણ પરિણામો પરિણામમાં છે. પરિણામો દ્રવ્ય સ્વભાવમાં નથી. એમ દ્રવ્ય અને પર્યાયનું ભેદજ્ઞાન કરી, પર્યાયનું લક્ષ છોડી, પરિણામનું લક્ષ છોડી, દશાને ન જોઈને, દશાને ન જોતાં અંદર દશાવાન દ્રવ્ય સ્વભાવ છે એને એકવાર જો.

નવ તત્ત્વનું કરવું તો આત્માના સ્વભાવમાં નથી પણ નવ તત્ત્વના ભેદને પણ જાણવાનું તું બંધ કરી દે. એક થોડીક વાર તો તું બંધ કર ! નવ તત્ત્વના પરિણામો થાય ખરા પણ એના સામે જોવાનું બંધ કરી દે. એ આંખને સર્વથા બંધ કરી દે. વ્યવહારનયનો જે વિષય પરિણામમાં જે અનેકતા દેખાય છે એ અનેકતાને જાણવાનું છોડી દે. અને અનેક પરિણામથી ભિન્ન એકાકાર શુદ્ધાત્મા એ એકનો અનુભવ કર. (મુમુક્ષુ :- આંખ બંધ કરીએ તો અંધારું દેખાય છે.) આંખ બંધ કરે એ આ આંખની વાત નથી. આ આંખ બંધ કરે તો અંધારું દેખાય. પણ આ તો અંદરની જે પરિણામને જોવાની એક ચક્ષુ નામ વ્યવહારનય એટલે જ્ઞાનનો અંશ છે. આ ક્રોધ આવ્યો, માન આવ્યું, આ ક્ષમાનો ભાવ થયો, આ હર્ષનો ભાવ થયો, આ શોકનો ભાવ થયો, આ પુણ્યના પરિણામ થયા, આ પાપના પરિણામ થયા એમ એને જાણનારું એક જ્ઞાન અનાદિકાળથી પ્રગટ થઈ રહ્યું છે. એ જ્ઞાન દ્વારા આત્મા જાણી શકાતો નથી. એ જે જ્ઞાન દ્વારા કષાયના દર્શન થાય છે એ જ્ઞાન દ્વારા ભગવાનના દર્શન થઈ શકતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે જો તારે પરમાત્મા થવું હોય તો પરમાત્માના દર્શન કર. પરમાત્મા થવું હોય તો નિજ પરમાત્માનું ધ્યાન કર. જેવું એ ધ્યાન કરે છે એવો એ આત્મા થઈ જાય છે. શુધ્ધનું ધ્યાન કરતાં આત્મા શુધ્ધ થઈ જાય છે. અને હું અશુધ્ધ છું, હું વિકારી છું ને હું અપૂર્ણ છું, હું કર્મના સંબંધવાળો છું એમ અશુધ્ધઆત્માનું ધ્યાન કરનાર આત્મા પરિણામમાં મિથ્યાદર્શન આદિ અશુધ્ધતાની પ્રાપ્તિ કરે છે.

માટે ધ્યાન કરતાં તો જગતના જીવને આવડે છે. પણ ધ્યાનનો વિષય બદલાવવાનો છે. ધ્યાન કરતાં તો આવડે છે. ધ્યાન વગરનો કોઈ જીવ ન હોય. એ અનાદિકાળથી પરનું ધ્યાન કરે છે. સંયોગનું ધ્યાન કરે છે, નિમિત્તનું ધ્યાન કરે છે, કુટુંબનું ધ્યાન કરે છે, દેહના ધ્યાનમાં પડયો છે. વૃત્તિ દેહ આધિન છે અને એ પુણ્ય ને પાપના પરિણામમાં એકત્વબુધ્ધિ કરીને એનું ધ્યાન કરે છે. પણ એ ધ્યાન માઠું ધ્યાન છે. એને પરમાત્મા આર્તધ્યાન કહે છે. એ આર્તધ્યાન દુઃખરૂપ ભાવ છે. ધ્યાન કરતાં તો આવડે છે. હવે પરનું ધ્યાન છોડીને સુખી થાવું હોય તો સ્વનું ધ્યાન કર. એમ આચાર્યનો ઉપદેશ છે.

કહે છે કે જો તું નિજ પરમાત્માનું ધ્યાન કરીશને તો પરમાત્મા થઈ જાઈશ. નિજ પરમાત્માનું ધ્યાન પંચમકાળમાં થઈ શકે છે. પંચમકાળમાં ધર્મધ્યાન થઈ શકે છે. શુકલધ્યાન અત્યારે નથી. સાક્ષાત મોક્ષનું કારણ એવું જે શુકલધ્યાન. શુકલધ્યાન એટલે આત્માના નિર્દોષ, નિર્વિકારી, ઉજળા, પવિત્ર પરિણામ. સર્વથા પ્રકારે કષાયનો અભાવ થઈ અને એકલો શુધ્ધોપયોગ પ્રગટ થાય એવી શકિત અત્યારે વર્તમાન કાળના જીવમાં નથી. પણ ધર્મધ્યાન તો પ્રગટ થઈ શકે છે, કે જે મોક્ષનું પરંપરા કારણ છે.

શુકલધ્યાન એટલે શું કે જે ઉપયોગ બહાર રમે છે તે ઉપયોગને આત્મામાં રમાડવો, રમતો કરી દેવો, આત્મામાં લીન કરવો. એ એમાં બે ઘડી ઉપયોગ બહાર જાય જ નહીં. ઉપયોગ ધારાવાહીક અંદરમાં રહે એને શુકલધ્યાન કહેવાય. અને ઉપયોગ અંદરમાં આવે ને ફટ બહાર ચાલ્યો જાય, ઉપયોગ અંદરમાં આવે ને ફટ બહાર ચાલ્યો જાય એવી એક દશાને ભગવાન ધર્મધ્યાન કહે છે. એવું ધર્મધ્યાન ગૃહસ્થ અવસ્થામાં પણ પ્રગટ થઈ શકે છે. એ કહે છે કે તું આ પરિણામ થવા યોગ્ય થાય છે એનું કરવું તો મારા સ્વભાવમાં નથી. પરિણામ પરિણામથી થાય છે. પરિણામ દ્રવ્યથી થતાં નથી. એટલે આત્મા પરિણામનો પરમાર્થ દ્દષ્ટિએ અકર્તા છે.

વ્યવહારનયે કર્તા હોવા છતાં પણ નિશ્ચયનયથી જોવામાં આવે તો પરિણામનો પણ આત્મા કર્તા નથી. કર્તા નથી એટલું કહેવા માટે એનો જ્ઞાતા છે એમ કહેવામાં આવે. પણ પછી તો એનું જ્ઞાન કરવાનું પણ છોડી દે. પરિણામને જાણવાનું બંધ કરી દે. એ જોવાની આંખ બંધ કરી દે. એ આંખ એટલે કે જ્ઞાનનો અંશ જે ભેદને-પરિણામને જાણે છે એને જાણવાનું બંધ કરી દે. પરિણામનો વિવેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો કરવો કે નહીં? આ અનીતિના પરિણામ આવ્યા ને નીતિના પરિણામ આવ્યા. એમ પરિણામનો જે વિવેક કરવા રોકાય છે તેને આત્માનું ભાન થઈ શકતું નથી. વિવેક કરવો હોય તો મારા ત્રિકાળ સ્વભાવમાં આ નીતિ ને અનીતિના બેય પ્રકારના પુણ્ય ને પાપના પરિણામ એનાથી હું ભિન્ન અને જ્ઞાન ને આનંદથી અભિન્ન છું. એમ આત્માનું શરણ લે તો એને ભગવાન ખરેખર સત્ય નીતિ કહે છે. એક અનીતિના પરિણામ પાપના છે અને નીતિના પરિણામ પુણ્ય તત્ત્વ છે. એ બેથી નીતિને અનીતિના પરિણામ એ બે વચ્ચે વિવેક કરવા જાય છે તો અજ્ઞાન થાય છે. અને એ બેયથી ભિન્ન ભગવાનઆત્મા છે એનું ધ્યાન ને જ્ઞાન કરતાં એને કોઈ અપૂર્વ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. એને ખરેખર વીતરાગી નીતિ કહેવામાં આવે છે. એક આ લૌકિક નીતિ છે અને એક આ લોકોત્તર નીતિ છે.

ભગવાનઆત્માને ધ્યાન દ્વારા શ્રધ્ધા ને જ્ઞાનમાં લઈને અનુભવ કરવો એ લોકોતર નીતિ છે. લૌકિક નીતિ એ પુણ્ય બંધનું કારણ છે. અનીતિ તો પાપનું જ કારણ છે. અનીતિ માટે તો કોઈ પ્રશ્ન જ નથી. અનીતિના પરિણામ તો કરવા યોગ્ય છે જ નહીં. પણ નીતિના પરિણામમાં કર્તૃત્વમાં રોકાય તો પણ ભગવાનઆત્માના દર્શન નહીં થાય. માટે એનું કર્તાપણું છોડીને એનો જ્ઞાતા થા. પછી કહે છે કે અરે એને જાણવાનું બંધ કરી દે અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ભગવાન અંદર જ્ઞાનમૂર્તિ બિરાજમાન છે. ચિદ્ઘન, ચિદ્સ્વરૂપ આત્મા અંદરમાં બિરાજમાન છે. દેહ દેવળમાં દેહથી ભિન્ન અને રાગથી પણ ભિન્ન અને ઈન્દ્રિયજ્ઞાનના ઊઘાડથી પણ ભિન્ન ભગવાનઆત્મા અતીન્દ્રિય મહાપદાર્થ છે. એમાં એક વખત અંતરમાં જઈને અવલોકન કરો તો ભવનો અંત આવશે. આત્માને જાણ્યા વિના કદી ત્રણકાળમાં ભવનો અંત આવતો નથી.

'જયાં લગી આત્મ તત્ત્વ ચિન્હ્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જુઠ્ઠી.' અન્યમતિ કહે છે. જયાં લગી આત્મ તત્ત્વ ચીન્હ્યો નહીં એટલે અનુભવમાં ન લીધો. ત્યાં સુધી સાધના સર્વ જુઠ્ઠી. આત્માને જાણ્યા સિવાય કોઈપણ પ્રકારની સાધના કરે એ સંસાર ફળશે. એમાં મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. કદાચિત્ શુભભાવ હશે તો દુઃખી થવા માટે પુણ્ય બંધાશે અને દુઃખ ભોગવવા માટે સ્વર્ગમાં જશે. પણ સુખનો છાંટો એમાં આવવાનો નથી. માટે આચાર્યભગવાન ફરમાવે છે, વખત આવ્યો છે, કહેનારા મળ્યા છે, શાસ્ત્રો સામે છે. અને હિતાહિત વિચાર કરવાની શકિત પણ તમને પ્રગટ થઈ ગઈ છે.

તમારી સામે આજ સુધી એક જ માલ હતો ત્યાં સુધી પરીક્ષા નહોતી થતી પણ આજે બે વાત સામે આવી છે. એક પક્ષ કહે છે પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય અને એક પક્ષ જ્ઞાનીઓનો કહે છે કે આત્માનો અનુભવ કરતાં ધર્મ થાય. પુણ્ય કરતાં ત્રણકાળમાં ધર્મ ન થાય. એવી બે વાત જયારે આવી હોય ત્યારે એણે મધ્યસ્થ થઈને વિચાર કરવો. મધ્યસ્થ થઈ અને વિચાર કરીને, પરીક્ષા કરીને

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

જે સત્ય લાગે તે અપનાવવું. આ કોઈના હિત માટે નથી પોતાના હિત માટે (છે.)

અહીંયા કહે છે કે નવ તત્ત્વો, અભેદમાં અંદરમાં ભેદ દેખાતો નથી. એક અભેદનું લક્ષ કરે પછી અભેદનું લક્ષ ને ધ્યાન કર્યા પછી નવ તત્ત્વોનું જ્ઞાન થશે. પણ નવ તત્ત્વોના ભેદમાં અહમ્‌બુધ્ધિ નહીં થાય. એનો આશ્રય નહીં આવે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી, પરમાર્થનયથી, અંતરદષ્ટિથી, નિશ્ચયનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એક શુદ્ધાત્મા જ જણાય છે બીજું કાંઈ જણાતું નથી. જેમ કે અગાઉના કાળમાં ગામડાઓમાં હવે તો આખો ફેરફાર થઈ ગયો પણ અગાઉના જૂના કાળમાં, પચાસ સો વર્ષ પહેલાં ગામડામાં બ્રાહ્મણોને જમવાનું કહે. બ્રાહ્મણોને. ગામડું નાનું હોય. તે દિ' તો એ બધી વિપરીત માન્યતા હતીને. તો બ્રાહ્મણને જમવાનું કહે, ત્યાં બે દિવસ સુધી તો એને ઘરે જમે નહીં. કે શેઠને ઘરે યજમાનને ઘરે આપણે રવિવારે જમવા જાવાનું છે. તે શુક્રવારે ભૂખ્યો રહે ને શનીવારે કાંઈ ખાય નહીં. ઘરમાં કાંઈ રસોઈ જ ન થાય. કેમ કે આપણે રવિવારે તો જમવાનું છે. અને જમવામાં તો ચૂરમાના લાડવા જ હોય. અને પાછા એ પોતે બનાવે. હવે એમાં કાંઈ ઘી માં ખામી રાખે? એમાં પોતે બનાવે એમાં કાંઈ ખામી રાખે? નહીં.

એટલું માંગી લ્યે, આટલો લોટ, આટલી સાકર આટલું ઘી. જે માંગે એ દેવું જોઈએ. હવે એ લાડવા બનાવીને રવિવારે જમવા બેસે છે. હારે થોડા ભજીયા ને શાક ને દાળ ને કાંઈક કર્યું હોય પણ એ જયાં થાળ સામે આવે ત્યાં એની નજર લાડવા ઉપર જાય છે. આ દાળ, શાક, ભજીયા, પતરવેલીયા જે હોય તે એના ઉપર એનું લક્ષ નથી. સીધો એનો હાથ પડે છે લાડુ ઉપર અને એક, બે, ત્રણ લાડુ તો એમ ને એમ ચડાવી જાય. પછી લાડવા પાંચ ખાવા છે અને હજી ત્રણ ખાધા, મોઢું જરા ભાંગ્યું છે. એટલે લાડવો ખાવા માટે ભજીયું લે છે. ખારું મોઢું કરવા માટે. વિશેષ લાડુ જમવા માટે. પણ એનું લક્ષ કયાં છે? લાડવામાં. એને ભજીયા ખાઈને પેટ ભરવું નથી. એને લાડુ ખાઈને પેટ ભરવું છે.

એમ આ આચાર્યમહારાજ કહે છે. કે તારી સામે દ્રવ્ય પણ છે ને પરિણામ અનેક પ્રકારના થાય છે. દાળ, શાક, ભજીયા વગેરે અનેક પ્રકારના પરિણામો છે એ દાળ ભાતના ભજીયાના કચરાના સ્થાને એ છે. એ કચરો છે એ પેટ બગાડશે. અને લાડવા તો એ પુષ્ટિ આપશે. અસલ માલ. તો દ્રવ્ય સ્વભાવ જે આનંદથી ભરેલો લાડુ છે. લસલસતો લસલસતો ચૈતન્યરસ અંદર બિરાજમાન છે. એ તને બધું ભલે જણાય પણ ઓલું જાણવાનું બંધ કરી દે ને લક્ષ છોડી દે. પરિણામો થાય છે એનું લક્ષ છોડ. પરિણામ થયા કરશે. પરિણામ બંધ નહીં થાય. પરિણામની ક્રિયા રોકાય નહીં. પરિણામની ક્રિયા નહીં રોકાય. પણ પરિણામમાં આત્મબુધ્ધિ રોકાઈ જાય છે. લક્ષ છૂટી જાય છે. લક્ષ ફરી જાય છે અને લક્ષ ત્રિકાળીદ્રવ્ય ઉપર દેતાં ભગવાનઆત્મા એક જ જણાય છે. બીજા કોઈ ભેદો અભેદમાં ભેદ દેખાતાં નથી. આ આત્માના દર્શન કરવાની કળા છે. અને આત્માનું, નિજપરમાત્માનું જે ધ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે એ અલ્પકાળમાં પરમાત્મા થઈ જાય છે. જેવું ધ્યાન કરે એવો થઈ જાય. શાસ્ત્રમાં એક દાખલો આવે છે.

કે એક અપરિક્ષક હતો એ કોઈ ગામડામાં ગયો અને કહે ભાઈ હું ધ્યાન કરતાં શીખડાવું છું. તો કહે ભલે, એક ભાઈ કહે મારે ધ્યાન કરવું છે. મારે તો પાડાનું ધ્યાન કરવું છે. મારે તો પાડો થાવું છે. તો કહે હું ધ્યાન શીખડાવું. પછી પાડો બતાવ્યો ને પાડો ચીતર્યો અને કહે આનું તું ધ્યાન કરજે. પાડો થઈ જઈશ. થોડો વખત પોતે મનુષ્ય હોવા છતાં, પાડો ભિન્ન પદાર્થ હોવા છતાં હું પાડો છું, મારે પાડો થવું છે, મારે પાડો થવું છે. પછી હું પાડો છું. હું જ પાડો છું. એમ ધ્યાન કરતાં કરતાં કરતાં એક સમય એવો આવ્યો કે, પોતાના સ્વરૂપને ભૂલી ગયો અને ભ્રમણા થઈ ગઈ કે હું તો પાડો જ છું. હવે આ ઘરમાંથી મારે નીકળાતું નથી, શીંગડા બહુ મોટા, મારું શરીર બહુ મોટું. બધાને બોલાવ્યા કે આ દરવાજા મોટા કરો તો હું બહાર નીકળી શકું પણ ભાઈ તમે પાડા નથી, તમે તો માણસ જ છો. નીકળવાનો પ્રયત્ન કરો તો નીકળી જશો. ન નીકળાય, તમને કયાં ખબર છે? મારા શીંગડા બહુ મોટા, શરીર બહુ મોટું, હું તો પાડો થઈ ગયો છું, પાડો જ છું. પછી બે પાંચ જણા, સાત જણા સમજાવવા આવે એમાં કોઈ ડાહ્યો માણસ આવ્યો એણે કહ્યું કે આ એમ સમજે એમ નથી. કાંઈક કીમીયો કરવો પડશે.

પછી કહે તમે કોણ છો? તે કહે હું તો પાડો છું. પાડાને શું હોય? કહે મોટા બે શીંગડા હોય. બીજું શું હોય? કહે મોટું પૂછડું હોય. બીજું શું હોય? કહે ચાર પગ હોય. બરાબર છે ને? આ પાડાનું લક્ષણ છે બરાબર? તો કહે હા બરાબર છે આવો જ પાડો. તો તમારો હાથ લઈને જરા જુઓ જોઈ મને શીંગડું બતાવો જોઈ? તો હાથ આની કોર જોયો તો શીંગડું નહીં. બીજો હાથ જુઓ, કહે શીંગડું નથી. એને શંકા પડી ગઈ કે આ શીંગડા નથી તો આ શું થયું? પાડો છું તો શીંગડા હોવા જોઈએ. પછી કહે પાછળ જરા હાથ ફેરવો જોઈએ પૂછડું છે કે નહીં? પાછળ ચારે બાજુ હાથ ફેરવે ત્યાં પૂછડું કયાં હતું? આહાહા ! એને ઓલો ભ્રમ ભાંગી ગયો. તમે તો મનુષ્ય જ છો. કહે હું મનુષ્ય થઈ ગયો કહે ના, તું તો મનુષ્ય હતો જ. તું કયાં મનુષ્ય થયો છો? તું તો મનુષ્ય હતો ને થવું એમાં કયાં છે.

એમ આ શાસ્ત્રકાર દષ્ટાંત આપે છે. સમયસારશાસ્ત્રમાં આ દષ્ટાંત છે. એમ કોઈ શુધ્ધાત્માનું જયારે ધ્યાન કરે છે. જુઓ આ ધ્યાન કરવાની કળા. આજ કાલ હિંદુસ્તાનમાં ધ્યાનની શિબિરો બહુ લાગે છે. અહીંયા તો નથી લાગતી. હવે લાગશે. આહાહા ! ભાઈ તું તો પુણ્ય-પાપથી ભિન્ન શુધ્ધાત્મા છો ને ! એનું તું ધ્યાન કર ને એનું ચિંતવન ને એનું સ્મરણ કર. તો તું એના જેવો અનુભવી, જ્ઞાની થઈ જઈશ. અનુભવી જ્ઞાનીએ એને ધ્યાન કરવા માટે ધ્યેયનું સ્વરૂપ બતાવ્યું. શુધ્ધઆત્મા ધ્યેય છે. એ શુધ્ધાત્માનું સ્વરૂપ બતાવીને એને કહ્યું કે તું આવા શુધ્ધાત્માનું ધ્યાન કર. જેમાં રાગ નથી, દ્વેષ નથી, મિથ્યાત્વના પરિણામ નથી, જેમાં ચૌદગુણસ્થાન નથી, જેમાં જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્મનો સંબંધ નથી, જેને કર્મનો ઉદય લાગુ પડતો નથી, એ ઉદયમાં આત્મા જોડાતો નથી. નિરાલંબીતત્ત્વ પ્રભુ ભગવાનઆત્મા અંદર બિરાજમાન છે. એમાં એકાગ્ર થઈને એનું ધ્યાન કર. નિજપરમાત્મદ્રવ્યનું ધ્યાન કર તો તું પરમાત્મા થઈ જઈશ.

એ ધ્યાન કરે છે. ધ્યાન કરતાં કરતાં કરતાં એક સમય એવો આવે છે. પહેલાં એમ ધ્યાન કરે છે મારે શુધ્ધ થવું છે, મારે પરમાત્મા થવું છે પછી કહે, અરે ! હું જ પરમાત્મા છું. મારે શુધ્ધ થવું છે એમ નહીં. હું શુધ્ધ જ છું. એમ ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતાં એક સમય એવો આવે છે કે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ ધ્યાનમાં હું પરમાત્મા છું એમ અનુભવપૂર્વક એને શ્રધ્ધા જ્ઞાનમાં આવે છે. ત્યારે દૃષ્ટિ અપેક્ષાએ પરમાત્મા થઈ ગયો. દશા અપેક્ષાએ પરમાત્મા થતાં થોડો ટાઈમ લાગે છે. સ્વરૂપમાં લીન થશે, અલ્પકાળમાં પરમાત્મા થઈશ. એમ એને જ્ઞાન ને શ્રધ્ધામાં આવી જાય છે. એ જાણી શકે છે કે અલ્પકાળમાં મારી મુકિત થશે.

એમ અહીંયા કહે છે કે, નવ તત્ત્વના ભેદનું લક્ષ છોડી અને અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ નિજપરમાત્મદ્રવ્ય એનું તું લક્ષ કર ને એનું તું ધ્યાન કર. તો તું પરમાત્મા થઈ જઈશ. એમ એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, એકપણે અનુભવમાં આવતો શુધ્ધનયપણે અનુભવાય છે. એટલે અનુભવના કાળમાં એમ આવ્યું કે, હું શુધ્ધઆત્મા જ છું. આ અશુધ્ધતા એ મારી નહીં. અશુધ્ધતા છે એ આસ્રવતત્ત્વની છે અને શુધ્ધતા તે જીવતત્ત્વની છે. અને શુધ્ધતા જે નવી પ્રગટ થઈ તે સંવર-નિર્જરા તત્ત્વની છે. અને અશુધ્ધતા આસ્રવતત્ત્વની છે. આ બધું જ્ઞાન થઈ જાય છે. આસ્રવ-બંધનું પણ જ્ઞાન થાય, સંવર-નિર્જરાનું પણ જ્ઞાન થાય અને શુધ્ધઆત્માનું પણ જ્ઞાન થાય. શુધ્ધઆત્મા જે જાણે છે એને યથાર્થપણે નવ તત્ત્વ જાણવામાં આવે છે. જે શુધ્ધાત્માને અનુભવતો નથી તેને નવ તત્ત્વનું વાચા જ્ઞાન છે. શબ્દજ્ઞાન છે એને ભાવભાસનનું જ્ઞાન થતું નથી.

(મુમુક્ષુ :- આ પાડાના ધ્યાનની જેમ આપણને શરીરેય હું એમ થઈ ગયું છે.) ભ્રમ થઈ ગયો છે. આ મનુષ્ય તે હું, સ્ત્રી તે હું, પુરૂષ તે હું. એ પાડાનું ઓલો ધ્યાન કરે ને ભ્રમ થઈ ગયો એમ બધા અજ્ઞાનીને ભ્રમ થઈ ગયો. હું મનુષ્ય, હું નારકી, હું તિર્યંચ, હું સ્ત્રી, હું પુરુષ, હું બાળક, હું યુવાન, હું વૃધ્ધ, હું પૈસાવાળો, હું ધનવાન, હું નિર્ધન, હું મોટરવાળો, હું બંગલાવાળો એ બધી ભ્રમણા છે. એ 'વાળા' નીકળ્યા છે. ગુરુદેવ કહેતા'તા કે એક વાળો નીકળે તો બહુ દુઃખ થાય, પણ આ તો ઘણા વાળા. આ વાળો, આ વાળો. વાળા નીકળે ને? ગામડામાં પાણીની વિકૃતિ થાય ત્યારે શરીરમાં વાળા નીકળે. વાળાનું બહુ દુઃખ થાય.

કહે છે કે, આહાહા ! એ ભાઈ તું તો ચિદાનંદઆત્મા છો ને ! દેહ ઉપરથી દૃષ્ટિ છોડી દે. રાગની દૃષ્ટિ છોડ. અને અંદરમાં ચિદાનંદઆત્મા ઝળહળ જયોત બિરાજમાન છે એને એકવાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિહાળ. આ ભવમાં જાણી શકાય છે. ન જાણી શકાય એમ નથી. તો તો કોઈને ધર્મનો ઉપદેશ જ ન હોય. ધર્મ પ્રગટ થતો ન હોય તો તો ધર્મી ધર્માત્મા ધર્મનો ઉપદેશ જ ન આપત. ધર્મ આ કાળે પ્રગટ થઈ શકે છે. પણ એ આત્માના અનુભવથી ધર્મની શરૂઆત થાય છે. કોઈ ક્રિયાકાંડ પુણ્યતત્ત્વથી ધર્મની શરૂઆત થતી નથી. પુણ્ય તે ધર્મનું સાધન નથી બંધનું સાધન છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ફરમાવ્યું કે જે ભાવથી બંધ થાય એ ભાવથી ત્રણકાળમાં મોક્ષ થઈ શકે નહીં. પુણ્યના પરિણામથી બંધ થાય છે. એ પુણ્યના પરિણામથી મોક્ષ ત્રણકાળમાં ન થાય. (મુમુક્ષુ :- જે પુણ્યથી સ્વર્ગ મળે એ પુણ્યથી મોક્ષ ન થાય) જે ઔષધથી-ઝેરથી મૃત્યુ થાય એ ઔષધથી એ અમર ન થાય. એ તો મરી જ જાય.

એમ અહીંયા કહે છે કે એક શુધ્ધાત્માને જાણ. ''એક દેખીએ, જાણીએ રમી રહીએ એક ઠોર, સમલ વિમલ ન વિચારીએ યહી સિધ્ધિ નહીં ઔર'' હું શુધ્ધ છું ને અશુધ્ધ છું (એમ) બે પ્રકારના વિકલ્પને છોડીને જેવો ભગવાનઆત્મા છે એવો દૃષ્ટિમાં લઈને અનુભવ કરી લે. એક દેખીએ જાણીએ રમી રહીએ એક ઠોર. શ્રધ્ધા, જ્ઞાન ને ચારિત્ર ત્રણે આવી ગયા. શુધ્ધ છું ને અશુધ્ધ છું મલિન ને પવિત્ર (છું) એ બધા વિકલ્પ છોડી દે અને આત્મામાં લીન થા. એમ તે એકપણે પ્રકાશતા શુધ્ધનયપણે અનુભવાય છે.

આ એકડાની વાત છે. આત્માનો અનુભવ કરવો એટલે ધર્મની શરૂઆત. ચારિત્રની વાત તો કોઈ અલૌકિક ને અપૂર્વ છે. એ સમ્યગ્દર્શનથી ધર્મની શરૂઆત થાય છે અને શુધ્ધાત્માના અનુભવથી જ થાય છે. બીજી કોઈ ક્રિયાકાંડથી ધર્મની શરૂઆત થતી નથી. બધી એ અજ્ઞાનીની કલ્પના માત્ર છે. શુધ્ધનયપણે અનુભવાય છે અને જે અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) છે, આત્માની પ્રસિધ્ધિ છે. અને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આત્માનો જે અનુભવ થયો એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન એટલે જેવું સમ્યક્ એટલે સત્યાર્થ, સાચું આત્માનું સ્વરૂપ છે એવું જે શ્રધ્ધાન થવું તેનું નામ સમ્યગ્દર્શન છે. સાચું શ્રધ્ધાન થવું જેવું આત્મતત્ત્વ છે એવું અનુભવપૂર્વક શ્રધાનમાં લેવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ છે. ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ કથન નિર્દોષ છે-બાધા રહિત છે. આમાં કયાંય બાધા નથી.

ભાવાર્થ :- આ નવ તત્ત્વોમાં નવ પ્રકારના પરિણામોમાં શુધ્ધનયથી એટલે જે જ્ઞાન પોતાના ત્રિકાળી શુધ્ધાત્માને વિષય કરે એવા જ્ઞાનના અંશને, જ્ઞાનના વ્યાપારને ભગવાન શુધ્ધનય કહે છે. એ શુધ્ધનયથી જોઈએ તો જીવ જ એક ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે. અંતરમુખ થઈને આત્માનો અનુભવ કરતાં એક શુધ્ધાત્મા તે હું છું એમ જાણવામાં ને અનુભવમાં અને પ્રતીતમાં આવે છે. તે સિવાય જુદા જુદા નવ તત્ત્વો કાંઈ દેખાતા નથી. દેખાય કયાંથી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લાડવા ઉપર નજર હોય પછી ભજીયું કયાંથી દેખાય? મહારાજ પણ આમાં બીજા ઘણા ખાવા યોગ્ય પદાર્થ છે. પણ મને દેખાય તો ખાવને? મને દેખાતા નથી. તો કહે તમે આંધળા થઈ ગયા? અરે ! મારો લાડવા ઉપર હાથ જાય છે ને લાડવો લઉ છું, જો તો ખરો હું આંધળો છું કે દેખતો છું? મારું પ્રયોજન તો લાડવાનું છે. અત્યારના કાળમાં યુવાનોને એ લાડુ ભાવતા નથી પણ ભજીયા ભાવે છે. અને પછી થાય છે ગેસ. અને પછી જાય ડોકટર ન્યાં. અમારો તો સાત્વિક ખોરાક છે. અમે આ કચરો ખાતા નથી.

એમ જ્ઞાની ધર્માત્મા કહે છે કે અમારો ખોરાક, અમારું ભોજન એ તો અતીન્દ્રિય આનંદનું ભોજન કરનારા અમે છીએ. અમે રાગને ઉત્પન્ન કરીએ અને દુઃખને ભોગવીએ એ કચરો ઉત્પન્ન કરીને કચરાને અનુભવીએ એ અમારો સ્વભાવ નથી. અમે તો આનંદનું ભોજન કરનારા છીએ. ઓલો લાડુનું ભોજન કરે એમ. વિશ્વાસ નથી આવતો કે સુખ અહીંયા (અંદરમાં) છે. વિશ્વાસ જ નથી આવતો. સુખ બંગલામાં ને મોટરમાં ને કુટુંબમાં ને પુત્ર-પુત્રી, માતા-પિતા, ભાઈ-ભગિની અને ભાર્યા (પત્ની). એનું સુખ એ બહાર શોધે છે. પણ કયાંય સુખ મળે એવું નથી હોં ! ભઈ સીનેમા જોવામાં બહુ સુખ. પિકચર, માતા-પિતા કહે જોઈ આવો. જોઈને જયાં આવે, આહા ! બહુ લહેર આવી. પછી એ લહેર (મજા) અત્યારે રહી કે ગઈ? કહે એ તો ચાલી ગઈ. તો જે લહેર જાય એ આત્માનો સ્વભાવ ન હોય. આત્માનો સ્વભાવ તો ત્રણેકાળ આનંદ આવે એ આત્માનો સ્વભાવ છે. આવે ને જાય એ વસ્તુ નથી. કેમ કે એ તો પરાધીન કાલ્પનિક સુખ હતું. પર સંયોગ છૂટયા (તો) કલ્પનાનું સુખ છૂટી જાય છે.

માટે આચાર્ય ભગવાન ફરમાવે છે કે તું એક વખત આત્માનું શરણ લે. તને આ સુખની કાંઈ ખબર નથી. તું અમારા ઉપર પણ વિશ્વાસ કરતો નથી. તું દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધામાં આવ્યો પણ અમારા ઉપર તને વિશ્વાસ આવતો નથી. અમે પાંચ મહાવ્રતના પાળનારા, સત્યવ્રતના પાળનારા અમે જૂઠું ન બોલીએ. અમે તમને કહીએ છીએ કે આત્માને આશ્રયે સુખ છે અને પરઆશ્રયે દુઃખ છે. માટે પરનો આશ્રય છોડી દે અને સ્વાધીન સુખની પ્રાપ્તિ કરવી હોય તો અંતરમાં ભગવાન આત્માનું અવલંબન લે. કહે છે કે આ એક ભગવાનઆત્મા ચિત્ચમત્કાર દેખાય છે. બીજા નવ તત્ત્વો કાંઈ દેખાતા નથી. તે સિવાય જુદાં જુદા નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી.

ઓલો કહે છે મને લાડુ દેખાય છે. બીજું મને કાંઈ આ અથાણા ને કચુંબર, કાચા ને પાકા કાંઈ દેખાતા નથી. મને તો એક લાડવો દેખાય છે. એમ જ્ઞાની ધર્માત્મા ભલે આહાર કરતા હોય, ભલે ચાલતા હોય, ફરતા હોય પણ તે હરતા ને ફરતા અમે તો હરિને જોઈએ છીએ. હરિ નામ ભગવાનઆત્મા અંદરમાં બિરાજમાન છે, દુઃખને હરનાર એવો હરિ ભગવાનઆત્મા એના દર્શન કરીએ છીએ. અમને બીજું જણાવા છતાં જાણતા નથી. આહાર કરવા છતાંય આહાર કરતાં નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાલતાં છતાં અમે ચાલતા નથી. અમે તો જયાં છીએ ત્યાં ને ત્યાં છીએ. આહાહા ! અમારું ક્ષેત્ર ફરતું નથી. અમે તો સ્વક્ષેત્રમાં છીએ. પણ મુંબઇથી સોનગઢ ને સોનગઢથી મુંબઇ, ક્ષેત્ર ફર્યું કે નહીં ? પહેલાં ગુરુદેવ સોનગઢના ક્ષેત્રમાં હતા, હવે મુંબઇના ક્ષેત્રમાં આવ્યા કે નહીં ? પહેલાં સોનગઢના ક્ષેત્રમાં હતા પછી નાઈરોબીના ક્ષેત્રમાં તો આવ્યા ને ? કહે ના, કોણે કહ્યું ? કોણે કહ્યું કે અમે પરક્ષેત્રમાં જઇએ છીએ. નાઈરોબીના ક્ષેત્રમાં ન હોય તો કાંઇ નહીં પણ આકાશના ક્ષેત્રમાં તો આપ છો ને ? ના, કોણે કહ્યું ? અમે તો અસંખ્યાત પ્રદેશી ભગવાનઆત્માના સ્વક્ષેત્રમાં છીએ. અમે તો અમારા ક્ષેત્રથી બહાર જતાં જ નથી ને ? આહાહા !

તારી આંખે નહીં દેખાય હોં ! સાધક કહે છે કે તારી આંખે અમને (તું) નહીં ઓળખી શક. એ ચામડાની આંખે ધર્માત્મા ઓળખી શકાતા નથી. ત્યારે તમે ચોવીસે કલાક તમારા આત્મામાં છો? કહે ચોવીસે કલાક. અમે અમારા દ્રવ્ય સ્વભાવમાંથી અન્ય દ્રવ્ય સ્વભાવમાં જતાં નથી. અમારું ક્ષેત્ર છોડીને પરક્ષેત્રમાં જતાં નથી. અમારો સ્વકાળ છોડીને પરકાળમાં જતાં નથી. અને સ્વભાવ મારાં જ્ઞાનમાં રહીને વિભાવમાં અમે જતાં નથી. અમારો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવે અમારો આત્મા રમી રહ્યો છે. અમારા પરિણામ પણ આત્મામાં રમે છે. અમારા પરિણામ બહાર જતાં નથી. રાગમાં જતાં નથી તો આહાર-વિહારમાં તો કયાંથી જાય? બહાર વિષયોમાં અમારી બુદ્ધિ નથી. અમારી બુદ્ધિ તો આત્મામાં રમી રહી છે.

દષ્ટિ અપેક્ષાએ રમણતા આટલી નીચલી ભૂમિકામાં હોય છે. ચારિત્ર અપેક્ષાએ તો મુનિરાજની શું વાત કરવી? એ તો કોઇ અલૌકિક વાત છે. મુનિરાજની વાત જગતના જીવોએ સાધુ થયો તો સિદ્ધ થયો. એની વાત જગતના જીવોએ સાંભળી નથી. એક વખત ઊભા ઊભા આહાર લે. બે વખત ત્રણ ચાર વખત આહાર ન હોય પાણી ન હોય. જયારે આહાર કરે ત્યારે પાણી ઊભા ઊભા લઇ લ્યે, બસ. ચોવીસ કલાકમાં બીજો કાંઇ વિકલ્પ નથી ઊઠતો. ધ્યાનમાં મગ્ન થઇ જાય છે. એની ઊંઘ દિવસના તો હોય જ નહીં પણ રાત્રિના છેલ્લા પહોરે સતત એક સાથે ઊંઘ હોય તો પોણી સેકન્ડ. એક સેકન્ડની ઊંઘ થાય તો મુનિપદ ચાલ્યું જાય. શ્રાવક પદમાં આવી જાય. આહાહા ! અલૌકિક.

એટલી આત્માની સાવધાન દશા છે. અપ્રમત દશા એટલે સાવધાન થઇ ગયા છે કે ક્ષણમાં બહાર ને ક્ષણમાં અંદર. છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝુલનારા મહામુનિ, નિત્ય આનંદનું ભોજન કરનારા, ત્રણ કષાયનો જેને અભાવ થઇ ગયો છે, જેને વીતરાગ દશા પ્રગટ થઇ ગઇ છે, જે જ્ઞાન અને વૈરાગ્યની પ્રતિમા થઇ ગઇ છે અને જે જ્ઞાન ને વૈરાગ્યના મહેલના શિખરના શિખામણી છે. એવા આત્મા એ પરદ્રવ્યથી વિમુખ છે અને સ્વદ્રવ્ય સન્મુખ છે. દષ્ટિ બહાર જાતી નથી. ઉપયોગ બહાર જાય છે એ અમારો ઉપયોગ નહીં. જે ઇન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ બહાર જાય છે એ ઉપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અમારો નથી. અમારો ઉપયોગ તો અંતરમાં અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું એ ઉપયોગ અમારો છે.

આ વાત એમ લાગે કે આટલી મોટી વાત અમે કેમ પહોંચી શકીએ. આ મોટી નથી. આ તો એકડાની શરૂઆતની વાત છે. મુનિરાજની ચારિત્રની વાત ઊંચી છે. પણ ગૃહસ્થ અવસ્થામાં સમ્યગ્દર્શન થઈ શકે છે. શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે આ પંચમકાળ છે. કળિકાળને કારણે તારું આત્મબળ કદાચ હીણું હોય, તારું આત્મબળ, આત્મવીર્ય સ્વરૂપમાં ઠરવાનું બહુ ન હોય અને કદાચિત્ ચારિત્ર અંગીકાર ન કરી શકતો હો, તો તું સમ્યગ્દર્શન તો અવશ્ય પ્રગટ કરજે. પ્રગટ કરવા યોગ્ય તો ચારિત્ર છે. પણ કદાચિત્ તારી શકિત હિનતા દેખાય અને એ પાલન કરવાની તારી નબળાઈ દેખાતી હોય તો સમ્યગ્દર્શન તો પ્રગટ કરજે. એ તો ગૃહસ્થ અવસ્થામાં બરાબર થઈ શકે છે.

તે સિવાય જુદા જુદા નવ તત્ત્વો કાંઈ દેખાતા નથી. ઓલો બ્રાહ્મણ કહે મને કાંઈ બીજું દેખાતું નથી. મને તો એક લાડવા દેખાય છે. પણ મહારાજ જરાક આની કોર જુઓ તો દેખાય ને? હું આની કોર જોવા જાવ તો લાડવો રહી જાય. આ લાડવાને છોડીને હું આમ શા માટે જોઉં? મારે તો લાડવો ખાવો છે. એમ ધર્માત્મા કહે છે કે અમારી દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર પડી છે. અમારું શ્રદ્ધાન, જ્ઞાન, દૃષ્ટિનો વિષય તો દૃષ્ટિમાં છે. અમારી દૃષ્ટિ બહાર જતી નથી. ઉપયોગ બહાર જાય છે એ ઉપયોગ અમારો નથી.

તે સિવાય જુદા જુદા નવ તત્ત્વો કાંઈ દેખાતા નથી. જયાં સુધી આ રીતે, જયાં સુધી આ રીતે જીવતત્ત્વનું એટલે કે જીવના સ્વરૂપનું જાણપણું જીવને નથી. જીવ જીવને જાણતો નથી, આત્મા આત્માને જાણતો નથી. ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. જુદા જુદા નવતત્ત્વોને માને છે. કે અમે જૈનમાં છીએ, છ દ્રવ્યોને માનીએ, નવતત્ત્વોને માનીએ. છ દ્રવ્યોના નામ આવડી ગયા. એની સંખ્યા જાણીએ, એના લક્ષણ જાણીએ અને નવતત્ત્વના નામ પણ આવડે છે. તો કહે છે કે નવતત્ત્વનો જાણનાર એ વ્યવહારદૃષ્ટિ છે. નવતત્ત્વથી ભિન્ન જે આત્માને અનુભવે છે તે શુદ્ધાત્માને જાણવું તે નિશ્ચય અને નવતત્ત્વનું જાણવું તે વ્યવહાર. નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય છે.

જુદા જુદા નવતત્ત્વોને માને છે. જીવ-પુદ્ગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે. પણ જયારે શુદ્ધનયથી જીવ-પુદ્ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે આ પુદ્ગલ છે ને આ જીવ છે. બેયનો સંબંધ તોડીને એકલા જીવ ઉપર દૃષ્ટિ દયે, જોવામાં આવે ત્યારે એ પુણ્ય-પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી.

એકલા શુદ્ધાત્માની સમીપે જઈને જુએ તો નવ તત્ત્વ એ કાંઈ વસ્તુ નથી. વસ્તુ તો આત્મા છે. નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયા હતા તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જયારે મટી ગયો. દૃષ્ટિમાંથી નિમિત્ત-નૈમિત્તિક ભાવ છૂટી ગયો. સ્વભાવભાવ દૃષ્ટિમાં આવ્યો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જયારે પોતે બહિર્મુખ દશાથી જુએ છે, પર્યાયના ધર્મથી જુએ તો નવતત્ત્વના સંબંધો અજીવની સાથે પુદ્ગલની સાથે થાય છે ને છૂટે છે. એ દષ્ટિ બંધ કરીને દ્રવ્યની દષ્ટિ જ કરે તો એમાં કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખાતો નથી. જયારે દષ્ટિમાંથી છૂટી ગયો મટી ગયો ત્યારે જીવ-પુદ્ગલ જુદા જુદા હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિધ્ધ થઈ શકતી નથી. દ્રવ્ય એટલે આત્મદ્રવ્ય આત્મ સ્વભાવ ને દ્રવ્યનો નિજભાવ એટલે શુધ્ધપરમપારિણામીક સ્વભાવભાવ, નિત્યભાવ તે દ્રવ્યની સાથે જ રહે છે.

જેમ ઉષ્ણતા અને અગ્નિ એ જુદા પડી શકતા નથી. અગ્નિનો નિજભાવ ઉષ્ણતા છે. પાણીનો નિજભાવ શીતળતા છે. કપડાનો નિજભાવ સ્વચ્છતા છે. પણ એ કપડું રાતુ થવા છતાં કપડાના નિજભાવને છોડતું નથી. એમ આ ભગવાનઆત્મા ભલે સંસાર અવસ્થામાં કર્મના સંગમાં આવી પડયો હોય તો પણ દ્રવ્યનો નિજ ચૈતન્ય સામાન્ય સ્વભાવભાવ એ તો દ્રવ્યની સાથે જ રહે છે. આત્માનું જ્ઞાન-દર્શન જે સહજ ગુણો છે. પારિણામીકભાવે છે. એ ગુણો તો આત્માની સાથે અનાદિ-અનંત રહે છે. એ કોઈ દિ' જુદા પડતા નથી. તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે. સ્વભાવભાવનો અભાવ ન થાય પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો દષ્ટિમાંથી અભાવ થઈ જાય છે. દષ્ટિના વિષયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખાતો નથી. સ્વભાવભાવ એક દેખાય છે. નિશ્ચયનયથી તો આત્મા જણાય છે.

આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નિમિત્તનું અવલંબન અને પર્યાયમાં નૈમિત્તિક ભાવ થાય. આ શું કર્તા-કર્મ? શું નિમિત્ત-નૈમિત્તિક? આ લંડનમાં અભ્યાસની હવે જરૂર છે. લંડનમાં થોડો ધર્મનો અભ્યાસ કરે તો એને લાભ થાય. પાછું દુકાનું બંધ કરી વેપાર સરખો ચાલે, દુકાન બરાબર છ વાગ્યે બંધ કરે, સાડા છએ જમી લ્યે પછી આઠથી નવ અહીંયા આવવામાં શું વાંધો? વેપાર બંધ કરીને આવવું હોય તો વાંધો. પાછું એ પણ ગોઠવણ બરાબર સરખી કરે. કે વેપારી આખો દિ' વેપાર કરે અને રાત્રે, કેમ કે બપોરે ત્રણથી ચાર જો રાખે તો તો વેપારી આવી શકે નહીં. વેલજીભાઈ ! તો તો આવી શકે નહીં. માટે આપણે એવી યોજના કરો કે આખો દિ' બધા વેપારી વેપાર કરે અને બહેનો કામકાજ કરે અને બરાબર ફુરસદ મળે ત્યારે આઠથી નવ આપણે ગોઠવો, તો કાંઈક નિવૃતિ લઈને આવવાનો એને વખત મળે ને ભાવ જાગે. અને ઓમાં તો એવી રુચિ નથી કે દુકાન બંધ કરીને કલાક આવે. માટે હવે એવું થાય તો પણ સારું છે. ભવિષ્યમાં બધા આઠથી નવનો પ્રાગ્રામ કરે તોય કાંઈ વાંધો નથી. આહાહા !

એ લંડનમાં તત્ત્વ અભ્યાસની, તત્ત્વ પ્રચારની બહુ જરૂર છે. આ ધર્મ વિના કોઈ શરણ નથી હોં ! કાલ સવારે આંખ મીંચાઈ જશે. કાંઈ ખબર પડતી નથી. આહા ! કોઈ શરણ નથી. આજકાલ તો મેં અહીંયા લંડનમાં કેટલીક વાતો સાંભળી. આહા ! અરે દીકરાય શરણ નથી. લગ્ન કરીને તરત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ જુદા થઈ જાય છે. બોલો ! હવે નાનાથી મોટા પાળ્યા, પોષ્યા, માવતરે પોતે ઓછું ખાધું દીકરાને ખવડાવ્યું, પેટ બાળીને દીકરો ઉછેર્યો અને જ્યાં મોટો થયો ખલાસ ! અમારે મોજશોખ કરવો છે. તમે બધા બાધક થાઓ છો. અરે અરે ! ગજબની વાત ! દીકરાઓ માવતરને છોડીને ચાલ્યા જાય. પછી સાંભળ્યું કે માંદા પડેને તો ટેલીફોન કરે અને કાં કહે, લાવો તમને હોસ્પીટલમાં દાખલ કરી દઉં. બાકી હું તો બહુ બીઝી છું. આહા ! જોઈ લ્યો આ સંસાર ! અરે આટલું થાય તોય વૈરાગ્ય આવતો નથી કે કોનો દીકરો ને કોની દીકરી? છોડી દે મોહ. આત્માનું શરણ લઈ લે કોઈ શરણભૂત નથી.

શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે, એ અત્યારે નજરે દેખાય છે. શાસ્ત્રમાં તો હજાર વર્ષ પહેલાં લખાણું છે. કે આ જે તારી કુટુંબની ટોળી છે ને એ બધી ધુતારાની ટોળી છે. એ બધા ઠગ ભેગા થયા છે. સ્વાર્થના સગા છે. સ્વાર્થના સગા છે. એને શું? જે સત્ય હોય તે કહેવાનું પણ કારણ, કે તું તારા કુટુંબ ઉપરથી મોહ છોડી, રાગ છોડીને તારા આત્માની સાધનામાં લાગી જા. એ કોઈ તારો દીકરો શરણ થશે નહીં. એ વૈરાગ્યનું કારણ છે. અહીંયા વાત સાંભળીને તો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આહાહા ! આ વખત આવી ગયો ગજબની વાત ! આહાહા ! એના કરતાંય ઘણી વાતો પણ હવે એ કચરાની વાતો શું કરવી? આહા ! ઘણી ખરાબ વાત ગજબની વાત ! વાત કરતાંય શરમ થાય. એવા બનાવો અત્યારે બની રહ્યા છે. છતાં એને કુટુંબની મીઠાશ એવી લાગે છે, દીકરો મારો, દીકરો મારો. અરે કાલ સવારે ધક્કો મારશે. ના મારે ધક્કો, કેમ કે મમતા એવી છે ને મમતા. અને પછી દીકરો જાય (એટલે) મંડે રોવા. આહા ! પછી ઓલા કોઈ ભાઈ આવીને કહે મેં તો કહ્યું'તું. કે ભાઈ આ મોહ જીવતા મોહ છોડી દે. દીકરો તારો નથી. પણ એને મમતા છૂટતી નથી.

લાંબા વિચાર તો ત્યાં સુધી કરે કે આ દીકરો પરણાવું ને પછી એ બેય જુદા થાય તો મારા દીકરાનું શું થશે? ન્યાં સુધીના લાંબા વિચાર. અરે મૂકોને પંચાત. દીકરો કોનો ને દીકરી કોની? સૌ સૌના નશીબ લઈને આવ્યું છે. મારે તો મારી આત્માની સાધનામાં રત થાવું છે. હવે દાળ રોટલો ખાવો હોય તો પુણ્ય લઈને તું આવ્યો છો. એ તો તને મળી રહેશે. તું પુણ્ય ઉપર વિશ્વાસ રાખ. માટે અહીંયા કહે છે, અરે આવો મનુષ્યભવનો વખત મળ્યો છે, સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર મળ્યા. કાંઈક વિચાર કરવાની શકિત મળી અને મફતનો તું આ ધુતારાની ટોળીમાં ફસાઈ ગયો છો હો ! તને બધા બાપુજી બાપુજી કહે છે હો, ધ્યાન રાખજે કાલ ધક્કો મારશે. મમ્મી મમ્મી કહે છે એ તો સ્વાર્થ છે ત્યાં સુધી બાયડી નથી આવી ત્યાં સુધી. જ્યાં બાયડી આવી ત્યાં રવાના. શું પણ તું આ મમ્મી મમ્મી કહેતો'તો? તને શું થયું બેટા ! કહે અત્યારે આ જમાનો છે. તમારે કાંઈ દુઃખ લગાડવું નહીં. આહા ! માંને રોતી મૂકે અને પોતે ફિલ્મમાં જાય. ત્યાં માં રોતી હોય. આહા ! શું આ કાળ આવી ગયો છે? આવું દેખાય છે છતાં તું જાગતો નથી? છતાં તને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવતો નથી. જાગી જા. આ તો સારું છે. જે થાય છે એ વધારે સારું. મને બોધ પાઠ આપે છે. સવળું લે ને. રોવશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કામ? બોધપાઠ લેવા જેવો છે. તું તારી સાધના કરી લેને? ફરીથી જન્મ જ ન લેવો પડે. દીકરા જ ન મળે. શરીર મળે તો દીકરા મળે ને? અશરીરી થઈ જવાનો મંત્ર ગુરુદેવે આપ્યો છે. આહા ! સફાળો જાગી જા, ચેતી જા નહીંતર રખડી જાઈશ. આ સંસાર બધો એવો છે.

કહે છે કે, પણ જયારે શુદ્ધનયથી જીવ-પુદ્‌ગલોનું જુદું જુદું સ્વરૂપ જોવામાં આવે ત્યારે આ નિમિત્ત-નૈમિત્તિક બધો ભાવ મટી જાય છે. દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે. તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે. માટે શુદ્ધનયથી એટલે કે નિશ્ચયનયથી એટલે કે આત્માનો અનુભવ કરીને જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જયાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે આ જીવ છે, આ અજીવ છે, આ પુણ્ય છે, આ પાપ છે. ત્યાં સુધી એનો ઉપયોગ અનેકમાં ભેદમાં ફર્યા કરે છે ત્યાં સુધી અભેદ સામાન્ય લક્ષમાં આવતો નથી. માટે પદાર્થો જાણે. શુદ્ધનયથી શુદ્ધાત્માનો અનુભવ કરીને આત્માને ન જાણે ત્યાં સુધી પર્યાયદષ્ટિ, મિથ્યાદષ્ટિ અજ્ઞાની આત્મા એ દુઃખદાયક દષ્ટિ છે. એ દષ્ટિ તો છોડવા જેવી છે અને દ્રવ્યની દષ્ટિ કરવા જેવી છે.

હવે ૧૪૪મી ગાથા આપણે શરૂ કરીએ. બહુ સારી ગાથા છે. કર્તા-કર્મ અધિકારનો સાર અને સાવ સહેલામાં સહેલી ગાથા ને માલ ઊંચામાં ઊંચો. એક એકડાનું જ્ઞાન ન હોય ને, કક્કા બારાક્ષડી ન આવડતી હોય, એ, બી, સી, ડી ન આવડતી હોય એને આત્માનું ભાન થાય. એવી ગાથા છે. કાંઈ શાસ્ત્રના જ્ઞાનની જરૂર નહીં. નવ તત્ત્વના નામ ન આવડતા હોય તો કાંઈ નહીં. પણ આત્માનું ભાન થઈ જાય એવી ૧૪૪મી ગાથા છે.

સહેલામાં સહેલી કથન પદ્ધતિ પણ માલ ઊંચામાં ઊંચો ભર્યો છે. કર્તા-કર્મ અધિકારનો સાર. ગાથા ૧૪૪મી કર્તા-કર્મ અધિકારની છેલ્લી ગાથા. ૧૪૪મી કલમ જે લાગુ પડે છે ને? એમ ૧૪૪મી ગાથાનું ભાવભાસન થયું તો સંસારનો અંત આવી જાય છે.

---

**પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે-એમ હવે કહે છે :-**

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ।। १४४ ।।

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪**

**ગાથાર્થ :** (य:) **જે** (सर्वनयपक्षरहित:) **સર્વ નયપક્ષોથી રહિત** (भणित:) **કહેવામાં આવ્યો છે** (स:) **તે** (समयसार:) **સમયસાર છે;** (एष:) **આને જ (-સમયસારને જ)** (केवलं) **કેવળ** (सम्यग्दर्शनज्ञानम्) **સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન** (इति) **એવી** (व्यपदेशम्)

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સંજ્ઞા (નામ) (લભતે) મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)**

**ટીકા : જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)**

**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈંદ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મ સન્મુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતાં, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**

**ભાવાર્થ : આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને પછી ઈંદ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને, તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી.**

---

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ।। १४४ ।।

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪**

ગાથાર્થ :-જે સર્વે નયપક્ષોથી રહિત એટલે શું કહે છે ? કે જો વ્યવહારનયે પર્યાયથી જોવામાં આવે તો આત્મા અનિત્ય છે. અને આ (નિશ્ચયનયના) પડખેથી જોવામાં આવે તો આત્મા નિત્ય ધ્રુવ છે. આ બાજુથી જોઉં તો અશુદ્ધતા દેખાય છે. વ્યવહારનયથી જોવામાં આવે તો પરિણામમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશુદ્ધતા દેખાય છે. નિશ્ચયનયથી જોઉં તો આત્મદ્રવ્ય ત્રણેકાળ શુદ્ધ છે. પરિણામથી જોઉં તો જ્ઞાન અને દર્શનની હિણપ દશા, અલ્પજ્ઞતા દેખાય છે. આ બાજુથી જોઉં તો હું દર્શન-જ્ઞાનથી પૂર્ણ છું. એમ એક નયથી જોઉં તો કર્મથી બંધાયેલો છું એમ દેખાય છે. બીજી નયથી જોઉં તો હું કર્મથી બંધાયેલો નથી અબદ્ધ છું, મુકત છું.

એમ આત્મામાં બે પડખા છે. એ બે પડખાને જાણવાવાળી બે નય છે. નય એટલે જ્ઞાનનો અંશ. નય એટલે જ્ઞાનના અંશને નય કહેવાય. તો કહે છે કે આમ અનુભવ પહેલાં નિર્ણય કરવાની ભૂમિકા હોય ત્યારે આત્મા નય દ્વારા આત્માનું અવલોકન કરે છે. આત્માના અધિગમના ઉપાય. અધિગમ એટલે આત્માના સ્વરૂપને જાણીને નિર્ણય કરવા માટે નય અને પ્રમાણજ્ઞાનનો પ્રથમ પ્રયોગ કરવામાં આવે છે. જયારે આત્માને નયજ્ઞાન છે. પરોક્ષ જ્ઞાન છે. પણ જયારે શુદ્ધાત્માને અંતર સન્મુખ થઈને, વિકલ્પાતીત થઈને, ઈન્દ્રિયાતીત થઈને જયારે પ્રત્યક્ષ આત્માનો અનુભવ કરવામાં આવે છે ત્યારે કોઈપણ પ્રકારનો નયપક્ષ એટલે કોઈપણ પ્રકારનો નયનો રાગ. પર્યાયના પડખાને જાણવાનો રાગ કે દ્રવ્ય સ્વભાવને જાણવાનો વિકલ્પાત્મક રાગ એ કોઈપણ પ્રકારનો રાગ રહેતો નથી. ત્યારે એને પક્ષાતિક્રાંત કહેવામાં આવે છે. એટલે કે નયપક્ષથી આત્મા અતીત થઈ જાય છે. એટલે કે વિકલ્પાતીત થાય છે, ત્યારે તેને નિર્વિકલ્પ આત્માનો અનુભવ શાંતિનું વેદન થાય છે.

કહે છે પક્ષાતિક્રાંત જ એટલે કે જે પક્ષથી અતિક્રમે છે. જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે ભગવાનઆત્મા એ નયપક્ષથી પ્રાપ્ત થાય એવો નથી. વ્યવહારનયથી આવો છું ને નિશ્ચયનયથી આવો છું એ બેય પ્રકારના વિકલ્પો છે. એમાં વ્યવહારનયના પક્ષને તો પ્રથમથી જ છોડાવતા આવીએ છીએ અને નિશ્ચયનયની પ્રધાનતાથી કહેતા આવીએ છીએ.

આત્મા એક શુદ્ધબુદ્ધ, નિરંજન આત્મા છે. એનો અનુભવ કરો, એમ પ્રથમથી જ કહેતા આવીએ છીએ. વ્યવહારનયનો પક્ષ છોડીને તું નિશ્ચયનયના પક્ષમાં આવ્યો કે હું એક છું, શુદ્ધ છું, અભેદ છું, ટંકોત્કીર્ણ છું, જ્ઞાયક છું. એવો જો તું આત્મા જેવો છે, આત્માનું સ્વરૂપ જેવું છે એવો તું વિકલ્પ ઊઠાવ્યા કરશ તેથી શું? એ કાંઈ ધર્મ નથી. એ કાંઈ આત્માનો અનુભવ નથી. એમાંય આકુળતા છે. આત્માનું સ્વરૂપ મનના સંગે ચિંતવન કરવું એમાં પણ આકુળતા છે.

તો પ્રશ્ન ઊઠે કે તો અમારે સ્મરણ છોડી દેવું? અરે ભાઈ છોડવા ન છોડવાનો પ્રશ્ન નથી. પણ સીધું શુદ્ધાત્માનું અવલંબન લઈને તું અનુભવ કર અને આ ચિંતવનના વિકલ્પને છોડી દે. એમ આગળ આગળ વધવા માટે ઉપર ઉપર ચડવા માટેની વાત છે. આત્માનું ચિંતવન છોડીને તું વેપાર કરવા જા એમ કોઈ જ્ઞાનીનો ઉપદેશ હોઈ શકે નહીં. પણ જે આત્માના ચિંતવનમાં, વિકલ્પમાં અટકેલો છે, આત્માના સ્વરૂપના આંગણે આવીને આત્માથી દૂર રહીને આત્માને જુએ છે, મોહનભાઈ ! આત્માને આત્માથી દૂર રહીને જુએ છે કે આ આત્મા છે, આ શુદ્ધાત્મા છે, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુદ્ધાત્મા છે.

કહે છે કે એવા નયપક્ષથી રાગમિશ્રિત જ્ઞાનના વિચારથી આત્માને આકુળતા થાય છે. આત્માને પર્યાયને દૂર રાખીને આત્માનો અનુભવ નહીં થાય. એ નયપક્ષ છૂટતાં એ પર્યાય પણ અનન્યપણે આત્માનો અનુભવ કરે છે ત્યારે કોઈપણ પ્રકારનો નયપક્ષ હોતો નથી. એવો, કહેવામાં આવ્યો છે તે સમયસાર છે. આવા જયારે વિકલ્પને છોડીને એટલે વિકલ્પ સહજ છૂટે છે. પણ ઉપદેશના કથનમાં વિકલ્પને છોડીને (એમ આવે) આ ત્યાગ-ત્યાગની વાત છે. તમામ પ્રકારના વિકલ્પો પર સંબંધના તો પહેલાં છૂટી જાયછે. નિમિત્તના વિકલ્પો તો પહેલાં છૂટે છે. કુટુંબના વિકલ્પ તો પ્રથમ છૂટી જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ છૂટે છે, દ્રવ્યશ્રુતના વિકલ્પો છૂટે છે, પર્યાયના ભેદના વિકલ્પ છૂટે છે અને સામાન્ય ચિદાનંદ આત્માનો છેલ્લો વિકલ્પ રહે છે કે, હું શુદ્ધ છું, એક છું, અભેદ છું. એ પણ વિકલ્પનો નિયમ નથી કે દરેકને આ જ વિકલ્પ હોય. પણ સ્વરૂપનો વિકલ્પ ઊઠે છે એ વિકલ્પને પણ જયારે અતિક્રમે છે, ઓળંગી જાય છે, છોડી દે છે અને આત્મામાં ડૂબકી મારે છે, એકસો વીસ ડીગ્રીનો તાપ હોય, નદી કિનારે ઊભો છે. કહે છે કે બહુ તાપ, બહુ તાપ લાગે છે. બહુ તાપ લાગે છે. એમ તાપની રાડો પાડયા કરે એમાં કેટલાક ડાહ્યા માણસો નીકળ્યા કે રાડો શેની પાડશ? મારાથી આ ગરમી સહન થતી નથી. અરે ! મારી દે આમાં ડૂબકી ઠંડુ શીતળ જળ છે. કેની રાહ જોશ?

એમ કહે છે કે ભગવાનઆત્માની સમીપે આવીને આત્માનો વિચાર ને વિકલ્પ ઊઠાવીશ તો આત્માના દર્શન નહીં થાય. એમાં શાંતિનું વેદન નથી એમાં આકુળતા છે. પણ એ વિકલ્પ છોડીને આત્મા જયારે પ્રત્યક્ષ શુદ્ધાત્માનો અનુભવ કરે છે ત્યારે તેને 'સમયસાર' કહેવામાં આવે છે. સમયસાર એટલે શુદ્ધાત્માનો અનુભવ. આને જ, આવા શુદ્ધાત્માના અનુભવની દશાને જ કેવળ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા એટલે નામ મળે છે. આહાહા ! આ સાચા દેવ, ગુરુ, શાસ્ત્રનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન નથી. નવ તત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન નથી. એ બધી વ્યવહાર શ્રદ્ધા છે. નિશ્ચય શ્રદ્ધાનનો વિષય આપે છે કે જેને પ્રત્યક્ષ શુદ્ધાત્માનો વિકલ્પ પણ છૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય એવી અનુભૂતિ દશાને સ્વાનુભવ દશાને ભગવાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નામ આપે છે.

જેવો આત્મા છે એવો અનુભવમાં આવ્યો અને અનુભવમાં આવ્યો એવું જ શ્રદ્ધાન થયું. કે હું તો જ્ઞાન ને આનંદની મુર્તિ છું. પરિપૂર્ણ પરમાત્મા છું. એમ શ્રદ્ધા, જ્ઞાનમાં આવે એવી અનુભવરૂપી દશાને ભગવાન સમ્યગ્દર્શન (કહે છે.) પહેલો ધર્મની શરૂઆત. હજી એકડો. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નામ મળે છે. નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે. એ સમ્યગ્દર્શન જ્ઞાનના પરિણામથી અભેદ એ આત્મા જ છે. આત્માને સમ્યગ્દર્શનના પરિણામ કાંઈ જુદાં નથી. પાણી ઠંડુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને ઠંડી પાણીની અવસ્થા પ્રગટ થઈ તો એ પાણી જ છે. એવો પાણી અને પાણીની શીતળ પર્યાયનો ભેદ હોવા છતાં અભેદનયે ભેદ દેખાતો નથી. માટે સમ્યગ્દર્શન ને જ્ઞાન પોતે આત્મા છે. અભેદનયે તેને આત્મા કહેવાય. તેને અભેદ પ્રધાન દ્રવ્યર્થિકનયથી આત્મા કહેવામાં આવે છે અને ભેદનયથી એને સમ્યગ્દર્શનની પર્યાય કહેવામાં આવે છે. ભેદથી જુઓ તો એ પર્યાય છે અને અભેદથી જુઓ તો એ આત્મા છે. કેટલા વાગ્યા ઘડીયાલમાં કાંઈક ફેર છે. ટાઈમ થઈ ગયોને? કાલે લેશું.

## પ્રવચન નં :- ૧૯
## તા. ૩૦-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૧૪૪

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એની કર્તા-કર્મ અધિકારની છેલ્લી ૧૪૪ નંબરની ગાથા છે. આ ગાથામાં આખો કર્તા-કર્મ અધિકારનો સાર અથવા તો આખા સમયસારનો સાર આમાં એક ગાથામાં આવી જાય છે. અને કંઈ પણ શાસ્ત્રનો અભ્યાસ ન હોય એવા જીવો પણ પોતાના આત્માના સ્વભાવને જેમ છે તેમ સાંભળીને નિર્ણય કરી શકે છે અને નિર્ણય કરીને આત્માનો અનુભવ પણ થઈ શકે છે. તેવી ઊંચામાં ઊંચી ગાથા છતાં બહુ સરળતાથી આચાર્ય ભગવાન સમજાવે છે.

કે કોઈ પણ કાર્ય કરવા પહેલાં સંસારમાં પણ જગતના જીવો અમુક પ્રકારનો નિર્ણય કરે છે. ત્યાર પછી એ નિર્ણય કર્યા પછી એ કામ ચાલુ કરે છે. જેમ કે એક મકાન બનાવવું હોય તો પહેલાં મકાનનો કાગળ ઉપર નકશો બનાવવામાં આવે છે. કાગળ ઉપર નકશો બનાવીને નિર્ણય કરે છે કે આ જ પ્રકારે મકાન બનાવવાનું છે. ત્યાર પછી એ એની કાર્યવાહી શરૂ કરે છે. એમ જેને ધર્મ કરવો હોય અથવા જેને સુખી થવું હોય. ધર્મ કહો કે સુખી થવું (કહો) એક જ વાત છે. કોઈને એમ લાગે કે અમે ક્યાં દુઃખી છીએ? કે જેથી અમારે ધર્મ કરવાની જરૂર પડે. અમે તો સુખી જ છીએ. માટે અમારે ધર્મ કરવાની જરૂર નથી. એમ કોઈને મિથ્યા અભિમાન થયું હોય તો જ્ઞાનીઓ કહે છે કે, ભાઈ ! તું દુઃખી છો તને સુખ નથી. કેમ કે આત્મિક સુખ શું હોય એનો તને અનુભવ થયો નથી. એનો તે સ્વાદ લીધો નથી. અને કેવળ સંયોગમાં સુખની કલ્પના કરી અને તું રાચી રહ્યો છો પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ખરેખર સુખ નથી. સુખ તો આત્મામાં રહેલું છે અને આત્માનું અવલંબન લેતાં એને સુખનો સ્વાદ આવે છે.

તો પ્રથમ કહે છે કે જે આત્માને આત્માના અનુભવરૂપ ધર્મ કરવો હોય એ જીવ આત્માનો નિર્ણય કરે છે. શ્રી ગુરુ પાસેથી સાંભળીને અથવા તો સત્ શાસ્ત્રોનું અધ્યયન કરીને, આગમ દ્વારા અને કાં પ્રત્યક્ષ દેશનાલબ્ધિ દ્વારા આત્માનું સ્વરૂપ એ સાંભળે છે અને સાંભળીને પ્રથમ નિર્ણય કરે છે. અને નિર્ણય કરીને પછી અનુભવ કરે છે. તો પહેલેથી છેલ્લે સુધી આમાં પૂરેપૂરી વાત આવે છે એની ટીકા.

ટીકા :- જે એટલે આત્મા ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી, શું કહે છે? કે નિર્ણય કરે છે ત્યારે એવો નિર્ણય કે છે કે હું દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છું અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છું. તેમ એક અને અનેક, બદ્ધ અને અબદ્ધ, કર્તા અને અકર્તા એમ અનેક પ્રકારના વિચારથી પોતાના આત્માના સ્વભાવનો નિર્ણય કરે છે અને નિર્ણય વખતે જે વિકલ્પ ઉત્પન્ન થાય છે, તો પણ એ વિકલ્પ ઉત્પન્ન થવા છતાં પણ વસ્તુ ખંડિત થતી નથી. જેમ સોનું છે એ સોનાના દરેક પડખેથી વિચાર કરવામાં આવે તો સોનું તો સોનું જ છે. સોનામાં કાંઈ ખંડિત થતું નથી.

એમ આત્મા અનેક પ્રકારના વિકલ્પાત્મક જ્ઞાન દ્વારા જેવો આત્મા છે જે નયે આત્માનું સ્વરૂપ છે તે નયે વિચાર કરે તો પણ એ ખંડિત થતો નથી. અને જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે. આ બધા વિકલ્પો છે. આ નયે આવો અને આ નયે આવો એ બધા વિકલ્પો છૂટી જાય છે. અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે. આ તો હજી ટૂંકાણમાં છે. બધાને સમજી શકાય એવી રીતે વિગત હવે પછી આવશે. ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન, કેવળ સમ્યગ્દર્શન એટલે આત્માનો અનુભવ અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.) ધર્મ અને ધર્મના પરિણામ અભેદનયે એ આત્મા જ છે. ધર્મી અને ધર્મને આશ્રયે થયેલાં ધર્મના પરિણામ એને ભેદનયે જોવામાં આવે તો પરિણામ છે અને અભેદનયે જોવામાં આવે તો તે આત્મા છે. સોનું અને સોનાના પરિણામ, ભેદથી જુઓ તો આ સોનું છે ને સોનાના પરિણામને અભેદથી જુઓ તો સોનું જ છે.

એમ અનુભવથી પોતાના આત્માને આત્મા જયારે અનુભવે છે ત્યારે સમ્યગ્દર્શન જ્ઞાનના પરિણામ, વીતરાગી પરિણામ, આનંદના પરિણામ પ્રગટ થાય છે તો એને જ કહે છે કે એ જ આત્મા છે. એ આત્માનું સ્વરૂપ છે. હવે આ ગાથાનું રહસ્ય હવે શરૂ થાય છે. ઓલું તો ટૂંકાણમાં સંક્ષેપમાં કહ્યું.

જગતના અજ્ઞાની જીવોનો અનાદિકાળથી એક પ્રશ્ન છે. અનાદિકાળથી અજ્ઞાનીઓ આ પ્રશ્ન કરતાં આવે છે. અને જ્ઞાનીઓ એને ઉત્તર આપતાં આવે છે. પ્રશ્ન પણ એક જ પ્રકારનો છે કે પ્રથમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમારે શું કરવું? પહેલાં શું કરવું અને પછી શું કરવું? પણ પહેલા પ્રથમમાં પ્રથમ અમારે કરવું શું? ધર્મ તો અમારે કરવો છે, સુખી તો અમારે થાવું છે. પહેલાં શું કરવું એવો અનાદિનો પ્રશ્ન આવ્યા કરે છે અને અનાદિથી જ્ઞાનીઓ આ જ પ્રકારે ઉત્તર આપતાં આવે છે. કે પ્રથમ પહેલામાં પહેલો એકડો.

પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી એટલે આગમનું અવલંબન લઈને. શ્રુતજ્ઞાન એટલે દ્રવ્યશ્રુત. આગમનું અવલંબન લઈને આગમનું અવલંબન કેમ લખ્યું? કે પંચમકાળમાં અરિહંત તો છે નહીં. અને આત્મજ્ઞાની ગુરુઓ કોઈ કોઈ વખતે એ પ્રગટ થાય છે, પાકે છે. બાકી પંચમકાળમાં જ્ઞાનીઓનો પણ લગભગ દુકાળવત્ સ્થિતિ હોય છે. સર્વથા દુકાળ નહીં પણ દુકાળવત્. કોઈ કોઈ વખતે કોઈ જગ્યાએ અનુભવી પુરુષ પાકે છે. એટલે અહીંયા મુખ્યપણે દ્રવ્યશ્રુત આગમ કહ્યું. સમ્યગ્દર્શન થવા પહેલાં સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા તેનું સ્વરૂપ શું છે?

તે પ્રથમ અરિહંતની ગેરહાજરી છે. આત્મજ્ઞાની ગુરુ કાયમ મળવા મુશ્કેલ છે અને જ્ઞાનીઓના અનુભવીઓના લખેલ જે આગમ છે તેમાં પણ બહુ તપાસ કરવાની જરૂર છે. જ્ઞાનીઓને નામે લખાયેલા પુસ્તકો પણ એ અજ્ઞાનીએ લખેલાં હોય અને નામ ચડાવ્યું હોય જ્ઞાનીનું, તો એમાં પણ એણે બહુ અવલોકન કરીને શાસ્ત્રની પરીક્ષા કરવી પડે. જ્યાં ત્યાં ભલે નામ લખ્યું હોય પણ એ કાંઈ કોઈકના નામે કોઈક ચડાવી દયે તો એની પરીક્ષા કરવી જોઈએ નહીંતર જીવ છેતરાઈ જાય. ભગવાન આમ કહેતા હતા કે ગૌતમ ગણધર ભગવંતે પણ ફરમાવ્યું છે એમ આવે પણ એની પરીક્ષા કરવી જોઈએ કે આમાં રાગ પોષક વાત છે કે વીતરાગભાવ પોષક વાત આવે છે? આમાં સંસાર વર્ધક વાત આવે છે કે સંસારના નાશનો ઉપાય આવે છે?

એ જ શ્રીમદ્દે પણ એક વખત કહ્યું છે કે ''જોજો શોધીને જૈન સિધ્ધાંત જોજો શોધીને જૈન સિધ્ધાંત.'' તમે શોધજો. એમ શોધ્યા વિના હા એ હા ન પાડતા. અહીંયા કહે છે કે શ્રુતજ્ઞાનના અવલંબનથી એટલે ધર્માત્મા જ્ઞાનીઓએ શુધ્ધાત્માનો અનુભવ કરીને જે શાસ્ત્રો લખ્યા હોય તેને દ્રવ્યશ્રુત અથવા આગમ કહેવામાં આવે છે. ......આગમના અવલંબનથી કોઈને એમ લાગે કે તમે નિમિત્તને માનો છો કે નહીં? તો અહીંયા નિમિત્તની વાત પહેલાં કરે છે. આ આગમ છે એ નિમિત્ત છે અને આ આત્મા છે એ ઉપાદાન છે. સંયોગને નિમિત્ત કહેવાય સ્વભાવને ઉપાદાન કારણ કહેવાય.

તો જયારે આત્માનો અનુભવ થવા પહેલાં એ આત્માનો નિર્ણય કરે છે ત્યારે આવા લાયક જીવો આગમ દ્વારા આત્માનો નિર્ણય કરે છે. આગમનું અવગાહન, અવલોકન ઊંડાણથી કરે છે. એટલે શ્રુતજ્ઞાનના અવલંબનથી નિમિત્તની વાત કરી. નિમિત્તને માન્યું કયારે કહેવાય કે નિમિત્તથી કાંઈપણ કાર્ય ન થાય (એમ માને) ત્યારે નિમિત્તને માન્યું કહેવાય. કુંભારથી ઘડો થાય જ નહીં પણ ઘડો થાય ત્યારે કુંભારની હાજરી હોય જ. પણ કુંભાર ઘડાને કરી શકે નહીં. એની હાજરીને નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

કહેવામાં આવે છે. નિમિત્ત છે માટે નિમિત્તથી કાર્ય થાય છે એમ ત્રણકાળમાં નથી. જો નિમિત્તથી કાર્ય થતું હોય તો તીર્થંકરની સભામાં લાખો માણસો સાંભળવા આવે છે (તેમાં) કોઈ સમ્યગ્દર્શન પામે છે અને કોઈ કોરે કોરા બહાર નીકળી જાય છે. એટલે નિમિત્તથી કાર્ય થતું નથી પણ ઉપાદાનની યોગ્યતાએ કાર્ય થવાનું હોય ત્યારે એને જ્ઞાની ગુરુનું જ નિમિત્ત હોય. અથવા અનુભવી પુરુષના શાસ્ત્રો જ એના હાથમાં આવે છે. એવું યોગાનુંયોગ બની જાય છે.

તો કહે છે કે પ્રથમ પહેલાં, અરે ! વેપાર ધંધા કરવાની આડે વખત મળે નહીં. શાસ્ત્રો છે સુખી થવાના પણ એને ટાઈમ મળે નહીં. ઘરમાં હોય તોય ટાઈમ મળે નહીં. ઘરમાં શાસ્ત્ર પડયા હોય પણ એને ટાઈમ મળતો નથી. આહાહા ! દુઃખી થવાના ચોપડા વાંચે પણ સુખી થવાના શાસ્ત્ર વાંચવાનો ટાઈમ ન મળે. છાપા ને મેગેઝીન ને નોવેલ ને આપણે ટી. વી.ને એ બધું એમાં ટાઈમ નીકળે પણ શાસ્ત્રો ઘરમાં પડયા હોય. ઘરની કોઈ વ્યકિત વાંચતી હોય પણ પોતે ન વાંચે. આવા બધા બનાવો સંસારમાં બને છે ભાઈ, વખત ચાલ્યો જાય છે. કાલ સવારે આયુષ્ય પૂરું થશે. બધાનું આયુષ્ય પૂરું થવાનું છે. કોઈ શાશ્વત અહીં રહેતો નથી. માટે પોતાના હિતને માટે આગમનો અધ્યાસ, અભ્યાસ, અધ્યાસ ને અભ્યાસ ખાસ કરવાની જરૂર છે. કે જેના દ્વારા તેને પોતાના સ્વરૂપનો ખ્યાલ આવે કે હું આવો છું.

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી, નિમિત્ત, એનું અવલંબન આવે. કેમ કે સીધું આત્માનું અવલંબન ન આવી શકે ત્યારે જે શુધ્ધાત્માનું સ્વરૂપ સમજતો જ નથી એને આગમનું અવલંબન લેવું જોઈએ કે આગમમાં આચાર્યભગવાન આત્માનું સ્વરૂપ શું કહે છે એના દ્વારા એણે જાણવું જોઈએ. તો શ્રુતજ્ઞાનના અવલંબનથી, દ્રવ્યશ્રુતના અવલંબનથી, જિનવાણીના અવલંબનથી શું કરવું હવે? શાસ્ત્રનું અવગાહન કરીને, અવલોકન કરીને એમાંથી શું તારવવું? કે જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને. મૂળ વાત છે. એ આગમ દ્વારા-પહેલાં એક આત્મા જેને અનુભવ થવાનો છે એની પૂર્વ ભૂમિકામાં નિશ્ચય પ્રગટ થવાનું છે એનો વ્યવહાર કેવો હોય? વ્યવહારને તમે માનો છો કે નથી માનતા? ભાઈ, નિશ્ચય પ્રગટ થવાનો હોય એને એની પૂર્વ ભૂમિકામાં આગમનો અભ્યાસ અથવા શ્રવણ એ પ્રકારનો યોગ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે.

પણ વ્યવહાર છે માટે કાર્ય થાય છે એવો નિયમ નથી. પણ જેને આત્માનો અનુભવ થવાનો હોય, ધર્મ પ્રગટ થવાનો હોય એને ધર્મી અથવા આગમ એના નિમિત્ત દ્વારા પોતાના આત્માનો આત્મા નિર્ણય કરે છે. જો હું એક જ્ઞાનસ્વભાવી આત્મા છું, જ્ઞાયક હોવાથી કેવળ જ્ઞાતા છું. પણ હું કર્તા-ભોકતા નથી. હું જ્ઞાનસ્વભાવી આત્મા હોવાથી આ રાગ-દ્વેષ, સુખ-દુઃખના જે પરિણામ દેખાય છે એ આસ્રવતત્ત્વ છે. એ મારું ખરું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનમય છું અને રાગમય નથી. દશામાં અજ્ઞાનછે, રાગ છે, દ્વેષ છે, મોહ છે, સુખ-દુઃખના પરિણામ થાય છે. એ વખતે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેવો છે એવો નિર્ણય થઈ શકે છે. પાણી ઉષ્ણ હોય ત્યારે પાણી શીતળ છે એવો નિર્ણય થઈ શકે છે. પાણી મેલું હોય ત્યારે પાણી સ્વચ્છ છે એવો નિર્ણય થઈ શકે છે. કપડું રાતું હોય ત્યારે કપડું સફેદ છે એવો નિર્ણય થઈ શકે છે. શરીરમાં તાવ આવે ત્યારે એ નિર્ણય થઈ શકે છે કે શરીરમાંથી હમણા બે ત્રણ દિવસમાં તાવ ઉતરી જશે અને શરીર ઠંડુ થઈ જશે.

એવા જગતના બધા દૃષ્ટાંતો એટલા હદ ઉપરના છે કે એને વસ્તુના સ્વભાવનો નિર્ણય થઈ શકે છે. ભલે પરિણામની અંદર વિકૃત દશા, કષાયભાવ હોય તે વખતે તે રાગ-દ્વેષના પરિણામથી ભિન્ન અંતરમાં જ્ઞાનમય આત્મા બિરાજમાન છે એવા આત્માનો પ્રત્યક્ષ અનુભવ થવા પહેલાં પરોક્ષ નિર્ણય થઈ શકે છે. આ ધર્મ કેમ થાય એની આમાં વિધિ છે. સમ્યગ્દર્શન, આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર થાય એને શુદ્ધાત્માનો સ્વભાવ કેવો છે કે જે પોતાના અનુભવમાં હમણાં આવવાનો છે. એવા ટાઈમમાં પ્રત્યક્ષ જેને શુદ્ધાત્માનો અનુભવ થવાનો હોય એની પૂર્વ ભૂમિકામાં મન દ્વારા પરોક્ષજ્ઞાન દ્વારા શુધાત્માનો નિર્ણય થઈ જાય છે. તો પ્રથમ તો આત્મા તારો સ્વભાવ છે એવો નિર્ણય કર.

આજે એક જગ્યાએ ગયા હતા. ચાર પાંચ બહેનો પણ હતા. (તે કહે) અમારે ધ્યાન કરવું છે. બાપુ ! ધ્યાન કરવું છે એ તો બરાબર છે પણ ધ્યાન કેનું કરવું છે? તો કહે આત્માનું. હવે અમારે બીજી ચીજનું તો ધ્યાન કરવું નથી. ધ્યાન કરી કરીને તો દુઃખી થઈ ગયા. અનંતવાર સંયોગનું તો ધ્યાન બહુ કર્યું. પણ સંયોગ આત્માના ન થયા. હવે અમારે આત્માનું ધ્યાન કરવું છે. તો બાપુ ! આત્માનો સ્વભાવ શું છે એનો પ્રથમમાં પ્રથમ નિર્ણય કરવો જોઈએ. જેનું ધ્યાન કરવું છે એવી ધ્યેયરૂપ વસ્તુ, કેમ કે ધ્યેય શુદ્ધાત્મા છે. ધ્યેય એટલે અવલંબન લેવા યોગ્ય, આશ્રય કરવા યોગ્ય જેમાં એકાગ્રતા કરવી છે એવા શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે એ પ્રથમમાં પ્રથમ કાં તો પ્રત્યક્ષ જ્ઞાનીના યોગે અને કાં જ્ઞાનીનો યોગ ન હોય ત્યારે શાસ્ત્રરૂપે જ્ઞાનીના જે વચનો છે એના દ્વારા પોતાના આત્માનો નિર્ણય પ્રથમ કરવો. પ્રથમ શું કરવું? આપણે તો એ અનાદિકાળનું છે. એનો આ ઉત્તર છે.

પહેલી કઈ ક્રિયા કરવી? કેટલા દાન, કેટલા શિયળ, કેટલા તપ, કેટલા વ્રત, કેટલા મંદિર બંધાવવા, કેટલી યાત્રા કરવી? તો શું કરવું? કે પહેલાં આગમ જ્ઞાન દ્વારા, આગમ દ્વારા પોતાના આત્માનો નિર્ણય કરવો, કે હું તો એક જ્ઞાનસ્વભાવી આત્મા છું. પરિણામમાં અજ્ઞાન છે, પરિણામમાં અજ્ઞાન દશા છે. પરિણામમાં રાગ, દ્વેષ, મોહ છે. એ સમયે અંતર જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય થઈ શકે છે. આ એક અપૂર્વ ચીજ છે. પ્રથમ, પહેલામાં પહેલો એકડો અને એકડો ઘૂંટવા પહેલાય પહેલું સમ્યગ્દર્શનરૂપી ધર્મનો પહેલો એકડો છે. પ્રથમ સીડી, મોક્ષમહેલનું પ્રથમ પગથિયું સમ્યગ્દર્શન. એની પહેલાં નિર્ણય કરવો જોઈએ કે હું તો જ્ઞાન સ્વભાવી આત્મા છું.

તો જ્ઞાન શું કરે? કે કેવળ જાણે, જાણે ને જાણે. કંઈપણ કરે નહીં. આ તો હજી એ નિર્ણય કરે છે અનુભવ તો પછી. કહે ચક્ષુ શું કરે? કેવળ જાણે ને દેખે. કંઈપણ કરે નહીં. એમ જ્ઞાનસ્વભાવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા છું તો માત્ર જાણવું. જાણવું, જાણવું ને જાણવું. સ્વને જાણતાં પર જણાય પણ આત્માનો સ્વભાવ જ્ઞાન હોવાને કારણે જ્ઞાનસ્વભાવી આત્મા રાગને કરે, દ્વેષને કરે, પુણ્યને કરે, પાપને કરે એ આત્માનો સ્વભાવ નથી. પુણ્ય-પાપના પરિણામ થાય એને જાણે પણ કરે નહીં. જગતના બીજા પદાર્થો છે એ પદાર્થોના પરિણામનો પણ આત્મા કર્તા નથી. હાથ-પગ ચલાવવાની ક્રિયાનો પણ આત્મા કર્તા નથી.

ભાઈ ! તને અભિમાન ઝેર ચડી ગયું છે, બહુ અહમ્ થઈ ગયું છે પણ એ દુઃખી થવાનો ધંધો છે. ગમે તેટલી તું કલ્પના કર કે નિર્ણય કર કે મારે આમ કરવું છે તો તારું ધાર્યું કાંઈ થવાનું નથી. અને કદાચિત્ યોગાનુંયોગ ત્યાં એમ થવાનું હોય અને તને થાય કે મારા ધાર્યા પ્રમાણે થયું તો ઉલટું અજ્ઞાન વધી જશે. તને લાભ થશે નહીં. અહમ વધશે. માટે જગતના પદાર્થોના પરિણામનો તો આત્મા અજ્ઞાનભાવે કે જ્ઞાનભાવે કર્તા નથી. માત્ર અજ્ઞાનભાવે આત્મા કરે તો રાગ, દ્વેષ, મોહને કરે અને એના દુઃખને ભોગવે. એ પણ અજ્ઞાનભાવે. આમ સ્વભાવભાવથી જોવામાં આવે તો જ્ઞાનસ્વભાવી આત્મા હોવાથી રાગાદિનો પણ આત્મા કર્તા નથી ને દુઃખનો આત્મા ભોકતા નથી.

એવો જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ જયાં નિર્ણય કરે, જેવો આત્મા અનુભવમાં આવવાનો હોય, આ ગૃહસ્થ અવસ્થામાં થઈ શકે છે. બહેનો,ભાઈઓ, નાના મોટા, બાળ-ગોપાળ ધર્મ કરી શકે છે. ધર્મ એટલે રાગ રહિત થઈને જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવી આત્માને જાણવો. ધર્મ એટલે જ્ઞાનસ્વભાવી આત્માને પોતાના અંર્તમુખ થયેલા જ્ઞાન દ્વારા જાણવો એટલે અનુભવવો. કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. એ હવે કહેશે. હજી તો આ પહેલાં નિર્ણય કરાવે છેકે તારું આવું સ્વરૂપ છે. આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી. ભાઈ ! આત્માને કર્મનો બંધ નથી. આત્મામાં રાગાદિ વિકૃતભાવ નથી. એ તો એના પરિણામમાં થાય છે. પાણીના પરિણામમાં ઉષ્ણતા છે. પાણી નામનો પદાર્થ એનો જે મૂળ સ્વભાવ છે એ તો ઉષ્ણ થતો નથી. એ તો સ્વભાવ શીતળ રાખે છે.

એમ આ આત્મા જ્ઞાનસ્વભાવી, ઓહોહોહો ! જેમ ઓલું થવા યોગ્ય થાય છે એમ આવ્યું'તું એમાં એમ લાગે તો કર્તાબુદ્ધિ છૂટી જાય. પરિણામ થવા યોગ્ય થાય છે. તેરમી ગાથામાં આવ્યુ'તું. એમ અહીંયા કહે છે અરે તું નિર્ણય તો કર. જેમ તને અત્યારે નિશંક નિર્ણય છે કે હું મનુષ્ય છું. કોઈ આવીને એમ કહે કે તું તિર્યંચ ને ઢોર છો. તો કોઈ માને? કોઈ હા પાડે? ત્યારે શું કહે કે હું તો મનુષ્ય છું. હું મનુષ્ય છું એમ તને નિશંક પ્રતીતિ વર્તે છે. એમાં તું નિશંક છો કે હું મનુષ્ય છું અને ઢોર નથી. દેવ પણ નથી અને નારકી પણ નથી. હું તો મનુષ્ય છું. એમ દેહાત્મબુદ્ધિવાળાને જેમ જેમ હું મનુષ્ય છું એમ એના શ્રદ્ધામાં વર્તમાનમાં રહે છે. એમ કહે છે કે અરે તું એક શ્રદ્ધા તો નવી કર. અનંતકાળથી શ્રદ્ધા કરી નથી. જેવો આત્માનો સ્વભાવ છે એવી તે શ્રદ્ધા કરી નથી. શ્રદ્ધાના અભાવમાં આત્મા દુઃખી થાય છે. સમ્યક્ શ્રદ્ધા થતાં અલ્પકાળમાં એને પરિપૂર્ણ આનંદની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રાપ્તિ થાય છે.

પણ એને કાંઈ વિશ્વાસ નથી કે આત્મામાં સુખ છે. એમ વિશ્વાસ નથી આવતો. અહીંયા કહે છે કે મારો જ્ઞાનસ્વભાવી આત્મા છે. આ પોતાના આત્માની વાત ચાલે છે. બધા આત્મા જ્ઞાનસ્વભાવી છે. એમ સર્વજ્ઞભગવાને જોયું છે, વાણીમાં આવ્યું છે. હવે તું નિર્ણય કર કે તારો આત્મા પણ જ્ઞાનસ્વભાવી છે. અજ્ઞાન આત્મામાં નથી. અજ્ઞાન તો એક સમયનું પરિણામ છે. બહિર્મુખ પરિણામમાં અજ્ઞાન છે. અજ્ઞાનના સદ્ભાવમાં પણ આત્મ સ્વભાવ જે છે એ તો જ્ઞાનસ્વભાવી છે. પર્યાયમાં અજ્ઞાનનો વિભાવ છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, ચારિત્રનો. પરિણામમાં વિભાવ છે પણ વસ્તુ છે એ તો જ્ઞાનસ્વભાવી આત્મા છે.

એક પદાર્થના બે પડખા છે. એક પડખામાં વર્તમાન અજ્ઞાન છે. અને બીજું પડખું એ શુધ્ધજ્ઞાનઘન આત્મા અંદરમાં જ્ઞાનસ્વભાવી બિરાજમાન છે. દરેક પદાર્થ બે પડખાવાળા છે. એક આત્માની વાત નથી. જેમ કપડાનું દૃષ્ટાંત આપ્યું, પાણીનું દૃષ્ટાંત આપ્યું. એવી રીતે બધા પદાર્થો સામાન્ય વિશેષાત્મક છે. સામાન્ય એટલે ધ્રુવ ટકતું પડખું અને બીજું પડખું પરિણામથી પલટે છે. આત્મા પરિણામે પલટે છે અને દ્રવ્યે ટકે છે. કાલના પરિણામ પલટી ગયા, આજે પરિણામ પલટી ગયા છે, આવતીકાલે પરિણામ પલટશે. જો ત્રણકાળનું જ્ઞાન થઈ ગયું. ગઈ કાલ, આજ અને આવતી કાલ. પલટતી પર્યાયનું ત્રણ કાળનું જ્ઞાન થવા છતાં ગઈ કાલે પરિણામ આવ્યા ને ગયા એ વખતે આત્મા મોજુદ. તેનો તે આત્મા આજે અને અત્યારે જે આત્મા છે તે કાલે પણ રહેવાનો છે. પરિણામ ભલે પલટે, પરિણામ ભલે આવે, પરિણામ ભલે જાય, પરિણામ ભલે નાશ થાય પણ હું તો અવિનાશી આત્મા છું.

એમ પરિણામની સાથે સાથે રહેલું એક તત્ત્વ સામાન્ય છે. જેને ધ્રુવતત્ત્વ કહેવાય. એવા જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, નિર્ધાર કરીને નિશંક નિર્ણય કર કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. તેથી કર્તાપણું મારા સ્વભાવમાં નથી. અકર્તા હોવાને કારણે જ્ઞાનસ્વભાવી હોવાને કારણે જ્ઞાયક હોવાને કારણે, કેવળ જ્ઞાતા છું. કર્તા નથી. એકવાર તું તારા સ્વરૂપનો નિર્ણય તો કર. તને પછી અનુભવ તો આવશે. હજી મન દ્વારા આ પરોક્ષ નિર્ણય કરે છે. પાંચ ઈન્દ્રિયનો વ્યાપાર બંધ થઈ જાય છે. કે આત્માનો આત્મા નિર્ણય કરે છે ત્યારે પાંચ ઈન્દ્રિયનો વ્યાપાર બંધ થઈ જાય છે. અને એક અહીંયા ભાવ મન છે. એના દ્વારા એ ચિંતવનમાં નિર્ણય ક રે છે કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. નિર્ણય અહીંયા મગજમાં નથી થતો. નિર્ણય અહીંયા થાય છે. ચિત્તમન અહીંયા છે. મન અહીંયા નથી. ગમે તેવા સાયન્ટિસ ગોતે ને તોડે કે નહીં? તો એમાંથી તે મન નહીં દેખાય. અહીંયા એક દ્રવ્યમન છે. આઠ પાંખડીનું ખુલ્લા આકારે એક દ્રવ્યમન છે. એકદમ સૂક્ષ્મ રજકણ છે. એ એટલા સૂક્ષ્મ રજકણ છે કે ઓપરેશન કરતાં પણ મન ન દેખાય. આંખ દેખાય, કાન દેખાય, નાક દેખાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીભ દેખાય, દ્રવ્ય ઈન્દ્રિયો. એમ એક દ્રવ્ય મન છે. એ જાણી શકાય નહીં.

કેમ કે મનોવર્ગણા નામના એક સૂક્ષ્મ રજકણ છે. એનાથી બનેલું છે. પાંચ પ્રકારની વર્ગણા જીવના સંબંધમાં આવે છે. આહાર વર્ગણા, કાર્મણ વર્ગણા, તેજસ વર્ગણા, ભાષા વર્ગણા અને મનો વર્ગણા. એક બાવીસ-ત્રેવીસ જાતની રજકણની જાત ભગવાને જોઈ છે. એમાંના પાંચ પ્રકારના રજકણો છે એ જયારે જીવ પોતાના સ્વભાવને ભૂલીને રાગાદિરૂપે પરિણમે ત્યારે તે પરમાણુ તેને સંયોગ સંબંધરૂપે, નિમિત્તરૂપે આવે છે. કાર્મણ અને તેજસ શરીર, કાર્મણ શરીર કેને કહેવાય કે કાર્મણ નામના રજકણમાંથી બનેલી એક આઠ કર્મની સૂક્ષ્મ કાયા છે. અને તેજસ વર્ગણા છે એમાંથી તેજસ શરીર બને છે. અને ત્રીજું આહાર વર્ગણામાંથી ઔદારિક શરીર બને છે. આહાર વર્ગણા દાળ, ભાત, શાક, રોટલા, રોટલી એ આહાર વર્ગણા છે. ઝીણા સૂક્ષ્મ રજકણ એનું બનેલું આ ઔદારિક શરીર છે.

એમ વર્તમાનમાં મનુષ્યને ત્રણ શરીરનો યોગ છે. આ દેખાય છે એ ઔદારિક શરીર છે. એ આહાર વર્ગણામાંથી બનેલું છે. કાર્મણ શરીર અને તેજસ શરીર એ રજકણમાંથી બનેલાં બીજા બે શરીર છે. અને ભાષા વર્ગણામાંથી બનેલી આ ભાષા છૂટે છે. મનો વર્ગણામાંથી અહીંયા એક દ્રવ્ય મન બનેલું છે. તો કહે છે કે સર્વજ્ઞભગવાન દેવાધિદેવ પરમાત્માએ આ વાત પ્રત્યક્ષ જોઈ છે એની વાણીમાં આવ્યું છે અને આ વાત આગમમાં સિધ્ધ છે, પ્રસિધ્ધ છે. તો કહે છે કે આ આત્મા છે એ ભલે ભાષા છૂટે, મન ભલે અહીંયા હોય, શરીર ભલે અહીંયા હોય, બે અવ્યકત શરીર અંદરમાં દેખાતા નથી પણ છે ખરા. પણ એ પાંચે પ્રકારના રજકણથી ભગવાનઆત્મા ભિન્ન જ્ઞાનસ્વભાવી છે. શરીર તો બને છે અને પાછું છૂટું પડી જાય છે. દ્રવ્યઈન્દ્રિય પ્રગટ થાય છે ને પાછી રાખ થઈ જાય છે. પણ જ્ઞાનસ્વભાવી આત્મા અનાદિઅનંત અમર છે. એનું કોઈ કાળે મૃત્યુ થતું નથી. એવા આત્માનું અવલંબન લેતાં, આત્માને સમ્યગ્દર્શન પ્રગટ થતાં એ આત્મા નિશંક અને નિર્ભય બની જાય છે કે મારું મરણ થવાનું નથી. હું તો અવિનાશી છું.

એમ જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને પરોક્ષ નિર્ણય થયો, નિર્ધાર થયો કે હું તો કેવળ જ્ઞાયક હોવાથી જ્ઞાતા છું. હું રાગાદિનો કે પરનો કર્તા નથી. એમ નિર્ણય કરીને પછી પ્રથમ આવ્યું'તું. હવે પછી. પહેલાં શું કરવું અને પછી શું કરવું? ધ્યેય નક્કી કર્યું. હવે ધ્યાન કેમ કરવું? આજે બહેનોનો પ્રશ્ન આવ્યો'તો. અભ્યાસ તો બધા થોડો જાજો કરે છે ને હમણાં હમણાં ભારતમાં ચારે બાજુ બહુ ધ્યાનની શિબિરો લાગે છે. ધ્યાનની શિબિર. સમજી ગયા? પણ ધ્યાન બાપુ કરવું તો કોનું કરવું? ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના ધર્મધ્યાન ત્રણકાળમાં થઈ શકે નહીં.

આત્માના સ્વરૂપને તો જાણે નહીં અને કલ્પનાથી અનેક પ્રકારના, પોતાની કલ્પનાથી આત્માનું સ્વરૂપ અવલોકે તો એમાં કયાંય ધ્યાનની સિધ્ધિ થતી નથી. કેમ કે ધ્યેય ખોટું એનું ધ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખોટું છે. તો પહેલાં ધ્યેયની વાત કરી કે જ્ઞાનસ્વભાવી આત્મા છું, એવો નિર્ણય કર. એ ધ્યેયનો નિર્ણય થયો. પછી ધ્યાન કેમ કરવું એ આમાં બતાવે છે. કાંઇ વાત ગુરુદેવે ગુપ્ત રાખી નથી. કોઇ વાત ખાનગી નહીં. સોનગઢમાં કોઇ વખતે કોઇ બહારગામના ભાઇ અંદરમાં જાય કે મને કાંઇક ખાનગી મંત્ર આપો. કે ભઇ અમારી પાસે કાંઇ ખાનગી જેવું નથી. અમે ભેદજ્ઞાનનો આત્માનો મંત્ર આપીએ છીએ. એ તો ખુલ્લમ ખુલ્લો આપીએ છીએ. અહીંયા ત્રણથી ચાર વાંચન ચાલશે ત્યારે આવજો. અમારી પાસે કાંઇ ખાનગી મંત્ર નથી. કોઇ દુઃખિયા આવે કે સાહેબ બહુ દુઃખી છીએ અમને કાંઇક સુખી થઇએ એવો મંત્ર આપો. અહીંયા બધું મંત્ર, બંત્ર, તંત્ર કાંઇ છે નહીં.અહીંયા તો ભગવાનઆત્માની વાત છે.

(મુમુક્ષુ :- ગુરુદેવની લાકડી પણ ઉપાડી ગયા હતા.) હા, આ ઇલમની લાકડી. એ તો એમ છે ને ગુરુદેવે ઘણો ખુલાસો કર્યો હતો. કે કોઇકને એમ લાગે કે આ લાકડી ફેરવે છે ને તો ધન થઇ જાય છે. ગુરુદેવ પાસે જાય છે એને ધન થઇ જાય છે. ગુરુદેવે ખુલાસો કર્યો. બાપુ ! એમ છે, કે આ લાકડીમાં કાંઇ નથી. આ લાકડીમાં કાંઇ નથી. એક વખત લોકો લાકડી ચોરી ગયા પણ લાકડીમાં કાંઇ નથી. પણ બનવા કાળ એવો છે કે આ પરમસત્ય તીર્થંકરોએ મહાવીર ભગવાને કહેલી વાત છે અને એ વાતના શ્રવણમાં બે કલાક, ત્રણ કલાક ઉપયોગ લગાવે તો એને શુભભાવ થાય. અને શુભભાવ થાય તો પુણ્ય બંધાય અને પુણ્ય બંધાય તો એવો કર્મ પ્રકૃતિનો કાળ છે વિપાક કે કોઇને અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવી જાય અને કોઇને લાંબા કાળે પણ ઉદયમાં આવે. હવે એવા જીવોને પુણ્ય બંધાઇ ગયું હોય કાગને બેસવું અને ડાળને પડવું. પુણ્ય બંધાય એના પુણ્યથી પૈસો આવ્યો. આરોપ આવ્યો ગુરુદેવ ઉપર કે ગુરુદેવના ભકતો થાય એ બધા શ્રીમંત થઇ જાય. અને ઘણા એવા થઇ પણ ગયા. ઘણા થઇ ગયા હો ! પણ ગુરુદેવ ફરમાવે છે ભાઇ, અમારું એમાં કાંઇ નથી હો ! એ તો એના પરિણામથી પ્રકૃતિ બંધાય અને એના પુણ્યના ઉદયથી આવે અમે કાંઇ એમાં કરતાં નથી. પણ એ પ્રકારનો આરોપ તો હતો કે જે જાય, બે વાત કરે. એક જે જાય ન્યાંથી પાછો આવે નહીં અને જે જાય એ પૈસાવાળો થઇ જાય. અને યોગાનુંયોગ એવા ઘણા બનાવ પણ બન્યા. ઘણા બનાવ બન્યા પણ ગુરુદેવ કહે અમે તો કાંઇ જાણતા નથી. અમે કોઇને ખાનગી મંત્ર આપતા નથી. અમે તો આત્માની વાત કરીએ છીએ. અમારી પાસે કોઇ વાત ખાનગી નથી. ને કોઇ ખાનગી વાત કહી આવે ને, કે સાહેબ આપને જ કહું છું હોં, કોઇને કહેશોમાં. તો જયાં તે બહાર પાટ ઉપર આવે (કે તરત જ પ્રવચનમાં કહે) એક ભાઇ આવ્યા'તા આમ વાત કરતા હતા. પણ એમ કહેતા હતા કે ખાનગી રાખજો. લ્યો હવે આમાં કયાં ખાનગી રહ્યું? અમારી પાસે કાંઇ ખાનગી નથી. આહા !

અરે ભારતમાં અલૌકિક વાત બહાર આવી ગઇ. આ વાત અલૌકિક છે, અપૂર્વ છે. અનંત તીર્થંકરોએ કહેલી વાત ગુરુદેવે કહી છે, ફરમાવી છે. એક શબ્દ પણ એના ઘરનો નથી. આહા ! પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આગમમાં બધી વાત હતી, હમણા તાત્કાલીક એ આગમનો ઉકેલ કરનાર કોઈ નહોતું. અગાઉ તો ઘણા જ્ઞાની થઈ ગયા. શ્રીમદ્જી થઈ ગયા, ટોડરમલજી, બનારસીદાસજી એવા એવા ગૃહસ્થી જ્ઞાનીઓ દીપચંદજી આદિ પણ થઈ ગયા. પણ હમણાં હમણાં છેલ્લા કાળમાં 'વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ બહુ લોપ' ઢંકાઈ ગયો હતો, આચ્છાદિત થઈ ગયો હતો, કોઈ સ્વરૂપ જાણતું નહોતું એને આત્માનો અનુભવ થયો અનુભવ કરીને આ વાત કરે છે.

કે પ્રથમ જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને ગાથા ૧૪૪. પહેલામાં પહેલું શું કરવું? કઈ ક્રિયા કરવી? કાંઈક તમારા ધર્મમાં ક્રિયા છે કે નહીં? હવે અમારો ને તમારો ધર્મ કયાં છે? આ તો જૈન ધર્મ છે. કે અમારો ધર્મ શું અને તમારો ધર્મ શું? અરે આ તો આત્માનો ધર્મ છે. અમેય આત્મા અને તમેય આત્મા છો. આ તો આત્માના ધર્મની વાત છે. અમારો ધર્મ ને તમારો ધર્મ (એવા) ભાગલા કાં પાડ બાપુ ! આ તો આત્માનો ધર્મ છે. તું પણ આત્મા અને અમે પણ આત્મા. આત્માનો ધર્મ શું એની વાત ચાલે છે. આ કોઈ વાડાની વાત નથી. આ તો વસ્તુના સ્વભાવની વાત છે. આહાહા !

કે પ્રથમ આત્માના સ્વભાવનો નિર્ણય કરીને પછી આ ધ્યેય નક્કી કર્યું કે હું જ્ઞાનસ્વભાવી જ્ઞાયક આત્મા છું. ચિદઘનઆત્મા શુદ્ધાત્મા છું. પછી હવે એનું ધ્યાન કેમ કરવું? એ ધ્યાનની વિધિ બતાવે છે. અને આત્માને લક્ષમાં કેમ લેવો? આત્માને અનુભવમાં કેમ લેવો? કે પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે પંચમકાળમાં આત્મા પ્રગટ અનુભવમાં આવે છે એમ સંતો લખે છે. કે ભઈ પંચમકાળ છે અને આત્મા કાંઈ અનુભવમાં આવે નહીં. અરે પ્રગટ અનુભવમાં આવે. લખે છે જુઓ. પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. આંધળો સાકર ખાય એને મીઠાપણાનો સ્વાદ આવે કે ન આવે? દેખતાને આવે અને આંધળાને પણ આવે. એમ કે પરમાત્મા આનંદનો અનુભવ કરે છે અને પ્રદેશને પણ એ જુએ છે, દેખે છે.

અને છદ્મસ્થનો આત્મા એ આત્માનો અનુભવ કરતાં આનંદનો અનુભવ આવે છે. પણ આત્માના પ્રદેશ પ્રત્યક્ષ દેખાતા નથી. માટે તેને પણ આનંદનો અનુભવ આવે છે વેદન તો પ્રત્યક્ષ જ છે. ભલે પ્રદેશ દેખાય નહીં. આંધળો સાકર ખાય ને દેખતો સાકર ખાય એ બેના સ્વાદમાં કેટલો ફેર? કનુભાઈ ! કેમ? સ્વાદમાં ફેર નહીં. એક તો આંધળો સાકરને જોતો નથી અને એક આમ સાકરને જુએ છે એનો ઘાટ જુએ છે, સફેદ છે એમ જુએ છે અને મોઢામાં મૂકે છે. અને ઓલો સાકરને મોઢામાં મૂકે છે એનો ઘાટ દેખાતો નથી. રંગે સાકર કેવી પીળી કે ધોળી કાંઈ ખબર નથી. તો એટલા જ્ઞાનમાં તો ફેર પડયો કે નહીં? એના જ્ઞાનમાં ફેર પડયો? (કે) સાકર જોવામાં? સાકર જોવામાં ફેર પડયો. કે એકને સાકર દેખાતી નથી અને એકને દેખાય છે અને અનુભવ કરે છે. તો કાંઈક બે માં વેદનમાં થોડોક ઓછો વધતો તફાવત હશે કે નહીં? કે અંશ માત્ર જરાય નથી. બેયને ગળપણનું મીઠાશપણાનું બરાબર (વેદન) આવે છે. એમાં વેદનમાં કાંઈ ફેર નથી. એમ કેવળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમાત્મા પોતાના શુદ્ધાત્માને પ્રત્યક્ષ કેવળજ્ઞાન વડે જાણે દેખે છે અને પૂર્ણ આનંદને અનુભવે છે.

એમ ગૃહસ્થ અવસ્થામાં, અરે ! તિર્યંચ હરણીયું હોય, દેડકું હોય એને પણ આત્મદર્શન થાય છે. ભાઈ! અરે તિર્યંચને આત્માના અનુભવરૂપ ધર્મની શરૂઆત થાય તો મનુષ્યને કેમ આત્માનો અનુભવ ન થાય? ઢોરને થાય ને માણસને કેમ ન થાય? ન થવાની વાત અહીંયા નથી. થાય, થાય ને થાય જ. પણ જ્ઞાનીઓ કહે છે એમ કરવું જાઈએ. પોતાની નિજમત્તિ કલ્પનાને છોડી દેવી જોઈએ.

કહે છે કે પ્રથમ જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને પછી શું કરવું આ ધ્યાનની કળા બતાવે છે. પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે ઓલી અપ્રગટ પ્રસિદ્ધિ હતી, પરોક્ષ પ્રસિદ્ધિ હતી. મન દ્વારા આત્માનો નિર્ણય કર્યો હતો. હવે જ્ઞાન દ્વારા આત્મા અનુભવમાં આવે છે. પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને એટલે (મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે એવો, શું ફરમાવે છે?

કે એક આત્માએ આવો જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યો. નિર્ણય કરીને પછી એ પ્રયોગ કરે છે. નિર્ણય તો કર્યો કે હું ત્રણેકાળ શુદ્ધ નિત્ય, નિરાવરણ, અખંડ અને જ્ઞાનમય આત્મા છું. એવો મન દ્વારા નિર્ણય કર્યો. પછી એ પોતે પ્રયોગ કરે છે. ચિંતવનનો એને કાળ છે. શાંતિથી બે ઘડી બેઠો છે અને સ્વરૂપનું ચિંતવન કરે છે. ત્યારે એનો જે મતિજ્ઞાનનો વ્યાપાર હતો એ બધો પાંચ ઈન્દ્રિય તરફથી સંકેલાઈને આત્માની સન્મુખ થાય છે. આંખે કાંઈ દેખાતું નથી. કાને સાંભળવાનું બંધ થઈ ગયું. આહારનું બંધ થઈ ગયું, સ્પર્શ કરવાનું બંધ થઈ ગયું. બધી પાંચે ઈન્દ્રિયનો વ્યાપાર લબ્ધરૂપ થઈ ગયો એટલે કોઈ વ્યાપાર ન રહ્યો. એમ મતિજ્ઞાનને આત્માની સન્મુખ કરે છે. બહારના દેવ, ગુરુ, શાસ્ત્ર જણાવાના બંધ થઈ ગયા. એનો વ્યાપાર અટકી ગયો. પર જ્ઞેય સન્મુખનો જે ઉપયોગ હતો, ઉપયોગ એટલે જ્ઞાનનો વ્યાપાર. આને જાણવાનો, આને જાણવાનો, આને જાણવાનો એ બધો વ્યાપાર બંધ થઈને એનો મતિજ્ઞાનનો આખો ઉપયોગ આત્મા સન્મુખ આવે છે. એના ઉપયોગમાં આત્મા, આત્મા, આત્મા, આત્મા, જ્ઞાન, જ્ઞાનમય આત્મા.

એમ. આહા ! જે જ્ઞાન, મતિજ્ઞાન પોતાના આત્માને પ્રસિદ્ધ કર્યા વિના પરને પ્રસિદ્ધ કરતું'તું તે જ્ઞાન મર્યાદા બહાર હતું. જેમ સતી સ્ત્રી કયાંય જાય તો એનું સતીપણું છૂટી જાય. એમ જ્ઞાનનો ધર્મ તો જેનું છે એને પ્રસિદ્ધ કરે તે જ્ઞાનનું સતીત્વપણું છે. પણ એ જ્ઞાન જેનું છે એને પ્રસિદ્ધ ન કરતાં એ પર પદાર્થને પ્રસિદ્ધ કર્યા કરે છે. એ જ્ઞાનની મર્યાદા નથી. મર્યાદા બહાર ગયું. આપણા કુળની આ મર્યાદા નથી. બાપુ ! આપણે જયાં ત્યાં જવાય નહીં. આપણા કુળની મર્યાદા (છે). એમ આ જ્ઞાન નામના કુળની મર્યાદા છે. જ્ઞાન જેનું છે એને જાણે તો તો મર્યાદામાં રહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ પોતાના આત્માનું જાણવાનું છોડીને પર પદાર્થમાં ચોવીસે કલાક રખડે, તો કહે છે કે મર્યાદા બહાર છે. એ મર્યાદામાં લાવે, વર્તુળ, વર્તુળ.

જ્ઞાનનો વિષય હવે માત્ર આત્મા થાય છે. જ્ઞાનનો વિષય જે પર જ્ઞેય થતું'તું એ થોડા ટાઈમ માટે અટકી જાય છે. જ્ઞાનનો જે વિષય છે, જ્ઞાન વિષય વિના ન રહે. વિષય એટલે જાણ્યા વિના ન રહે. કાં તો જ્ઞાન પોતાને જાણે અને જો પોતાને ન જાણે તો પરને જાણવા જાય. હવે કહે છે કે મર્યાદા બહાર જ્ઞાન થયું'તું. આહાહા ! હવે એ જ્ઞાનને પાંચ ઈન્દ્રિયના વિષયને સંકેલી, ઈન્દ્રિયને જીતવાની કળા બતાવે છે. ઈન્દ્રિયને જીતવી અને મોહને જીતવો. આ બેયને જીતવાની વાત છે. વિષયોને જીતવા અને કષાયોને પણ જીતવા.

વિષયો એટલે પર પદાર્થને જાણવાની અભિલાષા, ઈચ્છા હતી એ ઈચ્છાઓ બંધ થઈ જાય છે. ઉપયોગ આત્માની સન્મુખ થાય છે. એકલા ચિંતવનના કાળમાં હું જ્ઞાનસ્વભાવી જ્ઞાયક આત્મા છું, હું તો જાણનાર છું અને જાણનારો જ મને જણાય છે. એમ મતિજ્ઞાનનો વિષય આત્મા બને છે. જુઓ આ ધ્યાનનો પ્રયોગ. જગત અત્યારે ધ્યાનની શિબિર લગાવે છે. પણ ધ્યેય શું એ ખબર નહીં. ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુધ્ધિઓ અને મન દ્વારા જે પર પદાર્થનું ચિંતવન ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનું ચાલતું હતું. પર જ્ઞેયો અરૂપી પદાર્થ બનતા હતા. એને પણ મર્યાદામાં લાવે છે. એકલો આત્મા, આત્મા, આત્મા જ્ઞાનસ્વભાવી આત્મા. એના મતિજ્ઞાનમાં આત્મા આવે છે. તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્તવને આત્મસન્મુખ કર્યું છે. ઉપયોગ આત્માની સન્મુખ આવે છે. એવો, એક વાત કરી.

હવે બીજો પ્રકાર કહે છે. આ બધું બની શકે એવું છે. એટલે જ્ઞાનીઓ ઉપદેશ આપે છે. ન બને અને જ્ઞાનીઓ ઉપદેશ આપે એવો ખોટો ઉપદેશ જ્ઞાનીઓ આપે નહીં. આ આત્માના અનુભવની વાત ચાલતી નહોતી એટલે જગતને નવી લાગે છે. ચોથા કાળમાં તો બહુ ચાલતી હતી. આ જ વાત હતી. બીજી વાત તો હતી જ નહીં. પણ આ વાત આખી લોપ થઈ ગઈ અને જગતના જીવો ક્રિયાકાંડમાં રોકાઈ ગયા, ચડી ગયા અને આત્માના સ્વરૂપને સાવ ભૂલી ગયા. આત્માનો અનુભવ શું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર શું? તે ભૂલાઈ ગયું. આહા ! એમાં આ પુરુષનો જન્મ થયો. આપણા ભાગ્યને જોરે એનો જન્મ થયો એ આપણા માટે થયો. આહા ! મહાવિદેહક્ષેત્રમાં હતા. ગુરુદેવ રાજકુમાર હતા ત્યાંથી અહીંયા ભારતમાં એનો જન્મ થયો. બહેનશ્રી પણ ત્યાં દેવકુમાર તરીકે શેઠના દિકરા હતા. તે (બહેનશ્રી)ભાવિ ગણધર થવાના છે અને આ (ગુરુદેવ) ભાવિ તીર્થંકર થવાના છે.

કહે છે કે એવા પુરુષનો અહીંયા જન્મ થયો. ભાવિ તીર્થંકરના આપણને ભેટા થયા. આપણા અહોભાગ્ય કે આ શાસ્ત્રમાં બે હજાર વર્ષ પહેલાં શાસ્ત્રો લખાયેલાં એમાં આ વાત હતી. એ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુપ્ત હતી. શાસ્ત્રમાં રહી ગઈ હતી. કોઈ એનો ઉકેલ કરનાર નહોતું. એ ઉકેલ એણે કર્યો એને પૂર્વના સંસ્કાર હતા અને અહીંયા અનુભવ થયો અને આખી વાતનું સ્પષ્ટીકરણ આવી ગયું. એ આચાર્યભગવાન કહે છે કે અરે હવે તારા જ્ઞાનને જયાં ત્યાં રખડાવવાનું બંધ કરી દે. એ તું રખડું થઈ ગયો. કનુભાઈ ! જ્ઞાનીને શું? જ્ઞાની તો સાચી વાત કહેને? જ્ઞાની તો સાચી વાત કહેને? રખડું એટલે ભલે ને આ ક્ષેત્રમાં બેઠો હોય. બીજે ક્ષેત્રે ન ગયો હોય પણ જ્ઞાનને ચારે બાજુ ભમાવ્યા કરે. ચારે બાજુ ભમાવે છેવટ ટેલીફોન દ્વારા ભમાવે. ઠેઠ કયાંયનું કયાંય મન દોડી જાય.

કહે છે કે તું રખડું થઈ ગયો. અને રખડું થઈશ તો રખડી મરીશ દુઃખી થાઈશ. તું તારા જ્ઞાનને ચારે બાજુથી સંકેલીને આત્માના સ્વરૂપ ભણી ઉપયોગને લાવ અને એને વિષય દે. એને ઉપયોગને જ્ઞાનને વિષય જોઈએ છે આત્મા. એ જયાં સુધી જ્ઞાનને જ્ઞાનસ્વભાવી આત્મા વિષય મળતો નથી અને પર વિષયમાં જાય છે ત્યાં સુધી રાગી પ્રાણીને રાગ-દ્વેષ, મોહ થયા વિના રહેતા નથી. એ ઉપયોગને હવે સંકેલી લે. હવે કહે સંકેલી લે.

રાજકોટથી ટીકીટ લીધી બોરીવલ્લીની, સેન્ટ્રલ સુધી ટ્રેન જાય. બોરીવલ્લી આવે સવારના ત્રણ વાગ્યે. અને જનતામાં સેન્ટ્રલ આવે ઠેઠ પાંચ વાગ્યે, છ વાગ્યે. તો બોરીવલ્લીથી કેટલાક ભાઈઓ ઉતરવા માંડયા કે ભઈ બોરીવલી આવી ગયું, બોરીવલ્લી સ્ટેશન આવી ગયું. બીસ્ત્રા સંકેલો, બીસ્ત્રા લપેટ કરો. તો બીસ્ત્રા ઝડપથી લપેટ કરી અને કેટલાક ઉતરવા માંડયા અને ઉતર્યા અને એક અઘોરી સુતો હતો. કહે ભાઈ તમારે કયાં જાવું છે? તો કહે બોરીવલ્લી જાવું છે. અરે બોરીવલ્લી આવ્યું, હમણાં ઊઠું છું, હમણાં ઊઠું છું. એમ કરતાં કરતાં ટ્રેન ઉપડી ગઈ. ટ્રેન ઉપડી ગઈ પછી કહે ભાઈ તમારે બોરીવલ્લી જાવું હતું ને આ તો સ્ટેશન આવશે ત્યાં. કહે ભારે થઈ હવે શું કરવું? આહાહા !

એમ કહે છે કે હવે ઉપયોગના બીસ્ત્રા સંકેલ. તારો ઉપયોગ જયાં ત્યાં ફેલાણો છે એને સંકેલો કર અને મર્યાદામાં આવ. એનું વર્તુળ જ્ઞાનનો સ્વભાવ તો જ્ઞાનને જાણવું એ છે. આહા ! જ્ઞાનનો સ્વભાવ તો જ્ઞાનને જાણવું તે છે. જ્ઞાનનો સ્વભાવ જ્ઞાયકને જાણવું તે છે. એ પણ ભેદથી સમજાવે છે. બાકી તો એ એકાકાર છે. કયુ જ્ઞાન કયા જ્ઞાનને જાણે? જ્ઞાન તો એક જ છે. પણ પરને જાણતું'તું એ છોડાવવા માટે તારા જ્ઞાન દ્વારા તારા આત્માને જાણ ને ! તો તને સુખ થશે. પરને જાણતાં તને સુખ પણ નહીં થાય અને જ્ઞાન પણ નહીં થાય. આવું આગમનું વચન છે. આહા ! રખડું થઈ ગયો. અધ્યાત્મનો આ રખડું છે. ઓલો રખડું થાય ને લંપટ થઈ જાય ને આ એની વાત નથી. એની તો વાત જ નથી. એ તો દૂર રહો. આ તો પોતાના જ્ઞાનને મર્યાદામાં લાવીને આત્માને જાણતો નથી ને બહાર રખડે છે. કહે છે કે તને શાંતિ નહીં થાય. તારા જ્ઞાનને આત્માની સન્મુખ કર.

હવે મતિજ્ઞાન આત્માની સન્મુખ આવ્યું છે એની પાછળ પાછળ શ્રુતજ્ઞાન પણ આત્માની સન્મુખ કેવી રીતે આવે છે એની બીજા પ્રકારની ધ્યાનની વિધિ બતાવે છે. બે પ્રકારના જ્ઞાન

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપયોગ-મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન તો બળવાન છે. અનુભવ શ્રુતજ્ઞાનમાં થાય છે. શ્રુતજ્ઞાન વિશેષ તર્કણારૂપ જ્ઞાન છે, વિશેષ બળવાન જ્ઞાન છે. એ શ્રુતજ્ઞાન આત્માની સન્મુખ થતાં અનુભવ થાય. એ વાત હવે કરે છે. ઓમાં શું કાઢયું કે પાંચ ઈન્દ્રિયના વિષયથી બધા બહારના પદાર્થો જણાતા હતા એને જ્ઞાનમાં બંધ કર્યા.

હવે શ્રુતજ્ઞાનમાં જે વિકલ્પ ઊઠે છે કે હું શુધ્ધ છું, એક છું, અભેદ છું, હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. જો જેવો નિર્ણય કર્યો એવો વિકલ્પ શ્રુતજ્ઞાનમાં ઉઠાવે છે તો પણ એને ધર્મ થતો નથી. તો પણ અનુભવ થતો નથી. સૂક્ષ્મ વાત છે. આવી ઊંચી વાત લંડનમાં ચાલે નહીં. કાંઇક સ્થૂળ વાત કરો. અરે ભાઈ ! હજી આ તો એકડાની વાત છે. આ તો તદ્દન એકડાની વાત છે. બી.એ.એલ.એલ.બી.ની આ વાત નથી. ચારિત્રની વાત તો અપૂર્વ છે. આ તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. તથા નાના પ્રકારના એટલે અનેક પ્રકારના શ્રુતજ્ઞાનમાં નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતાં અનેક વિકલ્પો. શ્રુતજ્ઞાનમાં એમ વિચાર કરે છે કે આ નયે આવો છું ને આ નયે આવો છું. છે આત્માનો વિચાર. આત્માનો વિચાર છોડીને પરનો વિચાર તો કરતો જ નથી. શ્રુતજ્ઞાનમાં કાં દ્રવ્યનો વિચાર ને કાં પર્યાયનો વિચાર એમ બે માંથી એક વિચાર ક્રમે ક્રમે કરતાં એને નયનો પક્ષ એટલે રાગ ઉત્પન્ન થાય છે. સીધો આત્માનો અનુભવ કરવો જોઈએ, જ્યાં સુધી આત્માનો પ્રત્યક્ષ અનુભવ ન આવે ત્યાં સુધી પરોક્ષજ્ઞાનમાં આત્મા આ નયે આવો છું, વ્યવહારનયના પક્ષને તો પ્રથમથી જ છોડાવતા આવીએ છીએ. એની વાત તો હવે અમારે કરવી નથી. પણ જે આત્મા અનુભવમાં આવવાનો હોય એવા આત્માના સ્વરૂપને પણ, જો તું નય દ્વારા એટલે જ્ઞાનના અંશ દ્વારા, રાગ મિશ્રિત જ્ઞાન દ્વારા, વિકલ્પ દ્વારા જો તું નયપક્ષોના આલંબનથી અનેક પ્રકારના જે વિકલ્પો ઊઠે છે તેના વડે આકુળતા ઉત્પન્ન કરનારી, આહાહા !

પોતાના સ્વરૂપનું ચિંતવન કરે છે એમાં ચિંતા છે. સ્વરૂપનું ચિંતવન છે ને એમાં ચિંતા આકુળતા દુઃખ છે. આહાહા ! જગતના જીવોને આ વસ્તુ મળી નહીં અને આડે અવળે રસ્તે ચડી જાય છે. ધ્યાનમાં ચડી જાય છે. ધ્યાન કેનું ભાઈ ! (મુમુક્ષુ :- હવે અમારે શું કરવું અંદર જવાય નહીં અને બહાર રહેવાય નહીં.) બહાર રહેવાય નહીં અંદરમાં જવાય નહીં. અમારે કરવું શું? કે અંદરમાં જવાનો પ્રયોગ વારંવાર કરવો. એ તો દાખલો આપ્યો હતો કે પાડાનું ધ્યાન કરતાં કરતાં એક એવો સમય આવ્યો કે હું પાડો છું. એવી એની વૃતિ થઈ જાય. જેનું ધ્યાન કરેને એ રૂપ પોતાને ભાસવા લાગે. અત્યારે હું મનુષ્ય છું એવું એને પ્રતીતમાં શ્રધ્ધામાં આવી ગયું છે. પણ ઓલો જેમ એમ કહેતો'તો કે હું પાડો છું. પાડો હતો નહીં પણ થોડો ટાઈમ ધ્યાન પાડાનું કર્યું અને હું પાડો થઈ ગયો. એમ આ આત્મા મનુષ્ય છે નહીં પણ હું મનુષ્ય છું. એ ઓલા પાડા જેવો છે. એ ભ્રમ ખોટો છે ને? કોણ આત્મા મનુષ્ય છે? આત્મા સ્ત્રી નથી, આત્મા પુરુષ નથી, પણ જ્યાં પુરુષ પર્યાય મળી ત્યાં હું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુરુષ, સ્ત્રી પર્યાય મળી તો હું સ્ત્રી. ઓલો પાડાનું ધ્યાન કરતો હતો અને આ દેહનું ધ્યાન કરે બેય સરખું છે. આહા ! એમાં કાંઈ તફાવત નથી. પછી આગળ જઈને. જરા સૂક્ષ્મ આગળ.

જ્યાં દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ કર્યા, હું દયાળુ, હું દયાળુ એ પાડા જેવું ધ્યાન છે. એમાં ને પાડાના ધ્યાનમાં હું પુણ્યવાળો, દયાવાળો, પૈસાવાળો એમાં કાંઈ ફર્ક નથી. ઝવેરચંદભાઈ! એમાં કાંઈ ફર્ક નથી. આત્મા ક્યાં પૈસાવાળો ને ક્યાં મોટરવાળો. આહા ! કેના બંગલા ને કેની વાત? એ એના પૈસાના ધ્યાનમાં પડયો છે. ચોવીસે કલાક પૈસાના ધ્યાનમાં પડયો છે. પૈસા મારા, પૈસા મારા. ઓમાં જયસુખભાઈ સૂતો હોય તોય બોલે હો ! કે ક્યાં ક્યાં કેટલી કેટલી આપણી મૂડી બેંકમાં, ગ્રાહકમાં, માલમાં ક્યાં ક્યાં છે. વાણીયાનો દીકરો સરવૈયુ કાઢી લે. એ ચોપડાની જરૂર નથી. આહા! કેમ કે મૂડીમય છું એમ એને થઈ ગયું છે. હું પૈસામય, દેહમય, રાગમય, દયામય, પુણ્યમય જ્યાં પુણ્યના પરિણામ આવ્યા (તો માને કે) એ પરિણામ મારા, એ મારા કર્યા ને એમાં તન્મય થઈ ગયો. એ શેનું ધ્યાન કરે છે. પુણ્યનું ધ્યાન કર્યું, કષાયનું ધ્યાન કર્યું. કષાય થઈ ગયો. આહા !

પોતે જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા ચૂકાઈ ગયો, ચૂકાઈ ગયો. એને બદલે જે જે પ્રકારના પરિણામ આવ્યા તે તે પરિણામને ધ્યેય બનાવીને એમાં એકાકાર થઈને એણે ધ્યાન કર્યું. કષાયનું ધ્યાન કર્યું, કાં દેહનું ધ્યાન કર્યુ, કાં નિમિત્તનું ધ્યાન કર્યું, કાં સંયોગનું, કાં પૈસાનું. આહા ! કાં દુકાનનું ધ્યાન કરે. ઓફીસનું કહો કે દુકાન એક જ છે. ઈંગ્લીશમાં એને ઓફીસ કહેવાય. પણ ધ્યાન તો રાખવું જોઈએ ને? નહીંતર ઓફીસ ચાલે નહીં. આહાહા ! જોઈ લેજો ! ધ્યાન તો રાખવું જોઈએ ને? એટલે એનું ધ્યાન તો કરવું જોઈએ ને? ધ્યાન રાખવું જોઈએ એટલે ધ્યાન કરવું જોઈએ. હવે ધ્યાન કોનું કરે છે? દુકાનનું. ઓલો પાડાનું ધ્યાન કરે છે આ દુકાનનું ધ્યાન કરે છે. બેય સરખા છે. બેયમાં કાંઈ ફેર નથી. આહા !

માટે કહે છે વખત આવ્યો. ભાઈ ! દુકાનનું ધ્યાન રાખવા કરતાં આત્માનું ધ્યાન રાખને ! આહાહા ! ધ્યાન કરતાં તો આવડે છે. તું દુકાનનું ધ્યાન કરે છે તો આત્માનું ધ્યાન કર. કહે આત્માનું સ્વરૂપ કેવું છે. અરે ઘડી બે ઘડી તો કાંઈક ટાઈમ તો કાઢવો જોઈએ ઘડી બે ઘડી. તુલસીદાસે રામાયણમાં એક વખત કહ્યું. 'ઘડી મેં આધી ઘડી, આધીમેં પુણી પુણી આધ, એક ઘડી ને એની અડધી ઘડી ને એમાં અડધી, પા કલાક પણ તું કાંઈક આત્માનું ધ્યાન તો કર. કાંઈક સ્વરૂપનું સ્મરણ કર.

કહે છે, અનેક પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી, આહાહા ! આત્માનું ચિંતવન કરવા બેઠો છે હો ! પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે હું આવો છું ને તેવો છું, આવો છું, આવો છું, આવો છું, આવો છું. આવો છું, આવો છું એ વિકલ્પ છે. એમાં આત્માનો અનુભવ નહીં થાય. એક વખત એવું બન્યું રાજકોટમાં અમારા એક મિત્ર છે એણે કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે આ શુધ્ધાત્માનું ધ્યાન કરવા બેસું છું કે હું એક છું, શુધ્ધ છું, જ્ઞાયક છું પણ ધ્યાન એમાં લાગતું નથી. ધ્યાન એમાં એકાગ્ર થઈ અને જે અનુભવ થવો જોઈએ એ અનુભવ થતો નથી.

એ ટાઈમમાં એક દિલ્હીથી પ્રેમચંદજી ત્યાં રાજકોટ આવ્યા. એને ઘરે અમારા મિત્રને ત્યાં અમે સવારે મંદીરેથી સાથે ગયા. પછી એણે ભાઈએ મિત્રને કહ્યું કે જો આજે પ્રેમચંદજી દિલ્હીથી આવ્યા એણે એમ આજ કહ્યું, ઘણા વખતથી વીસ વર્ષથી આવે છે પણ ઘરમાં જયાં મારે ત્યાં પગ મૂકયો આવતાવેંત એમ એણે કહ્યું ભાઈ સાબ હું દિલ્હીથી આવું છું અને મારું નામ પ્રેમચંદજી છે. એટલે મેં વિચાર કર્યો કે આના મગજમાં કાંઈક ફેરફાર થઈ ગયો છે. નહીંતર એણે હું પ્રેમચંદજી છું એમ કહેવાની જરૂર શું પડી? કેમ કે એ તો વીસ વર્ષ થયા આવે છે. હું પ્રેમચંદજી જ છું એમ જેને શ્રધ્ધા થઈ ગઈ. પછી હું પ્રેમચંદજી છું, પ્રેમચંદજી છું, હું આ પ્રેમચંદજી, મારું નામ પ્રેમચંદજી. હેં, એવું કોઈ કહે? એટલે મને કહે આમાં તમારો કહેવાનો શું આશય છે? મેં કીધું તમે ધ્યાનમાં બેસો છો હું એક છું ને શુધ્ધ છું ને જ્ઞાયક છું એ તમારે જરૂર શું છે? 'જે છું તે જ છું.' એમ ઠરી જાવ બસ. કાંઈ વિકલ્પની જરૂર નથી.

ધ્યાન છે ને એ સહજ છે. ધ્યાન કરવાથી નથી થતું. પણ ધ્યેયના સ્વરૂપનું ઘોલન વધતાં એ પરિણતિ અંદરમાં ભેગી આવી જાય છે. એને ધ્યાન દશા કહેવામાં આવે છે. એનેય ખબર ન હોય કે નિર્વિકલ્પ ધ્યાન થશે. એ એકાએક થાય છે. એવું આગમનું વચન છે. એવું એક શાસ્ત્ર છે, 'પદ્મનંદી પંચવિંશતી' વનશાસ્ત્ર શ્રીમદ્જીએ જેને કહ્યું છે. એમાં છે કે સમ્યગ્દર્શનના પરિણામ એકાએક થાય છે. એનેય ખબર ન હોય. એ તો આત્માના ચિંતનમાં પડયો છે. એકાએક ઉપયોગ અંદરમાં લાગી જાય છે.

તો કહે છે નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી, દુઃખ ઉત્પન્ન કરે છે. બોલો ! દુકાને જાય એમાં તો દુઃખ પણ આત્માના વિચાર કરે છે વિકલ્પ એમાંય દુઃખ. તો અમારે શું કરવું? કે જે છો એ મય થઈ જાવ. એનો વિકલ્પ કરવાની એની જરૂર શું છે? હું ઝવેરચંદ છું ને હું ફલાણો છું બસ. હું છું ઈ છું. હરીભાઈ ! એ જરૂર એમાં શું છે? બસ. એમ જો જયારે સ્થિતિ આવશે ત્યારે એને આત્માનો અનુભવ થાય. ત્યારે આ ચિંતવનની ચિંતાનું દુઃખ ટળીને આત્માનો પ્રત્યક્ષ અનુભવ થઈને આનંદનો અનુભવ આવે એવી વિધિ આમાં ધ્યાનની લખી છે. ધ્યેયની વાત કરી. હવે અત્યારે ભગવાન ધ્યાન કેમ થાય એ આમાં બતાવે છે. વખત થઈ ગયો. બોલો પરમ ઉપકારી શ્રી સદગુરુદેવનો જય હો.

મનુષ્ય થયા પછી લાકડા નવા નવા એવા નવા નવા (લાકડા) ઘુસાડે છે. આહાહા ! એટલે બહુ ચોખવટ કરવાની એની જરૂર છે. (મુમુક્ષુ :- જ્ઞાન ને આનંદનો કર્તા તો આત્માને કહી શકાય ને?) હા. એ વ્યવહારનયે કર્તા છે. નિશ્ચયનયે તો આત્મા અકારક અવેદક નિષ્ક્રિય છે. દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ તો એનો ત્રણેકાળ અકર્તા ને અભોક્તા નિષ્ક્રિય છે. પણ એ જ્યારે જ્ઞાનદર્શન ચારિત્રરૂપે પરિણમે છે ત્યારે પરિણમે તેને કર્તા કહેવાય ને પરિણામ તેને કર્મ કહેવાય. કેમકે વિશેષ અપેક્ષાએ સક્રિય છે ને સામાન્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે. તો વિશેષ અપેક્ષાએ એ પ્રકારની પર્યાયમાં એની ક્રિયા થઈ. તો ખરેખર તો પર્યાયનું કર્તા કર્મ પર્યાયમાં છે, પણ પર્યાયની ક્રિયામાં કર્તાકર્મ થતાં દ્રવ્યને પણ ઉપચારથી કર્તા કહેવામાં આવે છે. બાકી ખરેખર દ્રવ્ય સ્વભાવ એ પર્યાયને કરતો નથી. થાય એને જાણે છે બસ.

મુમુક્ષુ :- તો આત્માનું કાર્ય શું?

ઉત્તર :- આત્માનું કાર્ય નિષ્ક્રિય રહેવાનું ત્રણેકાળ. કોઈ દિવસ કર્તા ન થાય. અકર્તા ને અભોક્તા ત્રણેકાળ. પર્યાયને દર્શન દીધા જ કરે તે તેનું કાર્ય. કોઈ દિ' ના ન પાડે. દર્શન દેવાનું કામ કરે આત્મા. કોને? કે દર્શન લ્યે એને. કાર્ય કરે છે એની કિંમત કોડીની નથી-કાર્ય થાય તેને જાણે છે તેની કિંમત છે. કાર્ય થાય એને હું કરું તો અજ્ઞાન થઈ ગયું. કાર્ય તો ધારાવાહીક થયા જ કરે છે તેના ષટ્કારકથી સત્ અને અહેતુક. પર્યાય તેના સ્વકાળે સ્વ અવસરે ઉત્પાદ વ્યય થયા કરે છે પણ તેની દૃષ્ટિ પર્યાય ઉપર છે ને, તો પર્યાયનો હું કર્તા છું તેવી તેને અનાદિકાળથી ભ્રાંતિ થઈ છે.

## પ્રવચન નં :- ૨૦
## તા. ૩૧-૭-૧૯૮૨
## લંડન હોલમાં શ્રી સમયસાર ગાથા-૧૪૪ ઉપર પ્રવચન

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એના કર્તા-કર્મ અધિકારની છેલ્લી ૧૪૪ નંબરની ગાથા છે. આખા કર્તા-કર્મ અધિકારનો સાર છે. અનાદિથી આત્મા પોતાના સ્વભાવને ભૂલીને રાગાદિ મારું કર્મ છે ને હું એનો કર્તા છું. પાપ ને પુણ્યના પરિણામ એ મારું કર્તવ્ય છે ને હું એનો કર્તા છું. એમ અનાદિકાળથી માનતો આવે છે. એમાં કોઈ વખતે એને કોઈ જીવો એવા મળે છે કે પાપના પરિણામથી તો આત્મા દુઃખી થાય છે અને ધર્મ થતો નથી પણ પુણ્યના પરિણામ એ આત્માનું કર્તવ્ય, કર્મ ને કાર્ય છે એવો ઉપદેશ સાંભળીને, આત્મા આત્માના સ્વભાવને નહીં ઓળખતો, આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધ્ધાન ને આત્માનું આચરણ એવા વીતરાગી પરિણામની ક્રિયાને છોડીને, સ્વભાવભૂત ક્રિયાને છોડીને જે પુણ્યના પરિણામ છે એ પણ વિભાવભૂત ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, એને કર્તાબુધ્ધિએ કરતો એ આત્મા અજ્ઞાનભાવે પરિણમીને દુઃખી થાય છે.પણ પાપ અને પુણ્યના પરિણામથી ભિન્ન એક આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધ્ધાન ને આત્માનું આચરણ એવા જે વીતરાગી પરિણામ એને કર્મ બનાવતો નથી.

જયાં સુધી આત્માનું જ્ઞાન આત્માનું કર્મ ન થાય ત્યાં સુધી ધર્મની શરૂઆત થતી નથી. એવા આત્માઓને-અજ્ઞાની જીવોને રાગની સાથે કર્તા-કર્મની પ્રવૃતિ અનાદિકાળથી જે ચાલુ હતી એવા અજ્ઞાની પ્રાણીઓને, એ પુણ્ય ને પાપના પરિણામથી જુદો એક જ્ઞાનસ્વભાવી આત્મા છું એવો ઉપદેશ આપીને એવા જ્ઞાનસ્વભાવી આત્માનું શ્રધ્ધાન ને જ્ઞાન કરતાં આત્માની દશામાં અનંતકાળથી નહીં થયેલું એવું સમ્યક્દર્શન (ને સમ્યગ્જ્ઞાન) સમ્યક્દર્શન એટલે જેવો શુધ્ધાત્મા છે એવી પ્રતીતિ એવું શ્રધ્ધાન ને રુચિ અને તથા પ્રકારનું સ્વસંવેદન આત્મ અનુભવરૂપ જ્ઞાન એવા પરિણામ જયારે આત્માનું કર્મ બને છે ત્યારે એ કર્મને ભગવાન એ કાર્યને ભગવાન નિશ્ચય મોક્ષનો માર્ગ કહે છે, અથવા તેને ધર્મના પરિણામ કહેવામાં આવે છે.

અનાદિથી આત્મા કર્તા-કર્મની પ્રવૃતિ રાગની સાથે તો કરી રહ્યો છે. હું કર્તા અને રાગ મારું કર્મ એ રાગના બે પ્રકાર શુભ રાગ હો કે અશુભ રાગ હો, એ બેય પ્રકારના શુભાશુભરૂપ કાર્યથી ભિન્ન એવો એક શુધ્ધાત્મા અંદર બિરાજમાન છે જે જ્ઞાનસ્વભાવે બિરાજમાન છે. તેવો પ્રથમ સાંભળીને કે આગમ દ્વારા નિર્ણય કરે છે કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. એ નિર્ણયમાં એટલું બળ હોય છે કે પુણ્ય ને પાપના પરિણામ થાય છે ખરા પણ એ પુણ્ય ને પાપના પરિણામ એનો હું કર્તા અને એ મારું કાર્ય એવી જે અનાદિની એકતાબુધ્ધિ મિથ્યાત્વ છે એને ગળતું જાય છે. ભેદજ્ઞાન કરતાં એને મિથ્યાત્વનો રસ ગળે છે અને આત્માનો એક અપૂર્વ પક્ષ એને આવી જાય છે. કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું ને ! તેથી મારું કાર્ય, કર્તવ્ય. મારું કાર્ય અર્થાત કર્તવ્ય. મારી ફરજ શું છે? કહે સંસારમાં રહીને ફરજ તો બજાવવી જોઈએ ને?

તો ફરજ શું છે? કે આત્માનું જ્ઞાન કરવું એ આત્માની ફરજ છે. પ્રથમમાં પ્રથમ ફરજ (કે) કર્તવ્ય કહો તો એ શુધ્ધઆત્માની અંતરસન્મુખ થઈને આત્માને જાણવો, એ પ્રથમમાં પ્રથમ જીવનું કર્તવ્ય છે. તો એ કાર્ય પ્રગટ થવા પહેલાં આચાર્ય ભગવાન કહે છે કે એવો આત્મા જેને ધર્મની શરૂઆત થવાની છે, આત્માનો અનુભવ થવાનો હોય એણે પ્રથમમાં પ્રથમ આગમજ્ઞાન દ્વારા શ્રુતજ્ઞાન દ્વારા પોતાના સ્વભાવનો નિર્ણય કરવો કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. એ નિર્ણય કર્યા પછી પોતાનો જે ઉપયોગ પાંચ ઈન્દ્રિયનો વ્યાપાર ને છઠ્ઠું મન. આમ પાંચ ઈન્દ્રિયના વિષય તરફ જે ઉપયોગ જાય છે, ઉપયોગ એટલે જ્ઞાનનો વ્યાપાર. જ્ઞાનના વ્યાપારને પરમાત્મા ઉપયોગ કહે છે. ઉપયોગ એટલે જાણવા-દેખવાની ક્રિયા, એનું નામ ઉપયોગ છે. એ જાણવા-દેખવાનો ઉપયોગ જે બહાર પાંચ ઈન્દ્રિયના વિષયો તરફ ભમે છે અને વિષયોમાં લોલુપતા રહે છે એ ઉપયોગને, તારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપયોગને અંતરસન્મુખ કર.

જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ તે નિર્ણય કર્યો. તો હવે પર પદાર્થને પ્રસિધ્ધ કરનાર જે જ્ઞાન એને તું શ્રધ્ધામાં લે કે હું પરને તો જાણતો જ નથી ને ! એવું તને સ્વભાવનું જે એક બળ આવે ત્યારે તારો ઈન્દ્રિયજ્ઞાનનો જે વ્યાપાર છે કે જે ઈન્દ્રિયજ્ઞાન પરને પ્રસિધ્ધ કરે છે, આ ખાટું છે, મીઠું છે, ધોળું છે, કાળું છે, લાંબુ છે, ટૂંકું છે. કે આ ટાઢું-ઊનું છે. એમ પર પદાર્થને પ્રસિધ્ધ કરનાર જ્ઞાનનો વ્યાપાર એને ત્યાંથી સંકેલીને આત્મસન્મુખ કરવો. એ મતિજ્ઞાનને આત્મસન્મુખ કરીને ચિંતવનના કાળમાં એના જ્ઞાનમાં આત્મા, આત્મા હું જ્ઞાનસ્વભાવી આત્મા છું અને જ્ઞાન જ મારું કર્મ છે. રાગ મારું કર્મ નથી. રાગને અનંતકાળથી કર્મ બનાવતો આવ્યો, પણ એક સમય માત્ર આત્માનું જ્ઞાન એને આત્માનું કર્મ એણે બનાવ્યું નથી. આત્માનું જ્ઞાન એ આત્માનું કર્મ. રાગને અનંતકાળથી કર્મ બનાવ્યું અને શાસ્ત્ર સન્મુખનું ઈન્દ્રિયજ્ઞાન એને કર્મ બનાવ્યું. એ બેય સંસાર છે. કેમ કે જ્ઞાન શાસ્ત્રનું નથી. જ્ઞાન તો આત્માનું છે. તો જે જ્ઞાન જેનું છે એને ન જાણે અને જે જ્ઞાન જેનું નથી એને જાણવા રોકાય તો એને ભગવાન અજ્ઞાન કહે છે. એ તો અજ્ઞાન છે. એ કાંઈ જ્ઞાન નથી.

પરને જાણતાં અનંતકાળ ગયો પણ પરને જાણતાં સુખ પણ થયું નહીં અને જ્ઞાન પણ પ્રગટ થયું નહીં. માટે તારા ઈન્દ્રિયજ્ઞાનના વ્યાપારને પર પદાર્થની સન્મુખ, જ્ઞેયની સન્મુખ જ્ઞાન જાય છે એને અંતરમાં વાળીને મતિજ્ઞાનને એણે આત્મસન્મુખ કર્યું. હવે આ જીવ નિર્ણય કર્યા પછી પ્રયોગ કરે છે. એ અપૂર્વ નિર્ણય કરીને હવે એ સંતોષાતો નથી. લાયક જીવ પ્રત્યક્ષ આત્માનો અતીન્દ્રિય આનંદ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એ પ્રયત્ન ચાલુ રાખે છે. એ શાસ્ત્ર સ્વાધ્યાયમાં પણ અટકતો નથી. એટલે કે શાસ્ત્ર સ્વાધ્યાય કરીને પણ એ સંતોષ પામતો નથી. શાસ્ત્ર સ્વાધ્યાય કરવો એ કાંઈ ધ્યેય નથી, એ કાંઈ સાધ્ય નથી. શાસ્ત્ર સ્વાધ્યાય તો સાધ્યમાં પહોંચવા માટે છે. શાસ્ત્ર સ્વાધ્યાય કરીને ત્યાં અટકવા માટે શાસ્ત્ર સ્વાધ્યાય નથી. શાસ્ત્ર સ્વાધ્યાય દ્વારા જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને મિથ્યાદષ્ટિને સાધ્ય સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દષ્ટિને સાધ્ય ચારિત્ર છે, ચારિત્રવંત ધર્માત્માને સાધ્ય મોક્ષ છે. સાધ્ય એટલે પ્રગટ કરવા યોગ્ય. ધ્યેય એટલે આશ્રય કરવા યોગ્ય. ધ્યેય એટલે જે શુધ્ધાત્મા છે એ અવલંબન કરવા યોગ્ય આશ્રય કરવા યોગ્ય છે એને આશ્રય કરનારા પરિણામનું નામ ધ્યાન છે અને શુધ્ધાત્માનું અવલંબન લેતાં જે સમ્યગ્દર્શન પ્રગટ થાય તે સાધ્ય છે. સાધ્ય એટલે પ્રગટ કરવા યોગ્ય. એવા પરિણામને પરમાત્મા સાધ્ય કહે છે. એ સાધ્યની સિધ્ધિ પાંચ ઈન્દ્રિય તરફ જો જ્ઞાન એમાં જાય છે તો સાધ્યની સિધ્ધિ થતી નથી. હવે એ જ્ઞાનને આત્માની સન્મુખ કરે છે, નિર્ણય કર્યો કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ।। ६२ ।।**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે પોતે જ્ઞાન છે તેથી જ્ઞાન સિવાય બીજું શું કરે? છતાં પરભાવ, રાગાદિનો કર્તા હું છું, એ બધો અજ્ઞાનીનો વ્યામોહ, મોહ છે.

આત્મા તો જ્ઞાનમય હોવાથી જ્ઞાન જ જેનું કર્મ છે. જ્ઞાનથી વિરૂદ્ધ રાગાદિ એ આત્માનું કર્મ નથી. છતાં એને કર્મ માને તો એમાં એને અજ્ઞાન ને મિથ્યાત્વનો દોષ પાપ લાગે છે. માટે આત્માનું સુખ પ્રાપ્ત કરવું હોય આ ચાર ગતિનું દુઃખ ટાળવું હોય અને સંસારનો છેદ કરવો હોય તો શુદ્ધાત્માના સ્વરૂપનો નિર્ણય કર કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. એમાં ઘણો કચરો નીકળી જાય છે. નિર્ણયમાં ઘણો કચરો નીકળી જાય છે. સંયોગ આત્મામાં નથી, દેહ આત્મામાં નથી, કર્મ આત્મામાં નથી, પુણ્ય-પાપ આત્મામાં નથી. એનાથી રહિત આત્મા જ્ઞાનમય, જ્ઞાનનો પુંજ છે. એમાં જ્ઞાનસ્વભાવી આત્મા કહ્યો એમાં એના અનંતગુણ આવી જાય છે. એક ગુણ કહેતાં એમાં અનંતગુણો આવી જાય છે. જ્ઞાન, આનંદ, પ્રભુત્વશકિત, વિભુત્વશકિત, એવી એવી અનંત શકિતઓ, ગુણો આત્મામાં રહેલાં છે. એ ગુણોનો આધાર ગુણી આત્મદ્રવ્ય છે.

જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને, હવે પ્રયોગ કરનારો આત્મા, પોતાના .ઉપયોગને ચિંતવનના કાળમાં પર ઉપરથી સંકેલી હવે આત્મસન્મુખ કરે છે, કે હું તો જ્ઞાયક છુ, હું તો જાણનાર છું. એમ વારંવાર વારંવાર પોતાના ઉપયોગને આત્મસન્મુખ કરતો પછી આગળ વધીને એ શ્રુતજ્ઞાનની ભૂમિકામાં આવે છે. શ્રુતજ્ઞાન એટલે વિશેષ તર્કણારૂપ બળવાન જ્ઞાન. કે જે શ્રુતજ્ઞાનમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એ શ્રુતજ્ઞાનમાં વિકલ્પ ઊઠે છે કે હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, જ્ઞાયક છું, હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. એવો જે વિકલ્પ ઊઠે છે એ વિકલ્પ પણ દુઃખદાયક ભાવ છે. એ વિકલ્પને પણ છોડી દે. પર પદાર્થ મારા છે એ વિકલ્પ તો આવતો જ નથી. દેહ મારો છે એ વિકલ્પ તો આવતો જ નથી. આ દેવ, ગુરુ, શાસ્ત્ર મારા છે એ વિકલ્પ આવતો નથી. નવ તત્ત્વના ભેદનો વિકલ્પ પણ આવતો નથી. પણ છેલ્લો અભેદનો જે વિકલ્પ આવે છે એ વિકલ્પ પણ દુઃખદાયક છે. એ પણ નિશ્ચયનયનો પક્ષ એટલે રાગ છે.

એને પણ જયારે આત્મા આત્મસન્મુખ થઈને એ વિકલ્પને અતિક્રમે છે એટલે વિકલ્પાતીત થાય છે, રાગથી અતીત થાય છે, વચનાતીત થાય છે, વચનનો વ્યાપાર અટકી જાય છે, રાગનો વ્યાપાર બંધ થઈ જાય છે, ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અટકે છે અને એક આતમસન્મુખ શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તમામ પ્રકારના વિકલ્પ શાંત થઈ જાય છે. એવી એક સ્થિતિ ચતુર્થગુણસ્થાન પ્રગટ થાય ત્યારે ગૃહસ્થ અવસ્થામાં, ચારે ગતિના જીવો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. ત્યારે કહે છે કે એ શ્રુતજ્ઞાન તત્ત્વને પણ આત્મસન્મુખ કરતો અત્યંત વિકલ્પરહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈને કોઈપણ પ્રકારનો વિકલ્પ એટલે રાગમિશ્રિત જ્ઞાનનો વ્યાપાર બંધ થાય છે. વિકલ્પના બે અર્થ છે. રાગને પણ વિકલ્પ કહેવાય અને ઈન્દ્રિયજ્ઞાન જે ખંડજ્ઞાન છે ને એને પણ વિકલ્પ કહેવાય. અત્યંત વિકલ્પ રહિત સર્વથા પ્રકારે કોઈપણ પ્રકારનો વિકલ્પ અનુભવના કાળે હોતો નથી.

અત્યંત વિકલ્પ રહિત થઈને જયારે એ વિકલ્પ છૂટી ગયા, નિર્વિકલ્પ થઈને આત્માના અનુભવમાં આત્મા પડયો છે, ચૈતન્યરસ પીએ છે ત્યારે તત્કાળ નિજરસથી પ્રગટ થતાં એકલો ચૈતન્યનો આનંદનો રસ અસંખ્યાત પ્રદેશે એ પ્રગટ થાય છે. કેમ કે મિથ્યાત્વ નામના કષાયનો અભાવ થયો. ચાર પ્રકારના કષાય અનંતાનુબંધી ક્રોધ, માન, માયા ને લોભ એનો પણ ત્યાં ઉપશમ આદિ ભાવ થયો. ત્યારે વીતરાગભાવ પ્રગટ થતાં વીતરાગભાવનું ફળ જે સુખ એનો સ્વાદ એ આત્માને ગૃહસ્થ અવસ્થામાં પુરુષ હોય કે સ્ત્રી હોય એને આત્મા અનુભવમાં આવે છે. ત્યારે એને તત્કાળ ધર્મનું ફળ રોકડું છે. ધર્મ આજ કરે અને સુખ ભોગવવા માટે સ્વર્ગમાં જાય એ ધર્મ નથી. અધર્મનું ફળ પણ રોકડું દુઃખ અને ધર્મના પરિણામનું ફળ સુખ. એનું પ્રુફ શું? કે ધર્મ પ્રગટ થયો. કે એનું પ્રુફ એ છે કે અનંતકાળથી નહીં આવેલો એવો આનંદ આત્મામાં મગ્ન થતાં એ આત્મા સાધક થયો, સાધ્યની સિધ્ધિ થઈ, સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા એવા પરિણામ પ્રગટ થયા એના ફળમાં એને આનંદ આવે છે. એ આનંદ દ્વારા એ જાણી શકે છે કે અનંતકાળથી નહીં આવેલો એવો અપૂર્વ આનંદ આવ્યો, હવે ભવનો અંત થઈ ગયો.

તત્કાળ તરત જ નિજરસથી જ પ્રગટ થતાં અંદર ચૈતન્યનો રસ આનંદકંદમાં દષ્ટિ પડી આનંદકંદ પરમાત્મા છે એમાં જયાં દષ્ટિ પડી અને અનુભવ થયો ત્યાં પરિણામમાં જે શકિતમાં આનંદ હતો એ વ્યકત અવસ્થામાં આનંદ પ્રગટ થાય છે. જેમ પાણી ઊનું હતું એ ઊની પર્યાયનો વ્યય થયો અને શીતળ પર્યાયની પ્રગટતા થઈ એ શકિતની વ્યકિત છે. પાણીની શીતળતા હવાને કારણે નથી આવી. એ શકિત હતી એની વ્યકત અવસ્થા થઈ. એમ આત્મામાં આનંદ ભર્યો છે. એમાં એકાગ્ર થતાં એ આનંદનો અનુભવ આવે છે એને તત્કાળ નિજરસથી જ પ્રગટ થતાં (આનંદ આવે છે).

હવે કહે છે કે જયારે આવો આત્મા આત્માને અનુભવે છે ત્યારે એ કેવા આત્માને આત્માનો અનુભવ કરે છે? જે ધ્યેયનું ધ્યાન કર્યું એ ધ્યેયભૂત આત્મા કેવો છે? નિર્ણય તો કરી લીધો છે કે જ્ઞાનસ્વભાવી આત્મા છે. પછી ફરીને પાછો આત્મા આત્માને અનુભવે છે તો એ આત્માના વિશેષણો કહે છે કે કેવો આત્મા અનુભવમાં આવે છે. આદિ-મધ્ય-અંત રહિત આ આત્મા છે અનાદિ-અનંત જેની આદિ નથી, જેનો મધ્ય નથી અને જેનો અંત નથી, નાશ નથી. એક અવિનાશી આત્મતત્ત્વ છે. કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ થતી નથી અને કોઈ સંયોગે જેનો નાશ ન થાય. એવી આત્મ વસ્તુ અનાદિ-અનંત એકરૂપ છે. એ આદિ-મધ્ય-અંત રહિત જેની આદિ નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેનો અંત નથી. એવો અવિનાશી ભગવાનઆત્મા ચૈતન્યઘન અનાકુળ આનંદથી જે ભરેલો આત્મતત્ત્વ છે. જેમાં બિલકુલ આકુળતા એટલે દુઃખનો એક અંશ પણ નથી.

વસ્તુ જે હોય, વસ્તુનો જે સ્વભાવ હોય એમાં વિભાવ ન હોય. દુઃખ થાય છે એ તો પરિણામમાં છે પણ વસ્તુમાં દુઃખ નથી. વસ્તુ દુઃખરૂપ ન હોય. સ્વભાવભૂત વસ્તુ એ તો સુખમય છે. માટે અનાકુળ આનંદથી ભરેલો આત્મા. બધા આત્માના વિશેષણો. કેવળ એક. આત્મામાં અનેકપણું નથી પરિણામમાં અનેકપણું દેખાય છે પણ પરિણામનું લક્ષ છોડીને, અનેકનું લક્ષ છોડીને એક આત્મા તરફ જયારે ઉપયોગ જાય છે ત્યારે હું એક છું એમ એના જ્ઞાનમાં જણાય છે, શ્રદ્ધામાં એકપણે આવે છે. આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ આ જે શુદ્ધાત્માનું અવલંબન લ્યે છે એ આત્મા કેવો છે? કે આખા વિશ્વથી જુદો. આખા વિશ્વથી જુદો એટલે જે પોતાના આત્મા સિવાય અનંતા જીવો એનાથી જુદો. અનંતા અનંત પુદ્ગલ પરમાણુ એનાથી ભિન્ન, જુદો. એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ એનાથી ભિન્ન અને અસંખ્ય કાળાણુ દ્રવ્ય છે એનાથી પણ આત્મા જુદો. આખા વિશ્વથી આત્મા જુદો. બહારના વિશ્વથી જુદો.

હવે એક અંદરનું વિશ્વ ઊભું થાય છે એનાથી પણ જુદો. અંદરનું વિશ્વ એટલે અનંતગુણના અનંત પરિણામ પ્રગટ થાય જેને અનેકભાવ કહેવામાં આવે છે. તો વિશ્વ એને કહેવાય જે અનેકરૂપ હોય એને વિશ્વ કહેવાય. એ અનેક પ્રકારના પરિણામથી ચિદાનંદ આત્મા ભિન્ન છે, અંદરમાં જુદો છે. એ જાણે કે આખાય વિશ્વના ઉપર તરતો હોય તેમ એટલે એનાથી જુદો ને જુદો રહેતો હોય તેમ અખંડ પ્રતિભાસમય. ભગવાનઆત્મા એ ખંડજ્ઞાન આત્માનું રૂપ નથી. આત્મા તો અખંડ જ્ઞાન ને દર્શનમય છે. પ્રતિભાસમય છે, જ્ઞાનની મૂર્તિ છે. એવો અખંડ પ્રતિભાસમય. અનંત બેહદ જેનું સામર્થ્ય છે. જેના જ્ઞાન ને આનંદની હદ નથી. અનંત એટલે બેહદ સામર્થ્યવાળી વસ્તુ અંદર છે. વિજ્ઞાનઘન આત્મા છે. આ બધા આત્માની વાત ચાલે છે. બધા આત્માઓ આવા છે. સર્વજ્ઞભગવાને આવા આત્માના સ્વરૂપને જોયું છે. જે કલ્પના કરે છે કે આત્મા આવો છે ને આત્મા આવો છે એવું આત્માનું સ્વરૂપ નથી.

તીર્થંકર પરમાત્માએ કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જે આત્માનું સ્વરૂપ જોયું એવો આત્મા છે અને એ તીર્થંકર ભગવાનને માનનારા એવા જૈનો અને એના સાધુઓ એને અનુભવમાં આવો આત્મા આવે છે. વિજ્ઞાનઘન છે. એ તો વિશેષજ્ઞાનથી ઘન છે. નિબળ, વસ્તુ છે એમાં રાગનો પ્રવેશ થઈ શકતો નથી. જેમ શિયાળાના થીણા ઘીમાં તાવીથો કે આંગળી જાય નહીં એમ આ ભગવાનઆત્મા વિશેષ જ્ઞાનઘન છે. નિબળ પદાર્થ છે. એમાં રાગનો તો પ્રવેશ નથી પણ પર્યાયનો પણ એમાં પ્રવેશ નથી. એવો વિજ્ઞાનઘન પરમાત્મારૂપ સમયસારને, સમયસાર એટલે શુદ્ધાત્મા એ વર્તમાનમાં પરમાત્મારૂપ છે. પર્યાયમાં પરમાત્મ દશા પ્રગટ થાય એ તો પ્રગટ થાય ત્યારે થાય. એને ભલે વખત લાગે. પર્યાયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરમાત્મા થાય પણ દ્રવ્યે પરમાત્મા છે. દ્રવ્ય સ્વભાવે પરમાત્મા હોય તે પરમાત્માનું ધ્યાન કરતાં એ અવસ્થામાં પણ પરમાત્મા થઈ જાય.

શુધ્ધનું ધ્યાન કરે તે શુધ્ધ થાય. નિરાગી પરમાત્માનું ધ્યાન કરે તે વીતરાગી થાય. નિરાલંબી તત્ત્વનું ધ્યાન કરે તો એ સ્વાધીન થાય. પરનું અવલંબન છૂટી જાય. એમ પરમાત્મારૂપ, પરમ ઉત્કૃષ્ટ પોતાનો આત્મા એવા સમયસારને શુધ્ધાત્માને જ્યારે આત્મા અનુભવે છે, આવા શુધ્ધાત્માને આત્મા અનુભવે છે એટલે કે પરિણામ જ્યાં અંતરસન્મુખ થયા અને આત્માનો અનુભવ લીધો તો એ પરિણામ પણ આત્મારૂપ થઈ ગયા. આવા શુધ્ધાત્માની આ અંતરંગ ક્રિયા છે. આહાહા !

એક વખત એવું બન્યું કે જયપુરથી મહાવીરજી દર્શન કરવા ગયા. એક મહાવીરજી ક્ષેત્ર છે. ત્યાં મોટી વિદ્યાલય છે. બાળકોને અભ્યાસ કરાવે છે. ત્યાં એક મોટી ઉંમરના પંડીત હતા. તો અમે બસ લઈને દર્શન કરવા ગયા હતા. તો બપોરે ત્યાં દોઢ થી અઢી ત્યાં વાંચન રાખ્યું. બધાએ વિચાર કર્યો કે વાંચન રાખવું. ત્યારે ત્યાંના પંડીતજી પાસે ગયા અને કહ્યું કે ભઈ અમે દોઢ થી અઢી વાંચન રાખ્યું છે અને વિદ્યાલયોના બાળકોને કહેવડાવવું હોય તો કહેવડાવજો ભલે આવે. તો સેંકડો હજારો વિદ્યાર્થીઓ, દીકરી, દીકરાઓ બધા આવ્યા. ત્યારે એ પંડીતજીને કહ્યું કે કોઈ શાસ્ત્ર આપો તો અમારે સ્વાધ્યાય કરવો છે. તો એ પંડીતજી કહે કે તમારે તો સમયસાર સિવાય કાંઈ સ્વાધ્યાય તમે કરતા નથી. તો આપણા ભાઈ ગયા'તા એણે કહ્યું કે ના, ભાઈ એવું નથી તમે કોઈપણ શાસ્ત્ર આપો તો અમે સ્વાધ્યાય કરશું પછી એને પંડીતજીને જ વિચાર આવ્યો અને કહે કે ના ના તમે સમયસારશાસ્ત્ર જ લઈ જાવ તો અમને પણ સાંભળવા મળશે. પછી શાસ્ત્ર સ્વાધ્યાય ચાલુ થયો અને પેલા ભાઈએ વાત કરી કે આમ મને પહેલાં કહ્યું'તું. ના એણે એમ કહ્યું કે તમે કાંઈ ક્રિયાને તો માનતા નથી એટલે તમે સમયસાર લઈ જાવ. ઠીક. પછી આવીને મને વાત કરી.

પછી શરૂઆત એમ કરી કે ભાઈ, ક્રિયા ત્રણ પ્રકારની છે. એક જડની ક્રિયા, એક શુભાશુભભાવ-બંધની ક્રિયા અને એક આત્માને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ જે થાય એ સ્વભાવભૂત ક્રિયા. ક્રિયાના ત્રણ પ્રકાર છે. અમે ત્રણ પ્રકારની ક્રિયાને માનીએ છીએ. એક જડની ક્રિયાને જડની ક્રિયા થાય છે એમ માનીએ છીએ, એમાં આત્માનો અધિકાર નથી. અને આત્મા સ્વભાવને ભૂલીને રાગને પોતાનો માને એવો અજ્ઞાની પ્રાણી પુણ્ય-પાપની ક્રિયાને કરતો બંધને પામે છે.એ દુઃખદાયક ક્રિયા છે. અને પુણ્ય-પાપથી ભિન્ન ભગવાનઆત્માનો અનુભવ કરે છે એ જ્ઞાનક્રિયા છે. એ સ્વભાવભૂત ક્રિયા છે. એ રીતે આખો કલાક ચાલ્યો અને ખુલાસાઓ ઘણા આવ્યા. પછી ઊભા થઈને પંડીત બોલે છે. આહાહા ! આ વાત અમે સાંભળી નહોતી. ત્રણ પ્રકારની ક્રિયા. એક પ્રકારની નહીં. ત્રણ પ્રકારની ક્રિયાઓ થાય છે. એ ત્રણ પ્રકારની ક્રિયામાં જડની ક્રિયા કરનારો આત્મા તો ત્રણ કાળમાં નથી. પણ પુણ્ય-પાપની ક્રિયા જ્યાં સુધી કર્તાબુધ્ધિએ કરે છે ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુધી તે અજ્ઞાની છે, બંધનું કારણ છે. અને એ બે ભાવથી ભિન્ન ભગવાનઆત્માનો અનુભવ કરે છે તેને માક્ષમાર્ગની ક્રિયા કહેવામાં આવે છે. કે જે મોક્ષનું કારણ થાય છે.

એમ અહીંયા કહે છે કે, આહાહા ! એક પાપ કરે છે, પુણ્ય કરે છે અને ધર્મ. આત્માના ત્રણ પ્રકારના પરિણામ છે. આજ સુધી બે પ્રકારના પરિણામ ચાલતા હતા કે પાપના પરિણામ તે અધર્મ છે અને પુણ્યના પરિણામ તે ધર્મ છે.પાપના પરિણામ પણ ધર્મ નથી અને પુણ્યના પરિણામ પણ ધર્મ નથી. ભાઈ ! ધર્મ તો ધર્મીનું અવલંબન લેતાં જે વીતરાગી દશા પ્રગટ થાય અને જે પરિણામથી અતીન્દ્રિય આનંદ આવે એવા આત્માનું શ્રદ્ધાન, આત્માનું જ્ઞાન ને આત્માની અંતરસન્મુખ થઈને રમણતા એ ચારિત્ર. આત્મામાં રમવું અને આત્મામાં લીન થવું. પરિણામ આત્મામાં લીન થાય એને પરમાત્મા ચારિત્ર કહે છે. એવી ક્રિયા એક સમય માત્ર આત્માએ કરી નથી.

એ ધર્મ કરવાનો જ્ઞાનીનો ઉપદેશ છે. પુણ્ય કરો એ જ્ઞાનીનો ઉપદેશ ન હોય. કેમ કે પુણ્ય કરતાં તો અનાદિથી જીવને આવડે છે. એની નિશાળ(સ્કુલ) ન હોય. કેમ કે પુણ્ય કરીને અનંતવાર આત્મા સ્વર્ગમાં ગયો. પુણ્ય કરવું એ કાંઈ અપૂર્વ ચીજ નથી. પણ પાપ અને પુણ્યથી ભિન્ન ધર્મ કરવો. ધર્મ એટલે આત્માનો જે સ્વભાવ, સ્વભાવ એટલે આત્મા આશ્રિત થયેલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વીતરાગી આનંદદાયક પરિણામ એ અપૂર્વ ચીજ છે. એ એક સમય માત્ર એણે ધર્મ કર્યો નથી. એક સમય માત્ર ધર્મ કર્યો નથી, નહીંતર આજ અહીંયા ન હોત. આહા !

બધું કર્યું પણ ધર્મ કર્યો નહીં. વેલજીભાઈ ! આહા ! આ જ્ઞાનીઓ ધર્મ કરતાં શીખડાવે છે કે ધર્મ આમ થાય ભાઈ. એ જયારે અનાદિનો અજ્ઞાની જીવ, આગમ જ્ઞાન દ્વારા જ્ઞાન સ્વભાવ આત્માનો નિર્ણય કરીને પછી આત્માની પ્રગટ પ્રસિધ્ધિ માટે મતિજ્ઞાનને પરસન્મુખથી હટાવીને આત્મસન્મુખ કરે છે. પછી શ્રુતજ્ઞાનના નયપક્ષના વિકલ્પ ઊઠતાં હતા એને અતિક્રમે છે અને જયારે આત્મા સાક્ષાત આત્માને અનુભવે છે ત્યારે કેવો આત્મા એનું ધ્યેય થાય છે? ધ્યેયભૂત આત્મા કોણ છે? ધ્યેયની ભૂલ એ ધ્યાનની ભૂલ છે. ધ્યાન તો આત્માનું બધાને કરવું છે. પણ આત્મા શું? કે કર્મ બાંધે તે આત્મા અને કર્મ ભોગવે તે આત્મા. ભાઈ એ આત્મા નથી એ અનાત્મા છે. કોણે કહ્યું આત્મા કર્મ કરે ને બાંધે? એ આત્મા નથી એ અજ્ઞાન આત્મા છે. આહાહા !

ત્યારે કહે છે કે આત્મા આત્માને અનુભવે છે ત્યારે કેવા આત્માનો અનુભવ કરે છે? એના ઘણા વિશેષણો કહ્યા. આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ (જુદો) અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને, (જ્યારે આત્મા અનુભવે છે) આહાહા ! આવો પરમાત્મા અત્યારે બિરાજમાન છે. હા. છે, છે ને છે. તું પરિણામ ઉપરથી લક્ષ છોડી દે. પર્યાયમાં જે અલ્પજ્ઞતા છે ને પામરતા છે ને રાગ છે એનું લક્ષ છોડી દે. એને ભૂલી જા, એને ગૌણ કર, દૃષ્ટિ ફેરવી નાખ. પર્યાયાર્થિકનયની આંખ બંધ કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દે. પર્યાયને જોવાના જ્ઞાનના વ્યાપારને બંધ કરી દે. પરને જોવાના જ્ઞાનના વ્યાપારને ચિંતવનના કાળમાં તો પ્રથમ બંધ કર પણ અનુભવના કાળમાં તો પરિણામને જોવાનું બંધ કરી દે. મોહનભાઈ !

પરિણામને જોવાનું બંધ કર અને અપરિણામી એવો ધ્રુવપરમાત્મા જ્ઞાયક પરમાત્મારૂપ સમયસાર શુધ્ધાત્મા એવા આત્માને જયારે આત્મા અનુભવે છે. ધ્યેયનું જયારે ધ્યાન આવે છે, ત્યારે તે આત્મા ધ્યાતા થઈ જાય છે. ધ્યાતા એટલે ધ્યાન કરનારો. ધ્યેય એટલે શુધ્ધાત્મા, ધ્યાન એટલે આત્મસન્મુખ થયેલા પરિણામ અને ધ્યેય અને ધ્યાન તેની એકતા તેને ધ્યાતા પુરુષ કહેવામાં આવે છે. એ પણ ધ્યાતા, ધ્યાન ને ધ્યેય ત્રણ પ્રકારના ભેદ પણ જયાં છૂટી જાય છે. એવો આત્મા આત્માનો જયારે અનુભવ કરે છે, આ એમ નથી કે નાના મોઢે મોટી વાત થાય છે આ એમ નથી. આ તો એકડાની વાત છે.

જૈનદર્શનનો એકડો સર્વજ્ઞ પરમાત્માએ પ્રથમ મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ ચાર પ્રકારના આસ્રવમાં પહેલો મિથ્યાત્વનો અભાવ થાય છે એવો ક્રમ અનાદિનો છે. મિથ્યાત્વ રાખીને કોઈ વ્રત ધારણ કરે તો એ વ્રતી કહી શકાતો નથી. આ વાત બધી આગમથી પ્રસિધ્ધ છે. આ વાત કોઈના ઘરની નથી. આગમ સાક્ષી પૂરે છે આગમમાં જોઈ લ્યો. જયાં જોવું હોય ત્યાં. કહે છે કે જ્યારે આવો નિર્ણય કરીને પોતાના ઉપયોગને આત્મામાં વાળે છે ત્યારે ઉપયોગમાં શુધ્ધાત્મા વિષય બને છે ત્યારે ઉપયોગ ને ઉપયોગવાનનો ભેદ હોવા છતાં ભેદ દેખાતો નથી. ભેદ તો છે પણ ભેદ દેખાતો નથી.

એવા આત્માને અનુભવે છે તે વખતે જ એટલે તે કાળે જ, તે સમયે જ આત્મા સમ્યક્પણે દેખાય છે. આહા ! સમ્યક્પણે શ્રધ્ધામાં આવે છે. અનુભવપૂર્વક પ્રતીતિ-તે જ્ઞાયક આત્મા શુધ્ધાત્મા અનુભવમાં મને આવ્યો જે અનુભવમાં આવ્યો તે જ હું છું. જે સાકર જીભ ઉપર મૂકી તો સ્વાદ આવ્યો કે આ સાકર જ છે. કેમ કે એની મીઠાશથી એણે સાકરનો અનુભવ કરી લીધો. અને સાકરને જાણી, જાણી ને પ્રતીત આવી કે આ સાકર મીઠી જ છે. એવી એને અનુભવપૂર્વક પ્રતીતિ થઈ જાય છે. ત્યારે આત્મા કહે છે કે આત્મા આત્માને જયારે અંતરમાં અનુભવે છે ત્યારે સમ્યક્પણે દેખાય છે. દેખાય છે એટલે શ્રધ્ધાય છે અને જણાય છે. સમય એક છે. જણાય છે અને શ્રધ્ધાય છે. બેયનો સમય એક છે. શ્રધ્ધાની પર્યાય આત્મસન્મુખ થાય છે, જ્ઞાનની પર્યાય આત્મસન્મુખ થાય છે. એ જ્ઞાનમાં આત્મા જ્ઞાયક જ્ઞેય થાય છે અને ચારિત્રમાં ધ્યાનમાં ધ્યેય થાય છે. અને શ્રધ્ધામાં શ્રધ્ધેયભૂત આત્મા થાય છે. શ્રધ્ધામાં શ્રધ્ધેય, જ્ઞાનમાં જ્ઞેય અને ચારિત્ર અપેક્ષાએ ધ્યાનમાં ધ્યેય થાય છે એવા ત્રણ પ્રકારના ભેદ પણ જયાં છૂટી જાય છે. તમામ પ્રકારના વિકલ્પ વિરામ પામે છે. વિકાર વિકલ્પ શાંત થાય છે. જે આકુળતાને ઉત્પન્ન કરનારા જે વિકલ્પ ઊઠતા હતા એ વિકલ્પ પણ સમાઈ જાય છે.

જેમ સમુદ્રમાં તોફાન થયું હોય અને મોજા ઉછળતા હોય પછી તોફાન શાંત થાય તો એ દરિયો

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાંત થઈ જાય છે. એમ અનાદિકાળનું તોફાન ઇન્દ્રિયજ્ઞાનમાં વિકલ્પનું ઉત્પન્ન થતું હતું એ ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અટકી જાય છે, ખંડજ્ઞાન બંધ થાય છે, વિકલ્પ વિરામ પામે છે. વિકલ્પાત્મક દુઃખ પણ બંધ થઈ જાય છે અને નિર્વિકલ્પ આત્માનો અનુભવ કરતાં આત્માને અતીન્દ્રિય સુખ આવે છે. આનંદનો સ્વાદ આવે છે. તે વખતે જ આત્મા સમ્યક્પણે શ્રદ્ધાય છે અને સમ્યક્પણે જણાય છે. તેથી સમયસાર જ, તેથી શુદ્ધાત્મા જ પોતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. કેમ કે આત્મા પોતે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે. બીજો કોઈ પરિણમતો નથી. જે આત્મા અજ્ઞાનદશામાં મિથ્યાદર્શન, જ્ઞાનરૂપે પરિણમતો હતો તેનો તે આત્મા પરિણામ પલટયા, દૃષ્ટિ પલટી ગઈ. દૃષ્ટિ મિથ્યા હતી તે ગઈ અને સમ્યક્દૃષ્ટિ થઈ. સાચી દૃષ્ટિ થઈ. ત્યારે તે આત્મા જ પોતે સમ્યગ્દર્શન, જ્ઞાનરૂપે પરિણમે છે માટે આત્મા જ સમ્યગ્દર્શન અને આત્મા જ જ્ઞાન છે. કેમ કે પોતે દ્રવ્ય એ પર્યાયરૂપે પરિણમે છે. તેથી સમયસાર જ એટલે શુદ્ધાત્મા જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

જુઓ, આ ૧૪૪ મી ગાથા મૂળ ટીકા પૂરી થઈ. હવે એનો થોડો ભાવાર્થ છે. અપૂર્વ ચીજ છે. આહાહા ! અરે ! એક વખત આત્માનું જ્ઞાન તો કરો ભાઈ ! આત્માનું જ્ઞાન કરતાં ધર્મની શરૂઆત થાય છે. પરનું જ્ઞાન અનંતકાળથી કરતો આવ્યો, શાસ્ત્રનું જ્ઞાન કર્યું. અગીયાર અંગ ભણ્યો. શાસ્ત્રનું જ્ઞાન કર્યું પણ આત્માનું જ્ઞાન ન કર્યું. એમાં જીવ રખડે છે. અને આત્માના જ્ઞાન વિના આત્માનું શ્રદ્ધાન પણ ઉદય પામે નહીં. કેમ કે પ્રથમ આત્માને જાણે તો જાણેલાનું શ્રદ્ધાન હોય. જે આત્માને જાણતો જ નથી એને આત્માનું શ્રદ્ધાન કયાંથી હોય? એ શ્રદ્ધાન તો ગધેડાના શીંગડા જેવું હોય. ગધેડાને કાંઈ શીંગડા હોય નહીં. એમ પ્રથમ આત્માને જાણવો. આહાહા !

દ્રવ્યાનુયોગના અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમમમાં પ્રથમ તારું કર્તવ્ય હોય, તો પહેલું શું કરવું? કે પ્રથમ આત્માને જાણવો. સીધો પાધરો આત્માને જ જાણવો કે બીજું કાંઈ? કે સીધો આત્માને જાણવો. હવે અપૂર્વ ગાથા ૧૪૪ મી છે. એક ભાઈ આજ કહેતા હતા કે આ ૧૪૪ મી ગાથા બહુ સારી છે. ભાવાર્થમાં ફરીથી આવશે.

ભાવાર્થ :- આત્માને પહેલાં આગમજ્ઞાન દ્વારા, આગમજ્ઞાન દ્વારા. આત્મજ્ઞાની ગુરુ હોય તો પ્રત્યક્ષ શ્રવણ કરીને આત્માને જાણવો. પણ કોઈ કોઈ વખતે પંચમકાળમાં ધારાવાહીક આત્મજ્ઞાની ગુરુ, આત્મજ્ઞાની પુરુષોનો યોગ થવો બહુ દુર્લભ છે. કવચિત્ કયાંક કોઈક વખતે વિરલ યોગ થાય અને જ્ઞાનીનો યોગ થાય પણ એની ઓળખાણ થવી દુર્લભ છે. અને એની ઓળખાણ થયા પછી અર્પણતાપૂર્વક શ્રવણ કરવું એ તો દુર્લભ છે. અને શ્રવણ કરીને જે કહે છે એની વ્યવહાર શ્રદ્ધા કરવી એ પણ અપૂર્વ છે. અને પછી આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવો એ તો વિરલમાં પણ વિરલ વસ્તુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે પહેલાં જયાં સુધી આત્મજ્ઞાની પ્રત્યક્ષ હોય તો પ્રત્યક્ષ જ્ઞાનીનું શ્રવણ કરવું નંબર પહેલો છે. પણ પંચમકાળના આચાર્યભગવાનને પંચમકાળમાં શાસ્ત્રો લખતાં એને જ્ઞાનમાં હતું કે ધારાવાહીક જ્ઞાનીનો યોગ મળવો દુર્લભ છે. પણ શાસ્ત્રો મળવા તો સુલભ છે. શાસ્ત્ર તો મળી શકે છે. શાસ્ત્ર આગમ છે ને એ નિત્ય બોધક છે અને ગુરુ છે એ તત્કાળ બોધક કહેવાય. ગુરુની તો વાણી છૂટે ત્યારે સાંભળવાનું મળે. પછી કાંઇ સાંભળવાનું ન મળે. એટલે ગુરુને તત્કાળ બોધક કહ્યા. ગુરુ એટલે આત્મજ્ઞાની ગુરુ. નામધારી ગુરુ નહીં. આત્મજ્ઞાની, અનુભવી. પણ આગમમાં જે અનુભવી પુરુષે શાસ્ત્રો લખ્યા છે એનું આગમ મળવું એ નિત્ય બોધક છે. દિવસમાં ગમે ત્યારે શાસ્ત્ર ઉઘાડીને જીવ સ્વાધ્યાય કરી શકે છે. તેથી આગમને નિત્ય બોધક કહ્યા. અને જ્ઞાનીને તત્કાળ બોધક કહ્યા. જયારે વાણી છૂટે ત્યારે છૂટે. માટે આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ એટલે શાસ્ત્રજ્ઞાન દ્વારા, જિનવાણી દ્વારા જિનેન્દ્રભગવાને કહેલી વાણી એમાં પણ શોધવી પડશે હો !

શ્રીમદ્ કહ્યું એમાં એ જિનેન્દ્રભગવાનની વાણી એને શોધીને જ નિર્ણય કરજે. આહા ! એવો શબ્દ છે. હેં? હા, શોધીને જોજે. (જો જો શોધીને જિન સિધ્ધાંત મૂળ મારગ સાંભળો જિનનો રે) કે આ જિનવાણી વચન જિનવચન છે કે જિનવચનના નામે ખતવી નાખેલું વચન છે? જોજે નહીંતર છેતરાઇ જાઇશ. તો આટલી બધી જવાબદારી? માલ લેવા જાય છે તો ચાર ઠેકાણે પૂછે છે. આ રાજુ બરાબર તપાસ કરે છે છેતરાતો નથી ને? કવોલીટી નબળી આવતી નથી ને? આ રાજુ હમણા જુએ છે બહુ ચકાસણી કરે છે. હવે એ ચીજ લેવા જાય એની ચકાસણી કરેને ધર્મની બાબતમાં? આહાહા ! (મુમુક્ષુ :- બધાય કરતા જ હોય) એમ ન ચાલે ભાઇ ! આ તો ભવોભવનો મોટો નફો નુકસાનનો વેપાર છે. કાંતો બંદા મેડીએ ને કાં તો બંદા બેડીએ. આ એવી ચીજ છે. આ કાંઇ થોડા નફા-નુકસાનનો વેપાર નથી.

હવે ચીજ લેવા ગયા ને કદાચ છેતરાઇ ગયા તો છેતરાઇ ગયા કાંઇ વાંધો નહીં. ભલે છેતરાણા તો એટલા પાઉન્ડ ગયા અથવા બીજી (ચીજ) લઇ લેશું. સમાધાન થાય. લગ્ન થયા ને છેતરાઇ ગયા તો એક ભવ બગડે ભવોભવ બગડે? કાં પુરુષ છેતરાય ને કાં સ્ત્રી છેતરાય એમ બનવા જોગ તો બની જાય. તો એક ભવ બગડે, કાંઇ ભવોભવ બગડે? પણ આ ધર્મની બાબત તો બરાબર ચકાસણી કરવી જોઇએ. આ તો ભવોભવની વાત છે. આ તો મોટો નફો-નુકસાનનો વેપાર છે. સાધારણ નફો-નુકસાન નથી. માટે કહે છે કે પહેલાં 'જોજે જૈનસિધ્ધાંત' એવો શ્રીમદ્માં શબ્દ છે. હાં, એ વિચારીને જોજે. એ તારવજે તું. અંતરમાં શોધ કરજે કે આ વાણી વીતરાગપોષક છે કે રાગપોષક કે રાગવર્ધક વાણી છે. જોજે. ગુરુથી ધર્મ માને, મનાવે ને અનુમોદન કરે છે કે આત્માનું અવલંબન લેતાં વીતરાગભાવ થાય તે ધર્મ છે? જોજે બરાબર.

આત્માની પહેલાં આગમજ્ઞાનથી જિનેન્દ્રભગવાનની વાણી હો ! આહાહા ! આ કોઇ પક્ષપાતની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વાત નથી. ભાઈ ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. કોઈને એમ લાગે કે આ જૈન છે એટલે જૈનધર્મનો પક્ષપાત કરે છે. ભાઈ ! આ તો વસ્તુ સ્વભાવની વાત છે. જૈનધર્મ એટલે વસ્તુનો જે સ્વભાવ હોય એને જે જણાવે તેનું નામ જૈનધર્મ છે. જૈનધર્મ સિવાય સર્વજ્ઞભગવાનના મત સિવાય કોઈ અન્યમતમાં કોઈને પણ કદી પણ સમ્યગ્દર્શન થઈ શકે નહીં.

સમ્યગ્દર્શનમાં નિમિત્ત કારણ હોય તો સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર નિમિત્ત કારણ હોય. કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્ર સમ્યગ્દર્શનમાં ત્રણકાળમાં નિમિત્ત ન થાય. આહા ! આ પક્ષપાત હશે? ભાઈ પક્ષપાત નથી. આ તો વસ્તુનો સ્વભાવ છે. જિનેન્દ્રભગવાન જે વીતરાગી પરમાત્મા થયા તેને કોઈ પ્રત્યે રાગ કે કોઈ પ્રત્યે દ્વેષ ન હોય. સર્વજ્ઞ અને વીતરાગતા એટલે શું કહેવાય? અપૂર્વ વાત છે. માટે આત્માને પહેલાં-આ છેલ્લો દિવસ છે ને? એટલે બધી વાત ચોખ્ખી કરી દેવી જોઈએ. ચોખ્ખી વાત કહેવી જોઈએ. સમજી ગયા? ધર્મમાં કોથળામાં પાંચ શેરી ન ચાલે. આ પણ સાચું ને આ પણ સાચું એમ ધર્મની બાબતમાં ન ચાલે. આ કાંઈ સાધારણ વાત નથી.

આત્માને પહેલાં આગમજ્ઞાન દ્વારા જિનેન્દ્રભગવાને કહેલાં આગમ, એમાં પણ એમાં શોધજે. એમાં પણ શોધજે, શોધ કરજે. એવા આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ ભગવાન હું જ્ઞાનમય આત્મા છું. એવો નિશ્ચય કરીને પછી, પછી શું કરવું આગળ વધવાનું? કે હા, એક સ્ટેજ બાકી છે. ઇન્દ્રિયબુધ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને એટલે જે વર્તમાન જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે એનું લક્ષ છોડીને, એને મેળવી દઈને એટલે જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી દઈને જ્યાં દ્રવ્યનું લક્ષ કરે, મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને એટલે મતિજ્ઞાનની પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કરવાનું ફરમાન છે. તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડીને શ્રુતજ્ઞાનમાં વિકલ્પ ઊઠે છે કે આ નયે નિત્ય ને આ નયે અનિત્ય, આ નયે એક અને આ નયે અનેક, આ નયે કર્મથી બંધાયેલો ને આ નયે કર્મથી અબદ્ધ, આ નયે કર્તા ને આ નયે અકર્તા એમ અનેક પ્રકારના નયોના વિકલ્પોની જાળ ઊઠે છે એ વિકલ્પોને પણ છોડીને આત્માની સન્મુખ થઈ જા.

જ્યારે અનુભવ પહેલાં નિર્ણય કરવો હોય ત્યારે નયજ્ઞાન ને પ્રમાણજ્ઞાનથી નિર્ણય થાય પણ નિર્ણય થયા પછી જ્યારે આત્મા અનુભવમાં જાય ત્યારે ત્યાં નયજ્ઞાન રહેતું નથી. નય, નિક્ષેપ ને પ્રમાણ બધા વિકલ્પાત્મક જ્ઞાનના ભેદો છૂટી જાય છે. તમામ પ્રકારના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, શ્રુતજ્ઞાનનો જે પર્યાય છે એનું પણ લક્ષ છોડીને જે નિર્વિકલ્પ સામાન્યતત્ત્વ છે. એનું લક્ષ કરતાં નિર્વિકલ્પ અવસ્થા પ્રગટ થાય છે. વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પનો વ્યય, નિર્વિકલ્પનો ઉત્પાદ અને ત્રિકાળ નિર્વિકલ્પનું લક્ષ.

હવે આટલું બધું, આ સમજવામાં વેપારમાં બધું ધ્યાન બહુ રાખે. આજ લક્ષ્મીચંદભાઈ કહેતા હતા. કે વેપાર કરીએ ને તો એમાં તો બહુ ધ્યાન રાખીએ ક્યાંથી માલ મંગાવવો, શું પડતર થાય,

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કયા ભાવે વહેંચવો, કેટલો નફો થાય, પાછા દુકાનના ખર્ચા, ઘરના ખર્ચા કાઢવા એ બધા ખર્ચ ચઢાવી દે. વ્યાજેય ચઢાવી દે, ગોદામ ભાવો ચઢાવી દયે, વીમો ચઢાવી દે અને પડતર એના કોમ્પ્યુટરમાં કાઢે. આહાહા ! અને પછી વેપારીનો દીકરો ભાવ કહે. નહીંતર તો નુકસાન જાય. ન્યાં રુચિ છે ને એટલે બધું યાદ રહે છે. અને આત્માની રુચિ નથી એટલે એને આત્માની વાત યાદ રહેતી નથી. રુચિ હોય તો બરાબર યાદ રહી શકે. અને વેપારી આઈટમ તો ઘણી છે. અને આ આઈટમ તો બહુ થોડી છે. આમા કાંઈ બહુ જાજુ નથી. બહુ થોડું છે. ફકત વધારેમાં વધારે છ મહિના અભ્યાસ કરે તો પામી જાય એવી વાત છે.

શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવા નામ પામે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદા નથી આત્મા જ છે. સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો, આત્મા કહો એક જ વાત છે. એ કાંઈ જુદી ચીજ નથી.

વખત થઈ ગયો. ભાઈએ કહ્યું 'તું પાંચ મિનિટ રહે ત્યાં પૂરું કરજો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# : મંડળની સ્થાપના વિશે તથા પ્રશ્નોત્તરી :

દરેકના હીતનું કારણ થાય તે હેતુથી તેઓશ્રી આપણને માર્ગદર્શન બતાવી રહ્યા છે. તેઓશ્રીના ભાવોને અનુસરીને આપણે શું કરવું? તે આપણે વિચારવાનું છે. તેઓશ્રીના એક મહિનાના માત્ર તત્ત્વથી ભરપૂર ,તેમની વાણી આપણે સાંભળી. તે ઉપરથી આપ સર્વેને તેઓશ્રીનો જરૂર ખ્યાલ આવ્યો હશે. તેઓશ્રી દિગંબર જૈન ધર્મનો પૂર્ણ રીતે અડગતાપૂર્વક માન્ય રાખે છે. અને સદગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રત્યે અડગ શ્રધ્ધા ધરાવે છે. તેઓશ્રીનું જીવન શ્રી સદગુરુદેવના ચરણ-ચૂમેલું છે. અને તે કાંઈ કહે છે તે માત્ર સદગુરુદેવે કહેલી વાતને અનુસરીને જ શ્રી લાલચંદભાઈ તત્ત્વ પ્રેમી, નિરાભીમાની, નિખાલસ સ્વભાવી, સરળ અને સજ્જન ગૃહસ્થ છે. તેઓશ્રીના અંતરમાં દરેક જીવો માટે કરુણા અને પ્રેમ વસે છે. અને બધા પ્રત્યે અહોભાવ રહ્યા કરે છે. માટે તેઓશ્રીના સજ્જનતાના ગુણો વિષે વાણીમાં વર્ણન અશકય છે. તેઓશ્રીનો આપણને અમૂલ્ય લાભ સતત એક સરખો અને તે પણ આખો મહિનો મળ્યો છે. આ આપણા મહાપુણ્ય ફળ્યા. ત્યારે આમ બન્યું છે. નહીંતર આ વાત તે પણ લંડનમાં બનવી અશકય છે.

હવે આપણને જગાડનાર તો આવ્યા, ખૂબ જ ઢંઢોળ્યા, જાગૃત પણ કર્યા. વાત એટલેથી પૂરી નથી થતી. હવે તો આપણી ઉપર પોતાનું હીત તેમજ આ દેશમાં વસતી આપણી ભાવી પ્રજાનું હીત તે બેવડી જવાબદારી છે. જાગતા રહેવું પડશે અને જગાડવા માટે પણ તૈયાર થવું પડશે. આમાં આપ સર્વેનો સાથ અને સહકાર જોઈશે. આ અનાર્ય ભૂમીને તેઓશ્રીની ચર્ચામાં વડીલશ્રી લાલચંદભાઈએ કહ્યું તે પ્રમાણે આર્ય ભૂમીમાં ફરી શકે છે. ખરેખર તેમ બને તેમ છે. તો આપણે દેશ છોડયો, વેશ છોડયો ને ધર્મ પણ છૂટી જશે, જો આ બાબતમાં કાંઈ કરવામાં નહીં આવે તો. માટે આગ લાગ્યા પહેલાં કૂવો ખોદાય તો જ કામ બનશે.

હવે ખાસ કહેવાનું એમ છે કે આપણે જે મંડળ સ્થાપવાની વિચારણા છે તે માટે હાલ તુરત દરેકને વોલીયન્ટરી મેમ્બર બનાવવા માટે મેમ્બર ફી રાખવામાં તાત્કાલીક નહીં આવે પણ અઠવાડીયું પંદર દીવસે અથવા મહીને એક વખત ભેળા મળી સત્સંગ, વાંચન, ચર્ચા, ભકિત વગેરે દરેક યોગ્ય કાર્યક્રમ ચાલુ રાખવા, જેથી જાગૃતિ જળવાઈ રહે ને વાતનું વિસ્મરણ ન થાય. આ માટે આપણે હોલ પણ ભાડેથી રાખવો પડશે. દરેક બાબત આપ સર્વેની સહમતી અને સાથ હશે તો જ કામ બનશે. જે સર્વાનુમતે નક્કી કરવામાં આવશે. હોલમાંથી ભાઈઓ નામ નોંધાવવા માટે આવશે અને દરેકે નામ તથા ટેલીફોન નંબર આપવા, જેથી કરીને સત્સંગમાં હાજરી આપવા માટે જાણ કરી શકાય. હવે આથી વિશેષ ન કહેતાં આ બાબતમાં ખાસ વડીલ શ્રી લાલચંદભાઈને સ્વમુખેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાંભળવા જે આપણા માટે વધારે લાભનું કારણ બનશે. તો હવે આ બાબતમાં વધારે વિવેચન કરવા વીનંતી કરીશ.

આટલા દૂર દેશાવર રહેતાં આપણા ભાઈઓ અને બહેનો એ પણ ખરેખર આત્માનો ધર્મ શું છે અને આત્માનું અવલંબન લેતાં એક સાચા સુખની પ્રાપ્તિ થાય એવા માર્ગે જગતના બધા જીવો ચડે અને પોતાનું આત્મહીત કરે અને પોતાનું કલ્યાણ કરે, ત્વરીત કલ્યાણ કરે એવી એક ભાવનાથી અહીંયા એક મંડળની સ્થાપના કરવામાં આવેલી છે. તો મારી ભલામણ છે કે એ મંડળની સ્થાપના કર્યા પછી ઝવેરચંદભાઈએ કહ્યું તેમ અઠવાડીયે, પંદર દિવસે કે મહીને જયારે જયારે પ્રોગ્રામો જાહેર થાય ત્યારે ત્યારે બધા ભાઈઓ અને બહેનો સાથે મળી સ્વાધ્યાય, તત્ત્વ વિચારણા, ટેપનું શ્રવણ, વીડીયોનું દર્શન આદિ અને બહેનો ભકિતના ભજનો ગાય આદિ બધા ધાર્મિક કાર્યક્રમો ગોઠવવામાં આવશે. તો એ નિયમીત ચાલુ રહે. જેમ એક ઝાડ વાવવા પહેલાં બનાવવા પહેલાં બી વાવવામાં આવે છે પણ બીનું વાવેતર કર્યા પછી એના ઉપર પાણી પાવામાં આવે, સીંચન કરવામાં આવે, દેખભાળ કરવામાં આવે તો ક્રમે કરીને એ મોટું ઝાડ બની જાય છે. અને ઝાડના ફળ પણ સારા એવા આવે છે.

એમ આ લંડનમાં એક માંગલીક શુભ શરૂઆત છે. જેના દ્વારા આત્માઓને ધર્મનું શ્રવણ, ધર્મનું સીંચન પ્રાપ્ત થાય અને દરેક આત્માઓ પોતાનું કલ્યાણ કરી શુધ્ધાત્માને ઓળખી સમ્યગ્દર્શન પ્રગટ કરી અને ક્રમે ક્રમે સ્વરૂપની લીનતા એવું ચારિત્ર અંગીકાર કરી અને બધા આત્માઓ પૂર્ણ કેવળજ્ઞાન અને આનંદની પ્રાપ્તિ કરે એ હેતુએ આપણો ધ્યેય ઘણો ઊંચો છે.હંમેશા જેનો ધ્યેય ઊંચો હોય એને સફળતા મળે જ. આપણું ધ્યેય કેવળ આત્મહિત કરવાનું ધ્યેય છે. ધર્મ ધ્યાન કરવાનું હિત છે. એ અપેક્ષાએ આ મંડળની સ્થાપના કરવાની એક યોજના વિચારાયેલ છે અને બહુ સારી વાત છે.

મેં ભારતમાં આ રીતે ઘણા મંડળોની સ્થાપના બહુ નાના પાયા ઉપર થયેલી જોયેલી છે. અને એનું ભવિષ્ય પણ આજે હું જોઉ છું, કે સેંકડો ભાઈઓ અને બહેનો એમાં લાભ લે છે. હજારો ભાઈઓ એમાં અભ્યાસ કરતાં થઈ ગયા છે. એવી રીતે શરૂઆત હંમેશા નાના પાયા ઉપર હોય છે. પણ આગળ વધીને જેમ જેમ જીવો તત્ત્વથી સમજતા જાય. ખરેખર તો તત્ત્વ અભ્યાસ લગભગ ચાલ્યો ગયો છે. ફરીને તત્ત્વ અભ્યાસ આવા પ્રદેશમાં પણ શરૂ થાય, ભવિષ્યમાં તો પાઠશાળા પણ ખોલવા જેવી છે અને એના માટે અધ્યાપક(ટીચર) પણ તૈયાર કરવા જોઈએ. વગેરે વગેરે ધીમે ધીમે પ્રગતિ કરવા જેવી છે.

આ ભૌતિક સુખ એ ખરેખર સુખ નથી એમ જ્ઞાનીઓ પોકાર કરીને કહે છે. અને શુધ્ધાત્મામાં જ સુખ છે તેનું લક્ષ કરતાં જ આત્માને શાંતિ મળે એમ છે. માટે એ માર્ગે જવાથી શાશ્વત શાંતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને સુખ મળશે અને એ રીતે દરેક ભાઈઓ બહેનો ભેગા મળીને તત્ત્વવિચાર, તત્ત્વઅભ્યાસ, શ્રવણ, મનન આદિ કોઈ જ્ઞાનગોષ્ઠી રાખવી, પ્રશ્નોત્તર રાખવા. કોઈ કોઈ વખતે પ્રશ્નોત્તર રાખી શકાય. એમ ઘણી ઘણી યોજનાઓ આની અંદર થઈ શકશે. પણ એ પ્રકારે સંગઠન, એ પ્રકારે એકતા, એ પ્રકારે પરસ્પર વાત્સલ્યતા, એ પ્રકારે જો થાય તો પરસ્પર બધાને આત્મહિતનું કારણ છે. આ આત્માના હિતને માટે મંડળ સ્થાપવામાં આવે છે. આની પાછળ બીજું કોઈ પ્રયોજન કે આશય નથી, આત્મહિતનું છે. એટલે જરૂર આપણું ધ્યેય ઊંચુ છે. તો લંડનમાં પ્રગતિ થશે એમ મને જરૂર આશા છે. એમાં ભાઈઓએ મને આ દસ પ્રશ્નો પૂછયા છે. તો દસ પ્રશ્નોના જવાબ ટૂંકાણમાં સારરૂપે તો આવી ગયું છે. આપની પાસે એક એક પોઈન્ટ વાંચતો જાઉં. કાંઈ કહેવા જેવું હોય તો એને લક્ષે કહીશ.

પ્રશ્ન :- વાંચનની જરૂરીયાત શા માટે?

ઉત્તર :- સ્વાધ્યાયની વાંચનની જરૂરત શા માટે છે? કે ખરેખર આત્મામાં ધાર્મિક સંસ્કાર પડે એ માટે વાંચનની, વિચારણાની, સ્વાધ્યાયની જરૂર હોય છે.

પ્રશ્ન :-બીજું ભેગા મળી તત્ત્વના વાંચનથી શો લાભ થાય?

ઉત્તર :- કે આત્મા તરફ વલણ થાય, આત્માનું ઘોલન થાય અને ધર્મધ્યાન તરફ લોકો વળે. પોતાને સંસારમાં પ્રતિકુળતા આવે ત્યારે પણ સમાધાન કરી શકે, માનસીક શાંતિ મેળવી શકે. આગળ વધે તો આત્મિક શાંતિ મળે એટલા માટે આ વાંચન માટે ભેગા મળવાનું હોય છે.

પ્રશ્ન :- તત્ત્વના વિચાર મનનની અગત્યતા શું છે?

ઉત્તર :- તત્ત્વ વિચારથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે, કે દેહાદિ મારા નથી, સંયોગ મારા નથી. હું તો એક જ્ઞાનમય આત્મા છું. એમ તત્ત્વ વિચારણાથી આત્મવિચારણા થાય છે. આત્મ વિચારણાથી નિર્ણય થાય છે અને પછી આત્માનો પ્રત્યક્ષ અનુભવ પણ થઈ શકે છે.

પ્રશ્ન :- જો તત્ત્વ અભ્યાસ ન કર્યો અને જીવન પૂરું થઈ જશે તો શું નુકસાન થાય છે?

ઉત્તર :- એના ખુલાસા. જો તત્ત્વ અભ્યાસ વિના એમ ને એમ જીંદગી ચાલી જાય તો એને મનુષ્યભવ અને દેવની ગતિ પણ મળવી દુર્લભ થઈ જાય. અને ગુરુદેવ તો ફરમાવતા હતા એમના વ્યાખ્યાનમાં પણ આવી ગયેલું છે, ટેઈપમાં પણ છે, કે વેપારીઓ ચોવીસે કલાક વેપારમાં રચ્યા-પચ્યા છે. કલાક, બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક અધ્યયન પણ કરે નહીં અને એમ ને એમ જો જીંદગી ચાલી જાય તો એમકે એવા શુભભાવ નથી કે દેવગતિમાં જાય. એવા શુભભાવ નથી કે એ મનુષ્ય થાય. તો પછી તો એ જીવ તિર્યંચગતિમાં ચાલ્યો જાય છે. એમ જાણીને, સમજીને જરાક જેટલી પ્રતિકુળતા અહીંયા સહન થતી નથી . તો જો એ આત્મવિચાર ને આત્મઅનુભવ. બે પ્રકાર આત્માનો વિચાર અને આત્માનો અનુભવ એ બેમાંથી કંઈપણ કર્યા વિના જો જીંદગી પૂરી થાય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને ફરીને મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. મનુષ્યભવ તો કોઇ વખતે જ મળે છે. બાકી મનુષ્યભવ મળતો નથી. માટે આ રતન જેવો મનુષ્યભવ મળ્યો છે એનો સદ્ઉપયોગ કરીને આ પ્રકારે અધ્યયન કરવું, ધર્મધ્યાનમાં પ્રવૃતિ રાખવી એ બહુ જરૂરનું છે.

પ્રશ્ન :- સદ્‌ગુરુદેવના પ્રવચન સાંભળવાથી શું લાભ થાય છે?

ઉત્તર :- કે આત્માની જાગૃતિ થાય છે. જે આત્મા અત્યારે સૂઇ ગયો છે. આત્મા આત્માને યાદ કરતો નથી એ ગુરુદેવના પ્રવચનો સાંભળવાથી આત્માની જાગૃતિ થાય છે, કે મારે મારા આત્માના હિત માટે કાંઇક કરવું જોઇએ. જેમ લોકો કમાઇને મૂડી ઊભી કરે છે, એમ સામાન્ય રીતે બહારગામ જાય તો કાંઇક ભાથું લઇ જાય છે, તો આ ધર્મધ્યાનનું ભાથું સાથે લઇને જશે, તો એને કામ આવશે. જો એ જાતના સંસ્કાર નહીં હોય તો એ જીવ પછી ખોવાઇ જશે. માટે કેવળ આત્મહિત માટે આ કરવાનું છે.

પ્રશ્ન :- અધ્યાત્મતત્ત્વને જીવનમાં વારંવાર વાંચવા વિચારવાથી કયો લાભ થાય છે?

ઉત્તર :- એને ઊંડા સંસ્કાર પડે છે (કે) મારું આ સ્વરૂપ છે, મારું આ સ્વરૂપ છે, હું જ્ઞાયક છું, હું જ્ઞાતા છું. મારા આત્મા સિવાય મને કોઇ જગતમાં શરણ નથી. એક રજકણ પણ શરણ નથી. એમ આત્માનો વારંવાર વિચાર કરવાથી એને સત્‌ના, ધર્મના ઊંડા સંસ્કાર પડે છે. કાં તો અહીંયા જ એને આત્માનો અનુભવ થાય છે અને કાં અહીંયા અનુભવ ન થાય તો ભવિષ્યમાં પણ સત્‌ના ઊંડા સંસ્કારથી એને સમ્યગ્દર્શનરૂપી ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે.

પ્રશ્ન :- ધર્મના આચરણ વિના અને ધર્મની સમજણ વિના જીવનમાં શું ગેરલાભ થાય છે તેના ખુલાસા.

ઉત્તર :- ધર્મનું આચરણ બે પ્રકારનું છે. એક સમ્યગ્દર્શનરૂપી આચરણ અને એક ચારિત્રરૂપી આચરણ. પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનરૂપી આચરણ થાય છે. મિથ્યાત્વનું વિપરીત આચરણ છૂટી જાય છે અને મિથ્યાત્વ છૂટતાં એની અલ્પકાળમાં મુકિત થાય છે. માટે સમ્યગ્દર્શનરૂપી આચરણ પ્રથમમાં પ્રથમ પ્રગટ કરવાની જીવને જરૂર છે. જેને સમ્યગ્દર્શનરૂપી આચરણ આત્માના અનુભવપૂર્વક થાય છે એને અલ્પકાળમાં ચારિત્રનું આચરણ આવ્યા વિના રહેતું નથી. સમ્યગ્દર્શનની સાથે પણ ચારિત્રમાં પણ કષાયની મંદતા સહેજે ઘણા પ્રકારની થાય છે. મધ્યસ્થતા થાય છે, સરળતા આવે છે. કંઇ જતું કરવાની ઉદારતા પણ એની દશામાં આવી જાય છે. કોઇના પ્રત્યે એને કષાય લંબાતો નથી. એવા એવા ઘણાં વ્યવહારીક સદ્‌ગુણો પણ પ્રગટ થાય છે. સંસારીક જીવન પણ નીતિમય આચરણ પણ એને તે પ્રકારનું લૌકિક આચરણ કરે છે એના કરતાં એને જુદા પ્રકારનું આચરણ સહેજે એ પ્રકારે ઉદ્‌ભવે છે. સારા વિચારો આવે છે. ખોટું કામ કરતાં એને આંચકો લાગે છે. એમ ધાર્મિક વિચારવાળો સહેજે એ પ્રકારની તૈયારીવાળો થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રશ્ન :- મંડળની સ્થાપનાથી શું લાભ થાય અને મંડળ ન હોય તો કયો ગેરલાભ થાય તેનો ખુલાસો.

ઉત્તર :- મંડળની સ્થાપનાથી બહુ મોટો લાભ થશે. મંડળની સ્થાપના હશે તો પુસ્તકો આવશે, એના વેંચાણમાં મુકાશે, ટેઈપો થશે, ટેઈપો વેંચાણમાં મૂકાશે. ભવિષ્યમાં કોઈ પંડીતોને પણ તમે બહારથી ભારતમાંથી તેડાવી શકશો. અહીંયા પણ વાંચન થશે. એક ભાઈ વાંચન કરતાં હોય તો બીજા વાંચનકાર પણ તૈયાર થશે. એક બહારગામ ગયા હોય, બિમાર હોય તો બીજા પણ વાંચનકાર તૈયાર થાય. એક આખું ધાર્મિક વાતાવરણ ઊભું થાય. માટે મંડળની પ્રથમમાં પ્રથમ જરૂર છે. હું જયારે ભારતથી અહીં આવ્યો, ત્યારે ભારતમાં જ મેં વિચાર કર્યો હતો કે, ત્યાં ગયા પછી મને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જો યોગ્ય લાગશે તો આ પ્રકારે એક મંડળની સ્થાપના થાય તો સારું. કેમ કે જો મંડળની સ્થાપના હશે તો કાંઈક તમે યોજના કરી શકશો. એક વ્યકિત માત્ર કાંઈ યોજના કરી શકતો નથી. ભલે થોડા મેમ્બર હોય પણ એક મંડળ હોય તો વ્યવસ્થિત તેની યોજના થઈ શકશે. ભલે તમે હમણાં સામાન્ય રીતે શરૂઆત કરો પછી વિશેષ એને વ્યવસ્થિત પણ કરી શકાશે.

પ્રશ્ન :- જીવને આજ સુધી ધર્મની શરૂઆત ન થવાનું કારણ શું અને તેનો ઉપાય શું?

ઉત્તર :- સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થવાનું કારણ એને સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર શોધીને એણે એનું અનુકરણ કર્યું નથી. સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર શું નવ તત્ત્વનું સ્વરૂપ સમજાવે છે, એ સાંભળવાની એણે દરકાર કરી નથી. પુસ્તકો સારા આધ્યાત્મિક વાંચવાની પણ એણે દરકાર કરી નથી. અને એ શાસ્ત્રો વાંચીને અથવા તો જ્ઞાનીની વાણી પ્રત્યક્ષ સાંભળીને એણે પોતાના આત્માનો નિર્ણય કર્યો નથી. એટલે સમ્યગ્દર્શન ન પ્રગટ થવાનું કારણ એને સત્‌સમાગમનો અભાવ અને સત્‌શાસ્ત્રના વાંચનનો પણ અભાવ. એ બે કારણને લઈને એની એ પ્રકારે પાત્રતા પણ પ્રગટ થતી નથી. આ બે પ્રકારથી પાત્રતા પ્રગટ થાય છે. અને જો ઊંડાણથી અભ્યાસ કરે તો એને આત્માનો અનુભવ પણ થઈ શકે છે.

પ્રશ્ન :- જગતના જીવો ધર્મ ધર્મ કહે છે પણ તેના મર્મથી અજાણ કેમ રહી ગયા?

ઉત્તર :- જ્ઞાનીઓ ફરમાવે છે. આ જ્ઞાનીનું વચન છે કે આખું જગત ધર્મ-ધર્મ કરે છે પણ ધર્મનો મર્મ જાણનારા ખરેખર કોઈ વિરલા જ હોય છે. અને એ કુદરતી આપણા મહાભાગ્ય યોગે આત્મજ્ઞાની એવા પુરુષના સત્‌સમાગમનો યોગ થયો. શ્રીમદ્ રાજચંદ્રજી તો એના એકએક પત્રમાં લખે છે કે ખરેખર સત્‌સમાગમની જીવને બહુ જરૂર છે. અને સત્‌સમાગમ પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ દેખીને ત્યાં સુધી ફરમાવે છે કે સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયું. કેમ કે એને ભાવિનૈગમનય લાગુ થઈને એ વાત એણે કરી છે. માટે સત્‌સમાગમ ઉપર શ્રીમદ્ રાજચંદ્રજીએ ઘણું વજન આપ્યું છે અને એ યથાર્થ છે. સત્‌સમાગમથી જીવનનું ઘડતર થાય છે, સારા વિચારો આવે છે. વિચારો પણ પુષ્ટ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સાત્વિક વિચારો આવે છે. બીજા વિચારો ચાલ્યા જાય છે. વિચારો ખરાબ આવતા નથી. આખા જીવનનો પલટો આવે છે. ધર્મ તરફ જીવ વળે છે. એમના આખા જીવનનો પલટો થાય છે.

તે આજે શરૂઆત કરે. જેમકે કોરો ઘડો હોય અને પાણીના છાંટા નાંખે તો ઘડો કોરો લાગે છે. ભીંજાયેલો દેખાતો નથી પણ ખરેખર ભીંજાય છે. ખરેખર એ થોડો થોડો ભીંજાઈ ગયો છે. એમ સત્‌શાસ્ત્રના વાંચનથી, સત્‌સમાગમથી, પરસ્પર તત્ત્વના વિચારથી આત્માને જરૂર આત્માનો લાભ થાય છે. માટે જીવનમાં કરવા જેવું છે. હમણાં સાઈડ બીઝનેસ તરીકે ચાલુ રાખે અને એમાં પછી મોટો નફો દેખાય તો મેઈન બીઝનેસ કરી નાખવો. અરૂણભાઈ ! પહેલાં શરૂઆતમાં સાઈડ બીઝનેસ શરૂ કરવો અને વેપારીના દીકરા છે. લાભ દેખાય તો ટાઈમ વધારવો એમાં કાંઈ વાંધો નથી. એક પૈસાની આમાં મૂડીની જરૂર નહીં. દુકાન હોય તો લૂંટાય પણ આ તો કાંઈ લૂંટાવાનો પ્રશ્ન નથી. આનો વીમો ઉતરાવવાની જરૂર નથી. આને તાળા મારવાની જરૂર નથી, આને રક્ષક રાખવાની જરૂર નથી, કોઈ લૂંટે નહીં કોઈ દેખે નહીં, સ્વાધીન, એક પૈસાનું ખર્ચ નહીં. મોજ કરે. આહાહા !

તત્ત્વ વિચાર, વાંચન, સત્‌સમાગમથી એ તો જે એનો સ્વાદ ચાખે એને ખબર પડે. કે કેટલી એમાં મોજ આવે છે. એમાં મન તૃપ્ત તૃપ્ત થઈ જાય. કોઈ એવો સૂક્ષ્મ ન્યાય આવી જાય. આહાહા ! આત્માના રોમાંચ ખડા થઈ જાય. આવું મારું સ્વરૂપ મેં કદી સાંભળ્યું નથી એમ એને ઉલ્લાસ આવે. ચિત્તની પ્રસન્નતા આવે અને પ્રસન્ન ચિત્તથી જો ભગવાનઆત્માની વાત પણ સાંભળશે તો એ આત્મા ''ભાવિ નિર્વાણ ભાજનમ'' સમ્યગ્દર્શન થવાનો એ પાત્ર થાય છે અને અલ્પકાળમાં એને મોક્ષની પાત્રતા પણ આવી જાય છે. માટે ધર્મ જ શરણ છે, આત્મા જ શરણ છે અને એને પ્રાપ્ત કરવાના આ વ્યવહારો છે. એના પ્રાપ્ત કરવાના આ બધા વ્યવહારો છે. આ નિશ્ચય નથી.

જગત એમ કહે છે કે વ્યવહારને માનતા નથી. ભાઈ ! તત્ત્વ વિચાર, તત્ત્વ શ્રવણ, ભગવાનના દર્શન, ભગવાનની પૂજા, યાત્રા એ બધો અભ્યાસ છે એ વ્યવહાર છે, એ નિશ્ચય નથી. એ વ્યવહાર નિશ્ચયને પ્રાપ્ત થવા માટે અનુકૂળ છે. માટે ટોડરમલ્લજી સાહેબે એમના મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં એમ ફરમાવ્યું છે કે ધર્મની પ્રાપ્તિ થવા માટે પાત્ર કોણ? સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પાત્ર કોને ગણવો? કે આને સમ્યગ્દર્શન થવા યોગ્ય છે. એવી પાત્રતાની એક વાત મૂકી છે, કે જે આત્મા વારંવાર પોતાના ઉપયોગને તત્ત્વમાં લગાવે છે તે જીવ સમ્યગ્દર્શન થવા માટે પાત્ર છે. એટલે સમ્યગ્દર્શનરૂપી ધર્મ એક વખત જો શુધ્ધાત્માનો અનુભવ થઈને સમ્યગ્દર્શન થયું તો કોલ કરાર થઈ જાય છે કે અલ્પકાળમાં મારો મોક્ષ થશે. એને પોતાને ખબર પડી જાય છે. એ કોઈને પૂછવા જતો નથી.

એમ અંદરમાંથી એને જ્ઞાન પ્રગટ થાય છે. એવી અપૂર્વ ચીજ ગુરુદેવે આપણને આપી છે. એને અપનાવવું. બાકી તો આયુષ્ય ગમે ત્યારે પૂરું થશે, ઝડપથી પૂરું થશે. કયારે આયુષ્ય પૂરું થશે એ કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહી શકાય નહીં. માટે આ વાત આજ થાય તો કાલ કરવા જેવી નથી. લ્યો આ દસેય(પ્રશ્નો)ના તમારા ખુલાસા આવી ગયા.

યુવાન ભાઈઓ અને બહેનો એ પણ રસ લેતાં થાય. અને એના માટે જરૂરનું એ હતું અને એ વિચાર આપણે કરેલો કે અધ્યાપક તૈયાર કરવા માટે, કે જે પાઠશાળા ચલાવે. બહેનો બહેનોની પાઠશાળા (અને) ભાઈઓ ભાઈઓની પાઠશાળા ચલાવે. એ રીતે બહેનોને અને યુવાન ભાઈઓને પણ ત્યાં શિક્ષણ શિબિરમાં મોકલવા ત્યાં વીસ દિવસનો કાર્યક્રમ હોય છે. વીસ દિવસમાં એ અધ્યાપક બનીને આવે છે અને અત્યારે સાડા ચારસો અધ્યાપક તૈયાર થઈ ગયા છે. સાડા ચારસો નહીં પણ અઠયાવીસસો. સાડા ચારસો તો છેલ્લી શિબિરમાં હતા. કુલ અઠયાવીસસો અધ્યાપક. અને એ પોતપોતાના ગામમાં જઈ પાઠશાળા ચલાવે છે. હવે એ પાઠશાળાની યોજનાઓ પણ એ લોકોએ જયપુરે એ જાતની ગોઠવી છે કે પાર્ટ-ટાઈમમાં એક શિક્ષક અધ્યાપક પાઠશાળા ચલાવે અને એને આજીવિકા માટે પાર્ટ-ટાઈમના પચાસ રૂપિયા આપવામાં આવે. અને એમાં પચાસ રૂપિયામાં પચીસ રૂપિયા એ ગામના ભાઈઓ ભેગા કરે અને પચીસ રૂપિયા એ જયપુરથી આપે, મોકલે. એ જાતની યોજના છે અને આજે ગામેગામ પાઠશાળા (થઈ ગઈ છે.) કોઈ કોઈ ગામમાં તો બે પાઠશાળા, ત્રણ પાઠશાળા એમ પણ ચાલે છે. આ તો ભારતની પરિસ્થિતિની મેં વાત કરી.

એવી રીતે લંડનની અંદર પણ ભાઈએ જે સૂચના કરી એ બહુ જરૂરનું છે. કેમ કે યુવાન વર્ગમાં ધર્મના સંસ્કાર છૂટતા જાય છે. બિલકુલ ધર્મના સંસ્કાર નહીંવત, નથી એમ કહીએ તો ચાલે એને શ્રદ્ધા પણ નથી આવતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com  or http://www.AtmaDharma.org for updates




લંડનનું જિન મંદિર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com